BAOU
Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4



## એમ.એ.: ઈતિહાસ

## MAHIS-203

## દ્વિતીય સત્ર

# ભારતીય દફ્તરવિદ્યા અને સંગ્રહાલય વિદ્યા



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહી મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**ભારતીય દફતરવિદ્યા અને સંગ્રહાલય વિદ્યા**

**નિદર્શન (Direction)**

*પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ* — *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**સંપાદક (Editor)**

*ડૉ. સોનલ ચૌધરી* — *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**સહ –સંપાદક (Co-Editor)**

*ડૉ. ગાયત્રી ગોહેલ* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. અલ્પેશ પરમાર* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*પ્રા. વંદન ગોર* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**વિષય સમિતિ (Subject Committee)**

*ડૉ. સોનલ ચૌધરી* — *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. અરુણ વાઘેલા* — *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. જીગીશ પંડ્યા* — *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.*

**વિષય પરામર્શન (Subject Review)**

*ડૉ. શૈલેષ સોલંકી* — *ડાઈરેક્ટર ઓફ આર્કાઈવ્ઝ, ગુજરાત રાજ્ય,*

*ડૉ. જનક ગઢવી* — *એસોસીયેટ પ્રોફેસર, સરકારી કોલેજ, ગાંધીનગર*

**લેખન (Writing)**

*ડૉ. વિશ્વજીત કાવા* — *અધ્યાપક, ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, ભેંસાણ (જુનાગઢ) નિવૃત્ત અધિક્ષક, ગુજરાત રાજ્ય દફતર ભંડાર.*

*ડૉ. દિનેશ ભટ્ટ*

*ડૉ. મુકેશ આહીર* — *આસીસ્ટન્ટ પ્રોફેસર, શાહ કે. એસ. આર્ટસ એંડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ*

*ડૉ. પ્રદ્યુમ્ન ખાચર* — *અધ્યક્ષ અને એસોસીયેટ પ્રોફેસર, મહિલા કોલેજ, જુનાગઢ.*

**ભાષા પરામર્શન (Language Review)**

**ભક્તિ વોરા**

**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

**પ્રથમ આવૃત્તિ – 2026**

**ISBN : 978-93-5598-775-4**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ એમ.એ. : ઈતિહાસ

**MAHIS-203**

ભારતીય દફતરવિદ્યા અને સંગ્રહાલય વિદ્યા


**એકમ : 1** **01**

લિખિત સાધનો : અભિલેખો, હસ્તપ્રતો, સાહિત્યિક સામગ્રી, દફતરો

**એકમ : 2** **38**

દસ્તાવેજો અને દફતરોની વ્યાખ્યા, લાક્ષણિકતા, મહત્વ અને મર્યાદાઓ

**એકમ : 3** **61**

દફતર ભંડાર તથા સંબંધિત સંસ્થાઓ અને તેના કાર્યો

**એકમ : 4** **83**

સંગ્રહાલય, ગ્રંથાલય, આર્ટ ગેલેરી, હસ્તપ્રત ભંડાર અને દફતર ભંડાર

**એકમ : 5** **117**

ભારત અને ગુજરાતમાં દફતર પ્રવૃત્તિનો ઈતિહાસ અને તેનો વિકાસ

**એકમ : 6**

દફતરના ઉપયોગ અંગેના કાયદાઓ અને સંશોધનમાં તેનું મહત્વ **150**

**એકમ : 7** **158**

ચીનની સંસ્કૃતિ

**એકમ : 8** **167**

દફતરનાં ભૌતિક સ્વરૂપ : માટીની ઈંટો, પથ્થર, ધાતુના પતરાં, પાર્ચમેન્ટ, તાડપત્ર, ભોજપત્ર, પેપારસ

એકમ : 9 178

દફતરોના ભૌતિક સ્વરૂપો - કાપડ, કાગળ, ફોટા, નકશા, ફિલ્મો, વીડિયો-ટેપ્સ સાથે રેકોર્ડઝ, યંત્રની મદદથી વંચાતા દફતર અને અન્ય દફતર

એકમ : 10 196

ભારતના કેટલાક અગ્રગણ્ય દફતર ભંડારોઃરાષ્ટ્રીય દફતર ભંડાર (નવી દિલ્હી), મહારાષ્ટ્ર રાજ્ય દફતર ભંડાર અને ગુજરાત રાજ્ય દફતર ભંડાર (ગાંધીનગર)

એકમ : 11 222

સંગ્રહાલયઃ ઉદ્ભવ અને વિકાસ

એકમ : 12 230

મ્યુઝિયોલોજીના તત્વો અને સંગ્રહાલયોની ભૂમિકા

એકમ : 13 237

ભારતના મહત્વપૂર્ણ સંગ્રહાલયોનો અભ્યાસ

એકમ : 14 281

ગુજરાતના પ્રાદેશિક સંગ્રહાલયો

એકમ : 15 303

સરકારી, અર્ધ સરકારી અને વેપારી સંસ્થાઓ તરફથી તૈયાર થતા આધુનિક દફતરો(આર્કાઇવ્સ)

# પાઠ્યક્રમ પરિચય

*ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એમ.એ સેમ-૨ ના ઈતિહાસ વિષયમાં પેપર ૦૩ ભારતીય દફતરવિધા અને સંગ્રહાલયવિધા આ પાઠ્યક્રમ આપનું સ્વાગત છે.*

*વિધાર્થી મિત્રો, ભારતીય દફતરવિધા અને સંગ્રહાલયવિધા ઈતિહાસ વિષય સાથે અભ્યાસ કરતા અભ્યાસુ માટે ખૂબ મહત્વ પૂર્ણ વિષય વસ્તુ છે. ઈતિહાસના સંશોધનમાં દફતરવિધા અને સંગ્રહાલયવિધાની મહત્વની ભૂમિકા રહેલ છે. આ પેપરમાં તમને ભારત સરકારની કચેરીઓમાંસંગ્રહાયેલ ઐતિહાસિક લેખો, આર્કાઈવલ રેકોર્ડની જાણકારી મળશે.*

*આ પેપરમાં તમને સરકારી અને ખાનગી કાર્યાલય વ્યવસ્થા, દસ્તાવેજોનું સંચાલન અને સંગ્રહાલય વિશેનું જ્ઞાન મળશે.*

*સંગ્રહાલયવિધાના ઐતિહાસિક રેકોર્ડનું સંરક્ષણ,દસ્તાવેજોના પ્રકાર (મેનુસ્ક્રિપ્ટ,ઈ-રેકોર્ડ) લાઈબ્રેરી,મ્યુઝિયમ અને આર્કાઈવ્સની ભૂમિકાથી તમે માહિતગાર બનશો.*

*પરંપરાગત સરકારી પ્રણાલીથી લઈને આધુનિક ી-ર્ક્ષીહિક્રહક્ષી સુધીની સમગ્ર કાર્ય પ્રણાલીની તમે જાણકારી મેળવી શકશો.*

*આ પેપરમાં તમે અભિલેખો, હસ્તપ્રતો, તાડપત્રો,ભુજપત્રો, રેકોર્ડસ ,આર્ટ ગૅલેરી વગેરે વિશેના દસ્તાવેજોથી માહિતી મેળવી શકશો.*

# એકમ : 1 | લિખિત સાધનો : અભિલેખો, હસ્તપ્રતો, સાહિત્યિક સામગ્રી, દફતરો

## :: રૂપરેખા ::

**1.0** ઉદ્દેશ્યો

**1.1** પ્રસ્તાવના

**1.2** અભિલેખો

**1.2.1 અભિલેખવિધા**

**1.3** હસ્તપ્રતો

**1.3.1 હસ્તપ્રતોનો અર્થ**

**1.3.2 હસ્તપ્રતોના પ્રકારો**

**1.3.2.1 તાડપત્રો**

**1.3.2.2 ભોજપત્રો**

**1.3.2.3 કાપડ પરની હસ્તપ્રતો**

**1.3.3 હસ્તપ્રતોના અંગો**

**1.3.3.1 પરિમાણ**

**1.3.3.2 જીભા**

**1.3.3.3 ચિત્રો**

**1.3.3.4 પત્રાંક**

**1.3.3.5 આંતરિક પ્રકારો**

**1.4** સાહિત્યિક સામગ્રી

**1.4.1 ધાર્મિક સાહિત્ય**

**1.4.1.1 બ્રાહ્મણ સમયનું સાહિત્ય (વૈદિક સાહિત્ય)**

**1.4.1.2 બ્રાહ્મણકાળ સિવાયનું સાહિત્ય (જૈન અને બૌદ્ધ)**

**1.4.2 બિનધાર્મિક સાહિત્ય**

**1.4.2.1 જીવનચરિત્રો**

**1.4.2.2 અન્ય સાહિત્ય**

**1.4.2.3 વિદેશી પ્રવાસીઓ અને ઈતિહાસકારો**

**1.5 દફતરો**

**1.5.1 છત્રપતિ સમયના દફતરો**

**1.5.2 પેશ્વા દફતર**

**1.5.3 પૂનાની અંગ્રેજ કોઠીના દફતરો**

**1.5.4 ફારસી દફતરો**

**1.6 સારાંશ**

**1.7 ચાવીરૂપ શબ્દો**

**1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.9 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**1.10 સ્વાધ્યાય**

**1.11 સંદર્ભો**

## 1.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે…*

- *ઈતિહાસ જાણવાના લિખિત સાધનો વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.*
- *અભિલેખો વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *પ્રાચીનથી લઈ અને આધુનિક યુગ સુધીના સાહિત્યથી માહિતગાર થશો.*
- *હસ્તપ્રતોથી માહિતગાર થશો.*
- *દફતરો - એક માહિતીના સાધનો તરીકે મૂલવી શકશો.*

## 1.1 પ્રસ્તાવના

*'ઈતિહાસ એટલે ભૂતકાળનો શક્ય તેટલો પ્રમાણિત વૃતાંત' ઈતિહાસની આ વ્યાખ્યાને ચરિતાર્થ કરવા માટે ઈતિહાસનાં અભ્યાસમાં પ્રમાણ એટલે કે આધારોનું ખાસ મહત્વ રહેલું છે. આવા ઈતિહાસના આધાર સાધનોને 1. અલિખિત સાધનો અને 2. લિખિત સાધનો એમ બે ભાગમાં વહેંચવામાં આવે છે. અલિખિત સાધનોમાં પુરાતાત્વિક અવશેષો જેવા કે*

*પ્રાચીન પાષાણો, ધાતુની વસ્તુઓ, માટીનાં વાસણો, મુદ્રાઓ વગેરેનો સમાવેશ થાય છે તેમજ લિખિત સાધનોમાં અભિલેખો, સાહિત્યક સામગ્રી, હસ્તપ્રતો, શિલાલેખો, ઐતિહાસિક અને ધાર્મિક સાહિત્ય રચનાઓ, વિદેશી પ્રવાસીઓના વર્ણનો, વિવિધ દફતરો વગેરેનો સમાવેશ થાય છે.*

*'આધાર નહીં તો ઈતિહાસ નહીં'* 'No document, no history' *એ ઈતિહાસનું પાયાનું સૂત્ર છે અર્થાત્ ઈતિહાસના આલેખન માટે આધાર સાધનો ખૂબ જ મહત્વના છે અને આવા અસંખ્ય માત્રામાં વૈવિધ્યસભર માહિતીના સાધનો ઉપલબ્ધ છે. જેમાં અભિલેખો, જીવનચરિત્રો, તવારીખો, આત્મકથાઓ વગેરેનો સમાવેશ થાય છે. ઈતિહાસમાં પ્રમાણોનું મહત્ત્વ વિશેષ છે. ઈતિહાસ માટે પ્રમાણોની તપાસ અને એની શુદ્ધિ તથા સત્યની શોધ કરવી પડે છે અને આ શોધમાં લિખિત સાધનો ખૂબ જ અગત્યના પુરવાર થાય છે. લિખિત સાધનો પૈકી અભિલેખો, શિલાલેખો, તામ્રપત્રો, હસ્તપ્રતો, સાહિત્યિક સામગ્રી તેમજ વિવિધ દફતરોનું વિશેષ મહત્વ રહેલું છે. આપણે આ યુનિટમાં ઉપરોક્ત લિખિત સાધનો વિષે વિગતવાર અભ્યાસ કરશું.*

## 1.2 અભિલેખો

*ઈતિહાસનાં અભ્યાસ માટે પ્રાચીન અભિલેખ વિદ્યાનો વિકાસ થયો છે. અભિલેખનો અર્થ છે કોતરેલું લખાણ, શિલાલેખો, તામ્રપત્રો પરના લેખો, પ્રતિમાલેખો વગેરે પ્રકારના અભિલેખોની શોધમાં પઠન, સંપાદન, ભાષાંતર અને પ્રકાશન દ્વારા ભારતીય ઈતિહાસમાં વિપુલ માહિતી ઉમેરાઈ છે, તેમ ખૂટતા અંકોડા પણ મળી આવ્યા છે તેમજ આ અભિલેખોની પદ્ધતિસર અભ્યાસ કરવાની વિદ્યાને 'અભિલેખવિદ્યા'* (Epigraphy) *કહેવામાં આવે છે.*

*અભિલેખ એટલે કોતરેલું લખાણ, પથ્થર પર કોતરેલા લેખ 'શિલાલેખ' કહેવાય છે. લેખ કોતરેલાં તાંબાનાં પતરાને 'તામ્રપત્ર' કહે છે. મંદિરો, મસ્જિદો, વાવો વગેરેમાં ઘણી વાર શિલાલેખ મૂકેલો હોય છે. મંદિરમાં ઘણી વાર મૂર્તિ પર લખાણ કોતરેલું જોવામાં આવે છે. એને 'પ્રતિમાલેખ' કહે છે. કેટલાંક સ્થળોએ શિલાસ્તંભ પર લેખ કોતરેલો હોય છે. ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠેકઠેકાણે પાળિયા ઊભા કરેલા હોય છે અને તેના પર કંઈ લખાણ કોતર્યું હોય છે. હાલ અનેક જાહેર તથા ખાનગી મકાનોમાં લખાણ કોતરેલી તકતી મૂકવામાં આવે છે. આ અને આવા બીજા પ્રકારના અભિલેખોમાં કંઈ ને કંઈ યાદગાર હકીકત નોંધાઈ હોઈ એ ઈતિહાસનું એક મહત્વનું સાધન બની રહે છે. ઈતિહાસનાં વિવિધ સાધનોમાં અલિખિત સાધનો કરતાં લિખિત સાધનો વધુ ઉપયોગી નીવડે*

છે ને લિખિત સાધનોમાંય અભિલેખો વિશેષ ઉપયોગી નીવડે છે, કેમકે એમાંનું લખાણ એના મૂળ સ્વરૂપમાં હજારો વર્ષ સુધી ટકી રહે છે.

ભારત વિશાળ દેશ છે અને તેનો ઈતિહાસ ઘણો લાંબો છે, પરંતુ ભારતીય ઈતિહાસના પ્રાચીન સાહિત્યમાં રાજવંશાવળીઓ જ વધારે જળવાતી. પ્રાચીન રાજાઓના ચરિત્રમાં મુખ્ય આધાર અનુશ્રુતિનો લેવાનો અને સમકાલીન રાજાઓના ચરિત્ર મુખ્યત્વે નાયકોચિત પ્રશસ્તિ તથા કાવ્યોચિત કલ્પનાની દષ્ટિથી લખાતાં, મુસ્લિમ લેખકોની તવારીખમાં રાજકીય દસ્તાવેજોનો ઠીક ઉપયોગ કરવામાં આવતો પરંતુ ઈતિહાસ માટે સર્વવિધ સાધનસામગ્રીનું અન્વેષણ ભાગ્યે જ કરવામાં આવતું. આ પ્રકારના અન્વેષણનો આરંભ ભારતમાં 18મી સદીના ઉત્તરાર્ધમાં થયો. ત્યારે એમાં અભિલેખોમાં નોંધાયેલા વૃતાંતોનોય સમાવેશ થયો હતો.

અભિલેખ એટલે કોઈ પદાર્થ પર કોતરેલું લખાણ. આવાં લખાણ સામાન્ય રીતે શિલા પર કોતરેલાં હોય છે, તેથી એને 'શિલાલેખ' કહેવામાં આવે છે, પરંતુ કેટલાંક લખાણ તામ્રપત્રો અને ધાતુપ્રતિમાઓ જેવા બીજા પદાર્થો પર કોતરેલાં હોય છે. તેને 'શિલાલેખ' કહેવાય નહિ. કોતરેલા લેખ માટે ગુજરાતીમાં પહેલાં 'ઉત્કીર્ણ લેખ' શબ્દ પ્રયોજાતો, પરંતુ હવે હિંદીમાં તેમ જ ગુજરાતીમાં 'અભિલેખ' એવો પારિભાષિક શબ્દ પ્રચલિત થયો છે. આ શબ્દ સર્વ પ્રકારના પદાર્થો પર કોતરેલાં લખાણોને લાગુ પડે છે.

શિલાલેખ એ અભિલેખોનો એક ઘણો પ્રચલિત પ્રકાર છે. શિલાલેખ એટલે શિલા (પથ્થર) પર કોતરેલું લખાણ, ભારતમાં તેમ જ અન્ય દેશોમાં ઘણા અભિલેખ શિલા પર કોતરેલા હોય છે. મંદિરો, મસ્જિદો,, વાવો વગેરે ઈમારતોમાં પથ્થરની તકતી પર કોતરેલા લેખ જોવા મળે છે. હાલ પણ વિદ્યાલયો, ગ્રંથાલયો, રૂગ્ણાલયો, સ્મારકો વગેરે સાર્વજનિક ઈમારતોમાં લખાણ કોતરેલી 'તકતી' મૂકવામાં આવે છે. અગાઉ કયારેક પર્વતની મોટી મોટી શિલા જેને ખડક કે શૈલ કહેવામાં આવે છે, તેના પર લેખ કોતરાતા. એને 'ખડક લેખ' કે 'શૈલલેખ' કહે છે. ડુંગરમાં ગુફાની દીવાલ પર કોતરેલા લેખને 'ગુફાલેખ' કહે છે. પથ્થરના સ્તંભ પર કોતરેલા લેખને 'શિલાસ્તંભ લેખ' કહેવામાં આવે છે. પથ્થરની ઊભી લાટ પર કોઈના મરણને લગતો લેખ કોતર્યો હોય છે તેને 'પાળિયા' કહે છે. આ બધા અભિલેખ શિલાલેખના પ્રકાર છે.

કેટલીક વાર માટીના પદાર્થો પર, તે થોડા ભીના હોય ત્યારે લેખ કોતરવામાં આવે છે તે સૂકાયા પછી તેને ઘણી વાર પકવવામાં આવે છે. ઈંટો પર કોતરેલા લેખને 'ઈષ્ટિકાલેખ' કહે છે. માટીના વાસણ પર કોતરેલા લખાણને 'મૃત્પાત્ર લેખ' કે મૃદભાન્ડ લેખ' કહે છે. લાકડું,

*શંખ, છીપ, હાથીદાંત વગેરે ઈતર પદાર્થ પર કોતરેલા લખાણને જે તે પદાર્થના નામે ઓળખવામાં આવે છે.*

*ભૂમિદાનને લગતાં રાજશાસન તાંબાનાં પતરાં પર કોતરવામાં આવતાં. આ પ્રકારના અભિલેખ 'તામ્રપત્ર' તરીકે ઓળખાય છે. કયારેક સોનાનાં કે ચાંદીના પતરા પર ધાર્મિક લખાણ કોતરવામાં આવતું તેને 'સુવર્ણપત્ર' કે 'રજતપત્ર' કહે છે. લોખંડના સ્તંભ પર કોતરેલા લેખને 'લોહસ્તંભ લેખ' કહે છે. ઓજારો, હથિયારો, વાસણો વગેરે પદાર્થો પર પણ ક્યારેક લખાણ કોતરવામાં આવે છે, ખાસ કરીને તે તે પદાર્થના દાતા કે માલિકના નામને લગતું.*

*પાષાણ કે ધાતુની પ્રતિમાની બેસણી કે પીઠ પર કોતરેલા લખાણને 'પ્રતિમા લેખ' કહેવામાં આવે છે. કોઈ વાર પાષાણ કે ધાતુના દાબડામાં કે પેટીમાં કોઈ વિદેહ વ્યક્તિના દેહાવશેષ (ધાતુ) રાખ્યા હોય છે ને એના પર એને લગતું લખાણ કોતર્યું હોય છે. દાભડા પરના લખાણને 'સમુદ્‌ગક લેખ' અને પેટી પરના લખાણને 'મંજૂષા લેખ' કહે છે. આમ પદાર્થના દ્રવ્ય તથા આકાર પ્રમાણે અભિલેખો જુદા જુદા નામે ઓળખાય છે.*

### 1.2.1 અભિલેખવિદ્યા

*અભિલેખનો ઉદ્દેશ્ય અમુક વ્યક્તિ કે વૃત્તાંતને લગતી હકીકત ટકાઉ પદાર્થ પર કોતરીને એની કાયમી નોંધ રાખવાનો હોય છે. આથી એ લખાણ જે તે વ્યક્તિ કે વૃત્તાંતના ઈતિહાસ માટે મહત્ત્વનું સમકાલીન સાધન બની રહે છે. એમાં જે તે કાળની વ્યક્તિ કે ઘટનાનું નિરૂપણ જે તે કાળના લેખકે કરેલું હોય તેમાંની ઘણી હકીકત શ્રદ્ધેય હોય છે. અલબત્ત, એ નિરૂપણ કાવ્યમય હોય તો તેમાં કલ્પના તથા અતિશયોક્તિ હોય છે. છતાં અનુકાલીન અનુશ્રુતિઓની સરખામણીએ એ સમકાલીન લખાણો તરીકે વિશેષ મહત્વ ધરાવે છે. આથી કોઈ પણ દેશ કે પ્રદેશના ઈતિહાસ માટે એને લગતા તમામ ઉપલબ્ધ અભિલેખોનો ઉપયોગ કરવો પણ આવશ્યક, લગભગ અનિવાર્ય છે. આથી અભિલેખોનો પદ્ધતિસર અભ્યાસ કરવાની વિદ્યા ખીલી છે તેને 'અભિલેખવિદ્યા'* (epigraphy) *કહે છે.*

*અભિલેખ જે તે સમયની પ્રચલિત લિપિમાં કોતરેલા હોય તેમ જ લિપિમાં સમય જતાં પરિવર્તન થતું રહેતું હોય, પ્રાચીન અભિલેખો વાંચવા માટે જે તે સમયના લિપિમરોડથી માહિતગાર થવું પડે છે. લેખ જેમ વધારે પ્રાચીન તેમ તેની લિપિ વધારે વિલક્ષણ લાગે છે. અતિપ્રાચીન લિપિનો મરોડ એના અર્વાચીન મરોડ કરતાં એટલો બધો બદલાઈ ગયો હોય છે કે એ જાણે કોઈ અજાણી લિપિ ન હોય એવો ભાસ થાય છે. એ લિપિના ક્રમિક વિકાસના પરિચય વિના એ અતિ પ્રાચીન લિપિમરોડ અવાચ્ય બની રહે છે. ક્યારેક કોઈ લખાણ એ*

*લિપિઓમાં કોતરાયું હોય ને એમાંની એક લિપિ જ્ઞાત હોય તો એ જ્ઞાત લિપિ પરથી બીજી અજ્ઞાત લિપિ ઉકેલી શકાય છે. પ્રાચીન લિપિના ઉત્તરકાલીન સ્વરૂપ ઉપલબ્ધ હોય તો એ પરથી એનાં પૂર્વકાલીન સ્વરૂપ ઓળખી શકાય છે. આથી પ્રાચીન અભિલેખો વાંચવા માટે સહુ પહેલાં તેની પ્રાચીન લિપિનો તથા તેના તે તે કાલના મરોડોનો પરિચય હોવો અનિવાર્ય છે. પ્રાચીન લિપિઓના અભ્યાસનીય વિદ્યા આજે ખીલી છે એને 'પ્રાચીન લિપિવિદ્યા'* ( paleography) *કહે છે. તે તે દેશ કે પ્રદેશની તે તે કાલની લિપિ જાણી, એ લિપિમાં કોતરેલા અભિલેખ વાંચવા એ અભિલેખવિદ્યાનું પહેલું પગથિયું છે. લિપિના જ્ઞાન વિના અભિલેખ વાંચી શકાય નહિ અને એ વાંચી શકાય નહિ ત્યાં સુધી એમાં નોંધેલી હકીકતો જાણી શકાય નહિ. પ્રાચીન લિપિવિદ્યા પ્રાચીન અભિલેખો ઉપરાંત પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો તથા લખાણો વાંચવા માટે પણ ઉપયોગી છે.*

*અભિલેખોના અભ્યાસ માટે તે તે સમયની લિપિની જેમ તે તે સમયની ભાષાનું જ્ઞાન પણ અનિવાર્ય છે. અભિલેખો સામાન્ય રીતે તે તે કાલની પ્રશિષ્ટ ભાષામાં લખાતાં હોઈ આ ભાષાઓનો પરિચય મેળવવો પ્રમાણમાં સહેલો છે. ભાષાના પરિચયમાં વ્યાકરણ અને શબ્દભંડોળ ઉપરાંત કેટલીક વાર છંદોના જ્ઞાનની પણ જરૂર પડે છે.*

*લિપિ તથા ભાષાના પરિચય દ્વારા અભિલેખને વાંચીને એનો પાઠ તૈયાર કરવામાં આવે છે. આ પાઠ હાલની લિપિમાં એનું લિપયંતર* (transliteration*) કરીને મૂળ ભાષામાં આપવામાં આવે છે; સાથે સાથે એનું ભાષાંતર કે એનો સાર પણ આપવામાં આવે છે. વળી મૂળ અભિલેખની છાપ કે છબી પણ આપવામાં આવે છે.*

*મૂળ અભિલેખની ભાષા તથા લિપિ પરથી જે તે કાળની પ્રચલિત ભાષા તથા લિપિ જાણવા મળે છે પરંતુ ઈતિહાસ-સંશોધન માટે પૂરી ઉપયોગિતા તો એ અભિલેખની અંદર નોંધેલી હકીકતની હોય છે. અભિલેખમાં મોટે ભાગે જે તે કાળના રાજાનો તથા જે તે સમયનો નિર્દેશ આવતો હોય છે. આ પરથી જે તે કાળના રાજકીય ઈતિહાસ તથા તેની સાલવારી માટે ઉપયોગી માહિતી મળે છે. વળી એમાં આવેલી બીજી વિવિધ હકીકત પરથી જે તે કાળના ધર્મ, સમાજ, અર્થ, રાજયતંત્ર, સ્થાપત્ય, શિલ્પ ઈત્યાદિ અનેક સાંસ્કૃતિક બાબતો વિશે પણ ઉપયોગી માહિતી તારવી શકાય છે. પ્રાચીન અભિલેખોમાં જણાવેલા રાજાઓ, સ્થળો, વર્ષો વગેરેનો નિર્ણય કરવો એ અભિલેખોના અર્થઘટનનું એક મહત્વનું અંગ છે. રાજકીય તથા સાંસ્કૃતિક ઈતિહાસના અન્વેષણ, સંશોધન અને નિરૂપણ માટે આમ, અભિલેખવિદ્યા એક મહત્ત્વનું સાધન નીવડે છે; ને વાચન અને અર્થઘટન એ આ વિદ્યામાં બે મુખ્ય પાસાં છે.*

ભારતમાં છેલ્લી એક શતાબ્દિથી આ વિદ્યાને ક્ષેત્રે વ્યાપક પ્રવૃત્તિ થઈ છે. ગુજરાતમાં પણ આ પ્રવૃત્તિ છેલ્લી એક સદીથી વ્યાપકપણે પ્રસરી છે. ભારતના અન્ય પ્રદેશોની સરખામણીમાં ગુજરાત પુરાતત્ત્વીય આધારોની દૃષ્ટિએ વધુ સમૃદ્ધ છે. તેથી તો પ્રસિદ્ધ ઈતિહાસવિદ્ સર જદુનાથ સરકારે આ પ્રદેશને 'પુરાતત્ત્વની ખાણ' કહ્યો છે. અહીં ભારત તેમજ ગુજરાતના ઈતિહાસમાં અનુપમ ઉદાહરણરૂપ ગણાતા ગિરનાર શૈલલેખોનો અભ્યાસ અહિં સંક્ષેપમાં પ્રસ્તુત કર્યો છે.

ગુજરાતમાં જૂનાગઢના ગિરનાર દરવાજેથી ભવનાથની તળેટીમાં જવાના રસ્તે ઘૂમટવાળો શૈલ (ખડક) આવે છે. એ ખડક ઉપર જુદા-જુદા સમયના ત્રણ સમ્રાટોના અભિલેખ જોવા મળે છે. પૂર્વના ઢોળાવની સપાટી ઉપર, મૌર્ય સમ્રાટ અશોકના ઈ.પૂ.257-58ના ઉત્તરકાલીન પશ્ચિમી પ્રાકૃત ભાષામાં 14 ધર્મશાસનો - જે અભિલેખ પ્રાકૃત ભાષામાં લખેલો અને પ્રાપ્ય જૂનામાં જૂની બ્રાહ્મી લિપિમાં કોતરેલો છે, જ્યારે પશ્ચિમના ઢોળાવની સપાટીએ મહાક્ષત્રપ સમ્રાટ રુદ્રદામાનો શક સં.72 (ઈ.સ.150)ના વર્ષની વિગત આપતો થોડી વિકસિત બ્રાહ્મી લિપિનો પ્રશિષ્ટ સંસ્કૃત ગદ્યવાળો અભિલેખ છે. આ બેઉ અભિલેખો વચ્ચેની ઉત્તર ઢોળાવની સાંકડી પટ્ટીમાં ગુપ્ત સંવત 138 (ઈ.સ.457-58)ના વર્ષનો વધુ વિકસિત ગુપ્તકાલીન બ્રાહ્મી લિપિનો પ્રશિષ્ટ સંસ્કૃત પદ્યવાળો ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના સમયનો અભિલેખ છે.

## 1.3 હસ્તપ્રતો

આજે આપણે કમ્પ્યૂટર યુગમાં જીવીએ છીએ. આપણો એક હાથ કમ્પ્યૂટર પર છે અને બીજો હસ્તપ્રત પર છે. હસ્તપ્રતની શોધ જે સમયે થઈ હતી ત્યારે આ શોધ એક અમૂલ્ય વારસો ગણાયો હશે. આપણે આપણા વારસાને થોડાક ભૂલી ગયા છીએ. આપણે આપણા વારસાથી અજાણ છીએ, પરંતુ આજે આપણે આ વિષયમાં પ્રવેશ કરવાના છીએ એ આનંદની અને ગૌરવની વાત છે.

### 1.3.1 હસ્તપ્રતોનો અર્થ

હસ્તપ્રત એટલે આપણો વારસો, આપણી વિરાસત. હસ્તપ્રત એટલે માત્ર હાથે લખેલું સાહિત્ય,

હસ્તિન લિખિતમ્ વિદ્યતે યત ઈતિ હસ્તપ્રત,યંત્રેનય મુદ્રિતમ્ ઈતિ પુસ્તકમ્.

હાથે લખેલું સાહિત્ય એટલે એ કાગળ પર હોય, તાડપત્ર પર હોય, તાંબા પર હોય, કોઈપણ માધ્યમ પર હોય, તે હસ્તપ્રત જ કહેવાય છે.

હસ્તપ્રતનું મહત્વ કેમ ? ઘણા તો એને પસ્તીમાં પધરાવી દેવાનું સાધન સમજતા હોય છે, પણ આ પસ્તીમાં પધરાવી દેવાનું એક સાધન નથી. કારણ કે, ઈતિહાસની મૂળભૂત સામગ્રી આમાંથી આપણને મળે છે, ખૂટતી કડી જોડવાનું એક આ સાધન છે તો આ હસ્તપ્રતો આપણી પાસે ક્યારે આવી ? કેવી રીતે આવી ? ક્યારે લખાઈ ? લખવાના સાધન કયા કયા ? આ બધા જ વિશે વાત કરવાની છે. ખૂબ વિશાળ અને સમૃદ્ધ વિષય છે. ધૂળધોળાનો ધંધો કહી શકાય એવો આ વિષય છે, ઘણા બધા આ વિષયમાં પ્રવેશ કરે છે અને દસ પંદર દિવસ કામ કરે અને થાકી જાય એટલે છોડી દે છે. આ ખરેખર અઘરો વિષય છે. માત્ર સુંદર ચિત્રો જોઈને આપણને મન થઈ જાય એવી હસ્તપ્રતો. પણ, જ્યારે એમાં પ્રવેશ કરીએ, ઊંડાણથી પ્રવેશ કરીએ છીએ, જેમ અંદર જતા જઈએ તેમ આ વિષય અઘરો થતો જાય છે. ખૂબ ધીરજ હોય ત્યારે આપણે આ વિષયમાં કામ કરી શકીએ છીએ.

બીજી વાત, મોટા ભાગના લોકોને એવું છે કે આમાં માત્ર જૈન સાહિત્ય સચવાયેલું છે. પણ એવું નથી. જૈન સાહિત્યની સાથે સાથે બીજા ઘણા બધા વિષયો ભૂગોળ, ઈતિહાસ, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય, સંગીત, નૃત્ય, જ્યોતિષ વગેરે જેવા અસંખ્ય વિષયો આમાં સમાયેલા છે. માત્ર સંસ્કૃત અને પ્રાકૃત જ નહિ પણ જૂની ગુજરાતી, રાજસ્થાની ગુજરાતી, અને મિશ્ર ભાષા જેવી અનેક ભાષાઓ આમાં સંકળાયેલી છે. એટલે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના જ વિદ્યાર્થીઓ આમાં કામ કરી શકે એવું નથી, ઈતિહાસના વિદ્યાર્થીઓ પણ કામ કરી શકે એવો આ વિષય છે. કળાની દૃષ્ટિએ જોઈએ તો સંગીત અને નૃત્ય સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ પણ કામ કરી શકે છે. લિપિ ન આવડતી હોય તો પણ કામ થઈ શકે એવું આ વિશાળ સાહિત્ય, આ ખજાનો આપણા ભારતમાં રહેલો છે. ઘણા બધા વિદ્વાનોએ જર્મનીમાં રહેલા ઘણા ખરા સ્કોલરોએ આ વિષયની ખૂબ પ્રશંસા કરેલી છે. ભારત દેશને સૌથી વધુ સમૃદ્ધ દેશ કહ્યો છે કારણ કે ભારત પાસે જે સમૃદ્ધિ છે એ બીજા કોઈ દેશોમાં નથી. આ વિષયમાં થોડા ઊંડાણથી ચર્ચા થવી જોઈએ.

હસ્તપ્રત એટલે હાથે લખેલું સાહિત્ય, તો આ વિષયનું મહત્વ કેમ છે ? કોઈ પણ દેશ, પ્રદેશ કે સંસ્કૃતિ એનું જ્યારે અન્વેષણ-શોધ કરવાની હોય, એના મૂળ સુધી જવું હોય તો પ્રાચીન સામગ્રી જોઈએ, પ્રાચીન સામગ્રી વગરનું જે કંઈ હોય એ સંકલન કહેવાય ઈતિહાસ ન કહી શકાય પણ જ્યારે ઐતિહાસિક બાબતોનું સંશોધન કરવાનું હોય ત્યારે મૂળ બાબત એ અભિલેખો છે, તાડપત્રો છે. એના મૂળ માધ્યમ સુધી જઈએ ત્યારે આપણને સાચી માહિતી, સાચો ઈતિહાસ, સાચી ઐતિહાસિક સંસ્કૃતિ, રાજકીય પરિસ્થિતી વગેરે જેવી બધી જ બાબતોની આપણને ત્યારે જ ખબર પડે. આ બધી ઐતિહાસિક ખૂટતી કડીઓના અનુસંધાનોના મૂળમાં આ હસ્તપ્રતો રહેલી છે એટલે હસ્તપ્રતનું સવિશેષ પ્રમાણમાં મૂલ્ય

*છે, અભિલેખો છે, પણ અભિલેખોમાં પુસ્તકો લખાયાં નથી. એમાં દાન-ધર્મ કરવું, હિંસા ન કરવી જેવા ઉપદેશો લખાયાં છે. અશોકના સમયથી ગણીએ તો અભિલેખો આપણને પુષ્કળ પ્રમાણમાં મળે છે.*

*કાગળ ઉપરની પ્રતો અને તાડપત્રોના ભારતમાં ઘણા બધા ભંડારો છે. આવી ઘણી હસ્તપ્રત સચવાયેલી છે. પણ એમાં કામ કરવાનું ખૂબ બાકી છે. ખૂબ ઓછા વિદ્વાનો, ખૂબ ઓછા પ્રાધ્યાપક, આ વિષયને સ્પર્શી શક્યા છે. કારણ કે આ ખૂબ મહેનતનું કામ છે, એના માટે ભાષાનું જ્ઞાન, વ્યાકરણનું જ્ઞાન આ બધું જ હોવું જરૂરી છે. એટલા માટે આ વિષય થોડો અઘરો બનતો જાય છે અને હસ્તપ્રતનું મહત્વ એ છે કે તે ઇતિહાસમાં ખૂટતી કડીઓમાં અનુસંધાન જોડી આપવાનું કામ કરે છે.*

*હવે આ હસ્તપ્રતો આપણી પાસે આવી ક્યારે ? લખાઈ ક્યારે ? એ જોઈએ તો આપણે ભારત વર્ષની ત્રણ મુખ્ય સંસ્કૃતિઓ વૈદિક સંસ્કૃતિ, હિંદુ સંસ્કૃતિ અને બૌદ્ધ સંસ્કૃતિ આ ત્રણેય સંસ્કૃતિઓએ ગ્રંથો કંઠસ્થ પરંપરામાં રાખ્યા હતા, જીવંત રાખ્યા હતા. ઘણા બધા વર્ષો સુધી એક વ્યક્તિ યાદ રાખે અને બીજાને કહે, બીજો ત્રીજાને કહે, આવી પરંપરાઓ ઘણા વર્ષો સુધી ચાલી, મૌખિક પરંપરા, કંઠસ્થ પરંપરા, પછી કંઠસ્થ પરંપરા કેમ લુપ્ત થવા લાગી, તો સમય એવો આવ્યો કે બાર બાર વર્ષના દુષ્કાળ પડ્યા. એ દુષ્કાળમાં ભિક્ષુઓને આજીવિકા મેળવવાનું બહુ કઠિન પડવા લાગ્યું. શરીર સૂકાવા લાગ્યું. એટલે યાદશક્તિમાં ક્ષતિઓ થવા લાગી. પછી મૂળ જે પાઠ હોય એમાં પ્રક્ષેપો થવા લાગ્યા, એટલે આ કંઠસ્થ પરંપરામાંથી ગ્રંથસ્થ પરંપરા કરવાનું વિચારવામાં આવ્યું. વલભીમાં જે વાચનાઓ થઈ એ જ રીતના વૈદિક સંસ્કૃતિમાં અને બૌદ્ધ સંસ્કૃતિમાં આ પરંપરાને ગ્રંથસ્થ કરવાનું વિચારવામાં આવ્યું, દરેકને પોતાની પાસે જે કંઈ સાહિત્ય હતું, ધાર્મિક સાહિત્ય કે ધાર્મિક સાહિત્ય સિવાયનું, જે કંઈ ગ્રંથો હતા એ બધું જ ગ્રંથસ્થ કરવાનું નક્કી કરવામાં આવ્યું અને ત્યારબાદ મહાવીર સ્વામીના નિર્વાણના લગભગ 900 વર્ષ પછી વલભીમાં જે વાચના થઈ અને લખવાનું વિચારવામાં આવ્યું. એમાં તાડપત્ર ઉપર સૌ પ્રથમ લખવાનું શરૂ થયું ત્યારે તાડપત્રો બહારથી મંગાવવામાં આવતા મલબાર જેવા દરિયા કિનારાના પ્રદેશ છે ત્યાંથી મંગાવવામાં આવતા હતા.*

### 1.3.2 હસ્તપ્રતોના પ્રકાર

1.3.2.1 *તાડપત્રો*

*તાડપત્રોના બે પ્રકાર છે, ખરતાડ અને શ્રીતાડ, ગુજરાતમાં જે થાય છે તે ખરતાડ છે. એનો ટકાઉ લાંબો નથી કારણ કે અમુક સમય પછી એ વચ્ચેથી તૂટી જાય છે, અક્ષરો કપાઈ જાય*

છે. ખરતાડનો ઉપયોગ ગ્રંથ લખવા માટે નથી થતો. શ્રીતાડ બહારથી મગાવવામાં આવતા અને ગ્રંથો લખવાની શરૂઆત થઈ. દક્ષિણ ભારતમાં તાડપત્રો વધારે મળતા એટલે ત્યાં જે ગ્રંથો લખાયાં તેની લિપિ તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ આ બધી લિપિઓ દક્ષિણના જે ગ્રંથો તાડપત્રો પર લખાયાં ત્યાં જોવા મળે છે.

આપણે ત્યાં જે ગ્રંથો લખાયાં તે તાડપત્રો ઉપર પહેલા પ્રાકૃત અને પછી સંસ્કૃત, આ બધી ભાષાઓનો ઉપયોગ થયેલો, તાડપત્રો ઉપર લખવાનું કામ ખૂબ કઠિન ગણવામાં આવ્યું કારણ કે સૌ પ્રથમ તો તાડપત્રોને ઝાડ પરથી ઉતારવાના, એની પ્રક્રિયા કરવાની આ બધુ 15 થી 20 દિવસનું કામ માંગી લે તેવું છે. તાડપત્રો ઝાડ પરથી ઉતારો એટલે ખરબચડા હોય એને જમીનમાં પંદર દિવસ સુધી દાટી રાખવામાં આવે, ફરી પાછા એને કાઢવાના, કાઢ્યા પછી તેલ લગાવી એને કુટવાના પાણીમાં પાછા ઉકાળવાના, ફરીથી પાછા સુકવવાના આ બધી પ્રક્રિયામાંથી પસાર થાય ત્યાર પછી લખવા લાયક તૈયાર થતાં. તાડપત્રની સૌથી વધારે લંબાઈ 36 ઈંચ ગણવામાં આવે છે, પહોળાઈ ત્રણ, સાડા ત્રણ, બે અને અઢી ઈંચ હોય છે અને પહોળાઈ ઓછી હોય એટલે લીટીઓ ઓછી આવે અને લંબાઈ તો અનુકૂળતા પ્રમાણે રાખવામાં આવે. પાંચ, છ, સાત ઈંચ ગમે તે રાખી શકો છો.

તાડપત્રો ઉપર આપણી પાસે જે ગ્રંથો પાપ્ત થાય છે એ સાતમી સદીથી પંદરમી સદી સુધીના પ્રાપ્ત થાય છે. તાડપત્રની લંબાઈ વધારે હોય તો તેના બે ભાગ કરવામાં આવતા, પછી એમાં બે છિદ્રો કરવામાં આવે અને એમાંથી દોરો પસાર કરવામાં આવતો અને જેટલા પણ પાના લખાયાં હોય એને દોરાથી બાંધવામાં આવે અને પછી એમાં ઉપર નીચે પાટી મૂકવામાં આવે. ત્યારબાદ તૈયાર થયેલા ગ્રંથને લાકડાના બોક્સમાં મૂકવામાં આવે. તાડપત્ર પર લખાણ બે રીતે કરવામાં આવતું. એક કલમથી લખવામાં આવતું અને બીજું લોખંડનો ધરી વાળો સળીયો હોય તેનાથી અક્ષરો કોતરી લખવામાં આવતું, કોતર્યા પછી એમાં કાજળ ભરાવી દેવામાં આવે જે કાજળ હોય એ જાતે તૈયાર કરવામાં આવતું હતું, અત્યારે જે તૈયાર મળે એ નહિ. એ કાજળ કેવી રીતે પાડવામાં આવતું, તો તલના તેલનો દીવો રાખવામાં આવે અને એ દીવા પર વાસણ ઢાંકવામાં આવે અને એ કાજળ જે તૈયાર થાય એને કાપડની પોટલીમાં બાંધીને જે લખેલું હોય એની ઉપર ફેરવવામાં આવે આટલી લાંબી પ્રક્રિયા પરથી તાડપત્રોનાં ગ્રંથો તૈયાર કરવામા આવતા અને તાડપત્રો ઉપર જે લખાણ થાય એની શાહી વપરાતી એ પણ અલગ જ હોય, કાપડ ઉપરની જુદી, તાડપત્ર ઉપર જુદી અને કાગળ ઉપર જુદી શાહી બનાવવાની પ્રક્રિયા પણ ઘણી બધી લાંબી છે. એમાં પણ 15-20 દિવસ સુધી મહેનત કરો પછી શાહી તૈયાર થાય છે. અત્યારે જે શાહી મળે એમાં કેમિકલ હોય એટલે ત્યારે જાતે બનાવેલી શાહીનો ઉપયોગ કરવામાં આવતો હતો. તાડપત્રો ઉપર જે ગ્રંથો

લખાતા તે આટલી પ્રક્રિયા થાય પછી તૈયાર થતાં અને ખૂબ લાંબી પ્રક્રિયા, ખૂબ ધીરજ માગી લે એવું આ કામ હતું. હવે તાડપત્રો ઉપર જે ગ્રંથ પ્રાપ્ત થયા તે જાપાનના હોર્યોજી મઠમાં ‘ઉસણસવિજયધારીણી’ નામનો ગ્રંથ અને ‘પ્રજ્ઞાપારનિજાનંદસ્તોત્ર’ આ છઠા સૈકાનું ગણાય છે, જે તાડપત્રો આજે પણ ત્યાં સચવાયેલા છે.

તાડપત્રમાં વચ્ચેથી દોરો પોરવીને રાખ્યા પછી, આજુબાજુ અકીકની કે હાથીદાંતની ચીપો ભરાવવામાં આવતી જેથી એના પાના સરી ન જાય અને દોરો નીકળી જાય તો પણ ત્યાં અટકીને રહે. આ બીજી પ્રક્રિયા પાછી દોરો પોરવ્યા પછી પણ ફુદડીઓ ભરવામાં આવતી. લખેલું લખાણ ક્યારેક કંઈક ભૂલ હોય તો કાઢી નાખવા માટે સહેજ પાણી લઈને કાઢી નાખવામાં આવતું. ઘણી વાર હરતાલ અને સફેરો પણ વાપરવામાં આવતા, તાડપત્રો ઉપર અત્યારે આપણે જે પાના ઉપર ક્રમાંક લખીએ છે, 1, 2, 3 એમ તાડપત્ર ઉપર ક્રમાંક પાછળની બાજુ લખવામાં આવતા અને તે વચ્ચે લખવામાં આવતા નીચે કે ઉપર નહીં. તે શબ્દાંકમાં અને ક્રમાંક બનેમાં આપવામાં આવતા. શબ્દાંક એટલે કે નક એટલે કે ચાર, ઓમ એટલે એક, ન એટલે બે, ઓમ નમઃ એટલે 3, જ્યાં ઓમ કર્યો હોય ત્યાં એક સમજવાનો ન કર્યો હોય ત્યાં 2 એટલે આવા સો શબ્દો સુધીના શબ્દાંકો તાડપત્રોમાં જોવા મળતા. આમ શબ્દાંકો પણ આપતા અને અક્ષરાંકો પણ જોવા મળતાં. જમણી બાજુ અને ડાબી બાજુ મધ્યમાં પણ આપવામાં આવતા.

1.3.2.2 ભોજપત્રો

તાડપત્ર પછી ભોજપત્રની વાત કરીએ, ભુર્જ નામના ઝાડ હિમાચલ પ્રદેશમાં થાય છે. ત્યાંથી આ ભોજપત્ર લાવવામાં આવતા પણ ભોજપત્ર બહુ ટકાઉ નથી. વચ્ચેથી કપાઈ જાય છે એટલે ભોજપત્ર નો ઉપયોગ નહિવત જ ગ્રંથો લખવા માટે થયો છે. ભોજપત્ર ઉપરનું આપણને બીજા સૈકાનું એક તમક જ પ્રાપ્ત થાય છે અને સંયુક્તાગમ નામનું એક બૌધસૂત્ર, ચોથી સદીનો ગ્રંથ આપણને પ્રાપ્ત થાય છે. ડૉક્ટર્સ ટાઈમને કડલીત નામના સ્થળેથી કૌતનપ્રદેશમાં ખોદકામ કરતાં આ ગ્રંથોના થોડા અવશેષો પ્રામ થયા હતા એના પુરાવા આપણી પાસે છે. ત્યાર પછી ભોજપત્રનો ઉપયોગ યંત્રો માટે, વિધિ વિધાન માટે કરવામા આવતો હતો અને આજે પણ યંત્રો અને વિધિવિધાન માટે ભોજપત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

1.3.2.3 કાપડ પરની હસ્તપ્રતો

ભોજપત્ર પછી આવે છે કાપડ. કાપડ ઉપર ગ્રંથ લખવાના ઉલ્લેખ પાટણમાં વખતજીની ફેરીમાં ગ્રંથ ભંડાર છે, ત્યાં બે ત્રણ ગ્રંથ સચવાયેલા છે. કાપડ ઉપર ગ્રંથ લખવા માટે

*કાપડને પહેલાં ચોખાની લઈ અથવા આંબલીના કચૂકાની લઈથી એના જે છિદ્રો હોય એ પૂરવામાં આવે, ઘૂટાંથી ઘૂટવામાં આવે. કાપડને લીસું બનાવાવમાં આવે અને પછી એનો લખવા માટે ઉપયોગ કરવામાં આવતો. જે ગ્રંથો લખાયેલા એ કચ્છુલી રાસ, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ધર્મવિધિ પ્રકરણ વગેરે હસ્તપ્રતો આજે પણ એ ભંડારમાં સચવાયેલી છે. પંદરમા સૈકાથી પેલો કાપડ ઉપર લખાયેલો ગ્રંથ મળે છે. કાપડ ઉપર લખવાનું બંધ કેમ થયું, એ જોઈએ તો કાપડ ઉપર ગ્રંથ લખાયા પછી એને જે સ્ક્રોલ કરવામાં આવે એમાં ક્યારેક વચ્ચેથી અક્ષરો કપાઈ જતાં એટલે કાપડ ઉપરનું લખાણ પણ દિવસે દિવસે સદંતર બંધ થતું ગયું હતું.*

*તાડપત્ર ઉપરનું લખાણ બંધ થયું એનો હવે ઉલ્લેખ સાથે કરીએ તો તાડપત્ર ઉપરનું લખાણ બંધ થયું કારણ કે લખવાનું કઠિન હતું. બહારથી મંગાવવામાં આવતા હતા, મોંઘાં પડતાં હતાં અને એ સમયની રાજકારણની ઉથલપાથલ વગેરે અનેક કારણોથી તાડપત્રો ઉપરનું લખાણ પંદરમા સૈકા સુધી ચાલ્યું, છેલ્લો ઉલ્લેખ ઈ.સ.* 1503*નો આપણને મળે છે. આ સાથે કાગળ ઉપર લખવાની શરૂઆત થઈ. કાગળો પણ હાથે જ બનાવાવમાં આવતા, અત્યારે કાગળ બનાવવાની જે પ્રક્રિયા છે. ત્યારે સાબરમતી નદીના કિનારે કાગળ ધોવામાં આવે છે, એમાં રેતીના કણ રહી જાય છે. એ સમયે જે કાગળ હાથે બનાવવામાં આવતો તે આજે હજાર વર્ષે, આઠસો વર્ષ જૂની, છસો વર્ષ જૂની પ્રતીઓ સચવાય છે. એનું મૂળ કારણ એ રહેલું છે કે બધી જ વસ્તુ હાથે બનાવવામાં આવતી. શાહી, કાગળ, તાડપત્રની પ્રક્રિયા, બધું જ* handmade *કહી શકાય એવી આ એક પ્રક્રિયા તે સમયે હતી. જે સચવાયું એ આજે પણ ભારતના વિવિધ ભંડારોમાં સંગ્રહિત છે.*

*કાગળો ઉપર ગ્રંથો લખવાની શરૂઆત ક્યારે થઇ તે જોઈએ તો જેસલમેરમાં જિનભદ્રસુરી મહારાજ સાહેબે અને ખંભાતમાં સોમચંદ્રસુરી મહારાજ સાહેબે ગ્રંથો લખાવવાની શરૂઆત કરી. અગિયાર-બારમાં સૈકાથી તેની શરૂઆત થઈ. આપણને વધારે પ્રમાણમાં ગ્રંથો મળવાના પંદરમા સૈકાથી શરૂ થયા. જે વખતે ગ્રંથો લખવાની શરૂઆત થઈ ત્યારે કોઈ પણ રિવાજ, કોઈ પણ જ્ઞાતિમાં આપણે બંધ કરવાનો હોય તો એ થોડો સમય તો ચાલુ જ રહે, પછી સમય જતા એ રિવાજ નાબૂદ થાય છે. એ જ રીતે તાડપત્રો ઉપરનું લખાણ તેરમાં-ચૌદમાં સૈકાથી થોડું-થોડું ઓછું થતું ગયું અને* 1503*માં એ સદંતર બંધ થયું, પછી કાગળો આવ્યા. અગિયાર-બારમાં સૈકાથી કાગળની શરૂઆત થઈ, પણ આપણને વધારે ગ્રંથો પંદરમા સૈકાથી પ્રાપ્ત થાય છે. અગિયારમા-બારમા સૈકાના અમુક અમુક ગ્રંથો છે. વારાણસીની સરસ્વતી લાઈબ્રેરી છે, ત્યાં* 1278*માં લખાયેલો ગ્રંથ છે. ઉપરાંત નિવારી લિપિમાં લખાયેલા ગ્રંથ પણ છે. વર્ષો પહેલાં વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં*

રામાયણની સમિક્ષિત આવૃત્તિ તૈયાર થઈ હતી, એમાં નિવારી લિપિમાં લખાયેલો ગ્રંથ લેવામાં આવ્યો છે. જેનો સમય બારમી સદીનો છે. વારાણસીમાં કે સરસ્વતી ભવનમાં ગ્રંથ છે એ ઈ.સ.1278નો છે એટલે આવા દુર્લભ ગ્રંથો પણ અમુક ભંડારોમાં સચવાયેલા પડયા છે.

આપણે હસ્તપ્રતની વાત કરી કે, આ બધા ભંડારોમાં ઘણા બધાનું પ્રદાન છે. જે વાચના થઈ એ સમયે ગ્રંથો લખાવવાની શરૂઆત થઈ. તે ઉપરાંત ઘણા બધા સાધુ ભગવંતોએ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ દેસાઈએ પણ ગ્રંથો લખાવ્યા અને ત્રણસો લહિયા રાખીને અનેક પ્રતિકૃતિ તૈયાર કરાવવામાં આવી અને વિવિધ ભંડારોમાં મોકલી જેથી કરીને આવા ગ્રંથ ભંડારો ઊભા થયા. મહારાજ કુમારપાળે પણ 21 ભંડારોની સ્થાપના કરી, એ વાતનો ઉલ્લેખ પણ છે. પુણ્યવિજયજી મહારાજ સાહેબે પણ આ ઉલ્લેખ કરેલો છે. એટલે આપણી પાસે વિવિધ ગ્રંથ ભંડારો જે અસ્તિત્વમાં આવ્યા અને આજે પણ જે એમની પાછળ સાધુભક્તોનો, અમાત્યાઓનો, મહારાજાઓનો ખૂબ ફાળો રહેલો છે, પણ આ બધું આજે જે ભંડારોમાં સચવાયેલું છે ત્યાં ઘણું બધું વણખેલાયેલું છે. ઘણી બધી પ્રતો, ઘણા બધા ભંડારોમાં જોઈએ ત્યારે એમ થાય કે, આ બધા જ વિષયોમાં બધા થોડું-થોડું કામ કરે તો વધારે સારું થઈ શકે. જેથી વાચક વર્ગ સામે તે પુસ્તક રૂપે પ્રગટ થઈ શકે. જ્યાં સુધી આમાં કામ નહિ થાય અને ભંડારોમાં સચવાયા કરશે તો લોકો સુધી જે સાહિત્ય મળવું જોઈએ ધાર્મિક કે ધાર્મિક ન હોય એવું પણ કાવ્ય સાહિત્ય, પ્રબંધ સાહિત્ય, ચરિત્રો વગેરે પહોંચી નહીં શકે. ઘણી ભાષાઓ આ હસ્તપ્રતોમાં છે માત્ર સંસ્કૃત કે પ્રાકૃત જ છે એવું નથી. જૂની ગુજરાતી, મારવાડી, રાજસ્થાની, હિન્દી કોઈ પણ ભાષામાં કોઈ પણ કામ કરી શકે એવો આ વિપુલ વિશાળ ખજાનો આપણા ભારતના વિવિધ ભંડારોમાં રહેલો છે. સૌથી વિશેષ પ્રમાણમાં ગુજરાતમાં રહેલો છે.

### 1.3.3 હસ્તપ્રતોના અંગો

1.3.3.1 *પરિમાણ*

હસ્તપ્રતનું બાહ્ય તેમજ આંતરિક સ્વરૂપ પણ એટલું જ મહત્વનું છે. હસ્તપ્રતના અંગોની જો વાત કરીએ તો એનું પરિમાણ એટલું જ અગત્યનું છે. કોઈપણ હસ્તપ્રત ઉપર જ્યારે કામ કરવું હોય ત્યારે આ અંગોનો ઉલ્લેખ કરવો જરૂરી બને છે. પછી જ આપણે લિપ્યંતરમાં જઈ શકીએ. હસ્તપ્રતના અંગો એટલે કયા ? તો એનું પહેલું અંગ પરિમાણ છે, તે કયા ભંડારની પ્રત છે એ ઉલ્લેખ કરવો પડે અને ક્રમાંક નંબર આપવો પડે, પછી એના પરિમાણ, એની લંબાઈ કેટલી, કાગળની પ્રત હોય તો અઢી ન હોય સાડા ત્રણ-ચાર ગણવાની, તાડપત્રો

*હોય તો બે-અઢી ગણાય, એની પહોળાઈ ત્રણ-સાડાત્રણ, ચાર ગણવાની લંબાઈ* 11 *સેમીમાં ગણવાની, એનું પરિમાણ જાણવાનું, આ એના પરિમાણની વાત થઈ. ત્યારબાદ હાંસિયો, હાંસિયામાં કેટલી લીટીઓ છે એ પણ અગત્યનું છે. ઘણી વાર હાંસિયામાં એક લીટી હોય, બે લીટી જોડકે પણ હોય, કાળી જોડકે લીટી અથવા ઘણી વાર ત્રણ લીટી પણ હોય, બે લાલ અને એક કાળી હોય. આ હાંસિયામાં જે લીટી હોય, હસ્તપ્રતનું સમય નિર્ધારણ કરવા માટે આ બધી આંતરિક બાબતો એટલી જ જરૂરી બને છે. આ એનું હસ્તપ્રતનું સ્વરૂપ થયું. પરિમાણ, હાંસિયો, હાંસિયાનો ઉપયોગ લેખક જ્યારે ગ્રંથની રચના કરતો હોય ત્યારે કોઈ શબ્દનો અઘરો અર્થ એને આપવો હોય તો હાંસિયાનો ઉપયોગ કરે છે. હાંસિયામાં એનો અર્થ લખે એટલે હાંસિયાનો ઉપયોગ આવી રીતે સુધારા વધારા કરવા માટે, વિશેષ અર્થ પોતાને શું અભિપ્રેત છે એ દર્શાવવા માટે થાય છે. એટલે હાંસિયો જરૂરી છે. લીટીઓ કેટલી છે એના હાંસિયામાં નીચે ક્રમાંક લખવામાં આવે, આમાં મધ્યમાં ક્રમાંક લખવામાં આવતા નથી. નીચે લખવામાં આવે પાછળની બાજુ ઉપર, મુદ્રિત ગ્રંથોમાં આગળ-પાછળ ક્રમાંક હોય છે. હસ્તલિખિત ગ્રંથોમાં પાછળ નીચે ક્રમાંક હોય છે. હસ્તલિખિત ગ્રંથો માટે પૃષ્ઠાંક શબ્દ પ્રયોજાય છે. હસ્તલિખિત ગ્રંથોમાં હાંસિયામાં જે સુધારા વધારા કરેલા હોય એને પણ લેખક તરફથી, લિપિકાર તરફથી વિશેષ નામ આપેલા હોય છે. ધારો કે હંસ પગલું, મોર પગલું એટલે કે ચિહ્નો બતાવેલા હોય છે. એ શબ્દોને ત્યાંથી લઈને મૂળ પાઠમાં વાંચવામાં આવે, આ થઈ એક પરિમાણની વાત.*

1.3.3.2 *જીભા*

*હસ્તપ્રતોમાં જીભા કોને કહેવાય ? તો ઉપર અને નીચે જે જગ્યા હોય એને જીભા કહેવામાં આવે. જીભા એ પ્રાકૃત શબ્દ છે, સંસ્કૃત જિહ્વા અને ગુજરાતી જીભ, જીભા મુખ્ય વસ્તુ થઈ આ હસ્તપ્રતની, ઉપર અને નીચે જે* margin *છે તે, આ ઊપરાંત હૂંડી. હૂંડી એટલે ગ્રંથમાં આચરણ સૂત્રો નામ હોય, તો આ આચરણ સૂત્રો આખું ના લખે. આ. સૂ. લખીને કરી દે, હૂંડી હાંસિયામાં ડાબી બાજુ લખવામાં આવે છે આ હૂંડી, પરિમાણ, હાંસિયો, જિભા, પત્રાંક આ ઉપરાંત ઘણીવાર ચિત્રો દોરેલાં હોય ફૂલવેલ ફરતા હોય, ક્રમાંકની ફરતે ચિત્રો દોરેલા હોય તો તેનો અર્થ જ્યારે સમય નિર્દેશન કરવાનો હોય, હસ્તપ્રતોમાં વિક્રમ સવંતથી ઈ.સ. ન આપેલી હોય ત્યારે હસ્તપ્રતોનું જે આંતરિક સ્વરૂપ છે એના આધારે સમય નિર્ધારણ થઈ શકે છે.*

1.3.3.3 *ચિત્રો*

*ચિત્રોની પ્રથા પંદરમી સદીથી શરૂ થઈ અને એ જો કોઈ પ્રત આપણી પાસે હોય એમાં ચિત્ર હોય અથવા માર્જીનમાં શબ્દાંકની આજુબાજુ જો ચિત્રોનો સમાવેશ હોય તો એ કૃતિનો સમય આપણે આપણી રીતે નિર્ધારિત કરી શકીએ છીએ.*

1.3.3.4 *પત્રાંક*

*બીજી અગત્યની વાત કે પત્રાંક જે ચાલતા હોય, ધારો કે પંદરમા ક્રમાંક સુધી સળંગ એક જ કૃતિ ચાલતી હોય તો એક જ હસ્તપ્રતમાં એક કૃતિ ચાલતી હોય એવું સંભવિત નથી. ઘણી વાર પાંચ, ઘણી વાર સો, ઘણીવાર સવા-સો કૃતિઓ પણ હોય, કદાચ આશ્ચર્ય થાય આટલી બધી કૃતિઓમાં એક જ ક્રમાંક હોય પણ અવાંતર કૃતિઓમાં એક જ ક્રમાંક હોય. ત્યારે પત્રાંક ક્રમ કેવી રીતે આપવો. તો એકથી પંદર સુધી એક કૃતિ ચાલે, પછી પંદરમા પછી બીજી કૃતિ ચાલુ થાય અને ત્યાં જીણા અક્ષરે ફરી પાછો ક્રમાંક આપે, આવા જીણા અક્ષરે ક્રમાંક આપેલા હોય, કદાચ આપણે જોઈ પણ ના શકીએ એવા ક્રમ હોય એને ચોર અંક કહી શકીએ, પણ એ ખૂબ મહત્ત્વની વસ્તુ છે અને એક જ પાનાં પર બીજી કૃતિ ચાલુ થતી હોય એને ચોર અંક કહેવામાં આવે. આવા ચોર અંકની વાત ઘણા બધાને ખબર ના હોય. આવી રીતે ક્રમાંક આપવાની પદ્ધતિ ગ્રંથોમાં રહેલી હતી.*

1.3.3.5 *આંતરિક પ્રકારો*

*હસ્તપ્રતનું આંતરિક સ્વરૂપ પણ આટલું જ અગત્યનું છે, કદાચ એવું લાગે કે હસ્તપ્રત એટલે સીધું લખાણ. પાંચ લીટી કે દસ લીટીઓનું લખાણ એટલે હસ્તપ્રત. તો એવું નથી. હસ્તપ્રતમાં લખાણની આવી પદ્ધતિઓને લઈને પણ એના પ્રકાર પડે છે, એમાં તે ત્રેપાઠ, પંચપાઠ, શૂળક્ષરી, સૂક્ષ્માક્ષરી આ બધા એના આંતરિક પ્રકારો છે.*

**ત્રેપાઠ :** *ત્રેપાઠ એટલે ત્રણ પાઠમાં લખાયેલું કોઈ પણ સાહિત્ય, વચ્ચે મૂળ હોય ઉપર અને નીચે એની ટીકા, વૃત્તિ આપેલું હોય એને ત્રિપાઠ કહે છે. તો પહેલા વચ્ચેનું મૂળ લખાણ વાચવાનું. પછી ઉપરનું અને પછી નીચેનું અને એ જ ક્રમે પાછળ જવાનું, એને ત્રિપાઠ કહેવાય.*

**પંચપાઠ :** *પંચપાઠ એટલે પાંચ પ્રકારમાં લખાયેલું, વચ્ચે મૂળ બે બાજુ મારજીન અને ઉપર નીચે, આ જ્યારે વાંચવાનું હોય એની વૃત્તિ, અવચોરી કઈ પણ હોય, બોધ પણ હોય ત્યારે વચ્ચેનું મૂળ વાંચવાનું, અને પછી ઉપર જવાનું, પછી ડાબી બાજુ, ત્યારબાદ જમણી બાજુ, પછી નીચે આ પ્રમાણે પાંચ પ્રકારે લખાયેલું હોય એને પંચપાઠ કહે છે.*

**શૂઢ :** *શૂઢ એટલે હાથીની સૂંઢની જેમ સળંગ હોય એને શૂઢ લખાણ કહેવામાં આવે છે. શૂઢ લખાણ એટલે ત્રિપાઠ અને પંચપાઠમાં જેમ આપણને ખબર પડી જાય કે અહીંયાથી વળવાનું કે અહીંથી આપણે એની ટીકા કે વૃત્તિ વાંચવાની, પણ શૂઢ લખાણ એવું છે કે ત્યાં કોઈ પણ પ્રકારના વિભાગ ના હોય એટલે ત્યાં મૂળ આપ્યા પછી એની ટીકા કે વૃત્તિ આવી જતી હોય અને આપણે એની ટીકા કે વૃત્તિ શોધવામાં અથવા તો મૂળ અને એ સમજવામાં તકલીફ પડે, ખ્યાલ ના આવે ત્યારે એને શૂઢ લખાણ કહેવામાં આવે.*

**સ્થૂલાક્ષરી :** *સ્થૂલાક્ષરી એટલે ખૂબ મોટા અક્ષરોમાં લખાયેલા હોય. આવા લખાણો એટલા માટે લખવામાં આવે કારણ કે સાધુ મહંતો વિહાર કરતાં હોય અને વિહાર કરતા કરતાં કોઈપણ જગ્યાએ કોઈને વાંચવા માટે ગ્રંથ આપવાનાં હોય, તેમજ કલ્પસૂત્ર કે ભગવદ ગીતા કે જેનું રોજ પારાયણ કરતા હોય એ કોઈ શ્રાવકને કે કોઈને આપવાનો થાય તો આ સ્થૂલાક્ષરી પુસ્તકોમાં અનુસ્વાર વગેરે હોય તો એને પકડી શકે, ઉચ્ચારણમાં જ્યારે એક જ શ્વાસે વાંચવાના હોય તો એમાં ક્ષતિ ન આવે એટલે આ સ્થૂલાક્ષરી પુસ્તકો લખવામાં આવે છે.*

*સૂક્ષ્માક્ષરી : સૂક્ષ્મ એટલે એકદમ નાનું, સૂક્ષ્મ અક્ષરોમાં લખવામાં આવે એટલે આપણે મેગનીફાઈંગ ગ્લાસ રાખીને વાંચવાનો પ્રયત્ન કરો તો પણ તકલીફ પડે એવા પુસ્તકો પણ લખાયેલાં છે, એક જ પાનાં ઉપર ઘણી બધી લીટીઓ લખેલી હોય એવા પુસ્તકો પણ લખાયેલા છે, અને ઘણી બધી કૃતિઓ એમાં સચવાયેલ હોય, કારણ કે ઓછા પાનામાં ઘણી બધી કૃતિઓ એકસાથે સમાઈ શકે છે. આ એક આશ્ચર્ય સૂક્ષ્માક્ષરી પુસ્તકોમાં રહેલો છે.*

**સુવર્ણાક્ષરી અને રોપ્યાક્ષારી :** *સોનાની શાહીથી તો હવે લખવાનું બહુ મોંઘુ થઈ ગયું છે પણ તે સમયે પણ જે સુવર્ણની શાહીથી લખાયેલા ગ્રંથો છે, તે પણ કલ્પસૂત્ર, ઉતરાધ્યયન સૂત્ર, શાંતિચરિત્ર. આ બધા સોનાની શાહીથી લખાયેલા ગ્રંથો સચવાયેલા છે એવા ગ્રંથોને સુવર્ણાક્ષરી કહેવામાં આવે છે. આવો અમૂલ્ય વારસો આપણા ગ્રંથ ભંડારોમાં પડેલો છે. સોનાની શાહીથી જ્યારે ગ્રંથો લખવામાં આવતા તો સૌ પહેલાં સોનાના વરખને ઘઉંના ગુંદરનું પાણી હોય એમાં પલાળવામાં આવતા, પલળ્યા પછી જ્યારે તે ઓગળે તો એને ખૂબ જ કૂટવામાં આવતા, કૂટ્યા પછી એનું જે સોનાનું પાણી નીકળે એને તારી લેવામાં આવે. આ પ્રક્રિયા પણ ખૂબ લાંબી છે, પછી જે સોનાની શાહી તૈયાર થાય ત્યારે આ ગ્રંથો લખાતા. સોનાની શાહીથી લખાવવાની કિંમત હાલ ખૂબ વધુ હોય. આ પ્રકારનું લખાણ હવે નહીવત જોવા મળે છે.*

*આવી જ રીતે રૂપાના વરખથી પણ શાહી બનાવવામાં આવતી અને એનાથી ગ્રંથો લખાતા. પણ આ ગ્રંથો જ્યારે લખવાના હોય, સોનાની કે રૂપાની શાહીથી લખવાના હોય ત્યારે જે પત્ર હોય, જે કાગળ હોય એના બેકગ્રાઉન્ડનો કલર બદલાવવામાં આવે કેમ કે તો જ એ સોનાની શાહી કે રૂપાની શાહીનું લખાણ હોય તે આપણે વાંચી શકીએ છીએ, દેખાઈ શકે પણ જે કાગળ ઉપર બીજો કલર કરવામાં આવે એ કલર પણ વનસ્પતિમાંથી બનાવાવમાં આવતા અથવા તો નકામા ડાયમંડ હોય એમાંથી આ કલરો બનાવવામાં આવતા અને એના ઉપર આ સોનાની શાહીથી ગ્રંથો લખાતા. આ ઉપરાંત હિંગળુક અને હર્તાલ, સફેદો, અશ્ટગંધ આ બધી જ વસ્તુઓ લખવાના માધ્યમ રૂપે વપરાતા અને જ્યાં ક્રમાંક આપવાના હોય ત્યાં હિંગળુક્નો ઉપયોગ થતો હતો અથવા તો એક અધ્યાય પૂરો થતો હોય અને બીજો અધ્યાય શરૂ થવાનો હોય ત્યાં પહેલાં અધ્યાયની સમાપ્તિમાં આ હિંગળુકથી અથવા તો લાલ રંગની શાહીથી લખવામાં આવતું કે અહી બીજો અધ્યાય શરૂ થાય છે.*

*હસ્તપ્રતની સાથે આપણને એના લેખનના સાધનો, લેખનની શાહી, વિષયો, ઘણીબધી બાબતોની જાણકારી મળી રહે છે એટલે હસ્તપ્રતો એટલે પસ્તીમાં આપી દેવાની સામગ્રી નથી પણ ઇતિહાસની ખૂટતી કડી જોડવાનું અને તે સમયનો પુરાવો આપવાનું આપણને હસ્તપ્રતો ઉપરથી મળે છે. ઉપરાંત આપણને તે સમયની રાજકીય પરિસ્થિત શું હતી, આર્થિક પરિસ્થિતિ શું હતી, એવા અનેક પાસાંઓનો પરિચય મળે છે.*

*લેખક કે લિપિકાર જે સમાજમાં રહીને હસ્તપ્રત લખે છે, તે સમાજનું પ્રતિબિંબ તેની કૃતિઓમાં પડે છે. આ એક મુખ્ય બાબત છે. આ સિવાય હસ્તપ્રતોમાંથી જીવન જીવવાનો પાઠ પણ મળે છે.*

**હસ્તપ્રતની શાહી :** *આ ઉપરાંત જે શાહી બનતી, કાગળ ઉપરની શાહીની વાત કરીએ તો કાગળ ઉપર જે શાહી બનતી એમાં ભાંગરાનો જેટલો રસ લો તેથી બમણો ગુંદ લેવાનો બાવળનો અને ખેરનો એમ ગુંદરના બે પ્રકાર હોય, એમાં બાવાળનો ગુંદર વાપરતા. જેટલું કાજળ લો એનાથી બમણો ગુંદર લેવાનો અને પછી ભાંગરાનો રસ નાખવાનો અને પછી જે શાહી તૈયાર થાય એમાંથી એક બે ટીપાં લઈને કાગળ ઉપર મૂકવાના અને જો થોડા સમયમાં ઊઘડી જાય તો એ શાહી ટકાઉ નથી એમ માનવાનું, એમાં કંઈક ક્ષતિ રહી ગઈ છે, એ જોવા માટેનું આ પ્રમાણ છે અને શાહી ઊઘડી જાય અને ફરી શાહી બનાવવાની. તાડપત્રો ઉપરની શાહી કાગળ ઉપરની શાહીથી જુદી રીતે બનતી. કાંટા શેર લેવામાં આવતો આવી જે ઔષધિઓ છે એનાથી તાડપત્રો ઉપરની શાહી બનાવવામાં આવતી. કાપડ ઉપરની શાહી પણ જુદી રીતે બનાવવામાં આવતી. આવા શાહી બનાવવાના ઘણાબધા પ્રકારો છે. વિવિધ*

વનસ્પતિઓમાંથી શાહી બનાવવાની બહુ જૂની પ્રથા છે. કાગળ અને શાહી બંને બનાવવાની પદ્ધતિ ખૂબ લાંબી છે. હસ્તપ્રત સાહિત્યનો આ મહત્વનો વિષય ખૂબ જ ઊંડો અને વિસ્તૃત ચર્ચા કરી શકાય એવો છે.

**કલમનાં પ્રકારો :** શાહી લખવાની શેનાથી તો લેખનના સાધનોની વાત કરીએ તો, કલમ બે પ્રકારની હોય છે. એક વાંસની બરૂની. વાંસની બરૂ ઓછા પ્રમાણમાં વાપરવામાં આવતી કારણ કે એની જે અણી હોય એ જલ્દીથી તૂટી જતી હતી. એટલે વાંસની બરૂનો ઉપયોગ ઓછા પ્રમાણમાં થયો છે જ્યારે બીજી છે ત્રજ્યાબરૂનો ઉપયોગ લેખન કલા માટે થયેલો છે. કાગળ ઉપર લખવા માટે ત્રજ્યા બરૂ વાપરવામાં આવતા, ત્રજ્યા બરૂને સહેજ ખખડાવવામાં આવે એટલે જે નક્કર બરૂનો અવાજ આવે તે વાપરવાના, આ થઈ લેખન અને શાહીની વાત.

જુજવળ એક પહોળું સાધન હોય એનો લીટીઓ દોરવા માટે ઉપયોગ કરવામાં આવતો, પ્રાકાર એટલે ગોળ ચિત્ર દોરવાનું હોય કે ભૌમિતિક આકાર દોરવાનો હોય તો આ પ્રાકારનો ઉપયોગ કરવામાં આવતો અને ફાંટિયુ એને ઓળીયું કહેવામાં આવે, લીટી દોરવા માટે આપણે ફૂટપટ્ટીનો ઉપયોગ કરીએ છીએ, એ સમયે ફાંટિયું એ મહત્વનું સાધન હતું એ ખૂબ વિશિષ્ટ રીતે બનાવવામાં આવે. લાકડાની પાટી ઉપર સામસામા છિદ્રો પાડવામાં આવે એવા દસ કે બાર છિદ્રો પાડવામાં આવે. દસ કે બાર લીટીઓ લખવાની હોય એટલે, એ છિદ્રો પડયા પછી એમાંથી એક દોરો પસાર કરવાનો, એ દોરો પસાર કર્યા પછી એમાં એક મેંદાની કે લાઈની એક પેસ્ટ બનાવવામાં આવતી, એ પેસ્ટ લગાવીને દોરાને બેસાડી દેવાનો પાટિયા ઉપર, એટલે આવા બાર કે તેર દોરા કરે એટલે તેર કે ચૌદ ખાના પડે એને ફાંટિયું કહેવામાં આવતું હતું.

**પુષ્ટિકા :** પુષ્ટિકા મુદ્રિત ગ્રંથોમાં ગ્રંથનું નામ, ગ્રંથકારનું નામ, પ્રકાશન, કિંમત, વર્ષ આ બધું જ પ્રથમ પાનાં ઉપર આપેલું હોય છે. હસ્તલિખિત ગ્રંથોમાં ગ્રંથનું નામ, ગ્રંથકારનું નામ ક્યાંય આપેલું હોતું નથી, પણ ઓમ નમઃ શિવાય અથવા તો ઓમ વિત્રાગાય નમઃ ભલે મીંડુ, જે પહેલું જ ચિન્હ હોય એને ભલે મીંડુ કહેવામાં આવે પછી ઓમ ભિદ્રાગાય નમઃ કરીને નવકાર મંત્ર હોય અને ગ્રંથની તરત શરૂઆત હોય. જેને સંશોધન સંપાદન કરવું હોય એને ગ્રંથનું નામ, ગ્રંથના કર્તાનું નામ લખવું જ પડે, તો અહીં શું કરવાનું ? તો અહી ગ્રંથનું નામ અને કર્તાનું નામ શોધવા માટે જેટલા પાનાંની કૃતિ હોય, એ કૃતિ વાંચતા વાંચતા પાછળના પાનાં પર જવાનું, ત્યાં લિપિકારે ઘણી વાર પોતે ગ્રંથ કયા સમયમાં લખ્યો, ક્યાં બેસીને લખ્યો, કેમ લખ્યો. કોના માટે લખ્યો, ઈતિવીર જિન સ્મરણમ્ સમાપ્તમ

આવી રીતે કરેલું હોય, ત્યાંથી આપણે ગ્રંથનું નામ, ગ્રંથના કર્તાનું નામ, વગેરે માહિતી મળે અને વિક્રમ સંવત મળે આ ઉપરથી આપણે ઈ.સ. ગણવાની રહે.

**પ્રશસ્તિ :** પ્રશસ્તિ એટલે લિપિકારે પોતે જે માહિતી આપી તેની પહેલાં ગ્રંથકાર પોતે પોતાનો પરિચય, પોતાના આચાર્યનો પરિચય, ગ્રંથનો પરિચય આ બધું જ આપતા હોય એને પ્રશસ્તિ કહેવામાં આવે છે. પ્રશસ્તિ અને પુષ્પિકા આ બંને અલગ બાબતો છે. આ બંનેમાં આપણને એટલી બધી ઐતિહાસિક માહિતી મળે છે કે વિષય સંસ્કૃત કે પ્રાકૃત ન હોય તો પણ જે સ્થળનામો મળે છે, ભૃગુકચ્છ, ભરૂચ કે એવી જ રીતે ઘણાબધા નામો પાટણ, અણહિલવાડ, જેવા વિવિધ નામો મળે છે. એનો પણ અભ્યાસ થઈ શકે એવી માહિતી આ પુષ્પિકા અને પ્રશસ્તિમાંથી પ્રાપ્ત થતી હોય છે. એટલે હસ્તપ્રતમાં અસંખ્ય બાબતો રહેલી છે જેનો અભ્યાસ આપણે ઘણાબધા વર્ષો સુધી કરીએ ત્યારે આપણને આ બધી માહિતી પ્રાપ્ત થાય છે.

**ક) તમારી પ્રગતિ ચકાસો**

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. અભિલેખોના પદ્ધતિસર અભ્યાસ કરવાની વિદ્યાને _______________ કહેવામાં આવે છે.

2. જૂનાગઢમાં આવેલ શિલાલેખમાં સમ્રાટ અશોકે _______________ ધર્મઆજ્ઞાઓ કોતરેલી છે.

3. જૂનાગઢમાં અશોક શિલાલેખમાં શક રાજા _______________ નો લેખ પણ આવેલો છે.

4. _______________ એટલે હાથે લખેલું સાહિત્ય.

5. પ્રાચીન સમયની હસ્તપ્રતો મુખ્યત્વે _______________ પર લખવામાં આવતી હતી.

(2) હસ્તપ્રતો વિષે ટૂંકમાં જણાવો.

_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________

## 1.4 સાહિત્યિક સામગ્રી

*પ્રાચીન ભારતના ઈતિહાસના આલેખનમાં આપણે જે સાધનસામગ્રીનો ઉપયોગ કરીએ છીએ, તેના ત્રણ વિભાગો પાડવામાં આવે છે.* (1) *પુરાતત્ત્વીય અવશેષો* (2) *પ્રાચીન સાહિત્યિક સામગ્રી અને* (3) *વિદેશી પ્રવાસીઓ અને ઈતિહાસકારોની નોંધો.*

*ઉપરનાં ત્રણ મુખ્ય સાધનોના પણ પેટા વિભાગો પાડવામાં આવે છે. એ દરેકની વત્તે ઓછે અંશે મદદ લઈને ભારતનો પ્રાચીન ઈતિહાસ આલેખવામાં આવ્યો છે. તે એકબીજાના પૂરક બને છે અને તેમની ચકાસણી, મૂલવણી અને મેળવણી કરીને આપણે પ્રાચીન ભારતનો આધારભૂત ઈતિહાસ આલેખ્યો છે. હવે આપણે એ સાધનોની વિગતવાર ચર્ચા કરીએ.*

*પ્રાચીન સાહિત્ય જેટલું વિવિધ છે, તેટલું જ વિસ્તૃત છે, છતાં તેમાં ક્રમબદ્ધ અને કાળગણના સાથેના ઐતિહાસિક પ્રસંગોની માહિતીની પણ એટલી જ ખોટ છે. આ લોક કરતાં પરલોકના વિચારમાં, દંતકથા જેવા લખાણમાં અતિશયોક્તિયુક્ત વર્ણનમાં અને લગભગ પરિકથા જેવી લાગતી પ્રશસ્તિઓમાં ઐતિહાસિક માહિતી ભારોભાર પડી છે પરંતુ એ બધાંની ભૂલભૂલામણીમાં તે અટવાઈ પડી છે અને તેમાં ક્રમબદ્ધ અને તારીખો સાથેના ઐતિહાસિક પ્રસંગોની નોંધ કરવાની સંપૂર્ણ ઉપેક્ષા સેવવામાં આવી છે છતાં પ્રાચીન સાહિત્ય પ્રાચીન ઈતિહાસની રચના માટેનું પ્રધાન સાધન છે. ભારતના પ્રાચીન ઈતિહાસને માટે જે સાહિત્યનો સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે તેના નીચે પ્રમાણેના બે મુખ્ય વિભાગ પડે છે.*

*સાહિત્યિક સાધનના વિભાગો :* (1) *ધાર્મિક સાહિત્ય અને* (2) *બિન ધાર્મિક સાહિત્ય, ધાર્મિક સાહિત્યના બે પેટા વિભાગ પાડવામાં આવે છે :* 1. *બ્રાહ્મણ સમયનું સાહિત્ય, અને* 2. *બ્રાહ્મણકાળ સિવાયનું સાહિત્ય, તે જ પ્રમાણે બિનધાર્મિક સાહિત્યના પણ બે પેટા વિભાગ પાડવામાં આવે છે :* 1. *જીવન ચારિત્રો અને અન્ય ગ્રંથો, અને* 2. *વિદેશી ઈતિહાસકારો અને પ્રવાસીઓના ગ્રંથો. ઉપર પ્રમાણેના સાહિત્યમાંથી જે માહિતી મળી આવે છે તેની ચકાસણી, પુરવણી અને મિલાવટ ઉપરથી પ્રાચીન ઈતિહાસ રચવામાં આવ્યો છે તેને પુરાતત્ત્વ અવશેષો વધુ આધારભૂત અને સ્વીકૃત બનાવે છે.*

### 1.4.1 ધાર્મિક સાહિત્ય

1.4.1.1 *બ્રાહ્મણ સમયનું સાહિત્ય (વૈદિક સાહિત્ય)*

*વૈદિક સાહિત્યમાં ચાર વેદો-ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ, બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો આવે છે. આર્યો વિષેની માહિતી મેળવવાનું એક માત્ર સાધન*

ઋગ્વેદ છે. ઋગ્વેદ એ સૌથી પ્રાચીનતમ ગ્રંથ છે, જેમાં 1028 સૂક્તો અને 10 મંડળો છે. ઋગ્વેદમાં સપ્તસિંધુ પ્રદેશમાં વસેલા આર્યોની ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિનું વર્ણન છે. ઋગ્વેદમાં 'દાસરાજ્ઞયુદ્ધ' વિષે માહિતી આપવામાં આવી છે. તેમાં કેટલીક જગ્યાએ ભારતની મૂળ પ્રજા દ્રવિડો વિશે પણ માહિતી આપવામાં આવી છે અને સિંધુ સંસ્કૃતિની શોધ પછી હવે નક્કી થયું છે કે, વેદોમાં તેમના વિષે પણ કેટલાક શ્લોકોમાં વર્ણન છે જેમ કે કિલ્લાઓમાં રહેતી એક શક્તિશાળી પ્રજા સાથે આર્યોને ભીષણ યુદ્ધ કરવા પડયા હતા. સામવેદમાં સંગીતને લગતું તથા યજુર્વેદમાં યજ્ઞ સમયના મંત્રો આપવામાં આવ્યા છે. જ્યારે અથર્વવેદમાં જાદુ, વશીકરણ અને ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટેના ઉપાયો આપવામાં આવ્યા છે. આમ વૈદિક સાહિત્યમાંના ચાર વેદો દ્વારા આપણને તે સમયની સામાજિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક બાબતોની માહિતી મળી આવે છે તેથી પ્રાચીન ભારતના ઈતિહાસ જાણવાના સ્ત્રોત તરીકે વૈદિક સાહિત્યનુ અનેરૂં મહત્વ રહેલું છે.

પુરાણોને તો વિદ્વાનો ઈતિહાસના ગ્રંથો જ માને છે. 18 પુરાણોમાં અનેક વંશો અને તેમના રાજાઓના ચરિત્રોનો ઉલ્લેખ આવે છે. જે સ્થળકાળની દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી અને વિપુલ માહિતી પૂરી પાડે છે. સાથે સાથે તત્કાલીન સમાજ, ધર્મ, અર્થકારણ, વહીવટ વગેરેની પણ માહિતી આપે છે. સ્મૃતિ કંઠસ્થ કરેલું જ્ઞાન છે. તેમાં કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' અને મનુસ્મૃતિ તેમજ યાજ્ઞવલ્કયના કાયદા સંગ્રહોનો સમાવેશ થાય છે. તેમાં હિંદના બે મહાન પ્રાચીન મહાકાવ્યો, 'રામાયણ' અને 'મહાભારત' પણ આવે છે. 'રામાયણ'માં ઈક્ષ્વાકુ રાજવંશના રાજા દશરથ અને તેમના પુત્ર રામ, રામનાં પત્ની સીતા, ભાઈ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન, સેવક હનુમાન ઉપરાંત રામરાવણ યુદ્ધની કથા ગૂંથવામાં આવી છે. એટલું જ નહિ પરંતુ ઉત્તર અને દક્ષિણનું, કાળા-ગોરાનું અદ્ભુત ઐક્ય સાધીને ભારતની રાજકીય એકતાનું ઉમદા દૃષ્ટાંત પૂરું પાડયું છે. જ્યારે મહાભારતમાં કૌરવ વંશના 100 કૌરવો અને પાંડવો તથા તેમની વચ્ચેની યુદ્ધકથાનો ઈતિહાસ આલેખાયેલો છે. આ કથાના નાયક ભગવાન શ્રી કૃષ્ણ છે. જેમણે યુદ્ધભૂમિ પર અર્જુનને આપેલ ઉપદેશ 'શ્રીમદ્ ભગવદગીતા'ને નામે ઓળખાય છે. ગીતાજીના શ્લોકો લોકો માટે પ્રેરણાસ્ત્રોત અને ચિરંજીવ છે. એ સાહિત્યમાં પ્રાચીન રાજાઓની વંશાવળીઓ, તેમનાં પરાક્રમો, તેમની સિદ્ધિઓ અને નિષ્ફળતાઓ વિશે ઘણું જાણવાનું મળે છે છતાં તેમાં અમુક અંશે અતિશયોક્તિ જણાય છે. અલબત્ત, બીજા સાહિત્યની માહિતી સાથે તેને સરખાવી અને ચકાસણી કરીને ઈતિહાસનું આલેખન કરવામાં તેની મદદ લઈ શકાય છે.

### 1.4.1.2 બ્રાહ્મણકાળ સિવાયનું સાહિત્ય (જૈન અને બૌદ્ધ)

પરંતુ બ્રાહ્મણકાળ પછી લખાયેલ બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના સાહિત્યમાં સારી એવી ઐતિહાસિક સાધનસામગ્રી મળી રહે છે. તેમાં બૌદ્ધકાલીન સંસ્કૃત અને પાલી ભાષામાં લખાયેલ "વિનયપિટ્ટક", "સૂત્તપિટ્ટક" અને "અભિધમ્મમિટ્ટક" અને તેમના ઉપર લખાયેલા ટીકાગ્રંથો જેવા કે, "બુદ્ધઘોષ" અને "ધમ્મપાલ" વગેરેમાંથી સમકાલીન સમયની આધારભૂત માહિતી મળી રહે છે. તે ઉપરાંત ભગવાન બુદ્ધની 'જાતકકથાઓ', શ્રી લંકામાં લખાયેલા 'દીપવંશ' અને 'મહાવંશ', 'અશોકાવદાન', 'કૃણાલાવદાન', 'લલિત વિસ્તાર', 'મિલિન્દપન્હો' અને મંજુશ્રી મૂળકલ્પ જેવા અનેક ઐતિહાસિક ગ્રંથો તત્કાલીન સમયની સારી એવી માહિતી પૂરી પડે છે, પરંતુ જો બ્રાહ્મણ ગ્રંથોમાં બ્રાહ્મણોનો પૂર્વગ્રહ છતો થતો હોય તો બૌદ્ધ ધર્મગ્રંથોમાં બૌદ્ધ ધર્મ તરફનો પક્ષપાત પણ સ્પષ્ટ નજરે પડે છે.

જૈન સાહિત્ય મુખ્યત્વે સંસ્કૃત અને અર્ધ માગધીમાં લખાયેલ છે. હિન્દુ ધર્મશાસ્ત્રોની જેમ જ જૈન ધર્મનું સાહિત્ય પણ પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં સાધનો છે. જૈન ધર્મના ગ્રંથો અર્ધમાગધી અને સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. જેમાં પરિશિષ્ટ પર્વ, ભદ્રબાહુ ચરિત્ર, 45 આગમો, કલ્પસૂત્ર, સ્થવિરાવલિ, છ આવશ્યક સૂત્રો, ભગવતી સૂત્ર, કથા કોષ, આરાધના કોષ, ત્રિલોક પ્રજ્ઞપ્તિ વગેરે જૈન ધર્મના મૂલ્યવાન ગ્રંથો છે, જે પૈકી 'કલ્પસૂત્ર' અને '45 આગમો' પવિત્ર ગ્રંથો ગણાય છે. પર્યુષણ પર્વ સમયે તેનું વાચન, પૂજન-અર્ચન કરાય છે. આ લિખિત સાહિત્યિક આધાર-સામગ્રીને આધારે 16 મહાજનપદોની અને મૌર્ય યુગની ઘણી ઉપયોગી રાજકીય સામાજિક, આર્થિક, ધાર્મિક, શિલ્પ-સ્થાપત્યકલાની માહિતી મળે છે. જૈન સાહિત્યમાંથી સારા એવા પ્રમાણમાં ઐતિહાસિક માહિતી મળી આવે છે.

### 1.4.2 બિનધાર્મિક સાહિત્ય

ધાર્મિક સાહિત્ય કરતાં બિનધાર્મિક સાહિત્યમાં ઐતિહાસિક રીતે આધારભૂત માહિતી વધુ પ્રમાણમાં મળી આવે છે. તેમાં 18 પૂરાણો જેમ કે, વાયુપુરાણ, મત્સ્યપુરાણ વગેરેમાં ઐતિહાસિક પ્રસંગો, રાજાઓ અને સમ્રાટો વિશે સારા પ્રમાણમાં માહિતી મળી આવે છે, પરંતુ તેમાં સાહિત્યનું તત્ત્વ વધુ અને ઐતિહાસિક તત્ત્વ ઓછું છે અને લખાણ લગભગ દંતકથાઓ જેવું જ લાગે છે છતાં તેમની માહિતી કામમાં તો આવે જ છે. તે ઉપરાંત બૌદ્ધ ગ્રંથો જેમ કે, 'દીપવંશ' અને 'મહાવંશ' પણ મહત્ત્વની માહિતી આપી જાય છે, પરંતુ તે પણ એક્તરફી-બૌદ્ધધર્મી-લખાણોથી પીડાય છે.

### 1.4.2.1 જીવનચરિત્રો

*ઉપરના સાહિત્ય ઉપરાંત બિનધાર્મિક ગ્રંથોમાં જીવન-ચરિત્રો પણ મહત્ત્વની ઐતિહાસિક સાધનસામગ્રી પૂરી પાડે છે. તેમાંનાં ઘણાં જીવનચરિત્રોના નાયકો તો રાજાઓ અને સમ્રાટો જ છે અર્થાત્ તેમનું વિષય-વસ્તુ ઐતિહાસિક છે. તેમની અગત્ય સમજાવતાં, ડૉ. મજુમદાર લખે છે કે, "અલબત્ત, ઐતિહાસિક વિભૂતિઓનાં જીવનચરિત્રો ઘણાં જ કિંમતી છે." તેમાં બાણભટ્ટનું 'હર્ષચરિત્ર' જેમાં હર્ષવર્ધન વિશે માહિતી આપવામાં આવી છે; બિલ્હણનું 'વિક્રમાંક દેવ ચરિત્ર' જેમાં ચાલુક્ય રાજા વિક્રમાદિત્યની પ્રશસ્તિ ગવાઈ છે. વાક્પતિરાજનું 'ગોડવહો' જેમા યશોવર્માનાં પરાક્રમોનું વર્ણન આપવામાં આવ્યું છે. પદ્મગુપ્તનું 'નવસાહસાક ચરિત્ર'; બલ્લાલનું 'ભોજપ્રબંધ'; 'કુમારપાલચરિત્રો' (બે) જે જયસિંહ અને હેમચંદ્રે લખેલાં છે; નયનચંદ્રનું 'હમ્મીરકાવ્ય'; ચંદબરદાઈનું 'પૃથ્વીરાજ રાસો' અને કોઈક અનામી લેખકનું 'પૃથ્વીરાજ વિજય' એ બધામાં ઐતિહાસિક વિભૂતિઓ જ નાયકો છે, છતાં કમનસીબે તેમના લેખકો અને કવિઓએ તેમાં અતિશયોક્તિનો એવો રંગ ચઢાવ્યો છે અને કે તેમાં સાહિત્યિક તત્ત્વ વધુ અને ઐતિહાસિક તત્ત્વ ગૌણ બનાવ્યું છે પરંતુ તેમનું ઐતિહાસિક મહત્ત્વ તદ્દન કાઢી નાખવા જેવું છે એમ માની બેસવું એ પણ અતિશયોક્તિ છે.*

### 1.4.2.2 અન્ય સાહિત્ય

*જીવનચરિત્રો ઉપરાંત કેટલીક વાર "પાણિની" અને "પતંજલિ"ના વ્યાકરણના ગ્રંથોમાંથી પણ મહત્ત્વની ઐતિહાસિક માહિતી મળી આવે છે પરંતુ ડો. મજુમદારે યથાર્થ રીતે બતાવ્યું છે તેમ જેને "ઐતિહાસિક કૃતિ" કહીએ તે એકમાત્ર કવિ કલ્હણે ઈસવીસનની 12 મી સદીમાં લખેલી "રાજતરંગિણી" છે. તેમાં કાશ્મીરનો ઈતિહાસ-અતિપ્રાચીન સમયથી તે છેક ઈસવીસનની 12 મી સદી સુધીનો ઈતિહાસ આલેખવામાં આવ્યો છે, પરંતુ તેનાં પણ શરૂઆતના પ્રકરણોમાં વંશપરંપરાગત ચાલી આવતી દંતકથાઓ અને કલ્પિત વાતોનું પ્રમાણ વધુ છે. ફક્ત ઈસુ પછીની 7 મી સદીથી તે 12 મી સદીનો ઈતિહાસ તેમાં વ્યવસ્થિતપણે આપવામાં આવ્યો છે. એ પ્રમાણેનો પ્રાદેશિક ઈતિહાસ, બીજા પ્રદેશના સાહિત્યમાંથી પણ મળી આવે છે. જેમ કે સિંધના આરબ વિજયનો હેવાલ 'ચચનામા"માં સચવાયો છે. ગુજરાતના ઈતિહાસને માટે ફાબર્સ લેખિત "રાસમાલા", રાજશેખરનું "પ્રબંધકોશ", જયસિંહનું "વસ્તુપાલ અને તેજપાલપ્રશસ્તિ" અને બાલચંદ્રનું "વસંતવિલાસ" વગેરેમાંથી માહિતી મળી આવે છે. ઉપરાંત કવિ કાલિદાસ, ભાસ, ભવભૂતિ અને ભારવિનાં લખાણોમાંથી પણ ઐતિહાસિક માહિતી મળી આવે છે. તે ઉપરાંત, રોમાંચક કથાઓ, લોકસાહિત્ય અને વાર્તાઓ જેમ કે પંચતંત્ર, હિતોપદેશ અને કથાસરીત્સાગરમાંથી પણ ઐતિહાસિક માહિતી વત્તે ઓછે અંશે મળી આવે છે.*

*મહાકવિ કાલિદાસની કૃતિઓ મેઘદૂત, ઋતુસંહાર, માલવિકાગ્નિમિત્રમ, અભિજ્ઞાન શાકુંતલમ, વિક્રમોર્વશીયમ, રઘુવંશ વગેરેમાંથી પણ તત્કાલીન સમયની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક માહિતી મળી આવે છે. તે ઉપરાંત શુદ્રક કૃત મૃચ્છકટીકમ અને વાત્સ્યાયનનું કામસૂત્ર પણ અગત્યની માહિતી પૂરી પાડે છે. આ ઉપરાંત કવિ બાણભટ્ટનું 'હર્ષચરિત' અને કવિ અશ્વઘોષનું 'બુદ્ધચરિતમ્', 'સારિપુત્ર પ્રકરણ' તથા કામંદકનું 'નીતિસાર' પણ અગત્યના ગ્રંથો છે.*

### 1.4.2.3 વિદેશી પ્રવાસીઓ અને ઈતિહાસકારો

*હિંદના પ્રાચીન ઈતિહાસ માટે પ્રાચીન સાહિત્યમાં જે માહિતી મળી આવે છે તેમાં કાળગણના માટે જે તુમુલ અંધકાર છવાયો હતો, તેને ભેદવા પ્રથમ પ્રકાશનું જે કિરણ આવ્યું તે વિદેશી ઈતિહાસકારોને આભારી છે. મહાન સિકંદરની હિંદ ઉપરની ચડાઈ, તેનું મૃત્યુ અને સામ્રાજ્યના ભાગલા એ બધા પરથી હિંદના ઈતિહાસની કાળગણના વ્યવસ્થિત અને અધિકૃત બની. તેના સામ્રાજ્યના બીજી વારના વિભાગીકરણમાં સિંધ અને પંજાબના પ્રાંતોનું નિર્દેશન નથી. તે માટે ગ્રીક ઈતિહાસકાર નોંધે છે કે, "સેન્ડ્રોકોટશ" નામના કોઈ યુવાને તેની માતૃભૂમિને ગુલામીના બંધનથી મુક્ત કરી હતી. એ "સેન્ડ્રોકોટશ" તે જ ચંદ્રગુપ્ત મૌર્ય છે. કૌટિલ્યના વર્ણન સાથે એ બાબત બરાબર મળતી આવે છે. તેની મદદથી ચંદ્રગુપ્ત મૌર્યના રાજ્યાભિષેકની તારીખ નક્કી થઈ અને પછી તેના ઉપરથી બીજાની તારીખો પણ નક્કી થઈ શકી. આમ હિંદના પ્રાચીન ઈતિહાસની કાળગણના સ્વીકૃત બની.*

*વિદેશી પ્રવાસીઓ અને ઈતિહાસકારોના આપણે સરળતાથી ત્રણ વિભાગો પાડી શકીએ :* (1) *ગ્રીક ઈતિહાસકારો,* (2) *ચીની પ્રવાસીઓ અને* (3) *મુસ્લિમ ઈતિહાસકારો.*

### ગ્રીક ઈતિહાસકારો

*હિંદ ઉપર મહાન સિકંદરે ચઢાઈ કરી તેની પહેલાં પણ ઈરાનના મહાન સમ્રાટ દરાયસ* (Darius) *ના સમયમાં હિંદનો વાયવ્ય પ્રદેશ તેના સામ્રાજ્યનો એક ભાગ હતો. એવી તેના શિલાલેખ ઉપરથી માહિતી મળે છે. પરંતુ મહાન સિકંદરની ચડાઈ અને ત્યાર પછી હિંદના અને ગ્રીક રાજાઓ વચ્ચે જે રાજનૈતિક સંબંધો બંધાયા હતા તેના પરિણામે ગ્રીક ઈતિહાસકારોના લખાણમાં હિંદનો ઉલ્લેખ સારા પ્રમાણમાં જળવાઈ રહ્યો છે. ગ્રીક ઈતિહાસકારોમાં સૌથી મહત્ત્વનો ફાળો ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં સેલ્યુક્સ નિકેટર તરફથી આવેલા એલચી મેગેસ્થેનીસનો છે. મેગેસ્થેનીસે હિંદનો આંખે દેખ્યો હેવાલ નોંધ્યો હતો. તેનું મૂળ પુસ્તક "ઈન્ડિકા"* (Indica) *આજે પ્રાપ્ય નથી છતાં તે પછીના ગ્રીક રોમન ઈતિહાસકારો એરિયન, સ્ટ્રેબો, પ્લુટાર્ક વગેરેએ તેમાંથી અવતરણો ટાંક્યાં છે તે જળવાઈ*

*રહ્યાં છે. તેમાંથી મૌર્ય સમયના ઈતિહાસ માટે મહત્ત્વની માહિતી મળી આવે છે. તેના વર્ણનની સાથે કૌટિલ્યના અર્થશાસ્ત્રની માહિતી આબેહૂબ મળતી આવે છે. તે ઉપરાંત ટોલેમી નામના ગ્રીક વિદ્વાને ભારતની ભૂગોળ લખી હતી અને કોઈક અનામી ગ્રીક લેખકને હસ્તે લખાયેલા* 'Periplus of the Eryhrean Sea" (The Red sea) *નામના ગ્રંથમાં હિંદનો સમુદ્ર કિનારો, તેના બંદરો અને વેપાર-વાણિજ્ય વિશે મહત્ત્વની માહિતી આપવામાં આવી છે.*

**ચીની પ્રવાસીઓ**

*મૂળ તો બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા આવેલ ચીની મુસાફરોએ હિંદની રાજકીય,સામાજિક,આર્થિક અને મુખ્યત્વે તો ધાર્મિક (ખાસ કરીને બૌદ્ધ ધર્મને લગતી) પરિસ્થિતિનું સુંદર અને ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. તેમાંથી હિંદ માટે મહત્ત્વપૂર્ણ માહિતી મળી આવે છે. અલબત્ત તેમનો બૌદ્ધ ધર્મ તરફના વધુ પડતા ઉત્સાહના કારણે અમુક અંશે અતિશયોક્તિ સ્પષ્ટ જણાઈ આવે છે. છતાં તેમની નોંધપોથીમાંથી પ્રાચીન ઈતિહાસ માટેનો અગત્યનો મસાલો મળી આવે છે. ફાહિયાન, હ્યું-એન-ત્સાંગ અને ઈન્સિંગ એ ત્રણ ચીના પ્રવાસીઓનાં નામો હિંદના ઈતિહાસમાં અજર-અમર નામો છે. એ ત્રણેમાં હ્યું-એન-ત્સાંગની નોંધ તેના ઝીણવટભર્યા અને વ્યવસ્થિત ઉલ્લેખને લીધે ખાસ મહત્ત્વ ધરાવે છે. ઈસવીસનની* 5*મી સદીમાં જ્યારે હિંદમાં ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય) રાજય કરતો હતો ત્યારે ફાહિયાન હિંદમાં આવ્યો હતો અને તેના પછી ઈસવીસનની* 7 *મી સદીમાં હ્યું-એન-ત્સાંગ હિંદમાં આવ્યો હતો. તે વખતે પ્રાચીન હિંદના છેલ્લા મહાન સમ્રાટ હર્ષવર્ધનનું રાજ્યશાસન હતું. હ્યુ-એન-ત્સાંગ તેમને મળ્યો હતો. તેણે હર્ષવર્ધનના સમયના હિંદની રાજકીય,સામાજિક,આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિનું ઝીણવટભર્યું અને વ્યવસ્થિત વર્ણન કર્યું છે. તે ઉપરાંત,એ જિજ્ઞાસુ પ્રવાસીએ બૌદ્ધ ધર્મની વિશ્વવિદ્યાપીઠ નાલંદાની મુલાકાત લીધી હતી અને તેમાં રહ્યો પણ હતો. તેનું પણ એણે સુંદર વર્ણન કર્યું છે. ત્યાર બાદ* 7 *મી સદીને અંતે ભારત આવેલ ચીની મુસાફર ઈત્સિંગે પણ ભારતની તે સમયની સ્થિતિનું વર્ણન કરેલું છે.*

**મુસ્લિમ ઈતિહાસકારો**

*ડૉ. મજુમદારના મતાનુસાર હિંદના પ્રાચીન ઈતિહાસની રચના માટેનું છેલ્લું સાધન પરંતુ જેનું મહત્ત્વ લેશમાત્ર પણ ઓછું આંકી શકાય નહિ તે છે મુસ્લિમ ઈતિહાસકાર અલબીરૂનીનો હિંદ માટેનો ઉલ્લેખ. સુલતાન મેહમુદ ગઝનવીની સાથે તે હિંદમાં આવ્યો હતો. તેણે તે વખતની હિંદની રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિની*

*વિગતવાર નોંધ કરી છે. આ ઉપરાંત 9-10મી સદીમાં ભારત આવેલ મુસ્લિમ મુસાફરો સુલેમાન, અબુજૈયદ, મસુદી વગેરેની નોંધોમાંથી પણ આ સમયની ભારતની સ્થિતિનો ખ્યાલ આવે છે. તે ઉપરાંત મુઘલ કાળમાં તુઝુકે- બાબરી (બાબરનામા), હુમાયુંનામાં, તારીખ-એ-શેરશાહી, અકબરનામા, આઈને-અકબરી, મુન્તખબ-ઉત-તવારીખ, 'તબકાતે અકબરી', 'તુઝુકે-જહાંગીરી', 'બાદશાહનામા', 'મુન્તખબ-ઉલ-લુબાબ', આલમગીરનામા, ફતુહાત-એ-આલમગીરી, મિરાતે-અહમદી, વગેરે કૃતિઓમાંથી મુઘલકાળ અને સલ્તનત સમયની ઘણી સારી માહિતી મળી આવે છે.*

**અન્ય મુસાફરોની પ્રવાસ નોંધો**

*17મી સદીમાં ભારતમાં અનેક યુરોપીયન યાત્રીઓ આવ્યાં હતા. તેમાંથી કેટલાકે ભારત યાત્રાના વૃતાંતો લખ્યાં. તેમાં ફ્રાન્સીસ યાત્રી બર્નીયરે લખેલ'ટ્રેવલ્સ ઈન ધી મુગલ અમ્પાયર'વૃતાંત મૂળ ફ્રેન્ચમાં લખાયેલ પરંતુ ઈ.સ. 1671-72માં હેનરીએ આ ગ્રંથનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. આ ગ્રંથમાં શાહજહાંના શાસનકાળના અંતમાં ઉત્તરાધિકારીઓ વચ્ચેના યુદ્ધનું વર્ણન છે. ચારે શાહજાદાઓના વ્યક્તિત્વની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત ઔરંગઝેબના શાસનકાળના પ્રથમ પાંચ વર્ષની ઘટનાનું વિવરણ પણ કરવામાં આવેલ છે. ભારતમાં મુગલ બાદશાહના શાસનનું પ્રભુત્વ, મુગલ દરબારનો શિષ્ટાચાર, આનંદ-પ્રમોદ, નગરોનું વર્ણન, કાશ્મીરનું વર્ણન, ભારતની આર્થિક સ્થિતિ, ખેડૂતોની દશા, હિન્દુઓના ધાર્મિક વિચારો, તેની સામાજિક સ્થિતિ વગેરેની નોંધો લખી છે.*

*બીજો એક વિદેશી પ્રવાસી નિકોલો આમનૂચી ઈટાલીનો વતની હતો.તેણે'સ્ટોરિયા ડો મોગોર' નામનો ગ્રંથ લખ્યો હતો. તે તુર્કી થઈને સૂરત પહોંચ્યો ત્યાંથી દિલ્હી ગયો. ઈ.સ. 1662માં તે કાશ્મીર પહોંચ્યો હતો. ઈ.સ. 1667માં તે ગોવા ગયો. લાહોર, બંગાળ, બિહાર, આગ્રા, મદ્રાસમાં તે ફર્યો હતો. ઈ.સ. 1717માં તેનું મૃત્યુ થયું. તેણે ઔરંગઝેબની કટ્ટરતા, શાહજહા પ્રત્યેનો ઔરંગઝેબનો વ્યવહાર, મુગલ-મરાઠા સંબંધો, ગોલકોડાનો વિજય, શંભાજીનો સંઘર્ષ અને મુગલ સામ્રાજયના વિવિધ સૈનિક અભિયાનો વિષે લખ્યું. દાસ, દાસીઓ, સંગીતજ્ઞો, વસ્ત્રો, આભૂષણો, મનોરંજન, ઉત્સવો વગેરે વિશે પણ વિસ્તૃત ઉલ્લેખો કર્યા છે. ભારતના ખેડૂતોની ખરાબ દશાનું તેણે વર્ણન કર્યું છે. શાહજહાંના શાસનકાળનો વારસાવિગ્રહ અને ઔરંગઝેબના શાસનકાળની વિગતો માટે એક આધારભૂત સાધન તેણે ઉપલબ્ધ કરાવ્યું છે. આ ઉપરાંત મનુચી, અબ્દુર રજ્જાક, ઈબ્ન બતુતા, ડોમીગો*

પાયસ, નિકોલો કોન્ટી વગેરે પ્રવાસીઓએ ભારતની મુલાકાત લઈ તેના વિશે પોતાની નોંધમાં આ લખી છે જે ભારતનો મધ્યકાલીન ઈતિહાસ જાણવા માટે ખૂબ જ ઉપયોગી છે.

## 1.5 દફતરો

દફતર માટે અંગ્રેજી ભાષામાં "Record" શબ્દ પ્રયોજાય છે. આ "Record"ની ઉત્પત્તિ લેટિન ભાષાના "Recordari" શબ્દ પરથી થઈ છે. આ Record શબ્દમાં લેટિન ભાષાનો “Cor" શબ્દ રહેલો છે, જેનો અર્થ હૃદય અથવા સ્મૃતિ એવો ઘટાવવામાં આવે છે. પ્રારંભના તબક્કામાં માનવીના હૃદયને સ્મૃતિનું મુખ્ય સંગ્રહસ્થાન ગણવામાં આવતું હતું. જયારે આધુનિક સમયે માનવીના પ્રતિદિન ઉદ્દભવતા કાર્યોને સ્મૃતિરૂપે લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાય નહિ અને માનવીય સ્મૃતિની મર્યાદાને પરિણામે મોટાભાગનું જ્ઞાન સ્મૃતિ પરથી વિસરાય જાય છે. આવા સંજોગોમાં કાર્યદક્ષ અને કુશળ વહીવટતંત્રના યોગ્ય વ્યવસ્થાપન માટે સ્મૃતિરૂપે યાદ રાખવા પાત્ર જ્ઞાનના માધ્યમના ભાગરૂપે દફતરોનો આવિષ્કાર થયો. દફતર અસંખ્ય દસ્તાવેજોનું સ્વરૂપ છે. આવા દફતર ભવિષ્યમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અને સમસ્યાઓના નિરાકરણ માટે ખૂબજ મદદરૂપ બને છે તથા ભૂતકાળનું પૃથક્કરણ કરી જે-તે વ્યકિત, સંસ્થા કે સરકારની કાર્યપદ્ધતિ, યોજનાઓ, આવશ્યકતાઓ, વિકાસલક્ષી વ્યવસ્થા તથા માનવશક્તિ અને નવા સંશોધનનો વાસ્તવિક ખ્યાલ પ્રાપ્ત કરી વર્તમાન અને ભવિષ્ય માટે ઉત્તમ આયોજન ઘડી શકે છે.

દફતરનો સામાન્ય અર્થ કરતા કહી શકાય કે મનુષ્યની દિન-પ્રતિદિન કામગીરીથી સંખ્યાબદ્ધ લખાણયુક્ત કાગળો કે અન્ય સ્વરૂપના છપાયેલા માધ્યમો કે જેમાંથી ઐતિહાસિક, કાયદાકીય, વહીવટી, સંશોધકીય, પુરાવાકીય બાબતે ખૂબજ મહત્વની અને ઉપયોગી નીવડી શકે તેવા પ્રકારની માહિતી રજૂ કરતા એક કરતા વધારે સંખ્યા ધરાવતા દસ્તાવેજી સામગ્રીના સમૂહને દફતર કહી શકાય છે. એક કરતા અનેક મહત્વતા અને ઉપયોગિતા ધરાવતા દસ્તાવેજો સમૂહમાં એકત્રિત થાય અને તેની જાળવણી અને સંરક્ષણની વ્યવસ્થા કરવામાં આવે ત્યારે તેવા સાચવવાપાત્ર દસ્તાવેજોના સમૂહને દફતર કહેવાય છે.

ઑક્સફર્ડ અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે "દફતર એટલે કોઈપણ સત્ય કે વાસ્તવિક બનાવ, પ્રસંગ, ઘટનાને દીર્ઘકાળ સુધી સ્મૃતિરૂપે સાચવી રાખવા માટે હાથ વડે લખવામાં આવતા અથવા છાપવામાં આવતા લખાણોને દફતર કહે છે." આ દફતરોમાં ફાઈલો, રજીસ્ટરો, વહીવટી ચોપડાઓ, હસ્તપ્રતો, નકશાઓ, ફોટોગ્રાફ, આકૃતિઓ, ધ્વનિમુદ્રિત પટ્ટીકાઓ, જૂના પુસ્તકો વગેરેનો સમાવેશ થાય છે.

કોઈ પણ રાષ્ટ્રનો ઈતિહાસ જાણવા માટે દફતર ખૂબ જ અગત્યનું સાધન છે તો આપણે અહી ઈતિહાસ જાણવાનાં સ્રોત તરીકે ભારતના દફતરોનો અભ્યાસ કરશું. પ્રાચીન સમયથી આપણને સાહિત્યિક સામગ્રી અને ઐતિહાસિક ગ્રંથો વિપુલ પ્રમાણમાં મળી આવે છે. તે પરંપરા મધ્યયુગમાં પણ ચાલી આવી હતી અને આધુનિક યુગમાં પણ સાહિત્યિક અને ઐતિહાસિક સામગ્રી વિપુલ પ્રમાણમાં મળી આવે છે પરંતુ આધુનિક યુગમાં ખાસ કરીને મરાઠા સમયથી દફતરો પણ વિપુલ પ્રમાણમાં મળી આવ્યા છે. દફતરોનું મહત્વ એટલા માટે વધારે હોય છે, કારણ કે તે આધિકારિક રીતે લખાયેલા એટલે કે સરકારી કે રાજ્ય દ્વારા લખાયેલા છે.

ભારતના ઈતિહાસ જાણવાના સાધનો તરીકે દફતર એક અગત્યનું સાધન છે પરંતુ પ્રાચીનયુગ અને મધ્યયુગમાં માહિતીના સાધનો તરીકે ઐતિહાસિક ગ્રંથો, સાહિત્યિક સામગ્રી અને પુરાતત્વીય અવશેષ વધુ પ્રમાણમાં મળી આવે છે જ્યારે આધુનિક યુગમાં આ બધું તો ઉપલબ્ધ છે જ પરંતુ દફતરોનું વિશેષ મહત્વ છે. તેમાં પણ ખાસ કરીને મરાઠા અને બ્રિટિશ દફતરોનું વિશેષ મહત્વ રહેલું છે. મુસ્લિમ સમયના દફતરોનું પણ મહત્વ રહેલું છે.

હિંદમાં બ્રિટીશ સત્તાના પ્રારંભિક તબકકામાં મુઘલો અને મરાઠાઓનું વર્ચસ્વ હતું. મુઘલો અને મરાઠાઓ વચ્ચે સતત સંઘર્ષો થતા હતાં. ઈ.સ. 1707માં ઔરંગઝેબના અવસાન બાદ મરાઠાઓ વધુ બળવાન બન્યા માટે જ એમ કહેવાય છે કે, બ્રિટીશરોએ હિંદની સત્તા મુઘલો પાસેથી નહી પણ મરાઠાઓને પરાસ્ત કરીને મેળવી હતી. હિંદના ઈતિહાસમાં ઈ.સ. 1640 થી ઈ.સ. 1818 સુધીનો સમયગાળો 'મરાઠાયુગ'તરીકે જાણીતો છે. જેમાં, ઈ.સ. 1640 થી 1713 સુધીના સમયને 'છત્રપતિ યુગ'અને ઈ.સ. 1713 થી 1818 સુધીના સમયને 'પેશ્વાયુગ'તરીકે ઓળખવામાં આવે છે. મુગલો અને પેશ્વાઓના સંદર્ભે છત્રપતિઓના સમકાલીન દસ્તાવેજો ઘણાં ઓછાં જોવા મળે છે. કારણ કે છત્રપતિઓ સતત યુદ્ધમાં રોકાયેલા રહેતા હતા. જેથી નોંધ કરવાનો કે કરાવવાનો ભાગ્યે જ અવકાશ રહેતો.

### 1.5.1 છત્રપતિ સમયના દફતરો

આ સમય દરમિયાન મરાઠી સત્તાના સ્થાપક છત્રપતિ શિવાજીથી માંડીને શંભાજી, રાજારામ, શિવાજી બીજો, શાહુ પહેલો, રામરાજા, શાહુ બીજો, પ્રતાપસિંહ, શાહજી આપ્પા જેવા છત્રપતિઓ થઈ ગયા. શિવાજીના સમયના દસ્તાવેજો તપાસતાં તે મરાઠી,ફારસી,હિન્દી, સંસ્કૃત, ફિરંગી, વલંદા, અંગ્રેજી તથા ફ્રેન્ચ ભાષાઓમાં પ્રાપ્ય છે. જેમાં મોટાભાગના મરાઠી દસ્તાવેજો શિવાજીના મૃત્યુ બાદ લખાયા છે. જેથી તેમાં અતિરેક

અને અવિશ્વસનીયતાનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યારે ફારસી અને અંગ્રેજ દસ્તાવેજો સમકાલીન અને હકીકત તથા તવારીખની દૃષ્ટિએ ચોક્કસ છે.

શિવાજીના અવસાન બાદ બકખરો (વૃત્તાંતો)ની રચના થયેલી હોવાથી તેમાં ખૂબ જ અતિશયોક્તિ જોવા મળે છે. જેથી તેનું ઐતિહાસિક મૂલ્ય ઓછું આંકવામાં આવે છે. છત્રપતિ રાજારામની આશાથી જીંજીમાં, કૃષ્ણાજી અનન્તે ઈ.સ. 1994માં ‘સભાસદ બકખર’લખ્યું જે શિવાજી વિશે માહિતી પુરું પાડતું આશરે 100 પાનાનું પુસ્તક છે. શિવાજીના સાથીદાર કન્હોજી જેધે રચિત ‘જેધે શકાવલી’ (ઈ.સ.1697) શિવાજીની ઘટનાઓ માટે ઉપયોગી ગ્રંથ છે. આ ગ્રંથમાં શિવાજીના ‘સ્વરાજ્ય’ વિશેના ખ્યાલોની માહિતી મળે છે. શિવાજીએ પોતાના પિતા, અધિકારીઓ, મરાઠી જાગીરદારો અને સમકાલીન રાજ્યકર્તાઓને લખેલા પત્રો આ ગ્રંથમાં સામેલ છે. શિવાજી વિશે મરાઠા સમય દરમ્યાન સંસ્કૃતમાં લખાયેલ મુખ્ય કૃત્તિઓમાં કવિ પરમાણંદ લિખિત, ‘શિવભારત’નામનો કાવ્યસંગ્રહ મહત્ત્વનો છે. જેમાં 31 પ્રકરણોમાં શિવાજીની સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે જ્યારે શિવાજીની સૂચનાથી રઘુનાથ હનુમન્તે ફારસી તથા સંસ્કૃતમાં ‘રાજવ્યવહારકોષ’ નામનો ગ્રંથ લખ્યો. જેમાં શિવાજીની વહીવટી તથા લશ્કરી વ્યવસ્થાની અને તે સમયની રાજકીય પરિભાષાની જાણકારી આપવામાં આવી છે. ખાફીખાન અને ભીમસેને શિવાજી વિશે ફારસી રચનાઓ કરી. ખાફીખાન ઔરંગઝેબનો તથા ભીમસેન શિવાજીનો વૃંતાતકાર હતો. ખાફીખાને શિવાજીને અનૈતિક, બિન વિશ્વાસપાત્ર અને લૂંટારો કહ્યો છે જ્યારે ભીમસેને શિવાજીને કાબેલ વહીવટકર્તા, ધાર્મિક અને સદ્ગુણી કહ્યો છે.

શિવાજીના સમયમાં ભારતમાં આવેલાં કે ભારતમાં રહેતા અંગ્રેજો, ફ્રેન્ચો, ફિરંગીઓ તથા વલંદાઓએ શિવાજી વિશે અગત્યની નોંધો લખેલી છે. શિવાજીની પ્રવૃત્તિઓની માહિતી મેળવવા માટે યુરોપિયન જાસૂસો દ્વારા માહિતી મેળવતા. આ પદ્ધતિ ઈ.સ. 1659માં અમલમાં આવેલી. ડૉ. ફ્રિયરનો મુઘલો તથા શિવાજી વિશેનો અહેવાલ ખૂબ નોંધપાત્ર છે. ભારતની મુલાકાતે આવેલા વિદેશી મુસાફરો જેવા કે, ફ્રેન્ચ મુસાફર બર્નિયર, થેવેનોટે શિવાજીની પ્રવૃત્તિઓ વિશે માહિતી લખી છે. ફ્રેન્ચ મુલાકાતી કારે, "History of Shivaji" નામનો ગ્રંથ લખ્યો પરંતુ તે પૂરતો શ્રદ્ધેય નથી. તેમાં નામ અને તારીખમાં ક્ષતિ જણાય છે. ડચના વતની સ્કાઉટને શિવાજીની સૂરતની પ્રથમ લૂંટ (ઈ.સ. 1664) નું વર્ણન કર્યુ છે. ઈ.સ. 1817માં ફ્રેન્ચ મિશનરી એબે દુબોયે ‘હિંદુ મેનર્સ, કસ્ટમ્સ એન્ડ સેરીમનીઝ’ ગ્રંથ લખ્યો. જેમાં તે સમયની હિંદુસ્તાનની સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક સ્થિતિ નજરે પડે છે. શિવાજીનો પદ્ધતિસરનો જીવનવૃત્તાંત ફિરંગી લેખક કોસ્મો-દ-ગાર્ડા એ ઈ.સ. 1695માં ‘Life of Shivaj’ નામનું ફિરંગી ભાષામાં લખાયેલું અને ઈ.સ. 1730માં પ્રસિદ્ધ થયેલા

*પુસ્તકમાં જોવા મળે છે. આ ગ્રંથમાં, શિવાજીની લશ્કરી કારકિર્દી, લશ્કરી વ્યવસ્થા, સેનાની તથા વહીવટકર્તા તરીકેની કાબેલિયતની વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે.*

*ઈ.સ.* 1713 *થી ઈ.સ.* 1818 *સુધીનો સમયગાળો 'પેશ્વાયુગ' તરીકે ઓળખાય છે. આ સમયનો ઈતિહાસ જાણવા માટેના દસ્તાવેજો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. પેશ્વા યુગ દરમ્યાન, બાલાજી વિશ્વનાથ, બાજીરાવ પહેલો, બાલાજી બાજીરાવ, માધવરાવ, નારાયણરાવ, રઘુનાથરાવ, માધવરાવ નારાયણરાવ, બાજીરાવ બીજો જેવા પેશ્વાઓનો સમાવેશ થાય છે. પેશ્વા સામ્રાજય સમગ્ર ઉત્તરથી દક્ષિણ સુધીમાં ફેલાયેલું હતું. પેશ્વાઓનો તેઓના પ્રતિનિધિઓ સાથેનો પત્રવ્યવહાર પણ મળી આવે છે. અભ્યાસની સરળતા ખાતર ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.*

### 1.5.2 પેશ્વા દફતર

*પેશ્વા સામ્રાજયની શરૂઆતથી લઈને ઈ.સ.* 1782*ની સાલબાઈની સંધિ (સાલબાઈની સંધિ ગ્વાલિયરથી* 20 *માઈલ દૂર વોરન હેસ્ટિંગ્ઝ અને નાના ફડણવીસ વચ્ચે થઈ હતી. જેમાંની* 17 *શરતોના ઉચિત પાલન માટે મહાદજી સિંધિયા મધ્યસ્થી તરીકે રહ્યા હતા) સુધીનો વૃત્તાંત પેશ્વા દફતરમાં સંગ્રહિત થયેલ છે. તેમાં પેશ્વાઓની વહીવટી, મહેસૂલી અને લશ્કરી પદ્ધતિની માહિતીની સાથે સાથે રાજયના હિસાબોની માહિતી પણ રજૂ કરવામાં આવી છે. ઈ.સ.* 1800*માં નાના ફડણવીસના અવસાન બાદ પેશ્વા દફતરો લખાતા બંધ થયાં. રાજવડેએ આ દફતરોનું* 22 *ગ્રંથોમાં, પરસનીસે* 7 *ગ્રંથોમાં, જી.જી. વાડેએ* 9 *ગ્રંથોમાં તથા મુંબઈ સરકાર વતી જી.એમ. સરદેસાઈએ* 45 *ગ્રંથોમાં સંપાદન કર્યું છે. દરેકે પોતાની નોંધ તથા સમજૂતીઓ મૂકી છે.* 18*મી સદીના ગુલગુલે દફતરો મહાદજી સિંધિયાની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ જણાવે છે.*

### 1.5.3 પૂનાની અંગ્રેજ કોઠીના દફતરો

*જયાંથી પેશ્વા દફતરોનો અંત આવ્યો ત્યાંથી પૂના દફતરોની શરૂઆત થઈ. ઈ.સ.* 1785 *થી ઈ.સ.* 1818 *સુધીના પેશ્વા તેમજ મરાઠાઓ ઉપરાંત સમકાલીન બધા રાજયોનો વૃત્તાંત આ દફતરોમાં સંગ્રહિત છે. આશરે* 700 *થી* 800 *પાનાંની એક એવી* 100 *જેટલી ફાઈલો સંગ્રહિત છે. પેશ્વા દફતરો કરતાં અંગ્રેજ કોઠીના દફતરો ચીવટ, ચોક્સાઈ અને સમતુલીતામાં ચોક્કસ છે. માત્ર* 33 *વર્ષના અહેવાલમાં મરાઠા, નિઝામ, હૈદરઅલી, ટીપુ સુલતાન, દક્ષિણના રાજયો અને ઉત્તરના રાજપૂત રાજયો વગેરનો ઈતિહાસ આલેખાયો છે. જદુનાથ સરકાર તથા સરદેસાઈએ સંયુકત રીતે* 14 *ગ્રંથોમાં પુનાના આ કોઠી દફતરોનું સંપાદન કર્યું છે.*

### 1.5.4 ફારસી દફતરો

*ફારસી અહેવાલો પેશ્વાદફતર અને અંગ્રેજ કોઠીના દફતરોના પૂરક છે. ઈ.સ.* 1738 *થી ઈ.સ.* 1798 *સુધીના મુઘલ, મરાઠા, પેશ્વા, હૈદરાબાદના નિઝામનો પેશ્વા સાથેનો પત્રવ્યવહાર, અબ્દાલીની નોંધો તથા અલ્હાબાદના વતની ખૈરૂદીન લિખીત 'ઈબતનામાહ' દસ્તાવેજ સંગ્રહિત છે. આ ગ્રંથમાં થોડી ક્ષતિઓ છે. છતાં ઘણી જ અગત્યની સત્તા સમજૂતીઓ અને રાજકારણ વિશે માહિતી મળે છે. જદુનાથ સરકારે ઈ.સ.* 1953*માં તેનું સંપાદન કર્યું છે. પાણીપતના ત્રીજા યુદ્ધની સમકાલીન કૃત્તિમાં, અબ્દાલીની સાથે હિંદ આવેલ મુહમ્મદ જફર શમ્લ કૃત, 'તારીખે-મન્ઝીલુલ- કુતુ' (વિજયકૂચ) પાણીપતના યુદ્ધનો આંખે દેખ્યો અહેવાલ છે. જયારે બીજી કૃત્તિ, કાશીરાજ પંડિતની છે. જેમાં તે યુદ્ધ સમયે મરાઠાઓ સાથે હતો. જેને યુદ્ધ બાદ તરત જ પોતાનો યુદ્ધ વિશેનો અહેવાલ લખ્યો. રોલિન્સને ઈ.સ.* 1926*માં વિસ્તૃત નોંધ અને પરિશિષ્ટ સાથે તેનું સંપાદન કર્યુ.*

*સમકાલીન કૃત્તિઓના આધારે દસ્તાવેજોની ખરાઈ અને ચોકકસ ખાત્રી કર્યા બાદ આધુનિક ઈતિહાસકારોએ અનેક ગ્રંથો લખ્યા છે. જેમાં વી.એ. સ્મિથ -* The Oxford History of India *(ધ ઓકસફર્ડ હીસ્ટ્રી ઓફ ઈન્ડિયા) નામનો ગ્રંથ લખ્યો છે. અર્વાચીન કૃત્તિઓમાં પ્રથમ એવી એડવર્ડ સ્કોટ વોરિંગે-'મરાઠાઓનો ઈતિહાસ' ગ્રંથ ઈ.સ.* 1810*માં લખ્યો. મહાદેવ ગોવિંદ રાનડેએ ઈ.સ.* 1901*માં 'મરાઠી સત્તાનો ઉદય', ડી.બી. પરસનીસ અને સી.એ. કીકેઈડે પણ ઈ.સ.*1918*માં 'મરાઠા લોકોનો ઈતિહાસ' ગ્રંથ લખ્યો છે. જદુનાથ સરકારે* 'History of Aurangzeb''Shivaji and His Times' *આ ગ્રંથમાં શિવાજી વિશેની માહિતી આપવામાં આવી છે.* 'House of Shivaji' *આ ગ્રંથમાં જદુનાથે શિવાજી અને તેના વંશજોનું નિરૂપણ કર્યું છે.* 'Poona Residency Correspondence' *(પૂના કોઠીનો પત્રવ્યવહાર) આ ગ્રંથમાં દસ્તાવેજી માહિતી આપવામાં આવી છે. જદુનાથે આ ગ્રંથમાં નાના ફડણવીસનું મહારાષ્ટ્રના મેકિયાવેલી અને મહાદજી સિંધિયાને મરાઠા રાજયના નેપોલિયન તરીકે મૂલ્યાંકન કર્યુ છે.* 'Military History of India' *જદુનાથ સરકારે આ ગ્રંથમાં પ્રાચીન સમયથી લઈને વર્તમાન સમય ઈ.સ.* 1960 *સુધીની લશ્કરી વ્યવસ્થા, લશ્કરી વિશિષ્ટતાઓ તેની પદ્ધતિઓની માહિતી રજૂ કરી છે.* 'Fall of Mughal Empire' *વગેરે જેવા ગ્રંથો લખ્યા છે.*

*આ ઉપરાંત ગોવિંદ સખારામ સરદેસાઈ મરાઠાઓનો શ્રદ્ધેય ઈતિહાસ લખવાનો સ્તુત્ય પ્રયોગ કર્યો છે. કુલ આઠ ભાગમાં વિભાજિત 'મરાઠી રિયાસત' ગ્રંથ લખ્યો. મરાઠી રિયાસત ગ્રંથના આઠ ભાગમાં યોગ્ય સુધારા વધારા કરી ત્રણ ભાગમાં ગ્રંથ લખ્યા. જેમાં*

*પ્રથમ ભાગમાં, પૂર્વથી ઈ.સ.* 1707 *સુધી, બીજા ભાગમાં, ઈ.સ.* 1707 *થી ૧૭૭૪ સુધી અને ત્રીજા ભાગમાં ઈ.સ.* 1774 *થી ઈ.સ.* 1818 *સુધીની માહિતી આપવામાં આવી છે. શાહજીના પ્રારંભિક જીવનથી મરાઠા સામ્રાજયના અંત સુધીની શ્રદ્ધેય માહિતી આ ગ્રંથોમાં મળે છે. આ ઉપરાંત, સરદેસાઈએ 'બ્રિટીશ રિયાસત' નામે બે ભાગમાં વહેચાયેલ ગ્રંથ લખ્યો. જેમાં પ્રથમ ભાગમાં ઈ.સ.* 1600 *થી* 1757 *અને બીજા ભાગમાં ઈ.સ.* 1757-1857 *સુધીનો ઈતિહાસ લખ્યો છે. આ ગ્રંથોમાં સરદેસાઈ મરાઠા આગેવાનો શિવાજી, શાહુ, બાજીરાવ પહેલો, મહાદજી સિંધિયા, માધવરાવ પહેલો, નાના ફડણવીસના સંપૂર્ણ અને તટસ્થ ચિત્ર ઉપસાવવામાં સફળ થયેલ નથી. આર.સી. મજમુદારે આઝાદી પછી ભારતીય વિદ્યાભવન દ્વારા વ્યવસ્થિત રીતે હિંદનો ઈતિહાસ લખવાનું (સંપાદન) કરવાનું કાર્ય આર.સી. મજમુદારને સોંપવામાં આવ્યું. કુલ* 9 *ગ્રંથોમાં ભારતનો ઈતિહાસ વિદ્યાભવને લખ્યો છે.*

**(ખ)તમારી પ્રગતિ ચકાસો**

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. *સૌથી પ્રાચીન વેદ* _______________ *છે.*
2. *ત્રિપીટ્ટકમાં સુત પીટક, વિનય પીટક અને* _______________ *નો સમાવેશ થાય છે.*
3. *કાશ્મીરના કવિ કલ્હણે* _______________ *ગ્રંથ લખ્યો છે.*
4. *છત્રપતિ શિવાજી વિષે કૃષ્ણાજી અન્નતે* _______________ *બકખર લખ્યું છે.*
5. *જી. એમ. સર દેસાઈએ પેશ્વા દફતરનું* _______________ *ફાઈલોમાં સંપાદન કર્યું છે.*

(2) *ભારતના ઈતિહાસ જાણવાના સાધન તરીકે સાહિત્યિક સામગ્રી વિષે ટૂંક નોંધ લખો.*

## 1.6 સારાંશ

*સાહિત્યિક સાધનસામગ્રી ક્રમબદ્ધ નહી હોવા છતાંયે તેમાંથી પ્રાચીન ભારતના રાજકીય જીવન તેની રાજકીય સંસ્થાઓ તથા તેના શાસનતંત્રને લગતી બહુમૂલ્ય માહિતી મળે છે. કમનસીબે પ્રાચીન ભારતીય યુગની સમાપ્તિ સુધીમાં જેને શુદ્ધ ઈતિહાસ કે રાજયશાસ્ત્રનું જ પુસ્તક ગણાય તત્રિં કોઈ પુસ્તક મળી આવ્યું નથી. ઋગ્વેદથી માંડીને પુરાણો અને નીતિશાસ્ત્રો સુધીનું સાહિત્ય મોટેભાગે ધાર્મિક ગણાય તેવું છે. તેમાં નૈતિક અને સૈદ્ધાંતિક તત્વો પર વિશેષ ભાર મૂકેલો છે તેમ છતાંયે રાજકીય જીવનને ઉદ્‌ઘાટિત કરવામાં સારો એવો હિસ્સો આ સાધનોનો છે. ઉપરોક્ત લેખિત આધાર સામગ્રી ઉપરાંત ફારસી, અરબી અભિલેખો, મુઘલ-સિક્કાઓ, હિન્દુ-જૈન સાહિત્ય,સંસ્કૃત-ગુજરાતી અભિલેખો, ખતપત્રો, ફરમાનો, પુરાવસ્તુકીય સાધનોમાંથી પણ ભારતના ઈતિહાસને જાણવા માટેની આધારભૂત સાધન સામગ્રી પ્રાપ્ત થાય છે.*

*પ્રાગ બ્રિટીશ કાલીન હિંદનો ઈતિહાસ જાણવા માટેના આધારભૂત સાધનોની તપાસ કરતાં માલૂમ પડે છે કે,આ સમયના સમકાલીન સાધનોમાં પેશ્વા અને પૂના અંગ્રેજ કોઠીના દફતરો જેવાને બાદ કરતાં ઐતિહાસિક સાધનો વિશ્વસનીય જણાતા નથી. છત્રપતિ યુગ વિશે જૂજ સાધનોમાંથી માહિતી મળે છે જયારે પેશ્વા યુગ વિશેની માહિતી મેળવવા માટે વિપુલ આધાર સાધનો છે. આ સમયનો ઈતિહાસ જાણવા માટેના સમકાલીન દસ્તાવેજો વિશ્વસનીય નથી પરંતુ તેમ છતાં તેમનામાંથી પરસ્પર તુલના દ્વારા સત્ય તારવી શકાય છે. વિશ્વસનીય અને વાસ્તવિક માહિતી મેળવવા વી.એ. સ્મીથ, કોસ્મો-દ-ગાર્ડા, જદુનાથ સરકાર, જી.એસ. સરદેસાઈ, આર.સી. મજમુદાર જેવા આધુનિક વિદ્વાનોએ અનેક પ્રયત્નો કરીને અનેક ગ્રંથોનું સર્જન કર્યુ છે. જેમાં કેટલાકે સત્ય તારવામાં ભૂલ કરી છે તો કેટલાક શ્રદ્ધેય અને સચોટ માહિતી રજૂ કરી છે. ઈતિહાસ એ ભૂતકાળનું સત્ય કહેતું સાધન છે. માટે ભારતનો ઈતિહાસ જાણવા માટે વિશ્વસનીય અને વાસ્તવિકતાનો આર્વિભાવ થાય તેવા સ્ત્રોતોને પસંદ કરવા વધુ યોગ્ય છે.*

## 1.7 ચાવીરૂપ શબ્દો

1) *અભિલેખો- અભિલેખ એટલે કોઈ પદાર્થ પર કોતરેલું લખાણ.*

2) *શિલાલેખ- સામાન્ય રીતે શિલા પર કોતરેલાં લખાણને 'શિલાલેખ'કહેવામાં આવે છે.*

3) *અભિલેખવિદ્યા- અભિલેખોનો પદ્ધતિસર અભ્યાસ કરવાની વિદ્યાને 'અભિલેખવિદ્યા'* (epigraphy) *કહે છે..*

4) હસ્તપ્રતો- હાથે લખેલું સાહિત્ય એટલે એ કાગળ પર હોય, તાડપત્ર પર હોય, તાંબા પર હોય, કોઈપણ માધ્યમ પર હોય, તેને હસ્તપ્રત કહેવાય છે.

5) તાડપત્રો-તાડના વૃક્ષના પારણ પર જે લખવામાં આવ્યા બાદ બનતો દસ્તાવેજ એટલે તાડપત્ર.

6) ભોજપત્ર-ભુર્જ નામનાં વૃક્ષની છાલ પર કરવામાં આવતા લખાણને ભોજપત્ર કહેવામાં આવે છે.

7) પુરાતત્વીય અવશેષ-મહેલો, મંદિરો વસ્તુઓ જેવી કે વાસણ, આભૂષણ, હથિયારો વગેરે જે આપણને ઈતિહાસ જાણવામાં મદદરૂપ થાય છે તેને પુરાતત્વીય અવશેષ કહે છે.

8) દફ્તર - દસ્તાવેજોના સમૂહને દફ્તર કહેવામાં આવે છે.

9) સાહિત્યિક સામગ્રી-જે કૃતિઓની રચના સાહિત્યને આધારે થઈ છે, તેવી તમામ કૃતિઓને સાહિત્યિક સામગ્રી કહેવામાં આવે છે.

10) વૈદિક સાહિત્ય-જે સાહિત્યનો આધાર ચાર વેદો, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે, તેવા સાહિત્યને વૈદીક સાહિત્ય કહેવામાં આવે છે.

**1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

(ક) (1) 1. અભિલેખવિદ્યા 2. 14 3. રુદ્રદામા 4. હસ્તપ્રત 5. તાડપત્રો

(2) 1.3 ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.

(ખ) (1) 1. ઋગ્વેદ 2. અભિધમ્મ પીટક 3. રાજતરંગીણી 4. સભાસદ 5. 45

(2) 1.4 ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.

**1.9 બહુવૈકલ્પિક પ્રશ્નો**

1. નીચેનામાંથી કયો અભિલેખનો એક પ્રકાર છે ?

(A) તામ્રપત્ર (B) શિલાલેખ

(C) પ્રતિમાલેખ (D) આગળના તમામ

2. અભિલેખોના અભ્યાસ કરવાની વિદ્યાને શું કહેવામાં આવે છે?

(A) દફ્તરવિદ્યા (B) શિલાલેખવિદ્યા

(C) તામ્રપત્રવિદ્યા (D) અભિલેખવિદ્યા

3. સર જદુનાથ સરકારે કયા વિસ્તારને 'પુરાતત્વની ખાણ' કહ્યો છે ?

(A) મધ્ય પ્રદેશ (B) ઉત્તર પ્રદેશ

(C) ગુજરાત (D) મહારાષ્ટ્ર

4. અશોક શિલાલેખ નીચેનામાંથી ક્યાં સ્થળે આવ્યો છે?

(A) રાજકોટ (B) જૂનાગઢ

(C) ધોળાવીરા (D) પ્રભાસ પાટણ

5. તાડપત્ર પર લખવાની શરૂઆત સૌ પ્રથમ નીચેનામાંથી ક્યાં થઈ હતી ?

(A) જૂનાગઢ (B) કર્ણાવતી

(C) વલ્લભી (D) પાટણ

6. તાડપત્રો કેટલા પ્રકારનાં હોય છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

7. ભુર્જ નામના ઝાડ નીચેનામાંથી કયા પ્રદેશમાં થાય છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) મધ્ય પ્રદેશ

(C) ઉત્તર પ્રદેશ (D) ગુજરાત

8. નીચેનામાંથી કાલિદાસની કૃતિ કઈ છે ?

(A) મુદ્રારાક્ષસ (B) સ્વપ્ન વાસવદત્તા

(C) સારીપુત્ર પ્રકરણ (D) રઘુવંશ

9. 'ભોજપ્રબંધ'નાં લેખક કોણ છે ?

(A) બલ્લાલ (B) શ્રીધર

(C) જયદેવ (D) વિશાખાદત્ત

10. જદુનાથ સરકાર તથા સરદેસાઈએ સંયુક્ત રીતે કેટલા ગ્રંથોમાં પૂનાના કોઠી દફતરોનું સંપાદન કર્યું છે ?

(A) 12 (B) 14

(C) 16 (D)18

*જવાબો:* (1 -D ), (2 - D), (3 - C), (4 - B), (5 - C), (6 - B), (7 - A), (8 -D ), (9 - A), (10 - B)

**1.10 સ્વાધ્યાય**

1. *અભિલેખો વિષે વિસ્તારપૂર્વક નોંધ લખો.*

2. *હસ્તપ્રત એટલે શું ? ચર્ચા કરો.*

3. *સાહિત્યિક સામગ્રી વિષે વિગતવાર નોંધ લખો.*

## 1.11 સંદર્ભો


1. *ગોહિલ મયુરસિંહ બી. "સૌરાષ્ટ્રના અભિલેખાગારો : એક અધ્યયન", અપ્રકાશિત પીએચ. ડી. મહાશોધ નિબંધ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, જુલાઈ-* 2015.
2. *જમીનદાર (ડૉ.) રસેશ. "દફતર વિદ્યાની વિભાવના" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1982.
3. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "ભારતમાં દફતરોનો વિકાસ અને ઉપયોગિતા" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2001.

4. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "દફતર વહીવટ, સંચાલન અને દફતર ભંડારની સહાયક સંસ્થાઓ" અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2004.

5. *મજમુદાર (પ્રા) આર.જી., "ગુપ્તકાલીન ભારત", યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, તૃતીય આવૃત્તિ,* 2015.

6. *ધારૈયા (ડૉ.) આર. કે. અને અન્ય, "પ્રાચીન ભારતનો ઈતિહાસ", સી. જમનાદાસની કંપની, અમદાવાદ, તેરમી આવૃત્તિ,* 2004-05.

7. *રાવલ(ડૉ.) પ્રફુલ્લા જે., ચોથાણી (ડૉ.) અનસુયા વી., "ભારતના રાજ્યો", સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, છઠ્ઠી આવૃત્તિ*-2012.

8. *ચોથાણી (ડૉ.) અનસુયા વી., "ભારતનો ઈતિહાસ ઈ.સ.*1526-1750", *સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, છઠ્ઠી આવૃત્તિ*-2011.

9. *વલવાઈ (ડૉ.) પંકજ બી., "ભારતનો ઈતિહાસ ઈ.સ.*1757-1857", *સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, છઠ્ઠી આવૃત્તિ*-2011.

**એકમ : 2**

# દસ્તાવેજો અને દફતરોની વ્યાખ્યા, લાક્ષણિકતા, મહત્વ અને મર્યાદાઓ

**:: રૂપરેખા ::**


**2.0** ઉદ્દેશ્યો

**2.1** પ્રસ્તાવના

**2.2** દસ્તાવેજની વ્યાખ્યા

**2.3** દફતરની વ્યાખ્યા

**2.4** દફતરની લાક્ષણિકતાઓ

- **2.4.1** દફતરની મૂળભૂતતા
- **2.4.2** દફતરની અદ્વિતીયતા
- **2.4.3** દફતર ભંડારનો સર્જક સંસ્થા સાથેનો સંબંધ
- **2.4.4** દફતર અંગેનો અધિકાર
- **2.4.5** દફતરોની સજીવતા-ક્રમિકતા
- **2.4.6** દફતરોનું સમગ્રપણું

**2.5** દફતરોનું મહત્વ

**2.6** દફતરોની મર્યાદાઓ

**2.7** સારાંશ

**2.8** ચાવીરૂપ શબ્દો

**2.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**2.10** બહુવૈકલ્પિક પ્રશ્નો

**2.11** સ્વાધ્યાય

**2.12** સંદર્ભો

## 2.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે..*

- *દસ્તાવેજનો અર્થ અને તેની વ્યાખ્યા જાણી શકશો.*
- *દફતરનો અર્થ અને તેની વ્યાખ્યા જાણી શકશો.*
- *દફતરની લાક્ષણિકતાઓ અને તેના મહત્વ વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *દફતરની મર્યાદાઓ વિશે માહિતી પ્રાપ્ત કરશો.*

## 2.1 પ્રસ્તાવના

*ઈતિહાસ એટલે ભૂતકાળનો શક્ય તેટલો પ્રમાણિત વૃત્તાંત અને આ ભૂતકાળનો પ્રમાણિત ઈતિહાસ જાણવા માટે આપણે ઈતિહાસ જાણવાના સાધનો એટલે કે આધારોનો અભ્યાસ કરવો પડે છે. આવા ઈતિહાસના આધાર સાધનોમાં પુરાતત્વીય અવશેષો, સાહિત્યિક સામગ્રી, અભિલેખો, દસ્તાવેજો, દફતરો વગેરેનો સમાવેશ થાય છે. તેમાં પણ ખાસ કરીને સત્ય અને પ્રમાણિત ઈતિહાસ જાણવા માટે લિખિત સાધનો ખૂબ જ અગત્યના છે. પ્રાચીન સમયથી આપણને વિવિધ સ્વરૂપે લિખિત સાધનો મળી આવે છે. તેમાં ખાસ કરીને પ્રાચીન સમયથી દરેક રાજ્યના સરકારી અને બિનસરકારી દસ્તાવેજો, ઐતિહાસિક ગ્રંથો, સાહિત્યિક સામગ્રી વગેરે મળી આવે છે. ઉપરોક્ત લિખિત સાધનોમાં પણ દસ્તાવેજોનું ખાસ મહત્વ રહેલું છે અને આવા દસ્તાવેજોના સમૂહને દફતર કહેવામાં આવે છે. દફતરો ઈતિહાસ જાણવાના અગત્યના સાધનો છે તેથી અહી આપણે દસ્તાવેજનો અર્થ અને તેની વ્યાખ્યા, દફતરનો અર્થ અને તેની વ્યાખ્યા તેમજ દફતરોની લાક્ષણિકતાઓ,મહત્વ અને મર્યાદાઓ વિશે માહિતી પ્રાપ્ત કરીશું.*

## 2.2 દસ્તાવેજની વ્યાખ્યા

*સામાન્ય રીતે માનવીએ વહીવટી હેતુસર કાગળ ઉપર મુદ્રિત કે હસ્તલિખિત સ્વરૂપે મહત્વનું લખાણ કંડારીને લાંબા સમય સુધી સાચવવા પાત્ર નિર્માણ કરેલા સ્રોતને દસ્તાવેજની પરિભાષામાં મૂકી શકાય છે. ગુજરાતી ભાષામાં "દસ્તાવેજ" શબ્દ માટે અંગ્રેજી ભાષામાં* "Document" *શબ્દ વપરાય છે જેનું મૂળ લેટિન ભાષાના* "Dicumentam" *શબ્દમાં રહેલું છે. જેનો અર્થ પુરાવા માટે હાથે લખેલા કે છપાયેલા કાગળ કે તે સિવાયના અને ભૌતિક પ્રસાધન કે જેમાં વિશેષ માહિતીનું મહત્વ ગર્ભિત હોય તેવા આધાર-પુરાવાની દસ્તાવેજના સ્વરૂપમાં ગણના કરવામાં આવે છે.*

સામાન્ય રીતે કાગળ પર કરેલા અર્થપૂર્ણ લખાણ કે જેમાં અધિકૃતતા હોય તેને દસ્તાવેજની સંકલ્પનામાં મૂકી શકાય છે. દસ્તાવેજનો ઉપયોગ સંદર્ભ તપાસવા કે પુરાવા રૂપે થાય છે. દસ્તાવેજ હંમેશા લિખિત સ્વરૂપે હોય છે પરંતુ યુનેસ્કોની વ્યાખ્યા પ્રમાણે ફોટોગ્રાફ, માઈક્રો ફિલ્મ, મેગ્નેટિક ટેપ, નકશા અને પ્લાનો વગેરેનો પણ દસ્તાવેજની સંકલ્પનામાં સમાવેશ થાય છે છતાં પણ મુદ્રણ અને હસ્ત લખાણ યુક્ત સ્રોતને, મોટે ભાગે દસ્તાવેજ તરીકે સંબોધવામાં આવે છે. રિયાસત, સરકાર, વ્યક્તિ, સંસ્થાઓના વહીવટી કાગળો અને જુદા-જુદા ક્ષેત્રના મહાનુભાવોની રોજનીશ, વ્યાપારી પેઢીઓ, રાજ્ય કે રાષ્ટ્રના પત્રવ્યવહારો, ફાઈલો, ઠરાવો, નોંધો વગેરે કાગળ પરના લખાણોને દસ્તાવેજ કહે છે.

ઈ.સ.1872ના ઈન્ડિયન એવિડન્સ એક્ટની કલમ-3માં દસ્તાવેજની સંકલ્પના સ્પષ્ટ કરવામાં આવી છે. તે પ્રમાણે “અક્ષરો, લખાણ, આકૃતિ, ચિન્હ્ એક કે એકથી વધારે પદાર્થ ઉપર કોઈ બાબત દર્શાવી કે વર્ણવી હોય અને તેનો ઉપયોગ પુરાવા રૂપે કરવામાં આવે તેવા સ્રોતને દસ્તાવેજ કહે છે.”

પ્રસિદ્ધ દફતરવિદ્ સર હિલેરીય જેંકીન્સન દસ્તાવેજનો અર્થ આપતા જણાવે છે કે, "દસ્તાવેજ એટલે કે હસ્તલિખિત, ટાઈપ અને પ્રિન્ટ કરેલું મેટરના સ્વરૂપે હોય છે કે જેનો ઉપયોગ કોઈ પણ ક્ષેત્રમાં આધાર-પુરાવાના રૂપે થઈ શકે છે. ખાસ કરીને આ પ્રકારના દસ્તાવેજો સરકારી, ખાનગી કે જાહેર ક્ષેત્રના વહીવટી અને કારોબારી કાર્યોના આદાન-પ્રદાનમાં ઉપયોગી બનતા હોય છે જે ભવિષ્યમાં જરૂરી માહિતી આપવામાં સમર્થ બને છે. અનેક બાબતના તારણો સ્પષ્ટ કરે છે આ પ્રકારની લાક્ષણિકતા ધરાવતા સ્રોતને દસ્તાવેજ કહે છે. દસ્તાવેજ હંમેશા અને કાયમી પોતાની માતૃ વ્યકિત કે માતૃ સંસ્થાના અંકુશ નીચે સચવાય છે. આ પ્રમાણે દસ્તાવેજ વ્યક્તિ કે સંસ્થાના તાબામાં રહેતા તેનું મહત્વ અકબંધ જળવાય છે".

પ્રાચીન સમયના દસ્તાવેજ પથ્થર, માટી, ધાતુ, કાષ્ટ, ચામડું, વલ્ક અને કાપડ પરની સપાટી પર કંડારેલા લખાણોના સ્વરૂપે હતા જયારે વર્તમાન આધુનિક સમયમાં નવી શોધો, શિક્ષણ, સંશોધન, પ્રશાસન અને ન્યાય જેવા ક્ષેત્રોમાં વિકાસની લહેર પ્રસરતા માહિતીના સંચય માટે કાગળ પર છાપેલાં અને હાથ વડે લખાયેલાં રજીસ્ટરો, હિસાબી ચોપડાઓ, ફાઈલો, તસ્વીરો, પ્લાનો અને નકશાના સ્વરૂપે તથા વીડિયો ટેપ, ઓડિયો ટેપ, માઈક્રો ફિલ્મ, મેગ્નેટિક ટેપ, કમ્પ્યુટર ફલોપી, હાર્ડડિસ્ક, ડી.વી.ડી, પેન ડ્રાઈવ વગેરે સ્વરૂપના દસ્તાવેજો દૃશ્ય કે શ્રાવ્ય સ્વરૂપની વિગતોનો સંગ્રહ કરે છે.

માનવીની વ્યક્તિગત, કૌટુંબિક, પ્રશાસનીય, સામાજિક, આર્થિક, સંસ્થાકીય, સાંસ્કૃતિક, ઔદ્યોગિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિગેરે આયોજિત અને બિન-આયોજિત પ્રવૃત્તિઓનું નિદર્શન જે તે સરકારી, ખાનગી અને સાર્વજનિક પ્રવૃત્તિનો સંદર્ભમાં તેમણે કરેલા લખાણમાં અભિવ્યક્ત થાય છે. આવા લખાણો ખત અને પત્રના સ્વરૂપમાં હોય છે જેની ગણતરી પણ દસ્તાવેજના સ્વરૂપે થાય છે. સરકારી, અર્ધસરકારી, ખાનગી, ધાર્મિક અને રાજયની પ્રશાસનીય કાર્યપ્રણાલિકાથી સર્જાયેલા કાગળ ઉપરના લખાણો જેમ-જેમ જૂનવાણી થતા જાય છે તેમ-તેમ તેનું સમયાતીત થતા મૂલ્ય ઘટતું જાય છે. જયારે તે રિયાસત, રાજય, સરકાર કે સંસ્થા માટે ભારરૂપ બને ત્યારે તે ઈતિહાસના અભ્યાસ, સંશોધન અને આલેખન માટે તેની અનિવાર્યતા ઉત્તરોત્તર વધવા પામે છે. જે ભૂતકાળના પ્રસંગો અને બનાવોની તટસ્થ જાણકારી સમાજ અને રાજયના પરિપ્રેક્ષ્યમાં રહીને રજૂ કરે છે ત્યારે આવા આધારો ઈતિહાસ માટે મૂલ્યવાન સાબિત થાય છે. જે કોઈક વાર ન્યાયાલયમાં ચાલતા મુકદ્દમાઓમાં વિગતોના સમર્થન માટે આવા લખાણયુક્ત સ્રોત ખૂબજ ઉપયોગી બને છે.

## 2.3 દફતરની વ્યાખ્યા

દફતરનો સામાન્ય અર્થ કરતા કહી શકાય કે મનુષ્યની દિન-પ્રતિદિન કામગીરીથી સંખ્યાબદ્ધ લખાણયુક્ત કાગળો કે અન્ય સ્વરૂપના છપાયેલા માધ્યમો કે જેમાંથી ઐતિહાસિક, કાયદાકીય, વહીવટી, સંશોધકીય, પુરાવાકીય બાબતે ખૂબ જ મહત્વની અને ઉપયોગી નીવડી શકે તેવા પ્રકારની માહિતી રજૂ કરતા એક કરતા વધારે સંખ્યા ધરાવતા દસ્તાવેજી સામગ્રીના સમૂહને દફતર કહી શકાય છે. એક કરતા અનેક મહત્વતા અને ઉપયોગિતા ધરાવતા દસ્તાવેજો સમૂહમાં એકત્રિત થાય અને તેની જાળવણી અને સંરક્ષણની વ્યવસ્થા કરવામાં આવે ત્યારે તેવા સાચવવાપાત્ર દસ્તાવેજોના સમૂહને દફતર કહેવાય છે.

ઑકસફર્ડ અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે "દફતર એટલે કોઈ પણ સત્ય કે વાસ્તવિક બનાવ, પ્રસંગ, ઘટનાને દીર્ઘકાળ સુધી સ્મૃતિરૂપે સાચવી રાખવા માટે હાથ વડે લખવામાં આવતા અથવા છાપવામાં આવતા લખાણોને દફતર કહે છે." આ દફતરોમાં ફાઈલો, રજીસ્ટરો, વહીવટી ચોપડાઓ, હસ્તપ્રતો, નકશાઓ, ફોટોગ્રાફ, આકૃતિઓ, ધ્વનિમુદ્રિત પટ્ટીકાઓ, જૂના પુસ્તકો વગેરેનો સમાવેશ થાય છે.

સ્પેલેન્બર્ગે આપેલ વ્યાખ્યા બહુ વિશાળ અર્થમાં જોઈએ તો દફતરો એટલે "વ્યક્તિ-વ્યક્તિ અને સંસ્થા વચ્ચે, વ્યક્તિ અને સરકાર વચ્ચે થયેલા પત્રવ્યવહાર, રાજકીય, ધાર્મિક કે અન્ય સામાજિક સંસ્થાની કામગીરીના અહેવાલો કે નોંધો, વહીવટી, દસ્તાવેજી, સરકારી તંત્રના

દફતર, ફાઈલો, કાગળો,ઠરાવોની નોંધો, ખાનગી કે જાહેર પેઢીઓના દફતરો, અપ્રાપ્ય પુસ્તકો, પુસ્તિકાઓ, પત્રિકાઓ વગેરે અર્થાત મુખ્યત્વે કાગળ ઉપર છાપેલા કે લખેલા બધા જ પ્રકારના લખાણો જે વહીવટની દષ્ટિએ સમયાતીત થયા કે સમયાતીત થતા જાય છે. એમાંથી ઈતિહાસ લેખન માટે બિનજરૂરીને દૂર કરીને જરૂરીને એકત્રિત કરી સંગ્રહિત કરી સાચવવાની અને સંરક્ષવાની કામગીરી કરતી સંસ્થા, જે વૈજ્ઞાનિક રીતે સરકારી સંસ્થાઓ, પેઢીઓ, મંડળો, કુટુંબો કે વ્યક્તિઓએ સર્જેલા કે મેળવેલા અને એમણે અથવા એમના કાયદેસરના વારસદારોએ સંસ્થાના વ્યક્તિઓના કાર્યના, નીતિના વિચારોના, કાર્યવિધિના, અમલના અથવા બીજી પ્રવૃતિઓના પુરાવા તરીકે સાચવેલા લખાણોને સંપાદિત કરી સંકલિત અને વ્યવસ્થિત કરતી સંસ્થા છે.''

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની રોજ-બરોજની પ્રવૃત્તિમાંથી ઉત્પન્ન થતા દસ્તાવેજો જેમાંથી મહત્વના અને અતિ ઉપયોગી દસ્તાવેજો સંગ્રહ કરી વ્યવસ્થિત રીતે સાચવવામાં આવે તેને દફતર કહે છે. જે કાયમી ધોરણે સર્જન સંસ્થા અથવા તો તેના વારસદારોના હસ્તક સચવાય છે. સામાન્ય રીતે વહીવટી કાર્યની પ્રવૃત્તિમાંથી જે અધિકૃત દસ્તાવેજો તૈયાર થાય છે તેને પણ દફતર કહેવાય છે. આ દફતરમાંથી ભૂતકાળના નિર્ણયો તપાસી શકાય છે જે વહીવટ ચલાવવાના નિયમો તૈયાર કરવા ઐતિહાસિક કાયદા ઘડવા ખૂબજ મદદરૂપ બને છે. દફતરની આધુનિક સંકલ્પના પ્રમાણે દફતરની ઉત્પત્તિ કોઈ માન્ય સંસ્થા દ્વારા થાય છે. આ સંસ્થા સરકારી, અર્ધસરકારી, ખાનગી કે પછી જાહેર પ્રકારની હોઈ શકે છે. તેમના મારફતે દફતર સચવાય છે. આ પ્રમાણે દફતર લિખિત સ્મૃતિ છે. જે માનવ સ્મૃતિ કરતા વિશેષ ચિરંજીવી અને સક્ષમ સાધન છે. વ્યક્તિ કે સમષ્ટિનો મોટાભાગનો વ્યવહાર પત્રાચાર દ્વારા થાય છે. આ તમામ પ્રકારના લખાણો દફતરમાં પરિણમે છે. દફતરોની ઉત્પત્તિ કાયદાકીય, વહીવટી અને સંશોધનીય જેવા ઉદ્દેશોને આભારી છે તેથી આવા અગત્યના દફતરો અભિલેખાગારમાં સાચવવામાં આવે છે. આવા દફતરની સંજ્ઞામાં વીંટાઓ, પત્રિકાઓ, ડાયરીઓ, ફાઈલો, રજીસ્ટરો, રેખાકૃતિઓ, તસવીરો, આલેખો, નકશાઓ, ટેપરેકોર્ડર, માઈક્રો ફિલ્મ અને વ્યક્તિ જીવનને માહિતી આપતા દસ્તાવેજનો સમાવેશ થાય છે.

દફતર માટે અંગ્રેજી ભાષામાં "Record" શબ્દ પ્રયોજાય છે. આ "Record"ની ઉત્પત્તિ લેટિન ભાષાના "Recordari" શબ્દ પરથી થઈ છે. આ Record શબ્દમાં લેટિન ભાષાનો "Cor" શબ્દ રહેલો છે, જેનો અર્થ હૃદય અથવા સ્મૃતિ એવો ઘટાવવામાં આવે છે. પ્રારંભના તબક્કામાં માનવીના હૃદયને સ્મૃતિનું મુખ્ય સંગ્રહસ્થાન ગણવામાં આવતું હતું જયારે આધુનિક સમયે માનવીના પ્રતિદિન ઉદ્દભવતા કાર્યોને સ્મૃતિરૂપે લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાય નહિ અને માનવીય સ્મૃતિની મર્યાદાને પરિણામે મોટાભાગનું જ્ઞાન સ્મૃતિ

*પરથી વિસરાઈ જાય છે. આવા સંજોગોમાં કાર્યદક્ષ અને કુશળ વહીવટતંત્રના યોગ્ય વ્યવસ્થાપન માટે સ્મૃતિ રૂપે યાદ રાખવા પાત્ર જ્ઞાનના માધ્યમના ભાગરૂપે દફતરોનો આવિષ્કાર થયો. દફતર અસંખ્ય દસ્તાવેજોનું સ્વરૂપ છે. આવા દફતર ભવિષ્યમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અને સમસ્યાઓના નિરાકરણ માટે ખૂબજ મદદરૂપ બને છે તથા ભૂતકાળનું પૃથકકરણ કરી જે તે વ્યકિત, સંસ્થા કે સરકારની કાર્યપદ્ધતિ, યોજનાઓ, આવશ્યકતાઓ, વિકાસલક્ષી વ્યવસ્થા તથા માનવ શક્તિ અને નવા સંશોધનનો વાસ્તવિક ખ્યાલ પ્રાપ્ત કરી વર્તમાન અને ભવિષ્ય માટે ઉત્તમ આયોજન ઘડી શકે છે.*

*લોકશાહી વ્યવસ્થામાં સરકાર અને જાહેર જનતા વચ્ચેના વાણીગત વ્યવહારોને કાનૂની દરજજો આપવા, વહીવટીતંત્રની કાર્યપ્રણાલિકાને સ્થાપિત કરવા, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને વહીવટી યોજનાઓના કાર્યક્રમોને કાર્યવિન્ત કરવા લિપિબદ્ધ કરવું પડે છે. આ પ્રક્રિયામાંથી દફતરનું સર્જન થાય છે પરંતુ વ્યક્તિ કે સરકારના ઈરાદાપૂર્વક દફતરો સર્જાતા નથી, પરંતુ તે આકસ્મિત ઘટના, પ્રસંગ કે બનાવની સ્થિતિ જાણતા કે અજાણતા દફતરોને જન્મ આપે છે. આપો-આપ વિષયવસ્તુના સંદર્ભમાં સવાલ-જવાબ કે માહિતીના રૂપમાં સર્જાય છે. આવા દફતરોને કોઈ પણ સત્તા અથવા પ્રસંગના સંભારણાના સ્વરૂપે સંગ્રહિત કરવામાં આવે છે.*

*દફતરો સરકારી, અર્ધસરકારી, ખાનગી સંસ્થાઓ, કુટુંબ કે વ્યક્તિ દ્વારા નિર્માણ પામેલા સુસંગઠિત, અપ્રચલિત અને સમકાલીન હોવાથી, તેનું વહીવટી, કાયદાકીય, નાણાંકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંશોધન ક્ષેત્રે ઘણું જ મૂલ્ય અંકાય છે. દફતરમાં રહેલી કેટલીક વિશેષતાઓ, ગુણવત્તા, ખાસિયતો અને લાક્ષણિકતાઓને પરિણામે તે માહિતી આપતો પ્રથમ કક્ષાનો સ્રોત ગણાવી શકાય છે.*

**ક) તમારી પ્રગતિ ચકાસો**

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. *દસ્તાવેજ માટે અંગ્રેજીમાં ______________ શબ્દ વાપરવામાં આવે છે.*
2. *ઈ.સ.1872ના ઈન્ડિયન એવિડન્સ એક્ટની કલમ નં. ______________ માં દસ્તાવેજની વ્યાખ્યા આપવામાં આવી છે.*
3. *દફતર માટે અંગ્રેજીમાં ______________ શબ્દ વાપરવામાં આવે છે.*
4. *એક કરતા વધુ દસ્તાવેજો ભેગા કરીએ ત્યારે તેને ______________ કહેવાય છે.*
5. *દફતર એ માહિતી આપતો ______________ કક્ષાનો સ્રોત છે.*

(2) દફતરની વ્યાખ્યાઓ જણાવો.

## 2.4 દફતરની લાક્ષણિકતાઓ

### 2.4.1 દફતરોની મૂળભૂતતા

*દફતરોની પ્રથમ લાક્ષણિકતા તેની મૂળભૂતતામાં રહેલી છે. તેથી દફતરોએ કાયદાકીય અધિકૃતતા પ્રાપ્ત કરી છે. દફતરોને જરૂરિયાતના સમયે ન્યાયાલયમાં આધારરૂપ પુરાવા તરીકે રજૂ કરી શકાય છે. આ કારણોસર દફતર હંમેશા તેની માતૃસંસ્થા અથવા અધિકૃત સંસ્થા પાસે સુરક્ષિત રહેવા જોઈએ. મૂળભૂતતાના ગુણને લીધે દફતર માહિતી પ્રાપ્ત કરવાના પ્રાથમિક સાધનો બન્યા છે.*

### 2.4.2 દફતરોની અદ્વિતીયતા

*દફતરોની બીજી લાક્ષણિકતા તેની અદ્વિતીયતામાં રહેલી છે. દફતરનો કોઈ વિકલ્પ નથી. કોઈ પણ સંસ્થા, સરકાર કે વ્યક્તિ દ્વારા કોઈ પણ દસ્તાવેજનું ફક્ત એક જ વાર નિર્માણ થાય છે. કોઈ કારણોસર આ દસ્તાવેજનો નાશ થાય અથવા ચોરાઈ જાય તો ફરીથી તેવો જ દસ્તાવેજ પ્રાપ્ત કરી શકાતો નથી. આથી દફતરોની સાચવણી એ અત્યંત મહત્વપૂર્ણ બાબત છે. આ વિશેષતા સ્વયં પ્રમાણિત છે. દફતર કોઈ વિશિષ્ટ હેતુપૂર્વક સર્જવામાં આવે છે. તેનો બીજો કોઈ હેતુ હોતો નથી. તેથી આ જ દફતરનું અન્ય કોઈ સ્થળે પુનરાવર્તન થશે નહીં દા.ત. એક જ બાબત અંગેનું દફતર તે જ પ્રકારે બીજી કોઈ સંસ્થા તૈયાર કરશે નહીં. દરેકનો હેતુ કાંઈક જુદા જ પ્રકારનો હોય છે તેથી આંશિક વિવિધતા તો રહેવાની જ. કદાપિ સામ્યતા આવે જ નહીં, આમ દફતરો અદ્વિતીય હોય છે.*

### 2.4.3 દફતર ભંડારનો સર્જક સંસ્થા સાથેનો સંબંધ

*દફતરનો તેની સર્જક સંસ્થા સાથેનો સંબંધ એ તેની પ્રથમ વિશિષ્ટતા છે. દફતરને ઉત્પન્ન કરનાર કોઈ સર્જક સંસ્થા હોવી જરૂરી છે. આ સર્જક સંસ્થા કોઈ વ્યક્તિ, કુટુંબ, સંસ્થા અથવા સરકાર હોઈ શકે છે. તે સંસ્થાની નીતિ, કાર્ય, પ્રવૃત્તિઓ, સંગઠન અને કામકાજનું પ્રતિબિંબ તેમનાં દફતરમાં પડે છે. બધી સંસ્થાઓમાં સરકાર એ મોટી સર્જક સંસ્થા છે. જેના જુદા જુદા ખાતાંઓ જુદા જુદા દફતરો તૈયાર કરે છે. દફતરની બીજી ખાસિયત એ છે કે દફતર એ કોઈ ખાસ હેતુ માટે તૈયાર કરવામાં આવે છે. જે ભવિષ્યમાં સર્જક સંસ્થાને કાયદાકીય રીતે અથવા પ્રવૃત્તિઓ માટે ઉપયોગી થાય. દફતરની મુખ્ય સર્જક સંસ્થાઓ ત્રણ છે. (1) જાહેર સંસ્થા (2) અર્ધજાહેર સંસ્થા (3) ખાનગી સંસ્થા જાહેર સંસ્થાઓમાં મુખ્ય સરકારની સંસ્થાનો સમાવેશ થાય છે. સરકારનો વહીવટ સાચવવામાં જે કાગળો તૈયાર થાય છે. તેને દફતર તરીકે ગણવામાં આવે છે. અર્ધજાહેર સંસ્થામાં નિગમો, બિન રાષ્ટ્રીયકૃત બેંકો, સ્વતંત્ર એકમો જે જાહેર સંસ્થાઓના નિયમો પ્રમાણે કામ કરે તેવા ગણાવી શકાય, ખાનગી સંસ્થાઓ એ ખાનગી દુકાનો, કારખાના, શાળાઓ, મહાશાળાઓ, કુટુંબો અને વ્યક્તિ વગેરેનો સમાવેશ થઈ શકે છે.*

### 2.4.4 દફતર અંગેનો અધિકાર

*દફતરની બીજી લાક્ષણિકતા છે એના અધિકારની અથવા બીજા શબ્દોમાં કહીએ તો કાનૂની અસર ધરાવતા કામકાજના સીધા કે આડકતરા પરિણામ તરીકે તેનું અસ્તિત્વ છે. આ વિશિષ્ટતામાંથી દફતર સંચાલનનો બીજો મુખ્ય સિદ્ધાંત ઉદ્દભવે છે કે તે ન્યાયની અદાલતમાં કામકાજના પુરાવા તરીકે સ્વીકાર્ય બને તે માટે કોઈ બાહ્ય ચેડા દફતર સાથે ન થાય તે માટે દફતર હંમેશા સર્જકના કબજામાં હોવું જોઈએ જેથી તે શ્રદ્ધેય પુરાવા તરીકે માન્ય રહે.*

### 2.4.5 દફતરોની સજીવતા-ક્રમિકતા

*દફતરોની એક અગત્યની લાક્ષણિકતા તેની ક્રમિકતામાં રહેલી છે. દસ્તાવેજનો પ્રત્યેક ભાગ અગાઉના ભાગો સાથે આનુસાંગિક જોડાયેલો હોય છે અને તે ભાગ વડે અગાઉના ભાગોની વિસ્તૃત સમજણ આપે છે. દફતરના ભાગોનો ક્રમ બદલવાથી તેમાં લખાયેલી માહિતીનો ક્રમ પણ બદલાઈ જાય છે. પરિણામે તેના અભ્યાસ સમયે થતું અર્થઘટન ઊલટું અને વિકૃત બને છે. દફતરોમાં રહેલી હકીક્તોને ક્રમબદ્ધ રીતે જાળવી રાખવી હોય તો દફતરના મૂળ ક્રમમાં ફેરફાર થવા દેવો જોઈએ નહિ અને તેનો મૂળ ક્રમ જાળવી રાખવો જોઈએ. કામકાજની પ્રગતિને લગતાં દફતર સ્વાભાવિક રીતે જ વૃદ્ધિ પામે છે. ફાઈલોનો પ્રત્યેક*

*ભાગ અગાઉના ભાગ કે ભાગોને આનુષંગિક હોય છે. તે ભાગને આ અગાઉના ભાગો સમજાવી વિસ્તૃત કરે છે.*

### 2.4.6 દફતરોનું સમગ્રપણું

*દફતરની એક અગત્યની લાક્ષણિકતા તેના સમગ્રપણામાં રહેલી છે. દફતરોની શ્રેણી સંપૂર્ણ હોય તો જ તેનું મૂલ્ય ગણવામાં આવે છે. તેથી દફતરમાંથી એક પણ દસ્તાવેજ અથવા તેનો ભાગ ગુમ થાય કે નાશ પામે તો વહીવટી માર્ગદર્શન માટે કે સંશોધનના અર્થઘટન માટે અર્થહીન બની જાય છે. તેથી વિવિધ વિનાશક પરિબળો સામે દફતરની સાચવણી કરવી અત્યંત આવશ્યક છે.*

## 2.5 દફતરોનું મહત્વ

*વર્તમાન સમયની માફક પ્રાચીન સમયે પણ દફતરોની ઉપયોગિતાને આવકારીને તેના સંરક્ષણની વ્યવસ્થા માટે ખાસ પ્રયાસો હાથ ધરાયા હતા. પ્રાચીન જગત અને પ્રાચીન ભારતમાંથી પ્રાપ્ત પુરાવાઓએ સાબિત કર્યું છે કે રાજય વ્યવસ્થામાં દફતરની વ્યવસ્થા અલાયદી કરવામાં આવતી હતી. રાજય વહીવટ મુખ્ય દફતરો ઉપર નિર્ભર રહેતું. આથી દફતરોનું રાજકીય મૂલ્ય અનેકગણું અંકાતું હતું. માત્ર રાજકીય ક્ષેત્રે જ નહિ, પરંતુ ધાર્મિક ક્ષેત્રે પણ દફતરોની મહત્વતા અંકાતી હતી.*

*વર્તમાન સમય માહિતી અને જ્ઞાન પ્રસારણનો ઘટાવી શકાય છે. ઝડપથી પરિવર્તન પામતા યુગ સાથે ટકી રહેવા માટે તથા કોઈ પણ ક્ષેત્રના વહીવટને સુચારું, ઝડપી અને કાર્યદક્ષ બનાવવા માટે અનેકવિધ સાધનોની તાતી જરૂરિયાતો અનુભવાય છે. જયારે ભૂતકાળમાં આદરેલા કાર્યો ભાવિ અને વર્તમાન માટે માર્ગદર્શક બનતા જાય છે. દફતરો ભલે મૂંગા હોય, પરંતુ સંશોધકો તેને વાચા આપી બોલતા કરે છે. તેમાં સંગ્રહિત માહિતીનો વિનિયોગ કરીને માનવ જીવનના વિવિધ પાસાઓ વિશે ઐતિહાસિક અને સાંસ્કૃતિક બાબતો પર પૂરતો પ્રકાશ પાડે છે. સાંપ્રત સમયે જ્ઞાનનો પ્રવાહ વહેતો થયો છે ત્યારે દફતરની ઉપયોગિતા અને મહત્વ અનેકગણું વધતું જાય છે. અભિલેખાગારો સમય સાથે નષ્ટ પામતા દફતરો ઉપર સત્યનો પ્રકાશ ઉજાગર કરે છે. વિલીન થતા ભૂતકાળની વિરાસતને નૂતન તકતી ઉપર જાળવી રાખે છે. તેથી જ દરેક રાષ્ટ્રે અભિલેખાગારોને સાંસ્કૃતિક અને વહીવટી ક્ષેત્રની દૃષ્ટિએ મહત્વનું સ્થાન આપ્યું છે. પ્રત્યેક ઇતિહાસના પાસાંઓનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરવો હોય, રાષ્ટ્રને કલ્યાણકારી બનાવવું હોય તેમજ પ્રતિદિન વહીવટીતંત્રને સુદ્રઢ અને સુલભ બનાવવું હોય તો દફતરનું મહત્વ અને ઉપયોગિતા ખૂબ જ સેવાય છે.*

અલબત્ત વર્તમાન સમયે ઐતિહાસિક, વહીવટી, પુરાવાકીય અને શૈક્ષણિક ક્ષેત્રે દફતરનું મૂલ્ય ભારોભાર અંકાય છે. અભિલેખાગારમાં સંગ્રહિત દફતરોના માધ્યમથી ભૂતકાળની વાસ્તવિક પરિસ્થિતિનો સાચો તાગ મેળવી શકાય છે. પ્રથમ વિશ્વયુદ્ધ પશ્ચાત ઈતિહાસ લેખન પ્રણાલિકાને ઝડપી વેગ મળ્યો તો બીજી બાજુ રાજય વ્યવસ્થા અને કાયદામાં સુધારા-વધારાની તાતી જરૂરિયાત ઊભી થવા લાગી, તેના ફળસ્વરૂપ દફતરોનાં અભ્યાસ થકી ભૂતકાળના નિર્ણયો તપાસી અગાઉની ભૂલોનું પુનરાવર્તન થતું અટકાવી શકાય તેમજ યોગ્ય ફેરફારો સાથે નવી વ્યવસ્થા સ્થાપિત કરવા માટે દફતરોનું મહત્વ ખૂબ જ વધી જાય છે.

સરકારી, અર્ધસરકારી અને ખાનગી સંસ્થાઓની કામગીરીથી સર્જાયેલા કાયમી દફતરો જેમ જેમ સમયાતીત થતા જાય છે તેમ તેનું વહીવટી અને પ્રશાસકીય મૂલ્ય ક્રમશઃ સામાન્ય રીતે ઓછું થતું જાય છે. રાજય, સરકાર કે સર્જક સંસ્થા માટે આવા દફતરો બોજારૂપ બનતા હોય છે, પરંતુ ઐતિહાસિક સંશોધન બીજા કેટલાક વિદ્યાશાખાના અભ્યાસ, સંશોધન અને આલેખન માટે બિન-ઉપયોગી અને સમયાતીત દફતરોનું મહત્વ આવકારવામાં આવે છે. જે ભૂતકાલીન પ્રસંગો, ઘટનાઓ, સમાજ વ્યવસ્થા અને રાજકીય પ્રણાલિકાની સુદઢ અને સૂક્ષ્મ માહિતી જો કોઈ આપતું હોય તો તે છે એક માત્ર દફતર.

જર્મન દફતરવિદ્દ એડોલ્ફ બેબ્રેકી જેમણે વર્ષો સુધી પર્શિયન પ્રિવિસ્ટેટ આર્કાઈવ્ઝ માટે કામ કર્યું હતું. તે પોતાના ગહન દફતરો પ્રત્યેના જ્ઞાનથી દફતરનું ઐતિહાસિક મહત્વ જણાવતા લખે છે કે, "કોઈ તેમની સમગ્ર કાયદાકીય માળખાં દ્વારા અસ્તિત્વમાં આવેલા દફતરો કે, જે ભૂતકાળના ઉદ્દભવના પુરાવા તરીકે કામ કરે, તેને ખાસ સ્થળે કાયમી સુરક્ષિત રાખવાનો અભિગમ હોય છે. આ અર્થમાં ભૂતકાળના કે વર્તમાનના દફતરોની સાચવણી માત્ર ભાવિ માર્ગદર્શન માટે નહિ પરંતુ સમયના સાચા ઈતિહાસને સમર્થન આપશે તે ખરેખર લેખક, સંશોધનકર્તા અને વહીવટીકર્તાને જરૂરી ઐતિહાસિક માહિતી પૂરી પાડવા સક્ષમ નીવડશે"

ઈતિહાસ માનવીના અનુભવોનું વિવરણ છે. ઈતિહાસકારો પ્રમાણોના આધારે આવા વિવરણો તારવે છે. અનેકવિધ ક્ષેત્રોમાં માનવીના પુરુષાર્થની મથામણોને જાણવાનું એક માધ્યમ લિખિત દફતર છે. ઈતિહાસ માટેની આવી દફતરી સામગ્રીને સાચવવાનું કાર્ય અભિલેખાગાર કરે છે. દફતરો ઈતિહાસને તટસ્થ અને શ્રદ્ધેય માહિતી પૂરી પાડે છે. ખાસ કરીને 19મી અને 20મી સદીની સ્વરાજની સ્થાનિક લડતો, સમાજ સુધારણાની ઝૂંબેશો, આર્થિક અવદશા, ધર્મોનો ફેલાવો, સાંસ્કૃતિક પુનરુત્થાન વગેરેની આધારભૂત અને યથાર્થ

માહિતી પ્રજા સમક્ષ રજૂ કરવાનું કાર્ય દફતરો કરે છે. આથી જ દફતરો અને અભિલેખાગારો હવે વિશિષ્ટ પ્રકારની હકીકતોની બેંક છે.

લોકશાહી કલ્યાણ રાજયમાં રોજબરોજના વહીવટ માટે ચોક્કસ પૂર્ણ હકીકતની આવશ્કતા જણાય છે ત્યારે ઈતિહાસના અન્વેષણ માટે દફતરોમાં સુરક્ષિત વૈવિધ્યપૂર્ણ માહિતી અનિવાર્ય બને છે. જેમકે આપણી રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની લડતમાં યુવાનો અને વડીલોએ ભાગ લીધાની માહિતીથી પરિચિત છીએ, પરંતુ કિશોરોએ આઝાદીના સંગ્રામમાં ભાગ લીધાની હકીકતથી અજાણ છીએ, પરંતુ દફતરો તેની વાસ્તવિકતા રજૂ કરે છે. ઉદાહરણરૂપે પંજાબના ગૃહખાતાની દફતરી ફાઈલ તપાસતા જણાશે કે યશપાલ નામના બાળ ક્રાંતિવીરને રીફોર્મેટરી સ્કૂલે મોકલાવવાની માહિતી સચવાયેલી છે તો 10 થી 11 વર્ષનો કહાનચંદ "બાળ ભારતસભા"નો પ્રમુખ હતો. જેને અસહકારની ચળવળમાં ભાગ લેવા બદલ અમૃતસરની એક સભામાં વાંધાજનક ભાષણ માટે અટકાયતમાં લીધો હતો જયારે 11 વર્ષના શિવકુમારને ત્રણ માસની સખત કેદની સજા થઈ હતી, કારણ વિલાયતી સિગારેટના પ્રતિબંધ માટે લોકોને સમજાવતો હતો.

દફતરનું સંશોધનાત્મક મૂલ્ય અનેરું છે કારણ કે દસ્તાવેજો ઉપરથી વિવિધ પ્રકારના તારણો કાઢી શકાય છે. તેમ છતાં સંશોધન અંગેના મૂલ્યો સમયના બદલાવ સાથે બદલાતા રહે છે. સિત્તેર વર્ષ અગાઉ ભારતીય ઈતિહાસનું અવલોકન રાજકીય બાબતો પર વધારે કેન્દ્રિત હતું, પરંતુ આઝાદી પછી તેમાં સામાજિક અને આર્થિક વગેરે ક્ષેત્રના વલણો અને વિચારોનો અભ્યાસ થવા પામ્યો હતો. દફતરો ચાલુ પ્રવૃત્તિના સંદર્ભમાં સ્મરણ શક્તિના સંગ્રાહક તરીકે બનેલી ઘટનાના પુરાવારૂપે જયાં સુધી દફતરો જીવંત અને પ્રવૃત્ત છે ત્યાં સુધી સર્જનકર્તાને ઉપયોગી છે તેમજ ઈતિહાસના સ્રોત તરીકે કિંમતી છે. દફતરો વિસ્તૃત પ્રવૃત્તિને ક્રમિક રીતે સમાવી તેના કેન્દ્રીય વિકાસનું ચિત્ર રજૂ કરે છે.

આર્થિક વિકાસના સંદર્ભે દફતરોનું મહત્વ ખરું જ અભિલેખાગારમાં સંગ્રહિત દફતરોના માધ્યમ થકી ભૂતકાળમાં પ્રવર્તતી ચીજવસ્તુઓના ભાવની ઝાંખી કરી શકાય છે. ભૂતકાળમાં ચલણમાં વપરાતી ચીજો તેની કિંમત, તોલ, માપ વગેરેનો ખ્યાલ આવે છે અને પ્રવર્ત ભાવ સાથે તેની તુલના કરી શકાય છે. આથી ઉત્પાદકો, વેપારીઓ અને પ્રજાજનોને જરૂરી ચીજવસ્તુ નિશ્ચિત ભાવે મળે તેવા નિર્ણયો કરવામાં પ્રશાસન અને સરકારને અનુકૂળતા પ્રાપ્ત થાય છે. જુદા-જુદા સમયે રાજયની આવક-જાવક, ખર્ચ, દુષ્કાળ, ખેતી, બંદર, ઉદ્યોગ, વેપાર-વાણિજય વગેરે અર્થતંત્રના વિભિન્ન પાયાઓની પ્રવર્તી પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

દિલ્હી પ્રદર્શનમાં રજૂ થયેલા દફતરો આધારિત 100 વર્ષ પૂર્વેના આર્થિક સ્થિતિની તુલના કરતા રસેશ જમીનદાર નોંધે છે કે, "ઈ.સ.1857માં દિલ્હીમાં 1 રૂપિયાનો 22 શેર લોટ, 39 શેર ઘઉં, 2 શેર ઘી કે 9 શેર ગોળ કિંમતે મળતા હતા. 100 વર્ષ પછી એ જ નગરમાં અર્થાત્ ઈ.સ.1957માં 1 રૂપિયાના 1 કિલ્લો, 2 શેર ઘઉં, 5 અધેળાઈ ઘી અને 2 શેર ગોળ કિંમતે મળતા હતા." આ રીતે 100 વર્ષના ગાળા દરમિયાન ચીજવસ્તુના ભાવમાં કેટલો વધારો તથા તફાવત સર્જાયો તેનું સ્પષ્ટ જ્ઞાન થઈ શકે છે. આ રીતે દફતરોમાંથી વેપાર-વાણિજયના આર્થિક પાસાંઓની જાણકારી મેળવી શકાય છે. દફતરોની સૌથી વધારે મહત્વતા વહીવટી ક્ષેત્રે જણાય છે. કારણ કે દફતરનો જન્મ જ વહીવટી પ્રણાલિકાને આધીન થયો છે. સમય જતાં આવા બિન-ઉપયોગી દફતરો વહીવટી ક્ષેત્રે કાર્યક્ષમતા સ્થાપવા સહાયભૂત બને છે. અગાઉ કેવા નિર્ણયો લેવાયા તેમાં ફેરફારની કેટલી આવશ્યકતા છે અને તેનાથી વધારે સારા નિર્ણયો ઘડી શકાય તેવા માર્ગદર્શન માટે દફતરનો આશરો લેવામાં આવે છે. જેમકે યુદ્ધ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, રોગચાળો વગેરે આપત્તિઓ સમયે ઉદ્દભવેલી વિકરાળ પરિસ્થિતિને થાળે પાડવા માટે પ્રશાસનિક વહીવટીતંત્રે અને સામાજિક સંસ્થાઓએ આયોજનબદ્ધ પૂર્વ તૈયારી સાથે અનેક પ્રકારની કામગીરીઓ હાથ ધરવી પડતી હોય છે. જો તેમાં સહજ પણ ઊણપ સર્જાય તો બધું જ કામ એળે જાય છે. આ માટે ભૂતકાળમાં બનેલા બનાવો સમયે તાત્કાલિક પ્રશ્નોના નિરાકરણ માટે કેવા પ્રકારના નિર્ણયો લેવાયા હતા. તેના અહેવાલ અને પુરાવાઓ અભિલેખાગારમાં દફતરના સ્વરૂપે સુરક્ષિત છે. તેના અભ્યાસથી વર્તમાન કે ભવિષ્યમાં સર્જાતી ભયંકર પરિસ્થિતિના નિવારણ માટે યોગ્ય નિર્ણયો હાથ ધરી શકાય છે.

"No Administraion, No Record's" આ વાક્ય અનુસાર દફતરો વહીવટી ક્ષેત્રે વહીવટકર્તા માટે ઘણા ઉપયોગી સાબિત થયા છે. આ અંગે સર હિલેરી જેકીન્સને તેના પુસ્તક "Manual for Archives Administraion" માં દફતરોનું વહીવટી ક્ષેત્રે મહત્વ જણાવતા લખે છે કે, "કોઈ પણ દફતર ભંડાર એક એવું સ્થાન છે. જેના કોઈ જવાબદાર વ્યક્તિ કે વ્યક્તિઓની માહિતી જે ભાવિ વારસદાર માટે અગાઉની પ્રક્રિયા માટે સચવાય છે. આ અર્થમાં દફતર ભંડારો કોઈ એક સંસ્થા કે વ્યક્તિ દ્વારા તેની પ્રવૃત્તિઓ દરમિયાન તૈયાર આપેલા દસ્તાવેજોનો સુવ્યવસ્થિત સંચય કરે છે અને જે સંસ્થા કે વ્યક્તિ દ્વારા તેના વહીવટી અને સાંસ્કૃતિક હેતુની પૂર્તિ માટે સાધન બને છે."

દફતરો સરકારને તેના કાર્યો સિદ્ધ કરવા સારું પ્રમુખપણે કયા વહીવટી ઉપકરણો વપરાયા તે વિશેનો ખ્યાલ આપે છે અને નાણાંકીય તથા કાયદાકીય જવાબદારીઓની પરિપૂર્ણતાના પુરાવાઓનો સંગ્રહ કરે છે. જે તે સરકારના કાર્યો સારી રીતે સમજાવવા સારું જરૂરી બને છે.

સરકારની સાતત્યતા અને સમધારણા માટે જરૂરી એવા કચેરી કાર્યના અનુભવોનો સંગ્રહ આ દફતરમાં કરવામાં આવે છે. જેથી કરી તેના કાર્યો માટેની નીતિ-નિર્ણયાત્મકતા સ્થાપવામાં સામાજિક અને આર્થિક બાબતોનો ઉકેલ લાવવા દફતરો વહીવટી કૌશલ્ય માટે જરૂરી વિગતો પૂરી પાડે છે.

દફતરો વિશ્વનો પ્રાથમિક માહિતી આપતો એક અગત્યનો સ્રોત છે. દફતરો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અધિકૃત હોવાથી માહિતી વિજ્ઞાન ક્ષેત્રે દફતરનું અગત્યનું સ્થાન છે. દફતરો વહીવટી ક્ષેત્રે માર્ગદર્શક છે. ભૂતકાળમાં નિશ્ચિત કરેલા નીતિ-નિયમો જે હેતુઓને કેન્દ્રમાં રાખીને ઘડવામાં આવ્યા હોય, તે અનુસાર કેટલાક પ્રમાણમાં અને કેવી ગુણવત્તા સભર કાર્ય પાર પડયું તે અંગેની માહિતી દફતરો પૂરી પાડે છે. કોઈ પણ સંસ્થા, સંગઠન કે કચેરી દફતરનો આધાર લઈ નવા નીતિ-નિયમનું ઘડતર કરે છે. દફતરોની સહાયતાથી કોઈ પણ નીતિ-નિયમ, યોજના કે આયોગની રચનાનું પુનરાવર્તન થતું અટકાવી શકાય છે. આમ ભૂતકાળ અને આજના નિર્ણયો, કાયદાઓ, ધારા-ધોરણોમાં વિસંગતતા ઊભી ન થાય તે માટે દફતરનો સંદર્ભ લેવામાં આવે છે.

સરકારી, અર્ધસરકારી કચેરીઓ માટે દફતરો માર્ગદર્શિકા સમાન છે. તેવી જ રીતે ખાનગી વ્યક્તિઓ માટે હક્ક દાવા પુરાવા માટે દફતરો તેટલા જ ઉપયોગી બને છે. અભિલેખાગારમાં ઐતિહાસિક મહત્વ ધરાવતા બંધારણીય ઘોષણા પત્રકો, વટહુકમો, સંધિ, કરાર વગેરે શાસ્ત્રકીય દસ્તાવેજોની અસલ પ્રતો સચવાયેલ હોય છે. જે અભ્યાસ અને વિવાદ વખતે પુરાવા તરીકે અગત્યના પુરવાર થાય છે. મ્યુનિસિપાલિટી તથા તેના જેવી અન્ય સાંસ્થાનિક સંસ્થાઓના દસ્તાવેજો નાગરિકોના નાગરિકત્વ હક્કોના પુરાવા બને છે. જન્મ, મરણ અને લગ્ન અંગેના દફતરો નાગરિકોના જન્મસિદ્ધ નાગરિકત્વના હક્કો સાબિત કરે છે. મિલકતની અદલા-બદલી, ખરીદી અને ભેટ વગેરે વારસા અંગેના ઝઘડાઓ, વિવાદોમાં દફતરો આવા પ્રશ્નોના નિરાકરણમાં તટસ્થ નિર્ણય રજૂ કરવા નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ચૂંટણી અંગેના દસ્તાવેજો નાગરિકના દેશની સરકારમાં ભાગીદાર બનવાનો પુરાવો આપે છે.

ફોજદારી અને દિવાની જેવા પ્રશાસનિક વિભાગોમાં અવાર-નવાર મુકદમાઓ અંગે તથા કેટલીક વિગતોમાં સમર્થનમાં દફતરોની હયાતી સેવાય છે જયારે ન્યાયાલય તરફથી તેને આધાર પુરાવા તરીકે મંગાવવામાં આવે ત્યારે અભિલેખાગારમાં સંગ્રહિત દફતરો અને દસ્તાવેજો ઐતિહાસિક કાનૂની પુરાવા તરીકે આપણા અગત્યના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે મદદરૂપ બને છે. આ પ્રમાણે દફતરો જે-તે સંસ્થાએ વિકાસના સંદર્ભે લીધેલા અંતિમ

નિર્ણયો, ઠરાવોનું વિશ્વસનીય અને પ્રમાણભૂત સાહિત્ય છે. આથી સાધન પુરાવા તરીકે તેની ઉપયોગિતા અગત્યની છે.

શૈક્ષણિક ક્ષેત્રના વિકાસમાં અભિલેખાગારનું મહત્વ ખૂબ જ છે. આધુનિક સમયે વિવિધ વિષયોના સંશોધન માટે જરૂરી માહિતી પુરાવાઓ મારફતે પ્રાથમિક કક્ષાની જાણકારી દફતરો પૂરી પાડે છે. તેથી જ સંશોધકો, વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિદ્વાનોના અધ્યયન, સંશોધન માટે અભિલેખાગારો ખુલ્લા રાખવામાં આવ્યા છે. શિક્ષણમાં શિક્ષકો વિદ્યાર્થીઓને અભિલેખાગારોમાં સંગ્રહિત દફતરોના ચોક્કસ ઉપયોગથી માહિતી તથા સંશોધન માટે જરૂરી માર્ગદર્શન મળી શકે રહે છે. તેથી સંશોધન ક્ષેત્રોની પ્રવૃત્તિઓના વિકાસ માર્ગો ખુલે છે. અભિલેખાગાર વતી સમયાન્તરે ઓડિયો વિઝ્યુઅલ મારફતે દફતરોની જાણકારી વાર્તાલાપ, સેમિનાર, પ્રદર્શન વગેરે શિક્ષણને લગતી પ્રવૃત્તિઓ યોજીને શિક્ષણના ક્ષેત્રે દફતરોની અગત્યતા તરફ વિદ્યાર્થીઓ અભિમુખ કરવામાં આવે છે. તદુપરાંત અભિલેખાગારો દ્વારા પ્રકાશિત થતા દફતરો આધારિત સંશોધિત પ્રકાશનો પણ જરૂરી માહિતી પીરસે છે. અભિલેખાગારોની લાયબ્રેરી શૈક્ષણિક સંશોધન માટે ઉપયોગી માહિતી પૂરી પાડી અને જ્ઞાનનું આદાન-પ્રદાન કરે છે.

અભિલેખાગારોમાં આધુનિક ટેક્નોલોજીનો વિકાસ વ્યાપક બનતા દફતરની જ્ઞાનાત્મક માહિતી શૈક્ષણિક ક્ષેત્રે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. સાંપ્રત સમયે યુનિવર્સિટીઓ અને મહાશાળાઓના અભ્યાસમાં નવા વિષયોના સંશોધનમાં સ્પેશ્યલાઈઝેશન વધ્યું છે જેણે દફતરોના મહત્વને વિકસાવ્યું છે, સંશોધિત લેખો, સામયિક, પત્રિકાઓ, સમાચારપત્રો, પુસ્તકો અને ફાઈલો, ફોટોગ્રાફ, નકશા તથા સાઉન્ડ રેકોડીંગ સ્વરૂપે દફતરો પણ હોઈ શકે છે. જે સ્થાનિક, ઐતિહાસિક પ્રસંગોને વાગોળતા હોય છે. આમ, માનવસર્જિત દફતરો માનવી કે સંસ્થાના ભૂતકાળને તાદૃશ્ય કરે છે.

વિશ્વની ઘણી શાળામાં શૈક્ષણિક વર્ગો દરમિયાન અભ્યાસના સંદર્ભે પ્રાથમિક સાધનો ઉપયોગમાં લેવાય છે. જે પ્રણાલિકાગત પાઠય પુસ્તકોને પૂરક બને છે જે શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરે છે તે અચૂક અભિલેખાગારનો ઉપયોગ શિક્ષણ કાર્યમાં કરે છે. તેમાં પણ ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં દફતરો અસરકારક પુરાવારૂપ બને છે. અભિલેખાગાર સાથે શિક્ષણના સહયોગથી મૂળ દસ્તાવેજ દ્વારા અભ્યાસ સંભવે છે. જેનાથી સંબંધિત માહિતીનું એકત્રીકરણ, સંકલન અને અર્થઘટનના ગુણો ખીલી શકે છે. વિદ્યાર્થી સમૂહમાં દફતરોનો અભ્યાસ કરતા હોવાથી સહકારની ભાવના ખીલે છે.

*આ પ્રમાણે દફતરો બાળકો અને યુવાન વિદ્યાર્થીઓને ભવિષ્યના પીઢ અને કુશળ સંશોધકો બનાવી શકે છે.*

*શાળાઓ અને મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમ સાથે સુમેળ ધરાવતા હોય તેવા દફતરોની ઓળખ આપી વિદ્યાર્થીઓને સત્યથી વાકેફ કરી શકાય છે. દફતરો સામાન્ય રીતે વહીવટનું સાધન છે. સંગઠન કે સંસ્થાની સ્મૃતિ છે તેમજ કાયદાકીય રીતે હક્કોના રક્ષક છે. તેની સાથે સંકળાયેલી અનેક માહિતીનો અનુપમ સ્રોત છે. જે અનુભવોની સ્મૃતિને સાકાર કરનાર મહાન શક્તિ છે તેવી જાણકારી વિદ્યાર્થીઓને દફતરના માધ્યમથી આપી શકાય છે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વિવિધ ચિત્રો, નકશા, મહાન વિભૂતિના આલ્બમ, ટપાલ, ટિકિટો વગેરે દફતરી સામગ્રીના નિદર્શન દ્વારા સારી રીતે શિક્ષણ આપી શકાય છે. કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓને દફતરોમાં શું હોય છે ? દફતરોની સહાયક સામગ્રી કઈ છે ? વિવિધ ઘટનાઓથી કઈ રીતે દફતરો ઉત્પન્ન થયા ? જે સંશોધકોને કઈ રીતે ઉપયોગી બની શકે છે ? તદુપરાંત દફતરોની લિપિ, ભાષાનું જ્ઞાન તત્કાલીન સમયની શૈલી, પર્યાય શબ્દો અને તેના અર્થો, વિવિધ સંવતો તેમજ ઐતિહાસિક જ્ઞાનની જાણકારી શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. આ રીતે દફતરોને શિક્ષણમાં સાંકળીને વિદ્યાર્થીઓને જે તે વિષયોનું જ્ઞાન આપવામાં આવે છે.*

*રાષ્ટ્ર કે રાજ્યના નવા નિર્માણમાં તેમના આયોજન તેમજ વિકાસની કૂચમાં ઉપયોગી સૂચનો જરૂરી પ્રેરણા અને અગત્યની માહિતી દફતરોમાંથી પ્રાપ્ત થાય છે. દફતરોનો ઉપયોગ રાષ્ટ્રના પુનઃનિર્માણના દૃષ્ટિકોણથી અવશ્ય થવો જોઈએ કારણ કે, દફતરો એક તરફ સુધારા કેવી રીતે થયા ? તેને કેવી સફળતા કે નિષ્ફળતા મળી ? તેના અમલમાં કેવા વિઘ્નો આવ્યા ? પ્રધાન મંડળની આંતરિક વિચારણા કેવા સ્વરૂપની હતી, તેની વિગતો દફતરોમાંથી પ્રાપ્ત થાય છે તો બીજી તરફ સ્થળ, કાળ અને પરિસ્થિતિના સંદર્ભમાં મુત્સદ્દીઓના, સુધારકોના, ધારાસભ્યોના તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવોના વિચારોના વ્યાપની ગુણવત્તાની માહિતી પણ પ્રાપ્ત થાય.*

*અલબત્ત મુખ્ય તો વર્તમાનમાં રજૂ થતા અથવા થયેલા મહત્વના સુધારાઓ વિશેની દરખાસ્તો, સંજોગોવશ દરખાસ્તોના આધારે થયેલા નિર્ણયો, તેનું અમલીકરણ અથવા તેનું ખંડન સ્વરૂપે અમલ અથવા નાણાના અભાવે અમલ મુલતવી રહ્યો હોય છે અથવા તેમના ભાવિ વિચારણા માટે અનામત રાખ્યા હોય કાં તો હેતુ પૂર્ણસર કેટલાકને દબાવી દેવાયા હોય અથવા તો ચૂંટણી સમયે સત્તાધીશોએ આપેલા વચનો વિરુદ્ધ જતા હોય અથવા કેટલાક શાસક વર્ગના સ્થાપિત હિતોનું રક્ષણ વિરુદ્ધ જતા હોય કાં તો પ્રજાના વિભિન્ન વર્ગોના*

આંદોલનને કારણે અમલમાં વિલંબ થયો હોય, તે જરૂરી સવાલોના અભાવે ઈચ્છા હોય તો પણ અમલ થઈ શકયો ના હોય છતાં આ બધા મુદ્દાઓને ધ્યાનમાં લઈને પણ વર્તમાનમાં કરવાના સુધારા માટે દફતરો સાધક-બાધક દષ્ટિએ ઉપયોગી ઉપરાંત પ્રેરણાદાથી બની શકે છે.

કોઈ પણ રાષ્ટ્રના પુનઃનિર્માણિના કાર્યક્રમમાં દફતરો મોટો ભાગ ભજવે છે. તેમાં પણ ખાસ કરીને લોકશાહી રાષ્ટ્રોમાં કે જ્યાં થોડા-થોડા સમયાંતરે શાસક સરકારમાં પરિવર્તનો આવતા હોય ત્યાં તેના નીતિ-નિયમો, ધારા-ધોરણો, યોજનાઓ, કરવેરા તથા આંતરરાષ્ટ્રીય સંબંધો વગેરેથી માહિતગાર થવા દફતરો અગત્યનું માર્ગદર્શન પ્રદાન કરે છે. દફતરોમાં ભૂતકાળની વિગતો નોંધાયેલી હોવાથી તે બધા જ પ્રકારના વહીવટી, નાણાંકીય તથા સામાજિક ઘડતર તથા ભૂતપૂર્વ સરકારના લક્ષ્યાંકો તથા સિદ્ધિઓ વિષયક માહિતીની અખૂટ ભંડાર સમાન છે. સાથો-સાથ જાહેર ચર્ચા તથા વિધાનસભાના ઠરાવોની વિગતો પણ રજૂ થયેલી હોય છે. તેમાંથી આજે ઘણી વિગતો પરંપરાગત ચાલ્યા આવતા ભૂતકાળના પ્રશ્નોના નિરાકરણમાં સહાયભૂત બને છે. લોકશાહી રાષ્ટ્રમાં ચૂંટાયેલા નેતાઓ, વહીવટકર્તાઓ તથા કાયદા ઘડનારાઓ ભૂતકાળને લક્ષમાં રાખી પ્રજા દ્વારા અને સુધારાઓની માંગણીઓને સંતોષવાનું કાર્ય કરે છે તે માટે સરકારની તેના વહીવટમાં સુધારા દાખલ કરવા, જે તે વિષયની સંપૂર્ણ નોંધ અભિલેખાગારો પૂરી પાડે છે. આ સંપૂર્ણ માહિતી સરકારને મહત્વના અંતિમ નિર્ણયો નિશ્ચિત કરવા મદદરૂપ બને છે અને રાષ્ટ્રનું ઉત્તમ કોટિનું નિર્માણ કરી શકાય છે.

આ પ્રમાણે અભિલેખાગારો રાષ્ટ્રીય સરકારની વિવિધ બાબતો વહીવટી કૌશલ્યો, પ્રજાકીય પુરુષાર્થ, જનસંપર્ક અભિયાન, સામાજિક ન્યાય સાથે સુસંગત નિર્ણયો વિગેરેની વિગતો પૂરી પાડે છે અને રાષ્ટ્રીય ઈતિહાસના બંધારણ માટે ગુપ્ત રીતે સેવા આપે છે. અભિલેખાગારો માનવ સંસ્કારના વારસાનું રક્ષણ અને જતન કરતા વિશાળ જ્ઞાનના સમૂહનું સંકુલ છે. વ્યક્તિ અને સરકારી ખાતાઓ વચ્ચે, વ્યક્તિ અને સંસ્થા વચ્ચે થયેલા પત્રવ્યવહારો રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક કે સામાજિક સંસ્થાઓની કામગીરીના અહેવાલો, નોંધો અને દસ્તાવેજો સરકારીતંત્રના કાગળો, ફાઈલો કે ઠરાવો, નોંધો, ખાનગી કે જાહેર પેઢીના વહીવટી કાગળો વિગેરે સમયાતીત થયેલા દફતરોને એકત્રિત કરી તથા સંકલિત કરી અને સાચવવાની કામગીરી અભિલેખાગાર કરે છે અને ભૂતકાલીન પ્રસંગો, બનાવો, ઘટનાઓ તથા સમાજ અને રાજકારણ વગેરેની જાણકારી માટે દફતરો અમૂલ્ય સાધન બની રહે છે.

*અલબત્ત સરકાર દ્વારા, સંસ્થાઓ દ્વારા હાથ ધરાતા વહીવટી, ધારાકીય અને પ્રજાકીય કાર્યોને કારણે રોજબરોજ સર્જાતા પત્રો, પત્રવ્યવહારો, નિવેદનો, પરિપત્રો જે ઘટના કે બનાવના પ્રમાણભૂત દસ્તાવેજો હોય છે. એટલે જાહેર, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થાઓના વહીવટી કામ કરનારાઓની કામગીરી દ્વારા સર્જાતા દફતરોમાં કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના વિચારો-વલણો કે કાર્યશૈલી તથા શાસકીય અભિગમ અંકિત થયેલા હોય છે. પ્રશાસનની સિદ્ધિઓ તેમની કાર્યપ્રણાલિકાઓ તેમનું વહીવટીતંત્ર, આર્થિક, સામાજિક ક્ષેત્રની યોજનાઓ વિશેના કાર્યક્રમો પ્રજા કલ્યાણના અભિગમો અને તેમના સંચાલન વ્યવસ્થામાં રહેલી ઊણપો તથા પક્ષપાતભર્યા નિર્ણયો, વલણો જેવી માહિતીનો ખજાનો દફતરોમાં સંગ્રહિત હોય છે. એટલું જ નહિ, પરંતુ અનુભવી મુત્સદ્દીઓ, વહીવટદારો, ધારા ઘડનારાઓના વિચારો અને તેમની વિલક્ષણ દષ્ટિને સંગ્રહિત કરે છે. ખાસ કરીને જન સમાજને લગતી વિશેષ પ્રકારની માહિતી દફતરોમાંથી પ્રાપ્ત થાય છે. અભિલેખાગારમાં સંગ્રહિત દફતરો મૂળગત રીતે વિશિષ્ટ અધિકારો ચોક્કસ હેતુ માટે નીમેલી સમિતિઓ તેની બેઠકો, અહેવાલો, વિભાગી વડાઓના નિર્ણયો, પ્રધાનોની અંગત નોંધો, સરકારના આદેશો, જાહેરનામા, અભિપ્રાયો, સભા ભાષણમાં વ્યક્ત થયેલા વિચારોના વૃત્તપત્રો તથા ધારાસભાની કાર્યવાહીમાં રજૂ થયેલા ઠરાવો જેવી બાબતો સાર્વભૌમ સત્તાની નીતિનો ખ્યાલ રજૂ કરે છે અર્થાત મૂંગા દફતરો સરકારના વ્યક્તિત્વને ઉપસાવવા અને સમજવામાં નિર્ણાયક રીતે સહાયભૂત બને છે.*

*આમ, માનવ વ્યવહારમાં મહત્વનો એવો એક પણ વિષય નથી કે જેના વિશે અગત્યની માહિતી દફતરોમાંથી પ્રાપ્ત થતી ન હોય, જીવન એવું સંકુલ બન્યું છે કે વ્યવહારમાં પરાવલંબન વધતું જાય છે. જ્ઞાનની સીમાઓ પણ વિસ્તરતી જાય છે. આ બધું સ્મૃતિમાં સંગ્રહિત કરવું મુશ્કેલ છે. તેથી જ માનવ જીવનને સરળ અને સુવિધાસભર બનાવવા માટે દફતરોની આવશ્કતા અને મહત્વ વર્તમાનમાં વિશેષ રહેલું છે.*

## 2.6 દફતરોની મર્યાદાઓ

1. *દફતરો મોટે ભાગે કાગળના દસ્તાવેજો આધારિત હોય. દફતરને આબોહવા, આગ, પાણી, ભેજ વેગેરેને લીધે નુકશાન પહોંચે છે. વિવિધ લેખન સપાટી પર લખાયેલા દફતરો પૈકી* 95% *જેટલા કાગળ ઉપર લખાયેલા હોય છે. કાગળ કાર્બનિક રેસામાંથી બનેલો પદાર્થ હોવાથી તેના પર આગ, પાણી, પ્રકાશ, ભેજ, ગરમી, રસાયણો, ધૂળ, જીવજંતુ વગેરેની ક્ષતિગ્રસ્ત ગંભીર અસર થાય છે. દફતરનું આયુષ ઘડનારા ચાર પરિબળોમાં ભૌતિક, રાસાયણિક, જૈવિક અને અન્ય ઘટકોનો સમાવેશ થાય છે,*

2. પ્રકાશ, ઉષ્ણતા, આદ્રતા, પાણી અને તેલ જેવા ભૌતિક પરિબળોને પરિણામે કાગળમાં વિવિધ રાસાયણિક પ્રવૃત્તિઓ થતી હોઈ છે. જેની અસરથી દફતરી કાગળ પીળા રંગનો બરડ બની જાય છે. આ પ્રમાણે કાગળ ક્ષીણ અને જર્જરિત બનતા નાશ પામે છે. સૂર્યપ્રકાશ અને કૃત્રિમ વીજળીના પ્રકાશથી કાગળ પીળો અને રંગહીન બને છે. કૃત્રિમ પ્રકાશથી કાગળમાં રહેલા સેલ્યુલોઝનું ઓક્સીકરણ થવા પામે છે જેથી રેસાઓ નબળા પડે છે. પરિણામે કાગળ બરડ અને પીળા રંગનો બને છે.'' ઉષ્ણતાની અસરથી કાગળ પીળો બને છે અને તેમાં રહેલી આદ્રતા (ભેજ) ઓછી થતા કાગળ બરડ બની છેવટે કથ્થઈ થઈને બળી જાય છે. જો કાગળને 100° અને 102° સે ઉષ્ણતાપમાને 72 કલાક ગરમ કરવાથી તેના પર જે અસર થાય છે. 75 તેટલી અસર સામાન્ય પરિસ્થિતિમાં 25 વર્ષ સુધી જળવાતા કાગળમાં થાય છે. આમ, ઉષ્ણતાથી કાગળમાં રહેલા સેલ્યુલોઝના રેસાઓ વિસ્તરણ અને સંકોચન થતા નબળા પડે છે.

3. કાગળ ભેજ શોષક પદાર્થ હોવાથી આદ્રતા ધરાવતા વાતાવરણમાં કાગળ સહેજ ભીનો બને છે. જેથી સેલ્યુલોઝના રેસાઓ વચ્ચેનું જોડાણ નબળું પડે છે. કાગળમાં લખાણયુક્ત શાહી રેલાઈને દસ્તાવેજમાં ડાઘા પાડે છે. વધારે ભેજથી કાગળના પાનાં એક બીજા સાથે ચીપકી જાય છે" અને આદ્ર વાતાવરણમાં ઊંચા તાપમાને કાગળ ઉપર ફૂગ ઉત્પન્ન થાય છે અને તેની સાથે વિવિધ જીવાણુંનો ઉપદ્રવ વધે છે. જ્યારે આદ્રતા ઓછી થતા કાગળ શુષ્ક અને બરડ બને છે. 78 દસ્તાવેજી કાગળ પર પાણી પડવાથી કાગળના બંધારણીય સેલ્યુલોઝના રેસાઓ નબળા પડતા તે પોતાનો અસલ રંગ ગુમાવે છે. કાગળ પર પાણી પડવાથી ભેજનું પ્રમાણ વધે છે. જેના પરિણામે ફૂગનો ઉપદ્રવ વધે છે જે કાગળને બિનઉપયોગી અને ડાઘા રહિત બનાવે છે. તૈલી પદાર્થોને કારણે કાગળ પરના લખાણો અને શાહી રેલાઈ છે અને કાગળ પર ડાઘા અને ટપકા પડવાથી તેનું લખાણ સ્પષ્ટ વાંચી શકાતું નથી.

4. પ્રકાશ, ઉષ્ણતા, આદ્રતા, પાણી, તેલ વગેરે જેવા ભૌતિક પરિબળોથી દફતરોને નુકશાન થાય છે.

5. જૈવિક પરિબળો જેવા કે, રજતમીન, વંદા, ઊધઈ, ઉંદર, ખિસકોલી વગેરેથી પણ દફતરોને નુકશાન થાય છે.

6. રાસાયણિક પરિબળ રાસાયણિક પ્રક્રિયા, શાહી, વાયુ, ધૂળ, મેશ, ધાતુ વગેરેથી પણ દફતરોને નુકશાન થાય છે.

7. સૂક્ષ્મ જૈવિક પરિબળ જેવા કે ફૂગ, સૂક્ષ્મ જીવાણુ વગેરેથી પણ દસ્તાવેજો અને દફતરોને નુકશાન થાય છે.

8. કુદરતી આકસ્મિક પરિબળો જેવા કે પૂર, આગ, ધરતીકંપ વગેરેથી દફતરોને હાનિ થાય છે જે તેની મર્યાદા છે.

9. માનવીય પરિબળો જેવા કે યુદ્ધ, રમખાણ, ચોરી, બેદરકારી વગેરે પણ દફતરો માટે ક્યારેક ઘાતક પુરવાર થતા હોય છે.

10. દફતરોમાં ખાસ કરીને રાજકીય અને આર્થિક માહિતી વિપુલ પ્રમાણમાં મળી આવે છે, પરંતુ સામાજિક, સાંસ્કૃતિક વગેરે માહિતી બહુ ઓછી મળે છે.

11. ઘણી વખત દફતરોની માહિતીમાં અતિશયોક્તિ પણ જોવા મળે છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. દફતરોની એક લાક્ષણિકતા __________ છે.

2. દફતરોની સજીવતા એ __________ છે.

3. ઘણા બધા દફતરોના સંગ્રહસ્થાનને __________ કહેવામાં આવે છે.

4. ભૂતકાળની સુક્ષ્મ અને સચોટ માહિતી __________ પૂરી પાડે છે.

5.__________ એ દફતરના વિનાશ માટે એક જવાબદાર જૈવિક પરિબળ છે.

(2) દફતરોની લાક્ષણિકતાઓ ટૂંકમાં જણાવો.

## 2.7 સારાંશ

દફતર એટલે 'રેકોર્ડ' કોઈપણ વ્યક્તિ કે સંસ્થા કોઈપણ બાબત, સત્યઘટના અથવા બનાવ વિશે નોંધ રાખે અને તેનાં સંભારણાને સાચવી રાખવા માટે તે લખી રાખવામાં આવે તેને

'દફતર' કહે છે. આધાર સાધન સામગ્રી એ ઈતિહાસ લખવા માટે અનિવાર્ય આવશ્યકતા છે. ટૂંકમાં આધાર નહિ તો ઈતિહાસ નહિ, આ પ્રકારની સામગ્રી ત્રણ સ્વરૂપની હોય છે. પરંપરાગત, પુરાવશેષ અને લિખિત સામગ્રી. ભારતમાં ઈતિહાસની ખૂટતી કડીઓ મેળવવામાં આ ત્રણેય પ્રકારની સામગ્રી ઓછા-વત્તા અંશે ઉપયોગી બને છે. પરંપરાઓ લોકમુખે રમતી હોય, કંઠોપઠક પદ્ધતિઓ પેઢી દર પેઢી સચવાતી રહેતી હોય છે. ક્યારેક આ વાચિક સામગ્રી લિપિબદ્ધ પણ બને છે. લિખિત સામગ્રી સાહિત્યિક સામગ્રી તરીકે ઓળખાય છે. આ સામગ્રી મુખ્યત્વે કાગળ પર લખાયેલી કે છપાયેલી કે અન્યથા મુદ્રિત થયેલી હોય છે જે પછીથી દફતરમાં સચવાઈ રહે છે તેથી આ બધામાં દફતરનું અનેરું મહત્વ રહેલું છે.

## 2.8 ચાવીરૂપ શબ્દો

1. દસ્તાવેજ - અક્ષરો, લખાણ, આકૃતિ, ચિન્હ એક કે એકથી વધારે પદાર્થ ઉપર કોઈ બાબત દર્શાવી કે વર્ણવી હોય અને તેનો ઉપયોગ પુરાવારૂપે કરવામાં આવે તેવા સ્ત્રોતને દસ્તાવેજ કહે છે.
2. દફતર - દસ્તાવેજોના સમૂહને દફતર કહેવામાં આવે છે.
3. બિન સરકારી - સરકારી તંત્રમાં સેવા ના આપતું હોય અથવા જે સરકારી નથી તેવું.
4. સરકારી - બંધારણ દ્વારા નક્કી કરેલા નિયમો મુજબનું વ્યવસ્થાતંત્ર.
5. અભિલેખાગાર - દફતરોની વૈજ્ઞાનિક ઢબે સાચવણી, ગોઠવણી અને સંવર્ધન કરતી સંસ્થા એટલે અભિલેખાગાર.
6. સંગ્રહાલય - એવી જગ્યા કે જ્યાં પ્રાચીન સમયના દસ્તાવેજો, વસ્તુઓ, હથિયારો વગેરે સાચવવામાં આવે છે તેને સંગ્રહાલય કહેવામાં આવે છે.

## 2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(ક) (1) 1. Document 2. 3, 3. Record, 4. દફતર, 5. પ્રથમ.

(2) 2.3 ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.

(ખ) (1) 1. અદ્વિતીયતા, સજીવતા, મૂળભૂતતા, સમગ્રપણું વગેરે 2. લાક્ષણિકતા, 3.અભિલેખાગાર, 4. દફતર , 5. રજતમીન, ઊધઈ, વંદા, વગેરે.

(2) 2.4 ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.

## 2.10 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *નીચેનામાંથી કયા વિદ્વાન દ્વારા દસ્તાવેજની વ્યાખ્યા આપવામાં આવી છે ?*

   (A) *રુધરફોર્ડ* (B) *વિલિયમ સ્મિથ*

   (C) *હિલેરીય જેકીન્સન* (D) *ટોમ હાર્ડી*

2. *નીચેનામાંથી કઈ યુનિવર્સિટી દ્વારા દફતરની વ્યાખ્યા આપવામાં આવી છે ?*

   (A) *દિલ્હી* (B) *લંડન*

   (C) *પેન્સિલવેનીયા* (D) *ઑક્સફર્ડ*

3. *નીચેનામાંથી કઈ એક દફતરની લાક્ષણિકતા છે ?*

   (A) *અદ્વિતીયતા* (B) *ટકાઉ*

   (C) *પક્ષપાત રહિત* (D) *કોઈપણ નહી*

4. *નીચેનામાંથી કઈ એક દફતરની લાક્ષણિકતા છે ?*

   (A) *વફાદારી* (B) *લચીલાપણું*

   (C) *સજીવતા* (D) *કોઈપણ નહી*

5. *ઘણા બધા દસ્તાવેજ ભેગા કરીએ ત્યારે તેને નીચેનામાંથી શું કહેવામાં આવે છે ?*

   (A) *દસ્તાવેજો* (B) *દફતર*

   (C) *અભિલેખ* (D) *કોઈપણ નહી*

6. *ઘણા બધા દફતર ભેગા કરીએ ત્યારે તેને નીચેનામાંથી શું કહેવામાં આવે છે ?*

   (A) *દસ્તાવેજો* (B) *દફતર*

   (C) *અભિલેખ* (D) *અભિલેખાગાર*

7. *નીચેનામાંથી કયા વિદ્વાન દ્વારા અભિલેખાગારની વ્યાખ્યા આપવામાં આવી છે ?*

   (A) *રુધરફોર્ડ* (B) *સ્પેલેન્બર્ગ*

   (C) *હિલેરીય જેકીન્સન* (D) *ટોમ હાર્ડી*

8. દફતરોને નીચેનામાંથી કયા પરિબળથી હાનિ પહોંચે છે ?

(A) આગ (B) રજતમીન

(C) ઊધઈ (D) A, B, C ત્રણેય

9. દફતરોને નુકશાન પહોંચાડનાર જૈવિક પરિબળ કયું છે ?

(A) ઉંદર (B) રજતમીન

(C) ઊધઈ (D) A, B, C ત્રણેય

10. દફતરોને નુકશાન પહોંચાડનાર કુદરતી આકસ્મિક પરિબળ કયું છે ?

(A) આગ (B) રજતમીન

(C) ઊધઈ (D) A, B, C ત્રણેય

જવાબો : (1 - C ), (2 - D), (3 - A), (4 - C), (5 - B), (6 - D), (7 - B), (8 - D), (9 - D), (10 - A)

## 2.11 સ્વાધ્યાય

1. દસ્તાવેજ એટલે શું ?

2. દફતરની વિસ્તૃત વ્યાખ્યા આપો.

3. દફતરની લાક્ષણિકતાઓ વિષે વિસ્તૃત ચર્ચા કરો.

## 2.12 સંદર્ભો


1. *ગોહિલ મયુરસિંહ બી. "સૌરાષ્ટ્રના અભિલેખાગારોઃ એક અધ્યયન", અપ્રકાશિત પીએચ. ડી. મહાશોધ નિબંધ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, જુલાઈ-* 2015.
2. *જમીનદાર (ડૉ.) રસેશ. "દફતર વિદ્યાની વિભાવના" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ.* 1982.
3. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "ભારતમાં દફતરોનો વિકાસ અને ઉપયોગિતા" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2001.
4. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "દફતર વહીવટ, સંચાલન અને દફતર ભંડારની સહાયક સંસ્થાઓ" અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2004.
5. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "ઈતિહાસ સંસ્કૃતિની સાધન સામગ્રી અને પુરાવસ્તુવિદ્યા" અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2005.
6. *ધારૈયા, (ડૉ.) રમણલાલ કે., "ઐતિહાસિક પદ્ધતિ" અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ.* 1974.
7. *પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ગુજરાત રાજ્ય દફતર ભંડાર સંક્ષિપ્ત પરિચય પુસ્તિકા" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,* 1982.
8. *પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ભારતમાં દફતર વિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,* 1983.
9. *મહેતા (ડૉ.) રમણલાલ. "ઈતિહાસની વિભાવના." ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1982.
10. *શાહ નયનાબહેન. "ઈતિહાસઃ અર્થ અને મહત્વ," અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1999.
11. *શાસ્ત્રી નંદલાલ હરિપ્રસાદ, "ભારતમાં મ્યુઝિયમ" અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1984.
12. *"ઈતિહાસ સંશોધનમાં દફતરોનું મહત્વ" નિયામકશ્રી, ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતું, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,* 1983.

# એકમ : 3 દફતર ભંડાર તથા સંબંધિત સંસ્થાઓ અને તેના કાર્યો

## :: રૂપરેખા ::


**3.0 ઉદ્દેશ્યો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 દફતર ભંડારનાં કાર્યો**

- **3.2.1 રેકોર્ડની મોજણી**
- **3.2.2 રેકોર્ડનું કેન્દ્રીકરણ**
- **3.2.3 સંદર્ભ સૂચિ**
- **3.2.4 સંદર્ભ ગ્રંથાલયો**
- **3.2.5 આઝાદીની ચળવળ અંગેના રેકોર્ડ બાબત**
- **3.2.6 સંશોધન અને સંદર્ભ સેવા**
- **3.2.7 સાચવણી અને મરામત**
- **3.2.8 ડિસ્ટ્રીકટ રેકોર્ડ સર્વે સમિતિ તથા અન્ય સમિતિઓ**
- **3.2.9 મધ્યસ્થ દફતર કચેરીઓનું નિયમન અને સંચાલન**
  - **3.2.9.1 મધ્યસ્થ દફતર કચેરી, વડોદરા**
  - **3.2.9.2 મધ્યસ્થ દફતર કચેરી, રાજકોટ**
  - **3.2.9.3 જિલ્લા દફતર કચેરી, જૂનાગઢ**
  - **3.2.9.4 મધ્યસ્થ દફતર કચેરી, અમદાવાદ (ગાંધીનગર)**
  - **3.2.9.5 જિલ્લા દફતર કચેરી પોરબંદર**

**3.3 દફતર ભંડારની સહાયક સંસ્થાઓ**

- **3.3.1 રાષ્ટ્રીય અભિલેખાગાર (National Archives of India)**
- **3.3.2 રાજ્ય દફતર ભંડાર**
- **3.3.3 I.C.A. (International Council on Archives- આઈ.સી.એ.)**
- **3.3.4 I.H.R.C. (ઈન્ડિઅન હિસ્ટોરિકલ રેકોર્ડ કમિશન)**

**3.3.5 ભારતીય રાષ્ટ્રીય વૈજ્ઞાનિક પ્રલેખન કેન્દ્ર (ઈન્સડોક)**

**3.3.6 નેશનલ કમિટી ઓફ આર્કિવીસ્ટ (National Archivest of India)**

**3.3.7 ઈન્ટરનેશનલ આર્કિવલ જનરલ્સ એન્ડ પબ્લિકેશન્સ**

**3.3.8 ભારતીય ઈતિહાસ કોંગ્રેસ (Indian Historical Congress)**

**3.3.9 ઓફિસર ઇન્ચાર્જ નેશનલ રજિસ્ટર ઓફ પ્રાઈવેટ રેકોર્ડ્ઝ**

**3.4 સારાંશ**

**3.5 ચાવીરૂપ શબ્દો**

**3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**3.7 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**3.8 સ્વાધ્યાય**

**3.9 સંદર્ભો**

## 3.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે..*

- *દફતર ભંડારનાં કાર્યો વિષે જાણી શકશો.*
- *દફતર ભંડારની સહાયક સંસ્થાઓ વિષે માહિતી પ્રાપ્ત કરશો.*
- *ગુજરાતમાં દફતર ભંડાર ખાતાના તાબા હેઠળની કચેરીઓ વિશે માહિતી પ્રાપ્ત કરશો.*

## 3.1 પ્રસ્તાવના

*દફતરો જ્યારે ચાલુ તથા અર્ધચાલુ સ્થિતિમાં હોય ત્યારે તે દફતરોની હેરફેર-ગોઠવણી વગેરેની પ્રક્રિયા આ એક વહીવટી લાભકર્તા પ્રક્રિયા છે. દફતરોની વ્યવસ્થિત ગોઠવણી અને દફતરોની સુધારેલી સેવાઓના ઉપયોગથી વહીવટી કાર્યક્ષમતામાં વધારો થાય છે. ટૂંકમાં, દફતર સંચાલન એ દફતર ઉત્પન્ન થાય ત્યારથી તે દફતર નાશ થાય ત્યાં સુધીના દફતરોને વ્યવસ્થિત રાખવાની વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. દફતર ભંડાર* (Archives) *વહીવટ અને સંશોધનના એક ઉપયોગી સાધન તરીકે કાર્ય કરે છે અને તેના મુખ્ય કાર્યો આ પ્રમાણે છે.*

## 3.2 દફતર ભંડારનાં કાર્યો

### 3.2.1 રેકોર્ડની મોજણી

*ગુજરાત રાજ્યની વિવિધ સરકારી કચેરીઓમાં રાખવામાં આવેલ જૂના દેશી રાજ્યોના રેકોર્ડની મોજણી* (Survey) *કરી મૂલ્યાંકન* (Appraisal)*ની કામગીરી દફતર ભંડારના અધિકારી/કર્મચારીઓ દ્વારા કરાવી, બિન-ઉપયોગી રેકોર્ડની નિયમ પ્રમાણે નાશ કરવાની કામગીરી કરવામાં આવે છે અને કાયમી પ્રકારના રેકોર્ડને વૈજ્ઞાનિક ઢબે સાચવવા તેની જાણવણી માટે સૂચના કરી અને તેનો અમલ કરાવવાની કામગીરી કરવામાં આવે છે.*

### 3.2.2 રેકોર્ડનું કેન્દ્રીકરણ

*રાજ્યભરમાં આવેલી સરકારી કચેરીઓમાં રાખવામાં આવેલ જૂના દેશી રાજ્યોના દફતરમાંથી તેમજ ત્યારબાદના સમયમાં તૈયાર થયેલા કાયમી ધોરણે સાચવવા પાત્ર દફતરનું કેન્દ્રીકરણ કરવા અંગેની માહિતી એકત્રિત કરી તેવા દફતરને યોગ્ય રીતે સાચવવા અંગેના યોગ્ય સુચનો અને માર્ગદર્શન આપવામાં આવે છે. વિવિધ ખાતા* (Retention schedule) *તૈયાર કરવા ખાતા તરકથી જરૂરી માર્ગદર્શન/સહાયતા પૂરી પાડવામાં આવે છે. જેથી બિનજરૂરી રેકોર્ડ વધુ લાંબો સમય સાચવી રાખી અને કાયમી પ્રકારના રેકોર્ડને સમયસર માવજત આપી વધુ સારી રીતે સાચવી શકાય.*

### 3.2.3 સંદર્ભ સૂચિ

*સંશોધનકારો/સંસ્થાઓને કામમાં સરળતા રહે તે માટે મધ્યસ્થ દફતર કચેરી, વડોદરા, રાજકોટ અને જૂનાગઢમાં મોડીલિપિ, મરાઠી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાના રેકોર્ડની સંદર્ભસૂચિ બનાવવામાં આવી છે, વિવિધ સમયે આ કાર્ય માટે અન્ય રાજ્યોનાં દફતર ભંડાર ખાતાની પણ સહાય લેવામાં આવે છે.*

### 3.2.4 સંદર્ભ ગ્રંથાલયો

*સમૃદ્ધ ગ્રંથાલય એ ખાતાની પ્રગતિની નિશાની ગણાય છે તે મુજબ એક સંદર્ભ ગ્રંથાલય દફતર ભંડારમાં હોવું જરૂરી છે. જેથી સંશોધનકારો/સંસ્થાઓને ઉપયોગી થઈ પડે. હાલમાં આ ખાતાં તાબાની પાંચ કચેરીઓમાં* 50,000 *કરતાં વધારે પુસ્તકો એકત્રિત કરેલા છે, જેમાં દિન પ્રતિદિન વધારો થતો રહ્યો છે.*

### 3.2.5 આઝાદીની ચળવળ અંગેના રેકોર્ડ બાબત

*ખાતા તરફથી આઝાદીની ચળવળ અંગેનું તેમજ ગુજરાતના સ્વાતંત્ર સેનાનીઓ પાસેથી ઐતિહાસિક રેકોર્ડ પ્રાપ્ત કરી અને આ ખાતાના તાબાની કચેરીઓમાં રાખવામાં આવેલું છે*

*અને તેને લગતા વિવિધ પ્રકાશનો તૈયાર કરી પ્રકાશિત કરેલા છે તેમજ હજુ ઘણા પ્રકાશનોને પ્રકાશિત કરવાની યોજના પણ કાર્યરત છે.*

### 3.2.6 સંશોધન અને સંદર્ભ સેવા

*સંશોધન કાર્યમાં દફતર ભંડાર ખાતું અગત્યનો ફાળો આપે છે. સંશોધન પ્રવૃત્તિને વેગ આપવા માટે સંશાધનકારોને સરકારી નિયમ પ્રમાણે રેકોર્ડ તપાસવા તથા તેનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવે છે. તેમજ સંશાધનકારો/સંસ્થાઓ અને જાહેર જનતાને વ્યક્તિગત અરજી લઈ નિયમ મુજબ ફી લઈ દસ્તાવેજો વગેરેની પ્રમાણિત નકલો આપવામાં આવે છે.*

### 3.2.7 સાચવણી અને મરામત

*રેકોર્ડની સાચવણી માટે વિવિધ પ્રકારની પેસ્ટ, તેમજ ખૂબ ઉપયોગી રેકોર્ડની ફોટો-પ્રિન્ટ તેમજ ફોટોસ્ટેટ કોપી તૈયાર કરવાામાં આવે છે. રાજ્ય દફતર ભંડારમાં સંગ્રહિત કરવામાં આવતા રેકોર્ડમાં કેટલાક રેકોર્ડ ખૂબ જ જર્જરિત હાલતમાં પ્રાપ્ત થાય છે અને આવા રેકોર્ડને વૈજ્ઞાનિક રીતે સાચવવા માટે યોગ્ય રીતે મરામત કરવો જરૂરી છે. આ માટે તાલીમ પામેલા બાઈન્ડર પાસે ફ્લેટનીંગ એન્ડ માઈનોર રીપેર્સ, ફીકેટીંગ, ફુલ પેસ્ટીંગ, શિફોન રીપેર્સ, ટિસ્યુઈંગ લેમીનેશન અને હેડ લેમીનેશન જેવી વિવિધ પદ્ધતિ દ્વારા મરામત કરાય છે અને ફ્યુમિગેશનની પ્રથા પણ અપનાવવામાં આવે છે. આ ઉપરાંત હાલમાં જ આ ખાતાની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે આ સમગ્ર દફતરો/રેકોર્ડને સાચવવા માટે રેકોર્ડનું ડિજીટાઈઝેશન કરવાનું કાર્ય ચાલુ છે જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.*

### 3.2.8 ડિસ્ટ્રીકટ રેકોર્ડ સર્વે સમિતિ તથા અન્ય સમિતિઓ

*ખાનગી વ્યક્તિઓ/સંસ્થાઓ પાસે દફતર* (Records) *ઈતિહાસ લેખન તેમજ સંશોધનકાર્યમાં અગત્યનો ફાળો આપે છે. આવું સાહિત્ય એકત્રિત કરવા તેમજ તે કાર્યમાં મદદ રૂપ થવા માટે રાજ્ય કક્ષાએ શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક પ્રાદેશિક દફતર મોજણી સમિતિ* (Regional Records survey committee) *અને જિલ્લા કક્ષાએ જે તે જિલ્લાના કલેકટરશ્રીના કન્વીનર પદે જિલ્લા રેકોર્ડ મોજણી સમિતિ* (District Record survey committee)*ની રચના કરેલી છે. હાલમાં ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં આવી સમિતિઓ રચાઈ ગઈ છે અને તેની કાર્યવાહી ચાલુ છે. ખાનગી વ્યક્તિઓ/સંસ્થાઓ પાસેથી અગત્યનું દફતર ખરીદવા માટે એક રેકોર્ડ ખરીદ સમિતિ* (Record Purchase Committee) *ની રચના પણ કરાયેલી છે.*

*ખાતાના નિયામકશ્રી, ઈન્ડિયન હિસ્ટીરીકલ રેકોર્ડ કમિશન, નેશનલ કમિટિ ઓફ આર્કીવીસ્ટ, નેશનલ રજીસ્ટર ઓફ પ્રાઈવેટ રેકોર્ડ્ઝ, ઈન્ટર નેશનલ કમિટિ ઓફ આર્કાઈવ્ઝ તેમજ ગુજરાત ઈતિહાસ પરિષદના સભ્ય છે. આ સમિતિઓ દ્વારા કરવામાં આવતાં સૂચનોનો અમલ ખાતા તરફથી કરવામાં આવે છે.*

### 3.2.9 મધ્યસ્થ દફતર કચેરીઓનું નિયમન અને સંચાલન

*રાજ્યના સાચવવાપાત્ર તમામ રેકોર્ડ એક જગ્યાએ કેન્દ્રીકૃત થઈ શકે નહિ. વિભાગ પ્રમાણે તેની અગત્યતતા રહેલી છે તે માટે પણ વિભાગવાર મધ્યસ્થ દફતર કચેરીઓની સ્થાપના કરવામાં આવી છે. આ રેકોર્ડમાંથી સંશોધનકારો/સંસ્થાઓ તેમજ જાહેર જનતાને તેઓના સંશોધનકાર્યમાં તેમજ જરૂરી નકલો વગેરે પ્રાપ્ત કરવામાં સુગમતા રહે તે હેતુથી અને ખાતાનો યોગ્ય રીતે વિકાસ થાય તે હકીકત ધ્યાનમાં લઈ હાલમાં ખાતાના વહીવટી અંકુશ હેઠળ મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે તેમજ* (1) *વડોદરા,* (2) *રાજકોટ, ખાતે પ્રાદેશિક દફતર કચેરીઓ અને* (1) *જૂનાગઢ,* (2) *જામનગર,* (3) *પોરબંદર,* (4) *ભાવનગર,* (5) *મહેસાણા ખાતે જિલ્લા દફતર કચેરીઓ આવેલી છે.*

3.2.9.1 *મધ્યસ્થ દફતર કચેરી, વડોદરા*

*વડોદરા રાજ્ય દફતર ભંડારની સ્થાપના વડોદરા રાજ્યના ગાયકવાડ મહારાજા શ્રીમંત ગાયકવાડે ઈ.સ.*1869*માં કરી હતી. મહારાજા ખંડેરાવે ઈ.સ.*1869*માં એક જાહેરનામું બહાર પાડીને રાજ્યના વહીવટદારો અને ઈનામદારોને પોતપોતાના દફતરોને સોંપી દેવા હુકમ કર્યો હતો. ઈ. સ.* 1896*માં તત્કાલીન રાજ્યનાં તમામ ખાતાની મુખ્ય કચેરીઓના દફતરનું વર્ગીકરણ કરી આ કચેરીને સોંપવાનું ઠરાવવામાં આવેલ. આમ વડોદરા રાજ્યનો અભિલેખાગાર અસ્તિત્વમાં આવ્યો છે અને તે પ્રમાણે તેની કામગીરી થતી. ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવતાં સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ના.* 1-7-74*ના ઠરાવથી આ કચેરીને આ ખાતા હસ્તક મૂકેલ છે. આ કચેરીમાં હવે દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા અને પંચમહાલ જિલ્લાઓના રેકોર્ડ અંગે કામગીરી કરવામાં આવે છે અને ત્યાં તે જિલ્લાના કાયમી ધોરણે સાચવવા પાત્ર રેકોર્ડ કેન્દ્રીકૃત કરવામાં આવ્યા છે.*

*ગાયકવાડે ઈ. સ.* 1903*માં 'રેકોર્ડ ટાવર' નામની એક ઈમારત તત્કાલીન વૈજ્ઞાનિક ઢબે બાંધી તેમાં દફતર રાખવામાં આવેલ. આ ઈમારતની વિશેષતા હતી કે આગ જેવા અકસ્માત વખતે આપો આપ પાણી છંટાય, પરંતુ દફતરોની સંખ્યા વધતાં 'રેકોર્ડ ટાવર'ની બાજુમાં જ ઈ.સ.*1912-13 *દરમ્યાન 'રેકોર્ડ થ્રી બ્લોક્સ' નામની ઈમારત રૂપિયા* 2,50,000*નાં ખર્ચે અમેરિકાના ઈજનેરોની દેખરેખ હેઠળ બાંધવામાં આવી. આ ઈમારતમાં*

ફાઈલોના 58,000 પોટકા વ્યવસ્થિત રાખેલા છે. તેમાંની ફાઈલોને એક એકની સળંગ લાઈનમાં ગોઠવવામાં આવે તો તે 16 કિ.મી. નું અંતર રોકે. આ દફતર કચેરીમાં સંગ્રહિત દફતર પૈકી સૌથી જૂનો કાગળ ઈ. સ.1607નો ફારસી ભાષામાં છે. ઈ.સ. 1875 પહેલાંનું મોટાભાગનું દફતર મોડી લિપિ અને મરાઠી/ગુજરાતી મિશ્રણ જેવી ભાષામાં લખાયેલી છે. આ દફતરમાં મુખ્યત્વે નીચે પ્રમાણેનો સંગ્રહ પ્રાપ્ય છે.

(1) બ્રિટીશ સરકાર અને બીજા રજવાડા સાથેના ગાયકવાડીના કોલ-કરાર

(2) બ્રિટીશ કોઠી સાથેના પત્રવ્યવહાર

(3) ગાયકવાડ સરકારે આપેલી સનદો

(4) રાજકર્તાઓની રોજનીશીઓ

(5) રાજ્યનાં હિસાબો

(6) ટંકશાળ, ન્યાય, સામાજિક અને ધાર્મિક બાબતોને લગતા કાગળો

(7) કલમ બંધીઓ

(8) મુલ્કીગીરીના કાગળો

(9) વડોદરા રાજ્ય પ્રજામંડળ

(10) રેલ્વે

(11) સરદાર, સિલેદાર, આસામદાર વગેરેની હકીકત

(12) ઈનામી આંકડીયા ગામોની હકીકત વગેરે પ્રકારનું દફતર

3.2.9.2 મધ્યસ્થ દફતર કચેરી, રાજકોટ

કોઠી કંપાઉન્ડમાં આવેલ એક ઈમારતમાં બેસતી મધ્યસ્થ દફતર કચેરી રાજકોટની સ્થાપના ઈ.સ. 1857ની આસપાસ કરવામાં આવી હતી. જે સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ તા. 1-7-74થી આ કચેરીને આ ખાતા હસ્તક મૂકેલ છે. આ કચેરીમાં સૌરાષ્ટ્રના કચ્છ, જામનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લાની કામગીરી કરવામાં આવે છે. આ કચેરીમાં મુખ્યત્વે નીચે પ્રમાણેનો સંગ્રહ ઉપલબ્ધ છે.

(1) ન્યાય

(2) જૂનાગઢની આરઝી હકુમત

(3) મહાત્મા ગાંધીજીનો રાજકોટ સત્યાગ્રહ

(4) અન્ય સત્યાગ્રહો

(5) રજવાડાની વહેંચણી

(6) સીમાડાની તકરાર

(7) જમાબંધી

(8) પાસપોર્ટ

(9) દુષ્કાળ

(10) વડોદરા રાજયના મહાલેખાધિકારીનું દફતર વગેરે પ્રકારનું દફતર

3.2.9.3 જિલ્લા દફતર કચેરી, જૂનાગઢ

જિલ્લા દફતર કચેરી, જૂનાગઢ પહેલાં મહેસુલ વિભાગનાં હસ્તક હતી, પરંતુ સરકારશ્રીના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ તા. 1-7-79થી આ કચેરીને આ ખાતા હસ્તક મૂકેલ છે. આ દફતર કચેરી જૂના રંગમહેલમાં 89 જેટલા ઓરડામાં ઘોડા ઉપર આશરે 28,186 પોટકામાં લગભગ 6,80,560 ફાઈલો સંગ્રહવામાં આવેલી છે. જેમાં ઈ.સ. 1802 થી 1956 સુધીની જૂનાગઢ, જેતપુર, અલીન્દ્રા, બાંટવા, બિલખા, માણાવદર, માનપુર, માંગરોળ, સરદારગઢ અને સુલતાનાબાદ વગેરે દેશી રજવાડાઓનું રેકોર્ડ છે. જૂનાગઢ દફતર ભંડારમાં નીચે પ્રમાણેનો સંગ્રહ છે.

(1) દેવસ્થાનો

(2) તીર્થસ્થાનો

(3) જમીનની વહેંચણી

(4) શહેરી જમીન વેચાણ

(5) જંગલો

(6) બંદર

(7) નગરપાલિકા વગેરે પ્રકારનું દફતર

3.2.9.4 *મધ્યસ્થ દફતર કચેરી, અમદાવાદ (ગાંધીનગર)*

*ખાતાનો યોગ્ય રીતે વિકાસ સાધી શકાય તે ધ્યાનમાં રાખીને સરકારશ્રીના શિક્ષણ વિભાગે તા.* 5-1-81 *થી આ કચેરીને મંજૂરી આપેલ છે. જેમાં ઉત્તર ગુજરાતનાં* 6 *જિલ્લાઓ ખેડા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠાની રેકોર્ડ મેનેજમેન્ટને લગતી કામગીરી કરવામાં આવે છે. જે કચેરી હાલ ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય અભિલેખાગાર તરીકે કાર્યરત છે.*

3.2.9.5 *જિલ્લા દફતર કચેરી પોરબંદર*

*સૌરાષ્ટ્ર વિભાગની રેકોર્ડ કચેરીઓ આ ખાતાના વહીવટ હેઠળ મૂકવા સરકારશ્રીએ કરેલા સૈદ્ધાંતિક સ્વીકારના સંદર્ભમાં શિક્ષણ વિભાગમાં શિક્ષણ વિભાગના તા.*12-8-81*ના ઠરાવ ક્રમાંક દફસ*-1080-43084/81-5*થી પોરબંદર રેકોર્ડ કચેરી ગુજરાત રાજય દફતર ભંડાર ખાતાના સીધા વહીવટી અંકુશ હેઠળ તા.*1–9–81*થી મૂકવામાં આવી છે. આ કચેરીના રેકોર્ડની* 42 *રૂમો તથા* 08 *ઓસરીમાં સમાવેશ થયેલ છે. જે ત્રણ લાખ કરતાં વધારે સંખ્યાની ફાઈલોમાં છે. ઈ. સ.*1885 *થી* 1956 *સુધીના સમયને આવરી લેતું જૂના દેશી રાજ્યોનું ઐતિહાસિક તેમજ પરચૂરણ પ્રકારનું રેકોર્ડ છે. અન્ય કચેરીઓમાં આ ખાતાને લગતી હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિ પણ આ કચેરીમાં હાથ ધરી બિનજરૂરી રેકોર્ડ દૂર કરી કાયમી ધારણે સાચવવા પાત્ર રેકોર્ડને વૈજ્ઞાનિક ધોરણે જાળવણી કરવામાં આવી છે.*

**ક) તમારી પ્રગતિ ચકાસો**

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. *દફતર ભંડારનું એક કાર્ય* __________ *છે.*

2. *ગુજરાતમાં દફતર ભંડાર ખાતાની વડી કચેરી* _____________ *માં આવેલી છે.*

3. *દક્ષિણ વર્તુળ કચેરી* __________ *માં આવેલી છે.*

4. *જિલ્લા દફતર કચેરી જૂનાગઢમાં* __________ *જેટલા ઓરડામાં ફાઈલો સચવાયેલી છે.*

5. *પશ્ચિમ વર્તુળ કચેરી રાજકોટની સ્થાપના ઈ.સ.* __________ *આસપાસ કરવામાં આવી હતી.*

(2) દફતર ભંડારના કાર્યો ટૂંકમાં જણાવો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 3.3 દફતર ભંડારની સહાયક સંસ્થાઓ

### 3.3.1 રાષ્ટ્રીય અભિલેખાગાર દિલ્હી (National Archives of India)

*રાષ્ટ્રીય અભિલેખાગાર એ નવી દિલ્હીના જનપથ રોડ ઉપર લાલ અને ભૂરા પથ્થરની બનેલ એક ભવ્ય ઈમારત છે. આ બિલ્ડિંગમાં ભારત સરકારના અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં દફતરો સાચવવામાં આવે છે. આ દફતરો દેશના વહીવટને સ્વસ્થ રીતે ચલાવવામાં મદદ કરે છે કારણ કે માણસોને દરરોજની જિંદગીમાં યાદદાસ્તની જરૂરિયાત રહે છે અને આ દફતરો યાદદાસ્ત તાજી રાખવામાં મદદ કરે છે. આ દફતરોમાંય ભૂતકાળને લગતી ઘણી માહિતી મળી રહે છે. જાહેર દફતરો એ સરકારની સામૂહિક યાદદાસ્ત ગણાય છે. આ દફતરોમાંથી ઈતિહાસ લખવાની સાધનસામગ્રી પણ મળી રહે છે કારણ કે, તેમાંથી દેશના ભૂતકાળમાં લોકો કેવી રીતે રહેતા હતા તેમના રીત-રિવાજો કેવા હતા, તે વખતની આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિ કેવી હતી વગેરે માહિતી દફતરોમાંથી મળી રહે છે.*

*આ રાષ્ટ્રીય અભિલોખાગારમાં ભારત સરકારનાં જુદાં-જુદાં ખાતાંઓ તરફથી કાયમી* (Current) *દફતરો મોકલવામાં આવે છે. આવાં દફતરો એકત્ર કરવામાં આવતાં નથી પરંતુ જે ખાતું પોતાનાં દફતરો સોંપે છે તે મેળવવામાં આવે છે અને તેની યોગ્ય રીતે સાચવણી કરવામાં આવે છે અને જે સંશોધનકારો અને સરકારનાં ખાતાંઓને તેની જરૂર પડે તો તેઓને તે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે તે ખાતાંઓ પોતાનાં ક્યાં કાયમી દફતરો સાચવવા પાત્ર છે તે નક્કી કરીને તે દફતરો રાષ્ટ્રીય અભિલેખાગારમાં મોકલી આપે છે. આ દફતરો જે તે ખાતાની મિલકત રહે છે. રાષ્ટ્રીય અભિલેખાગાર એ તો ફક્ત તે ખાતાનાં દફતરોની સાચવણી કરે છે. હાલમાં રાષ્ટ્રીય અભિલેખાગારમાં જે દફતરો છે તેના દફતરના ઘોડાઓની લાઈન કરવામાં આવે તો 25 કિ.મી. સુધીની તેની લંબાઈ થઈ શકે. આમાં થોડાં દફતરો ખાનગી વ્યક્તિઓ પાસેથી પણ મેળવેલાં છે. તેમાં મુખ્ય મહાત્મા ગાંધી પેપર્સ, વી. કૃષ્ણસ્વામી, માયર પેપર્સ, સરોજીની નાયડુ પેપર્સ, પુરુષોત્તમ ટંડન પેપર્સ, જી. કે. ગોખલે*

પેપર્સ, બનારસીદાસ ચતુર્વેદી પેપર્સ, દાદાભાઈ નવરોજી પેપર્સ વગેરે છે. આ બધા ખાનગી કાગળો ત્યાંની રાષ્ટ્રીય અભિલેખાગારની લાયબ્રેરીમાં રાખવામાં આવેલ છે.

આ મકાનમાં આગળના ભાગમાં વહીવટી વિભાગ રાખવામાં આવેલ છે અને તેના પાછળના ભાગમાં દફતરો રાખવા માટેનું ત્રણ માળનું મકાન છે. જેને સ્ટેક એરિયા કહેવામાં આવે છે. આ સ્ટેક એરિયામાં બધી વ્યક્તિઓને પ્રવેશવા દેવામાં આવતી નથી. તેમાં દાખલ થવા માટે પરવાનગી લેવાની હોય છે. ભોંયતળિયે 1857ના બળવા પહેલાંનાં દફતરો રાખેલ છે, જેમાં 1630 થી 1857 સુધીનાં દફતરો છે. બીજા માળે 1858 પછીનાં દફતરો રાખેલાં છે. બીજા માળે જુદા જુદા રાજ્યોનાં દફતરો અને બીજા દફતરો રાખેલાં છે.

રાષ્ટ્રીય અભિલેખાગાર એ પહેલાં ઈમ્પીરિયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટ તરીકે ઓળખાતું હતું. તેની સ્થાપના 1891માં કલકત્તામાં કરવામાં આવી હતી. જી.ડબલ્યુ. ફોરેસ્ટ એ તેના પ્રથમ અધિકારી હતા. તેમાં પ્રથમ દફતર વર્ષ પ્રમાણે ગોઠવવામાં આવતું હતું અને ઈ.સ.1897માં ભારતના સેક્રેટરી ઓફ સ્ટેટના હુકમથી દફતરોનાં પ્રેસ લીસ્ટ છાપવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આવા પ્રેસ લિસ્ટ પ્રથમ મદ્રાસ અને મુંબઈથી દફતર કચેરીઓમાં તૈયાર કરવામાં આવ્યાં હતાં.

ઈ.સ. 1911માં જ્યારે ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડવામાં આવી ત્યારે વહીવટી અનુકૂળતા માટે દફતરો પણ કલકત્તાથી દિલ્હી ખસેડવાની જરૂર ઊભી થઈ. એટલે દિલ્હીમાં તેને માટે હાલનું મકાન બાંધવાની શરૂઆત થઈ. અને તે 1926માં પૂરું થયું અને ઈ.સ.1926થી દિલ્હીમાં ઈમ્પીરિયલ રેકોર્ડ કચેરીની શરૂઆત કરવામાં આવી અને દફતર ખસેડવાનું કામ પણ શરૂ કરવામાં આવ્યું.

હાલમાં સ્ટેક એરિયાની બધી જ જગ્યામાં દફતર રાખવામાં આવેલ છે અને હવે વધારાનું દફતર લેવા માટે કોઈ જગ્યા નહીં હોવાથી બાજુમાં એનેક્ષીનું મકાન બાંધવામાં આવેલ છે. સ્ટેક એરિયામાં લોખંડના ઘોડાઓ બાંધવામાં આવેલ છે. સ્ટેક એરિયામાં લોખંડના ઘોડાઓ ઉપર દફતર કાર્ટુન બોક્ષ અને પ્લાયવુડના પાટિયાનાં બંકલોમાં રાખવામાં આવે છે. ત્યાંના દફતરમાં મુખ્ય ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં દફતરો કન્સલટેશન અને પ્રોસીડિંગના રૂમમાં રાખવામાં આવેલ છે. ઘણાં દફતરો છાપીને તેનાં વોલ્યુમ બાંધવામાં આવેલ છે જેથી તે સારી રીતે સાચવી શકાય. આવાં લગભગ 1,03,625 બાઉન્ડ વોલ્યુમ છે અને 51,13,000 બાંધ્યા વગરની ફાઈલો છે. આ ઉપરાંત ત્યાં 11,500 નકશાઓની અસલ પ્રતો છે. એ પૈકી 4150 છાપેલી પ્રતો છે, જે સર્વે નોંધ ઈન્ડિયાની કચેરીઓમાં સોંપેલ છે. આ અભિલેખાગારમાં ઈસ્ટ ઈન્ડિયાનાં દફતરો સંગ્રહિત કરવામાં આવ્યાં છે તે ઐતિહાસિક

દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. આમાં ઈ.સ. 1707 થી 1748 સુધીના અને તેના ભારતના રહેલા નોકરો વચ્ચે થયેલો પત્રવ્યવહાર છે. આમાંથી બ્રિટિશ સમયના ભારતનો ઈતિહાસ લખવા માટેની સારી સામગ્રી મળી રહે છે. બીજા અસલ કન્સલટેશન છે જેમાં બેઠકોની મિનિટ્સ, ઠરાવો અને દરખાસ્તો જે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટદારોએ તૈયાર કરેલ છે. આમાં દેશની તે વખતની સ્થિતિ અને વહીવટનું પ્રતિબિંબ પડે છે.

લોર્ડ કેનિંગે કાયમી દફતરો હોય તેને છપાવીને સાચવી રાખવાની શરૂઆત કરાવી હતી. તેથી ઈ.સ.1857ના પ્રથમ સ્વાતંત્ર સંગ્રામ પછીનાં જે દફતરો છે તે છપાયેલાં છે. તેનાં વોલ્યુમ બંધાવીને સાચવવામાં આવેલ છે.

રાષ્ટ્રીય અભિલેખાગારમાં જુદા-જુદા વિભાગ રાખવામાં આવેલ છે. જેવા કે બાઈન્ડિંગ વિભાગ, માઈક્રો ફિલ્મ વિભાગ, ફોટો ડુપ્લિકેટિંગ વિભાગ, ઝેરોક્ષ વિભાગ, પ્રકાશન વિભાગ, વહીવટી વિભાગ વગેરે માઈક્રો ફિલ્મ વિભાગની મુખ્ય કામગીરી જૂનાં જીર્ણ થઈ ગયેલાં દફતરોની માઈક્રો ફિલ્મ તૈયાર કરાવીને તે સાચવી રાખવી જેથી તેનો ઉપયોગ સંશોધકો કરી શકે. ભારતને લગતાં દફતરો બીજા દેશો જેવા કે ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, હોલેન્ડ, ડેનમાર્ક અને યુ.એસ.એ.માં રહેતાં હોય તેવાં દફતરોની માઈક્રો ફિલ્મ નકલો મેળવેલ છે. આ દફતરો ઈસ્ટ ઈન્ડિયા કંપનીને લગતાં છે અને તે 17મી અને 18મી સદીમાં દેશમાં કેવી આર્થિક પરિસ્થિતિ હતી તેનો ખ્યાલ પુરો પાડે છે.

રાષ્ટ્રીય અભિલેખાગારમાં એક સરસ પુસ્તકાલય પણ છે. જેમાં લગભગ એક લાખ ઉપરાંત જૂના પુસ્તકો છે. જે આધુનિક ભારતના ઈતિહાસ તથા તેને લગતા વિષયોને લગતાં છે.

સંશોધકોને સંશોધન માટે અલાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવી છે. આમાં તેમને બેસવા માટે ટેબલ, ખુરશી, પંખો, લાઈટ વગેરેની સગવડ આપવામાં આવે છે અને તેમને જોઈતાં દફતરો તેમના ટેબલ ઉપર પૂરાં પાડવામાં આવે છે. ખાતાએ દફતરો શોધવા માટે જુદાં જુદાં માધ્યમો જેવાં કે હેન્ડબુક, પ્રેસ લિસ્ટ, ડીસ્ક્રીટીવ લીસ્ટ, ઈન્ડેક્સ, કેલેન્ડર વગેરે તૈયાર કરેલ છે. જે દફતરો શોધવામાં મદદરૂપ થાય છે. ભારત સરકારની કચેરીઓને પણ તેમની માંગણી મુજબ દફતરો આપવામાં આવે છે. આવી માંગણીઓ દર વર્ષે 50,000 ઉપરાંતની આવે છે.

રાષ્ટ્રીય અભિલેખાગારમાં દફતર સાચવનાર વ્યક્તિઓને તાલીમ આપવા માટે એક તાલીમશાળા પણ ચલાવવામાં આવે છે. જેમાં ભારત ઉપરાંત પરદેશી તાલીમાર્થીઓ પણ તાલીમ માટે આવે છે.

*રાષ્ટ્રીય અભિલેખાગારની મુખ્ય કામગીરી જે દફતરોની તેમને ત્યાં સોંપણી કરવામાં આવે તેને ભવિષ્યની પેઢીઓ માટે સાચવણી કરવાની છે એટલે જે દફતરો તેમને ત્યાં સોંપાય તેમાં ધૂળ તથા જીવજંતુઓનો નાશ કરી તેને જંતુમુક્ત કરીને પછી સ્ટેક એરિયામાં મોકલવમાં આવે છે. ફાટેલાં દફતરોને જુદી-જુદી પ્રક્રિયા દ્વારા રીપેર કરવામાં આવે છે. જુદાં જુદાં દફતરોની માઈક્રો ફિલ્મ તૈયાર કરવામાં આવે છે.*

### 3.3.2 રાજ્ય દફતર ભંડાર

*જેમ ભારત સરકારનાં દફતરો સાચવવા માટે નેશનલ આર્કાઈવ્ઝની સ્થાપના કરવામાં આવી હતી તેમ જુદાં જુદાં રાજ્યોમાં રાજ્ય સરકારની કચેરીઓનાં દફતરોની સાચવણી તથા જાળવણી કરવા માટે રાજ્ય દફતર ભંડારની સ્થાપના કરવામાં આવે છે. ઉપયોગિતાની અને કામગીરીની દષ્ટિએ નેશનલ આર્કાઈવ્ઝ તેમજ સ્ટેટ આર્કાઈવ્ઝ એકસમાન જ છે. બંનેનો હેતુ પોતાનાં દફતરોની સાચવણી કરીને પોતાનો સાંસ્કૃતિક વારસો સાચવીને તેને ભવિષ્યની પેઢીઓને ઉપલબ્ધ કરાવવાનો છે. હાલ ભારત દેશના દરેક રાજ્યમાં આવા સ્ટેટ આર્કાઈવ્ઝ આવેલા છે.*

### 3.3.3. I.C.A. (International Council on Archives- આઈ.સી.એ.)

*સાંસ્કૃતિક ક્ષેત્રનો વિકાસ કરવા માટે અને તે માટે આર્કાઈવ્ઝ ક્ષેત્રનો વિકાસ અને પ્રદાન આપવાની મુખ્ય કામગીરી કરવાના સંદર્ભે યુનેસ્કો કાઉન્સિલની બેઠકમાં આ ક્ષેત્ર માટે એક અલગ પેટા સંસ્થા બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે પ્રમાણે તા.* 9 *થી* 11 *જૂન* 1948*માં બેઠક બોલાવવામાં આવી હતી અને ખરડો પસાર કરી* 20, *ઓગસ્ટ* 1950*માં બંધારણ સમિતિમાં* International Council on Archives (I.C.A) *ની રચના કરવામાં આવી હતી અને ત્યારથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દરેક દેશોમાં આર્કાઈવ્ઝના વિકાસ માટે આ સંસ્થા કામ કરે છે, જેનું મુખ્ય મથક પેરીસમાં છે.*

**સંસ્થાના ઉદ્દેશો**

(1) *આંતરરાષ્ટ્રીય આર્કાઈવ્ઝ કોંગ્રેસની બેઠકો બોલાવવી.*

(2) *દુનિયાભરના તમામ આર્કીવીસ્ટો (દફતરવિદો) વચ્ચે સંકલન સાધવું તેમજ તે દ્વારા તમામ સંસ્થાઓમાં આર્કાઈવ્ઝ વહીવટ અને તેના વિકાસ માટે પ્રયત્નો કરવા.*

(3) *આર્કીવલ સાહિત્ય, મટિરિયલ્સનું યોગ્ય રીતે સંરક્ષણ થાય તે માટેની કામગીરી પૂરી પાડવી અને તે રીતે આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવી.*

(4) *દરેક દેશમાં ધંધાદારી આર્કીવીસ્ટોને યોગ્ય તાલીમ માટે આયોજન કરવું.*

(5) દુનિયાભરના આર્કાઈવ્ઝોમાં રેકોર્ડ, દસ્તાવેજોનો યોગ્ય સંગ્રહ થાય અને યોગ્ય ઉપયોગ થાય તે રીતે પ્રયત્નો કરવા.

(6) આર્કાઈવ્ઝ વહીવટ, તેની પ્રવૃત્તિઓનું આંતરરાષ્ટ્રીયકરણ કરવું અને તેનો વિકાસ કરવો.

(7) દુનિયાભરની તમામ સંશોધક સંસ્થાઓ, સરકારો, વ્યક્તિઓ વચ્ચે સંકલન ઊભું કરી રેકોર્ડ, દસ્તાવેજોનો યોગ્ય ઉપયોગ થાય અને આદાન-પ્રદાન થાય તે માટે કામગીરી કરવી.

**I.C.A. માં સભ્યપદ**

I.C.A. માં સભ્યપદ મેળવવા માટે કેટલાક નિયમો છે. તે મુજબ ત્રણ પ્રકારે સભ્યપદ મેળવી શકાય છે.

(1) સંસ્થાગત સભ્યપદ

(2) વ્યક્તિગત સભ્યપદ

(3) માનદ સભ્યપદ

**પ્રાદેશિક શાખાઓ**

I.C.A. ની કામગીરી વિશ્વવ્યાપી છે તેમજ વિશ્વભરમાં વિભિન્ન પ્રજા, ધર્મ અને સંસ્કૃતિને કારણે આ સમગ્ર કામગીરી સારી રીતે થઈ શકે તે માટે પ્રાદેશિક ધોરણે કેટલીક શાખાઓ વિકસાવવામાં આવી છે અને તે પ્રમાણે કામગીરી જે તે દેશોમાં હાથ ધરવામાં આવે છે. આ શાખાઓ જે તે વિસ્તાર અથવા ઝોનના નામ ઉપરથી પાડવામાં આવી છે. જેથી નામ ઉપરથી વિસ્તારનો ખ્યાલ આવી શકે છે. તેમાં પહેલી બે મુખ્ય શાખાઓ છે.

1. ઈન્ટરનેશનલ આર્કાઈવ્ઝ કોંગ્રેસ (જેની ચાર વર્ષે બેઠક મળે છે.)
2. ઈન્ટરનેશનલ આર્કીવલ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ (International Archival Round Table Conference)
3. એસોસીએશન લેટિનો-અમેરિકન આર્કીવલ (ALA) (Association Latino-American Archives)
4. Arab Regional Branch of I.C.A (ARBICA) (આરબ દેશોની સંસ્થા)
5. Carabbean Regional Branch of I.C.A. (CARBICA) (કેરેબીઅન દેશો)
6. Central African Regional Branch of L.C.A (CENARBICA) (મધ્ય આફ્રિકન દેશો)

7. East and Central African Regional Branch of I.C.A (ECARBICA) *(પૂર્વ મધ્ય આફ્રિકા)*
8. Pacific Regional Branch of I.C.A. (PARBICA)
9. Southeast Asian Regional Branch of I.C.A. (SARBICA) *( સાઉથ ઈસ્ટ એશિયન દેશો)*
10. South-West Asian Regional Branch of I.C.A. ((SARBICA-*સાઉથ વેસ્ટ એશિયા)*
11. West Africa Regional Branch of I.C.A (WARBICA) *(પશ્ચિમ આફ્રિકા)* *આ મુખ્ય શાખાઓ છે.*

**પ્રકાશન**

I.C.A. *સંસ્થા કામગીરીના પ્રચાર-પ્રસાર માર્ગદર્શન માટે* ARCHIVAM *(આર્કીવમ) નામથી એક પ્રકાશન બહાર પાડે છે જે મુખ્ય પાંચ ભાષાઓમાં પ્રકાશિત થાય છે. આ સામયિકમાં આર્કાઈવ્ઝ અંગેની માહિતી અને વિકાસ વગેરે અંગેના લેખો હોય છે. આર્કાઈવ્ઝ અને સંશોધન માટે સામયિક મહત્ત્વનું પ્રદાન પૂરું પાડે છે.*

*ભારતનો સમાવેશ* SWARBICA *શાખામાં થાય છે. જેમાં આ ઉપરાંત અફઘાનિસ્તાન,બાંગ્લાદેશ, ઈરાન, નેપાલ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. આ બ્રાન્ચ તરફથી* 'SWARBICA' (Journal) *સામયિક, નેશનલ આર્કાઈવ્ઝમાંથી બહાર પાડવામાં આવે છે.*

### 3.3.4 I.H.R.C. (ઈન્ડિઅન હિસ્ટોરિકલ રેકોર્ડ કમિશન)

*દેશમાં જાહેર દફતર અને ખાનગી દફતરની જાળવણી, સાચવણી અને ઉપયોગ માટે તેમજ સમગ્ર દેશમાં સમાન નીતિ અને માહિતીનો ઉપયોગ થાય, તેમજ તે પ્રમાણે પ્રકાશન પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તે માટે 21મી માર્ચ, 1919ના રોજ ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ કમિશનની રચના કરવામાં આવી હતી.*

*આ સંસ્થાની રચના બાદ અને બેઠકોથી આ ક્ષેત્રના જાણકારો નજીક આવવા લાગ્યા તેમજ આના કારણે દેશભરમાં દફતરોની શું સ્થિતિ છે અને તે સુધારવા માટેનાં પગલાંઓ અંગે વિચારણાઓ થવા લાગી. આ સંસ્થાની રચનાએ ઐતિહાસિક સંશોધનને વેગ આપ્યો. વધુ ને વધુ સંશોધકો દફતરોનો ઉપયોગ કરતા થયા. પરિણામે ઐતિહાસિક સંશોધનોમાં જેમ જેમ પ્રગતિ થતી ગઈ અને જાહેર દફતરની કિંમત સમજાતાં, ઈતિહાસકારો અને વહીવટદારો બંનેને દફતરની અસંતોષકારક સ્થિતિની જાણ થવા લાગી. દફતરોની જે*

ચકાસણી કરવામાં આવતી હતી, તે અવ્યવસ્થિત હતી. જેને લીધે અગત્યનાં દફતરોનો નાશ થઈ જતો હતો અને બિનજરૂરી દફતર પડી રહેતાં હતાં. સંશોધકોને પણ અસમાન નીતિને કારણે દફતરો મેળવવામાં મુશ્કેલી પડતી હતી. આ બધી સમસ્યા હલ કરવા આ કમિશને તેની 1930માં 13મી બેઠકમાં દફતર અંગેનો કાયદો કરવા સૂચન કર્યું અને તે માટે ચોક્કસ પ્રયત્નો હાથ ધર્યા.

I.H.R.C.ની રચના બાદ દેશભરમાં દફતરોની સ્થિતિ પરત્વે ઘણો સુધારો થયો. દર વર્ષે મળતી તેની બેઠકમાં દેશભરમાંથી તમામ વિસ્તારોના આ વિષયના નિષ્ણાતો તથા ઈતિહાસવિદો ભાગ લે છે અને I.H.R.C.માં દફતર પ્રવૃત્તિ સંદર્ભે જરૂરી ચર્ચા વિચારણાઓ થાય છે જેના પરિપાકરૂપે ઠરાવો પસાર કરી પ્રકાશિત કરવામાં આવે છે અને તે અનુરૂપ દરેક રાજયોમાં અને દેશમાં તેના અમલ માટે માર્ગદર્શન આપવામાં આવતું હોય છે.

I.H.R.C સંસ્થામાં સભ્યપદ માટે સંસ્થાગત કે વ્યક્તિગત રીતે સભ્યપદ મેળવી શકાય છે. તમામ રાજ્યોમાં આવેલ રાજય સરકારોના દફતરભંડારો I.H.R.C.ના ઠરાવો પ્રમાણે કામગીરી હાથ ધરતા હોય છે. ગુજરાત સરકારના દફતર ભંડારોમાં પણ આ ઠરાવો પ્રમાણે કામગીરી ગોઠવવામાં આવતી હોય છે.

I.H.R.C.ના ઠરાવોના આધારે ગુજરાતમાં (1) પ્રાદેશિક દફતર મોજણી સમિતિ (2) જિલ્લા દફતર મોજણી સમિતિઓ (3) રેકોર્ડ નાશ સમિતિ (4) રેકોર્ડ ખરીદ સમિતિ (5) રેકોર્ડ કેન્દ્રીકરણ કરવા અંગેની સમિતિ તેમજ (6) આર્કાઈવલ કાઉન્સિલની રચનાઓ કરવામાં આવી છે તેમજ અન્ય કામગીરીઓ જેવી કે રેફરન્સ મીડિયા તૈયાર કરવા, ઓરલ હિસ્ટ્રી પ્રોજેક્ટ, ગાઈડ પ્રોજેક્ટ, ધાર્મિક સંસ્થાઓની મોજણી વગેરે કામગીરી હાથ ધરવામાં આવે છે તેમજ ગુજરાત રાજ્ય દફતર ભંડાર તરફથી રાજદફતરો, સામયિકો તેમજ અન્ય પ્રકાશનોની પ્રવૃત્તિઓ પણ આ સંસ્થાની ભલામણો અન્વયે કરવામાં આવે છે. આ સંસ્થાની ભલામણથી શરૂ થયેલી મહત્ત્વની કામગીરી આર્કીવલ પોલિસી રેઝોલ્યુશનની છે.

### 3.3.5 ભારતીય રાષ્ટ્રીય વૈજ્ઞાનિક પ્રલેખન કેન્દ્ર (ઈન્સડોક)

ઈન્ડિઅન નેશનલ સાયન્ટિફિક ડોક્યુમેન્ટેશન સેન્ટર-ઈન્સડોકની સ્થાપનાનો પ્રથમ પ્રયાસ 1947માં થયો હતો. આ કેન્દ્રની સ્થાપના માટે ડૉ. એસ. આર. રંગનાથન દ્વારા ત્રણ વિવિધ યોજનાઓ તૈયાર થયેલી. જેની અંતિમ યોજના પર વિચાર માટે એક સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિના પ્રયત્નોના ફળ સ્વરૂપે સપ્ટેમ્બર, 1951માં ભારત સરકાર દ્વારા ઈન્સડોકની યોજનાને બહાલી મળી. તેની વહીવટીય વ્યવસ્થા માટે સલાહ સૂચનો

આપવા એક સમિતિની પણ રચના કરવામાં આવી. ઈ.સ.1952માં ભારત સરકાર અને યુનેસ્કોના સહયોગથી 'ઈન્સડોક'ની વિધિવત શરૂઆત થઈ.

ઈન્સડોક સંસ્થાની સ્થાપના સમયે નીચેનાં કેટલાંક ધ્યેયો નક્કી કરવામાં આવ્યાં છે :

1. રાષ્ટ્રને ઉપયોગી એવા બધાં જ વિજ્ઞાન વિષયક સામયિકો મેળવવાં અને સાચવવાં.
2. દર મહિને મહત્ત્વના બધા જ લેખોનું સારદોહન કરી દેશના વૈજ્ઞાનિકો અને ઈજનેરો તેમજ અન્ય સંશોધકોને માહિતગાર રાખવા.
3. સંશોધકો દ્વારા પૂછવામાં આવતા વિશિષ્ટ પ્રશ્નોનું સમાધાન કરવું.
4. સંશોધકોને વ્યક્તિગત ધોરણે આવશ્યક લેખોની ફોટોકોપી, અનુવાદ મોકલી આપવા.
5. રાષ્ટ્રના પ્રકાશિત અને બિનપ્રકાશિત વૈજ્ઞાનિક અહેવાલો સાચવવા.
6. રાષ્ટ્રમાં વૈજ્ઞાનિક ક્ષેત્રે થતાં સંશોધનોથી વિશ્વના બાકીના દેશોને માહિતગાર રાખવા.

ઈ.સ. 1962 સુધી આ કેન્દ્રનું સંચાલન રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળા દ્વારા થતું હતું, પરંતુ 1963માં વૈજ્ઞાનિક અને ઔધોગિક સંશોધન પરિષદ દ્વારા આ કેન્દ્રને સામાન્ય પ્રલેખન સેવા અને અનુવાદ સેવાઓ ઉપરાંત અન્ય નવી સેવાઓ માટે સ્વતંત્ર સત્તા આપવામાં આવી. ઈન્સડોક દ્વારા દેશના કોઈ પણ ખૂણે સંશોધન કરતા વૈજ્ઞાનિકો કે સંશોધકોને તેમના તરફથી માગણી થયે માહિતી સેવાઓ આપવામાં આવે છે.

હાલની નવી દિલ્હીમાં 14, સત્સંગ માર્ગના પોતાના વિશાળ ભવનમાં ઈન્સડોક સંસ્થા માહિતી સેવાના માધ્યમ દ્વારા (1) પ્રલેખન સેવા, (2) પ્રત્યાલેખન સેવા, (3) અનુવાદ સેવા, (4) વાક્યમસૂચી સેવા, (5) સારદોહન સેવા, (6) તાલીમ શિક્ષણ, (7) અનુવાદ પ્રશિક્ષણ, (8) પ્રકાશન પ્રવૃત્તિ, (9) રશિયન વિજ્ઞાન માહિતી કેન્દ્ર તથા (10) રાષ્ટ્રીય વિજ્ઞાન ગ્રંથાલય વગેરે જેવી સેવાઓ આપે છે.

### 3.3.6 નેશનલ કમિટી ઓફ આર્કીવીસ્ટ (National Archivest of India)

નેશનલ કમિટી ઓફ આર્કીવીસ્ટના ચેરમેન ડાયરેક્ટર ઓફ આર્કાઈવ્ઝ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા છે. તમામ રાજ્યોના ડાયરેક્ટર ઓફ આર્કાઈવ્ઝ આનું સભ્યપદ ધરાવે છે. નેશનલ કમિટી ઓફ આર્કાઈવ્ઝની રચના ભારત સરકાર શિક્ષણ વિભાગના પત્ર એફ-એ-2 તા. 1 લી સપ્ટેમ્બર, 1953થી કરવામાં આવી છે.

નેશનલ કમિટી ઓફ આર્કાઈવ્ઝનાં કાર્યો અને ધ્યેયો નીચે પ્રમાણે છે. તેનો મુખ્ય ધ્યેય ધંધાકીય વિચારણા પૂરી પાડવી છે.

1. દફતર ભંડારના પ્રશ્નો ચર્ચવા અને તેઓના સ્વહિત ઉકેલના જ્ઞાનનો પ્રચાર કરવો.
2. ધંધાકીય કાર્યરીતિમાં એકસૂત્રતા પ્રાપ્ત કરવી.
3. વિકાસ અને નવી પદ્ધતિઓના ફાયદા અને ગેરફાયદા તરફ ધ્યાન દોરવું.
4. દેશમાં આવેલ દફતર ભંડારની કચેરીઓ વચ્ચેની સામાન્ય સૂચિઓની પ્રવૃત્તિઓનું સંકલન કરવું.
5. દેશમાં દફતર ભંડારના વિકાસને આગળ ધપાવવા માટેની પદ્ધતિઓની વિચારણા કરવી અને ભલામણ કરવી.
6. જે તે પ્રદેશમાં આવેલ દફતર ભંડારની સંસ્થાઓ સાથે સંપર્કનો વિકાસ કરવો.
7. ધંધાકીય સ્તરે સહકારથી પ્રશ્નોનો ઉકેલ લાવવો.

### 3.3.7 ઈન્ટરનેશનલ આર્કીવલ જનરલ્સ એન્ડ પબ્લિકેશન્સ

આઈ.સી.એ. અને યુનેસ્કોએ આર્કાઈવ્ઝ ઉપર ઘણા આંતરરાષ્ટ્રીય આર્કીવલ સાયન્સ પર પુસ્તકો બહાર પાડેલ છે. તેની વાંચનસામગ્રી જુદી જુદી આર્કીવલ સંસ્થાઓ માટે ખૂબ જ ઉપયોગી બને છે અને માહિતીપ્રદ લેખો દફતરવિદ્યા માટે તથા આર્કાઈવ્ઝના વિકાસ માટે ઘણા ઉપયોગી બને છે તેમજ મહત્ત્વના પણ હોય છે.

### 3.3.8 ભારતીય ઇતિહાસ કોંગ્રેસ (Indian Historical Congress)

ભારતીય ઈતિહાસ કોંગ્રેસનો મુખ્ય ધ્યેય ઈતિહાસમાં થયેલ નવીન સંશોધન અને સંશોધનમાં પડતી મુશ્કેલીઓને લગતી વિવિધ સમસ્યાઓની ચર્ચા વિચારણા કરવા માટેનો છે જેના માટે દર વર્ષે એક બેઠક મળે છે. બેઠકનું સ્થળ જુદાં જુદાં રાજ્યોમાં યોજવામાં આવે છે. આવા પ્રકારનું ઇન્ડિઅન હિસ્ટ્રી કોંગ્રેસનું 45મું અધિવેશન અન્નામબાઈ યુનિવર્સિટી, અન્નામબાઈ નગર, ચિદમ્બરમમાં તા. 27 થી 29 ડિસેમ્બર, 1984 દરમ્યાન તામિલનાડુમાં મળ્યું હતું અને તેમાં સંશોધનને લગતી વિવિધ પ્રકારની સમસ્યાઓની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તેમાં ગુજરાત રાજ્ય દફતર ભંડાર નિયામકે હાજરી આપી હતી. ઈતિહાસની સાથે સંબંધકર્તા તમામ સંસ્થાના તમામ સભ્યો આમાં ભાગ લઈ શકે છે.

### 3.3.9 ઓફિસર ઇન્ચાર્જ નેશનલ રજિસ્ટર ઓફ પ્રાઈવેટ રેકોર્ડઝ

ભારતની ઐતિહાસિક મહત્ત્વની સંપત્તિ અંગેની ઈન્વેન્ટરી તૈયાર કરવાની દરખાસ્ત ઇન્ડિઅન હિસ્ટોરિકલ રેકોર્ડ કમિટીએ 1947માં ભલામણ કરેલી અમલમાં આવી હતી, આ

સંપત્તિ અંગેની ઈન્વેન્ટરી ખાનગી રેકોર્ડ અને પબ્લિક રેકોર્ડ માટે તૈયાર કરવાની હતી. આ અંગેની કામગીરી એટલી બધી બહોળા પ્રકારની હોવાથી તેમજ તેના ખર્ચને પહોંચી નહીં વળવાને કારણે તે યોજનાને જોઈએ તેવું રૂપ આપી શકાયું નહીં. આ યોજનાનું ફરીથી 1957ની સાલમાં પુનઃ અવલોકન કરતાં એમ નક્કી કરવામાં આવ્યું છે કે ફક્ત ખાનગી રેકોર્ડને રજિસ્ટર કરી તેની ઈન્વેન્ટરી તૈયાર કરવી અને દરેક રાજ્યો પોતાના રાજ્યમાં આવી અમૂલ્ય સંપત્તિ એકત્રિત કરી જરૂરી માહિતી નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાને મોકલવા નક્કી કરવામાં આવ્યું. ભારત સરકાર જે રાજ્ય આ અંગે ભાગ લે તેવા રાજ્યને આ સંસ્થા દ્વારા ગ્રાંટ આપે છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. ભારતની રાજધાની કોલકતાથી દિલ્હી ઈ.સ.__________ માં ખસેડવામાં આવી હતી.
2. રાષ્ટ્રીય અભિલેખાગાર દિલ્હી પહેલાં __________નામથી ઓળખાતું હતું.
3. I.C.A. નું વડું મથક __________માં આવેલું છે.
4. ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ કમિશનની રચના ઈ.સ. __________માં કરવામાં આવી હતી.
5. નેશનલ કમિટી ઓફ આર્કીવીસ્ટની રચના ઈ.સ. __________માં થઈ હતી.

(2) દફતર ભંડારની સહાયક સંસ્થાઓ વિષે ટૂંકનોંધ લખો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 3.4 સારાંશ

દફતર વિદ્યાના વિકાસ માટે તેમજ તેની ઐતિહાસિક મહત્તા લોકોમાં ફેલાય, લોકો દફતરથી વાકેફ થાય, તેની અગત્યતા અને મહત્વ સમજે, દસ્તાવેજો અને દફતરની જાળવણી અને સંવર્ધન થાય તેમજ તેની વૈજ્ઞાનિક પદ્ધતિથી જાળવણી થઈ શકે તે માટે દફતર ભંડારની ICA અને IHRC જેવી ઉપર્યુક્ત સંસ્થાઓ આ ક્ષેત્ર માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે.

## 3.5 ચાવીરૂપ શબ્દો

- **દસ્તાવેજ** : *અક્ષરો, લખાણ, આકૃતિ, ચિન્હ એક કે એકથી વધારે પદાર્થ ઉપર કોઈ બાબત દર્શાવી કે વર્ણવી હોય અને તેનો ઉપયોગ પુરાવા રૂપે કરવામાં આવે તેવા સ્ત્રોતને દસ્તાવેજ કહે છે.*
- **દફતર :** *દસ્તાવેજોના સમૂહને દફતર કહેવામાં આવે છે.*
- *બિન સરકારી - સરકારી તંત્રમાં સેવા ના આપતું હોય અથવા જે સરકારી નથી તેવું.*
- **સરકારી :** *બંધારણ દ્વારા નક્કી કરેલા નિયમો મુજબનું વ્યવસ્થાતંત્ર.*
- **અભિલેખાગાર :** *દફતરોની વૈજ્ઞાનિક ઢબે સાચવણી, ગોઠવણી અને સંવર્ધન કરતી સંસ્થા એટલે અભિલેખાગાર.*
- **દફતર વિદ્યા :** *દફતરો, દસ્તાવેજો વગેરેનો જે અભ્યાસ કરવામાં આવે છે તેને દફતરવિદ્યા કહેવામાં આવે છે.*

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (1) 1. *દફતરની મોજણી જાળવણી વગેરે* 2. *ગાંધીનગર* 3. *વડોદરા*
4. 89 5. 1857

(2) 3.2 *ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

*(ખ)* (1) 1. 1911 2. *ઈમ્પીરીયલ રેકોર્ડ* 3. *પેરીસ* 4. 1919
5. 1957

(2) 3.3 *ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

## 3.7 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *આધુનિક યુરોપમાં સૌપ્રથમ ક્યાં દેશમાં દફતર પ્રવૃતિની શરૂઆત થઈ હતી ?*

(A) *ઈંગ્લેન્ડ* (B) *જર્મની*

(C) *ફ્રાન્સ* (D) *ઈટાલી*

2. *ગુજરતમાં દફતર ભંડારની પશ્ચિમ વર્તુળ કચેરી ક્યાં આવેલી છે ?*

(A) *અમદાવાદ* (B) *સુરત*

(C) ગોધરા (D) રાજકોટ

3. ડાંગ જિલ્લો દફતર ભંડારની કઈ પ્રાદેશિક કચેરીના અધિકાર ક્ષેત્રમાં આવે છે ?

(A) રાજકોટ (B) ગાંધીનગર

(C) વડોદરા (D) અમદાવાદ

4. વડોદરા રાજ્ય દફતર ભંડારની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) ઈ.સ. 1869માં (B) ઈ.સ. 1870માં

(C) ઈ.સ. 1868માં (D) ઈ.સ. 1865માં

5. ઈમ્પીરીયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટની સ્થાપના ક્યાં થઈ હતી ?

(A) કલકત્તા (B) મુંબઈ

(C) દિલ્હી (D) ચેન્નાઈ

6. રાષ્ટ્રીય અભિલેખાગાર ક્યાં આવેલું છે ?

(A) દિલ્હી (B) અમદાવાદ

(C) મુંબઈ (D) ચેન્નાઈ

7. I.C.A. ની કઈ શાખામાં ભારતનો સમાવેશ થાય છે ?

(A) WAMBICA (B) ARABICA

(C) SWARBICA (D) EUBICA

8. 'ઈન્સડોક'ની વિધિવત શરૂઆત ક્યારે થઈ હતી?

(A) ઈ.સ. 1950માં (B) ઈ.સ. 1951માં

(C) ઈ.સ. 1952માં (D) કોઈપણ નહીં

9. ઈન્ડિઅન નેશનલ સાયન્ટિફિક ડોક્યુમેન્ટેશન સેન્ટર-ઈન્સડોકની સ્થાપના માટે કોણે ત્રણ યોજનાઓ આપી હતી ?

(A) રંગનાથન (B) વિલિયમ્સ

(C) વિશ્વનાથન (D) લોર્ડ કેનિંગ

10. *ઇન્ડિઅન હિસ્ટ્રી કોંગ્રેસનું 45મું અધિવેશન ક્યા રાજ્યમાં મળ્યું હતું ?*

(A) *ગુજરાત* (B) *તમિલનાડુ*

(C) *કેરલા* (D) *મહારાષ્ટ્ર*

*જવાબો :* (1 - C ), (2 - D), (3 - C), (4 - A), (5 - A), (6 - A), (7 - C), (8 - C), (9 - A), (10 - B)

## 3.8 સ્વાધ્યાય

1. *દફ્તર ભંડારના મુખ્ય કાર્યો જણાવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. *ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર દિલ્હી વિષે નોંધ લખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. *દફ્તર ભંડારની સહાયક સંસ્થાઓ વિષે વિગતવાર નોંધ લખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 3.9 સંદર્ભો


1. *ગોહિલ મયુરસિંહ બી. "સૌરાષ્ટ્રના અભિલેખાગારો : એક અધ્યયન", અપ્રકાશિત પીએચ. ડી. મહાશોધ નિબંધ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, જુલાઈ-* 2015.

2. જમીનદાર (ડૉ.) રસેશ. "દફતર વિદ્યાની વિભાવના" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1982.
3. દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "ભારતમાં દફતરોનો વિકાસ અને ઉપયોગિતા" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2001.
4. દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "દફતર વહીવટ, સંચાલન અને દફતર ભંડારની સહાયક સંસ્થાઓ" અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2004.
5. ધારૈયા, (ડૉ.) રમણલાલ કે., "ઐતિહાસિક પદ્ધતિ" અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 1974.
6. પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ગુજરાત રાજ્ય દફતર ભંડાર સંક્ષિપ્ત પરિચય પુસ્તિકા" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, 1982.
7. પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ભારતમાં દફતરવિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, 1983.
8. મહેતા (ડૉ.) રમણલાલ. "ઈતિહાસની વિભાવના" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1982.
9. "ઈતિહાસ સંશોધનમાં દફતરોનું મહત્વ" નિયામકશ્રી, ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતું, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, 1983.

# એકમ : 4 સંગ્રહાલય, ગ્રંથાલય, આર્ટ ગેલેરી, હસ્તપ્રત ભંડાર અને દફતર ભંડાર

## :: રૂપરેખા ::


4.0 ઉદ્દેશ્યો

4.1 પ્રસ્તાવના

4.2 સંગ્રહાલય

4.3 ગ્રંથાલય

4.3.1 વિદેશમાં ગ્રંથાલયોનો ઉદ્દભવ અને વિકાસ

4.3.2 ભારતમાં ગ્રંથાલયોનો ઉદ્દભવ અને વિકાસ

4.3.3 ગુજરાતમાં ગ્રંથાલયોનો ઉદ્દભવ અને વિકાસ

4.4 આર્ટ ગેલેરી

4.4.1 આર્ટ ગેલેરીના મુખ્ય પ્રકારો

4.5 હસ્તપ્રત ભંડાર

4.5.1 હસ્તપ્રત એટલે શું ?

4.5.2 હસ્તપ્રતના પ્રકાર

4.5.3 હસ્તપ્રત ભંડાર

4.6 દફતર ભંડાર

4.7 સારાંશ

4.8 ચાવીરૂપ શબ્દો

4.9 તમારી જાતે ચકાસોના જવાબો

4.10 બહુવૈકલ્પિક પ્રશ્નો

4.11 સ્વાધ્યાય

4.12 સંદર્ભો

## 4.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે,*

- *સંગ્રહાલય ગ્રંથાલય વિશે જાણી શકશો.*
- *ગુજરાતમાં આવેલી આર્ટ ગેલેરીઓ વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *ગુજરાતમાં આવેલા વિવિધ દફતર ભંડારો વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *ગુજરાતમાં આવેલા વિવિધ હસ્તપ્રત ભંડારો વિશે માહિતી પ્રાપ્ત કરશો.*

## 4.1 પ્રસ્તાવના

*ઈતિહાસના અભ્યાસ માટે આધાર સાધનો ખૂબ જ અગત્યતા ધરાવે છે. ઈતિહાસ જાણવાના મુખ્ય સાધનો પુરાતત્વીય અવશેષો, સાહિત્યિક કૃતિઓ અને ઐતિહાસિક ગ્રંથો વગેરે છે. ઈતિહાસના આધારે સાધનોને સાચવવા માટે સંગ્રહાલયો, ગ્રંથાલયો, આર્ટ ગેલેરીઓ, દફતર ભંડારો અને હસ્તપ્રત ભંડારો વગેરે છે. અહીં આપણે સંગ્રહાલયો, ગ્રંથાલયો, આર્ટ ગેલેરીઓ, દફતર ભંડારો અને હસ્તપ્રત ભંડારો વિશે માહિતી મેળવશું. ખાસ કરીને જુદી જુદી લિપિઓમાં લખાયેલ પ્રાચીન હસ્તપ્રતો, શિલાલેખો, દાન દર્શાવતા તામ્રપત્રો, નાણાના સિક્કા અને રાજાઓની મુદ્રાઓ પ્રાચીન ઈતિહાસ તથા સંસ્કૃતિ વિશેની માહિતી માટેના મુખ્ય મૂળ સ્રોતો મનાયા છે.*

## 4.2 સંગ્રહાલય

*મ્યુઝિયમ અંગ્રેજી શબ્દ છે. પણ હવે એ આપણી ભાષામાં પણ રૂઢ થઈ ગયો છે. હિંદીમાં એને 'અજાયબઘર' કહેતા, પણ એ માત્ર અજાયબીભરી વસ્તુઓનું આયતન નથી. ગુજરાતીમાં એને ઘણીવાર 'સંગ્રહસ્થાન' કે 'સંગ્રહાલય' કહીએ છીએ, પણ એ માત્ર સંગ્રહસ્થાન નથી. એના વર્તમાન અર્થમાં મ્યુઝિયમ એવું વિદ્યાકેન્દ્ર અને સંસ્કારકેન્દ્ર છે કે જ્યાં માનવસમાજના વિદ્યાકીય અને સાંસ્કૃતિક વારસાને પ્રત્યક્ષ રીતે વ્યક્ત કરે તેવી વસ્તુઓને સંગ્રહ કરતાં રહી તેનાં વિવિધ પાસાંને લગતા નમૂનાઓને એવી રીતે પ્રદર્શિત કરવામાં આવે છે કે મુલાકાતીઓને તે વિદ્યા કે સંસ્કૃતિના વિવિધ પાસાંની દૃશ્ય સાધનો દ્વારા પ્રત્યક્ષ જાણકારી થાય તેમ જ અધ્યયન અને સંશોધન કરનારાઓને પણ એ ઉપકારક નીવડે. આથી અહીં ગુજરાતીમાં પણ રૂઢ થયેલો 'મ્યુઝિયમ' શબ્દ પ્રયોજવો ઉચિત છે.*

*'મ્યુઝિયમ' શબ્દનું મૂળ ગ્રીક ભાષાના* 'Mouseion' *શબ્દમાં રહેલું છે. એનો અર્થ થાય છે વિદ્યામંદિર કે વિદ્યાભવન. ગ્રીસના આરંભિક મ્યુઝિયમોમાં તત્ત્વજ્ઞાનના અભ્યાસને વિદ્યાદેવીઓની આરાધના ગણતા. આગળ જતા ઍલેકઝાન્ડ્રિયાના હેલેનિસ્ટિક મ્યુઝિયમમાં*

*ધાર્મિક અને નૈતિક ઉદ્દેશનું સ્થાન બૌદ્ધિક ઉદ્દેશે લીધું. આ મ્યુઝિયમમાં ચિંતકોના પૂતળાં, માનતા અંગે આપેલી વસ્તુઓ, ખગોળ અને વાઢકાપના ઓજાર અને હાથીદાંત તથા વિરલ પ્રાણીઓનાં ચર્મ જેવી કુદરતી ચીજોના સંગ્રહનો સમાવેશ થતો પરંતુ આ નમૂનાઓનો સંગ્રહ તો સંશોધનકેન્દ્રના અંતર્ગત ભાગરૂપે જ હતો. અર્વાચીન દૃષ્ટિએ જોઈએ તો એનું મુખ્ય લક્ષણ તો હતું તત્કાલીન સર્વ ઉપલબ્ધ જ્ઞાન માટેના વ્યાપક અન્વેષણની વૃત્તિની વિશાળતા એમાં સંશોધન, ચર્ચાઓ અને વ્યાખ્યાનોના વિષય ધર્મથી તબીબીવિદ્યા, પુરાણ કથાઓ અને તત્ત્વજ્ઞાનથી પ્રાણીવિદ્યા અને ભૂગોળવિદ્યા તથા ભૂસ્તરશાસ્ત્ર સુધી વિસ્તરતા અને એમાંના દરેક વિષયમાં જ્ઞાનનો સંચય ઘણું મોટા પાયા પર કરવામાં આવતો.*

*મ્યુઝિયમ પ્રવૃત્તિનાં પગરણ યુરોપમાં થયા. યુરોપના દેશોના પાટનગરોમાંનાં કેટલાંક મોટા મ્યુઝિયમ* 18 *મી સદીના આરંભમાં સ્થપાયાં. લંડનમાં બ્રિટિશ મ્યુઝિયમ* 1753 *માં સ્થપાયું અને* 1759 *માં જનતા માટે ખુલ્લું મૂકાયું. રોમમાં સાર્વજનિક મ્યુઝિયમ* 1777 *માં, વિયેનામાં* 1781*માં, પેરિસમાં* 1783 *માં, મેડ્રિડમાં* 1809 *પછી અને બર્લિનમાં* 1830 *માં સ્થપાયું હતું.*

*ભારતમાં એશિયાટિક સોસાયટી* 1784 *માં સ્થપાઈ અને એણે પોતે એકત્ર કરેલી વસ્તુઓના સંગ્રહની* 1796 *માં સ્થાપના કરી પરંતુ એને વ્યવસ્થિત મ્યુઝિયમનું સ્વરૂપ આપી શકાયું ઈ.સ.*1814*માં. એ વર્ષે ડેનિશ વનસ્પતિશાસ્ત્રી ડૉ. નેપનિઅલ વોલિસે તે સોસાયટીને સગવડવાળું મકાન પૂરું પાડવામાં આવે તો એના માનાર્હ ક્યુરેટર તરીકે કામ કરવાનો તથા પોતાના સંગ્રહમાંના વધારાના નમૂના આપવાનો પ્રસ્તાવ મૂક્યો. એનો સ્વીકાર કરી સોસાયટીએ બે વિભાગમાં મ્યુઝિયમ સ્થાપ્યું :* (1) *ગ્રંથપાલની દેખરેખ નીચે પુરાતત્ત્વ, નૃવંશશાસ્ત્ર અને ટેકનોલોજી; અને* (2) *ડૉ. વૉલિસના સંચાલન નીચે ભૂસ્તરવિદ્યા અને પ્રાણીવિદ્યા. ઈ.સ.* 1839 *માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ડાયરેક્ટરોની કોર્ટે ક્યુરેટરના પગાર માટે તથા મ્યુઝિયમના નિભાવ માટે મહિને રૂ.* 300 *નું અનુદાન મંજૂર કર્યું. બ્રિટિશ સરકાર પણ વિશિષ્ટ પ્રયોજનો માટે અવારનવાર અનુદાન કરતી રહી. આથી મ્યુઝિયમનો ઝડપી વિકાસ થયો.* 1840 *માં કલકત્તામાં સરકારે આર્થિક ભૂસ્તરવિદ્યાના મ્યુઝિયમની સ્થાપના કરી. થોડા વર્ષ બંને મ્યુઝિયમ સોસાયટીના વિસ્તારમાં રહ્યાં.*

*ઈ.સ.* 1856 *માં સરકારનો ભૂસ્તરીય સંગ્રહ જીયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાના નવા સ્થપાયેલા વડા મથકમાં ખસેડાયો. ક્યુરેટર ઍડવર્ડ બ્લિથના સમયમાં પ્રાણીવિદ્યાને લગતો સંગ્રહ ઘણો વધ્યો.* 1866 *માં ઈન્ડિયન મ્યુઝિયમ ધારો ઘડાયો અને* 1875 *માં ઈન્ડિયન મ્યુઝિયમની સ્થાપના થઈ. દરમિયાન ભારતના અન્ય ભાગોમાં પણ મ્યુઝિયમ સ્થપાયાં.*

*રોયલ એશિયાટિક સોસાયટીની શાખારૂપ મદ્રાસ લિટરરી સોસાયટીએ મ્યુઝિયમ બાંધવાની શરતે પોતાનો સંગ્રહ આપવા ખુશી બતાવી.* 1851 *માં ફોર્ટ સેન્ટ જ્યોર્જ કૉલેજમાં સેન્ટ્રલ મ્યુઝિયમ ખુલ્લું મૂકાયું અને* 1854 *માં એને હાલના મકાનમાં ખસેડવામાં આવ્યું.* 1856 *માં બેલ્લરી, કડ્ડલોર, કોઈમ્બતૂર, મેંગલોર, ઉટાકામંડ અને રાજામુદ્રીમાં આમ કુલ* 6 *મ્યુઝિયમ શરૂ થયાં પરંતુ રાજામુદ્રીના મ્યુઝિયમ સિવાયનાં પાંચ મ્યુઝિયમ* 1861 *માં બંધ પડ્યાં. રાજામુદ્રીનું મ્યુઝિયમ* 1875 *માં ત્યાંના મ્યુનિસિપલ કમિશનરને હસ્તક મૂકાઈ ચાલુ રહ્યું.*

1857*માં કરાંચીમાં વિક્ટોરિયા મ્યુઝિયમ સ્થપાયું. લગભગ એ જ સમયે મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજે એશિયાનું પહેલું તબીબી મ્યુઝિયમ શરૂ કર્યું.* 1857 *માં ત્રિવેન્દ્રમ મ્યુઝિયમની સ્થાપના થઈ અને એ જ વર્ષે મુંબઈમાં આર્થિક પેદાશોનું મ્યુઝિયમ ખુલ્યું. જેનું પછી નામાભિધાન 'વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ' થયું. આમ,* 1857 *માં હિન્દમાં* 12 *મ્યુઝિયમ હતાં.*

1857 *ના બળવાથી મ્યુઝિયમ પ્રવૃત્તિમાં અંતરાય આવ્યો. બળવાની અસર થાળે પડતાં,* 1863 *માં લખનૌ અને નાગપુરમાં અને* 1864 *માં લાહોરમાં મ્યુઝિયમ સ્થપાયાં. દરમિયાન મદ્રાસ ઈલાકામાં અગાઉ જણાવ્યા મુજબ પાંચ સ્થળોએ મ્યુઝિયમ બંધ પડ્યાં. પછીના દસકામાં છ નવાં મ્યુઝિયમ શરૂ થયાં.* 1866 *માં બેંગલોરમાં,* 1867 *માં ફૈઝાબાદમાં,* 1868 *માં દિલ્હીમાં,* 1872 *માં કલકત્તામાં,* 1874 *માં મથુરામાં અને* 1875 *માં રાયપુરમાં, પછી વળી થોડાં વર્ષ મ્યુઝિયમ પ્રવૃત્તિમાં ઓટ આવી. એક નોંધપાત્ર મ્યુઝિયમની સ્થાપના આ સમયમાં થઈ.* 1877 *માં કચ્છમાં ફરગ્યુસન મ્યુઝિયમ જે હવે કચ્છ મ્યુઝિયમ તરીકે ઓળખાય છે તેની સ્થાપના થઈ, પણ જાહેર જનતા માટે આ મ્યુઝિયમ જોવાનો લાભ અમુક તહેવારો દરમિયાન જ મળતો હતો. આથી ઈ.સ.* 1936 *માં પ્રકાશિત થયેલી મ્યુઝિયમોની માર્ગદર્શિકામાં આ મ્યુઝિયમનો ઉલ્લેખ નથી.*

*ઈ.સ.* 1887 *માં રાણી વિક્ટોરિયાની જ્યુબિલી નિમિત્તે વળી મ્યુઝિયમોની સ્થાપનાની પ્રવૃત્તિ વેગવંતી બની.* 1887 *માં ત્રિચુર, ઉદેપુર, ભોપાલ, જયપુર અને મદ્રાસમાં,* 1888 *માં રાજકોટમાં (વોટસન મ્યુઝિયમ),* 1890 *માં પૂનામાં (લોડે રે ઈન્ડસ્ટ્રિયલ મ્યુઝિયમ,* 1894 *માં વડોદરા અને બેઝવાડામાં,* 1895 *માં ભાવનગર અને ત્રિચિનાપલ્લીમાં નવા મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યાં.* 1899 *માં શ્રીનગરમાં શ્રી પ્રતાપસિંધ મ્યુઝિયમ સ્થપાયું. આમ* 1900 *સુધીમાં હિન્દમાં લગભગ* 27 *જેટલાં મ્યુઝિયમ હતાં.*

20 *મી સદીની શરૂઆતમાં, લોર્ડ કર્ઝન (વાઈસરૉય,* 1899-1907) *ની અભિરુચિ અને સર જહોન માર્શલ જેઓ* 1902 *માં આકર્યોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાના ડાયરેક્ટર-જનરલ*

નિમાયા ત્યારથી ઉત્ખનિત સ્થળો પર સ્થાનીય મ્યુઝિયમ (સાઈટ-મ્યુઝિયમ) દેશભરમાં નોંધપાત્ર સંખ્યામાં સ્થપાવા માંડ્યાં. બાડીપાડા (1903), છામ્બ (1908), જોધપુર (1909), ખજુરાહો (1910), ગ્વાલિયર (1911) અને ઢાકામાં 1913 માં સ્થપાયાં. ઉત્ખનિત સ્થાનો પરના મ્યુઝિયમ ઉપરાંત સારનાથ (1904), આગ્રા (1906), પેશાવર (1907), માંડલે (1905), દિલ્હી (લાલ કિલ્લાનું પુરાતત્ત્વ મ્યુઝિયમ - 1918 તેમજ સેન્ટ્રલ એશિયન એન્ટિક્વિટીઝ મ્યુઝિયમ 1929) અને લાહોર (ફોર્ટ મ્યુઝિયમ 1928) માં મ્યુઝિયમની સ્થાપના થઈ. એનો દાખલો લઈ ભોપાલ રાજ્યે સાંચીમાં (1918) અને મયૂરભંજ રાજ્યે કિચિંગમાં 1929 માં મ્યુઝિયમ સ્થાપ્યું. 1911 માં હિંદના મ્યુઝિયમની પહેલી ડિરેક્ટરી પ્રકાશિત થઈ ત્યારે અસ્તિત્વ ધરાવતાં 39 મ્યુઝિયમની વિગતવાર માહિતી અપાઈ. દરમિયાન બીજા પાંચ-છ મ્યુઝિયમ સમૂળગા બંધ થયેલાં અને બાર જેટલાં મ્યુઝિયમ હતાં.

પ્રિન્સ ઑફ વેલ્સની હિંદની મુલાકાતની યાદગીરીમાં મ્યુઝિયમ સ્થાપવાનું નક્કી કર્યું. મ્યુઝિયમનું નામ 'પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ' રાખવામાં આવ્યું. જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સની કલાકૃતિઓ તથા આર્કિયોલોજિકલ સર્વેના વેસ્ટન સર્કલે એકત્ર કરેલા પુરાતત્ત્વીય નમૂનાઓ તેમજ વિજ્ઞાન અને પ્રાકૃતિક ઈતિહાસના વિભાગ રખાયા. 1914 માં મ્યુઝિયમનું મકાન બંધાઈ ગયું, પરંતુ 1914 માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં એનું મકાન વોર હોસ્પિટલ તરીકે વપરાવા દેવાયું. 1921 માં આ મ્યુઝિયમ જાહેર જનતા માટે ખુલ્લું મૂકાયું. મકાનોનું કેટલુંક વિસ્તરણ 1935માં પૂરું થયું અને 1938 માં પુનર્વ્યવસ્થિત વિભાગ જનતા માટે ખુલ્લા મૂકાયા. નગરપાલિકાઓએ સ્થાપેલા મ્યુઝિયમોમાં અલ્હાબાદ, કલકત્તા અને મુંબઈના મ્યુઝિયમ નોંધપાત્ર છે. મ્યુઝિયમોના ઉદ્દભવમાં બ્રિટિશ સરકાર તથા આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા તથા દેશી રજવાડાંએ સક્રિય ભાગ ભજવ્યો હતો.

આમ ભારતીય મ્યુઝિયમ પ્રવૃત્તિની ઉત્પત્તિ ચાર રીતે થયેલી : (1) ઈસ્ટ ઈન્ડિયા કંપની અને બ્રિટિશ હિંદના મુખ્ય શહેરોમાં (2) કેટલાક દેશી રાજ્યો દ્વારા તેઓની રાજધાનીઓમાં (3) આર્કિયોલોજિકલ સર્વે દ્વારા કેટલાક સ્થળીય મ્યુઝિયમ અને (4) શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાકીય મંડળો દ્વારા પોતાની ખાસ જરૂરિયાતોને અનુલક્ષીને સમય જતાં નગરપાલિકાઓ અને ખાનગી વ્યક્તિઓ પણ આ પ્રવૃત્તિમાં નોંધપાત્ર ફાળો આપવા લાગી.

પ્રકૃતિ અને સંસ્કૃતિઓ સંબંધ પ્રસ્થાપિત કરવા અનેક સ્થળોની મુલાકાત લેવી જરૂરી છે પણ બધા માટે એ શક્ય નથી. સામાન્ય રીતે આપણું જ્ઞાન વાણી કે શબ્દોમાં ઉતારેલું સ્વરૂપ છે. પ્રકૃતિ અને સંસ્કૃતિના પુરાવા રૂપ મૂળ વસ્તુઓનો પ્રત્યક્ષ પરિચય આપવાના સાધન તરીકે સંગ્રહાલય કે મ્યુઝિયમનું વિશિષ્ટ સ્થાન છે.

સંગ્રહાલય સામાન્ય પ્રજાજનો તેમજ અભ્યાસીઓ માટે એક શૈક્ષણિક સંસ્થાની ગરજ સારે છે. તેનો પાયો પ્રાકૃતિક કે સાંસ્કૃતિક કે વૈજ્ઞાનિક વસ્તુઓનો સંગ્રહ, રક્ષણ, પ્રદર્શન અને તેની સહાયથી જ્ઞાનોપાસના છે. સંગ્રહાલયમાં સંગ્રહિત મૂળ વસ્તુઓ વડે જ્ઞાનસાધના થતી હોવાથી તે વિદ્યાનું સ્થાન છે, એ બાબત તેને માટે વપરાતો મ્યુઝિયમ શબ્દ સ્પષ્ટ કરે છે. ભારતીય વિદ્યાદેવીઓની સમકક્ષ દેવીઓની ઉપાસના ગ્રીક લોકો કરતા. આ વિદ્યાદેવીઓ મ્યુઝ મે મોસાઈને નામે ઓળખાતી. તેમના નામ પરથી ભારતના મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન તુરમય કે ટોલની સોટેરે ઈજિપ્તમાં એલેક્ઝાન્ડ્રિયામાં શરૂ કરેલી વિદ્યાપીઠનું નામ મ્યુઝિયમ આપ્યું હતું. ઈ.સ. પૂર્વે ચોથી સદીના પ્રાચીન ગ્રીક મ્યુઝિયમમાં ધાર્મિક શિલ્પો, ખગોળ, વાઢકાપના ઓજાર અને હાથીદાંત તથા વિરલ પ્રાણીઓનાં ચર્મ જેવી કુદરતી ચીજોના સંગ્રહનો સમાવેશ થતો. આ બધાનો મુખ્ય હેતુ જ્ઞાનના સંગ્રહનો હતો.

યુરોપમાં 15 મી સદી પછી ખાસ કરીને ઈટાલીમાં જૂની વસ્તુઓ સાથેના અધ્યયન ખંડને મ્યુઝિયમ નામ આપવામાં આવતું હતું. તેમાંથી આજની મ્યુઝિયમ પ્રવૃત્તિ ઉદ્દભવી. યુરોપમાં વિદ્યાપાસનામાં શાળા, પાઠશાળા કે વિશ્વવિદ્યાલયમાં ચાલતી પદ્ધતિ ઉપરાંત અનૌપચારિક (નોન ફોર્મલ) શિક્ષણ પ્રવૃત્તિ થતી, તેથી તેમાં વિસ્મય અને આનંદ સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા હતી. વિસ્મય અને આનંદ સાથે કુતૂહલ પ્રેરકતાથી મળતા જ્ઞાનનું સંગ્રહાલયની વિભાવનામાં મહત્ત્વનું સ્થાન હોવાથી, સંગ્રહાલયની જ્ઞાન આપવાની શક્તિ સહજ છે. તેથી શાળાઓ, મહાશાળાઓ કે મહાવિદ્યાલયોમાં ચાલતા અભ્યાસક્રમોમાં દર્શાવાતા વિચારોને તે વધુ સ્પષ્ટ કરે છે. તેનો પ્રત્યક્ષ પરિચય આપતા સંગ્રહાલયો પ્રેક્ષકોની વિચારોની તુલના કરવાની શક્તિ, કલ્પનાશક્તિ અને સંશોધનક્ષમતા વધારે છે. સંગ્રહાલયની જ્ઞાન આપવાની શક્તિ તેના સંગ્રહ પર આધારિત છે, તેથી તેની આ પ્રવૃત્તિસૂચક 'સંગ્રહાલય' શબ્દ ભારતમાં પ્રચલિત છે. આ સંગ્રહ વિસ્મયની વૃત્તિને પોષનાર હોવાથી તેને 'અજાયબઘર' પણ કહેવામાં આવે છે.

સંગ્રહાલય મુલાકાતીઓ માટે અવૈધિક રીતે જ્ઞાનોપાસનાનું કાર્ય કરે છે તથા તેની સેવાઓ બીજી સંસ્થાઓને આપે છે. તેના આ કાર્યની નોંધ લેતાં ગુજરાત રાજ્યનાં સંગ્રહાલયોની વિકાસ યોજના માટેનાં નીતિવિષયક સૂચનોમાં જણાવ્યા પ્રમાણે 'સંગ્રહાલય અને તે દ્વારા થતી જ્ઞાનસાધના એ શાળા, મહાશાળા અને વિશ્વવિદ્યાલયોની સરખામણીમાં વધુ આનંદ આપતી હોઈ, આજના સંસ્કારક્ષેત્રમાં મ્યુઝિયમો પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યાં છે. તેથી આજે મ્યુઝિયમ એ કોઈએ ગમે તેમ કરેલો (કબાડીની) વસ્તુઓનો સંગ્રહ નથી

*પરંતુ સમગ્ર પ્રજાને સમોન્નત અને સંસ્કારી માર્ગે, તેમના ભૂતકાલીન વારસાને સાચવીને સંસ્કારોના નવા પરિમાણોમાં ગોઠવીને તે શિક્ષણનું અમૂલ્ય અંગ બન્યું છે.*

*સંગ્રહાલયોનો ઈતિહાસ જોઈએ તો, ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં ગ્રીસ, વિશ્વનું સૌ પ્રથમ મ્યુઝિયમ આજના ઈજિપ્તના એલેક્ઝાન્દ્રિયામાં બનેલું. ત્યારબાદ યુરોપના દેશોના પાટનગરોમાંના કેટલાંક મોટા સંગ્રહાલયો* 18 *મી સદીના આરંભમાં સ્થપાયો. લંડનમાં બ્રિટિશ મ્યુઝિયમ* 1753 *માં સ્થપાયું. રોમમાં* 1777 *માં, વિયેનામાં* 1781 *માં, પેરિસમાં* 1793 *માં મેડ્રિડમાં ઈ.સ.* 1809 *પછી અને બર્લિનમાં ઈ.સ.* 1830 *માં સંગ્રહાલયો સ્થપાયાં.*

*સમગ્ર વિશ્વમાં વિકસતી સંગ્રહાલયોની પ્રવૃત્તિથી ભારત પણ અલિપ્ત રહ્યું ન હતું. ભારતમાં શિલ્પો, ચિત્રો, પ્રતીકો આદિથી સમાજમાં જ્ઞાનોપાસના પ્રચલિત હતી, તેને આધુનિક સ્વરૂપ આપવાનું કામ ઈ.સ.* 1740 *પછી ક્રમશઃ અંગ્રેજોએ કર્યું. ઈ.સ.* 1784*માં રોયલ એશિયાટિક સોસાયટીની સ્થાપના થઈ, ત્યારબાદ* 1814 *થી કલકત્તામાં ઈન્ડિયન મ્યુઝિયમની શરૂઆત કરવાનું કામ ડેન્માર્કના વનસ્પતિશાસ્ત્રી ડૉ. નથાનીઅલ વોલીસે કર્યું. બ્રિટિશ રાજ્યમાં થયેલાં સર્વેક્ષણમાં સૂચવાયું કે, જે તે રાજ્યની વિવિધ વસ્તુઓ એક મકાનમાં દર્શાવવાની ક્ષમતા રાએ તેવાં સંગ્રહાલયો પોતાના રાજ્યમાં હોવા જરૂરી છે.*

*ગુજરાતના દેશી રાજ્યોમાં સંગ્રહાલય પ્રવૃત્તિની શરૂઆત કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજાએ ઈ.સ.* 1877 *માં કરી. ત્યારબાદ રાણી વિક્ટોરિયાના રાજ્યાભિષેકના સુવર્ણ મહોત્સવના માનમાં રાજકોટમાં જ્યુબિલીબાગમાં વૉટસન મ્યુઝિયમ ઈ.સ.* 1888 *માં તૈયાર થયું હતું. ઈ.સ.* 1890 *માં સુરતનું વિચેસ્ટર મ્યુઝિયમ તૈયાર થયું.* 1887 *થી શરૂ થયેલી વડોદરામાં સંગ્રહાલય પ્રવૃત્તિ, ઈ.સ.* 1894 *માં બરોડા મ્યુઝિયમના નવા મકાનનું કામ શરૂ થયું અને પાછળથી તેનું ચિત્રાલય ઈ.સ.* 1921 *માં તૈયાર થયું. ત્યારબાદ ઈ.સ.* 1950 *માં પુરાવસ્તુવિદ્યાના સંગ્રહાલયનો મ.સ. યુનિવર્સિટીમાં પ્રારંભ થયો. અહીં હેલ્થ મ્યુઝિયમ ઈ.સ.* 1953 *માં અને શ્રી પ્રતાપ શસ્ત્રાગાર શરૂ થયાં. પાટણમાં જૈન હસ્તપ્રતોનો સંગ્રહ એકઠો કરવાની શરૂઆત થઈ ગઈ અને ઈ.સ.* 1939 *માં હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરની સ્થાપના થઈ. વડોદરામાં પણ મહારાજા સયાજીરાવે અંગત રસને કારણે પ્રાચીન હસ્તપ્રતો અને લઘુચિત્રોનો સંગ્રહ અને અભ્યાસનાં કાર્યો માટે ઈ.સ.* 1893 *માં પ્રાચ્ય વિદ્યામંદિરની સ્થાપના કરી.*

*અમદાવાદમાં સંગ્રહાલયની પ્રવૃત્તિ કેલિકો મ્યુઝિયમ ઑફ ટેક્સટાઈલથી ઈ.સ.* 1949 *માં શરૂ થઈ. આ અદ્યતન સંગ્રહાલય શરૂ થયું તે પહેલાં ભો.જે. વિદ્યાભવનમાંના સંગ્રહને*

ગોઠવીને પ્રદર્શિત કરવાની પ્રવૃત્તિ હતી, તેનો વિકાસ તેના નવા મકાનમાં આવ્યા બાદ ઈ.સ. 1961 માં થયો. ઈ.સ. 1957 માં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સંગ્રહ પ્રવૃત્તિ શરૂ થઈ અને બાલકૃષ્ણ દોશી દ્વારા બનેલ આધુનિક ઈમારતમાં સંગ્રહાલય 1984 માં શરૂ થયું. ઈ.સ. 1951 માં સાબરમતી આશ્રમમાં ગાંધી સ્મારક બન્યું. જેમાં ઈ.સ. 1961 થી ગાંધી સ્મારક સંગ્રહાલયની રચના થઈ. ઈ.સ. 1961 માં ગુજરાત મ્યુઝિયમ સોસાયટીનું નાનાલાલ ચી. મહેતાના લઘુચિત્રોના સંગ્રહનું કાયમી પ્રદર્શન સંસ્કાર કેન્દ્રમાં શરૂ થયું. ઈ.સ. 1957 માં અમદાવાદ શહેરનો ઈતિહાસ દર્શાવતું સિટી મ્યુઝિયમ બન્યું અને એપ્રિલ, 2000 માં સંપૂર્ણ નવસંસ્કરણ પામી ખુલ્લું મૂકાયું. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં તેના આદિવાસી સંશોધન કેન્દ્રના સંગ્રહાલયનો પ્રારંભ 1963 માં થયો અને ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગનું સંગ્રહાલય ઈ.સ.1977 માં વિકસ્યું. અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા નેચરલ હિસ્ટરી મ્યુઝિયમ ઈ.સ.1974માં અસ્તિત્વમાં આવ્યું અને ઈ.સ.1986 માં શ્રેયસ કલ્પના મંગળદાસ બાલાયતના અસ્તિત્વમાં આવ્યું.

અમદાવાદ અને વડોદરામાં સંગ્રહાલય પ્રવૃત્તિનો સારો વિકાસ થયો છે. તેવી રીતે ભાવનગર અને જૂનાગઢમાં પણ વિકાસ થયો છે. ભાવનગરમાં બાર્ટન સંગ્રહાલય ઈ.સ. 1895 માં શરૂ થયું. તેની પાસે ગાંધી સ્મારક સંગ્રહાલય અને કલા-કૌશલ્ય સંગ્રહાલય ઈ.સ. 1960 માં તૈયાર થયાં. જૂનાગઢના સક્કબાગમાં સંગ્રહાલય ઈ.સ. 1901 માં શરૂ થયું. ત્યારબાદ દરબાર હૉલ સંગ્રહાલય ઈ.સ. 1977 માં શરૂ થયું. ભૂજમાં ઈ.સ. 1977 માં શરૂ થયેલ સંગ્રહાલય પ્રવૃત્તિ પછી ઈ.સ. 1978 માં આયના મહેલમાં મદનસિંહજી મ્યુઝિયમ વિકસ્યું. ઈ.સ. 1980 માં રામસિંહજી રાઠોડ દ્વારા ભારતીય સંસ્કૃતિ દર્શન (કચ્છ)નો વિકાસ થયો અને ઈ.સ. 1991 માં શરદબાગ પેલેસ સંગ્રહાલયમાં ફેરવાયો.

ગુજરાતનાં બીજા શહેરોમાં સંગ્રહાલય પ્રવૃત્તિ થોડા ઓછાં પ્રમાણમાં વિકસી, અમરેલીમાં શ્રી ગિરધરભાઈ બાળ સંગ્રહાલય વિકસ્યું. ત્યારબાદ કપડવંજમાં 1959 માં શ્રી ધીરજબહેન બાળ સંગ્રહાલય વિકસ્યું. સુરતમાં 1890 માં સ્થપાયેલા વિન્ચેસ્ટ મ્યુઝિયમનું 1952 માં નવસંસ્કરણ થયું અને તેને સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહાલય એવું નામ અપાયું. 1921 માં ધરમપુરનું લેડી વિલ્સન મ્યુઝિયમ વિકસ્યું. જામનગરના લાખોટામાં પુરાવસ્તુકીય સંગ્રહાલય 1946 માં અસ્તિત્વમાં આવ્યું. પ્રભાસ પાટણનું સંગ્રહાલય 1951 માં સ્થપાયું. સાપુતારામાં 1970 માં સંગ્રહાલય વિકસ્યું. 1981 માં બારડોલીમાં સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક અસ્તિત્વમાં આવ્યું. સરદાર પટેલ યુનિવર્સિટીમાં 1949 માં કલા અને પુરાવસ્તુનું સંગ્રહાલય શરૂ થયું અને 1994 થી સ્વતંત્ર મકાનમાં એ કાર્યરત છે. મોડાસા કૉલેજનું સંગ્રહાલય 1965માં સ્થપાયું. લોથલનું પુરાવસ્તુનું સંગ્રહાલય 1970 માં, શ્રી રજની પારેખ

આર્ટ્સ એન્ડ કે.બી. પારેખ કૉમર્સ કૉલેજ મ્યુઝિયમ 1960 માં શરૂ થયું અને 1994 થી સ્વતંત્ર મકાનમાં એ કાર્યરત છે. 1965 માં મોરબીનું નાટ્યકલા સંગ્રહાલય વિકસ્યું. આમ, 2000 ના વર્ષ સુધીમાં ગુજરાતમાં 75 સંગ્રહાલયોનો વિકાસ થયો હતો.

સંગ્રહાલય વિદ્યાના અધ્યયન-અધ્યાપનમાં ભારતમાં ગુજરાત અગ્રણી છે. ઈ.સ. 1952 માં વડોદરાના મ.સ. વિશ્વવિદ્યાલય દ્વારા સંગ્રહાલય વિદ્યાનો ભારતમાં પ્રથમ વ્યવસ્થિત અભ્યાસક્રમ શરૂ થયો. ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠમાં અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ ઈ.સ. 1988 પછી શરૂ થયો.

ગુજરાતમાં સ્થપાયેલ સંગ્રહાલયોમાં પણ વૈવિધ્ય છે. જેમાં વડોદરા, જૂનાગઢ, ભૂજ, રાજકોટ, ધરમપુર, ભાવનગર, સુરત, વલ્લભ વિદ્યાનગરમાં સંગ્રહાલયો વિવિધલક્ષી છે. એકલક્ષી સંગ્રહાલયોનું આઠ પ્રકારમાં વર્ગીકરણ કર્યું છે. જેમાં કલારૂપી, તબીબી વિદ્યા, પુરાવસ્તુ વિષયક, પ્રાકૃતિક ઈતિહાસ અને વિજ્ઞાન, બાળ સંગ્રહાલય, માનવશાસ્ત્ર અને આદિવાસી, વ્યક્તિ વિષયક છે. કલા સંગ્રહાલયમાં હસ્તકળા, હુન્નરકલાના નમૂના ધરાવે તેવાં એક વિષયક સંગ્રહાલયોમાં આયના મહેલ, કેલિકો મ્યુઝિયમ ઑફ ટેક્સટાઈલ્સ, જૂનાગઢનું દરબાર હૉલ સંગ્રહાલય, અમદાવાદનું પતંગ સંગ્રહાલય, ધાતુપાત્ર સંગ્રહાલય, ભારતીય સંસ્કૃતિ દર્શન (કચ્છ) છે. વડોદરાના શ્રી પ્રતાપ શસ્ત્રાગાર અને મોરબીના નાટ્યકલા સંગ્રહાલયનો અને રાજકોટના સંપદા સંગ્રહાલયોનો તેમજ કૃષિ સંગ્રહાલયમાં આણંદની ગુજરાત કૃષિ યુનિવર્સિટીનું સરદાર સ્મૃતિ કેન્દ્ર છે. ભૂજ પાસે સુમરાસર શેખ ગામમાં કલારલા સંસ્થાએ પણ કચ્છ પ્રદેશની લોકકળાના અલભ્ય નમૂનાઓને સાચવવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું. છે, તેનું સંગ્રહાલય પણ ટૂંક સમયમાં આકાર લેશે. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રી મોરારજી દેસાઈ અને શ્રી જમનાલાલ બજાજની જીવનઝાંખી દર્શાવતાં સંગ્રહાલયો આકાર લઈ રહ્યાં છે.

અમદાવાદની બી.જે. મેડિકલ કૉલેજમાં અને વડોદરામાં મેડિકલ કૉલેજમાં તેમજ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનું હેલ્થ મ્યુઝિયમ - એ કુલ ત્રણ તબીબી વિદ્યાનાં સંગ્રહાલયો છે. પુરાવસ્તુ વિષયક સંગ્રહાલયોની સંખ્યા 17 ની છે, જેમાં લોથલ એકમાત્ર પુરાતત્વીય સ્થળ સંગ્રહાલય છે. ધોળાવીરા (કચ્છ)માં મળેલ હડપ્પા સંસ્કૃતિના નગરમાંથી મળેલ વસ્તુઓના સંગ્રહાલયની પ્રસ્તાવના મૂકાઈ છે, જેનું ટૂંક સમયમાં કાર્ય શરૂ કરવાની શક્યતા છે. શામળાજી સંગ્રહાલય, કોબામાં સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય, વડનગર સંગ્રહાલય, વડોદરાનું પ્રાચ્ય વિદ્યામંદિર વગેરેનો પણ આમાં સમાવેશ થાય છે. ગુજરાતનો રાજકીય વિકાસ આલેખતું સંગ્રહાલય ગાંધીનગરના વિધાનસભા ગૃહના પોડિયમમાં આવેલું છે. પ્રભાસ

પાટણનું સંગ્રહાલય, ખંભાતનું શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કે.બી. પારેખ કૉમર્સ કૉલેજ મ્યુઝિયમ, અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ, ભોળાભાઈ જેશિંગભાઈ સંશોધન વિદ્યાભવન, એન. સી. મહેતા ગેલેરી, મોડાસામાં શ્રી અંબાલાલ રણછોડદાસ સૂરા મ્યુઝિયમ, વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં પુરાવસ્તુ અને ઈતિહાસ વિભાગનું વિભાગીય સંગ્રહાલય અને પાટણના હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરનો પણ આમાં સમાવેશ થાય છે.

પ્રાચીન હસ્તપ્રતો, લઘુચિત્રો તેમજ સાહિત્યના વિશાળ અને મૂલ્યવાન સંગ્રહ- અમદાવાદમાં ભોળાભાઈ જેસિંગભાઈ સંશોધન અધ્યયન સંગ્રહાલય, લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ તેમજ કેલિકો ટેક્સટાઈલ્સ મ્યુઝિયમની જૈન વીથિકામાં સચવાયેલા છે. આ ઉપરાંત પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિર અને બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી, જૂનાગઢના જૂનાગઢ સંગ્રહાલય, કોબાના સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયમાં પણ હસ્તપ્રતો, લઘુચિત્રો અને ચિત્રિત હસ્તપ્રતો વગેરે સંગ્રહિત છે. જૈન હસ્તપ્રતોનો વિશિષ્ટ સંગ્રહ લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ અને કોબાના સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયમાં છે. ભારતીય લઘુ ચિત્રોની વિવિધ શૈલીઓ અને વિષયોનો વિશાળ સંગ્રહ ગુજરાત મ્યુઝિયમ સોસાયટીની એન. સી. મહેતા ગૅલેરીમાં સચવાયેલો છે.

પ્રાકૃતિક ઈતિહાસ અને વિજ્ઞાન વિષયક સંગ્રહાલયો ત્રણ છે, જેમાંનાં બે અમદાવાદમાં છે : ગુજરાત યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગનું ઉઠિકાસનું સંગ્રહાલય અને કાંકરિયાનું નેચરલ હિસ્ટરી મ્યુઝિયમ છે તેમજ જૂનાગઢમાં સાયન્સ એજ્યુકેશન મ્યુઝિયમ છે. સંગ્રહાલયની નવી વિભાવના પ્રમાણે કોમ્યુનિટી સાયન્સ સેન્ટરનો પણ સંગ્રહાલયમાં સમાવેશ થાય. અમદાવાદ અને ધરમપુરમાં એમ બે સાયન્સ સેન્ટર છે, બાળ સંગ્રહાલયોની સંખ્યા ગુજરાતમાં ઘણી ઓછી છે. બાળકોના માનસિક વિકાસ માટે બાળ સંગ્રહાલય અતિ અગત્યનો ભાગ ભજવે છે. અમરેલી, કપડવંજ અને અમદાવાદ એમ ત્રણ જગ્યાએ વિકસેલાં છે. માનવશાસ્ત્ર અને આદિવાસી સંગ્રહાલયો અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં, છોટા ઉદેપુર, ભુજમાં ભારતીય સંસ્કૃતિ દર્શન (કચ્છ), સાપુતારા તેમજ રાજકોટમાં સૌરાષ્ટ્રની લોકકળા અને સંસ્કૃતિનું સંપદા સંગ્રહાલય વિકસ્યું છે. વ્યક્તિ વિષયક સંગ્રહાલયો 17 છે, જેમાં ગાંધીનગરમાં સ્વામિનારાયણ ધર્મના સ્થાપક સહજાનંદ સ્વામીનું સંગ્રહાલય; વડોદરામાં અરવિંદ રાષ્ટ્રીય સ્મારક, ગાંધી સ્મારક સંગ્રહાલયો પોરબંદર, અમદાવાદ, ભાવનગર અને રાજકોટમાં છે. સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક સંગ્રહાલયો ગુજરાતમાં કુલ 16 સ્થળોએ છે, જેમાંથી અમદાવાદ અને બારડોલીમાં આવેલ રાષ્ટ્રીય સ્મારકની વિગત અહીં સમાવી છે. આ બંને સ્થળ સિવાય નડિયાદ, ભાવનગર,

*કરમસદ, જૂનાગઢમાં મોતીબાગ કૃષિ યુનિવર્સિટીમાં, અમદાવાદમાં ભદ્ર તેમજ શાહીબાગમાં રાષ્ટ્રીય સ્મારક, રાસ, બારડોલીના સ્વરાજ આશ્રમ અને રાષ્ટ્રીય સ્મારક એ બે સ્થળોએ, રાજકોટ, આણંદની કૃષિ યુનિવર્સિટીમાં, વલ્લભ વિદ્યાનગરના યુનિવર્સિટી મ્યુઝિયમમાં, રાંધેજાના ગુજરાત વિદ્યાપીઠ કેન્દ્રમાં અને સાવરકુંડલામાં છે. જેમાંથી વલ્લભ વિદ્યાનગરના યુનિવર્સિટી મ્યુઝિયમ અને આણંદની કૃષિ યુનિવર્સિટીમાં મુખ્ય સંગ્રહાલયો એક નાના ભાગરૂપે છે. ગુજરાતના વિખ્યાત સાહિત્યકાર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીના સ્મૃતિ મંદિરની ઈ.સ. 1957માં નડિયાદમાં સ્થાપના થઈ. આ પ્રકારનું કોઈ સાહિત્યકારનું આ એકમાત્ર સંગ્રહાલય ગુજરાતમાં છે.*

*ગુજરાતના 75 સંગ્રહાલયો પૈકી 12 સંગ્રહાલયો ગુજરાત રાજ્યના સંગ્રહાલય ખાતા દ્વારા સંચાલિત છે. ચાર મ્યુનિસિપાલિટીની દેખરેખ હેઠળ. લોથલમાં આવેલ પુરાતત્ત્વીય સ્થળ-સંગ્રહાલય કેન્દ્ર સરકાર સંચાલિત છે. બાકીના વિશ્વ વિદ્યાલયો, કૉલેજો અને અન્ય સંસ્થાઓની દેખરેખ હેઠળ છે. ખાનગી સંગ્રહાલયોની સંખ્યા 21ની છે. 15 સરદાર સ્મૃતિ કેન્દ્રોનું સંચાલન અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક કરે છે. ગુજરાત રાજ્યની ઈ.સ. 1960માં સ્થાપના થયા બાદ ઈ.સ. 1961માં રાજ્યમાં સંગ્રહાલય વિભાગ શરૂ થયો. તે સંગ્રહાલયોની વ્યવસ્થા કરે છે તથા બિનસરકારી સંગ્રહાલયોને અનુદાન આપે છે. ગુજરાતના સંગ્રહાલયનું વડુંમથક વડોદરામાં બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગલેરી છે.*

*ગુજરાત રાજ્ય, સંગ્રહાલયની સંખ્યાની દૃષ્ટિએ ભારતમાં ત્રીજો ક્રમ ધરાવે છે. આમ છતાં ભરૂચ, પંચમહાલ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા જિલ્લાઓમાં સંગ્રહાલય નથી. સંગ્રહાલય એટલે વસ્તુઓનો સંગ્રહ કરી, તેને પ્રદર્શિત કરી દેવી એટલાં કાર્યથી પૂરું નથી થતું. સંગ્રહાલયો માત્ર અજાયબી કે મનોરંજનના સ્થળ નથી રહ્યાં. 21મી સદીમાં તેની વિભાવના બદલાતી રહે છે. સંગ્રહાલય પ્રવૃત્તિ, આ દેશની શિક્ષણ પદ્ધતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો એક આવશ્યક ભાગ હોવી જોઈએ અને સાર્વજનિક શિક્ષણના માધ્યમ તરીકે તેનું મહત્ત્વનું સ્થાન છે. જેમાં સરકારની દેખરેખ હેઠળ આવતાં સંગ્રહાલયોમાં બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી, વોટસન મ્યુઝિયમ, જૂનાગઢ સંગ્રહાલય, કચ્છ મ્યુઝિયમમાં પ્રવૃત્તિઓ થાય છે. ખાનગી સંગ્રહાલયોમાં કેલિકો મ્યુઝિયમ ઑફ ટેક્સટાઈલ્સ, લાલભાઈ દલપતભાઈ સંગ્રહાલય, શ્રેયસ કલ્પના મંગળદાસ બાલાયતન, શ્રેયસ ગુજરાત લોકાયતન, અમરેલીનું ગિરધરભાઈ બાળ સંગ્રહાલય, કોબાનું સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય, વલ્લભ વિદ્યાનગરનું યુનિવર્સિટી મ્યુઝિયમ; વડોદરાના પુરાતત્ત્વ અને ઈતિહાસ વિભાગ તેમજ મ્યુઝિયોલોજી વિભાગનાં વિભાગીય સંગ્રહાલય વગેરે સંગ્રહાલયોની અર્વાચીન વિભાવનાને અનુરૂપ વાટ પકડવા મથી રહ્યાં છે. આજે ગુજરાતનાં સંગ્રહાલયો પાસે અતિ અમૂલ્ય એવો રાષ્ટ્રીય*

*વારસો છે, જેનો નાશ થાય તો ક્યારેય તેની પૂર્તિ ન કરી શકાય. તેમ છત્તા સંગ્રહની યોગ્ય વૈજ્ઞાનિક જાળવણી, સંશોધનો, દસ્તાવેજીકરણ, સૂચિકરણ, માહિતીપ્રદ લેબલ્સ, પ્રકાશનો પ્રત્યે સંગ્રહાલય ઉદાસીન છે એ ધ્યાન આપવા જેવી બાબત છે. સંગ્રહાલયો ઊભાં કરી દેવા તેના કરતાં વધુ તેનું વ્યવસ્થિત સંચાલન અને ગુણવત્તાની જાળવણી વધુ અગત્યની છે.*

## 4.3 ગ્રંથાલય

*લિખિત-મુદ્રિત ગ્રંથોના સંગ્રહ અને વિતરણની વ્યવસ્થા ધરાવતી સંસ્થા એટલે ગ્રંથાલય. સમાજનો વિકાસ વ્યક્તિગત જ્ઞાનને સમષ્ટિગત કરવાના વ્યવહાર અને વિનિમય પર આધારિત છે. જ્ઞાનના વ્યવહાર અને વિનિમય માટેનું મુખ્ય સાધન વાણી છે. તેના ઉપયોગથી તૈયાર થયેલાં સાધનો વર્તમાનયુગમાં અનેક છે. એમાં 'ગ્રંથ' મુખ્ય અને અસરકારક સાધન છે, જેમાં જ્ઞાન વિવિધ રૂપે નિહિત હોય છે.*

*લેખનકળાની શોધ થઈ ત્યાં સુધી માનવીનું ગ્રંથાલય તેની સ્મૃતિમાં અને તેની જીભે વસેલું હતું. લેખનકળાની મદદથી એ સ્મૃતિગત અને કંઠસ્થ સાહિત્ય પત્રસ્થ થવા લાગ્યું. આ સાહિત્ય જુદા જુદા દેશોમાં જુદા જુદા પ્રકારના પદાર્થો જેવા કે, ભૂર્જપત્ર, તાડપત્ર, તામ્રપત્ર, ચર્મપત્ર, રેશમી કાપડ, માટીની ચકતીઓ, ધાતુ, મીણ, લાકડું, વગેરે ઉપર પત્રસ્થ થયું; પરંતુ આ સાધનો પૈકી કેટલાંક લાંબા સમય સુધી ટકી શકે અને ગ્રંથનું સ્થાન લઈ શકે તેવા પ્રકારનાં ન હતાં. કાગળની શોધ થયા પછી આ મુશ્કેલી કાયમને માટે દૂર થઈ.*

*ઈ.સ. 105ના અરસામાં સૌપ્રથમ ચીનમાં કાગળ શોધાયો. કાગળની શોધના પરિણામે મનુષ્યને પોતાની સ્મૃતિમાં માહિતી સાચવી રાખવાનું કામ સરળ બન્યું. મુદ્રણકળાની શોધ થઈ ન હતી ત્યારે ગ્રંથો હાથે લખવામાં આવતા અને તેની નકલો પણ હાથે જ થતી. લહિયાઓ રોકીને હસ્તપ્રતો તૈયાર કરાવવાનું કામ ખૂબ જ સમય માગી લે તેવું અને ખર્ચાળ બની રહેતું. રાજા, રજવાડાં અને અમીર ઉમરાવો જ તેને માટે ખર્ચ કરી શકતા, તેથી તે હસ્તપ્રતો તેમની અંગત માલિકીની ગણાતી. આવા કિંમતી ગ્રંથોની સાચવણી માટે સ્થળની આવશ્યકતા ઊભી થઈ તેમાંથી 'ગ્રંથાલય' નો જન્મ થયો તેમ કહી શકાય.*

*પાષાણયુગથી આધુનિકયુગ સુધી મનુષ્યે જે પ્રગતિ કરી છે તેનો જીવતો ભંડાર (અભિલેખાગાર) આપણાં ગ્રંથાલયો છે. ગ્રંથાલયોના માધ્યમ દ્વારા મનુષ્યએ પોતાના દૃષ્ટિકોણો, વિચારો તેમજ અનુભવોને એક પેઢીથી બીજી પેઢી સુધી વારસામાં આપ્યા છે. તેથી તે ભૂતકાળ અને વર્તમાનની સાંકળ બનીને ભવિષ્યની પૃષ્ઠભૂમિ તૈયાર કરવામાં મહત્વનું કાર્ય કરે છે. ગ્રંથાલયના ઈતિહાસની સર્વગ્રાહી માહિતી જુદા જુદા દેશોમાં થયેલા*

*ગ્રંથાલયના ઉદ્દભવ અને વિકાસ પરથી મળી રહે છે. તો આપણે સૌ પ્રથમ વિદેશમાં અને ત્યારબાદ ભારતમાં ગ્રંથાલયના ઉદ્દભવની માહિતિ મેળવશું.*

### 4.3.1 વિદેશમાં ગ્રંથાલયોનો ઉદ્દભવ અને વિકાસ

*બ્રિટનમાં જે સાર્વજનિક સંસ્થાઓ છે તે પૈકી સૌથી વધારે જાણીતી અને વધુ લોકભોગ્ય સંસ્થાઓ ત્યાંનાં ગ્રંથાલયો છે. અઢારમી સદીના અંતમાં અને ઓગણીસમી સદીની શરૂઆતમાં ગરીબ વર્ગોમાં જ્ઞાનપ્રસાર માટે જે સામાજિક પ્રવૃત્તિઓ થઈ તેમાં ગ્રંથાલયોની સ્થાપના અને તેમનો વિકાસ મુખ્ય છે. શરૂઆતમાં બ્રિટનમાં ગ્રંથાલયોનો ઉપયોગ અમીરો, ધર્મગુરુઓ અને નામાંકિત વ્યક્તિઓ પૂરતો જ મર્યાદિત હતો; પરંતુ ઈ.સ.* 1870*માં પ્રાથમિક શિક્ષણધારો પસાર થયો અને એને લીધે શિક્ષણનો પ્રસાર થયો, તેથી લોકોની વાંચવા માટેની માંગ ઊભી થઈ. સામાન્ય રીતે મોટા ભાગના દેશોમાં શિક્ષણની અનિવાર્યતાને મહત્વ આપીને પ્રથમ શિક્ષણધારો અમલમાં આવ્યો છે અને ત્યારબાદ શિક્ષણના પૂરક સાધન તરીકે ગ્રંથાલયોને અનિવાર્ય સમજીને ગ્રંથાલયધારો અસ્તિત્વમાં આવ્યો છે. જ્યારે બ્રિટનમાં આ ક્રમ ઊલટો જોવા મળે છે. ત્યાં સૌપ્રથમ ઈ.સ.* 1850*માં ગ્રંથાલય ધારો આવ્યો અને બે દાયકા બાદ ઈ.સ.*1870*માં શિક્ષણધારો પસાર થયો.*

*બ્રિટનની ભૂમિ પર જ વિશ્વના સૌપ્રથમ ગ્રંથાલય ધારાનું નિર્માણ થયું હતું. આ ધારો ઈ.સ.* 1850*માં અનેક અંતરાયો છતાં ભારે કુનેહથી પસાર કરાવી લેવામાં તે સમયના સંસદ સભ્ય વિલિયમ ઈવાર્ટ અને તેમના સાથી સંસદ-સભ્ય જોસેફ બ્રોયરટને મહત્વનો ભાગ ભજવ્યો.*

*વિશ્વમાં અમેરિકાને 'ગ્રંથાલયોના દેશ' તરીકે ઓળખવામાં આવે છે. વિજ્ઞાન, ટૅક્નૉલૉજી, શિક્ષણ વગેરે અનેક ક્ષેત્રોની જેમ ગ્રંથાલય ક્ષેત્રમાં પણ આ દેશ અગ્રસ્થાને છે. લોકશાહીનો વિકાસ, ઔદ્યોગિક ક્રાંતિ તથા ઉચ્ચ જીવન એ ત્રણેય સ્તરે આ દેશમાં ગ્રંથાલયે આંદોલન દ્વારા પોષક બળ પૂરું પાડ્યું છે. સત્તરમી સદીમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે આવેલા ઈંગ્લૅન્ડના વસાહતીઓએ અમેરિકામાં ધાર્મિક ગ્રંથાલયો સ્થાપ્યાં હતાં. શિક્ષણના વિકાસની સાથે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે હાર્વર્ડ, કિંગ્ઝ અને કોલંબિયા યુનિવર્સિટીઓમાં અને કૉલેજોમાં ગ્રંથાલયો શરૂ કરવામાં આવ્યાં.* 18*મી સદીમાં બેન્જામિન ફ્રૅંકલિને 'લાઈબ્રેરી કંપની'ની સ્થાપના કરી અને લવાજમી ગ્રંથાલયો ઊભાં કરવા શૅરભંડોળ ઊભું કર્યું હતું. આ શૅરભંડોળમાંથી કંપની-ગ્રંથાલયો ઊભાં થયાં. આ પ્રકારનું સૌથી જૂનું ગ્રંથાલય 'કંપની-લાઈબ્રેરી' ફિલાડેલ્ફિયાના સાર્વજનિક ગ્રંથાલયના એક ભાગ તરીકે આજ દિન સુધી સેવા આપી રહી છે.*

*અમેરિકાનું સૌથી પહેલું સાર્વજનિક ગ્રંથાલય પિટ્સબર્ગ શહેરમાં 1833માં સ્થપાયું. જેનો નિભાવ મ્યુનિસિપલ કર દ્વારા થતો હતો. ઈ.સ. 1848માં પ્રખ્યાત બૉસ્ટન લાઈબ્રેરી સ્થપાઈ હતી. આ આરંભના પ્રયત્નોને વેગ અને બળ મળે તે હેતુથી આર્થિક સહાય કરવા માટે ઍન્ડ્રયુ કાર્નેગીએ ઈ.સ. 1911માં કાર્નેગી કોર્પોરેશનની સ્થાપના કરી. આ કોર્પોરેશને ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને શૈક્ષણિક સુધારણા માટે કૉલેજો, યુનિવર્સિટીઓ જેવી શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાવસાયિક મંડળોના અનેક કાર્યક્રમોમાં અનુદાન આપવાનો પ્રારંભ કર્યો. આમ અમેરિકામાં ગ્રંથાલય પ્રવૃત્તિ વિકસી.*

### 4.3.2 ભારતમાં ગ્રંથાલયોનો ઉદ્દભવ અને વિકાસ

*ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિનો ઈતિહાસ ઘણો જ ગૌરવપૂર્ણ છે તે હકીકત વૈદિક કાળ, બૌદ્ધ કાળ અને મુઘલ કાળનાં પ્રખ્યાત અને સમૃદ્ધ એવાં અનેક ગ્રંથાલયોના ઈતિહાસમાંથી જાણવા મળે છે. તો આપણે અહીં ભારતમાં ગ્રંથાલયોનો ઉદ્દભવ અને વૈદિક કાળથી લઈ અને આધુનિક યુગ સુધી ભારતમાં ગ્રંથાલયોના વિકાસ વિષે માહિતી મેળવીશું.*

**વૈદિક કાળ :** *ચારેક હજાર વર્ષ પૂર્વેથી ભારતમાં નગરોથી દૂર નૈસર્ગિક વાતાવરણમાં ગુરુકુળ સ્થપાયાં હતાં. તેમાં પઠન-પાઠનની શિક્ષા મળતી હતી. ગુરુના કથનને આધારે જે નોંધ તૈયાર થતી તેની નકલો કરવામાં આવતી, તે ગ્રંથસ્વરૂપ ધારણ કરતી અને તેનો સંગ્રહ કરી તેને સાચવવામાં આવતાં તે સ્થાન ગ્રંથાલયોનું સ્વરૂપ ધારણ કરતાં.*

**બૌદ્ધ કાળ :** *વૈદિક ધર્મની કર્મકાંડીય પ્રથામાંથી ધાર્મિક ક્રાંતિ થઈ અને ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં જૈન અને બૌદ્ધ ધર્મનો ઉદય થયો. આ બંને ધર્મોની સાધુ પરંપરામાંથી લેખન-વાચન-પ્રવાસની જે પ્રક્રિયા ગોઠવાઈ તેમાંથી ગ્રંથાલયોની ભાવનાને જોમ મળ્યું અને આ બંને ધર્મોનાં કેન્દ્રો ગ્રંથાલયોથી વિભૂષિત બન્યાં.*

*બૌદ્ધોનાં પ્રમુખ શિક્ષાકેન્દ્રોમાં તક્ષશિલા, નાલંદા અને વલભી મુખ્ય હતાં. તેમાં વિશાળ ગ્રંથાલયો હતાં. આ શિક્ષાકેન્દ્રો અને તેમનાં ગ્રંથાલયો દેશવિદેશોમાં ખૂબ પ્રખ્યાત હતાં.*

*આવી જ રીતે જૈન ધર્મનાં સ્થાનકો પણ ગ્રંથાલય પ્રવૃત્તિથી શોભવા લાગ્યાં. જ્યાં જિનાલય હોય ત્યાં ગ્રંથભંડાર હોય; દા.ત., પાટણ, ખંભાત, અમદાવાદ, જેસલમેર વગેરે, પાટણના જૈન ગ્રંથભંડારનું ગ્રંથાલય 24000 હસ્તલિખિત ગ્રંથો સાથે આજે પણ સારી સ્થિતિમાં અસ્તિત્વ ધરાવે છે.*

**મુઘલ કાળ :** *મુઘલ સમય દરમિયાન દિલ્હી સામ્રાજ્યના બાદશાહો, મુસ્લિમ સૂબાઓ અને મુસ્લિમ સમાજની અગ્રગણ્ય વ્યક્તિઓએ મુસ્લિમ ધર્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા*

માટે મકતબ, મદરેસા અને મસ્જિદો તથા તે સાથે સંલગ્ન ગ્રંથાલયો સ્થાપવામાં અગત્યનો ફાળો આપ્યો છે. આ સમયમાં કલા અને સાહિત્યને પોષક એવાં ઘણાં ગ્રંથાલયો અસ્તિત્વ ધરાવતાં હતાં.

આ સમયમાં હિંદુ રાજાઓનાં પણ સારાં ગ્રંથાલયો હતાં. તાંજોર રાજ્યના 'તાંજોર ગ્રંથાલય'માં 44000થી વધારે તાડપત્રો તથા કાગળની હસ્તપ્રતો ભારતીય તથા યુરોપીયન ભાષામાં છે. જેમાંથી 80 % થી વધારે હસ્તપ્રતો સંસ્કૃતમાં છે. મોટા ભાગની હસ્તપ્રતો તાડપત્રોમાં છે અને તે અદ્વિતીય છે. ઈસ્લામી શાસનનો અંત અને અંગ્રેજોના આગમન વચ્ચેના સમયને 'સંક્રાંતિ કાળ' કહેવામાં આવે છે. આ કાળ ગ્રંથાલય-વિકાસની દૃષ્ટિએ અપ્રગતિશીલ રહ્યો છે.

અંગ્રેજોએ રાજકીય આવશ્યકતાઓ પૂરી કરવા માટે ઈ.સ. 1681માં 'કૉલકાતા મદરેસા', ઈ.સ. 1791માં 'બનારસ સંસ્કૃત કૉલેજ' તથા ઈ.સ. 1800માં 'ફોર્ટ વિલિયમ કૉલેજ'ની સ્થાપના કરી અને એની સાથે ગ્રંથાલયો પણ શરૂ કરવામાં આવ્યાં, જે ધીરે ધીરે ગણનાપાત્ર ગ્રંથાલયો ગણાવા લાગ્યાં.

**બ્રિટિશ કાળ :** યુરોપીય પ્રજાના આગમન પછી ભારતમાં અર્વાચીન ગ્રંથાલય પ્રવૃત્તિનાં બીજ રોપાયાં; જેમાં મુખ્યત્વે (1) છાપખાનાંની પ્રવૃત્તિનો પ્રારંભ, (2) મુદ્રિત ગ્રંથોની ઉપલબ્ધિ, (3) પાશ્ચાત્ય ઢબના શિક્ષણની શરૂઆત, (4) ગ્રંથાલય સામાજિક સંસ્થા હોવાનો ખ્યાલ,- આ ચાર મુદ્દાઓનો સમાવેશ થાય છે.

છાપખાનાંની શોધ અને પ્રસારની સાથે સાથે ગ્રંથો, માસિક-પત્રિકાઓ અને સમાચારપત્રોની સંખ્યામાં વધારો થયો. ઈ.સ. 1867માં તે સમયની બ્રિટિશ સરકારે કાયદો ઘડ્યો. જેને 'ધ પ્રેસ ઍન્ડ રજિસ્ટ્રેશન ઓફ બુક્સ ઍક્ટ' કહેવામાં આવે છે. આ કાયદાની કલમ-9 અન્વયે મુદ્રિત પુસ્તકો સરકારને અને અધિસૂચિત પુસ્તકાલયોને મફત મોકલવાની જોગવાઈ છે. તદ્ઉપરાંત આ કાયદાના ભાગ-6માં કલમ 20ની જોગવાઈથી રાજ્ય સરકારોને અધિનિયમના ઉદ્દેશોને પાર પાડવા માટે નિયમો ઘડવાની સત્તા આપવામાં આવી છે. તે અન્વયે ગૃહવિભાગના તા. 16/09/1968ના જાહેરનામાંથી ગુજરાત પ્રેસ અને પુસ્તક રજિસ્ટ્રેશન નિયમો, 1968 બનાવવામાં આવ્યા છે.

ધ ડિલિવરી ઑફ બુક્સ ઍન્ડ ન્યૂઝપેપર્સ (પબ્લિક લાઈબ્રેરીઝ) ઍક્ટ, 1954 : આ કાયદો સમગ્ર ભારતમાંથી પ્રકાશિત થતા પુસ્તકો, સામયિકો, દૈનિક, સમાચારપત્રો વગેરે માટે છે.

કોપીરાઈટ ઍક્ટ (Copyright Act, 1957): ભારતમાં 1957માં આ કાયદો પસાર કરવામાં આવ્યો અને તેનો અમલ જાન્યુઆરી, 1958થી કરવામાં આવ્યો છે. આ કાયદો

*કેન્દ્ર સરકારનો છે. તેના નિયમો કેન્દ્રના ગૃહખાતાએ બનાવ્યા છે. આ કાયદા મુજબ જે વ્યક્તિએ પોતાની બુદ્ધિ કે કાર્યકુશળતાથી કે કલ્પનાશક્તિથી અમુક વસ્તુનું સર્જન કર્યું હોય તેના પર આર્થિક કે બીજા કોઈ પણ પ્રકારના લાભ મેળવવાનો સૌપ્રથમ હક તેનો પોતાનો રહે છે. આજે જેને 'રાષ્ટ્રીય ગ્રંથાલય' તરીકે ઓળખવામાં આવે છે તેની સ્થાપના બ્રિટિશ કાળમાં 'ઇમ્પીરિયલ લાઈબ્રેરી'ના નામે થઈ હતી. મુંબઈની 'સેન્ટ્રલ લાઈબ્રેરી' અને ચેન્નાઈમાં કેનમેરા સાર્વજનિક ગ્રંથાલયનું પણ પોતાનું આગવું મહત્વ છે.*

**ઇન્ડિયા ઑફિસ લાઈબ્રેરી :** *ભારતમાં બ્રિટિશ શાસનકાળ દરમિયાન ઈ.સ.* 1801*માં ઇન્ડિયા ઑફિસ લાઈબ્રેરીની સ્થાપના થઈ. ઈ.સ.* 1799*માં લૉર્ડ વેલેસ્લીએ ટીપુ સુલતાનને હાર આપી, ત્યારે ટીપુ સુલતાનની* 2000 *હસ્તપ્રતોનો સંગ્રહ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ હિંદથી ઇંગ્લૅન્ડ રવાના કરી દીધો. ઈ.સ.* 1857*ના સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ જ્યારે બ્રિટિશ તાજે હિંદુસ્તાનની સત્તા હાથમાં લીધી ત્યારે આ લાઈબ્રેરી પણ તાજને હસ્તક જવા પામી.*

*બ્રિટિશ કાળ દરમિયાન ભારતમાં વડોદરા, પંજાબ, બંગાળ, આંધ્ર, ચેન્નાઈ, બિહાર, મુંબઈ, દિલ્હી વગેરે રાજ્યોમાં પણ ગ્રંથાલય પ્રવૃત્તિનો વિકાસ થયેલો જોવા મળે છે. બ્રિટિશ હિંદમાં ન્યાયાધીશો, કલેક્ટરો, કૉલેજના આચાર્યો અને ઉદારમતવાદી મુલકી અધિકારીઓએ સુધારાવાદી હિંદીઓની સાથે મળી દેશની પ્રજા માટે ગ્રંથાલયોની સ્થાપના કરી હતી. દેશી રાજ્યોના દષ્ટિવંત રાજ્યકર્તાઓએ પોતાના રાજ્યમાં ગ્રંથાલયો અને ગ્રંથાલય સેવાનો આરંભ કર્યો હતો.*

*હોમરૂલની ચળવળ શરૂ થઈ તે સાથે ખાસ કરીને ગુજરાતમાં અનેક સ્થળોએ ગ્રંથાલયો શરૂ કરવામાં આવ્યાં હતાં. આ ગ્રંથાલયોમાં રાષ્ટ્રીયતાને પોષક એવું સાહિત્ય, દેશનેતાઓની કૃતિઓ, એમનાં જીવનચરિત્રો અને છબીઓ વસાવવામાં આવતાં હતાં. પ્રજા સ્વરાજ્યની લડત માટે તૈયાર થાય તે હેતુ આ ગ્રંથાલયોનો હતો.*

**સ્વાતંત્ર્યોત્તર કાળ :** *ઈ.સ.* 1947*માં ભારત સ્વતંત્ર થયું ત્યારપછી રાષ્ટ્રીય કક્ષાએ ગ્રંથાલયોની સ્થિતિ સુધારવા માટે પગલાં લેવાનું શરૂ થયું. ભારત સરકારે ઈ.સ.* 1952-53 *પછી ગ્રંથાલય સેવા સુધારવા માટે રાષ્ટ્રની પંચવર્ષીય યોજનામાં અનુદાન આપવાની યોજના પણ દાખલ કરી છે. ભારતનાં રાજ્યોમાં ગ્રંથાલય પ્રવૃત્તિ છૂટીછવાઈ વિકાસ પામી હતી. આ પ્રવૃત્તિમાં એકરૂપતા લાવવાના હેતુથી ઈ.સ.* 1957*માં ભારત સરકારે કે. પી. સિંહાના પ્રમુખસ્થાને છ સદસ્યવાળી ગ્રંથાલય સલાહકાર સમિતિ નીમી, જે સિંહા કમિટીના નામે ઓળખાય છે. આ કમિટીએ ઈ.સ.* 1958*માં કેન્દ્ર સરકારને સુપરત કરેલા અહેવાલમાં*

*ગ્રંથાલયોનું માળખું, તેની વ્યવસ્થા અને જોગવાઈ, ગ્રંથાલય-ધારો, નૅશનલ, સેન્ટ્રલ અને રેફરલ લાઈબ્રેરી, કર્મચારીગણ, તેમના માટેની વ્યાવસાયિક તાલીમ વગેરે ભલામણોનો સમાવેશ કરેલો છે.*

**ગ્રંથાલય ધારોઃ** *ગ્રંથાલયના વિષયને વિજ્ઞાનના સ્તરે લઈ જનાર ડૉ. એસ. આર. રંગનાથને પોતાના વતન ચેન્નાઈમાં ઈ.સ.* 1948*માં ગ્રંથાલય-ધારો લાવવા માટે સારો પરિશ્રમ કર્યો અને ભારતમાં સર્વપ્રથમ ગ્રંથાલય ધારો અમલમાં આવ્યો.*

*ઈ.સ.* 1963*માં કેન્દ્ર સરકારે દરેક રાજ્યને 'લાઈબ્રેરી ઍક્ટ' સ્વીકારવા ભલામણ કરી અને તેની સાથે એક આદર્શ (નમૂનાનો) ગ્રંથાલય ધારો (મૉડેલ પબ્લિક લાઈબ્રેરી ઍક્ટ) પણ મોકલી આપેલો. હાલમાં ભારતમાં કુલ* 14 *રાજ્યોએ ગ્રંથાલય ધારો અપનાવેલો છે જે આ પ્રમાણે છે : ચેન્નાઈ* (1948), *આંધ્રપ્રદેશ* (1960), *કર્ણાટક* (1965), *મહારાષ્ટ્ર* (1967), *બંગાળ* (1979), *મણિપુર* (1988), *કેરળ* (1989), *હરિયાણા* (1989), *મિઝોરમ* (1993), *ગોવા* (1994), *ગુજરાત* (2001), *ઉત્તરાંચલ* (2005), *રાજસ્થાન* (2006), *ઉત્તરપ્રદેશ* (2006). *આ રાજ્યોમાં ગ્રંથાલય ધારો અસ્તિત્વમાં છે તેથી ત્યાં ગ્રંથાલયોનો સારો વિકાસ જોવા મળે છે.*

### 4.3.3 ગુજરાતમાં ગ્રંથાલયોનો ઉદ્ભવ અને વિકાસ

*નાલંદા, તક્ષશિલા, વિક્રમશિલા અને વલભી એ ચાર વિદ્યાપીઠો પ્રખ્યાત હતી. તેમાંની વલભી વિદ્યાપીઠ ગુજરાતમાં ભાવનગર નજીક આવેલ વલભીપુરમાં આવેલી હતી, તેમાં ગ્રંથાલય હોવાનો ઉલ્લેખ મળે છે. આ વિદ્યાપીઠના ગ્રંથાલયમાં ધર્મ તથા અભ્યાસનાં પાઠ્યપુસ્તકો સિવાય અન્ય વિષયો જેવા કે ઔષધિ, શલ્યચિકિત્સા, જાદુ, સર્પવિદ્યા વગેરે વિષયોના ગ્રંથોનો સંગ્રહ હતો. રાજ્યોની ખટપટ, સાંપ્રદાયિક ઝઘડા વગેરેને કારણે રાજ્યાશ્રય પામેલા આ ગ્રંથાલયનો વિનાશ થયો.*

*પૂર્વકાલીન ગુજરાતમાં વિવિધ જૈન જ્ઞાનભંડાર સ્થપાયા તેમાં પાટણનો 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર' અને ખંભાતનો 'શાંતિનાથનો તાડપત્રીય જ્ઞાનભંડાર' સૌથી પ્રાચીન જ્ઞાનભંડાર છે.*

*મુસ્લિમ સલ્તનતની સ્થાપના સાથે ગુજરાતના ઈતિહાસની કરવટ બદલાય છે. ગુજરાતમાં મુસ્લિમ શાસન દરમિયાન ધાર્મિક મદરેસાઓ અને કુતુબખાનાં(ગ્રંથાલયો)ની પ્રવૃત્તિએ વેગ પકડ્યો. પંદરમી સદીમાં ખ્યાતનામ સંત હજરત શાહેઆલમનું કુતુબખાનું ઘણી ખ્યાતિ ધરાવતું હતું. પંદરમી અને સોળમી સદીમાં ગુજરાતમાં અમદાવાદ, સૂરત, ભરૂચ, આમોદ,*

ઉમરેઠ, પાટણ, કુતિયાણા, જૂનાગઢ વગેરે સ્થળોએ પણ સારાં ગ્રંથાલયો હતાં. 18મી સદીમાં પીર મહમદશાહ અને મૌલાના હિદાયત બક્ષનાં કુતુબખાનાં પ્રખ્યાત હતાં.

ઈ.સ. 1848માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' સ્થપાઈ. તેનું ગ્રંથાલય જૂનું છે. આજે તે 'ગુજરાત વિદ્યાસભા'ના નામથી ઓળખાય છે. અમદાવાદમાં વસતા ગોરા લોકોએ પોતાની વાચનની જરૂરિયાત સંતોષવા ઈ.સ. 1849માં 'નેટિવ લાઈબ્રેરી'ની સ્થાપના કરી જે આજે 'હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટ'ના નામે સેવા આપે છે. ઈ.સ. 1869માં ભોળાનાથ સારાભાઈ તરફથી રૂ. 10000નું દાન મળતાં તેમના પુત્રની સ્મૃતિમાં ઈ. સ. 1870માં શ્રી આપારાવ ભોળાનાથ પુસ્તકાલયની સ્થાપના થઈ. ઈ.સ. 1898માં સાક્ષર મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી તરફથી રૂ. 90000નું દાન મળવાથી નડિયાદમાં 'શ્રીમતી ડાહીલક્ષ્મી લાઈબ્રેરી' અસ્તિત્વમાં આવી. આ જ અરસામાં ભરૂચમાં 'રાયચંદ દીપચંદ લાઈબ્રેરી' (1857), ગોધરામાં 'સ્ટુઅર્ટ લાઈબ્રેરી' (1866) અને અંકલેશ્વરમાં 'જે. એન. પિટીટ લાઈબ્રેરી' (1897) અસ્તિત્વમાં આવી.

અંગ્રેજોના સમયમાં ગુજરાતમાં તે સમયે જુદાં જુદાં દેશી રાજ્યો હતાં. ભાવનગર, જૂનાગઢ, ગોંડલ, જામનગર, વડોદરા વગેરે દેશી રાજ્યોનાં મુખ્ય શહેરોમાં ત્યાંના રાજાઓએ અને અંગ્રેજ અમલદારોએ ગ્રંથાલયો સ્થાપ્યાં તો ક્યાંક ગ્રંથાલયો સ્થાપવામાં સહાય કરી. 19મી સદીમાં સૌરાષ્ટ્રમાં પણ ઘણાં ગ્રંથાલયો સ્થપાયાં.

ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિનાં મૂળ વડોદરા રાજ્યની ગ્રંથાલય પ્રવૃત્તિમાં રહેલાં છે. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ(ત્રીજા)નો શાસનકાળ ગ્રંથાલય અને શિક્ષણ માટે સુવર્ણકાળ હતો. શ્રીમંત સયાજીરાવે તેમની પ્રજાની દરેક વ્યક્તિ શિક્ષિત બને તે માટે ફરજિયાત કેળવણીનો કાયદો કરી તેના પૂરક સાધન તરીકે મફત વાચનાલય અને ગ્રંથાલયની યોજના કરી અને 'જ્યાં ગામ ત્યાં શાળા અને શાળા ત્યાં ગ્રંથાલય' એ સૂત્ર ગ્રંથાલય જગતને ભેટ આપ્યું. તેઓ દઢપણે માનતા કે ગ્રંથાલય પ્રવૃત્તિ એ લોક શિક્ષણનું મહત્ત્વનું કાર્ય કરે છે.

ઈ.સ. 1906માં શ્રીમંત સયાજીરાવ પ્રથમ વખત અમેરિકાની મુલાકાતે ગયા ત્યારે ત્યાંની ગ્રંથાલય પ્રવૃત્તિથી ખૂબ જ પ્રભાવિત થયા અને પોતાના રાજ્યમાં પણ ગ્રંથાલય પ્રવૃત્તિ વિકસાવવાનો દઢપણે નિર્ણય કર્યો. તેના સફળ સંચાલન માટે ઈ.સ. 1910માં ગ્રંથાલયના વિશેષજ્ઞ ડબ્લ્યૂ. એ. બૉર્ડનને વડોદરામાં આવવા માટે આમંત્રણ આપ્યું. ઈ.સ. 1910થી 1913 સુધીમાં બૉર્ડને વડોદરા રાજ્યમાં બેનમૂન ગ્રંથાલય પદ્ધતિ સફળતાપૂર્વક અમલમાં મૂકી. ઈ.સ. 1911માં તેમણે ગ્રંથાલય વિજ્ઞાનની તાલીમ માટેના વર્ગો શરૂ કર્યા. ઈ.સ.

1910માં 'સેન્ટ્રલ લાઈબ્રેરી'ની સ્થાપના કરી. તેમના સક્રિય સહકાર અને પ્રોત્સાહનથી સેન્ટ્રલ લાઈબ્રેરીના સ્ટાફે ઈ.સ. 1912થી 1919 સુધી ત્રિમાસિક સામયિક 'લાઈબ્રેરી મિસેલિની' અંગ્રેજી, ગુજરાતી, મરાઠી-એમ ત્રણ ભાષામાં પ્રગટ કર્યું. આખા વડોદરા રાજ્યમાં રાજ્યાશ્રયે ચાલતાં મફત ગ્રંથાલયો અને વાચનાલયોના એક વિશાળ સુગ્રથિત તંત્રની સ્થાપના કરી અને તેને વધારે સુદૃઢ બનાવ્યું. આ સુગ્રથિત તંત્રની જવાબદારી પેટલાદ હાઈસ્કૂલના આચાર્ય અને મિત્રમંડળ ગ્રંથાલય પ્રવૃત્તિના આદ્ય પ્રવર્તક મોતીભાઈ અમીનને સોંપવામાં આવી. ગ્રંથાલયોમાં અશિષ્ટ વાચનસામગ્રી ખરીદાય નહિ તેમજ પુસ્તક-પસંદગીમાં સહકારી વલણ અપનાવાય તે હેતુથી મોતીભાઈ અમીનની પ્રેરણાથી ઈ.સ. 1924માં 'ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ'ની સ્થાપના કરવામાં આવી. આ મંડળ ઈ.સ. 1925થી 'પુસ્તકાલય' નામનું માસિક પ્રસિદ્ધ કરે છે.

ઈ.સ. 1939માં તે સમયની મુંબઈ પ્રાંતની સરકારે ગ્રંથાલયના વિકાસ માટે એ.એ.એ. ફૈઝીના અધ્યક્ષપણા નીચે 'ગ્રંથાલય વિકાસ સમિતિ'ની રચના કરી. આ સમિતિનો અહેવાલ ઈ.સ.1941માં રજૂ થયો, જેમાં પ્રથમ તબક્કે સર્વોચ્ચ ગ્રંથાલયની સ્થાપના સાથે અંતિમ તબક્કે ગ્રામ ગ્રંથાલયો થકી સમગ્ર રાજ્યને ત્રિસ્તરીય ગ્રંથાલય સેવાઓમાં આવરી લેવાની ભલામણ કરી છે.

ઈ.સ. 1949માં વડોદરા રાજ્યનું મુંબઈ પ્રાંતમાં વિલીનીકરણ થતાં તેનાં અન્ય સરકારી ખાતાંઓનું હસ્તાંતરણ થયું; પરંતુ મુંબઈ રાજ્યે ગ્રંથાલય પ્રવૃત્તિને જોઈએ તેટલું મહત્ત્વ નહિ આપતાં સફળ લોકભોગ્ય નીવડેલ વડોદરાની ગ્રંથાલય પ્રવૃત્તિ મૂરઝાઈ ગઈ. આ ઘટનાને વિલીનીકરણની એક ગંભીર ખોટ ગણાવી શકાય.

ઈ.સ. 1947માં રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. ભારતની વિકાસલક્ષી પંચવર્ષીય યોજનાઓમાં ગ્રંથાલય પ્રવૃત્તિનો સમાવેશ થયો, જેમાં સરકારે પુરસ્કૃત કરેલી યોજનાઓ 'ઈમ્પ્રુવમેન્ટ ઓફ લાઈબ્રેરી સર્વિસ' અને 'ઈન્ટિગ્રેટેડ લાઈબ્રેરી સર્વિસ'નો તે સમયના સૌરાષ્ટ્ર રાજ્યએ સુંદર લાભ લીધો. આ યોજના હેઠળ સરકારે રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને સુરેન્દ્રનગરમાં કુલ પાંચ જિલ્લા-ગ્રંથાલયો તથા ફરતા ગ્રંથાલયો સ્થાપ્યાં.

ઈ.સ. 1964માં ડૉ. રંગનાથનની ગુજરાતની મુલાકાતની ફળશ્રુતિ રૂપે ગુજરાતના માજી મુખ્યમંત્રી બળવંતરાય મહેતાએ ઈ.સ.1965માં 'પુસ્તકાલય સલાહકાર સમિતિ' નીમી. ઈન્દુમતીબહેન શેઠ તેનાં અધ્યક્ષ હતાં. આ સમિતિએ ગુજરાતમાં ગ્રંથાલય ધારો લાવવા વિશે વૈચારિક તૈયારી કરી હતી. ગુજરાતની પ્રજાને ગ્રંથાલય ધારો મળે તે માટે આજદિન

સુધી ઘણા પ્રયત્નો થયા. વર્ષ 2001માં ગ્રંથાલય ધારો ગુજરાતમાં વિધાનસભાએ પસાર કર્યો, પણ હજુ તેના નિયમો અસ્તિત્વમાં આવ્યા ન હોવાથી આ ધારાનો અમલ થતો નથી. ઈ.સ. 1972માં ગ્રંથાલય પ્રવૃત્તિનાં અનેકવિધ પાસાંઓનો તલસ્પર્શી અભ્યાસ કરી સરકારને સલાહ આપવા માટે ધારાસભ્ય મનોહરસિંહ જાડેજાના પ્રમુખપદે રાજ્યકક્ષાની એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી. ઈ.સ. 1986માં ગુજરાત રાજ્ય ગ્રંથાલય વિકાસ બોર્ડની પણ રચના કરવામાં આવી. ભારત સરકાર દ્વારા ડૉ. સામ પિત્રોડાના અધ્યક્ષપણા હેઠળ નૅશનલ નૉલેજ કમિશનની સ્થાપના કરવામાં આવી છે. આ પંચ હસ્તક 'નૅશનલ નોલેજ મિશન'ની રચના કરવામાં આવી છે. આ મિશનનું કાર્ય પાર પાડવા માટે વડાપ્રધાને રૂ. 1000 કરોડ ફાળવ્યા છે. આ મિશને સાર્વજનિક, શૈક્ષણિક, વિશિષ્ટ એમ સર્વ પ્રકારનાં ગ્રંથાલયોને જ્ઞાન-આધારિત કેન્દ્ર તરીકે વિકસાવવાની કામગીરી આરંભી લીધી છે. તે અન્વયે ગુજરાત સરકાર તરફથી ગાંધીનગર ખાતેના રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયને જ્ઞાનકેન્દ્ર તરીકે વિકસાવવાના કાર્યનો આરંભ થઈ ચૂક્યો છે. કેન્દ્ર સરકારના 11મા નાણાપંચે ગુજરાત રાજ્યની ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસ માટે રૂ. 6 કરોડ ફાળવ્યા હતા તે રકમથી ગુજરાત રાજ્ય ગ્રંથાલય વિકાસ નિધિની સ્થાપના કરવામાં આવી છે. આ નિધિની વ્યાજની ઊપજની રકમ જાહેર ગ્રંથાલયોના વિકાસ માટે ઉપયોગમાં લેવામાં આવે છે તેમજ 12મા નાણાપંચે પણ રૂ. 6 કરોડની ફાળવણી કરી હતી તે રકમમાંથી જાહેર ગ્રંથાલયોને કમ્પ્યૂટર્સ, ફર્નિચર અન્ય સાધનસામગ્રી પુરી પાડીને ગ્રંથાલયોને અદ્યતન બનાવવામાં આવ્યાં છે.

**આર્કિવલ લાયબ્રેરી**

આર્કિવલ લાયબ્રેરી એટલે જાહેર, સરકારી કે ખાનગી દસ્તાવેજો સાચવવા માટે સ્થપાયેલી સંસ્થા. તેને માહિતી કેન્દ્ર કે સંદર્ભ પુસ્તકાલય તરીકે ઓળખાવી શકાય અને તે સાંસ્કૃતિક વારસો જાળવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. આર્કિવલ લાયબ્રેરીનાં કાર્યો નીચે પ્રમાણે છે.

(1) સાધન-સામગ્રીની ગોઠવણી અને જાળવણી

(2) દસ્તાવેજો નોંધવાની સેવા

(3) સરકારની સહાય દ્વારા સંશોધન થયેલ કાર્ય કે દસ્તાવેજોને જાહેર કરવા

(4) સંશોધન અને વિસ્તૃતીકરણ માટે સંદર્ભ અને માહિતી સેવા પૂરી પાડવી

(5) પ્રત્યાલેખન (રિપોગ્રાફી) સેવા

(6) આર્કિવલ લાયબ્રેરી એ અન્ય લાયબ્રેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ સાથે આદાન-પ્રદાનનો સંબંધ સ્થાપવો

(7) પ્રદર્શનોનાં આયોજન

(8) આર્કાઈવ્ઝને સંબંધી વિવિધ કાર્યક્રમ, માહિતી અને પ્રકાશનોને સહાય

(9) આવી લાયબ્રેરી વિવિધ ભાગોમાં હોવી જોઈએ. સંશોધનકારોનાં સંશોધનો-નિબંધોનાં પુસ્તકો રાખવા જોઈએ. યુનિવર્સિટી અધ્યાપકોને અવાર-નવાર નિમંત્રી માહિતી આપવી. સરકારના વિવિધ રિપોર્ટો-પ્રકાશનોનો અલગ વિભાગ રાખવો. અન્ય ભાગમાં સંદર્ભ, અપ્રાપ્ય પુસ્તકો રાખવા જોઈએ.

(10) આ લાયબ્રેરીમાં નિયત કરેલાં પ્રકાશનો, ગુપ્ત કે ખાનગી પ્રકાશનો જે માત્ર સરકારના ઉપયોગ માટે જ છે તેનો પણ સંગ્રહ કરવામાં આવે છે.

**આર્કિવલ લાયબ્રેરી અને સામાન્ય લાયબ્રેરી તફાવત**

| આર્કિવલ લાયબ્રેરી | સામાન્ય લાયબ્રેરી તફાવત |
| --- | --- |
| 1. અપ્રાપ્ય પુસ્તકો કે દસ્તાવેજો રાખવામાં આવે છે. | 1. તમામ પ્રકારનું પ્રકાશિત સાહિત્ય રાખવામાં આવે છે. |
| 2. સામાન્ય પ્રજા માટે નથી. | 2. જાહેર પ્રજા માટે છે. |
| 3. વિશિષ્ટ વિદ્વાનો, સંશોધકો તેનો ઉપયોગ કરે છે. | 3. કોઈ પણ માનવી તેનો ઉપયોગ કરી શકે છે. |
| 4. ચોક્કસ પરવાનગી તેમજ સંશોધન નિયમોનાપાલન પ્રમાણે જ ઉપયોગ કરવા દેવામાં આવે છે. | 4. સામાન્ય ફી ભરી સભ્યપદ મેળવી શકાય છે. |
| 5. પુસ્તકો કે દસ્તાવેજ ઘરે લઈ જવા આપવામાં આવતાં નથી. | 5. પુસ્તકો ઘરે વાંચવા નિયમો પ્રમાણે લઈ જઈ શકાય છે. |
| 6. કેટલાક મૂળ દસ્તાવેજો કે પુસ્તકો આપવામાં આવતાં નથી. તેની નકલ જ માત્ર આપવામાં આવે છે. | 6. સંશોધન નિયમોની જરૂર નથી. |
| 7. પુસ્તક જાળવણી-મરામત વિભાગ રાખવામાં આવે છે. | |
| 8. સંશોધન મૂલ્ય વધારે છે. | |

ક) **તમારી જાતે ચકાસો**

**1. નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. *મ્યુઝિયમ શબ્દ ____________ ભાષાનો છે.*
2. *વિશ્વનું સૌ પ્રથમ મ્યુઝિયમ આજના ____________ માં બનેલું હતું.*
3. *ગુજરાતમાં મ્યુઝિયમ પ્રવૃત્તિની શરૂઆત દેશી રાજ્યોમાં ____________ કરી હતી.*
4. *ગ્રંથાલય સલાહકાર સમિતિના અધ્યક્ષ ____________ હતા.*
5. *'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના ઈ.સ. ____________ માં થઈ હતી.*

2. *ભારતમાં સંગ્રહાલય પ્રવૃત્તિનો ઈતિહાસ ટૂંકમાં જણાવો.*

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 4.4 આર્ટ ગેલેરી

*આર્ટ ગેલેરી એ એવી જગ્યા છે જ્યાં ચિત્રકળા, શિલ્પકલા, ફોટોગ્રાફી, હસ્તકલા, આધુનિક તથા પરંપરાગત કલા કૃતિઓ પ્રદર્શન માટે મૂકવામાં આવે છે. અહીં કલાકારો પોતાની કૃતિઓ દર્શાવે છે અને કલા રસિકો તેને માણે છે.*

### 4.4.1 આર્ટ ગેલેરીના મુખ્ય પ્રકારો

1. *સરકારી આર્ટ ગેલેરી – સરકાર કે શાસન સંસ્થાઓ દ્વારા સંચાલિત*

2. *ખાનગી આર્ટ ગેલેરી – વ્યક્તિગત કે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી*

3. *સંગ્રહાલય* (Museum Gallery) *ઈતિહાસ, સંસ્કૃતિ અને પ્રાચીન કળાનું પ્રદર્શન*

4. *ઓનલાઈન આર્ટ ગેલેરી – ડિજિટલ પ્લેટફોર્મ પર કળાનું પ્રદર્શન*

*આર્ટ ગેલેરીમાં કલાકારોને પોતાનું કામ રજૂ કરવાની તક મળે છે તેમજ કલા રસિકોને વિવિધ પ્રકારની કળાનો અનુભવ મળે છે. કલા રસિકોને વિવિધ પ્રકારની કળાનો અનુભવ મળે છે. કલા અને સંસ્કૃતિના સંરક્ષણમાં યોગદાન આપે છે. સમાજમાં સાંસ્કૃતિક જાગૃતિ ફેલાવવામાં આર્ટ ગેલેરીનો અમૂલ્ય ફાળો છે.*

ભારતમાં આવેલી કેટલીક પ્રસિદ્ધ આર્ટ ગેલેરી જેમકે, જહાંગીર આર્ટ ગેલેરી (મુંબઈ), નેશનલ ગેલેરી ઑફ મોડર્ન આર્ટ (દિલ્હી, મુંબઈ, બેંગલુરુ), લલિત કલા અકાદમી (નવી દિલ્હી), એમ.એસ. યુનિવર્સિટી, બરોડા – ફાઈન આર્ટ્સ ફેકલ્ટી ગેલેરી (વડોદરા, ગુજરાત) તે ઉપરાંત ગુજરાતમાં આવેલી કેટલીક પ્રખ્યાત આર્ટ ગેલેરીઓ નીચે મુજબ છે.

1. એમ.એસ. યુનિવર્સિટી - ફાઈન આર્ટ્સ ફેકલ્ટી ગેલેરી વડોદરા : ભારતની સૌથી જાણીતી આર્ટ સંસ્થાઓમાંથી એક, અહીં નિયમિત પ્રદર્શન યોજાય છે.

2. રાવપુરા આર્ટિસ્ટ્સ ગેલેરી વડોદરા : સ્થાનિક કલાકારોનું કેન્દ્ર

3. અમદાવાદ નિરુમા આર્ટ ગેલેરી

4. અમદાવાદની ગુફા : પ્રખ્યાત કલાકાર એમ.એફ. હુસેન અને આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશી દ્વારા રચિત અનોખી ગેલેરી.

5. લલિત કલા અકાદમી, અમદાવાદ – કલા પ્રદર્શન અને વર્કશોપ્સ

6. ગોયલ આર્ટ ગેલેરી – અમદાવાદ

7. વિવિધ પ્રાયવેટ આર્ટ ગેલેરીઓ – આધુનિક પેઈન્ટિંગ અને સ્થાનિક કલાકારોના પ્રદર્શન

8. વત્સલ્યા આર્ટ ગેલેરી – રાજકોટ

9. રાજકોટ આર્ટિસ્ટ્સ ક્લબ પ્રદર્શન ગેલેરી

આ ઉપરાંત ગુજરાતના અન્ય શહેરો જેવા કે, ભરૂચ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ વગેરેમાં સ્થાનિક કલાકારોની ખાનગી ગેલેરીઓ કાર્યરત છે, ખાસ કરીને યુવા કલાકારો માટે.

## 4.5 હસ્તપ્રત ભંડારો

ઈતિહાસને જાણવાના સાધનો તેમજ ઈતિહાસને સાચવનાર ઘણા પ્રકારના સાધનો છે. તેમાં પુરાતત્ત્વીય અવશેષો, સાહિત્યિક સાધનો અને ઐતિહાસિક સાધનો એમ મુખ્યત્વે ત્રણ ભાગ પડે છે. દરેકને પોતાનું મહત્ત્વ રહેલું છે પરંતુ ઈતિહાસમાં ખાસ કરીને પ્રથમ કક્ષાના સાધનોનું અનેરું મહત્ત્વ રહેલું છે. આવા પ્રથમ કક્ષાના સાધનોમાં એક અગત્યનું સાધન એટલે 'હસ્તપ્રતો'. હસ્તપ્રતો જે તે સમયની તત્કાલીન માહિતી સચોટ રીતે પૂરી પાડે છે અને હસ્તપ્રતો જે તે બનાવ કે ઘટનાની સમકાલીન હોય તેની વિશ્વસનીયતા વધી જાય છે. ગુજરાતમાં આવી હસ્તપ્રતો અસંખ્ય માત્રામાં મળી આવે છે. આવી હસ્તપ્રતો જ્યાં એકત્ર કરી અને સાચવવામાં આવે છે તેને હસ્તપ્રત ભંડાર કહેવામાં આવે છે.

### 4.5.1 હસ્તપ્રત એટલે શું ?

*હસ્તપ્રત એટલે હાથથી લખાયેલી અથવા નકલ કરાયેલી પ્રાચીન અને મૂલ્યવાન પુસ્તક અથવા દસ્તાવેજ. હસ્તપ્રતો ઐતિહાસિક, સાંસ્કૃતિક, ધાર્મિક અથવા સાહિત્યિક મહત્ત્વ ધરાવતી હોય છે. હસ્તપ્રતો હાથથી લખાયેલી હોય છે, જે તેને અનોખી અને મૂલ્યવાન બનાવે છે. હસ્તપ્રતો ઘણીવાર સેંકડો વર્ષ જૂની હોય છે, જે તેને ઐતિહાસિક મહત્ત્વ આપે છે. હસ્તપ્રતો તેમની પ્રાચીનતા, દુર્લભતા અને સાંસ્કૃતિક મહત્ત્વને કારણે મૂલ્યવાન હોય છે. ઘણી હસ્તપ્રતોમાં સુંદર ચિત્રો અને અલંકરણ હોય છે, જે તેની સુંદરતા વધારે છે.*

### 4.5.2 હસ્તપ્રતના પ્રકાર

1. *ધાર્મિક હસ્તપ્રતો : ધાર્મિક ગ્રંથો, શાસ્ત્રો અને ભક્તિ સાહિત્ય*
2. *સાહિત્યિક હસ્તપ્રતો : કાવ્યો, નાટકો અને અન્ય સાહિત્યિક કૃતિઓ*
3. *ઐતિહાસિક હસ્તપ્રતો : ઐતિહાસિક દસ્તાવેજો, પત્રો અને અન્ય ઐતિહાસિક સામગ્રી*
4. *વૈજ્ઞાનિક હસ્તપ્રતો : વિજ્ઞાન, ગણિત અને અન્ય વિષયો પર લખાયેલી હસ્તપ્રતો*
5. *હસ્તપ્રતો આપણા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.*

### 4.5.3 હસ્તપ્રત ભંડાર

*હસ્તપ્રત ભંડાર એ એક એવી સંસ્થા અથવા સ્થળ છે જ્યાં પ્રાચીન અને મૂલ્યવાન હસ્તપ્રતોનો સંગ્રહ, સંરક્ષણ અને અભ્યાસ કરવામાં આવે છે. હસ્તપ્રતો એ હાથથી લખેલા અથવા નકલ કરેલા દસ્તાવેજો છે જે ઐતિહાસિક, સાંસ્કૃતિક, ધાર્મિક અથવા સાહિત્યિક મહત્ત્વ ધરાવે છે. હસ્તપ્રત ભંડારના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે :*

1. *સંગ્રહ : હસ્તપ્રતોનો સંગ્રહ કરવો અને તેમનું સંરક્ષણ કરવું.*
2. *અભ્યાસ : હસ્તપ્રતોનો અભ્યાસ કરવો અને તેમના વિશે જ્ઞાન પ્રદાન કરવું.*
3. *સંરક્ષણ : હસ્તપ્રતોને નુકસાનથી બચાવવા માટે યોગ્ય પગલાં લેવા.*
4. *પ્રકાશન : હસ્તપ્રતોના અભ્યાસ અને સંશોધનના પરિણામો પ્રકાશિત કરવા.*

*ગુજરાતમાં હસ્તપ્રત ભંડારોની સમૃદ્ધ પરંપરા છે, જે રાજ્યના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ હસ્તપ્રત ભંડારો પ્રાચીન સમયથી જ્ઞાન અને સંસ્કૃતિના કેન્દ્રો રહ્યા છે. ગુજરાતના કેટલાક પ્રમુખ હસ્તપ્રત ભંડારોમાં નીચેનાનો સમાવેશ થાય છે.*

1. *પાટણના હસ્તપ્રત ભંડારો : પાટણ તેના પ્રાચીન હસ્તપ્રત સંગ્રહો માટે જાણીતું છે, જેમાં જૈન ધર્મ અને સંસ્કૃતિને લગતા ગ્રંથોનો સમાવેશ થાય છે.*

2. *અમદાવાદના હસ્તપ્રત ભંડારો : અમદાવાદમાં પણ મોટી સંખ્યામાં હસ્તપ્રતોનો સંગ્રહ છે, જેમાં જૈન અને હિંદુ ધર્મના ગ્રંથોનો સમાવેશ થાય છે.*
3. *ખંભાતના હસ્તપ્રત ભંડારો : ખંભાત તેના સચિત્ર હસ્તપ્રતો માટે પ્રખ્યાત છે, જે ગુજરાતની કલાત્મકતા અને સાંસ્કૃતિક વારસાને દર્શાવે છે.*
4. *વડોદરાના હસ્તપ્રત ભંડારો : વડોદરામાં પણ પ્રાચીન હસ્તપ્રતોનો સમૃદ્ધ સંગ્રહ છે, જેમાં મહાભારત જેવા ગ્રંથોનો સમાવેશ થાય છે.*

*આ હસ્તપ્રત ભંડારો ગુજરાતના અને ઐતિહાસિક વારસાને જાળવવામાં અને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમાંથી અગત્યના હસ્તપ્રત ભંડારો નીચે મુજબ છે.*

**ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ**

*ભો.જે. વિદ્યાભવન, જેનું પૂરું નામ શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન છે, તે અમદાવાદમાં આવેલી ઉચ્ચ કક્ષાના અધ્યયન અને સંશોધન માટેની એક મહત્ત્વની સંસ્થા છે. આ સંસ્થા ગુજરાત વિદ્યાસભા દ્વારા સંચાલિત છે.*

*ભો.જે. વિદ્યાભવનનો ઈતિહાસ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સાથે જોડાયેલો છે, જેની સ્થાપના* 1848 *માં ગુજરાતી ભાષા, સાહિત્યના વિકાસ અને ગુજરાતીમાં શિક્ષણના પ્રસાર માટે અમદાવાદમાં થઈ હતી. ઈ.સ.* 1939 *માં આ સંસ્થાએ આચાર્ય આનંદશંકર ધ્રુવના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ શરૂ કર્યો હતો. ઈ.સ.* 1945-46 *માં મુંબઈના શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ તરફથી મોટું દાન મળ્યું અને* 1946-47*માં, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ગુજરાત વિદ્યાસભા તરીકે ઓળખાઈ અને તેના વિદ્યા વિભાગને 'શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન' નામ આપવામાં આવ્યું.*

*ભો.જે. વિદ્યાભવન મુખ્યત્વે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેના મુખ્ય હેતુઓ અને કાર્યક્ષેત્ર નીચે મુજબ છે :*

1. *સંશોધન : સંસ્કૃત, ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અને ગુજરાતી ભાષા તથા સાહિત્ય જેવા વિષયોમાં અનુસ્નાતક* (Post-graduate) *શિક્ષણ અને સંશોધન માટે આ સંસ્થાને મુંબઈ યુનિવર્સિટી (અને ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટી) દ્વારા માન્યતા મળેલી છે.*
2. *ગ્રંથ પ્રકાશન : આ સંસ્થા દ્વારા ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ જેવા અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. ભો.જે. વિદ્યાભવન જ્ઞાન અને સંસ્કૃતિનો અમૂલ્ય ખજાનો સંગ્રહિત કરે છે.*

3. *દુર્લભ હસ્તપ્રતો : વિદ્યાભવન પાસે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, અરબી અને ફારસી ભાષાની લગભગ અગિયાર હજાર હસ્તપ્રતોનો સંગ્રહ છે.*
4. *ચિત્ર હસ્તપ્રતો : અહીં લગભગ પચાસ જેટલી ચિત્ર-હસ્તપ્રતો પણ છે.*
5. *સંગ્રહાલય (મ્યુઝિયમ) :* 1946*માં વિદ્યાભવનની સ્થાપના સાથે અહીં સંગ્રહાલય પણ કાર્યરત થયું છે. આં સંગ્રહાલયમાં લગભગ* 9,000 *જેટલા પ્રાચીન સિક્કાઓ, ચિત્રો, દસ્તાવેજો, તામ્રપત્રો, ભોજપત્રો,* 300 *જેટલી પથ્થર અને ધાતુની મૂર્તિઓ, વાસણો અને અન્ય વસ્તુઓનો સંગ્રહ છે. કપડવંજ અને સિદ્ધપુરના તોરણોની લાકડાની પ્રતિકૃતિઓ* (Wooden Replicas) *પણ અહીંના સંગ્રહાલયમાં નોંધપાત્ર છે.*

*ભો. જે. વિદ્યાભવન એ ગુજરાતની સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિરાસત જાળવનારી એક અગ્રણી સંસ્થા છે, જેણે ગુજરાતી ભાષા અને ઈતિહાસના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.*

**લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ**

*લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજી નવરંગપુરા, અમદાવાદ ખાતે આવેલું છે. તેની સ્થાપના ઈ.સ.* 1956*માં થઈ હતી. તેની સ્થાપના કસ્તુરભાઈ લાલભાઈ (ઉદ્યોગપતિ અને દાનવીર) દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થાનો ઉદ્દેશ્ય પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય, કલા અને ઈતિહાસના અભ્યાસ, સંશોધન, સંરક્ષણ અને પ્રચાર માટેનો હતો.*

*લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજીએ ભારતના સૌથી પ્રતિષ્ઠિત હસ્તપ્રત સંશોધન કેન્દ્રોમાંનું એક છે. અહીં મોટી સંખ્યામાં જૈન, સંસ્કૃત, પ્રાકૃત, પાલી, ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાના હસ્તલિખિત ગ્રંથો અને દુર્લભ પાંડુલિપિઓ સંગ્રહિત છે. આ સંસ્થા ભારતીય પરંપરા, ધર્મ, કલા, શિલ્પ અને સંસ્કૃતિના સંશોધન માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. અહીં આશરે* 75,000 *થી વધુ હસ્તપ્રત* (Palm leaf & Paper manuscripts), *પાંડુલિપિઓ, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, પાળી, જૈન વગેરે ભાષાઓ પર તેમજ દર્શન, વેદ, શાસ્ત્રો વગેરે વિષયો પરની છે. તે ઉપરાંત મિનીએચર પેઈન્ટિંગ્સ કુલ* 7000 *જેટલા છે તેમજ* 50000 *થી વધુ દુર્લભ પુસ્તકો અને ગ્રંથો અહી સંગ્રહાયેલા છે. આ સંસ્થામાં હસ્તપ્રત ભંડાર, રીસર્ચ લાયબ્રેરી, જૈન હસ્તપ્રત સંગ્રહાલય, ફોટાઓ, લેબોરેટરી વગેરે સુવિધાઓ આ સંસ્થા ધરાવે છે. આ સંસ્થા દ્વારા ભારતીય ઈતિહાસ, પાંડુલિપિ વિજ્ઞાન, જૈન સાહિત્ય અને દર્શન, લોક સંસ્કૃતિ, કલા અને પુરાતત્વ, પ્રાચીન શિલાલેખો અને દસ્તાવેજોનું*

*સંરક્ષણ વગેરે જેવા વિષયો પર અહીંથી ઘણા મહત્ત્વપૂર્ણ ગ્રંથોનાં ક્રિટિકલ એડીશન અને અનુવાદ પ્રકાશિત થયા છે.*

*સંસ્થાના પરિસરમાં* L.D. Museum (Indology Museum) *છે જેમાં પ્રાચીન મૂર્તિઓ, ચિત્રો, જૈન પ્રાચીન કલાના નમૂનાઓ અને મિનીએચર પેઈન્ટિંગ્સનો પણ સંગ્રહ કરવામો આવ્યો છે. આ સંસ્થાની મુલાકાત સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે* 10:30 *થી* 5:30 *સુધી મુલાકાત લઈ શકીએ છીએ (જાહેર રજાઓ અને શનિવારને બાદ કરતા)*

**શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા, ગાંધીનગર**

*શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા-ગાંધીનગર ખાતે આવેલું છે. આ સંસ્થાની સ્થાપના ઈ.સ.* 1980*માં થઈ હતી. સ્થાપના બાદ આ સંસ્થા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્ર તરીકે કાર્યરત થયું હતું. આ સંસ્થામાં જૈન સાહિત્ય, હસ્તપ્રતો* (manuscripts), *પાંડુલિપિઓ, દસ્તાવેજો અને જૈન વૈદિક-અભ્યાસકેન્દ્ર કાર્યરત છે. આ ભંડારમાં કુલ* 3 *લાખથી વધુ હસ્તપ્રતો/પાંડુલિપિઓ છે. આ ભંડારમાં અલગ-અલગ વિષયો જેવા કે, જૈન ધર્મ, સંસ્કૃત/પ્રાકૃત ગ્રંથો, વૈદિક તથા તત્ત્વજ્ઞાન, આયુર્વેદ, યોગ, જ્યોતિષ વગેરેનો સમાવેશ થાય છે. અહીં હસ્તપ્રતોનું સંરક્ષણ, ડિજિટલાઈઝેશન, કેટાલૉગિંગ માટે અદ્યતન તકનીકો અપનાવવામાં આવી છે. આ ભંડાર સંશોધકો, વિદ્યાર્થી, ઐતિહાસિક સંસ્કૃતિ-રૂચિ ધરાવતા લોકો માટે એક અગત્યનું સંશોધન કેન્દ્ર છે. ગુજરાતમાં અને ભારતમાં આ પ્રકારના ભંડારોમાં એક અદ્વિતીય સ્થાન ધરાવે છે.*

**શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર, પાટણ**

*આ ભંડાર ગુજરાત રાજ્યના પાટણ શહેરમાં આવેલો છે. નામ આપવામાં આવ્યું છે મહાન જૈન વિદ્વાન આચાર્ય હેમચંદ્રાચર્ય (*11*મી-*12*મી સદી) ના નામે શ્રી હેમચંદ્રાચર્ય જૈન જ્ઞાન મંદિર. અહીં મોટી સંખ્યામાં હસ્તપ્રત ગ્રંથો, પાંડુલિપિઓ* (palm-leaf manuscripts) *અને જૈન સાહિત્યનો સંગ્રહ છે. આ ભંડાર "જ્ઞાન મંદિર" તરીકે ઓળખાય છે - તેની ઈમારત અને મૂળભૂત ઉદ્દેશ જ્ઞાન સંચય, સંશોધન અને સંસ્કૃતિનું સંરક્ષણ છે. અહિં હસ્તપ્રતોમાં જૂનાં પાંડુલિપિઓ, જૈન ગ્રંથો અને અન્ય ઐતિહાસિક દસ્તાવેજો સામેલ છે. આ ભંડારમાં શાંતિપૂર્ણ વાતાવરણ, વાંચનખંડ અને સંશોધન માટે યોગ્ય વ્યવસ્થા છે.*

## 4.6 દફતર ભંડાર

*અંગ્રેજી શબ્દ 'આર્કાઈવ્ઝ'* (Archives) *એ મૂળ ગ્રીક શબ્દ આર્કીઓન* (Archeion) *માંથી ઉતરી આવેલ છે. જેનાં ઘણા અર્થ થાય છે- જેવા કે કચેરી, કારણ, સત્તા, સાર્વભૌમસત્તા*

વગેરે. લેટિન શબ્દ આર્કીવલ (Archival) છે. જ્યારે ફ્રેન્ચ શબ્દ લાર્કાઈવ્ઝ (Larcives) છે. જેમાંથી અંગ્રેજી શબ્દ આર્કાઈવ્ઝ (Archives) થયો. આ આર્કાઈવ્ઝ શબ્દ ત્રણ વસ્તુનો બનેલો છે. (1) દફતર (Record) (2) મકાન કે જેમાં દફતરો રાખવામાં આવે છે અને (3) વહીવટી માળખું જે દફતરોની સાચવણી અને જાળવણીનું કામ કરે છે.

ટૂંકમાં એમ કહી શકાય કે "દફતર ભંડાર એ બીન ચાલુ રેકોર્ડ જે વ્યક્તિ, સંસ્થા અને સરકારે તેઓની કામગીરી અંગે તૈયાર કરેલ હોય અને તેઓના કબજામાં રાખેલ હોય તેવા રેકોર્ડની ભવિષ્યના ઉપયોગ માટે કાયમી સાચવણી કરતી સંસ્થા છે."

દરેક દેશ દફતર ભંડાર વિશે પોતાની અલગ અલગ વ્યાખ્યા આપે છે. જુદા જુદા દફતર સંગ્રાહકો (આર્કીવીસ્ટ) અને ઈતિહાસકારોએ પણ દફતર ભંડારની જુદી જુદી વ્યાખ્યા કરેલ છે.

મૂલર, ફેઈથ અને ફ્રુઈન (Muller. Feith & Fruin) જેઓએ આર્કાઈવલ સાયન્સમાં ઘણો મોટો ફાળો આપેલ છે, તેમણે આર્કાઈવ્ઝની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે "પુરા લખેલા દસ્તાવેજી ચિત્રો અને આપેલી સામગ્રી જે વહીવટી એકમો અથવા તેના કોઈ એક અમલદારે તૈયાર કરેલ હોય અથવા મેળવેલ હોય અને તે સામગ્રી તેમના કબજામાં રાખવાની હોય તેવી સામગ્રીને આર્કાઈવ્ઝ કહી શકાય.''

જેન્કીનશને તેઓના પુસ્તક ''મેન્યુઅલ ઓફ આર્કાઈવ્ઝ એડમિનિસ્ટ્રેશન'' માં નીચે જણાવ્યા પ્રમાણે વ્યાખ્યા આપેલ છે :

''કોઈપણ માન્ય જાહેર અથવા ખાનગી સંસ્થાનો વહીવટ ચલાવવામાં તૈયાર થયેલ દસ્તાવેજો દફતર ભંડારનો એક ભાગ બને છે. અને આ દસ્તાવેજો તૈયાર કરનાર સંસ્થા પોતાને ભવિષ્યમાં માહિતી મેળવવા માટે તેને સાચવી રાખે છે. જે તેના કાયદેસરના વારસદારોને પણ ઉપયોગમાં આવે છે.''

જર્મન આર્કીવીસ્ટ એડોલ્ફ બ્રેનેક (Adolf Brenneks) નીચે પ્રમાણે તેની વ્યાખ્યા આપે છે :

''પુરા કાગળ અને દસ્તાવેજી કે કાયદાકીય અને રાજકીય સંસ્થાઓ દ્વારા તેમના રોજબરોજના વહીવટ દ્વારા તૈયાર થયેલ અને જે નક્કી કરેલ જગ્યાએ ભવિષ્યની પેઢીઓને માહિતી મળી રહે તેવા હેતુથી કાયમી રીતે સચવાયેલ હોય તેને દફતર ભંડાર કહે છે.''

શૈલેનબર્ગ (Schellenberg) ના મત પ્રમાણે દફતર ભંડાર એ દફતર સંગ્રહને સાચવવા માટેની કાયમી કચેરી છે. તે કોઈપણ ખાનગી અથવા જાહેર સંસ્થાના પ્રવર્ત દફતર સંગ્રહની

*સાચવણી કરે છે. અહીં દફતર ભંડાર શબ્દ દ્વિઅર્થમાં વપરાયેલ છે. તે મકાન અને સામગ્રી એ બંનેનો ઉલ્લેખ કરે છે. કચેરીના બદલે દફતર ભંડારની સંસ્થા તેવો ઉલ્લેખ કરેલ છે.*

*શૈલેનબર્ગની વ્યાખ્યા બહુ વિશાળ અર્થમાં છે. જેમાં દેવળો, ઉદ્યોગગૃહો, મંડળો વગેરેનો પણ આર્કીવલ સંસ્થામાં સમાવેશ થઈ શકે છે. તેની વ્યાખ્યાનો સાર નીચે પ્રમાણે આપી શકાય : "વ્યક્તિ, વ્યક્તિ અને સંસ્થા વચ્ચે, વ્યક્તિ અને સરકાર વચ્ચે થયેલા પત્રવ્યવહાર, રાજકીય, ધાર્મિક કે અન્ય સામાજિક સંસ્થાની કામગીરીના અહેવાલો કે નોંધો, વહીવટી, દસ્તાવેજી, સરકારીતંત્રના દફતર/ફાઈલો, કાગળો, ઠરાવોની નોંધો, ખાનગી કે જાહેર પેઢીઓના દફતરો, આપ્રાપ્ય પુસ્તકો, પુસ્તિકાઓ, પત્રિકાઓ વગેરે અર્થાત્ મુખ્યત્વે કાગળ ઉપર છાપેલા કે લખેલા બધા પ્રકારનાં લખાણો જે વહીવટની દષ્ટિએ સમયાતિત થયા કે સમયાતિત થતાં જાય છે. એમાંથી ઈતિહાસલેખન માટે બિનજરૂરીને દૂર કરીને જરૂરીને એકત્રિત કરી સંગ્રહિત કરી સાચવવાની* (Preservation) *અને સંરક્ષવાની* (Conservation) *કામગીરી કરતી સંસ્થા, જે વૈજ્ઞાનિક રીતે સરકારી સંસ્થાઓ, પેઢીઓ, મંડળો, કુટુંબો કે વ્યક્તિઓએ સર્જેલા કે મેળવેલા અને એમણે અથવા એમના કાયદેસરના વારસદારોએ સંસ્થાના, વ્યક્તિઓના કાર્યના, નીતિના વિચારોના, કાર્યવિધિના, અમલના અથવા બીજી પ્રવૃત્તિઓના પુરાવા તરીકે સાચવેલા લખાણોને સંપાદિત કરી સંકલિત અને વ્યવસ્થિત કરતી સંસ્થા છે."*

**દફતરભંડાર (Archives) અને મ્યુઝિયમ :**

*બંને સંસ્થાઓનો ઉપયોગ શૈક્ષણિક સંશોધન હેતુઓ માટે થાય છે. બંને સંસ્થાઓ ઈતિહાસ વિષયની શાખાઓ તરીકે કામ કરે છે. આર્કીવલ સામગ્રીનો મ્યુઝિયમમાં ડિસ્પ્લે કરી જાણકારી માટે ઉપલબ્ધ બનાવવામાં આવે છે. આર્કાઈવ્ઝ-મ્યુઝિયમ પરસ્પર સહયોગથી સારી કામગીરી કરી શકે છે. જેમ કે મ્યુઝિયમ લોકોને જાણકારી આપવા માટે વારંવાર આર્કીવલ માહિતી જેવી કે ફોટોગ્રાફ્સ, દસ્તાવેજો વગેરેનો ઉપયોગ કરી શકે છે. આર્કીઈવ્ઝ પોતાના દસ્તાવેજોનું મ્યુઝિયમમાં પ્રદર્શન કરી શકે છે. શૈક્ષણિક હેતુ તથા ઉપયોગિતા માટે આર્કાઈવ્ઝ અને મ્યુઝિયમ વચ્ચે યોગ્ય અને પ્રામાણિક સમન્વય જરૂરી છે.*

**શૈક્ષણિક વિકાસમાં દફતરભંડાર :**

1. *વિવિધ વિષયોના સંશોધન માટે જરૂરી માહિતી - પુરાવાઓ દફતરભંડાર પૂરા પાડે છે.*
2. *સંશોધકો - વિદ્યાર્થીઓ - અધ્યાપકો માટે આર્કાઈવ્ઝ ખુલ્લું રાખવામાં આવે છે.*

3. *શિક્ષણમાં શિક્ષકો-વિદ્યાર્થીઓને દફતરભંડારના ઉપયોગની ચોક્કસ માહિતી તથા સંશોધન માટે માર્ગદર્શન આપી શકે છે.*
4. *સંશોધન કેન્દ્રોનો વિકાસ શૈક્ષણિક વિકાસમાં ઉપયોગી બને છે.*
5. *ઓડિયો-વિઝ્યુઅલ સાધનો, દફતરભંડારનાં પ્રદર્શનો, વાર્તાલાપ, સેમિનારો વગેરે શૈક્ષણિક પ્રવૃત્તિઓ શૈક્ષણિક વિકાસમાં ફાળો આપે છે.*
6. *દફતરભંડારનાં પ્રકાશનો વિદ્યાર્થીઓ, અધ્યાપકોને જરૂરી માહિતી પૂરી પાડે છે.*
7. *દફતરભંડારનું ગ્રંથાલય જરૂરી અપ્રાપ્ય પુસ્તકોના ઉપયોગ દ્વારા માહિતી પૂરી પાડે છે.*
8. *આદાન-પ્રદાન.*

**ખ) તમારી જાતે ચકાસો :**

(1) *નીચેની ખાલી જગ્યાઓ પૂરો.*

1. *લાલભાઈ દલપતભાઈ ઈન્ડોલોજીની સ્થાપના ઈ.સ.* _____________ *થઇ હતી.*

2. *એમ. એસ. ફાઈન આર્ટસ ગેલેરી* _____________ *માં આવેલી છે.*

3. *શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર* _____________ *માં આવેલું છે.*

4. *દફતરને અંગ્રેજીમાં* _____________ *કહેવામાં આવે છે.*

5. *શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર* _____________ *આવેલું છે.*

(2) *દફતર ભંડાર વિષે ટૂંકનોંધ લખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 4.7 સારાંશ

*ઈતિહાસનો વારસો અને ઐતિહાસિક અવશેષો અને ગ્રંથો આવતી પેઢી માટે સાચવવા ખૂબ જ જરૂરી છે. અને તે કાર્ય સંગ્રહાલય, ગ્રંથાલય, હસ્તપ્રત ભંડારો અને દફતર ભંડારો વગેરે ખૂબ સારી રીતે કરે છે, માટે તેની જાળવણી કરવી એ આપણી ફરજ છે.*

## 4.8 ચાવીરૂપ શબ્દો

1. **હસ્તપ્રત :** *'હસ્તપ્રત' એટલે હાથથી લખેલ પ્રતિ, છપાયો ન હોય એવો ગ્રંથ. વિશાળ અર્થ લેતાં આ શબ્દમાં હાથથી લખેલ સ્વરૂપવાળી દરેક વસ્તુનો-ખાસ કરીને શિલા ઉપર કોતરેલ તેમજ ધાતુ ઉપર લખાયેલ લખાણોનો-પણ સમાવેશ થાય છે.*
2. **દફતર :** *દસ્તાવેજોના સમૂહ ને દફતર કહેવામાં આવે છે.*
3. **ગ્રંથાલય :** *જે જગ્યાએ ઘણા બધા વિવિધ વિષયના પુસ્તકો, ગ્રંથો વગેરે સાચવવામાં આવે છે તેને ગ્રંથાલય કહેવાય છે.*
4. **સંગ્રહાલયઃ** *જે જગ્યાએ વિવિધ પુરાતત્વીય અવશેષ, ઐતિહાસિક અવશેષ જેવા કે હથિયારો, ઓજારો, આભૂષણો, વાસણો, કપડાં, ચીજ વસ્તુઓ, અને કલાના નમૂનાઓ વગેરે સાચવવામાં આવ્યા હોય તેને સંગ્રહાલય કહેવામાં આવે છે.*
5. **અભિલેખાગાર :** *દફતરોની વૈજ્ઞાનિક ઢબે સાચવણી, ગોઠવણી અને સંવર્ધન કરતી સંસ્થા એટલે અભિલેખાગાર.*
6. **દફતર વિદ્યા :** *દફતરો, દસ્તાવેજો વગેરેનો જે અભ્યાસ કરવામાં આવે છે તેને દફતરવિદ્યા કહેવામાં આવે છે.*
7. **આર્ટ ગેલેરી :** *જે જગ્યાએ કલાના વિવિધ નમૂનાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય અથવા સાચવવામાં આવ્યું હોય તેવું સ્થળ.*

## 4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (1) 1. *અંગ્રેજી* 2. *ઈજીપ્તના એલેક્ઝાન્ડ્રીયા* 3. *કચ્છના મહારાવે*

4. *કે. પિ. સિંહા* 5. 1848.

(2) 4.2. *ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

*(ખ)* (1) 1. 1956*માં* 2. *વડોદરા* 3. *પાટણ* 4. Archives 5. *કોબા-ગાંધીનગર.*

(2) 4.6 *ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

## 4.10 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. આધુનિક યુરોપમાં સૌપ્રથમ કયા દેશમાં સંગ્રહાલય પ્રવૃતિની શરૂઆત થઈ હતી ?

   (A) ઈંગ્લેન્ડ (B) જર્મની (C) ફ્રાન્સ (D) ઈટાલી

2. ભારતમાં સૌ પ્રથમ કઈ જગ્યાએ સંગ્રહાલયની સ્થાપના થઈ હતી ?

   (A) મુંબઈ (B) દિલ્લી (C) કલકત્તા (D) ચેન્નાઈ

3. ગુજરાતમાં કયા વિસ્તારનાં રાજાએ સૌ પ્રથમ મ્યુઝિયમ પ્રવૃત્તિની શરૂઆત કરી હતી ?

   (A) રાજકોટ (B) કચ્છ (C) વડોદરા (D) જૂનાગઢ

4. વડોદરા રાજ્ય દફતર ભંડારની સ્થાપના ક્યારે થઈ હતી ?

   (A) ઈ.સ. 1869 માં (B) ઈ.સ. 1870માં

   (C) ઈ.સ. 1868માં (D) ઈ.સ. 1865માં

5. શ્રી મહાવીર જૈન આરાધનાં કેન્દ્રની સ્થાપના કયારે થઈ હતી ?

   (A) ઈ.સ. 1975માં (B) ઈ.સ. 1980માં

   (C) ઈ.સ. 1985માં (D) ઈ.સ. 1990માં

6. રાષ્ટ્રીય અભિલેખાગાર ક્યાં આવેલું છે ?

   (A) દિલ્હી (B) અમદાવાદ

   (C) મુંબઈ (D) ચેન્નાઈ

7. ભોળાભાઈ જેસિંગભાઈ વિદ્યાભવન ક્યાં આવેલું છે ?

   (A) રાજકોટ (B) ગાંધીનગર

   (C) વડોદરા (D) અમદાવાદ

8. ભો. જે. વિદ્યાભવનની સ્થાપના ક્યારે થઈ હતી?

   (A) ઈ.સ. 1848માં (B) ઈ.સ. 1851માં

   (C) ઈ.સ.1852માં (D) ઈ.સ. 1860માં

9. *ગોયલ આર્ટ ગેલેરી ક્યાં આવેલી છે ?*

(A) *રાજકોટ* (B) *ગાંધીનગર* (C) *વડોદરા* (D) *અમદાવાદ*

10. *વત્સલ્યા આર્ટ ગેલેરી ક્યાં આવેલી છે ?*

(A) *રાજકોટ* (B) *ગાંધીનગર* (C) *વડોદરા* (D) *અમદાવાદ*

*જવાબો :* (1 - A ), (2 - C), (3 - B), (4 - A), (5 - B), (6 - A), (7 - D), (8 - A), (9 - D), (10 - A )

## 4.11 સ્વાધ્યાય

1. *ભારતમાં સંગ્રહાલય પ્રવૃતિનો ઈતિહાસ જણાવો.*

2. *ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિ વિશે ચર્ચા કરો.*

3. *હસ્તપ્રત ભંડાર વિશે વિગતવાર નોંધ લખો.*

## 4.12 સંદર્ભો


1. *ગોહિલ મયુરસિંહ બી. "સૌરાષ્ટ્રના અભિલેખાગારો : એક અધ્યયન", અપ્રકાશિત પીએચ. ડી. મહાશોધ નિબંધ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, જુલાઈ-* 2015.
2. *જમીનદાર (ડૉ.) રસેશ. "દફતર વિદ્યાની વિભાવર્સ" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1982.

3. દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "ભારતમાં દફતરોનો વિકાસ અને ઉપયોગિતા" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2001.
4. ઠાકર જયંત પ્રે., "હસ્તપ્રતવિજ્ઞાન", ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2006.
5. ધારૈયા, (ડૉ.) રમણલાલ કે., "ઐતિહાસિક પદ્ધતિ" અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ. 1974.
6. પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ગુજરાત રાજય દફતર ભંડાર સંક્ષિપ્ત પરિચય પુસ્તિકા" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, 1982.
7. પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ભારતમાં દફતરવિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ. 1983.
8. મહેતા (ડૉ.) રમણલાલ. ઈતિહાસની વિભાવના" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ. 1982.
9. "ઈતિહાસ સંશોધનમાં દફતરોનું મહત્ત્વ" નિયામકશ્રી, ગુજરાત રાજય દફતર ભંડાર ખાતું, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, 1983.
10. શાસ્ત્રી, નંદન હરિપ્રસાદ, "ભારતનાં મ્યુઝિયમ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-1984.

# એકમ : 5 ભારત અને ગુજરાતમાં દફતર પ્રવૃત્તિનો ઈતિહાસ અને તેનો વિકાસ

## :: રૂપરેખા ::

5.0 ઉદ્દેશ્યો

5.1 પ્રસ્તાવના

5.2 ભારતમાં દફતર પ્રવૃતિનો ઈતિહાસ અને વિકાસ

5.2.1 પ્રાચીન ભારતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.2.1.1 બૌદ્ધ સમયનું દફતર

5.2.1.2 મૌર્યકાલીન દફતર

5.2.1.3 ગુપ્તકાલીન દફતર

5.2.1.4 સમ્રાટ હર્ષવર્ધનનાં સમયનું દફતર

5.2.1.5 દક્ષિણ ભારતમાં દફતર

5.2.1.6 શુક્રનીતિસારમાં દફતર

5.2.2 મધ્યકાલીન ભારતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.2.2.1 સલ્તનત સમયની દફતર પ્રવૃત્તિ

5.2.2.2 વિજયનગર સામ્રાજ્યની દફતર પ્રવૃત્તિ

5.2.2.3 મુઘલ સમયની દફતર પ્રવૃત્તિ

5.2.2.4 મરાઠા સમયની દફતર પ્રવૃત્તિ

5.2.3 આધુનિક ભારતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.2.3.1 બ્રિટિશ સમયની દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.2.3.2 સ્વતંત્રતા બાદની દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.3 ગુજરાતમાં દફતર પ્રવૃતિનો ઈતિહાસ અને વિકાસ

5.3.1 પ્રાચીન ગુજરાતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.3.2 મધ્યકાલીન ગુજરાતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

**5.3.3 આધુનિક સમયમાં ગુજરાતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ**

**5.4 સારાંશ**

**5.5 ચાવીરૂપ શબ્દો**

**5.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**5.7 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**5.8 સ્વાધ્યાય**

**5.9 સંદર્ભો**

## 5.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે..*

- *વિશ્વ સ્તરે દફતર પ્રવૃત્તિનો ઈતિહાસ જાણી શકશો.*
- *ભારતમાં દફતર પ્રવૃત્તિનો ઈતિહાસ અને તેના વિકાસ વિષે માહિતી પ્રાપ્ત કરશો.*
- *ગુજરાતમાં દફતર પ્રવૃતિનો ઈતિહાસ અને તેના વિકાસ વિષે માહિતી પ્રાપ્ત કરશો.*

## 5.1 પ્રસ્તાવના

*પુરાતનકાળથી જ વિશ્વની સમૃદ્ધ સંસ્કૃતિઓમાં દફતર વ્યવસ્થા જેવી પ્રણાલિકા પ્રચલિત હોવાના પ્રમાણિત પુરાવાઓ પ્રાપ્ત થયા છે. આ સમયે દફતરો રાજયનાં અભિન્ન અંગ સમાન ગણાતા. ગ્રીક, મિસર, અસીરોયન તથા બેબીલોન જેવી વિકસિત સંસ્કૃતિઓમાં દફતર વ્યવસ્થા પ્રણાલિકા સંબંધિત પ્રથમ બીજ રોપાયા હતા. પ્રાચીન કાળની દફતર વ્યવસ્થા પૂર્ણતઃ અવિકસિત અને પ્રાથમિક સ્વરૂપની જોવા મળતી. આ તબક્કા દરમિયાન માનવ જીવન ધીરે-ધીરે રાજય વહીવટમાં થાળે પડવા લાગ્યું હતું. જેના પરિણામ સ્વરૂપે દફતરની અંશતઃ આવશ્યકતા વધવા પામી હતી. ઈ.સ. પૂર્વે ચોથી શતાબ્દી સુધી તો મિસરવાસીયોના જ્ઞાન ભંડારો ખૂબ જ સમૃદ્ધ હતા કે તેઓને સ્મૃતિ આધારિત યાદ કરીને કોઈ પણ બાબતની અન્યને જાણકારી આપવાની આવશ્યકતા ન હતી. આ અવસ્થામાંથી જ લેખનકળાનો આવિષ્કાર થવા પામ્યો હતો. મિસરવાસીઓએ 750 જેટલા ચિત્રાક્ષરો દોરીને લેખન માટેની સારી એવી સામગ્રી એકઠી કરી હતી. સમય જતા મિસરવાસીયોએ વર્ણનાત્મક લિપિનો વિકાસ કર્યો. દફતર વ્યવસ્થા પૂર્વે મિસરવાસીઓ વિચારોના સંગ્રહ*

*અને પ્રચાર માટે મંદિરો, મકબરાઓ અને પિરામિડની દીવાલો પર યાદ રાખવા યુક્ત લખાણોને કંડારતા હતા. આ લખાણ "હાઈરોગ્લિ ફિંક્સ'' લિપિમાં લખાતું હતું.*

*અલબત્ત મિસરવાસીઓની પ્રવૃત્તિમાં સદંતર ઉમેરો થતા મહત્વની રાજકીય અને ધાર્મિક માહિતીનો સંગ્રહ કાયમી ધોરણે થાય તેવી પ્રયુક્તિની આવશ્યકતા ઊભી થવા પામી હતી. આ પ્રકારનું જ્ઞાન તેઓને રોજબરોજના જીવન વ્યવહાર તથા ભવિષ્યમાં ઉપયોગી અને ઉપસ્થિત સમસ્યાનું નિરાકરણ થઈ શકે તેવી બાબતના ઉકેલ માટે મિસરવાસીઓએ સૌપ્રથમ પેપીરસના સરકંડાના પડમાંથી કાગળ જેવું આવરણ બનાવ્યું. તેમાં બરુની કલમ વડે શાહીથી ધાર્મિક તથા રાજકીય સિદ્ધાંતોનું લખાણ કંડારવાનું આરંભ કર્યું. જો આ લખાણ એક સરકંડામાં પૂરું ન થાય તો બીજા સરકંડા તેની સાથે જોડી તેની ઉપર લખાણ લખવામાં આવતું હતું. આ પ્રમાણે એક પછી એક સરકંડાની 40 મીટર જેટલી લખાણયુક્ત પટ્ટીની પ્રત બનતી, આ પેપીરસયુક્ત સરકંડાની લાંબી પટ્ટીને ગોળ-ગોળ રોલમાં વીંટાળીને એક પછી એક પદ્ધતિસર ગોઠવણી કરીને એક અલાયદા ખંડમાં જાળવણી કરવામાં આવતી. જેનો ઉપયોગ ભાવિપેઢીને જ્ઞાન પીરસવા થતો હતો. આ પ્રમાણે વિશ્વમાં સૌપ્રથમ મિસરમાં પેપીરસના સરકંડામાંથી બનાવેલા અનેક દસ્તાવેજોના સંગ્રહ માટે દફતર ભંડાર તૈયાર થયું હતું.*

*ત્યારબાદ અસીરિયન, સુમેરિયન વગેરે સંસ્કૃતિ અને રોમન સામ્રાજ્યમાં દફતર પ્રવૃતિના ઉલ્લેખ મળી આવે છે. આધુનિક યુરોપમાં સૌ પ્રથમ ફ્રાન્સમાં ઈ.સ. 1789ની ક્રાંતિ પછી દફતર પ્રવૃત્તિ શરૂ થઇ હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડ, અમેરિકા, જર્મની અને ભારતમાં પણ દફતર પ્રવૃતિની શરૂઆત થઈ હતી.*

*આમ વિશ્વના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો પ્રાચીન સમયથી લઈને વર્તમાન સમય સુધી દફતર અને દફતર ભંડાર જેવી વ્યવસ્થાને વહીવટી ક્ષેત્રે નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત થયું હતું અને સમયે-સમયે દફતર પ્રણાલિકામાં સદંતર ફેરફારો સાથે નૂતન દૃષ્ટિકોણનો જન્મ થયો હતો.*

## 5.2 ભારતમાં દફતર પ્રવૃતિનો ઈતિહાસ અને વિકાસ

### 5.2.1 પ્રાચીન ભારતની દફતર વ્યવસ્થા

*વર્તમાન માન્યતા અનુસાર ભારતમાં દફતર ભંડાર પ્રણાલિકાની સ્થાપના કરનાર યુરોપિયન પ્રજા હતી. આ બાબત ખોટી ઠેરવી શકાય છે. કારણ કે, પ્રાચીન કાળથી દફતરો ભારતીય વહીવટીતંત્રનું અભિન્ન અંગ સમાન હતા. પુરાતન ભારતમાં દફતરો અને તેની સંગ્રહ વ્યવસ્થાને સમર્થન આપતા અનેક પુરાવાઓ પુરાતત્વવિદોને પ્રાપ્ત થયા છે. આ સિવાય*

પણ પરદેશી માનવકૃત આક્રમણો, કુદરતી આફતો અને ભારતની વિશિષ્ટ પ્રકારની આબોહવા જેવા પરિબળોએ પ્રાચીન ભારતની દફતર પ્રણાલિકાના ઘણાં પુરાવાઓ નષ્ટ કર્યા છે તેમ છતાં પણ પ્રાચીન સાહિત્ય, પ્રવાસી નોંધો, ભૂર્જપત્રો, તામ્રપત્રો, તાડપત્રો, શિલાલેખો વગેરે અવશેષો દફતર સંબંધિત નોંધપાત્ર માહિતી પૂરી પાડે છે. લેખન અને મુદ્રણકળાની શોધ પૂર્વે તથા કાગળની શોધ પૂર્વે ભારતમાં ધાર્મિક જ્ઞાનને કાંઠોપકંઠ પદ્ધતિથી સંગ્રહિત કરવાની તથા ધાર્મિક વારસાનું વિસ્તરણ કરવાની પ્રણાલિકા પ્રચલિત હતી. આપણું તમામ પૌરાણિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સાહિત્યનું જ્ઞાન છેક બૌદ્ધકાળ સુધી શ્રુતિ-સ્મૃતિ પદ્ધતિએ સચવાતું રહ્યું હતું, પરંતુ બૌદ્ધકાળમાં જ આ બધું સાહિત્ય લિપિબદ્ધ અને શબ્દસ્થ બન્યું હતું.

અલબત્ત પ્રાચીન ભારતમાં લેખન સપાટીના માધ્યમ તરીકે પથ્થર, માટી, ધાતુ અને ભૂર્જપત્રો, તાડપત્રો વગેરે ઉપર લખાણ કરીને વિચાર વ્યક્ત કરવામાં આવતા હતા, પરંતુ આ પ્રકારના માધ્યમોની ઓછી ઉપલબ્ધતા તથા તેના ઉપર લખાણ લખવાની કેટલીક મર્યાદાઓને કારણે મોટાભાગનું સાહિત્ય સ્મૃતિ ઉપર જ રચાયેલું હતું. અલબત્ત પ્રાચીન ભારતની દફતર પ્રણાલિકા પશ્ચિમના રાષ્ટ્રો કરતા અલગ સ્વરૂપ ધરાવતી હતી જેમ કે કાંઠોપકંઠ પ્રણાલિકાએ જ્ઞાનને સાચવવાનું તથા તેનો પેઢી દર પેઢી પ્રચાર કરવાનું હતું. આ પ્રણાલિકામાં માનવ શકિતની કેટલીક મર્યાદાઓને કારણે જ્ઞાનાત્મક માહિતી અસુરક્ષિત બનતી તો બીજી તરફ મનુષ્યના જ્ઞાનની સીમાઓ વિસ્તરવા લાગી. જેને પરિણામે કાંઠોપકંઠ પ્રણાલિકા ઊણી ઉતરી. આ ઊણપ દૂર કરવાના ભાગરૂપે વિશેષ જ્ઞાન સંઘરવાના માધ્યમો શોધાતા ગયા. જેમાંથી દફતર ભંડાર પ્રણાલિકાનો ઉદ્દભવ થયો.

વિદ્વાન ઈતિહાસકારોના મતે પ્રાચીન ભારતીય શાસન પ્રણાલિકામાં "અક્ષપદલ" જેવો શબ્દ રાજય વહીવટના એક વિભાગ તરીકે પ્રચલિત બનેલો. જેનો અર્થ દફતર ભંડાર (Record Office)ના રૂપમાં ઘટાવવામાં આવતો હતો, પરંતુ વિદેશી ઈતિહાસકાર સ્ટેનકોનોએ પ્રાપ્ત પુરાવાને આધારે "અક્ષપટલ" નો અર્થ "એકાઉન્ટ જનરલનું કાર્યાલય" એવો કરે છે. અલબત્ત બ્યુલર નામના વિદ્વાને પોતાના ગ્રંથ "Indian Palaeography" લખે છે કે, "અક્ષપટલ" એ દફતર સંગ્રહ એકમ હોવું જોઈએ. ઈ.સ.ની છઠ્ઠી સદીથી વ્યાપક પણે ભારતમાં લેખન કળાનો વિનિયોગ થવા પામ્યો હતો. હવે જે શ્રુતિ-સ્મૃતિના માધ્યમથી વેદો, બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો વગેરે સંગ્રહિત થતું. તેના સ્થાને આ બધું માટી, લાકડું, પથ્થર, ગુફાની દીવાલો, ભૂર્જપત્રો, તાડપત્રો, વૃક્ષની છાલ અને મૃત પશુઓના ચામડાંઓ પર લખાવા લાગ્યું હતું. હવે મૂલ્યવાન લખાણોની વ્યવસ્થિત નોંધ રાખવાની પ્રણાલિકાનો વિકાસ થયો. આ લખાણો એ જ દસ્તાવેજો. આવા અનેક દસ્તાવેજો એકત્રિત

કરીને તેનો સંગ્રહ કરવામાં આવતો. આ દફતર સંગ્રહ પ્રણાલિકાને આપણે વર્તમાન સમયે અભિલેખાગાર તરીકે ઓળખીએ છીએ.

ચાણકયનું રાજનીતિશાસ્ત્ર, શુક્રનીતિ, જાતક કથાઓ અને હ્યું-એન-ત્સાંગના પ્રવાસ વર્ણનના ઉલ્લેખો જણાવે છે કે, પ્રાચીન ભારતની રાજય પ્રણાલિકામાં દફતર સંગ્રહ વ્યવસ્થા અભિન્ન અંગ સમાન હતી, વિશેષ કરીને ઈ.સ. પૂર્વેની 7મી સદીમાં તો પૂર્ણપણે રાજ્ય વહીવટના દફતરો સચવાતા હતા. જાતક કથાનો સમય બુદ્ધના જન્મ પૂર્વેનો ગણવામાં આવે છે. શાક્ય મુનિના જન્મ પૂર્વે પ્રાચીન ભારતના ગણરાજયોમાં મતદાન કરવાની પ્રથા પ્રચલિત હતી અને રાજય વહીવટમાં કારોબારી અને ન્યાયતંત્ર એક બીજાથી સ્વતંત્ર હતા. તેથી તેની સ્વતંત્ર કારભારી પ્રવૃત્તિથી અનેક દફતરો સર્જાતા. તેને અલગ અલગ સંગ્રહિત કરવામાં આવતા. પ્રારંભથી આ પ્રકારના દફતરો "જાતક" એવા નામથી ઓળખાતા હતા.

5.2.1.1 બૌદ્ધ સમયનું દફતર

બૌદ્ધસંઘની ધાર્મિક સંગીતીઓ સમયાંતરે મળતી. તેમાં ચર્ચાના અંતે લેવાયેલા નિર્ણયોની નોંધ કરવામાં આવતી. બૌદ્ધસંઘની ધાર્મિક સંગીતીઓની બેઠકમાં તમામ સભ્યો હાજર રહેતા અને જે વિષય પર ચર્ચાના અંતે ઠરાવ પસાર કરવામાં આવતો તેનું ત્રણ વાર વાંચન થતું. તમામ સભ્યો ઠરાવનું વાંચન શાંતિથી સાંભળતા. જો આમ ન બને તો ઠરાવ મતદાન કરીને પસાર કરવામાં આવતો હતો. આ તમામ કાર્યપ્રણાલિકાની વિગતે નોંધ કરવા માટે એક કુશળ લહિયાની નિમણુંક કરવામાં આવતી હતી. જેની બેઠક બૌદ્ધસભાની સામે રહેતી હતી. જે પોતાની બેઠક છોડયા વગર બૌદ્ધસભાની તમામ બાબતની નોંધ કરતો, બૌદ્ધસભાની ધાર્મિક પ્રવૃત્તિઓથી અસંખ્ય દફતરો સર્જાયા હતા. આ દફતરોની યોગ્ય વ્યવસ્થા કરવા માટે લિચ્છવી ગણરાજયમાં વિશાળ દફતરગાર આવેલું હતું.

પ્રાચીન ભારતમાં ધાર્મિક સંઘોની માફક રાજકીય ક્ષેત્રે પણ સંઘો અસ્તિત્વ ધરાવતા હતા. ડૉ. રાજબલી પાંડેએ બૌદ્ધસંઘોની કાર્યપ્રણાલિકાના આધારે ગણરાજયની શાસન પ્રણાલિકાનું વિવરણ કરતા જણાવે છે કે, ઉત્તર ભારતમાં ઘણા લોકશાહી વિચારધારા ધરાવતા રાજયોએ મળીને ગણરાજય સ્થાપ્યું હતું. આ ગણરાજયનું અધિવેશન સંથાગારમાં ભરાતું હતું. આ સંથાગારામાં દરેક સભ્યની અલગ-અલગ બેઠક વ્યવસ્થા રહેતી જેને આસન કહેવામાં આવતું અને આ અધિવેશનમાં જે પ્રસ્તાવ રજૂ થતો તેને પ્રતિજ્ઞા કહેવાતી જયારે સભામાં પ્રસ્તાવ રજૂ થતો ત્યારે તેના પર વાદ-વિવાદ સર્જાતા ત્યારે સભ્યોનો મત લેખિતમાં લેવામાં આવતો. સર્વાનુમતે લીધેલા મતને માન્ય રાખવામાં આવતો જેને સંઘકર્મ

કહેતા. આ સમગ્ર કામગીરીનું શબ્દસ્થ અનુલેખન થતું. આમ વિશ્વાસપાત્ર લહિયાઓની કામગીરીથી અનેક દફતરો તૈયાર થતા હતા. આ દફતરો સુરક્ષિત સંગ્રહિત રાખવાની જવાબદારી સંઘના કાર્યાલયની રહેતી જે દફતર સંગ્રહ માટેનું કાર્ય કરતું હતું.

બૌદ્ધકાળ દરમ્યાન ભારતીય રાજ્ય વ્યવસ્થામાં દફતર ભંડાર હોવાનો સૌથી મોટો પુરાવો ચીની યાત્રી હ્યું-એન-ત્સાંગની પ્રવાસ નોંધમાંથી પ્રાપ્ત થાય છે. તેને દફતર વ્યવસ્થા સંબંધિત "નિલપીત" (Ni-Lo-Pi-Tu) શબ્દ પ્રયોજ્યો છે. મોનિયર વિલિયમ્સ સંસ્કૃત ભાષાના શબ્દકોશ પ્રમાણે તેનો અર્થ ઘટવાતા લખે છે કે, "વૃત્તાંત અને શાહી ફરમાનોનું સંગ્રહ સ્થાન એટલે નિલપીત." જ્યારે રાઈસડેવીઝ અને બુર્શલ જેવા વિદ્વાનો નિલપીત શબ્દ માટે "દફતર ભંડાર કચેરી" જેવો અર્થ ઘટાવે છે. પ્રાચીન ભારતીય સાહિત્યના ઉલ્લેખ મુજબ ભારતનો સૌથી જૂનામાં જૂનો દફતર ભંડાર લિચ્છવી ગણરાજયમાં આવેલો હતો. જેનો ઉલ્લેખ ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીના અરસાથી જાતક કથામાં વર્ણિત છે. ગણતંત્રની તમામ રાજ્ય વહીવટની કાર્યવાહી લિખિત સ્વરૂપે નોંધ થતી. જેના માટે ચાર પ્રકારના નિપુણ કારકુનો નીમવામાં આવ્યા હતા. આ તમામ નોંધોને સંસ્થાગારમાં દફતરના સ્વરૂપે સાચવવામાં આવતી હતી. ગણતંત્રમાં આ પ્રકારના દફતરો સૈકાઓ સુધી જળવાતા હતા. અલબત્ત લિચ્છવી ગણતંત્ર સમ્રાટ ચંદ્રગુપ્ત પહેલાના શાસનકાળ સુધી ટકી રહ્યું હતું.

મહાન પુરાતત્વવિદ સર ઓરલ સ્ટીન મધ્ય એશિયાની શોધખોળ અને પ્રાપ્ત પુરાવાઓના અધ્યયનના આધારે પ્રાચીન ભારતની દફતર પ્રણાલિકા વિષયક લખતા જણાવે છે કે, "ભારતીય પરબીડિયાઓને બે પૂંઠા વચ્ચે દોરી કે તાર વડે સાંધીને સંધાણ ઉપર માટીના લચકા લગાવી તેના પર મોકલનારના નામની છાપ ઉપસાવવામાં આવતી." બ્લોચને આવા અસંખ્ય સીલવાળા પરબીડિયા વૈશાલી ગણરાજયની દફતર કચેરીમાંથી પ્રાપ્ત થયા હતા.

મહાન વિદ્વાન વોટર્સએ હ્યું-એન-ત્સાંગના પ્રવાસ વર્ણનના કેટલાક વિભાગનું અનુવાદન કર્યું છે. જેમાં પ્રાચીન ભારતીય દફતર વ્યવસ્થા વિષયક નોંધપાત્ર બાબત ઉજાગર થાય છે. તેના વર્ણન પ્રમાણે પ્રાચીન ભારતમાં દફતર ભંડારના દફતરમાં સંગ્રહિત દસ્તાવેજોના સંરક્ષણ માટે અલગ અલગ પ્રણાલિકા પ્રચલિત હતી. સત્તાવાર અહેવાલો અને રાજ્ય વહીવટના દફતરો સંયુક્ત રીતે "નિલોપીતું" તરીકે ઓળખાતા હતા. જેની વિગતોમાં જાહેર આપત્તિઓ અને સારા સમયના ઉદાહરણોની નોંધ થતી હતી. જ્યારે સેમ્યુઅલે હ્યુ-એન-ત્સાંગના જીવન વૃતાંતના અમુક ભાગનો અનુવાદ કર્યો છે. તેના અનુવાદ પ્રમાણે ઘટનાના અહેવાલને લિખિત સ્વરૂપે જાળવી રાખવા દરેક રાજ્યએ એક અધિકારીની

નિમણુંક કરી હતી. આ પ્રકારના દફતરો પૂર્ણ રીતે "નિલોપીચ"(નિલોપિત) "Blue-Deposit" કહેવાતા હતા.

5.2.1.2 મૌર્યકાલીન દફતર

પ્રાચીન ભારતમાં મૌર્ય સામ્રાજ્યના વિદ્વાન અને નિષ્ણાત રાજનીતિજ્ઞ ચાણક્ય (કૌટિલ્ય) દ્વારા રચિત "અર્થશાસ્ત્ર" ગ્રંથમાં મૌર્યકાળની પ્રશાસનીય અને વહીવટી પ્રવૃત્તિઓને દર્શાવતો મહત્વનો આધાર છે. જેમાં મૌર્ય સમયની દફતર વ્યવસ્થા સંબંધિત પ્રબંધ, વિકાસ અને સંચાલન બાબતના નોંધપાત્ર ઉલ્લેખો રજૂ થયા છે. અલબત્ત કૌટિલ્યએ મૌર્યશાસનના તમામ ખાતાઓ અને અધિકારીઓની ફરજો તથા કામગીરીઓનું વિગતે આલેખન કર્યું છે. જેમાં "અક્ષપટલ" નામના પ્રકરણનો વિસ્તારથી ઉલ્લેખ થયો છે. "અક્ષપટલ" રાજ્યનું દફતર ભંડાર ખાતું હતું. રાજાના આદેશથી તેની રચના થતી. સામાન્ય રીતે રાજા શ્રુતિ લેખન લખાવતો અને લહિયો તેની શબ્દસ્થ નોંધ કરી રાજાને પુનઃ તપાસવા આપતો, લહિયાનું સ્થાન રાજ્યમાં મોભાનું ગણાતું. રાજ્યના ફરમાનોને લિખિત સ્વરૂપ આપનાર લહિયો માત્ર લખાણનું કૌશલ્ય ધરાવતો નહિ પરંતુ સુદૃઢ અને સુંદર અક્ષર ધરાવતા આંતરિક ગુણોની અપેક્ષા પ્રથમ સેવાતી હતી.

કૌટિલ્યના વર્ણન અનુસાર "અક્ષપટલ" નામનું ખાતું રાજ્યની પ્રમુખ હિસાબી કચેરી હતી અને તેનો હવાલો સંભાળનાર પદાધિકારી 'અક્ષપટલાધ્યક્ષ" કહેવાતો હતો. તેની નિમણૂંક સીધી જ રાજા મારફતે થતી હતી. જે લેખપાલ અધ્યક્ષ તથા હિસાબનીશ તરીકેની ફરજ બજાવતો. દફતરનું લેખન કાર્ય કાર્મિક તથા કારકુન કરતા. "કાર્મિક" દૈનિક રાજકીય, મહેસુલી, આર્થિક તથા વહીવટી સંબંધિત બાબતોનું લખાણ રાખતો. આ નોંધો તેનાથી ઉપલા અધિકારી "કર્ણિક"ની દેખરેખ નીચે થતી હતી. રાજ્ય દફતર ખાતાનો વરિષ્ઠ અધિકારી "અક્ષપટલાધ્યક્ષ" સીધો જ સર્વસત્તાધીશ રાજાને જવાબદાર રહેતો. આ પ્રમાણે મૌર્યશાસન કાળમાં રાજ્ય દફતર ભંડાર ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ આ પ્રમાણે હતા. સર્વત્તાધીશ-રાજા, અક્ષપટલાધ્યક્ષ-દફતરભંડારી, કર્ણીક- હિસાબનીશ, કાર્મિક-લહીયો.

5.2.1.3 ગુપ્તકાલીન દફતર

ચીની પ્રવાસી હ્યું-એન-ત્સાંગે પોતાના ભારત તરફના પ્રવાસન વર્ણનમાં ગુપ્ત સામ્રાજ્યમાં વહીવટી ક્ષેત્રે નોંધપાત્ર સ્થાન ધરાવતા દફતર ભંડારનું સવિસ્તાર વર્ણન કર્યું છે. ગુપ્તકાળની દફતર વ્યવસ્થા સંપૂર્ણપણે મૌર્યકાળના અક્ષપટલ પ્રકરણ પર આધારિત હતી. ગુપ્ત સમયે પણ રાજ્યનું દફતર ભંડાર "અક્ષપટલ'ના નામથી ઓળખાતું હતું. જેની

ગણતરી વહીવટી વિભાગના અભિન્ન અંગ સમાન થતી. આ અક્ષપટલ ખાતાનો વરિષ્ઠ અધિકારી "અક્ષપટલિકા તરીકે ઓળખાતો હતો. મૌર્ય સમયના "અક્ષપટલ" ખાતાની માફક જ દફતરોની ગોઠવણી પ્રાંત, જિલ્લા અને ગ્રામ્ય પ્રમાણે વિવિધ વિષય આધારિત થતી હતી. બાંધેલા તમામ દફતરો પુસ્તક પાલક કે દફતરદારના તાબામાં રહેતા હતા. વિશેષ કરીને દફતરો મૂળભૂત રીતે ભૂર્જપત્રો અને તામ્રપત્રોમાં લખાયેલા હતા.

સમુદ્ર ગુપ્તના નાલંદા અને ગયાના તામ્રપત્રોના પૃથ્થકરણથી એ સ્પષ્ટ થયું છે કે, અગાઉના શ્રદ્ધેય લેખોની પ્રમાણિત નકલના રૂપે દફતરો સર્જાયા હતા અને ગોપસ્વામિના આદેશથી તેની રચના થતી હતી. ગોપસ્વામિ પ્રારંભમાં અગત્યની રાજ્ય વહીવટી કચેરીનો વહીવટ સંભાળતો અને મહાક્ષપટલિકના પદે નીમાયો હતો. ગુપ્ત શાસનકાળ દરમિયાન કેન્દ્રીય વહીવટીતંત્રનો આ મહાક્ષપટલિક રાજ્યના સર્વે અક્ષપટલ અર્થાત્ દફતર ભંડાર ખાતાનો ઉપરી દફતર ભંડારીનો હોદ્દો ધરાવતો હતો. સમુદ્રગુપ્તના નાલંદા તામ્રશાસનમાં વર્ણિત ગોપસ્વામિ વાસ્તવમાં અક્ષપટલ ખાતાનો વરિષ્ઠ અધિકારી હતો. જે "મહાપિલલુંપિત' અને "મહાબલાધિકૃત"થી સંબોધવામાં આવતો. જયારે ગયાના તામ્રશાસનમાં તેને "દૂત" તરીકે સંબોધવામાં આવતો. આ અર્થમાં ગુપ્ત સમયે અક્ષપટલ ખાતું "મહાક્ષપટલિક", "મહાપિલ્લુંપિત" અને "મહાબલાધિકૃત" નામના અધિકારી વર્ગના અંકુશ નીચે આવેલું હતું. જેને મોનીયર વિલિયમ્સ "ન્યાયાધિકરણ" અથવા તો "ન્યાય લેખાગાર" તરીકે ઘટાવે છે જયારે મોનાહન જેવા વિદ્વાનો કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ઉલ્લેખિત અક્ષપટલના આધારે તેનો અર્થ "લેખ વિભાગ" અને "સામાન્ય અભિલેખ ભંડાર" તરીકે ઓળખાવે છે.

મૌર્યશાસનમાં અક્ષપટલ ખાતાનો અધિકારી કેન્દ્રીય અધિકારીઓની શ્રેણીમાં સ્થાન ધરાવતો હતો જયારે ગુપ્ત સામ્રાજ્યમાં અક્ષપટલ ખાતાનો અધિકારી સ્થાનિક કક્ષાના અધિકારીઓની શ્રેણીમાં સ્થાન ધરાવતો હતો. જે ગ્રામીણ સ્તરની જમીન સંબંધિત ઉપરાંત રાજ્ય વહીવટ બાબતના લખાણો સુરક્ષિત જાળવતો હતો. આ પ્રમાણે ગામના વહીવટ સંબંધિત તમામ વિગત તેના હસ્તક રહેતી હતી. વાસ્તવમાં દફતર ખાતાના આ અધિકારીનો હોદ્દો ગ્રામ અક્ષપટલાધિકૃતનો હતો.

#### 5.2.1.4 સમ્રાટ હર્ષવર્ધનનાં સમયનું દફતર

ગુપ્ત સામ્રાજ્ય પછી સમગ્ર ઉત્તર ભારતમાં એકતંત્રી સામ્રાજ્યની સ્થાપના કરનાર થાણેશ્વરનો યુવરાજ હર્ષવર્ધન હતો. તેણે પોતાના સામ્રાજ્યનું કેન્દ્ર કનોજને બનાવ્યું હતું. બાણભટ્ટ લિખિત હર્ષચરિત્તમાં હર્ષના રાજ્ય વહીવટમાં દફતરખાતા વિષયક નોંધપાત્ર ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. સમ્રાટ હર્ષવર્ધન "ગ્રામાક્ષપટલીક" અને "કર્ણિકો"ને સાથે રાખીને

રાજ્ય વહીવટી તંત્રના પ્રત્યેક વિભાગની મુલાકાત લેતો હતો અને તે ત્યારે પોતાની સાથે રાજમુદ્રા રાખતો અને વિવિધ વિસ્તારો, અપાયેલ સાશન કે દસ્તાવેજોમાં આ રાજમુદ્રા અંકિત કરીને તેને અધિકૃત બનાવતો.

હ્યું-એન-ત્સાંગે હર્ષવર્ધનના રાજ્યની મુલાકાત લીધી હતી ત્યારે તેણે પણ કેટલાક ક્ષેત્રોના અક્ષપટલમાં સંગ્રહિત નોંધોનો ઉલ્લેખ કર્યો છે. તે સમયે ઉત્તર ભારતમાં કલચુરી, ગઢવાલ તથા સેન જેવા રાજવંશોની વહીવટી વ્યવસ્થામાં દફતર વ્યવસ્થા જે વિકાસ પામી હતી. તે મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્યના અક્ષપટલ ખાતાને સંપૂર્ણપણે વરેલી હતી. ઉત્તર ભારતના આ રાજ્યોમાં દફતર ભંડાર માટે "અક્ષપટલ" શબ્દ પ્રયોજાતો. આ અક્ષપટલનો યોગ્ય વહીવટ કરવા રાજ્ય તરફથી "અક્ષપટલિકો" અને "મહાઅક્ષપટલિક" અધિકારીઓ નીમવામાં આવ્યા હતા. આમ, પ્રાચીન કાળે ઉત્તર ભારતમાં એકતંત્રી સામ્રાજ્ય ભોગવી ગયેલા તમામ મહારાજ્યોએ ચોક્કસ પણે વહીવટને મજબૂત કરવા માટે દફતરોને મહત્વ આપ્યું હતું.

5.2.1.5 દક્ષિણ ભારતમાં દફતર

પ્રાચીન કાળે ઉત્તર ભારતની માફક દક્ષિણ ભારતના રાજ્યોમાં પણ વહીવટી ક્ષેત્રે પદ્ધતિસરની દફતર વ્યવસ્થાનો વિકાસ થયો હતો. દક્ષિણમાં તાડના વૃક્ષો પુષ્કળ થતા હોવાથી ચૌલ રાજ્યએ વહીવટી લખાણો તાડપત્રો ઉપર લખવાનું શરૂ કર્યું હતું. જેને પરિણામે પુષ્કળ પ્રમાણમાં તાડપત્રોના દફતરો એકઠા થયા હતા. તેના સંગ્રહ માટે રાજ્યમાં દફતર કચેરીની રચના કરી હતી. જેને દક્ષિણની ભાષામાં "ઓલાઈ" ના નામથી ઓળખવામાં આવતી. ઓલાઈ એટલે કાચો દફતરી મુત્સદો, જ્યારે મુત્સદો પાકો બનતો ત્યારે "ટીટ્ટ"ના નામથી ઓળખાતો હતો. રાજદ્વારી હુકમોમાં ઓછામાં ઓછી ભૂલો થાય તે પ્રમાણે કાળજીપૂર્વક ઓલાઈ અર્થાત્ દફતરો તૈયાર કરવામાં આવતા. ઓલાઈ અધિકારી રાજાનું શ્રુત લેખન લખતો. આ નોંધની ચકાસણી ઓલાઈ અધિકારી વડે થતી હતી. ત્યાર પછી જ આ ઓલાઈનું રૂપાંતર કાપડમાં કરી તેને દફતર ભંડારમાં મોકલવામાં આવતા.

દક્ષિણના રાજ્યોમાં મહેસૂલ બાબતના બે પ્રકારના દફતર હતા. 1. વારીય પોટ્ટગમ અને 2. વારીય પોટ્ટગમ કનકુડું. જેમાં વારીય પોટ્ટગમ દફતરો રાજ્ય તરફથી ચોક્કસ સર્વેક્ષણ અને તપાસના આધારે તૈયાર થતા. આ દફતરોમાં સમયાંતરે પરિવર્તન પામેલી નવી બાબતો ઉમેરાતી હતી. આ પ્રમાણે તેને અદ્યતન સ્વરૂપ પ્રાપ્ત થતું જ્યારે વારીય પોટ્ટગમ કનકુડું દફતર માંગણા લેણાની વસૂલાતની અને પ્રાપ્ત મહેસૂલની નોંધના રૂપમાં તૈયાર થતા.

નાસિકમાં આવેલી ગુફાઓની દીવાલો ઉપર શક-શત્રપ રાજા નહપાનના જમાઈ ઉષવદત્તના લેખો કોતરાયેલા છે. જેમાં શક-શત્રપના સમયની દફતર વ્યવસ્થાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. સર્વ પ્રકારના શાસનો અને તેને લગતી રાજયઆજ્ઞાઓ રાજયના કેન્દ્રીય દફતર ખાતામાં સાચવવામાં આવતી, મોટા ભાગના આ દફતરો તાડપત્રો અને ભૂર્જપત્રો પર લખાયેલા હતા. આ ગુફાલેખમાં મૂળ શાસનો ધરાવતા દફતર ભંડારો માટે “ફલકવાર” શબ્દ વપરાતો હતો. આ દફતરની દેખરેખ રાખનાર અધિકારીને “પુસ્તકપાળ”ના નામથી ઓળખાતો હતો.

5.2.1.6 શુક્રનીતિસારમાં દફતર

આશરે 13મી સદી દરમિયાન લખાયેલા શુક્રનીતિસારમાં પૂર્વકાલીન ભારતની દફતર વ્યવસ્થા બાબતે ઊંડાણ પૂર્વક માહિતી રજૂ થયેલી છે. દફતરના વર્ગ, ઉપવર્ગ, દફતરનું બંધારણ, દફતર તૈયાર કરવા સંબંધિત ગુણો અને ધોરણો, દફતરની ઉત્પત્તિ અને દફતર ભંડાર સંબંધિત વિગતવાર માહિતી આપવામાં આવી છે. શુક્રનીતિસારમાં દફતર માટે “લિખિતા” શબ્દ પ્રયોજવામાં આવતો હતો. આવા લિખિતા મૂળભૂત શાહી અને લોકપ્રિય વર્ગમાં વર્ગીકરણ કરવામાં આવતા. આવા લિખિતા વ્યક્તિ મારફત સ્વ હસ્તાક્ષરે સાક્ષી રહિત લખાયેલા હતા. શુક્રનીતિસારમાંથી સાત પ્રકારના લિખિતાની જાણકારી પ્રાપ્ત થાય છે. જેમાં ચાર પ્રકારના જનસાધારણને લગતા હતા. 1. મિલકતની વહેંચણી. 2. ભેટ-સોગાદ, 3. વહેંચણી 4. પહોંચો અથવા ફેરબદલી કે દેવા બાબતના હતા. જયારે શાહી લિખિતા ત્રણ પ્રકારના હતા. 1. વહીવટી, 2. માહિતી અને 3. નિર્ણય સંબંધિત હતા. શુક્રનીતિસારના વર્ણન પ્રમાણે રાજયનો સઘળો વહીવટ લિખિતામાં થવો જોઈએ. આ પ્રકારના દફતરોની ગૃહમંત્રી, મુખ્ય ન્યાયધીશ, કાયદા પ્રધાન, વિદેશ પ્રધાન, તથા મંત્રણા સચિવ દ્વારા ચોક્કસાઈ પૂર્વક ચકાસણી થતી હતી. ત્યારબાદ ખાસ નિયત કરેલા સૂત્રો જેવા કે “અમારે માટે આ વિરોધી નથી” અર્થાત્ તેમના ખાતાને કશું જ વાંધો નથી તેમ લખાતું તથા ખેતી અને મહેસૂલ પ્રધાન “લખાણ સંપૂર્ણ છે” એમ શેરો કરતા જયારે નાણાં પ્રધાન “બરાબર ધ્યાનમાં લીધું છે” એવું નોંધતા જયારે કારોબારીના અધ્યક્ષ “યોગ્ય” તે પ્રમાણે લખીને સહી કરતા. ત્યારપછી પ્રતિનિધિ તેના ઉપર “સ્વીકારવા માટે યોગ્ય” એવી નોંધ મૂકતા, ત્યારપછી જ યુવરાજ તેના ઉપર પોતાના હસ્તાક્ષરે "સ્વીકારવું જોઈએ” એવો આદેશ આપતા. ધર્મના પુરોહિત તેના ઉપર “આ મને માન્ય છે” તેવો શેરો કરતા. લખાણના અંતે આ લિખિતા પર દરેક પ્રધાને પોતાની વહીવટી મુદ્રા લગાવવી પડતી હતી. ત્યારબાદ અંતે રાજાની નોંધ “સ્વીકાર્ય” લખાતી. આ પ્રમાણે દસ્તાવેજનો પ્રથમ તબક્કો

પૂર્ણ થતા કારોબારીના તમામ સભ્યોની સહી અને મુદ્રા છપાતી અને છેલ્લે ફરી વખત રાજા પાસે તેની તપાસ થતી અને રાજા વિલંબ કર્યા વગર "જોયું" એવું અંતિમ લખાણ લખતા.

આ પ્રકારે વિવિધ તબક્કે જવાબદાર વ્યક્તિઓ દ્વારા થતી કાળજીપૂર્વકની ચકાસણી અને નોંધ તે સમયની ચોકકસાઈની પ્રતીતિ કરાવે છે. શાહી દસ્તાવેજ ઉપર રાજાની સહી, સિક્કા સાથે ખાતાના વડા “પ્રકીર્ણ” ની સહી પણ થતી. દરેક દસ્તાવેજ ઉપર વર્ષ, માસ, પખવાડિયું, તિથિ, દિવસ, સમય, ઈલાકો, જગ્યા, જિલ્લો, જાતિ, જથ્થો, ઉંમર, ઉદ્દેશ, માલ સંખ્યા, પોતાનું નામ અને રાજાનું નામ, રહેઠાણ, સામાપક્ષના પૂર્વજોના નામ, નુકશાન થતું હોય તે લેનાર અથવા આપનાર, લાગણી વગેરે ઉલ્લેખ થતો. સામાન્ય રીતે વહેંચણીના ખતપત્રો વગેરે ત્યારે જ પ્રમાણિત ગણાતા જયારે જે તે વારસદારોએ માન્ય રાખ્યું હોય તથા નિયમસર સાક્ષીઓ લીધા હોય, તેવી જ રીતે મિલકતની ખરીદી, વેચાણ વગેરેના દસ્તાવેજો પણ ત્યારે જ પ્રમાણિત ગણતા જયારે પ્રાપ્ત કરનારે તેની માન્યતા સ્વીકારી હોય અને યોગ્ય અધિકારીઓએ સાક્ષી પૂરી હોય દબાણ નીચે સર્જાયેલા દસ્તાવેજો અમાન્ય ગણાતા હતા.

માળવાના પરમાર રાજા ભોજના સાગરતાલ સ્થિત અભિલેખમાં દફતર કચેરી સંબંધિત ઉલ્લેખ જોવા મળે છે. જેમાં દફતર કચેરીની પ્રવૃત્તિ વણાયેલી છે. અક્ષપટલિક રાજયની આવક-જાવક તથા ઉપજને લગતી તમામ જાણકારીની નોંધ કરતો અને જાગીર તથા દાનપત્રોની વ્યવસ્થા પણ તેના શિરે રહેતી. મેવાડના શાસક ઉલ્લદના રાજયમાં “મયુર” અને “સમુદ્ર” નામના બે “અક્ષપટલિક” રહેતા હતા. નરવાહનના સમયમાં મયુરનો પુત્ર “શ્રીમતી” અને શક્તિકુમારના સમયે શ્રીમતીનો પુત્ર “મત્તર” દફતર ભંડારના અભિલેખપાલના હોદ્દા પર બિરાજમાન હતો. આથી એવું જાણવા મળે છે કે, ગોહિલ રાજપૂત રાજાઓ દ્વારા વંશ-પરંપરાગત અક્ષપટલ ક્ષેત્ર સાથે સંકળાયેલા કર્મચારીઓના વારસદારોને ઉચ્ચ પદ પર નિયુક્ત કરવામાં આવતા.

પ્રાચીન ભારતીય ઉપખંડમાં છેક બૌદ્ધકાળથી આરંભીને રાજપૂતકાળ સુધી દફતરની અગત્યતા સમજીને રાજય પ્રશાસન ક્ષેત્રે અલગ સ્વતંત્ર દફતર ખાતાની રચના કરી હતી. ક્રમશઃ દફતર એકમમાં પરિવર્તન થતા રહ્યા હતા. અને તેને નવું સ્વરૂપ પ્રાપ્ત થતું રહ્યું હતું પરંતુ આ પૈકી ઘણું દફતર નાશ પામ્યું છે. તેના નાશ થવા પાછળ ઘણા પરિબળોએ નિર્ણાયક ભાગ ભજવ્યો હતો. પોતાનું ભૌતિક સ્વરૂપ ગુમાવ્યું હતું અને જીર્ણ થઈ નાશ પામ્યા તો કેટલાક લખાણો સમયની સાથે ઝાંખા અને અસ્પષ્ટ દ્રશ્યમાન થતા ગયા તો બીજી બાજુ વિદેશી પ્રજાઓના ઝનૂની આક્રમણો કે પ્રાકૃતિક આપત્તિઓએ તેના નાશમાં ભાગ

*ભજવ્યો હતો. પૂર, દુષ્કાળ, આગ, સ્થળાંતર, ભેજ અને ઊધઈ જેવા પરિબળોથી દફતરો નાશ પામ્યા હતા. જેમાં થોડા ટકી રહ્યા જે ખાનગી માલિકીના તાબામાં આજે પણ સંગ્રહિત છે.*

### 5.2.2 મધ્યકાલીન ભારતની દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.2.2.1 *સલ્તનત સમયની દફતર વ્યવસ્થા*

*દસમી સદીથી હિંદ પર વિદેશી ઈસ્લામિક લોકોના આક્રમણોની વણઝાર વણથંભી ચાલુ રહી હતી. તેને પરિણામે પ્રાચીન દફતર પ્રણાલિકાના ઘણા પુરાવાઓ નાશ પામ્યા હતા. આથી પ્રાચીન ભારતીય દફતર વ્યવસ્થાની ક્રમબદ્ધ માહિતી ન મળતા દફતર સંબંધિત ઘણા પાસાઓ હજુ મૌન સેવે છે. પરંતુ ઈસ્લામિક શાસકોએ હિંદમાં વહીવટી ક્ષેત્રે નોંધપાત્ર કુશળ અને કાર્યદક્ષ દફતર પ્રણાલિકા અપનાવી હતી. આ પ્રકારના ઉલ્લેખો તત્કાલીન શાહી લેખકોના સાહિત્ય અને સમકાલીન ઐતિહાસિક પુરાવાઓને આધારે અભિવ્યક્ત થાય છે.*

*ભારતમાં દિલ્હી સલ્તનતનો પાયો નાખનાર તુર્ક મુસલમાનો હતા. તેમનું વહીવટીતંત્ર સમગ્ર ઉત્તર ભારતમાં પથરાયેલું હતું. આથી તેના કુશળ સંચાલન માટે સુલતાનોએ ચાર મંત્રીઓના તાબા હેઠળ સમગ્ર સલ્તનતનો વહીવટ મૂક્યો હતો. આ ચાર કેન્દ્રીય મંત્રીમંડળમાં* 1. *દીવાન-એ-ઈન્શા નામનું ખાતું વહીવટી ક્ષેત્રે ખૂબજ મહત્વનું સ્થાન ધરાવતું હતું કારણકે તે "દફતર-ઈ-દીવાન-ઈ- આલમ"ના નામથી ઓળખાતું કેન્દ્રીય રાજ્ય દફતર ખાતું હતું. તેના વડા અધિકારીઓ "દબીર-એ-મુમાલિક" અને "મુન્શી" હતા. કેન્દ્રીય વહીવટ વિભાગમાં તેમનું સ્થાન વજીર પછી બીજા ક્રમનું ગણવામાં આવતું હતું જ્યારે પ્રાંતોમાં પણ દફતર કચેરીઓ હતી જે "દફતર-ઈ-સુબા"ના નામથી પ્રસિદ્ધ હતી. હબીબ ઉલ્લાના મતાનુસાર તેનું કાર્ય શાહીપત્રકોના વ્યવહાર સંભાળવાનું હતું, પરંતુ મિનહાજે તેને "દીવાન-એ-અશરફ"ની સંજ્ઞા આપી હતી. શાહીપત્રકો અને મુત્સદ્દાઓ તૈયાર કરવા તેનું પ્રમુખ કાર્ય ગણાતું હતું અને સુલતાનના ફરમાનો દફતર કચેરી મારફતે જાહેર થતા હતા. "દીવાન-એ-ઈન્શા" નામની દફતર કચેરી એક પ્રકારે કેન્દ્ર તથા પ્રાંત વચ્ચે વહીવટી બાબતે કડી સમાન હતી.*

*દિલ્હી સલ્તનતમાં સુલતાને ખાસ શાહી વિભાગની રચના કરી હતી. આ શાહી વિભાગ કારખાના તરીકે ઓળખાતું. તેની કામગીરી માટે અલગ-અલગ અધિકારી વર્ગ અને જુદી જુદી કચેરીઓ હતી. દરેક કારખાનાને તેમના જુદા જુદા નાણાં વિભાગ હતા. ત્યાંથી તમામ હિસાબ લખાઈને છેવટે શાહીખજાનચી "દીવાન-એ-વજીરાત" પાસે રજૂ થતા. નાણાંમંત્રી*

દફતરદાર તરીકે ઓળખાતા હતા. મંત્રીમંડળ તથા સ્થાનિક સરકાર દ્વારા ઉત્પન્ન થતા શાહીપત્રોના વ્યવહારો તૈયાર કરવાનું કાર્ય દીવાન-એ-ઈન્શા નામનું ખાતું સંભાળતું હતું. આ મંત્રીમંડળનો પ્રધાન અધ્યક્ષ "દાબીર-એ-મુમાલિક" શાહી ફરમાનો તૈયાર કરતો તથા વિભાગોમાંથી મુક્તિસ અને અમીલ્સ તરફથી આવતા પત્રવ્યવહારો પ્રાપ્ત કરી અને તેના ઉત્તરો રૂપે શાહી ફરમાનોના મુત્સદાઓ પણ તેના થકી તૈયાર થતા હતા.

ફારસી ભાષામાં કાર્યાલય માટે દીવાન શબ્દ વપરાય છે. દફતર ખાતાના મુખ્ય અધ્યક્ષનું કાર્ય રાજયકર્તાના સર્વે પ્રકારના દેશી-વિદેશી ઔપચારિક પત્રવ્યવહાર કે રાજ્ય વહીવટને લગતી લેખન પ્રવૃત્તિઓનું કાર્ય સંભાળવાની જવાબદારી હતી. રાજયના પ્રત્યેક આદેશો તથા મુત્સદાઓ આ ખાતાં દ્વારા તૈયાર થતાં. તેના પર રાજમુદ્રા છપાતી ત્યાર પછી મહામાત્ય કે પ્રધાન વજીરની ચકાસણી બાદ રાજયની પૂર્ણ સંમતિ મળતા તેને દફતર ખાતામાં સંગ્રહ કરવા મોકલવામાં આવતા. આ કાર્ય કરવા માટે દબીર-એ-ઈન્શા પાસે અનેક સચિવ રહેતા હતા. જે "દબીર" કહેવાતા. તેના અધ્યક્ષને "સદસલ-મહફ-દબીર" કહેવાતા તથા સુલતાનના વ્યક્તિગત દબીરને "દબીર-એ-ખાસ" કહેવાતા, "શાહી-એ-દીવાન" સુલતાનના ઘનિષ્ટ સંપર્કમાં રહેતા. જે સમસ્ત રાજયના દફતરોની વ્યવસ્થા સંભાળતો. કારણ કે દીવાન-એ-ઈન્શાનું કાર્ય ખૂબ જ ગુપ્ત ગણાતું હતું. તે માટે તેણે અધ્યક્ષપદે ખૂબ જ વિશ્વાસપાત્ર વ્યકિતઓની નિયુક્તિ કરતો પરંતુ ફિરોઝશાહ તુઘલકના સમયમાં દફતર મંત્રાલયનું મહત્વ ઘટતા એક સાધારણ વિભાગના રૂપમાં તેનું સ્થાન કાયમ રહ્યું હતું.

### 5.2.2.2 વિજયનગર સામ્રાજયમાં દફતર પ્રવૃત્તિ

સલ્તનત સમયે દક્ષિણ ભારતના વિજયનગર સામ્રાજયમાં કુશળ દફતર પ્રણાલિકા અસ્તિત્વમાં હતી. ઈ.સ.1442માં અબ્દુલ રઝાકે વિજયનગરની મુલાકાત લીધી હતી. ત્યારે તેને દફતરખાતાં સંબંધિત વિસ્તૃત વિગતો પોતાની પ્રવાસ નોંધમાં વર્ણવી હતી. તેના વર્ણન પ્રમાણે "રાજાના મહેલની જમણી બાજુએ દીવાનખાના છે. તેનો દેખાવ 40 થાંભલાના વિશાળ ખંડ જેવો છે. તેના અગ્રભાગ પર માણસના કદ કરતા ઊંચું છજું છે. જે 13 મીટર લાંબુ અને 6 મીટર પહોળું છે. તેમાં દફતરનો સંગ્રહ થતો અને આ ભવનની ગલેરીમાં દફતરોની ગોઠવણી થતી સાથે ત્યાં લહિયાઓ પણ બેઠેલા નજરે પડે છે" આ પ્રમાણે ઈ.સ.1442ના ગાળામાં વિજયનગર સામ્રાજયમાં દફતરખાતાની રચના થઈ હોવાના પ્રમાણો પ્રાપ્ત થાય છે.

*વિજયનગર સામ્રાજયના તાબા તળે "કેલાકી"નું રાજય હતું. ઈ.સ.*1513 *થી ઈ.સ.* 1763 *સુધી "ઈકેકરી" તેની રાજધાની રહી હતી-ત્યાં દફતર કચેરી સ્થપાઈ હતી. આ દફતર કચેરીમાં તામ્રપત્રો, તાડપત્રોની ચોપડીઓ, કદીતાજ અને કાગળો સંગ્રહિત હતા. ઈ.સ.*1637*માં પીટર મુંડીએ આ દફતર કચેરી નિહાળી હતી અને તેણે તેની નોંધ પણ લીધી હતી કે, આ પ્રદેશના લોકો તાડપત્ર ઉપર લોખંડના ખીતાથી લખે છે. પ્રદેશ વાસીઓની માન્યતા પ્રમાણે આ લખાણ એક સદી સુધી સચવાઈ રહેશે. તદુપરાંત રાજાના સચિવોના ઘરોમાં તાડપત્રો પર લખાયેલા સુંદર રીતે ગ્રંથિત થયેલા અને યોગ્ય રીતે બંધાયેલા દફતરો જોવા મળે છે. આ બધાજ દફતરો લાંબા અને સાંકડા વીંટામાં સુંદર રીતે ગોળ રાઉન્ડ વાળી ફરીથી બાંધવામાં આવેલા અને ઓરડામાં અનુક્રમ પ્રમાણે ટીંગાડવામાં આવતા. જેથી માલિકીના કબજામાંથી ચોરાઈ જાય નહીં.*

*આ દફતર કચેરીનો વિનાશ ઈ.સ.*1763*માં હૈદરઅલીના આક્રમણ દ્વારા થયો હતો ત્યારે રાણી વિરામાજીએ રાજમહેલ છોડતા પૂર્વે આ દફતર ખાતાંને આગ ચાપી અને તેનો નાશ કર્યો હતો તેમ ઈતિહાસ સાક્ષી પૂરે છે.*

5.2.2.3 *મુઘલ સમયની દફતર પ્રવૃત્તિ*

*મુઘલ બાદશાહોએ સમગ્ર હિંદના મોટા ભાગના પ્રદેશો ઉપર પોતાનો કબજો જમાવ્યો હતો. આ વિશાળ સામ્રાજયની વહીવટી પ્રણાલિકાના ભાગરૂપે સંખ્યાબંધ દફતરો સર્જાયા હતા. જે વહીવટમાં ખૂબજ ઉપયોગી બનતા. તેની સાચવણીની જરૂરિયાતમાંથી દફતર ભંડારની સ્થાપના કરી હતી અને વહીવટી ક્ષેત્રે દફતરને આગવું સ્થાન અપાયું હતું. રાજયના કેન્દ્રીય વહીવટી વિભાગો તરફથી સર્જાયેલા શાહી ફરમાનો, આદેશો, અહેવાલો તથા પત્રવ્યવહારોના સંગ્રહ માટેની વ્યવસ્થા રાજયના શિરે રહેતી. સમગ્ર મુઘલ રિયાસતનું વહીવટી માળખું દફતરોના આધરે ટકી રહ્યું હતું. તેથી જ મુઘલ સામ્રાજયને વહીવટી હિસાબોની આંશિક તથા મર્યાદિત કાગળોની સરકાર અર્થાત્ "કાગઝી રાજ"ના નામથી ઓળખાતું હતું.*

*પ્રાચીન ભારતની દફતર પ્રણાલિકા કરતા મુઘલકાળની દફતર પ્રણાલિકા અલગ પ્રકારની હતી. એટલુ જ નહિ પરંતુ દફતરનું સ્વરૂપ પણ બદલાઈ ચૂક્યું હતું. અલબત્ત મુઘલોની સંપૂર્ણ વહીવટી વ્યવસ્થા બગદાદ અને ઈજીપ્તની રાજય વ્યવસ્થા પર આધારિત હતી. તેથી સ્વાભાવિક છે કે વહીવટી દફતરો સાચવવાની પ્રથા પણ બગદાદ અને ઈજીપ્તના રાજયો જેવી જ હોવી જોઈએ. મુઘલ સમયના દફતરો ખાસ પ્રકારના શાહી અસ્તર સાઈઝમાં મુદ્રિત અને વીંટાળેલા પરબીડિયાં સ્વરૂપના હતા. મુઘલ સમયે દફતર માટે ઉપયોગી કાગળો*

લાહોર, શૈલકોટ, રાજગીર, ઔરંગાબાદ અને અમદાવાદ જેવા નગરોમાં બનતા ખાસ કિંમતી અને શાહી ફરમાનો માટેના કાગળો કાશ્મીરથી લાવવામાં આવતા. મુઘલકાળમાં દફતરોના કાગળોને ચકચકિત અને ચળકતા તથા લીસા બનાવવા માટે અરેબિયન ગુંદર અને ભારતીય શાહીનો ઉપયોગ થતો હતો. દફતર ઉપર લખાણ લખવા માટે બતકના પીંછામાંથી બનેલી લાંબી કલમનો ઉપયોગ થતો હતો. રાજયની વહીવટી પ્રણાલિકામાંથી ઉદ્દભવતા શાહી દફતરી ફરમાનોમાંથી અતિ મહત્વના ફરમાનો તારવીને તેની નકલ કરતા, આ નકલો સમયાન્તરે પેસ્ટબોર્ડ પર લગાવવામાં આવતી હતી. આ દફતરો તૈયાર કરવા માટે "Linear Embossment" તરીકે ઓળખાતા અધિકારીઓ નીમવામાં આવ્યા હતા. મુઘલ દફતરો વિવિધ વિષય પ્રમાણે વિભિન્ન રંગ,આકાર અને સાઈઝ ધરાવતા હતા.

મુઘલ સમયના દફતર અંગે કાંઈક ઉજળું ચિત્ર દેખાય છે. તેનો મુખ્ય આધાર અકબરનામા છે. તેમાં જણાવ્યું છે કે ઈ.સ. 1574માં બાદશાહ અકબરે દફતરખાનાની સ્થાપના કરી હતી. શહેનશાહે એવું ફરમાન કર્યું હતું કે કોર્ટ દ્વારા જે કાંઈ હુકમ બહાર પાડવામાં આવે તેની પદ્ધતિસર નોંધ કરવી, જેથી ન્યાયાલયના જે તે અમલદારને સ્પષ્ટ માર્ગદર્શન મળી રહે અને શાહી, વહીવટી હુકમો સચવાઈ રહે. દફતરખાતાની સ્થાપના અક્બરે અબુલફઝલની સલાહ અનુસાર કરી હતી. અકલરનામા લખતી વખતે અબુલ ફઝલે તેનો ઉપયોગ પણ કર્યો હતો. દફતર ખાતાનું સ્થળ ફતેહપુર સિક્રીમાં શાહી મહલ (મહલ-ઈ.ખાસ) ની નજીક હતું. આ દફતરખાતામાં વિવિધ દફતરો રાખવામાં આવતા. શહેનશાહ અકબરે દફતરખાતામાં ચૌદ જેટલા ઉત્સાહી, અનુભવી અને તટસ્થ કારકુનોની નિમણૂક કરી હતી. જેથી કોઈપણ કારકુનને કામ આવી પડે તો બીજા બદલીમાં કામ આવી શકે. આવા બદલીમાં કામ આવતા કારકુનોને "કોટલ" તરીકે ઓળખવામાં આવતા હતા આમ વધુ કારકુનોની નિમણૂંક એ સૂચવે છે કે, દફતરોમાં ચીવટપૂર્વક નોંધ થાય અને સાતત્ય જાળવાય તે શહેનશાહ માટે અગત્યનું હતું.

આ કારકુનો દ્વારા રાજ્યની બધી જ બાબતની નોંધ રાખવામાં આવતી હતી. તેમાં શહેનશાહના ફરમાન, ખાતાકીય વડા મારફત જે કોઈ શેરો કરવામાં આવે તેની પણ વિગતે નોંધ કરવામાં આવતી હતી. શહેનશાહ દ્વારા કરવામાં આવેલ દાન કર્મની તેમજ ભેટ સોગાદોની પણ નોંધ રાખવામાં આવતી તેમજ સભાખંડની રીતભાત, જાહેર કે ખાનગી સભાની હાજરી, શહેનશાહ દ્વારા સરદારોની નિમણૂંક, લશ્કરી ટુકડીની સંખ્યા, પગાર, જાગીર કે ભાડાની જમીન, કરમાં વધઘટ અને કરાર, વેચાણ કે લેવડ-દેવડ, દેવું કરવામાં આવે તે તેમજ શહેનશાહ દ્વારા કરવામાં આવેલા ફરમાનો કે સહી સિક્કા થયેલા ખતો,

*તેમજ પ્રાપ્ત થયેલ અહેવાલ કે તે અંગેની કાર્યવાહીની નોંધ પણ કાળજીથી નોંધવામાં આવતી હતી. આ ઉપરાંત દરબારીઓનાં આવન-જાવનની પણ નોંધ લેવાતી, લશ્કરી સલામી કે તપાસ, યુધ્ધ કે લડાઈ અને શાંતિ પ્રસ્થાપિત થાય તો તે પણ નોંધવી આવશ્યક ગણાતી, તેમજ શહેનશાહ દ્વારા દેહાતદંડની સજા ફરમાવાઈ હોય કે માફી બક્ષવામાં આવી હોય તે પણ નોંધવામાં આવતી હતી.*

*આ પ્રકારની નોંધનીશી શહેનશાહ આગળ પેશ કરવામાં આવે અને તે અગાઉ આવશ્યક હોય તો સરકારી અમલદાર દ્વારા યોગ્ય સુધારાઓ પણ તેમાં કરવામાં આવતા હતા. શહેનશાહ આવી નોંધોને મંજૂર કરે ત્યાર બાદ તેની કારકુન દ્વારા નકલ કરવામાં આવે અને ત્યારબાદ જેને જરૂર હોય તેને આપવામાં આવતી, અલબત્ત આવી નકલ પર પાછી જેણે શહેનશાહે સમક્ષ મૂક્યું હોય તેની સહી તથા પરવન્ચી અને મીર અર્ઝ દ્વારા સહી થાય એ જરૂરી ગણાતું. આ રીતના તૈયાર થયેલ વિધિયુક્ત અહેવાલને એક ખાસ નામ આપવામાં આવતું. આવા અહેવાલને "યાદદાસ્ત' કે "જાહેરનામું" (*Memorandum*) તરીકે ઓળખવામાં આવતો હતો. આની સંક્ષિપ્ત આવૃત્તિને "તાલિખ" તરીકે ઓળખાતું હતું. આ નોંધ કરનારને પણ "તલિખનવીસ" ખાસ નામથી ઓળખવામાં આવતા, આવી તાલિખ પર પણ વાકીયાનવીસ અને રીસલદાર તથા મીરઅર્ઝને તો સહી કરવી જ પડતી ત્યાર બાદ કારભારીઓ દ્વારા તેને સીલ કરી પ્રમાણિત કરવામાં આવતી હતી.*

*અબુલ ફઝલ અકબરને રાજ્ય કારભારથી સંપૂર્ણ પરિચિત એવી વ્યક્તિ તરીકે બિરદાવે છે. તે નોંધે છે કે, શહેનશાહ દ્વારા તટસ્થ, પ્રામાણિત્ત હોશિયાર અને અનુભવી લહિયાઓની નિમણૂંક કરવામાં આવતી હતી. અને દફતરની જવાબદારી બિલકુલ તટસ્થ પ્રામાણિક અધિકારીને સોંપવામાં આવતી હતી. અકબરે રાજ્ય અંગેના સમગ્ર દફતરની ત્રણ વિભાગમાં વહેચણી કરી હતી.*

(1) *અબવબુલમલઃ રાજ્યની આવક અંગેની નોંધો*

(2) *અરબાબઉત્તહવીલઃ ઘરગથ્થું ખર્ચની રકમો અંગેની નોંધો*

(3) *તૌજીહઃ લશ્કરના ખર્ચ-પગારની રકમો અંગેની નોંધ*

*દિવાનની કચેરી એટલે જ રાજ્યની દફતર કચેરી, ખાસ અપવાદ સિવાય બધાં જ સરકારી દફતરો આ કચેરીને સુપ્રત કરવાનુ જરૂરી હતું. આ કચેરીમાં દફતરોનું નિરીક્ષણ થતું અને સાચવણી પાણ કરવામાં આવતી. દિવાનની દફતર કચેરીએ પહોંચાડવાના દફતરોને આમ તો બે વિભાગમાં વહેંચી શકાય. પહેલો વિભાગ જેને "સિયાહ" તરીકે ઓળખવામાં આવતો. તેમાં રોજબરોજના ખર્ચ તથા પહોંચની વિગતો આવતી અને બીજો વિભાગ*

"અવારિની" તરીકે ઓળખાતો. જેમાં ખર્ચની તારિજનો સમાવેશ થતો. જો કે આ મુખ્ય બે વિભાગને વળી ત્રેવીસ અને સુડતાલીસ પેટા વિભાગમાં વહેંચવામાં આવતા હતા. મુઘલ શહેનશાહ શાહજહાં અને ઔરંગજેબે દસ્તુર-ઉલ-અમલ જેવા સરકારી માર્ગદર્શક સહાયક ગ્રંથો બહાર પાડયા હતા. જેમાં કાયદા અને નિયમોનો સમાવેશ થતો હતો.

હૈદરબેગની ફારસી હસ્તપ્રત પણ આ વિગતોનું સમર્થન કરે છે અને દફતરો અંગે કેવી સાવધાની અને જાગૃતિ હતી તેની સાક્ષી પૂરે છે. હૈદરબેગની આ હસ્તપ્રતનું નામ ખલ્લક-ઉલ-સિયાક છે. જે દફતરોની વ્યવસ્થા, આયોજન અને તૈયારી અંગે વિશિષ્ટ પ્રકાશ પાડે છે. તેમજ આ હસ્તપ્રત મુઘલ વહીવટ અંગે રસપ્રદ માહિતી પણ પૂરી પાડે છે. (1) દફતર તૈયાર કરતી વખતે નકલની મૂળ લખાણ સાથે ચીવટપૂર્વક તુલના કરી લેવી. (2) દરેકે રજીસ્ટરમાં વર્ષ દરમ્યાનની સઘળી નોંધો અંગે વ્યક્તિગત નામની અનુક્ત સૂચિ બનાવવી. (3) દફતરના દરેક પાનાંને યોગ્ય નંબર આપવો. (4) દરેક નોંધને અંતે એવી કોઈ ચોક્કસ નિશાની કરવી કે જેથી કોઈપણ નોંધમાં ફેરફાર કે ઉમેરો ના કરી શકે. આ હસ્તપ્રતમાં કેન્દ્રની દફતર કચેરી-દફતરી દિવાન-ઈ-આલા અને પ્રાંતીય દફતર કચેરી -દફતરી દિવાન-એ-સુબા તરીકે ઓળખવામાં આવતી તેનો પણ ઉલ્લેખ છે.

આ પ્રકારની દફતર વહીવટની પ્રણાલિકા છેલ્લા બાદશાહ બહાદુરશાહ ઝફરના સમય સુધી ચાલુ રહી હતી. ઈ.સ. 1857માં સિપાહીઓના મુક્તિ સંગ્રામને અંતે બ્રિટિશ લશ્કરે દિલ્હીના કિલ્લાનો કબજો લીધો તેમાંથી 'મોહાફીઝ-ઈ-દફતર-ઈ-મારુઝ' (પત્રલેખનની નોંધ રાખનાર), "મોહાફીઝ-ઈ-દફત્તર-ઈ-અદાલત સુલતાની" (શાહી અદાલતી રેકોર્ડની નોંધ રાખનાર)ના પુરાવા મળ્યા છે.

### 5.2.2.4 મરાઠા સમયની દફતર પ્રવૃત્તિ

શિવાજીએ હિંદુ સંસ્કૃતિની તમામ સંસ્થાઓ પુનર્જીવિત કરવાનું નકકી કર્યું હતું. તેણે હિંદુ સંસ્કૃતિને આધારે વહીવટની વ્યવસ્થા કરી હતી. આમ છતાં તેમણે મુઘલ વહીવટની કેટલીક પ્રણાલીને અપનાવી હતી. તેમના વહીવટનો દફતરદાર કે દફતરખાના મુસ્લીમ પ્રણાલિ પર આધારિત હતા. મરાઠા સમયનું સચિવાલય જેને તેઓ હજૂર દફતર નામથી ઓળખાતા હતા. તે સમયે આ વિશાળસંકુલમાં બસો જેટલા કારકુનો કામ કરતા હતા. આ હજૂર દફતરમાં પેશવાઈ વહીવટના બધાં જ વિભાગના દફતરો સચવાઈ રહેતા. આ દફતરોમાં બધાં જ પ્રકારનાં અને બધાં જ વિભાગનાં હિસાબો, હુકમો, અહેવાલો, જિલ્લાને લગતા મહેસુલી વસુલાત તથા આવક-જાવકના ખર્ચાની વિગતોનો સમાવેશ થતો હતો. રોઝકર્દ (દૈનિક નોંધપોથી) રોજબરોજના વહીવટી પગલાંને નોંધવામાં આવતા હતા. મરાઠા

*અધિકારી અને વહીવટદારોની સૂઝ અને દફતર સાચવવાની કળાનો ખ્યાલ જ્યારે બ્રિટિશરોએ પુના કબજે કર્યું ત્યારે આવ્યો હતો. મરાઠા શાસનના* 88 *વર્ષના તમામ વ્યવહારોની વ્યવસ્થિત નોંધ અંગેના સંપૂર્ણ દફતરો તેમને પ્રાપ્ત થયા હતા.*

*પેશવાના પોતાના આઠ અમાત્યો હતા જ, પરંતુ તે ઉપરાંત અઢાર કારખાના અને* 12 *મહાલના સ્ટાફના સભ્યો તથા અધિકારીઓ પણ હતા જિલ્લા અને પ્રાંતમાં દફતરખાના અને દફતરઘર હતા. તેની ફરજો અને જવાબદારીઓ અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવેલી હતી* (1) *દૈનિક નોંધ ફડનીસે કરવી અને તે પરથી નોંધવહી દફતરદારે તૈયાર કરવી* (2) *વાર્ષિક આવક અને ખર્ચના અંદાજો દફતરદારે તૈયાર કરવા અને કમાવીસદારે આવેલા વાર્ષિક હિસાબોની ચકાસણી કરવી.* (3) *તેણે આપેલ ઋણ, વસૂલી અને બાકીની તપાસ કરવી.* (4) *તેણે મહાલમાંથી સવાલ કે અન્ય સર્વ પ્રકારની માહિતી અને ખર્ચની વિગતો દક્તરદારે જોઈ સમજી અને ફડનીસને પણ સમજાવવી પડતી તેમજ આખરમાં મામલતદારને પણ સમજાવવી પડતી. દફતરદાર એક જવાબદાર વ્યક્તિ હતી. અને તેણે દફતરદાર અંગેની બધી જ વહીવટી તથા હિસાબી જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરવી પડતી હતી. દફતરની બધી જ વિગતો સમગ્ર રીતે સંકલિત સ્વરૂપમાં જૂરજૂમા સ્વરૂપે રજૂ થતી અને તેના પર વિચારણા કરવામાં આવતી હતી. આમ ભારતમાં અંગ્રેજી શાસન પહેલા કદાચ મરાઠા દફતર સૌથી વધુ વ્યવસ્થિત હતું.*

### 5.2.3 આધુનિક ભારતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

5.2.3.1 *બ્રિટિશ સમયની દફતર પ્રવૃત્તિ અને વિકાસ*

*ભારતમાં સૌ પ્રથમ આવનાર પોર્ટુગીઝો હતા. ત્યારબાદ ડચ, ફ્રેંચ અને બ્રિટીશરો આવ્યા. પોર્ટુગીઝોની હકુમતનો વિસ્તાર પશ્ચિમ-ભારતના મર્યાદિત ક્ષેત્રમાં રહ્યો. ફ્રેંચ પોડિચેરીની આસપાસ કેન્દ્રિત હતા. માત્ર બ્રિટીશરોએ ભારત પર વેપારી થાણા અને ત્યાર બાદ રાજકીય શાસનની શરૂઆત કરી હતી. એ સમયનું ખાસ દફતર પ્રાપ્ય નથી. બ્રિટિશ શાસનનો સૌથી જૂનો દસ્તાવેજ* 26 *જુલાઈ,* 1630*નો મુંબઈ દક્તર ભંડારમાં સચવાયેલો છે. મદ્રાસ આર્કાઈવ્ઝમાં* 1670 *નો રેકોર્ડ છે. પશ્ચિમ બંગાળના દફતર ભંડારમાં સ્થાનિક ભાષામાં એવા જૂના-દફતર સચવાયેલા છે. મેયરની કોર્ટના* 1624-1828 *સુધીનાં અકબંધ રેકોર્ડ છે. ઈંગ્લીશ રેકોર્ડ* 1758 *થી બંગાળમાં પ્રાપ્ય છે. મોટાભાગના દસ્તાવેજો* 1737*ના વાવાજોડામાં નાશ પામ્યા હતા અને બાકી હતા તે* 1758*માં કલકત્તા પર નવાલે કરેલ આક્રમણમાં નાશ પામ્યાનું મનાય છે. જો કે તેની નકલો બ્રિટનમાં ઈન્ડિયા ઓફિસમાં સચવાયેલી છે.*

ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજ્ય વહીવટ દરમિયાન ઈ.સ. 1797માં રૂા. 15,145ના ખર્ચે કલકત્તામાં દફતર ભંડાર માટેની ઈમારત બાંધવામાં આવી હતી. સેમ્યુઅલ નામના અંગ્રેજે અંગત સંશોધન વિશે તે જ વર્ષે દસ્તાવેજોનો ઉપયોગ કરવાની મંજૂરી મેળવી હતી. 1809માં મદ્રાસ દફતર ભંડાર કચેરી સ્થપાઈ, 1857 સુધીના જિલ્લાના દસ્તાવેજો આ કચેરીમાં સંગ્રહિત છે. ઈ.સ. 1820માં કલકત્તામાં અને 1821માં મુંબઈમાં જનરલ રેકોર્ડ ઓફિસનો પ્રારંભ થયો હતો. ઈ.સ 1857માં ભારતમાં મહાન ઉદ્વેગ પછી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજ્ય વહીવટનો અંત આવ્યો અને બ્રિટિશ તાજનો રાજ્ય વહીવટ અમલમાં આવ્યો. બ્રિટિશ શાસન દરમ્યાન ભારતમાં દફતરોનો વિકાસ સુયોગ્ય રીતે થયેલો જોવા મળે છે. 1891માં 'ઈમ્પિરીયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ તાકે ઈન્ડિયા'ની કલકત્તામાં સ્થાપના થઈ હતી.

ઈ.સ. 1911માં અંગ્રેજ સરકારે રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડવામાં આવી તે સાથે આ દસ્તાવેજોનાં સ્થળાંતરનો પ્રશ્ન ઉપસ્થિત થયો એટલે લોર્ડ હાર્ડિન્જે દિલ્હીમાં મધ્યસ્થ દફતર કચેરીનું મકાન બાંધવાની દરખાસ્ત 12 ઓક્ટોબર, 1912ના રોજ કરી. તદનુસાર મકાન બાંધવાનું કામ આરંભાયું જે 1926માં પૂરું થયું. જે ઈમારત રાજપથ જનપથ પર આવેલી છે. જ્યાં 1926માં અને 1937માં એમ બે ટૂકડે કલકત્તાથી જરૂરી દફતર દિલ્હી ખસેડવામાં આવ્યું હતું. 1913માં કલકત્તામાં ઐતિહાસિક દસ્તાવેજી કક્ષની સ્થાપના થઈ. જો કે 50 વર્ષે પૂર્વે બંધાયેલું આ મકાન દફતર ભંડારની બધી જ જરૂરિયાતો સંતોષતું ન હતું, પરંતુ આજે તે એશિયામાં આ પ્રકારની પ્રવૃત્તિનું સૌથી મોટું કેન્દ્ર બન્યું છે.

1914માં ઈંગ્લેન્ડ 'રોયલ કમિશન ઓન પબ્લિક રેકોર્ડ્ઝ' નામની સંસ્થાના બીજા અહેવાલમાં ભારતના જાહેર દસ્તાવેજોના જરૂરી સંરક્ષણ અને સંભાળ માટે કેટલાક સૂચનો કરવામાં આવ્યા. ભારત સરકારે 1918માં પ્રસ્તુત સૂચનાના અનુસંધાનમાં કેટલાંક નિર્ણયો લીધા હતા.

(1) કેલેન્ડરીંગ અને પ્રેસ લીસ્ટીંગની ખર્ચાળ પ્રથા બંધ કરવી.

(2) દસ્તાવેજોના કેટલોગીંગ અને હેન્ડબુક તૈયાર કરાવવા

(3) સંશોધનના અધ્યેતાઓને દસ્તાવેજો સુલભ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(4) હિસ્ટોરીકલ રેકોર્ડ્ઝ કમિશનની સ્થાપના કરવી.

આ નિર્ણયો અનુસાર 1919માં 'ઈન્ડિયન હિસ્ટોરીકલ રેકોર્ડ કમિશન'ની સ્થાપના કરવામાં આવી. જૂન 1919માં શિમલામાં એની પહેલી બેઠક મળી. જેમાં દસ્તાવેજની હેન્ડબુક્સના

સંકલન અને પ્રકાશન અંગે તથા દફતર ભંડાર કચેરીના વાર્ષિક અહેવાલને પ્રસિદ્ધ કરવા વિશે નિર્ણયો લેવાયા હતા. ઈ.સ.1920માં જાન્યુઆરીમાં આ સંસ્થાની બીજી બેઠક મળી જેમાં કેલેન્ડરીંગ અને નાશ પામતાં પત્રોનાં પ્રકાશન અંગે નિર્ણય લેવાયા. ત્યારબાદ સમયાંતરે આજપર્યંત ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ્ઝ કમિશનની બેઠકો મળતી રહી છે. હાલમાં ઈન્ડિયન હિસ્ટોરીકલ રેકોર્ડ્ઝ કમિશન સંસ્થા રાષ્ટ્રીય અભિલેખાગારની, ભારત સરકારની તથા રાજ્ય સરકારની સલાહકાર સંસ્થા તરીકે ફરજ બજાવે છે.

5.2.3.2 સ્વતંત્રતા બાદની દફતર પ્રવૃત્તિ અને વિકાસ

બ્રિટીશ શાસન દરમ્યાન દેશી રજવાડાં અંતર્ગત ‘રેસીડન્સીઝ’ અને ‘પોલિટિકલ એજન્સીઝ’ના અગત્યના દફત્તરો દિલ્હી લાવવાનું કાર્ય 1946થી આરંભાયું અને દિલ્હીમાં ઈ.સ. 1947માં રાષ્ટ્રીય અભિલેખાગારની સ્થાપના થઈ. ઈ.સ.1947માં કોલ્હાપુરમાં હિસ્ટોરીલ રીચર્ચ ડિપાર્ટમેન્ટ શરૂ થયું. 1948માં પંજાબ હિસ્ટોરીકલ રેકોર્ડ કચેરીની સ્થાપના થઈ. 1948માં જ ભુવનેશ્વરમાં સેન્ટલ રેકોર્ડ્ઝ ઓફિસની શરૂઆત થઈ. 1950માં આંધ્રપ્રદેશની દફતર-એ-દીવાની સંસ્થાને સેન્ટ્રલ રેકોર્ડ ઓફિસ તરીકે બદલાવવામાં આવી. જેનું મથક હૈદરાબાદ રખાયું. એ જ વર્ષે ઉત્તર પ્રદેશની સેન્ટ્રલ રેકોર્ડ કચેરી અલ્હાબાદમાં સ્થપાઈ, ઈ.સ.1954માં રાષ્ટ્રીય અભિલેખાગારની પ્રાદેશિક કચેરી ભોપાલ ખાતે શરૂ કરવામાં આવી. આમ, આ રીતે સ્વાતંત્ર પ્રાપ્તિ પછી ભારતના દરેક રાજ્યમાં દફતર ભંડારની કચેરીઓ સ્થાપવાની શરૂઆત થઈ. 1916 સુધીમાં ભારતમાં 18 રાજ્યોમાં દફતર ભંડારની સ્થાપના થયેલ છે. ત્યારબાદ કેન્દ્રશાસિત પ્રદેશો અને અન્ય રાજ્યોમાં પણ દફતર ભંડારની પ્રવૃત્તિઓમાં વેગ આવ્યો છે. આઝાદી પછી ‘ઈમ્પિરિયલ રેકોર્ડ’ ડિપાર્ટમેન્ટને નેશનલ દફતર તરીકે ઓળખવાની શરૂઆત થઈ. તે રાષ્ટ્રનો પ્રમુખ દફતર ભંડાર છે. હાલમાં નેશનલ દફતર ડિપાર્ટમેન્ટ ઓફ ટુરીઝમ એન્ડ કલ્ચરના નીચેની સંલગ્ન સંસ્થા તરીકે કાર્ય કરે છે. 1 ઓગસ્ટ 2002 સુધીમાં નેશનલ દફતરમાં નીચે મુજબનું દફતર સચવાયેલું હતું.

(1) 38,59,131 ફાઈલો

(2) 64,182 વોલ્યૂમ્સ

(3) 1,10,332 નકશા અને સંબંધિત ચાર્ટસ

(4) 3601 ભારતીય રાષ્ટ્રપતિએ મંજૂર કરેલ ખરડાઓ

(5) 1065 સંધિઓ

(6) 2442 દુર્લભ હસ્તપ્રતો

નેશનલ દફતર ઈન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડઝ કમિશન (IHRC) અને નેશનલ કમિટિ ઓફ આર્કાઈવીસ્ટ (NCA) સાથે સંકલન કરીને તેના સંચાલન, વહીવટ, સાચવણી અને સંદર્ભની બાબતમાં નિયમો ઘડે છે.

નેશનલ દફતર રેકોર્ડના પ્રિઝર્વેશન અને રિયોગ્રાફી. માટે સતત કાર્યશીલ રહે છે. દફતરે જૂના દફતરની જાળવણી અને સમારકામ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ, ટીશ્યુ પેપર અને સેલ્યુલોઝ એસોટેટ ફોઈલ્સ જે વૈશ્વિક સ્તરે 'સોલવન્ટ સ્કે હેન્ડ લેમિનેશન' પ્રોસેસ તરીકે ઓળખાય છે. આ માટે કન્ઝર્વેશન રીસર્ચ લેબોરેટરી જુના દફતરની મરામત માટે સંશોધન કરે છે. તાજેતરમાં તાડપત્રમાં તિરાડો પડી અને ભૂકો થઈ જવાની તકલીફ માટેનો ઉપાય શોધી કઢાયો છે. આ ઉપરાંત દફતરમાં માઈક્રોફિલ્મ પ્રોસેસીંગની વ્યવસ્થા ઘણા લાંબા સમયથી છે. તેનાથી દસ્તાવેજનાં સંદર્ભ માટેના વારંવાર ઉપયોગથી રેકોર્ડને થતું નુકશાન અટકાવી શકાયું છે રિયોગ્રાફી ડિવિઝન અદ્યતન સાધનોથી સજ્જ છે અને માઈક્રોફિલ્મનું પ્રોસેસિંગ કરી અગત્યના બહુમૂલ્યવાન દફતરોની નકલ કરી લેવાઈ છે. આ માઈક્રોફિલ્સ માત્ર સંશોધકોને જ નહીં, પરંતુ આગ, પુર, યુદ્ધ કે તોડફોડના સમયે અગત્યના રેકોર્ડઝ નષ્ટ થઈ જાય તો તેની નકલ જાળવી શકાય. આ માઈક્રોફિલ્મ અને નેગેટીવ્સનો તમામ સેટ ભોપાલની રીજનલ ઓફિસમાં સાચવવામાં આવ્યો છે.

**ક) તમારી પ્રગતિ ચકાસો**

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. હ્યું-એન- ત્સાંગે પોતાની નોંધમાં દફતર ભંડાર માટે __________ શબ્દ પ્રયોજ્યો હતો.
2. મૌર્ય સમયમાં દફતર ભંડાર ખાતું __________ તરીકે ઓળખાતું હતું.
3. દક્ષિણ ભારતમાં દફતરો માટે __________ શબ્દ વાપરવામાં આવતો હતો.
4. 'અકબરનામા' મુજબ અકબરે ઈ.સ. __________ દફતર ખાતાની શરૂઆત કરી હતી.
5. ઈ.સ. 1947માં __________ રાષ્ટ્રીય અભિલેખાગારની સ્થાપના થઈ હતી.

(2) પ્રાચીન ભારતની દફતર વ્યવસ્થા ટૂંકમાં જણાવો.

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

## 5.3 ગુજરાતમાં દફતર પ્રવૃતિનો ઈતિહાસ અને વિકાસ

### 5.3.1 પ્રાચીન ગુજરાતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

*ગુજરાતમાં પ્રાચીન ક્ષત્રપકાળથી દફતર વ્યવસ્થા સંબંધિત પુરાવાઓ પ્રાપ્ત થયા છે. રાજય પ્રશાસન ક્ષેત્રે દફતર ભંડાર પ્રણાલિકા વહીવટનું અભિન્ન અંગ ગણવામાં આવતું, પરંતુ પ્રાચીન વિશ્વ અને પ્રાચીન ભારતની માફક ગુજરાતની પુરાતન દફતર વ્યવસ્થા અવિકસિત અને પ્રાથમિક સ્વરૂપની હતી. તેનો પુરાવો ગિરનારમાં આવેલો અશોકનો શિલાલેખ સંદર્ભ પૂરો પાડે છે. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ શહેરની પૂર્વમાં આવેલા ગિરનારના દામોદર કુંડ નજીક એક મોટા ખડક ઉપર પૂર્વ બાજુએ મૌર્ય સમ્રાટ અશોકના 14 લેખો, પશ્ચિમ બાજુએ મહાક્ષત્રપ રુદ્રદામનનો વર્ષ 72નો લેખ તથા ઉત્તર બાજુએ ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તનો ગુપ્ત સંવત 136, 137 અને 138નો લેખ કોતરાયેલો છે.*

*આ શિલાલેખની વિશેષતા એ છે કે, સુદર્શન તળાવનો પૂર્વકાલીન ઈતિહાસ તેમાં કંડારાયેલો છે. જે રુદ્રદામનના સમય કરતા લગભગ 400 થી 450 વર્ષ પૂર્વના સમયને લગતો છે. એ વૃત્તાંતમાં મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના ગુજરાત પ્રાંતના સુબા રાષ્ટ્રીય વૈશ્ય પુષ્પગુપ્તે ઊર્જયન્ત ગીરીમાંથી વહેતી નદીઓના પાણી રોકવા માટે સુદર્શન સરોવરની ઉપર બંધની રચના કરી હતી. તે પછી મૌર્ય સમ્રાટ અશોકના સમયમાં તેના રાષ્ટ્રીય યવનરાજ તુષાસ્ફે આ સરોવરમાંથી નહેરો કઢાવી ત્યારે સમૃદ્ધિ રૂપે સરોવર તટે આવેલા શૈલ્ય ઉપર અશોકે ધર્મ લેખો કોતરાવ્યા હતા. ઈ.સ.ની બીજી સદીમાં પશ્ચિમી ક્ષત્રપ રાજા રુદ્રદામનના સમયમાં તેના અમાત્ય પહલવ સુવિશાખે પૂરથી તૂટેલા સરોવરની પાળનું સમારકામ કરાવ્યું હતું અને પુરાતન શિલાની બીજી બાજુ તેની માહિતી પૂરી પાડતો આ ઐતિહાસિક લેખ કોતરાવ્યો હતો. પાંચમી સદીમાં ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના સમયમાં પૂરથી સરોવરની પાળને નુકશાન થયું ત્યારે તેના સુબા પર્ણદત્તે પુત્ર ચક્રપાલિતના સહકારથી તેનું સમારકામ કરાવ્યું હતું અને તેના સમારકામ રૂપે શિલાની ત્રીજી બાજુએ એક લેખ કોતરાવ્યો અને આ લેખની બાજુમાં ચક્રધારી વિષ્ણુનું મંદિર પણ બંધાવ્યું હતું.*

*રુદ્રદામનના આ શિલાલેખમાં તેની પૂર્વના 500 વર્ષના ઈતિહાસની વિગતોની નોંધ કરવામાં આવી હતી. તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે, રુદ્રદામને પોતાના શાસનકાળમાં*

નોંધપાત્ર ઐતિહાસિક અને દસ્તાવેજી ભૂતકાળની વિગતોની નોંધ આલેખી અને દફતરના સ્વરૂપે સંગ્રહિત કરવા વહીવટી ક્ષેત્રે યોગ્ય વ્યવસ્થા ઊભી કરી હતી. જે સંભવત દફતર ભંડાર જેવી કામગીરી કરતી હતી, પરંતુ આ સમયે અગત્યની નોંધ માટે તાડપત્રો, ભૂર્જપત્રો, તામ્રપત્રો અને પથ્થરનો વિશેષ ઉપયોગ દફતરોના સ્વરૂપે થતો હતો.

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં બીજો દીર્ઘકાળખંડ તરીકે મૈત્રકયુગ ગણાવી શકાય છે. વલ્લભી મૈત્રકોની રાજધાની હતી. મૈત્રકોએ વ્યાપક પ્રમાણમાં વિકાસ પામેલા સામ્રાજયને વિવિધ વહીવટી એકમો અને વિભાગોમાં વર્ગીકૃત કરીને યોગ્ય અને સ્પષ્ટ વહીવટી પ્રણાલિકા ઊભી કરી હતી. જેમાં "મહાક્ષપદલિકા" નામનું ખાતું રાજય વહીવટ ક્ષેત્રે ચાવીરૂપ સમાન હતું. "મહાક્ષપદલિકા"ના નામનું પ્રકરણ રાજય વહીવટના દફતરો સંબંધિત જવાબદારી સંભાળતું હતું. આ દફતર ખાતાનો ઉપરીય વડો "મહાક્ષપદલિક" હતો. જે રાજયભરના વહીવટી દષ્ટિએ ઉપયોગિતા ધરાવતા દફતરો અને દસ્તાવેજોની યોગ્ય વ્યવસ્થા સંભાળતો હતો.

"મહાક્ષપદલિક"ની સહાયતા માટે 'રાજસ્થાનિક ભોગીકા' અને 'પ્રમાણ' જેવા અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી હતી. તેઓ રાજયના ફરમાનો, આદેશો અને આજ્ઞાઓ લહિયાઓ મારફતે તામ્રપત્રમાં લખાવતા અને તેના પર સમ્રાટની મોહર તથા સહી કરાવી તેની પ્રમાણભૂત નકલો તૈયાર કરી સંબંધિત વિભિન્ન વહીવટી પ્રાંતોના વડા અધિકારીઓ સમક્ષ રજૂ કરવાની જવાબદારી સંભાળતા હતા. સામાન્ય રીતે "મહાક્ષપદલિકા"ના વિભાગમાં રાજકીય દષ્ટિએ અગત્યના તામ્રપત્રોનું આલેખન કરવા માટે "દિવિરપત્તિ" નામના કુશળ કારકુનો નીમવામાં આવ્યા હતા. જે લહિયાઓના ઉપરી અધિકારી હતા. તેના નેતૃત્વ નીચે રાજયના "મહાક્ષપદલિકા" વિભાગના લહિયાઓ હાથ વડે શાહી ફરમાનો તામ્રપત્રોની પ્લેટમાં કોતરી અનેક નકલો તૈયાર કરતા. આ પ્રકારના દફતરો રાજય માટે અગત્યના અને આધારભૂત ગણાતા હોવાથી તૈયાર કરતા પૂર્વે ખૂબ જ સાવચેતી અને કાળજી રાખવામાં આવતી. તૈયાર થયા પછી લખાણોને નિષ્ણાંતો દ્વારા ચકાસણી કર્યા બાદ જ તેની પ્રમાણિત નકલો તૈયાર કરીને "મહાક્ષપદલિકા"માં એક-એક નકલ સંગ્રહ કરવા અર્થે મોકલવામાં આવતી. આ પ્રકારના અનેક દફતરોનું વર્ગીકરણ અને ગોઠવણી વિષય પ્રમાણે થતું અને તેના જતન અને સંરક્ષણ માટેની પૂરી કાળજી રાખવામાં આવતી હતી.

### 5.3.2 મધ્યકાલીન ગુજરાતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

*ગુજરાતના ઈતિહાસમાં સોલંકીકાળ સુવર્ણયુગથી ઓળખાય છે. સોલંકી વંશના પ્રભાવશાળી શાસકોએ સામ્રાજયની કેન્દ્રીય સત્તાને ગુજરાતના વિશાળ પ્રદેશોમાં પ્રસરાવી હતી. આ વિશાળ સામ્રાજયનું યોગ્ય નિયમન કરવા અને વહીવટી ક્ષેત્રોમાં સુગમતા સ્થાપિત કરવાના હેતુથી સમગ્ર વહીવટને 32 વિભાગોમાં વર્ગીકૃત કર્યું હતું. આ 32 વિભાગમાં "મહાક્ષપદલિક" વિભાગ દફતર સંબંધિત ખાતું હતું. આ ખાતાનો વડો અધિકારી "મહાક્ષપદલિક"ના નામે ઓળખાતો હતો. આ પ્રમાણે મૂળભૂત રીતે પુરોગામી મૈત્રકોની દફતર વ્યવસ્થાનો પ્રભાવ સોલંકીકાળમાં વહીવટી ક્ષેત્રે પડયો હતો. "મહાક્ષપદલિક" રાજયના ફરમાનો, આદેશો તથા દાનશાસનો લખવાનું કાર્ય સંભાળતો. આ ખાતાના અધિકારી તરીકે મોટા ભાગે કાયસ્થની નિમણૂંક કરવામાં આવતી. જે દાનપત્રોના લેખક તરીકે પણ ઓળખવામાં આવતો હતો. તે રાજયના લેખાધિકારી તરીકે વિશિષ્ટ સ્થાન ધરાવતો હતો.*

*સિદ્ધરાજ જયસિંહના સમયે "લેખપદ્ધતિ" નામના સંસ્કૃત ભાષાના પ્રસિદ્ધ ગ્રંથની રચના થઈ હતી. જેમાં સોલંકીકાળના દસ્તાવેજો અને દફતરો વિષયક નોંધપાત્ર ઉલ્લેખ જોવા મળે છે. જેમાં દફતરોના પ્રકારો, વિષયો અને દફતરના હેતુઓની માહિતી મળી આવે છે. જયારે પણ રાજય તરફથી કોઈ વિશિષ્ટ વ્યક્તિને વિશિષ્ટ કામગીરી બદલ ગામ, પ્રાંત કે જમીન બક્ષિસમાં આપવામાં આવતી ત્યારે તેને બક્ષિસનામું લખી આપવામાં આવતું. તેવા પ્રકારના દફતરો "ભૂર્જપત્રલા" કહેવાતા હતા. વણજારાઓ અને વ્યાપારીઓને એક સ્થળેથી બીજા સ્થળે વ્યાપાર કરવા માટે આપવામાં આવતા પરવાનાના દફતરને "દેશોત્તાર" કહેવામાં આવતા હતા. રાજહુંડીકામાં જણાવેલી રકમ પહેલા ઉઘરાવેલા પોતકમાંથી ચુકવવામાં આવતા મકાનના કાયમી પટ્ટાને "ગુપ્તપટ્ટક" કહેવાતા. પાંચકુળ તરફથી કોઈ વ્યક્તિને અમુક ગામ નક્કી કરેલી વાર્ષિક આવકની ઉચ્ચક અંગે આપવામાં આવતા દફતરો "ઉત્તરાક્ષર" કહેવામાં આવતા. વહીવટી અધિકારીઓની નિમણુંક બાબતના દફતરો 'નિરૂપણ" કહેવાતા. ન્યાય ચુકાદાના લખાણોને "ન્યાયવાદક" કે "ન્યાયપત્ર" કહેવાતા. આરોપીના લેખિત નિવેદનો "ધર્મચીરિકા" કહેવાતા. ગરાસ જપ્તી કરવાના ખતપત્રને "ગ્રાસલોપન" કહેવાતા. ગીરોખતમાં કરેલી શરતોનું પાલન ન થતા મિલકત જપ્ત થાય તેને "ડૂલીપત્ર" કહેવાતા. કોઈ વ્યક્તિ અન્યને ભૂમિદાન કરે તો તેને "ભૂમિપત્ર" લખી આપવામાં આવતું વગેરે પ્રકારના દફતરો રાજયના કેન્દ્રીય મહાઅક્ષપદલમાં તૈયાર થતા હતા અને તેનું જતન, સંરક્ષણ અને જાહેર કરવાનું કાર્ય પણ આ દફતરખાતું કરતું હતું.*

સોલંકીકાળ દરમિયાન રાજયની વહીવટી પ્રણાલિકાથી સર્જાયેલા દફતરો વિવિધ હેતુસર અને વિષય અનુસાર વર્ગીકરણ કરવામાં આવતું હતું. આ દફતરો તૈયાર કરવા માટે સંખ્યાબદ્ધ કારકુનો અને લહિયાઓ નીમવામાં આવ્યા હતા. જે દફતર સંબંધિત તમામ કામગીરી મહાક્ષપદલિકના દફતર એકમમાં સ્વતંત્રપણે કાર્ય કરતા હતા. આ કામગીરીમાં દફતરોનું અનુલેખન, દફતરોની નકલો તૈયાર કરવી, દફતરોની જાળવણી કરવી, દફતરોનું વિષય અને શીર્ષક પ્રમાણે ગોઠવણી કરવી વગેરેનો સમાવેશ થતો હતો. મુઘલ શહેનશાહ અકબરે ગુજરાત ઉપર વિજય મેળવીને તેના કેન્દ્રીય વહીવટીતંત્રનું અભિન્ન અંગ બનાવ્યું હતું. મિરાતે અહમદીના વર્ણન પ્રમાણે બાદશાહ અકબરે ગુજરાતની રાજધાની અમદાવાદ ખાતે પ્રાંતિય દફતર ખાતાની સ્થાપના કરી હતી. જેમાં ગુજરાત પ્રાંતના રાજકીય વહીવટથી નિર્માણ પામતા તમામ શાહી દફતરો સંગ્રહ કરવામાં આવતા હતા. આ દફતરોમાં ખાસ કરીને ગુજરાતના પ્રાંતિય સુબા અને કેન્દ્રીય વહીવટ વિભાગ સાથે રાજકીય બાબતોસર થયેલા આંતરિક પત્રવ્યવહારો, ફરમાનો, આદેશો અને અહેવાલોનો સમાવેશ થતો હતો. અકબરે પ્રાંતીય દફતર ખાનાનો સમગ્ર વહીવટ "બક્ષી" નામના અધિકારીને સોંપ્યો હતો અને તેને મદદરૂપ થવા માટે અનેક કારકુનો અને લહિયાઓની ટુકડી નીમી હતી. જે રિયાસતોના શાહી ફરમાનોની નોંધો તૈયાર કરી તેની નકલો બનાવતા હતા.

### 5.3.3 આધુનિક યુગમાં ગુજરાતમાં દફતર પ્રવૃત્તિ અને વિકાસ

હિંદના અન્ય પ્રાંતોની જેમ ગુજરાતમાં પણ અંગ્રેજોનો આશય સંગીન અમલદારશાહી દ્વારા શાસન સ્થાપવાનો હતો. ગુજરાતની પ્રજાના સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક તથા આર્થિક પાસાંઓ સંબંધિત માહિતી એકત્રિત કરવી એ અંગ્રેજ શાસન વ્યવસ્થાનું પ્રધાન વલણ હતું. અંગ્રેજ અમલદારો આ માહિતી મેળવવા ઘણી જ ચીવટ રાખતા અને ચોક્કસાઈપૂર્વક તેનો સંગ્રહ કરતા કે જેથી તત્કાલીન ભાવિ અમલદારોને તેમની રાજનીતિ ઘડવામાં ઉપયોગી થઈ પડે. આ હેતુ માટે બ્રિટિશ સરકારે ગુજરાત અને મુંબઈ પ્રાંતના સંલગ્ન વહીવટથી નિર્મિત દફતરોની યોગ્ય વ્યવસ્થા કાજે ઈ.સ.1821માં મુંબઈ ખાતે "Mumbai Archives"ની સ્થાપના કરી હતી. અને સૌરાષ્ટ્રના રાજકોટમાં બ્રિટિશ સરકારે એજન્સીનું મુખ્ય વહીવટી થાણું સ્થાપીને દેશી રિયાસતો અને બ્રિટિશ સરકાર વચ્ચેના આર્થિક, રાજકીય, લશ્કરી, વહીવટી, દિવાની તથા મહેસૂલી સંબંધોના નિયમનની નીતિ અમલમાં મૂકી જેને પરિણામે પરસ્પરની આંતરિક પ્રવૃત્તિથી અનેક દફતરો અસ્તિત્વમાં આવ્યા હતા.

મુંબઈ આર્કાઈવ્ઝની તમામ જવાબદારી "Record Keeper" નામના અધિકારીને સોંપવામાં આવી હતી. આધુનિક કાળમાં બ્રિટિશ સરકારને વહીવટ તેમજ ઐતિહાસિક ક્ષેત્રે અતુલ્યતા

ધરાવતા દફતરોની ઉપયોગિતા અને મહત્વને જીવંત રાખવા, દફતરોને યોજનાબદ્ધ અને વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે દફતર સંગ્રાહલયની સ્થાપના કરવાની આવશ્કતા જણાઈ. બ્રિટિશ સરકારની કુશળ વહીવટી નીતિમાંથી પ્રેરણા મેળવીને જૂનાગઢ, રાજકોટ, નવાનગર, ભાવનગર, વડોદરા, પોરબંદર, મોરબી, વાંકાનેર, માંગરોળ, ગોંડલ, વઢવાણ, લીંબડી તથા પાલિતાણા વગેરે રિયાસતોએ પોતાના વહીવટી દફતરોની યોગ્ય વ્યવસ્થા અને તેને સંગ્રહિત કરવા માટે રાજ્ય દફતર ખાતાની વહીવટી ક્ષેત્રે અલગ અને સ્વતંત્ર સ્થાપના કરી હતી.

1લી મે, 1960ના રોજ બૃહદમુંબઈ રાજ્યમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર બે નવા રાજ્યોનું નિર્માણ થયું. તે સમયે ગુજરાતનું જૂનું આઝાદી પૂર્વેનું દફતર મુંબઈ અને પુનાના પેશ્વાઈ દફતર ભંડારમાં સંગ્રહિત હતું. તેને પુનઃ ગુજરાતમાં લાવવાને બદલે ત્યાંજ દફતર ભંડારમાં સંગ્રહિત રાખવાનો નિર્ણય લેવાયો. તદ્ઉપરાંત ગુજરાત અને તેના દેશી રજવાડાઓનું જૂનું દફતર રાષ્ટ્રીય અભિલેખાગાર દિલ્હી ખાતે પણ સંગ્રહિત હતું તે પણ ત્યાં જ સંગ્રહિત રાખવાનું ઠરાવવામાં આવ્યું. આ પ્રમાણે ગુજરાતના ભવ્ય વારસાને વ્યક્ત કરતા અનમોલ દફતરોના એકત્રીકરણ તરફ દુર્લક્ષ સેવાતું હતું તો બીજી તરફ ગુજરાતના અનેક જિલ્લા, તાલુકા અને મહાલોમાં પણ વિપુલ માત્રામાં દેશી રાજ્ય અને બ્રિટિશ સરકારના વહીવટને લગતું દફતર વેરવિખેર સ્થિતિમાં રઝળતું હતું.

ગુજરાતમાં વ્યાપેલી દફતરોની દુર્દશા સુધારવા અનમોલ દફતરોનો નાશ થતો અટકાવવા તથા તેને દીર્ઘકાળ સુધી જીવંત રાખવાના હેતુસર ગુજરાત રાજ્યમાં એક સ્વતંત્ર રાજ્ય દફતર ભંડાર ખાતાની આવશ્યકતાએ જોર પકડયું તેના અનુસંધાને ઈ.સ.1964ના જૂન માસમાં માજી મુખ્યમંત્રીશ્રી સ્વ.બળવંતરાય મહેતાના અધ્યક્ષપદ નીચે ગુજરાત રાજ્યના ઐતિહાસિક દસ્તાવેજો અને પ્રાચીન સ્મારકો અંગે રાજ્ય સલાહકાર મંડળની બેઠક મળી જેમાં ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતાની યોજના ઘડી કાઢવાનું ઠરાવવામાં આવ્યું હતું.

આ પ્રમાણે લાંબી વિચારણાના અંતે ઈ.સ.1971નાં ઓગસ્ટ માસમાં ગુજરાત સરકારે સીમિત કર્મચારીથી ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતાનું બીજારોપણ કર્યું. તેની સાથે દિલ્હી, મુંબઈ અને પુનાના દફતર ભંડારોમાં ગુજરાતને લગતું સંગ્રહિત દફતરનું એકત્રીકરણ કરવામાં આવ્યું તો બીજી તરફ ગુજરાતના વિવિધ મહાલો, જિલ્લાઓ, ટપ્પાઓમાં દેશી રિયાસતો અને નાની ઠકરાતને લગતું ઐતિહાસિક દફતર વેરવિખેર પરિસ્થિતિમાં રઝળતું હતું તથા બ્રિટિશ રાજ્ય અમલનું ભૂતપૂર્વ દફતર પણ સારી માત્રામાં અસ્ત વ્યસ્ત હતું. આ તમામ દફતરોને પ્રાપ્ત કરી તેનું વૈજ્ઞાનિક અને ઐતિહાસિક

દષ્ટિકોણથી મૂલ્યાંકન અને વર્ગીકરણની પદ્ધતિએ ચકાસી અને ઐતિહાસિક, વહીવટી, રાજકીય તથા સંશોધનની દષ્ટિએ મહત્વતા ધરાવતા દફતરો તારવી તેનો આયોજનપૂર્વક કાયમી ધોરણે જતન કરવાના હેતુથી ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતાની રચના કરવામાં આવી હતી.

ઈ.સ.1971ના ડિસેમ્બર માસમાં ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતાની સ્થાપના થઈ ત્યારે તેનો સમગ્ર વહીવટ સંગ્રહાલયના સંપાદકને સોંપવામાં આવ્યો હતો. જે 7મી જુલાઈ 1976 સુધી તેના તાબા હેઠળ રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન 1લી માર્ચ 1973થી દફતર ભંડાર ખાતાના વરિષ્ઠ અધિકારીનો 'નિયામક'' (Director of Archives) તરીકેનો હોદ્દો અમલમાં મૂકી અને ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતાની સર્વસત્તા તેમને સોંપવામાં આવી, પરંતુ આ ખાતાને પૂર્ણ સમયના નિયામકનો હોદ્દો 15મી જાન્યુઆરી 1980થી પ્રાપ્ત થયો હતો. પ્રારંભમાં ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતાની કચેરી અમદાવાદ ખાતે નવરંગપુરા વિસ્તારમાં આવેલા શ્રીમાળી સોસાયટીના ભાડે મકાનમાં આવેલી હતી. ત્યારબાદ ત્યાંથી ઐતિહાસિક દફતર કચેરી ટાઉનહોલની પાસે આવેલા ભો. જે. વિદ્યાભવનના પુસ્તકાલયની સામે ખસેડવામાં આવી, પરંતુ વૈજ્ઞાનિક ઢબના મકાન બાંધવાની કામગીરી પ્રાથમિક અને અગત્યની જરૂરી બનતા ગાંધીનગર મુકામે 3જી મે 1973ના રોજ દફતર ભંડાર ભવન બાંધવાનો નિર્ણય લેવાયો હતો. અને 28મી ડિસેમ્બર, 1978ના રોજ સેક્ટર 17માં આવેલા ગુલાબ ઉદ્યાનની બાજુમાં અને નવા સચિવાલયની સામે દફતર ભંડાર ભવનના ખાતમૂહર્તની વિધિ કરવામાં આવી હતી. આ ભવનના નિર્માણ અર્થે સરકારશ્રી તરફથી 34 લાખ નાણારાશીના અનુદાનની જોગવાઈ મંજૂર થઈ. આ ભવનનો વહીવટી વિભાગ તૈયાર થતા ખાતાની વડી કચેરી અમદાવાદથી ગાંધીનગર ખાતે 1લી મે 1981થી ખસેડવામાં આવી હતી.

સમય જતાં ગુજરાત રાજ્ય દફતરભંડાર ખાતાંની પ્રશસ્ત કામગીરીનો વિકાસ વેગવંતો બન્યો. તેની સાથે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભૂતપૂર્વ સ્થાનિક પ્રશાસન તેમજ બ્રિટિશ સરકાર તથા સ્વાતંત્ર સંગ્રામને લગતા દફતરો વેરવિખેર સ્થિતિમાં હતા. તે તમામ દફતરોને એકત્રિત કરીને તેને ત્રણ વર્તુળ દફતર કચેરીમાં વર્ગીકૃત કરી તેની નીચે વિભિન્ન જિલ્લાની દફતર કચેરીઓને તાબા નીચે મૂકવામાં આવી હતી તથા તેના ક્ષેત્રાધિકાર નીચે આવતા જિલ્લાઓના દફતરોની યોગ્ય જાળવણી અને વહીવટ કરવા અંગે પૂર્વ નિર્ધારિત કામગીરીઓ સોંપવામાં આવી હતી. આ ખાતાની ત્રણ વર્તુળ કચેરીઓ અને તેને સોંપવામાં આવેલી કામગીરી અંગે સમાવેશ કરાયેલા જિલ્લાઓની વિગતો આ મુજબ છે. ઉત્તર વર્તુળ, અમદાવાદમા ંઅમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, ખેડા(નડિયાદ), સાબરકાંઠા,

*બનાસકાંઠા, આણંદ, પાટણ, દક્ષિણ વર્તુળ વડોદરામાં વડોદરા, ભરૂચ, પંચમહાલ, સુરત, વલસાડ, ડાંગ, નવસારી, નર્મદા, દાહોદ તેમજ પશ્ચિમ વર્તુળ રાજકોટમાં રાજકોટ, ભાવનગર, અમરેલી, જામનગર, જૂનાગઢ, પોરબંદર, કચ્છ, સુરેન્દ્રનગર.*

*ઉપરોક્ત વર્તુળના તાબા હેઠળ આવેલી ગુજરાતની વિવિધ દફતર કચેરીઓમાં દેશી રિયાસતો,થોડું ઘણું બ્રિટિશ હકુમત તથા ગુજરાતની આઝાદીની ચળવળને લગતા ઐતિહાસિક દફતરોના સ્વરૂપે ફાઈલો, વહીવટી ચોપડાઓ, સ્ટેટ ગેઝેટો, રિયાસતના વાર્ષિક વહીવટી અહેવાલો, હસ્તપ્રતો, પત્રિકાઓ, ફરમાનો, સમાચારપત્રો, નકશાઓ, પ્લાનો, ફોટોગ્રાફ્સ અને એક સદીથી પણ જૂના ઐતિહાસિક પુસ્તકો દફતરોના સ્વરૂપે સંગ્રહિત છે. જે ગુજરાત રાજયના ભવ્ય ભૂતકાળની ગૌરવગાથાને જીવંત રાખે છે કે જેણે ગુજરાતના ઈતિહાસને વધારે પ્રમાણભૂત અને ચોકકસાઈ વ્યક્ત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. પૂર્વ ગુજરાતનાં દેશી રજવાડાંઓ જેવા કે છોટા ઉદેપુર, દેવગઢ બારિયા, સંતરામપુર, સંજેલી, જાંબુઘોડા, લુણાવાડા તથા રાજપીપળા, લીંબડી, પાલિતાણા, વાંકાનેર, ગોંડલ વગેરેના જૂના દફતરો જે તે સ્થાનિક મામલતદારની કચેરીમાં સંગ્રહિત છે જયારે સૌરાષ્ટ્રની ભૂતપૂર્વ પ્રથમ અને દ્વિતીય વર્ગની દેશી રિયાસતોના દફતરો અનુક્રમે જામનગર, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર તથા રાજકોટની જિલ્લા દફતર કચેરીઓમાં જે-તે દેશી રજવાડાઓનું દફતર સંગ્રહિત છે.*

*ખાનગી દફતરો, ઈનામદારો, વતનદારો, તાલુકદારો, જાગીરદારો, ગીરાસદારો તથા અગાઉના દિવાનો, વહીવટદારો, કારભારીઓ તથા રિયાસતી કર્મચારીઓ પાસેથી પ્રાપ્ત કરેલા ઐતિહાસિક દફતરો પણ આ અભિલેખાગાર કચેરીઓમાં સંગ્રહિત છે. ગુજરાતના મુઘલ બાદશાહો, પેશ્વા, ગાયકવાડ અને બ્રિટિશ રાજ્યો સમયના જાગીર અને વાડી, વજીફા અપાયેલા તથા સનદો, ફરમાનો વગેરેને લગતા દફતરો ઘણા લોકોના ખાનગી કબજામાં છે. તદ્દુપરાંત બારોટો, ચારણો, ભાટ લોકોના વહીવંચા તરીકે કાર્ય કરતા તેના ચોપડા પણ દફતરના સ્વરૂપે સંગ્રહિત છે.*

### (ખ) તમારી પ્રગતિ ચકાસો

**(1) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. *અશોક શિલાલેખ જૂનાગઢમાં મૌર્ય સમ્રાટ અશોક, શકક્ષત્રપ રુદ્રદામન અને ગુપ્ત રાજા ____________ લેખો કોતરાવ્યાછે.*
2. *ઈ.સ.1821માં અંગ્રેજોએ ____________ માં અભિલેખાગારની સ્થાપના કરી હતી.*

3. સોલંકી કાળમાં દફતર ખાતાને ___________ કહેવામાં આવતુંહતું.
4. ગુજરાત રાજ્યમાં અભિલેખાગાર કચેરી ઈ.સ. ___________ શરૂ થઈ હતી.
5. અભિલેખાગાર કચેરી અમદાવાદથી ગાંધીનગર ઈ.સ. ___________ માં ખસેડવામાં આવી હતી.

(2) ગુજરાતમાં દફતર પ્રવૃત્તિ વિષે નોંધ લખો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 5.4 સારાંશ

આધાર સાધન સામગ્રી એ ઈતિહાસ લખવા માટે અનિવાર્ય આવશ્યકતા છે. ટૂંકમાં આધાર નહિ તો ઈતિહાસ નહિ. આ પ્રકારની સામગ્રી ત્રણ સ્વરૂપની હોય છે. પરંપરાગત, પુરાવશેષ અને લિખિત સામગ્રી, ભારતમાં ઈતિહાસની ખૂટતી કડીઓ મેળવવામાં આત્રણેય પ્રકારની સામગ્રી ઓછા વત્તા અંશે ઉપયોગી બને છે. પરંપરાઓ લોકમુખે રમતી હોય, કંઠોપકંઠ પદ્ધતિએ પેઢી દર પેઢી સચવાતી રહેતી હોય છે. ક્યારેક આ વાચિક સામગ્રી લિપિબદ્ધ પણ બને છે. લિખિત સામગ્રી સાહિત્યિક સામગ્રી તરીકે ઓળખાય છે. આ સામગ્રી મુખ્યત્વે કાગળ પર લખાયેલી કે છપાયેલી અન્યથા મુદ્રિત થયેલી હોય છે. જે પછીથી દફતરમાં સચવાઈ રહે છે અને આવા દફતરોનું રક્ષણ, સંવર્ધન અને સાચવણી અભિલેખાગારમાં થાય છે.

## 5.5 ચાવીરૂપ શબ્દો

1. દસ્તાવેજ - અક્ષરો, લખાણ, આકૃતિ, ચિન્હ એક કે એકથી વધારે પદાર્થ ઉપર કોઈ બાબત દર્શાવી કે વર્ણવી હોય અને તેનો ઉપયોગ પુરાવા રૂપે કરવામાં આવે તેવા સ્ત્રોતને દસ્તાવેજ કહે છે.
2. દફતર - દસ્તાવેજોના સમૂહને દફતર કહેવામાં આવે છે.
3. બિનસરકારી- સરકારી તંત્રમાં સેવા ના આપતું હોય અથવા જે સરકારી નથી તેવું.
4. સરકારી-બંધારણ દ્વારા નક્કી કરેલા નિયમો મુજબનું વ્યવસ્થાતંત્ર.

5. *અભિલેખાગાર-દફતરોની વૈજ્ઞાનિક ઢબે સાચવણી, ગોઠવણી અને સંવર્ધન કરતી સંસ્થા એટલે અભિલેખાગાર.*
6. *સંગ્રહાલય- એવી જગ્યા કે જ્યાં પ્રાચીન સમયના દસ્તાવેજો, વસ્તુઓ, હથિયારો વગેરે સાચવવામાં આવે છે તેને સંગ્રહાલય કહેવામાં આવે છે.*

## 5.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (1) 1. *નિલપીત* 2. *અક્ષપટલ* 3. *ઓલાઈ* 4. 1574 5. *દિલ્હી*

(2) 5.2 *ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

*(ખ)* (1) 1. *સ્કંદગુપ્તે* 2. *મુંબઈ* 3. *મહાક્ષપદલિકા* 4. 1971 5. 1981

(2) 5.3*ના તમામ મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

## 5.7 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *આધુનિક યુરોપમાં સૌપ્રથમ ક્યા દેશમાં દફતર પ્રવૃતિની શરૂઆત થઈ હતી?*

   (A) *ઈંગ્લેન્ડ* (B) *જર્મની*

   (C) *ફ્રાન્સ* (D) *ઈટાલી*

2. *બૌદ્ધ સંઘની ધાર્મિક સંગીતીઓમાં જે ઠરાવ પસાર કરવામાં આવતો તેનું સભામાં કેટલી વાર વાંચન કરવામાં આવતું હતું ?*

   (A) *બે* (B) *ત્રણ*

   (C) *ચાર* (D) *પાંચ*

3. *'વૃત્તાંત અને શાહી ફરમાનોનું સંગ્રહ સ્થાન એટલે નીલપિત' આ વ્યાખ્યા કોને આપી છે ?*

   (A) *વિલિયમ સ્મિથ* (B) *મોનિયર વિલિયમ્સ*

   (C) *વિલિયમ જોન્સ* (D) *કોઈ પણ નહી*

4. *મૌર્ય સામ્રાજ્યમાં દફતર ખાતું ક્યા નામે ઓળખાતું હતું ?*

   (A) *રોઝકર્દ* (B) *પ્રમાણ*

   (C) *લિખિતા* (D) *અક્ષપટલ*

5. દફતર ભંડાર માટે 'લિખિતા'' શબ્દ નીચેનામાંથી ક્યા ગ્રંથમાં વાપરવામાં આવ્યો છે ?

(A) પંચતંત્ર (B) શુક્રનીતિસાર

(C) અર્થશાસ્ત્ર (D) એકપણ નહી

6. વિજયનગર સામ્રાજ્યમાં આવેલા ક્યાં વિદેશી પ્રવાસીએ દફતર કચેરી વિષે નોંધ કરી હતી ?

(A) ડોમીગો પાયસ (B) અબ્દુર રઝાક

(C) નિકોલો કોન્ટી (D) બર્નીયર

7. મુઘલ સામ્રાજ્યમાં અકબરના સમયમાં દફતર ખાતું ક્યાં સ્થળે કાર્યરત હતું ?

(A) દિલ્લી (B) આગ્રા

(C) ફતેહપુર સિકી (D) દૌલતાબાદ

8. બ્રિટિશ શાસનનો સૌથી જૂનો દસ્તાવેજ જે 26 જુલાઈ 1630નો છે તે ક્યાં સચવાયેલો છે ?

(A) પુના દફતર ભંડાર (B) મુંબઈ દફતર ભંડાર

(C) રાષ્ટ્રીય અભિલેખાગાર (D) કોઈપણ નહીં

9. સોલંકીકાળમાં ગુજરાતમાં કેટલા વહીવટી વિભાગો હતા ?

(A) 32 (B) 33

(C) 34 (D) 35

10. ગુજરાતમાં દફતર ભંડાર પ્રવૃત્તિને વર્ગીકૃત કરીને કેટલા વર્તુળોમાં વહેંચવામાં આવી છે ?

(A) ત્રણ (B) ચાર

(C) પાંચ (D) છ

જવાબો: (1 - C ), (2 - B), (3 - B), (4 - D), (5 - B), (6 - B), (7 - C), (8 - B), (9 - A), (10 - A)

## 5.8 સ્વાધ્યાય

1. *ભારતમાં દફતર પ્રવૃત્તિનો ઈતિહાસ જણાવો.*

2. *ભારતમાં દફતર પ્રવૃત્તિનો વિકાસ ચર્ચા કરો.*

3. *ગુજરાતમાં દફતર ભંડાર પ્રવૃત્તિ વિષે વિસ્તૃત માહિતી આપો.*

## 5.9 સંદર્ભો


1. *ગોહિલ મયુરસિંહ બી. "સૌરાષ્ટ્રના અભિલેખાગારો : એક અધ્યયન", અપ્રકાશિત પીએચ. ડી. મહાશોધ નિબંધ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, જુલાઈ-* 2015.
2. *જમીનદાર (ડૉ.) રસેશ. "દફતર વિદ્યાની વિભાવના" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1982.
3. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "ભારતમાં દફતરોનો વિકાસ અને ઉપયોગિતા." ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2001.
4. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. "દફતર વહીવટ, સંચાલન અને દફતર ભંડારની સહાયક સંસ્થાઓ." અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2004.
5. *દેસાઈ (ડૉ.) પંકજ ઠાકોરભાઈ. ઈતિહાસ સંસ્કૃતિની સાધન સામગ્રી અને પુરાવસ્તુવિદ્યા' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2005.

6. *ધારૈયા, (ડૉ.) રમણલાલ કે.,"ઐતિહાસિક પદ્ધતિ" અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ,* 1974.
7. *પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ગુજરાત રાજ્ય દફતર ભંડાર સંક્ષિપ્ત પરિચય પુસ્તિકા" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,* 1982.
8. *પંડયા (ડૉ.) ચંદ્રકાંત બી. "ભારતમાં દફતરવિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત" ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,* 1983.
9. *મહેતા (ડૉ.) રમણલાલ. "ઈતિહાસની વિભાવના" ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1982.
10. *શાહ નયનાબહેન. "ઈતિહાસઃ અર્થ અને મહત્વ", અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1999.
11. *શાસ્ત્રી નંદલાલ હરિપ્રસાદ, 'ભારતમાં મ્યુઝિયમ' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1984.
12. *"ઈતિહાસ સંશોધનમાં દફતરોનું મહત્વ" નિયામકશ્રી, ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતું, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,* 1983.

# એકમ : 6 દફતરના ઉપયોગ અંગેના કાયદાઓ અને સંશોધનમાં તેનું મહત્વ

**:: રૂપરેખા ::**

**6.0 ઉદ્દેશ્યો**

**6.1 દફતરના ઉપયોગ અંગેના કાયદાઓ અને સંશોધનમાં તેનું મહત્વ**

**6.2 ભારતમાં શરૂઆત**

**6.3 ચાવીરૂપ શબ્દો**

**6.4 તમારી પ્રગતિ ચકાસો**

**6.5 સંદર્ભ ગ્રંથો**

## 6.0 ઉદ્દેશ્યો

- *ઐતિહાસિક રેકોર્ડ-દફતરો ખોટી રીતે નાશ થતા અટકાવવા તે સમજ કેળવવી. તે માટે કાયદાની જરૂરિયાત.*
- *દફતરો-દસ્તાવેજોને યોગ્ય રીતે સાચવી-સંશોધન માટે ઉપયોગી બનાવી શકાય.*
- *સંશોધકોને પ્રોત્સાહન તથા સાચું સંશોધન કાર્ય થઈ શકે તે હેતુ.*
- *સંશોધન નિયમો-કાયદાઓથી સંશોધકોને દફતરો ઉપલબ્ધ કરાવી શકાય. વ્યવસ્થા પૂરી પાડી શકાય.*
- *સંશોધકો પોતાનો દેશ, રાજ્ય, સમાજ, વહીવટ વગેરેનો ઈતિહાસ જાણે અને સાચી રીતે રજૂ કરી શકે.*
- *કાયદાકીય રક્ષણથી જ મોટાભાગનો રેકોર્ડ સાચવી શકાય તેમ છે તેમજ બિનજરૂરી રેકોર્ડ નાશ કરી શકાય છે.*

## 6.1 દફતરના ઉપયોગ અંગેના કાયદાઓ અને સંશોધનમાં તેનું મહત્વ

*માનવ પ્રવૃત્તિ જ્યારે મર્યાદિત હતી ત્યારે અભિલેખો-દસ્તાવેજોની સંખ્યા પણ સીમિત હતી. જ્ઞાન કે માહિતીને સાચવવાના સાધનો અસ્તિત્વમાં ન હતા, ત્યારે કંઠોપકંઠ પદ્ધતિએ ભારતમાં જ્ઞાન કે માહિતી સચવાતા હતા. માનવ સ્મૃતિમાં જ્ઞાન-માહિતી સુરક્ષિત રહેતા હતા, પણ તેની મર્યાદા હતી. જ્ઞાન-વિજ્ઞાનની ક્ષિતિજો જેમ જેમ વિસ્તરતી થઈ અને*

માહિતીની માત્રા વધતી ગઈ તેમ તેમ તેનો વ્યાપ-વિસ્તાર વધતાં ગયા. જ્ઞાન સંઘરવાના સાધનો ક્રમશઃ શોધાતા ગયા અને વિનિયોગ વધતો ગયો.

લેખનકળાના વિકાસ સાથે તેના સાધનો-માધ્યમો પણ વિકસતા ગયા, તેમ કરતાં કરતાં કાગળની લેખન-માધ્યમની તરીકેની શોધે ક્રાંતિકારક પરિવર્તન આણ્યું અને વ્યાપક ઉપયોગ શરૂ થયો. જાહેર વહીવટ, શાસન-પ્રશાસનમાં કાગળનો ઉપયોગ શરૂ થયો તે સાથે જ તેને સાચવવા-જાળવવા વગેરે પદ્ધતિઓ પણ વિક્સવા માંડી. લખવાની શાહીના પ્રકારો પણ વિક્સતા ગયા. છાપકામ-પ્રિન્ટીંગ, ટાઈપીંગ વગેરેનો વિકાસ થયો. એ રીતે દુનિયાભરમાં કાગળનો દફતરો તરીકે ઉપયોગ વ્યાપક બન્યો.

સમય જતાં દફતરો-કાગળોનો જથ્થો દેશોમાં વધતો ચાલ્યો. વહીવટકર્તા, શાસકો માટે આ એક સમસ્યા બનતી જતી હતી. પરિણામે તેના ઉપાય તરીકે આડેધડ ઘણીવાર મહત્વના દસ્તાવેજોનો નાશ થતો ગયો. નકામા કે કામના દફતરો પણ સમયે સમયે નાશ થવા માંડ્યા હતા.

અંતે વહીવટકર્તાઓ તેમજ ખાસ કરીને તેનો અભ્યાસકર્તાઓ, ઈતિહાસમાં રસ ધરાવતાં સંશોધકો તેમજ કેટલાક દીર્ઘદ્રષ્ટિ ધરાવતા શાસકો અને રાજ્યોએ આ સમયાતિત દફતરોનું મહત્વ, તેનો ઉપયોગ અને ઈતિહાસ સંશોધનનું મહત્વના સાધન તરીકેનું મહત્વ સમજાવા માંડ્યું હતું.

આના કારણે આ કિંમતી દફતરો-રેકોર્ડ સાચવવા અંગેના જરૂરી કાયદાઓની જરૂરિયાત તેમજ તેને સાચવવાની પદ્ધતિઓની જરૂરિયાત શાસકોને સમજાઈ હતી. પરિણામે દુનિયાભરના દેશોમાં દફતરો સાચવવા, નાશ કરવા, કેવી રીતે ઉપયોગ કરવો વગેરે અંગેના કાયદાઓ તેમજ નીતિઓ અસ્તિત્વમાં આવતા ગયા. સલાહ સૂચનો માટે નિષ્ણાતોની કમિટીઓ તથા અભ્યાસ પ્રક્રિયાઓ વગેરે શરૂ કરવામાં આવી અને એ રીતે દુનિયામાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેમજ દરેક રાષ્ટ્રીય કક્ષાએ આવી સમિતિઓ-કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા.

ભારતમાં પણ બ્રિટિશ સમયથી આ પ્રકારના કાયદાઓ, સુધારાઓ, સાચવણી વગેરે અસ્તિત્વમાં આવ્યા હતા. દફતરો સાચવવા માટેની રાષ્ટ્રીય નીતિ, રાષ્ટ્રીય દફતર ભંડારો (નેશનલ આર્કાઈઝ) દરેક દેશોમાં તથા ભારતમાં પણ બન્યા. રાજ્યકક્ષાએ પણ આના અલગ આર્કાઈઝ (દફતર ભંડારો) બનવા માંડ્યા હતા. જેણે આવા દફતરોને સાચવવા તથા સંશોધન-વહીવટીય ઉપયોગી બનાવવા તથા આ માટે જરૂરી કાયદાઓ-નીતિ બનાવવામાં ઉપયોગી થવાનું મુખ્ય કાર્ય હાથ ધર્યું હતું.

## 6.2 ભારતમાં શરૂઆત

*બ્રિટિશ સમયના ભારતમાં સૌ પ્રથમ વર્ષ* 1861*માં રેકોર્ડ કમિટી બનાવવામાં આવી હતી. જેનું કાર્ય સરકારી રેકોર્ડનો અભ્યાસ તેમજ યોગ્ય રીતે રેકોર્ડની જાળવણી અને બિનજરૂરી રેકોર્ડ નાશ અંગેની કામગીરી અંગે ભલામણ કરવાની હતી. એ રીતે રેકોર્ડ અંગે એક સમાન પોલીસી ઘડવાની કાર્યવાહીની સૌ પ્રથમ શરૂઆત થઈ. પ્રથમ રેકોર્ડ નાશનો કાયદો* 1917*માં બન્યો. બાદમાં બ્રિટિશ સરકારે ઠરાવ નં.* 77, 21 *માર્ચ* 1919*ના રોજ જાહેર દફતર અને ખાનગી દફતરની જાળવણી, સાચવણી, ઉપયોગ અને પ્રકાશનના વિષયોમાં સરકારને સલાહ આપવા માટે એક કાયમી સંસ્થા બનાવવી અને તેમાં વિદ્વાનો, ઈતિહાસકારો વગેરેની નિમણૂક કરી. તેની સલાહ, સૂચનો પ્રમાણે રેકોર્ડ અંગેની કામગીરી થાય, સુધારા થાય, પ્રકાશનો થાય અને સંશોધકોને જરૂરી સગવડ મળે તે પ્રમાણે કામગીરી થાય તેવું નક્કી કરવામાં આવ્યું. આ સંસ્થા દર વર્ષે મળી ચર્ચા-વિચારણા પછી સૂચના કરશે તેમ પણ નક્કી થયું.*

*આ સંદર્ભે વર્ષ* 1919*માં 'ઈન્ડિયન રિસ્ટોરીકલ રેકોર્ડ કમિશન'* (I.H.R.C.) *ની રચના કરવામાં આવી હતી અને તેની ભલામણો દ્વારા રેકોર્ડ (દફતરોને) સંશોધન ઉપયોગી બનાવવું, નીતિ નિયમો બનાવવા, જરૂરી રેકોર્ડ નાશ ન થાય તે જોવું અને સંશોધનને યોગ્ય વ્યવસ્થા મળે તે પ્રમાણે સૂચનો થાય છે. તેમજ આ સંસ્થાના સૂચનો-માર્ગદર્શન પ્રમાણે દેશમાં રેકોર્ડ અંગેના કાયદાઓ, સુધારાઓ કરવામાં આવે છે. આના કારણે સંશોધનોમાં વેગ આવ્યો. નવા નવા પ્રકાશનો, હકીકતો પ્રજા સમક્ષ પહોંચવા લાગી. રેકોર્ડ સાચવવા માટેની પદ્ધતિઓ તથા જરૂરી સગવડો ઊભી થવા લાગી. જેના પરિણામે ઐતિહાસિક રેકોર્ડ સચવાવા લાગ્યું છે. યુનાઈટેડ નેશન્સ* (U.N.O.) *ની સંસ્થાઓ જરૂરી માર્ગદર્શન, ફંડ પણ આ માટે વિવિધ દેશોને, આર્કાઈઝને ઉપલબ્ધ કરાવે છે તેમજ ટેકનિકલ સહાય અને નાણાંકીય મદદ પણ આવા કામ માટે સંસ્થાઓને કરવામાં આવે છે.*

*આ બધા પ્રયત્નો છતાં મહત્વનાં પ્રશ્નો ઊભા જ રહે છે કે દફતરો-સંશોધકોને ક્યારે ઉપયોગી બની શકે ?*

*જ્યારે આવા દફતરો યોગ્ય જગ્યાએ, યોગ્ય રીતે સચવાયા હોય તેમજ તેની પદ્ધતિસરની ઓળખ, ગોઠવણી, સંદર્ભ માધ્યમો, રજીસ્ટરો વગેરે ઉપલબ્ધ હોય તેમજ આવા જળવાયેલ દફતરો સંશોધન ઉપયોગી હોય, બિનજરૂરી-નકામા રેકોર્ડ અલગ કરેલ હોય તેમજ સંશોધનોનો સમય ન બગડે, તે રીતે તુરંત ઉપલબ્ધ કરાવી શકાય. આ બધામાં સંશોધકોને*

ઉપયોગી બને તેવા જાણકાર, અનુભવી તેમજ યોગ્ય અભ્યાસ-ડિગ્રી ધરાવનાર સ્ટાફ-કર્મચારી-અધિકારીઓ ઉપલબ્ધ હોય તે જરૂરી બને છે.

આર્કાઈઝ (દફતર ભંડારોમાં) આ માટે વિવિધ પદ્ધતિઓ અમલમાં લાવવામાં આવે છે. આ માટે જરૂરી વહીવટીય હુકમો, સુધારાઓ ઘડવામાં આવે છે. દફતરોના ઉપયોગ અંગેના વિવિધ સુધારાઓમાં પોલીસીઓમાં,

1. દફતરોનું વર્ગીકરણ કેવી રીતે કરવું
2. નકામાં દફતરોનો નિકાલ કેવી રીતે કરવો
3. દફતર નાશ અંગેનો કાયદો
4. દફતરોની ઓળખ, લીસ્ટીંગ, ઈન્ડેક્સ, નોંધણી રજીસ્ટરો
5. દફતરોની મોજણી
6. દફતર કેન્દ્રીયકરણ
7. સંદર્ભ સૂચિઓ, મૂલ્યાંકન
8. સંશોધન અને સંદર્ભ સેવાઓ-તે માટેના નિયમો-કાયદાઓ
9. દફતરોની સાચવણી-મરામત પદ્ધતિઓ
10. દફતર સાચવવાની વ્યવસ્થા- દફતર ખંડ, ગોઠવણી, અગ્નિશામક વ્યવસ્થા, વાતાવરણ-અનુકૂળતા વગેરે
11. જરૂરી જાણકાર કર્મચારીઓ-અધિકારીઓની નિમણૂંક, તાલીમ, અભ્યાસ વગેરે
12. ફાઈલીંગ પદ્ધતિ વગેરે અંગેની સમાન નીતિઓ, સુધારાઓ, ઠરાવો, નિયમો ભારત સરકાર, રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં પણ તેના ઠરાવ નં.આર.બી.આર./2.1076-3715/5 તા.પ્ર.જાન્યુ.1977 થી ગુજરાત ઐતિહાસિક સંશોધન નિયમો બહાર પાડવામાં આવ્યા છે અને તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. વખતો-વખત જરૂરી સુધારા-વધારા થતા રહે છે. આ નિયમોમાં સંશોધકે કેવી રીતે અરજી કરવી, પરવાનગી મેળવવી, જરૂરી ફી, મંજૂરી વગેરે અંગે નિયમો દર્શાવવામાં આવ્યા છે. સંશોધન કાર્ય અંગે પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યા છે.

1. આ સંશોધન નિયમોથી સંશોધકો કોઈપણ વહીવટીય મુશ્કેલી વગર જે-તે સ્થળે બેસી સંશોધન કાર્ય કરી શકે છે. સંસ્થાએ તેની જરૂરિયાત પ્રમાણે ઉપલબ્ધ દફતરો જોવાની વ્યવસ્થા કરાવી આપવી ફરજિયાત છે. આ નિયમોથી સૌથી મોટો ફાયદો સંશોધકોને એ થાય છે કે સંશોધકને જરૂરી સગવડ મળી રહે છે.

2. સંશોધકનું સંશોધન દસ્તાવેજ આધારિત હોવાથી તેનું સંશોધન કાર્ય મહત્વનું અને સ્વીકાર્ય બને છે.
3. સંશોધનની આધારભૂતતા સક્ષમ બને છે.
4. કોપીરાઈટ વગેરે જેવા કાયદાઓ અથવા કનડગતથી સંશોધકને રક્ષણ મળી રહે છે.

આજે આના કારણે દુનિયાભરમાં અભ્યાસુઓ, સંશોધન કાર્ય કરી રહ્યા છે અને નવી નવી બાબતો, ઐતિહાસિક હકીકતો બહાર લાવી રહ્યા છે. દેશના તેના સાચા ઈતિહાસ તથા સંસ્કૃતિથી, આવા સંશોધનોથી સામાન્ય લોકો પરિચિત બની શકે છે અને આધારભૂત જાણકારી સામાન્ય લોકોને પણ મળી રહે છે. અનેક ગ્રંથો, પુસ્તકો આવા સંશોધનોથી બહાર પડી રહ્યા છે. ઐતિહાસિક નિયમો ધરાવતી ફિલ્મો માટે પણ આવા સંશોધકો-સંશોધનો ઉપયોગી બની રહ્યા છે.

ગુજરાત રાજ્યમાં પણ આપણો ઐતિહાસિક વારસો તેમજ ઈતિહાસ માટે ઉપયોગી દફતરો સંગ્રહાયેલ છે. તેનો એક પરિચય પણ ઉપયોગી છે. ગુજરાત રાજ્ય દફતર ભંડારમાં ગાયકવાડ સરકારના દફતરો-દસ્તાવેજો, કોલ-કરારો, સૈન્ય, નાણાંકીય વ્યવહારો વગેરે સંગ્રહાયેલ છે. એ ઉપરાંત રાજકોટ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર, બ્રિટીશ એજન્સી વગેરે રજવાડાઓના દફતરો તેમજ પુસ્તકો સંગ્રહાયેલ છે. જે સંશોધકોને ઉપયોગી બને છે. ઓન-લાઈન માહિતીથી અને સંગ્રહાયેલ વિગતો સંશોધકો મેળવી શકે છે અને સંશોધન કાર્ય કરી શકે છે.

દફતરોના ઉપયોગ અંગેના કાયદાઓ, નીતિઓ ઉપયોગી બને તે માટે ગુજરાત સરકાર દ્વારા 21 એપ્રિલ 1981ના ઠરાવ ક્રમાંક 79032(80) થી આર્કીવલ પોલીસી રેઝોલ્ટશન બનાવી રાજ્યના સચિવાલયના વિભાગો, રાજ્ય સરકારી કચેરીઓ, ખાતાઓ, હસ્તકના રેકોર્ડની વ્યવસ્થિત સાર સંભાળ, જાળવણી અને વ્યવસ્થા અંગેની જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે તેમજ કાયમી પ્રકારના નોન કરન્ટ રેકોર્ડ અંગેની વ્યવસ્થા તેમજ દફતર ભંડારમાં ટ્રાન્સફર કરવા અંગેની પદ્ધતિ તેમજ નિયમો કરવામાં આવ્યા છે અને આ નોનકરન્ટ કાયમી પ્રકારનું રેકોર્ડ દફતર ભંડારમાં સાચવી, સંશોધન માટે ઉપલબ્ધ કરાવી આપવા મહત્વની પોલીસી ઘડવામાં આવી છે. જે દફતરો સંશોધકો મેળવી સંશોધન કરી શકે છે. એ રીતે આના કાયદાઓ, પોલીસીઓ વગેરેનું સંશોધન માટે ખૂબ જ ઉપયોગી બને છે. રેકોર્ડ (દફતરો)નું સંશોધન મહત્વ અને મહત્વના દફતરો નાશ થતાં અટકાવવા તે માટેના કાયદાઓનું કેટલું મહત્વ છે. તેનું એક ઉદાહરણ મહત્વનું છે.

*ભારતની આઝાદીના મહત્વના ઈતિહાસના પ્રકરણમાં-બ્રિટનમાં લેબર સરકાર સત્તા ઉપર આવતા, ચૂંટણીઓમાં તે પક્ષના વાયદા પ્રમાણે ભારતને આઝાદી આપવાનું નક્કી કરવામાં આવ્યું. એટલી સરકારે આ પ્રક્રિયાના ભાગરૂપે વાઈસરોય તરીકે 'વોવેલ'ના સ્થાને માઉન્ટબેટનને આખરી નિર્ણય લેવા વાઈસરોય તરીકે મોકલ્યા હતા.*

*માઉન્ટબેટને આવતાંની સાથે આ પ્રક્રિયા શરૂ કરી હતી. પરંતુ સત્તા કોને સોંપવી અને તે માટેની સર્વ સંમતિ જેવા અઘરા મુદ્દે અંતે યોગ્ય નિર્ણય લેવાતા, તાત્કાલિક* 15 *ઓગસ્ટ* 1947 *સુધીમાં દેશના ભાગલા કરી સત્તા સોંપવાનું જાહેર કર્યુ હતું.*

*માઉન્ટબેટને સત્તા સોંપણીની સાથે સૌથી પહેલું કાર્ય તમામ રેકોર્ડ-દસ્તાવેજોનો નાશ કરવાનો-બાળી નાંખવાનો નિર્ણય લીધો હતો. આ સમાચાર જવાહરલાલ નહેરુને મળતા, તાત્કાલિક માઉન્ટબેટનની મુલાકાત લઈ ભારતના ઈતિહાસના સૌથી મહત્વના આ પુરાવાઓ-રેકોર્ડ નાશ ન કરવા અને હુકમ રદ કરવા વિનંતી કરી હતી. રેકોર્ડ નાશના કાયદાની પ્રોસીજર-પદ્ધતિ અપનાવવા પણ વિનંતી કરી હતી. ઝીણાએ પણ આ અંગે આવું નહીં કરવા વિનંતી કરી હતી, નહેરૂએ આ રીતે રેકોર્ડ નાશ કરવાથી ભારતની પેઢી ભારતના સાચા ઈતિહાસ-સંશોધનથી અલિપ્ત થઈ જશે એ સમજાવ્યું. અંતે માઉન્ટ બેટનને પણ આ વાત સમજાઈ હતી; પરંતુ રજવાડાંઓના ખાનગી રેકોર્ડ કે જે ખૂબ જ વિવાદાસ્પદ હકીકતોથી ભરેલું હતું તેની વ્યવસ્થા અંગે અંતે આ પ્રશ્ન-'ઈમ્પીરીઅલ રેકોર્ડ ડિપાટમેન્ટ'ને સોંપવાનું અને તેના દ્વારા રેકોર્ડ નાશના ઍક્ટ પ્રમાણે રેકોર્ડની વ્યવસ્થા કરવી, રેકોર્ડની ચકાસણી કરવી વગેરે નક્કી કરવામાં આવ્યું. નિષ્ણાતોની કમિટી નિમવામાં આવી. પરિણામે આ સૌથી મહત્વનું રેકોર્ડ, દસ્તાવેજો, પોલિટીકલ ડિપાર્ટમેન્ટ અને ક્રાઉન રેકોર્ડની વ્યવસ્થા કરવામાં આવી અને નાશ થતું અટકાવવામાં આવ્યું અને આજે સૌથી મહત્વનું સંશોધન-દફતર ભારત અને બ્રિટનમાં સંગ્રહવામાં આવ્યું છે. જે સંશોધકો અભ્યાસ કરી શકે છે.*

*આ પ્રસંગ દફતર અંગેના કાયદાઓ કેટલા મહત્વના છે અને સંશોધનમાં તેનું શું મહત્વ છે તેનું સૌથી મોટું ઉદાહરણરૂપ છે.*

## 6.3 ચાવીરૂપ શબ્દો

(1) *સંશોધન*

(2) *સંશોધક*

(3) *આર્કીવલ પોલીસી રેઝોલ્યુશન*

(4) *ઈન્ડિયન રિસ્ટોરીકલ રેકોર્ડ કમિશન* (IHRC)

(5) *રેકોર્ડ નાશનો કાયદો*

(6) *દફતર વ્યવસ્થા, જાળવણી અને સંરક્ષણ*

## 6.4 તમારી પ્રગતિ ચકાસો

1. *સમયાતિત રેકોર્ડ એટલે શું ?*

2. *દફતરો-સંશોધનમાં કેવી રીતે ઉપયોગી છે ?*

3. *સંશોધન કાર્ય - પ્રક્રિયા - મહત્વ*

4. *દફતર નાશનો કાયદો શા માટે ઉપયોગી છે ?*

5. *દફતર ભંડારો-સંશોધનમાં વધુ ઉપયોગી બની શકે તે માટેના સૂચનો.*

## 6.5 સંદર્ભ ગ્રંથો


1. *ગુજરાત ઐતિહાસિક સંશોધન નિયમો, ગુ.રા.દ.ભં.*
2. *ગુ.રા.દ.ભં. સંક્ષિપ્ત પરિચય મૂલવવા* 1989
3. Public Record Actp 1993
4. The Indian Archives, Jan. Dec. 1997, N.A.I.
5. *આર્કીવલ પોલીસી રેઝોલ્યુશન-પુસ્તિકા, ગુ.રા.દ.ભંડાર, ગાંધીનગર*
6. *દફ્તરવિદ્યાની વિભાવના, ડૉ. રસેશ જમીનદાર, ગૂજરાત વિદ્યાપીઠ*
7. Integration of The Indian States, by V.P. Menon P.74, 89, 90, 91

# એકમ : 7 ભારતમાં દફતર કાનૂનનો ઈતિહાસ ને ઉપયોગ તથા મહત્ત્વ

**:: રૂપરેખા ::**

**7.0** ઉદ્દેશ્યો

**7.1** પ્રસ્તાવના

**7.2** દફતર કાનૂન-કાયદો કરવા અંગેની પહેલ તથા પ્રયત્નો

**7.3** કાનૂન માટે નીમવામાં આવેલ તારાચંદ કમિટી

**7.4** ગુજરાત રાજ્યમાં દફતર કાનૂન અંગેની સ્થિતિ

**7.5** દેશમાં દફતરો અંગેની સ્થિતિ અને કાનૂન અંગેની છેલ્લી સ્થિતિ

**7.6** ચાવીરૂપ શબ્દો

**7.7** તમારી પ્રગતિ ચકાસો

**7.8** સંદર્ભ ગ્રંથો

## 7.0 ઉદ્દેશ્યો

1. *સમયે સમયે વહીવટ માટે તેમજ ઈતિહાસકારોને આ સમયાલીન દફતરોની કિંમત સમજાવા માંડી હતી. ભૂતકાળની ઘટનાઓ-માહિતી તથા માર્ગદર્શક સુધારા-નીતિ વગેરે આ દફતરોમાંથી જ પ્રાપ્ત થતું હતું. પરંતુ આવા કિંમતી દફતરો સમયે સમયે નાશ પામતા હતા; પરિણામે સમય જતા; શાસકો-વહીવટકર્તાઓ, ઈતિહાસકારોને આનું મહત્ત્વ સમજાતા તેને સાચવવા માટેના ઉદ્દેશ્યથી દફતરોને લગતા કાનૂનોની જરૂરિયાત સમજાઈ અને તેના કારણે જ દફતર કાનૂનો બનવા માંડ્યા.*
2. *રાજ્ય-રાષ્ટ્ર, સંસ્થા કે વ્યક્તિઓના સર્જાતા દફતરોને સાચવવાનાં મુખ્ય ઉદ્દેશ્ય.*
3. *સમ્માનિત દફતરોનું રક્ષણ, જાળવણી વગેરે મુખ્ય ઉદ્દેશ્ય.*
4. *સંશોધકો ઉપયોગ કરી શકે તે માટે જરૂરી કાનૂનો.*
5. *બિન-જરૂરી દફતરોનો સંગ્રહ ન થાય અને નાશ કરી શકાય તે માટે કાનૂનનાં ઉદ્દેશ્ય.*

## 7.1 પ્રસ્તાવના

*દફતરોનું મહત્વ અને તેને સાચવવાની જરૂરિયાતોના સંદર્ભમાં આધુનિક દફતર ભંડાર અને તે માટેનો અલગ વિભાગ સૌ પ્રથમ સને 1790 માં ફ્રાન્સમાં અસ્તિત્વમાં આવ્યા અને ત્યારબાદ બીજા દેશોમાં પણ આ પ્રમાણે દફતર ભંડારોની સ્થાપના થવા લાગી અને તે સાથે દફતરો અંગેની કાયદાઓની જરૂરિયાત પડવા લાગી.આ અન્વયે ઘણા દેશોમાં તે પ્રમાણે દફતર કાનૂન-કાયદા અસ્તિત્વમાં આવ્યા હતા. ઈંગ્લેન્ડમાં સને 1883માં કાયદાથી દફતર ભંડાર અસ્તિત્વમાં આવ્યો. ત્યારબાદ અમેરિકામાં સને 1934માં અને રશિયામાં 1918માં કાયદા અસ્તિત્વમાં આવ્યા હતા.*

*ભારતમાં દફતર ભંડારની સ્થાપના બ્રિટીશ સરકારના હુકમથી 11 માર્ચ, 1891માં થઈ હતી. તેને 'ઇમ્પીરીયલ રેકોર્ડ ઓફિસ'નું નામ આપવામાં આવ્યું અને તેને કલકત્તામાં સ્થાપવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનું દિલ્હીમાં સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું પરંતુ રેકોર્ડ અંગેના કોઈ સ્પષ્ટ કાયદા બન્યા ન હતા.*

*પરિણામે જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ દફતરોનો જથ્થો વધતો ગયો. વહીવટ કર્તાઓને તથા સંશોધકોને પણ આ સમયાનીત દફતરોનું મહત્વ સમજાવા લાગ્યું હતું. ઈતિહાસના સાધન તરીકે દફતરો તેમજ વહીવટમાં તેનો માર્ગદર્શક તરીકેનો ઉપયોગ અંગે સભાનતા કેળવાતા આ કીંમતી રેકોર્ડ સાચવવા અંગેના જરૂરી કાયદાઓની જરૂરિયાત શાસકોને સમજાવા લાગી હતી અને કાયદાના અભાવે થતું નુકસાન ભરપાઈ થઈ શકે તેમ ન હતું.*

*આ બધી સ્થિતિમાં ભારતમાં દફતરોને સાચવવામાં કેટલાક સુધારાઓ-કાયદા ઘડવામાં આવ્યા હતા, પરંતુ તે ખૂબ જ અસંતોષકારક હતા.*

*વર્ષ 1793માં સૌ પ્રથમ સિવિલ અને ફોજદારી કોર્ટના મહેસુલ ખાતાના અને સમાહર્તાના દફતરોની સાચવણી માટેના નિયમો ઘડાયા હતા પરંતુ આ કાયદાઓ ખૂબ જ અધૂરા અને સત્તા સિવાયના હતા. પરિણામે દેશમાં ખૂબ જ પ્રમાણમાં રેકોર્ડનો ભરાવો થઈ ગયો હતો. પરિણામે આ કાયદાને પુનઃ ઈ.સ. 1873 માં સુધારવામાં આવ્યા હતા.*

*આ સિવાયના સરકારના અન્ય ખાતાંઓ માટે અને રેકોર્ડની વ્યવસ્થા માટે કેટલાક કાયદાઓ કરવામાં આવ્યા હતા. જેમ કે 1860નો સોસાયટી રજીસ્ટ્રેશન કાયદો, 1908નો ઈન્ડીયન રજીસ્ટ્રેશન કાયદો, 1912નો લાઈફ ઈન્સ્યોરન્સ ઍક્ટ, 1913 નો કંપની એક્ટ,*

એડમિનિસ્ટ્રેશન ઍક્ટ વગેરે. પરંતુ આ કાયદા રેકોર્ડના ખૂબ જ મોટા જથ્થાના અમુક જ ભાગને અસરકર્તા હતા.

વર્ષ 1917 માં સૌ પ્રથમ મહત્વનો કાયદો 'રેકોર્ડ નાશનો ઍક્ટ' બનાવવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે વર્ષ 1917 નો ઍક્ટ કે જે કેન્દ્રના તથા રાજ્યના બધાં ખાતાંઓને આવરી લેતો હતો પરંતુ આ કાયદાની કેટલીક મર્યાદાઓ પણ હતી.

આ કાયદામાં મધ્યસ્થ સરકાર, હાઈકોર્ટ અને રાજ્યોની મહેસૂલી કચેરીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ દફતર ભંડાર ખાતાને કોઈ જ નાશની સત્તા આપવામાં આવી ન હતી. આ કાયદાના આધારે નાશની સત્તાઓ આપવામાં આવી હતી પરંતુ અગત્યની ફાઈલો-કાગળો-રેકોર્ડનો ઈરાદાપૂર્વક નાશ કરવામાં આવે તો, તેની સામે પગલાં લેવાનું કોઈ જ સૂચન કે સત્તા ન હતી. એ રીતે આ રેકોર્ડ નાશનો કાયદો એટલો અસરકારક નીવડી શક્યો ન હતો.

## 7.2 દફતર કાનૂન-કાયદો કરવા અંગેની પહેલ તથા પ્રયત્નો

21 માર્ચ 1919 માં ભારત સરકાર દ્વારા જાહેર દફતર અને ખાનગી દફતરની જાળવણી, સાચવણી ઉપયોગ અને પ્રકાશન બાબતે સરકારને સલાહ આપવા માટે 'ભારતીય ઐતિહાસિક દફતર આયોગ'ની સ્થાપના કરવામાં આવી હતી. સરકાર, સંશોધકો તથા ઈતિહાસકારોને દફતરોના નાશ અંગેની ચિંતા અને સ્થિતિની ગંભીરતા સમજાતા આ આયોગની રચના થઈ હતી. અગત્યના દફતરો નાશ થઈ રહ્યા હતા અને બિનજરૂરી દફતરોનો ભરાવો થઈ રહ્યો હતો. આ સંજોગોમાં દફતરને લગતો કાયદો જરૂરી છે તેમ બધાંને લાગવા માંડ્યું હતું.

આયોગની રચના પછી છેક 1930 માં કમિશનની 13મી બેઠકમાં લેફ ગેરેટ કે જેઓ પણ એક સભ્ય હતા. તેમણે ઈંગ્લેન્ડમાં જે પ્રકારે કાયદો છે તે પ્રમાણે કાયદાનું સૂચન કર્યુ હતું. 1942ની 19મી બેઠકમાં ફરીથી આ પ્રશ્ન ચર્ચાયો હતો અને 1917નો 'રેકોર્ડ નાશ'નો કાયદો પુનઃ સુધારવાનું સૂચન થયું હતું, પરંતુ કમનસીબે સરકારે પુનઃ સુધારવાને બદલે માત્ર સૂચનાત્મક પરિપત્ર બહાર પાડી રેકોર્ડ નાશ કરતી વખતે કાળજી રાખવી તેમ સૂચવ્યું હતું. આ પછીના વર્ષોમાં પણ કાયદાઓનું દબાણ તો ચાલુ જ રહ્યું હતું. આઝાદી બાદ વર્ષ 1949માં ડૉ. એસ.એન. સેનના સૂચનથી સરકાર તરફથી ભલામણ કરવામાં આવી કે ભારત સરકારના બંધારણ (1949) શીડયુઅલ-7ના લીસ્ટ નં.3 ની એન્ટ્રી નં. 6D ની જોગવાઈ આધારે ભારત સરકારને જૂના ઐતિહાસિક નમૂનાઓ, દસ્તાવેજો અને પુરાતત્વ

*વિદ્યાના સ્થળો-અવરોધોને રાષ્ટ્રીય સ્મારકો જાહેર કરવાની સત્તા આપવામાં આવી, પરંતુ આ કાયદામાં દફતર ભંડારની આર્કાઈઝની વ્યાખ્યા તેમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો.*

## 7.3 કાનૂન માટે નીમવામાં આવેલ તારાચંદ કમિટી

*રાજ્યસભાના સભ્ય ડૉ. રઘુવીરસિંઘે 1957માં રાજ્યસભામાં દફતર સાચવણી અંગેનો કાયદો ઘડવા બીલ રજૂ કર્યુ હતું.*

*ડૉ. રઘુવીરસિંઘ રીસ્ટોરીકલ રેકોર્ડ કમિશનના પણ સભ્ય હતા. આ બીલ ચર્ચામાં રજૂ થતા સભ્યોના અનુકૂળ અભિપ્રાયો આવ્યા હતા, પરંતુ કેટલાક વગદાર સભ્યોના સૂચન પ્રમાણે આનું બીલ અભ્યાસ માટે નિષ્ણાત કમિટી રચવાનું નક્કી કરવામાં આવ્યું. પરિણામે તા.19મી ઓગસ્ટ 1959ના રોજ ભારત સરકારે ડૉ. તારાચંદના અધ્યક્ષપદ હેઠળ 'કમિટી ઑફ આર્કીવલ લેજીસલેશન'ની રચના કરવામાં આવી હતી. આ કમિટીએ કાયદો ઘડવાની જરૂરિયાત તપાસવાની હતી અને સુધારા માટે સૂચનો કરવાના હતા. વિવિધ ક્ષેત્રના નિવૃત્ત સભ્યોની નિમણૂક બાદ વર્ષ 1960 માં ડિસેમ્બરમાં તારાચંદ કમિટીએ રીપોર્ટ રજૂ કયો હતો.*

*તારાચંદ કમિટીની ભલામણો જોઈશું તો તેમાં*

1. *દરેક રાજ્યમાં રાજ્ય દફતર ભંડાર (આર્કાઈઝ)ની સ્થાપના કરવી.*
2. *રાજ્ય-કેન્દ્ર સરકારના દરેક ખાતાઓમાં રેકોર્ડ રૂમ તથા જરૂરી સ્ટાફની નિમણૂક કરવી.*
3. *સરકારના ખાતાઓની દફતરો અંગેની વિવિધ કામગીરીઓની દેખરેખ કામગીરી ખાતાના સંકલનથી દફતર ભંડાર ખાતાએ કરવી.*
4. *રેકોર્ડ તપાસવા અંગેના નિયમોની સમાનતા તથા સંશોધનને વેગ આપે તે રીતે સંશોધકોની સગવડને ધ્યાનમાં રાખી કરવા.*
5. *ભારતના બંધારણ લીસ્ટ-3ની એન્ટ્રી નં.40 માં દફતર ભંડારોનો સમાવેશ કરી, કાયદો સુધારવો.*
6. *આ સુધારો ન થાય ત્યાં સુધી મધ્યસ્થ સરકાર અને રાજ્ય સરકારો માટે અલગ કાયદો (આર્કીવલ લૉ) ઘડવો.*

*આમ આ મહત્વની ભલામણો તથા જરૂરિયાત છતાં હજી સુધી 'આર્કીવલ લૉ' ઘડવામાં આવ્યો નહીં. જરૂરી સુધારા-વહીવટી હુકમો બહાર પડ્યા કરે છે. પણ અલગ કાયદો હજી સુધી બહાર પડ્યો નથી.*

## 7.4 ગુજરાત રાજ્યમાં દફતર કાનૂન અંગેની સ્થિતિ

*દેશમાં 'દફતર કાનૂન' લાગુ ન હોવાથી આ સ્થિતિમાં રાજ્યોમાં દફતરોની જાળવણી સાચવણી અને નાશ અંગે, દરેક રાજ્યએ પોતાની રીતે આર્કીવલ પોલીસી બનાવી તેને પોતાના રાજ્યોમાં લાગુ પાડી છે. તેનાથી માર્ગદર્શન જરૂરી કાર્યવાહી કરી શકાય છે. તે પ્રમાણે ગુજરાત સરકારે પણ પોતાના ખાતાઓના રેકોર્ડની જાળવણી માટેના* 21 *એપ્રિલ* 1981*ના ઠરાવ ક્રમાંક દા.સ.* 79032 (80) *થી આર્કીવલ પોલીસી રેઝોલ્યુશન બનાવી રાજ્યના સચિવાલયના વિભાગો- રાજ્ય સરકારી કચેરીઓ-ખાતાઓ હસ્તકના રેકોર્ડની વ્યવસ્થિત સાર સંભાળ, જાળવણી, તેની વ્યવસ્થા અંગેની જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે તેમજ કાયમી પ્રકારના નોન કરન્ટ રેકોર્ડની પસંદગી તેમજ સાચવણી માટે દફતર ભંડાર ખાતામાં વ્યવસ્થા કરવાની નીતિ ઘડવામાં આવી છે તેમજ સરકારી ખાતાઓમાં રેકોર્ડના વર્ગીકરણ માટે જરૂરી રીટેન્શન શીડ્યુઅલ, વર્ગીકરણ યાદી માટે માર્ગદર્શક, નિયમો સા.વ. વિભાગ સચિવાલય દ્વારા બનાવી અમલ કરાવવામાં આવી રહ્યો છે. આર્કીવલ (કાયદાની) જરૂરિયાત દુનિયાભરમાં સ્વીકારાઈ છે. મોટાભાગના આગળ પડતા દેશોમાં આર્કીવલ લૉ ઘણાં વર્ષો અગાઉથી સ્વીકારાઈ ચૂક્યા છે.*

*ભારતમાં આર્કીવલ લૉ ની સૌથી વધુ જરૂરિયાત છે. કારણ કે ભારત હજારો વર્ષોની સંસ્કૃતિ ધરાવે છે. આ સંસ્કૃતિના-ઈતિહાસના ભાગરૂપે અનેક સ્મૃતિઓ, દસ્તાવેજો, સ્મારકો પુરાવાઓ સંગ્રહાયેલ છે.*

*ખાસ કરીને દફતરોના ઉપયોગ અંગેના સંરક્ષણ અંગેના કાયદાની જરૂરિયાતના મહત્વને સમજીએ તો,*

1. *દફતરો ભારતનો ઐતિહાસિક-સાંસ્કૃતિક વારસો છે. માટે તેનું સંરક્ષણ અને ઉપયોગ જરૂરી છે.*
2. *દફતરો સંશોધનનું મહત્વનું સાધન છે.*
3. *ઐતિહાસિક દફતરો સંશોધનના મૂળભૂત-પ્રાથમિક સાધનો છે.*
4. *દફતરો વહીવટીય સુધારા તેમજ માર્ગદર્શન માટે ખૂબ જ ઉપયોગી છે.*
5. *મહત્વના દફતરો નાશ ન પામે તે જોવાની સરકાર-પ્રજાની ફરજો છે.*
6. *દફતરોની યોગ્ય જાળવણી-મરામત કરવી જોઈએ.*
7. *દફતરો યોગ્ય સંસ્થા તાલીમ પામેલ હાથેથી સંરક્ષાય એ જરૂરી છે.*
8. *દફતર કાનૂનના અભાવે મહત્વના દફતરો ગુમ થવા, નાશ કરવા વગેરે પ્રવૃત્તિઓ થતી હોય છે તેને અટકાવવી જરૂરી છે.*

9. બિનજરૂરી દફતરોનો નાશ એ સૌથી મહત્વની કામગીરી છે. દફતર કાનૂન દ્વારા જ આ કાર્યવાહી યોગ્ય રીતે થઈ શકે.
10. દફતરોનું યોગ્ય વર્ગીકરણ જરૂરી છે.
11. દફતરો માટે દફતર ભંડાર (આર્કાઈઝ) જેવી સંસ્થા જ તેનું સંરક્ષણ કરી શકે છે. માટે તેને કાયદાકીય સંરક્ષણ મળવું જોઈએ.
12. દફતર કાનૂન દ્વારા જ સંશોધકોને યોગ્ય દફતર સંશોધન માટે મળી શકે છે.
13. સંશોધકોને તેના હુકમથી સંશોધન સાધનો પ્રાપ્ત થઈ શકે છે.
14. સંશોધન માટે દફતરો યોગ્ય રીતે, યોગ્ય સ્થિતિમાં અને સમય બગાડ્યા વગર તુરત જ મળે એ ખૂબ જરૂરી છે. આ માટે પણ કાનૂન ખૂબ જ ઉપયોગી છે.
15. આવા દફતરોના સંશોધનથી જ પ્રજા તેના ઈતિહાસ-સંસ્કૃતિથી પરિચિત બને છે. માટે જ તેની માવજત અને યોગ્ય હાથોથી સંરક્ષણ જરૂરી છે.
16. બિનજરૂરી દફતરો સાચવવા, યોગ્ય સમયે નાશ ન કરવો, અણઘડ હાથોમાં દફતરોની જાળવણી તેમજ તે માટેનું ખર્ચ વગેરે માટે કાનૂન જરૂરી છે.
17. ઈલેક્ટ્રોનિક દફતરો અને ડિજિટલ દફતરોની કાયદાકીય માન્યતા, સાચવણીના નિયમો વગેરે ખૂબ જ જરૂરી છે.

## 7.5 દેશમાં દફતરો અંગેની સ્થિતિ અને કાનૂન અંગેની છેલ્લી સ્થિતિ

ચાલુ સદીના બીજા ભાગમાં ભારતમાં રેકોર્ડ મેનેજમેન્ટમાં ફાઈલો-દફતરોની સંખ્યા ભરાવો વર્તાયો હતો. જ્યારે આર્કીવલ લેજીસ્ટ્રેશન કમિટી ડૉ. તારાચંદના અધ્યક્ષપદે નીમવામાં આવી, બાદ કમિટીએ રેકોર્ડ-દફતરોની સ્થિતિ અંગે વિગતવાર રીપોર્ટ તૈયાર કરાવ્યો હતો. કમિટીએ આ અંગેના વિગતવાર આંકડા ભેગા કર્યા હતા.

તેઓના એક અભ્યાસ મુજબ વર્ષ 1960માં અંદાજે 290 કિલોમીટર રેક્સ શેલ્ફની લંબાઈ આ રેકોર્ડ રાખવા માટે વપરાઈ હતી અને તે પણ આનો સેન્ટ્રલ ગવર્નમેન્ટના રેકોર્ડની જ સ્થિતિ હતી.

ત્યારબાદ આઠ વર્ષ પછી 1960-69 માં રીપોર્ટ પ્રમાણે શેલ્ફની લંબાઈ 400 કિલોમીટરની જગ્યા રોકાઈ હતી. આ રીપોર્ટ 4થી લોકસભામાં મૂકવામાં આવ્યો હતો. એટલે કે દર વર્ષે સરેરાશ 14 કિ.મી.ની જગ્યા રોકાતી હતી અને ઉમેરાતી જતી હતી.

આ બધી સ્થિતિમાં સમસ્યાની ગંભીરતાના પ્રત્યાઘાત રૂપે તેમજ રજૂઆતો બાદ 1993 માં 'પબ્લિક રેકોર્ડ ઍક્ટ1993' લાવવા સરકાર મજબૂર બની હતી. આ માટે એક કમિશન બેસાડવામાં આવ્યું હતું. ડાયરેક્ટર જનરલ ઑફ આર્કાઈઝ તેના અધ્યક્ષ પદે હતા.

1975 માં અનેક રાષ્ટ્રીય અભિલેખાગારના એક અભ્યાસ મુજબ દિલ્હી, મુંબઈ, મદ્રાસ, કલકત્તામાં એક ફાઈલની જાળવણી માટે જ રૂા.1નો ખર્ચ રોજનો થતો હતો. આ ખર્ચમાં ફાઈલની મરામત વગેરે પ્રક્રિયાઓનો ખર્ચ અલગ.

ભારતમાં બિનજરૂરી રેકોર્ડ નાશ માટેનો 1917 નો કાયદો અસ્તિત્વમાં હતો પરંતુ તે બિલકુલ અસરકારક ન હતો. ફક્ત સ્વૈચ્છિક સૂચનો જ હતા.

છઠ્ઠી લોકસભામાં રેકોર્ડ અંગેનો પહેલો રીપોર્ટ રજૂ થયો હતો. જેમાં આર્કીવલ લૉ બનાવવાની ભલામણ કરવામાં આવી હતી પરંતુ ભારત સરકારે ડિસેમ્બર 1972 માં વચગાળાના ઉપાય તરીકે 'આર્કીવલ પોલીસીરેઝોલ્યુશન પોલીસી બનાવી હતી. જેમાં રેકોર્ડની વ્યવસ્થા, રેકોર્ડ રૂમ, સ્ટાફ, કરન્ટ, નોન કરન્ટ રેકોર્ડ, દરેક વિભાગોમાં રેકોર્ડ રૂમ-સ્ટાફ વગેરે માર્ગદર્શક સૂચનો કર્યા છે.

પરંતુ, આ પોલીસીમાં પણ ફક્ત સૂચનો જ છે. અસરકારક બનાવવા માટે ફરજો અને શિક્ષાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. પરિણામે આજે પણ પરિસ્થિતિ ત્યાંની ત્યાં જ છે.

ડિસેમ્બર 1993માં 'પબ્લિક રેકોર્ડ ઍક્ટ' સરકારે બનાવ્યા છે, પરંતુ આ કાયદો ફક્ત કેન્દ્ર સરકારના વિભાગોને લાગુ પડે છે. રાજ્ય સરકારોને તેનો પોતાનો અલગ આર્કીવલ લૉ બનાવવાનું સૂચવ્યું છે, પરંતુ રાજ્ય સરકારોએ હજી સુધી બનાવ્યા નથી. ગુજરાત સરકારે પણ આવો કોઈ કાયદો બનાવ્યો નથી. ભારત સરકારના આ કાયદામાં પણ ઓડિયો-વિઝયુઅલ આર્કાઈઝ, ટી.વી. આર્કાઈઝ, ડિજિટલ આર્કાઈઝ વગેરે અંગે કોઈ જ ઉલ્લેખ નથી પરિણામે ભારત સરકારે પુનઃ 1997 માં બીજો સુધારો આ લૉમાં બહાર પાડ્યો છે. જેમાં અગાઉ રહેલ ખામીઓ સુધારવામાં આવી છે, પરંતુ આર્કાઈઝ માટે આર્કીવલ લૉ ની જરૂરિયાતો ઊભી જ છે.

પરિણામે આજે પણ જોઈ શકીએ છીએ કે ભારત સરકારમાં, ગુજરાત સરકારમાં બિનજરૂરી ફાઈલોનો જથ્થો વધતો જ રહ્યો છે.

## 7.6 ચાવીરૂપ શબ્દો

1. દફતર કાનૂન

2. વર્ષ 1917 રેકોર્ડ નાશનો કાયદો

3. દફતર કાનૂન જરૂરિયાત-મહત્વ

4. *તારાચંદ કમિટી*

5. *આર્કીવલ પોલીસી રેઝોલ્યુશન*

6. *પબ્લિક રેકોર્ડ ઍક્ટ* 1993

7. *પબ્લિક રેકોર્ડ ઍક્ટ સુધારો* 1997

## 7.7 તમારી પ્રગતિ ચકાસો

1. *કાનૂનની જરૂરિયાત શા માટે ?*

2. *દફતર કાનૂનની સ્થિતિ.*

3. *આર્કીવલ પોલીસી રેઝોલ્યુશન-પોલીસી*

4. *ગુજરાતમાં દફતર કાનૂનની સ્થિતિ*

5. 1917 *નો દફતર નાશના કાયદાની નિષ્ફળતા*

6. 1 *ફાઈલ સાચવવાનો ખર્ચ*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 7.8 સંદર્ભ ગ્રંથો


1. The Public Record Act.1993, C. Srivenketesh Prabhu, Lawyerslaw.org
2. The Public Record Rules, 1997, Indian Kanun.org
3. The Uses of Archives-Archival Principles.
   Published by Cambridge University Press or June 2018, A. Millar.
4. What are Archives !
   by I.C.A. (International Council on Archives, 2016.
5. The Public Records Act.1993. No.61 of 1993 by N.A.I. (National Archives Government of India)
   K.L. Mohanpura, Seay of Govt. of India.
6. *ગુજરાત રાજ્ય દફતર ભંડાર સંક્ષિપ્ત પરિચય. ચે.પંડ્યા, ગુજરાત દફતર ભંડાર ખાતું,* 1989.
7. Public Records Act.1993. ENACTMENT and EXPECTATION.
   H.D. Singh –The Indian Archives, Vol. XLV1. No.1-2, Jan-Dec-1997 N-A-I.

## એકમ : 8

## દફતરનાં ભૌતિક સ્વરૂપ : માટીની ઈંટો, પથ્થર, ધાતુના પતરાં, પાર્ચમેન્ટ, તાડપત્ર, ભોજપત્ર, પેપારસ

:: રૂપરેખા ::


**8.1 ઉદ્દેશ્યો**

**8.2 પ્રસ્તાવના**

**8.3 લેખન સપાટી અને માધ્યમો**

**8.3.1 પથ્થર**

**8.3.2 ધાતુપત્રો - તામ્રપત્રો**

**8.3.3 તાડપત્રો -Palm Leaves**

**8.3.5 પાર્ચમેન્ટ અને વેલમ - Parchment document**

**8.3.6 પેપીરસ**

**8.4 સારાંશ**

**8.5 ચાવીરૂપ શબ્દો**

**8.6 તમારી પ્રગતિ ચકાસો**

**8.7 સંદર્ભગ્રંથો**


### 8.1 ઉદ્દેશ્યો

1. *દફતરોનાં વિવિધ સ્વરૂપોનો પરિચય મુખ્ય છે.*
2. *વિવિધ લેખન-સપાટી-માધ્યમો એ આદિકાળથી મનુષ્યના વિચારો વ્યક્ત કરવાનું સાધન છે. તે માટે લેખન-સપાટી-માધ્યમ જરૂરી છે. જે આજે ઈતિહાસનું સાધન છે. માટે તેની જાણકારી જરૂરી છે.*
3. *આ વિવિધ લેખન સપાટી-માધ્યમો દ્વારા સર્જાયેલ દફતરો રાજ્ય-રાજ્યનું સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે.*
4. *સાચવણી-જાળવણી અને પરિચય એ મુખ્ય ઉદ્દેશ્ય છે.*

## 8.2 પ્રસ્તાવના

*રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો તથા તેના અવશેષો તેમજ આપણા ગૌરવવંતા ઈતિહાસ, ઐતિહાસિક ભૂલો, ઘટનાઓ-પ્રસંગો વગેરેની નિશાનીઓ આજે પણ જુદા જુદા સ્વરૂપે ગ્રંથો, લેખો, પાન્ડુ લિપિઓ, ભોજપત્રો વગેરે સ્વરૂપે આર્કાઈઝ તથા સંગ્રહાલયોમાં સંગ્રહાયેલ છે.*

*આ અમૂલ્ય સામગ્રી આપણી સભ્યતા, સંસ્કૃતિ તથા સમાજ અને માનવીના ઉત્થાન તથા પતનના પુરાવા સ્વરૂપે સચવાયેલા છે. સમય જતાં આવી કીંમતી-અમૂલ્ય સામગ્રીની જો યોગ્ય સ્વરૂપે-સમયે સાચવણી-જાળવણી કરવામાં નથી આવતી તો તે નષ્ટ પામે છે. લાંબા સમયકાળમાં આવી ઘણી સામગ્રી નષ્ટ થઈ ચૂકી છે. હવે જે ઉપલબ્ધ છે તેને સાચવવાની-જાળવવાની જવાબદારી આજના સમાજ ઉપર રહેલી છે. આર્કાઈઝ-અભિલેખાગાર આવી સામગ્રી સાચવવામાં મુખ્ય ભાગ ભજવે છે.*

## 8.3 લેખન સપાટી અને માધ્યમો

*આદિકાળથી મનુષ્યઓ પોતાના વિચારો વ્યક્ત કરવા માટે ઘણા બધાં માધ્યમો તથા પદાર્થોનો ઉપયોગ તથા શોધ કર્યા છે. મનુષ્યને પોતાના વિચારો વ્યક્ત કરવા માટે લેખન-માધ્યમ-સપાટી જોઈએ અને લખવા માટેનાં પદાર્થ જોઈએ.*

*શરૂમાં મનુષ્યે ગુફાઓની દીવાલો ઉપર લીટીઓ અને ચિત્રો દોરવાની શરૂઆત કરી. ત્યાર પછી ઈંટો, ધાતુ, તાડપત્ર, ભોજપત્ર, ચામડું, કાપડ અને કાગળ ઉપર લખવાની શરૂઆત થઈ હતી.*

*પથ્થર, ઈંટ, ધાતુ, તાડપત્ર વગેરે ઉપર જુદા જુદા સાધનો વાપરીને અક્ષરો કોતરવામાં આવે છે જ્યારે કાગળ, કાપડ ઉપર શાહીનો ઉપયોગ કરવામાં આવે છે.*

*આ રીતે લખવાની સામગ્રીમાં સૌ પ્રથમ પથ્થર અને માટીની ઈંટો મુખ્ય હતી. આ માધ્યમો ઉપર લખાયેલી લખાણો તથા પદાર્થો ઈસ્વીસનની કંઈ વર્ષો પૂર્વેના છે. આ ઉપરાંત લાકડાંનો પણ ઉપયોગ થયો હતો. ઈસ્વીસન પૂર્વે પાર્ચમેન્ટનો ઉપયોગ લખાણ માટે થતો હતો. પાર્ચમેન્ટનો ઉપયોગ મીસર તથા યુરોપના દેશોમાં મુખ્યત્વે થયો હતો. જ્યારે એશિયાના દેશોમાં ચોથી-પાંચમી સદીના આરંભે વનસ્પતિમાંથી-વૃક્ષોમાંથી તાડપત્ર અને ભોજપત્ર માધ્યમોનો ઉપયોગ થયો હતો. જે દસમી શતાબ્દી સુધી ચાલુ રહ્યો હતો.*

*કાગળની શોધની સાથે અન્ય લખાણના માધ્યમોનો ઉપયોગ ઓછો થતો ગયો હતો. ચોથી શતાબ્દીમાં કાગળ ઉપર છપાઈની શોધ સાથે કાગળનો ઉપયોગ સર્વત્ર બન્યો હતો. કાગળ*

ઉપર લખવા માટે શાહી ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. આ શાહીમાં પણ અનેક સંશોધનો થતાં ગયા. કાગળ બનાવવાની રીતોમાં પણ પરિવર્તન આવતા ગયા; કાગળ તથા શાહીની બનાવટોમાં હવે રાસાયણિક પદાર્થો-રંગોનો ઉપયોગ વધતો ગયો છે. જેના કારણે તેના ટકાઉપણા ઉપર અસર થઈ રહી છે.

આ રીતે આદિકાળથી આજ સુધી દફતરોના ભૌતિક સ્વરૂપ રૂપે ઉદ્ભવેલાં પદાર્થો અથવા માધ્યમો વિકસતા ગયા, જે આ રીતે હતા.

(1) પથ્થર-ઈંટો-માટી (2) ધાતુ (3) તાડપત્ર (4) પાર્ચમેન્ટ-કાપડ

(5) પેપર (6) પેપીરસ

જેનો પરિચય આ સાથે મેળવીએ.

### 8.3.1 પથ્થર

પ્રાચીનકાળથી જ્યારે કાગળ કે અન્ય પદાર્થોની શોધ નહોતી થઈ ત્યારે સૌ પ્રથમ પથ્થર કે ઈંટો-માટી એ લખવાના માધ્યમ બન્યા હતા.

પથ્થરોનો ઉપયોગ સૌથી પ્રાચીન માધ્યમ છે. આદિમાનવની ગુફાઓમાં વસવાટની સાથે આ માધ્યમ વિકસ્યું હતું. પ્રાચીન ગુફાઓમાં આજે પણ ચિત્રો દોરાયેલા જોવા મળે છે. હડપ્પીય સભ્યતાના ઘણાં લેખો પથ્થરની શિલાઓમાં કોતરાયેલા છે. આવા લેખોને શિલાલેખ તરીકે ઓળખવામાં આવે છે. મૌર્ય સમ્રાટ અશોકનાં બધાં લેખો આવા શિલાલેખોમાં જોવા મળે છે. જે સૌથી પ્રાચીન પુરાવા મનાય છે. પથ્થરો ઉપર લખાણો કોતરવામાં આવતા હતા. કોતરાયેલા લખાણો સૈકાઓ સુધી ટકે છે. શાસકીય લખાણો કે ઉપદેશો મોટાભાગે મોટી મોટી શિલાઓ, પર્વતો, શિલાસ્તંભો, ગુફાઓની દીવાલો ઉપર કોતરાયેલા જોવા મળે છે. મંદિર, વાવ, તળાવ, મહેલ, કુવા વગેરે સ્મારકો ઉપર પથ્થરની તકતીઓ ઉપર લખાણ કોતરી તેને જે તે સ્થળે લગાવવામાં આવતા હતા. આજે પણ આવા કાર્યોમાં પથ્થર લખાણ વપરાય છે.

તવારીખ જાળવી રાખવા આ માધ્યમ ઉપયોગી છે. હાલમાં પણ આવા પથ્થર લેખોમાં વિવિધ રંગ, સીસું કે અન્ય રીતે લખાણો કોતરવામાં આવે છે અને આકર્ષક બનાવાય છે. સ્થાપત્યો, સ્મારકો, ઉદ્ઘાટનો કે અનાવરણ પ્રસંગોમાં આજે પણ વ્યાપક રીતે આ માધ્યમ વપરાય છે.

ભારતભરમાં ઠેર ઠેર પ્રાચીન સ્મારકો આવા પથ્થર લેખોથી સુશોભિત થયેલ છે અને આપણને તવારીખ આપે છે. પ્રશસ્તિ પત્રો, કાવ્યો, ઉપદેશો પણ આવા પથ્થર લેખો તરીકે

કોતરવામાં આવતા હતા. મંદિરો, મંદિરો આગળના ધ્વજસ્તંભો, વિજયની યાદમાં વિજયસ્તંભો, કીર્તિસ્તંભો, સુશોભન નગર કક્ષાનો વગેરે પથ્થરના બનાવવામાં અને તેની સાથે લખાણો કોતરવામાં આવતા હતા. તે જ રીતે સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર ગામોની બહાર મળતા પાળિયા અને તેની સાથે મળતી તવારીખ-નોંધો-તારીખો જે ઇતિહાસની યાદ અપાવે છે.

આ રીતે પથ્થરનું આ માધ્યમ દફતરોનું ખૂબ જ ઉપયોગી સૌથી વધુ ટકાઉ અને સૌથી પ્રાચીન ભૌતિક સ્વરૂપ છે.

પથ્થરો ઉપર લખાણ માટે ધારવાળું ધાતુનું સાધન કે જેને છીણી કહેવામાં આવે છે, તે અથવા અણીદાર ધાતુનું સાધન વાપરીને અક્ષરો કોતરવામાં આવતા હતા.

ઈંટો અથવા માટી-ઉપરના લખાણો કોતરવા માટે માટી ભીની હોય ત્યારે તે ઉપર લખાણ કોતરીને લખી તે સૂકાય બાદ તેને પકવવામાં આવતાં હતા. પ્રાચીન સભ્યતામાં ખાસ કરીને પશ્ચિમ એશિયાના પ્રદેશોમાં ઈંટો ઉપર કોતરેલા ઘણાં લેખો મળી આવ્યા છે. ભારતમાં પણ બૌદ્ધ ધર્મના સૂત્રો કોતરવામાં આવ્યા હતા. મંદિરોમાં દીવાલો કે ગોખલાઓમાં આવી કોતરેલી ઈંટો ઘણી જગ્યાએથી મળી આવેલ છે. ઘણાં જૂના સ્મારકોમાં માટીના મુદ્રાંકો મળી આવ્યા છે. શાસકીય કે આદેશોવાળા પણ ઘણાં માટીના મુદ્રાંકો મળી આવેલા છે.

### 8.3.2 ધાતુપત્રો - તામ્રપત્રો

અભિલેખોના સૌથી પ્રાચીન ભૌતિક સ્વરૂપો-પદાર્થમાં પથ્થર પછી ધાતુપત્રો અથવા તામ્રપત્રો આવે છે. સોનુ મોંઘી ધાતુ હોવાથી; જવલ્લે જ સોના પર લખાણ જોવા મળ્યા છે. છતાં પણ બૌદ્ધ જાતક-કથાઓમાં પૈસાદાર વેપારીઓ-કુટુંબોમાં શાસન, શ્લોકો, ભૂમિદાન વગેરે પ્રકારના લખાણોના ઉલ્લેખ મળી આવે છે. ચાંદી ઉપરના લખાણો ખાસ જૈન ધર્મમાં, મંદિરો વગેરેમાં મંત્રો, મૂર્તિઓ વગેરે કોતરાયેલા જોવા મળ્યા છે. પણ સૌથી વધારે વપરાયેલ ધાતુ તાંબુ છે.અનેક પ્રાચીન શાસનોમાં તામ્રપત્રો વિપુલ પ્રમાણમાં મળ્યા છે.

બૌદ્ધ સમયના, બૌદ્ધ વિહારોમાં કોતરેલા દાન શાસનો મળ્યા છે. તાંબાના સિક્કાઓ પ્રાચીન સમયથી મળે છે. આ તામ્રપત્રોમાં સૌથી વધુ ભૂમિદાન અંગેના લખાણોના તામ્રપત્રો મળી આવે છે. જે દાન શાસન કહેવાતા. ભૂમિ અંગેના અનેક તામ્રપત્રો આજે પણ મળી આવે છે. ભારતમાં સૌથી વધુ તામ્રપત્રોનો ઉપયોગ ચોથી સદીથી જોવા મળે છે. ગુજરાતમાં વલ્લભીના મૈત્રક વંશનો રાજાઓનો ઘણો ઈતિહાસ આવા તામ્રશાસનો-પત્રો ઉપરથી જ મળ્યો છે. ગુજરાતમાં ગુર્જરો, ચાલુક્ય, રાષ્ટ્રકૂટો અને સોલંકી સમયના અનેક તામ્રપત્રો મળ્યા છે.

*તામ્રપત્રો ટકાઉ અભિલેખો રહ્યા છે. આ લખાણ સદીઓ સુધી સચવાઈ રહે છે. તાંબાની જાડાઈ પ્રમાણે પતરાં બનાવી તેના ઉપર લખાણ કોતરવામાં આવતું હતું. આ લખાણો જૂની પેઢીઓની માફક આડાં પતરાં ઉપર કોતરાતું હતું. ત્યારબાદ પહેલાં પતરાંને નીચલે છેડે અને બીજા પતરાંને ઉપલા છેડે પાડેલાં બે કાણાંમાં તાંબાની કડીઓ પરોવી એકબીજા સાથે જોડવામાં આવતાં હતાં. લખાણવાળી બાજુ એકબીજા સાથે ઘસાય નહીં તે રીતે રાખવામાં આવતું હતું.*

*તામ્રપત્રો ઉપર રાજમુદ્રાની છાપ ઉપસાવવામાં આવતી હતી. જેથી તે કાયદેસરના સરકારી/શાસકીય લખાણ ગણાતું હતું.*

*લોખંડ ઉપર તેમજ પિત્તળ ઉપર જવલ્લે જ લખાણ કોતરવામાં આવતા હતા. પિત્તળની ધાતુ ઉપર વધારે આકૃતિઓ કોતરવામાં આવતી હતી.*

*તામ્રપત્રની બનાવટમાં તાંબાની પાટને હથોડા વડે ટીપીને જોઈતા માપનું પતરું તૈયાર કરવામાં આવતું જેની ચારેબાજુની ધાર ઊંચી રાખવામાં આવતી. ધાર ઊંચી હોવાથી પતરાંથી અંદરની બાજુનું લખાણ ઘસાઈ જવાનો ભય ન રહેતો. પતરાંની લીસી સપાટી ઉપર ચારેબાજુ થોડી જગ્યા છોડીને પથ્થરની જેમ જ બે તબક્કે લેખનક્રિયા થતી. લિપિકાર કે લહિયો શાહી વડે લખાણ લખતો જેના ઉપર કંસારો ટાંકડા વડે અક્ષર કોતરતો. લખાણ વધુ હોય તો સામાન્ય રીતે પતરાંની સંખ્યા વધારવાને બદલે પતરાંનું કદ વધારવામાં આવતું અને અક્ષરોનું કદ ઘટાડવામાં આવતું હતું. આમ છતાં જો પતરાંની સંખ્યા એક કરતાં વધુ થાય તો તે પતરાંને કડી વડે બાંધીને રાખવામાં આવતા હતા.*

### 8.3.3 તાડપત્રો -Palm Leaves

*ભારત, શ્રીલંકા, બર્મા, જાપાન, નેપાળ, થાઈલેન્ડમાં વ્યાપક પ્રમાણમાં તાડપત્રીય હસ્તપ્રતો જોવા મળી છે. અનેક સંગ્રહાલયોમાં આજે પણ તે સચવાયેલી જોવા મળે છે.*

*પ્રાચીન સમયમાં લેખન સપાટી તરીકે આ તાડપત્રોનો વ્યાપક ઉપયોગ થતો હતો. ઈ.સ.ની છઠ્ઠી સદીથી આ તાડપત્રીય હસ્તપત્રો જોવા મળે છે.*

#### તાડપત્રની બનાવટ

*સામાન્ય રીતે 'શ્રી તાડ' અને 'ખરતાડ' વૃક્ષોના પાનનો ઉપયોગ તાડપત્ર બનાવવામાં થતો હતો. શ્રી તાડ પ્રકારના વૃક્ષોના પાન પાતળા, બહોળા અને લીસા; હોય છે. આ વૃક્ષો દક્ષિણ ભારતના મલબાર કિનારે વધુ થતાં હોય ત્યાં આ હસ્તપ્રતો વધુ પ્રમાણમાં તૈયાર થતી હતી.*

જ્યારે 'ખરતાડ' વૃક્ષોના પાન જાડાં, ટૂંકા અને બરડ હોવાથી લેખન સપાટી તરીકે તેનો ઉપયોગ ઓછો થતો હતો. આ વૃક્ષો દક્ષિણ ભારતમાં લગભગ તમામ પ્રદેશોમાં જોવા મળે છે.

તાડવૃક્ષના પાનમાંથી યોગ્ય માપની પટ્ટીઓ કાપી તેને સૂકવીને પાણીમાં ઉકાળવામાં આવતી હતી. પાનની નસો અને બિનઉપયોગી ભાગને ચપ્પા વડે દૂર કર્યા બાદ પત્રને સૂકવી, તેની સપાટીને શંખ, કોડા કે સુંવાળા પથ્થર વડે ઘસીને સપાટી લીસી બનાવવામાં આવતી હતી. આ રીતે તૈયાર થયેલ પાનાંને બે કાણાં પાડી તેના ઉપર લખાણ કરવામાં આવતું હતું.

તાડપત્ર ઉપર લખાણ માટે કાળી સારી વનસ્પતિઓમાંથી પ્રક્રિયા કરી બનાવવામાં આવતી હતી. આ શાહી જુદી જુદી પ્રાકૃતિક રીતે બનાવવામાં આવતી હતી. શ્રીતાડ વૃક્ષના પત્રો ઉપર શાહી-કલમથી લખાણ કરવામાં આવતું હતું જ્યારે ખરતાડ વૃક્ષના પાન ઉપર સોય વડે મેશ ભરી લખાણ કોતરવામાં આવતું હતું.

તાડપત્રોને હસ્તપ્રતોને કાણાંમાંથી દોરી પાસ કરી લાકડાંના બે પાટીયા વચ્ચે બાંધીને રાખવામાં આવતા હતા. ત્યારબાદ હસ્તપ્રતોને સુતરાઉ કે રેશમી કાપડથી વીટીને અભરાઈ ઉપર રાખવામાં આવતા.

કાગળની શોધ પહેલાં તાડપત્રનું મહત્વનું સ્થાન હતું. તાડપત્રીય હસ્તપ્રતોને નીચા તાપમાને અને પાણીથી બચાવીને રાખવામાં આવે છે. તાડપત્રનો મુખ્ય ઘટક સેલ્યુલોઝ છે. ગ્રંથ-કીટકથી સાચવીને તાડપત્ર હસ્તપ્રતને રાખવામાં આવે છે. આ ઉપરાંત હસ્તપ્રત ભંડારો-આર્કાઈઝમાં આવી તાડપત્રીય હસ્તપ્રતોને જુદી જુદી પ્રક્રિયાઓથી રક્ષણ આપવામાં આવતું હોય છે.

ગુજરાતમાં ખાસ કરીને જૈનહસ્તપ્રત ભંડારોમાં ઘણી મોટી સંખ્યામાં તાડપત્રીય હસ્તપ્રતો સંગ્રહાયેલ છે. અમદાવાદમાં જ શાંતિનાથ હસ્તપ્રત ભંડારમાં તાડપત્રીય પોથીઓ સચવાયેલી છે. તાડપત્રો ઉપર ચિત્રકામ પણ કરવામાં આવતું હતું. આ ઉપરાંત ખંભાતના જૈન હસ્તપ્રત ભંડારોમાં પણ મોટી સંખ્યામાં તાડપત્રીય હસ્તપ્રતો સંગ્રહાયેલ છે.

ઉત્તમ ગુણવત્તાના હાથ બનાવટના કાગળ કરતાં પણ તાડપત્ર વધુ મજબૂત હોય છે. તેની ઉપર ઉષ્ણતાની અસર પણ પ્રમાણમાં નહીંવત્ છે પરંતુ તેની ગડી પડતી નથી તેમજ તે પ્રમાણમાં બરડ હોવાથી તેનો ઉપયોગ કાળજીપૂર્વક કરવો પડે છે. તાડપત્રો શુષ્ક વાતાવરણમાં બરડ બને છે જ્યારે ભેજવાળા વાતાવરણમાં તેને ફૂગ લાગવાનો તેમજ પત્રો એકબીજાને ચોંટી જવાનો ભય રહે છે.

*તાડપત્રીની મરામત માટે કાગળની મરામતની માફક જ વિવિધ મરામત પ્રક્રિયાઓ કરવામાં આવતી હોય છે. જેમાં* (1)*શાહીની ચકાસણી બાદ* (2)*ચોંટી ગયેલ તાડપત્રોને અલગ કરવા* (3)*ટિસ્યુ મરામત* (4)*શિફોન લેમિનેશન* (5)*ઝાંખી હસ્તપ્રતની મરામત* (6)*ઈન્લેઈંગ* (7)*લીફ કાસ્ટીંગ પ્રક્રિયા*

*આમ આવી વિવિધ મરામત પ્રક્રિયાઓ દ્વારા તાડપત્રો, ભોજપત્રોની મરામતથી લાંબુ આયુષ્ય આપવામાં આવતું હોય છે.*

**(4) ભોજપત્ર -(Birch Bark)**

*ભોજવૃક્ષોની છાલમાંથી આ ભોજપત્ર બનાવવામાં આવે છે. હિમાલયની તળેટીના જંગલોમાં મોટા પાયે ભોજવૃક્ષો થતા હોય છે. આ વૃક્ષોની છાલ પાતળી, ચીકણી તેમજ અનેક પરતોની બનેલી હોય છે. આ પરતો ભેજના કારણે એકબીજા સાથે ચીપકેલી રહેલી હોય છે. આ છાલનો મોટો ભાગ સેલ્યુલોઝનો હોય છે. જેમાં અન્ય દ્રવ્યો તથા તૈલી પદાર્થો ભળેલા હોય છે. લખવા માટે આ છાલ સમતલ હોય છે; પરંતુ ક્યાંક ક્યાંક રેસાઓની ગાંઠો પડી હોય છે.આ છાલમાં સૂક્ષ્મ છિદ્રો હોય છે.*

*આ છાલ ઉપર કાગળની માફક વનસ્પતિ શાહીથી લખવામાં આવે છે. આ છાલ સૂકાયા બાદ તેની પરતો અલગ થવા માંડતી હોય છે. પરિણામે લાંબે ગાળે તે તૂટવા માંડે છે. મોટાભાગે આ હસ્તપ્રતો કિનારાના ભાગેથી તૂટવા માંડે છે.*

*સૌથી જૂના ભોજપત્ર-હસ્તપત્રો નેપાળમાં મળી આવી છે. નેપાળમાં મોટી સંખ્યામાં આ હસ્તપ્રતો સંગ્રહાયેલ છે. આ હસ્તપ્રતો પોથી પ્રકારથી સાચવવામાં આવે છે. કાણાં કરીને તેને પોથી સ્વરૂપે સાચવવામાં આવે છે. તાડપત્રીય હસ્તપ્રતોની જેમ જ લાકડાંના બે પાટીમાં વચ્ચે કાણાંમાંથી દોરી પસાર કરી બાંધીને પોથી સ્વરૂપે સાચવવામાં આવે છે. હસ્તપ્રતો માટે વૃક્ષની છાલને* 90x20 *સે.મી.ની સાઈઝમાં વૃક્ષ ઉપરથી ઉતારીને કાપવામાં આવે છે. આ હસ્તપ્રતો તેનામાં કુદરતી તૈલી પદાર્થ તેમજ કુદરતી પ્રીઝર્વેટીવ કેમિકલથી જંતુઓ સામે રક્ષણ મેળવે છે.*

## 8.3.5 પાર્ચમેન્ટ અને વેલમ - Parchment document

*બકરી અથવા ભેંસના ચામડાની નીચેની પરત પાર્ચમેન્ટ બનાવવાના કામમાં વપરાય છે. તેની સપાટી નરમ, ચીકણી અને લચીલી હોય છે. મજબૂતીમાં આ પદાર્થ અન્ય હસ્તપ્રતોની સરખામણીમાં વધુ મજબૂત હોય છે. સમય જતાં આ પદાર્થમાં તેની નરમાઈ ઓછી થાય છે અને કડક બને છે તેમજ આ છાલનો રંગ પણ પીળો પડતો જાય છે.*

*પાર્ચમેન્ટ બનાવવા માટે ચૂનાનું પાણી વાપરવામાં આવે છે. પાર્ચમેન્ટ જેમ જૂના થતા જાય તેમ તેની સપાટી ઉપર ચીરા-તીરાડો પડી જતી હોય છે તથા કંઈ સ્થળોથી તે ફાટવા માંડે છે. આ ટીસ્ટ પદાર્થમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધારે હોવાથી પાર્ચમેન્ટ કડક બની જાય છે તેમજ સંકોચાવા માંડે છે.*

*પાર્ચમેન્ટ ઉપર કાગળની માફક શાહીથી લખવામાં આવે છે. અલગ અલગ રંગોની શાહી પણ વપરાય છે.*

*આ દસ્તાવેજો સાચવવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. દસ્તાવેજોને ભેજથી દૂર રાખવામાં આવે છે. હવા ઉજાસવાળી જગ્યામાં સાચવવામાં આવતા હોય છે. 'સીધા તાપ'થી દૂર રાખવામાં આવે છે. સામાન્ય રીતે એક પ્રકારની ફૂગ થતી હોય છે. તેને અવાર નવાર રૂ અથવા કોટનથી સાફ કરતા રહેવું પડે છે.*

*પાર્ચમેન્ટ અને વેલમ તૈયાર કરવાની પદ્ધતિને લગભગ ઈ.સ. પૂર્વે* 190 *માં તુર્કસ્તાનમાં શોધાઈ હોવાનું મનાય છે. ત્યાંના રાજાને ઈજિપ્ત તરફથી મળતો પેપીરસ મળવાનું બંધ થતાં ત્યાં આ લેખન-સપાટીની શોધ થઈ હતી. પાર્ચમન્ટ ઘેટાં-બકરાના ચામડામાંથી તૈયાર થાય છે જ્યારે વેલમ ઘેટાંના બચ્ચાંના ચામડામાંથી તૈયાર થાય છે.*

### 8.3.6 પેપીરસ

*ઈજિપ્તમાં લેખન-સપાટી તરીકે પ્રચલિત હતું. 'સાયપ્રસ પેપીરસ' નામના છોડના થડમાંથી સળીઓ કાપી, પહોળાઈ અનુસાર તેને એકબીજાની નજીક ગોઠવવામાં આવતી હતી. તેના ઉપર બીજી નાની સળીઓનું સ્તર કાટખૂણે ગોઠવવામાં આવતું. ત્યારબાદ પાણીમાં ડૂબાડીને રાખ્યા બાદ ટીપવામાં આવતી. બાદમાં સૂર્યની ગરમીમાં સૂકવી તૈયાર થયેલ જાળીદાર લેખન સપાટીને પથ્થર વડે ઘસીને સુંવાળી બનાવવામાં આવતી હતી.*

*પેપીરસના બનેલા પત્રોને એકબીજા સાથે જોડીને લાંબા પેપર-દસ્તાવેજને ગોળ વીંટા સ્વરૂપે સંગ્રહિત કરવામાં આવતા હતા. મેશ, સરેશ અને પાણીથી તૈયાર કરેલ શાહી વડે લખવામાં આવતું હતું. ઈજિપ્તની નાઈલ નદીનો પટ તથા પાણીનો ઉપયોગ આ પેપર બનાવવામાં ઉપયોગી હતો.*

## 8.4 સારાંશ

*પ્રાચીન સમયથી વપરાતા લેખન સપાટી અને માધ્યમોનો પરિચય છે. સમયે સમયે આવા માધ્યમો બદલાતા રહ્યા છે અને હજુ પણ બદલાતા રહેશે. આ પ્રાચીન માધ્યમોનો પરિચય એટલા માટે જરૂરી છે કે દેશનો ઈતિહાસ-સંસ્કૃતિનો પરિચય આ માધ્યમોથી જ મળે છે.*

## 8.5 ચાવીરૂપ શબ્દો

1. *લેખન સપાટી અને માધ્યમ*
2. *પથ્થર-માટી*
3. *શીલા સ્તંભો-ગુફાઓ*
4. *તામ્રપત્રો*
5. *તાડપત્રો*
6. *ભોજપત્રો*
7. *પાર્ચમેન્ટ*
8. *પેપીરસ*

## 8.6 તમારી પ્રગતિ ચકાસો

1. *લેખન સપાટી અને લેખન માધ્યમ - ઉદાહરણ સાથે અર્થ સમજાવો.*

2. *ગુજરાતમાં પથ્થરના શિલાલેખનું સ્થાન દર્શાવો.*

3. *તામ્રપત્રો ઉપર લખાણ કેવી રીતે લખવામાં આવ્યું હતું ?*

4. *તાડપત્રોમાં કયા પ્રકારના વૃક્ષોનો ઉપયોગ થતો હતો ?*

5. *ભોજપત્રોનો ઉપયોગ સૌથી વધારે કયા પ્રદેશોમાં થતો હતો ?*

6. *ભોજપત્રો કેવી રીતે મેળવવામાં આવતા હતા ?*

7. *પાર્ચમેન્ટ ની બનાવટ સમજાવો.*

8. *પેપીરસનો ઉપયોગ કયા દેશોમાં થતો હતો ?*

## 8.7 સંદર્ભગ્રંથો


1. Why Presure Records ?
   In Indian Archives, Vol. III No.1-4, 1949.
2. Conservation and Restoration of Archives Materials
   By Yashpal Kathapalia 1973, N.A.I.

3. *કાગળ અને સાચવણી*

*ડૉ.બિંદુવાસિની જોષી, ગૂજરાત વિદ્યાપીઠ,* 1989.

4. *ભારતમાં દફતર વિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત*

*ચંદ્રકાન્ત બી. પંડ્યા, ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતું.*

5. Care of Books By Y.P. Kathpalia

The Indian Archives, Vol. 1 IX No.2 1955.

6. What are Archives? by Auther H. heantt, Virgiria, U.S.A.

**એકમ : 9**

# દફતરોના ભૌતિક સ્વરૂપો - કાપડ, કાગળ, ફોટા, નકશા, ફિલ્મો, વીડિયો-ટેપ્સ સાથે રેકોર્ડઝ, યંત્રની મદદથી વંચાતા દફતર અને અન્ય દફતર

**:: રૂપરેખા ::**


**9.1 ઉદ્દેશ્યો**

**9.2 પ્રસ્તાવના**

**9.3 દફતર રેકોર્ડ**

**9.4 ચાવીરૂપ શબ્દો**

**9.5 તમારી પ્રગતિ ચકાસો**

**9.6 સંદર્ભ ગ્રંથો**


## 9.1 ઉદ્દેશ્યો

1. *દફતરોના વિવિધ સ્વરૂપો-ટૅકનોલોજીના પરિચયથી જ આ સાંસ્કૃતિક-અને વારસાનું જતન થઈ શકે.*
2. *આધુનિક વિજ્ઞાન-ટૅકનોલોજી ક્ષેત્રમાં જાણકારી. માહિતીના વિસ્ફોટ સમયે આવા સાધનોનો પરિચય જરૂરી બન્યો છે.*
3. *દફતરોના આ વિવિધ સ્વરૂપો-સામગ્રીનો સંગ્રહ, તેની સાચવણી-જાળવણી મુખ્ય ઉદ્દેશ્ય છે.*
4. *આધુનિક ટૅકનોલોજીથી દફતરો-વિવિધ માહિતિ લોકો-સંશોધકો સુધી ઝઢપથી પહોંચે તે ઉદ્દેશ્ય છે.*
5. *વિવિધ સ્વરૂપે સર્જાતા દફતરોની માહિતી વિજ્ઞાન તરીકે ઉપયોગિતા પૂરી પાડવી મુખ્ય ઉદ્દેશ્ય છે.*

## 9.2 પ્રસ્તાવના

*20 મી સદીમાં આર્કીવીસ્ટ તથા આર્કાઈઝે નવા પ્રકારના રેકોર્ડ્ઝ સાચવવાની અને તેનો ઉપયોગ કરવાના પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. આ નવા પ્રકારના આધુનિક રેકોર્ડ્ઝમાં*

1. *ફોટોગ્રાફિક રેકોર્ડ્ઝ*

2. *મોશન પીક્ચર્સ*

3. *સાઉન્ડ રેકોર્ડિંગ*

4. *કૉમ્પ્યૂટર રેકોર્ડ અને ડિઝિટલાઈજેશનનો સમાવેશ થાય છે.*

*માઈક્રોકોપી અથવા માઈક્રો ફિલ્મનું કાયદાકીય સ્ટેટસ, આવા રેકોર્ડમાંથી કોપીઓ મેળવવી, સાચવણી, તેને નુકસાન થવાની અથવા ડીલીટ થવાની શક્યતાઓ, આંતરરાષ્ટ્રીય એક્સચેન્જ, સંશોધકોને ઉપલબ્ધ સગવડ, ઓછો ખર્ચ, ઝડપી પ્રક્રિયા, રીપેરીંગનો નહીંવત્ ખર્ચ, બાઈન્ડીંગ-સ્ટોરેઝ તેમજ પ્રકાશનોમાં સરળતા એ આ પ્રકારના રેકોર્ડ્ઝના ફાયદા રહ્યા છે. આદાન પ્રદાન સરળતાથી ઉપલબ્ધ, ઝડપી પ્રક્રિયા વગેરેના ફાયદા આજે બિઝનેસ આર્કાઈઝ અને સંસ્થાકીય આર્કાઈઝમાં ખૂબ જ ઉપયોગી બની રહ્યા છે.*

*આજના આ દફતરોના ભૌતિક સ્વરૂપોને ઓળખવા-સમજવા પહેલા 'રેકોર્ડ'નો તથા 'ડોક્યુમેન્ટસ'નો અર્થ પણ સમજવો જરૂરી છે.*

## 9.3 દફતર રેકોર્ડ

*કોઈ પણ પ્રકારનું લખાણ કે જેમાંથી કંઈ અર્થ નીકળતો હોય અથવા કોઈ માહિતી પ્રાપ્ત થતી હોય તેને રેકોર્ડ કહે છે. આ રેકોર્ડ અથવા લખાણનું માધ્યમ ગમે તે સ્વરૂપનું હોય તેનું ભૌતિક સ્વરૂપ કાગળ, હસ્તપ્રત, બુક, ફોટોગ્રાફ, નકશા, આલેખો, આકૃતિઓ, ફિલ્મ, માઈક્રોફિલ્મ, સાઉન્ડ રેકોર્ડીંગ, ચિત્રો અથવા કોઈપણ આધુનિક સમયના સમયના કોમ્પ્યૂટર, ઈલેક્ટ્રોનિક્સ, સીડી, કેસેટ, સર્વર કંઈ પણ ભૌતિક સ્વરૂપનું હોઈ શકે છે.*

*દરેક દેશમાં હાલની જુદી-જુદી રાજકીય વ્યવસ્થામાં જે તે દેશમાં વહીવટની પ્રક્રિયામાં પત્રવ્યવહાર, કાનૂની વ્યવહાર, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વ્યવહાર તેમજ વહીવટમાં સતત લખાણોની અલગ અલગ ભૌતિક સ્વરૂપે દફતરોનું સર્જન થતું હોય છે. જો કે સૌથી વધારે આવા દફતરોના સર્જનમાં કાગળનો ઉપયોગ થતો હોય છે.*

પ્રાચીન ભારતમાં આ રીતે જ્ઞાન કે માહિતીને સાચવવાના ઉપકરણો-સાધનો અસ્તિત્વમાં ન હતા, ત્યારે કંઠોપ કંઠ પદ્ધતિથી જ્ઞાન કે માહિતી સાચવવામાં આવતી હતી. માનવ સ્મૃતિથી આ જ્ઞાન સાચવવામાં આવતું હતું. વેદો તથા અન્ય રચનાઓ એ રીતે જ સચવાઈ અને પ્રસારિત થતી હતી.

આમ આ રીતે દફતરોની શોધની પાછળ મહત્વનું પરિબળ લખવાની કળાની શોધ રહી હતી. લખવાની કળાની શોધ ચિત્રોથી થઈ હતી. ત્યારબાદ અનેક પદાર્થો ભૌતિક સ્વરૂપો જેવા કે પથ્થર, માટી, ધાતુ, લાકડું, વનસ્પતિ અને પશુઓની છાલ સુધીના સ્વરૂપો વિકસ્યા હતા, પરંતુ સૌથી મહત્વનું ભૌતિક સ્વરૂપ કાગળ રહ્યું હતું. આમ જેમ જેમ જ્ઞાન-વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી ગઈ તેમ તેમ વિવિધ હેતુઓ જ્ઞાન કે માહિતીને સાચવવાના વિવિધ ઉપકરણો અસ્તિત્વમાં આવ્યા. આ માહિતી તથા જ્ઞાન ઉત્તરોત્તર પેઢીઓ સુધી સાચવવા તથા તે રીતે માનવ સંસ્કૃતિના વિકાસ સાથે વણાયેલી છે.

દફતર-રેકોર્ડનું સ્વરૂપ : દફતરોના પ્રકારમાં બુક, વોલ્યુમ્સ, ફાઈલ, સીંગલ પ્રત, નકશા, આર્ટ, ચિત્ર, સાઉન્ડ, ફિલ્મ તથા અત્યારના આધુનિક માધ્યમોમાં માઈક્રોફિલ્મ, કૉમ્પ્યૂટર, ઈલેક્ટ્રોનિક માધ્યમોનો સમાવેશ થાય છે. આ તમામ દફતર-રેકોર્ડના પ્રકાર છે.

દફતર-રેકોર્ડના પ્રકાર : મુખ્યત્વે ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવે છે. (1) રેકોર્ડ દફતરો-લખાણો (2) છપાયેલ લખાણો (3) સ્થિર, મોશન પિક્ચર, ફિલ્મ, માઈક્રોફિલ્મ્સ અને કૉમ્પ્યૂટર.

સામાન્ય રીતે કોઈપણ કાગળ ઉપર કરેલ લખાણ જેમાંથી કંઈ અર્થ નીકળતો હોય અથવા કોઈ માહિતી પ્રાપ્ત થતી હોય ત્યારે તેને ‘દસ્તાવેજ’ કહેવામાં આવે છે અને આવા દસ્તાવેજોનો સમૂહ ‘દફતર’ બને છે. ‘દફતર’ને અંગ્રેજીમાં ‘રેકોર્ડ’ કહેવાય છે.

આ અંગ્રેજી શબ્દ ‘રેકોર્ડ’ મૂળ લેટિન શબ્દ (Recordari) રેકોર્ડરી ઉપરથી બન્યો છે. રેકોર્ડ (RECORD) શબ્દમાં ‘COR’ નો અર્થ ‘હૃદય’ થાય છે. પ્રસંગ કે ઘટનાને યાદ રાખી લખાણમાં મૂકવું. એટલે કે સ્મૃતિને લખાણમાં મૂકવી.

લખવાની શરૂઆતની સાથે સમયે સમયે તે માટેના પદાર્થો-સાધનોની શોધ થતી ગઈ અને તે પદાર્થોના રેકોર્ડ્ઝ ઉપલબ્ધ થતા ગયા, પરંતુ ત્યારબાદ લખાણ માટેનું સૌથી અગત્યનું મહત્વનું સ્વરૂપ કાગળની શોધ સાથે તેનો ઉપયોગ વ્યાપક બન્યો હતો.

સૌથી મહતત્વનું લખાણ માટેનું આ ભૌતિક સ્વરૂપ કાગળની શોધ ચીનમાં થઈ હતી. ત્યારબાદ ધીરે ધીરે ભારતમાં તેના વપરાશની શરૂઆત થઈ હતી. લગભગ સાતમી સદીમાં

ભારતમાં બ્રાહ્મણ-પુરોહિતોએ તેનો ઉપયોગ શરૂ કર્યો. શરૂઆતમાં માત્ર ધાર્મિક પ્રસંગોમાં આલેખન માટે કાગળનો ઉપયોગ શરૂ થયો હતો.

પરંતુ ચાઈનીઝ પ્રવાસીઓ-દાર્શનિકોના ભારત પ્રવાસોના સંપર્કથી ભારતમાં તેનો ઉપયોગ વધવા માંડ્યો હતો અને પેપર બનાવવાની કળાની પણ શરૂઆત થઈ હતી.

ભારતમાં પેપર-દસ્તાવેજો-ગ્રંથોના જૂના પુરાવા તરીકે શતપથ બ્રાહ્મણ ગ્રંથો મળી આવે છે. ત્યારબાદ આ પેપરના માધ્યમ-ઉપયોગથી અનેક ગ્રંથો રચાયા હતા.

**1. કાગળ**

ભારતમાં કાગળ બનાવવાની પદ્ધતિસરની શરૂઆત ઈ.સ. 1406 બંગાળ તથા અન્ય પ્રદેશોમાં થઈ હતી. બાબરના સમયમાં 'સમરકંદ પેપર' સૌથી સારો પેપર કહેવામાં આવતો હતો, જેનો ઉલ્લેખ બાબરે કર્યો છે.

અકબરે પેપર બનાવવાનું કામ કાશ્મીરમાં શરૂ કરાવ્યું હતું. એ જ રીતે 'નેપાળી પેપર' પણ તે સમયે વખણાતો હતો. જે લ્હાસા-તિબેટથી આવતો હતો. આ રીતે મોટા ભાગે વાયા ચીનથી સૌથી સારો પેપર ભારતમાં આવતો હતો.

મુસ્લિમ શાસકોએ ભારતમાં વર્ચસ્વ વધારતાની સાથે એ દિશામાંથી નોર્થ-વેસ્ટ બાજુથી પેપર ભારતમાં આવતો થયો હતો. 13 મી સદીથી ભારતમાં પેપર અને પેપરમાં લખવા માટે વપરાતી શાહીનું ઉત્પાદન વધવા માંડ્યું હતું.

આ કાગળ-શાહીની બનાવટમાં વનસ્પતિ-હર્બલ પદાર્થોનો ઉપયોગ થતો હતો. લખવા માટેની પેનનો ઉપયોગ વાંસમાંથી થતો હતો.

મોગલ સમયમાં સૌથી વધારે કાગળનું ઉત્પાદન અને વપરાશ થતો હતો. વહીવટમાં સંપૂર્ણ રીતે કાગળનો ઉપયોગ શરૂ થયો હતો. અન્ય લખવાના જૂના ભૌતિક સ્વરૂપો-પદાર્થોનો ઉપયોગ ધીરે ધીરે બંધ થવા માંડ્યો હતો. મોગલ સમયના તમામ સરકારી લખાણો, ફરમાનો કાગળ ઉપર લખાવા માંડ્યા હતા. એટલે માટે જ મોગલ રાજને 'કાગઝી રાજ' કહેવામાં આવતું હતું. ધીરે ધીરે આ સમયમાં જ કાગળની બનાવટ, લેખન કળાનો વિકાસ, લખાણમાં સુશોભન તથા વિવિધ પ્રકારની શાહી બનવા માંડી હતી તેમજ લખવા માટે 'લહિયા' નો ખાસ વ્યવસાય શરૂ થયો હતો. સારા અક્ષરોથી લખનારને 'લહિયો' કહેવામાં આવે છે.

એ રીતે 'કાગળ' સૌથી મહત્વનું સૌથી વ્યાપક વપરાશનું ભૌતિક સાધન માધ્યમ બની ગયું હતું. જે આજે પણ એટલું જ મહત્વનું સાધન બની રહ્યું છે.

યાંત્રિક યુગ-સમયની સાથે કાગળની બનાવટમાં યંત્રો, કેમિકલ-કલર-ડાઈઝ તથા શાહીના ઉપયોગમાં વિવિધતા આવતી ગઈ હતી. લખવાના સાધનોમાં વાંસની પેનથી શરૂઆત કરી આધુનિક પેન-પેન્સિલોનો વપરાશ શરૂ થયો હતો.

આર્કાઈઝ-દફતર ભંડારોમાં સૌથી મહત્વની આર્કીવલ સામગ્રી તરીકે કાગળ છે. એના કારણે આર્કાઈઝમાં કાગળની બનાવટ, લખાણ પદ્ધતિ, શાહી વગેરેની ઓળખ, ચકાસણી મહત્વની રહી છે. આર્કાઈઝમાં કાગળના દસ્તાવેજો-ગ્રંથો-સાચવવા, નુકસાન થતું અટકાવવાની વિવિધ રીતો-ઉપાયો, વિવિધ વિભાગો આર્કાઈઝમાં સૌથી મહત્વના વિભાગો-કામગીરી છે.

કાગળ એ મુખ્યત્વે કાર્બનિક પદાર્થનો બનેલો છે. સેલ્યુલોઝ ફાયબર તેનું મુખ્ય ઘટક છે. પ્યોર સેલ્યુલોઝ એ કાયમી છે પરંતુ મિશ્રિત સેલ્યુલોઝના અન્ય ઘટકો ઉમેરાયેલા હોય છે. જે પેપરની ગુણવત્તા તથા ટકાઉપણાને નુકસાન કરે છે. કાગળની ગુણવત્તા તેમાં રહેલા ફાયબરની ક્વોલિટી ઉપર છે.

સૌથી ટકાઉ અને મજબૂત પેપરની બનાવટ એ હાથ બનાવટની જૂની પદ્ધતિ છે. પહેલાંના સમયથી આ પ્રકારના કાગળ કાયમી અને 100 વર્ષ સુધી પણ ટકી રહે તેવી ક્ષમતા ધરાવતો હતો. આજે પણ આ રીતે બનતા હાથ બનાવટની ક્ષમતા કાર્યપદ્ધતિ એ જ છે. કોટન તથા સીલ્કના રેસા પાણી સાથે પલાળીને તથા પીસીને તેનો માવો બનાવીને ઉપયોગ કરવામાં આવે છે. આ બનેલો માવો અથવા પેસ્ટને પાણી સાથે ચોક્કસ પ્રમાણમાં ભેળવીને, લાકડાંની ફ્રેમમાં મોલ્ડ કરવામાં આવે છે. આ મોલ્ડને સતત દરેક દિશામાંથી વાઈબ્રેશન આપી સરખા પ્રમાણમાં ફેરવીને સમતલ સપાટી આપવામાં આવે છે અને આ બનેલું પાતળું સમતલ લેયર કે જે ફાયબરનું બને છે તેને સૂર્યના તડકામાં સૂકવવામાં આવે છે. બાદમાં તેને લાકડાંની ફ્રેમમાંથી દૂર કરવામાં આવે છે અને તેને ચોક્કસ સાઈઝમાં કટીંગ કરવામાં આવે છે. આ કાગળ કે જે પ્યોર સેલ્યુલોઝ ફાયબરથી બને છે. તે સફેદ હોય છે પરંતુ તેને કલરવાળો પણ બનાવી શકાય છે.

આ જૂની હાથ બનાવટના કાગળની બનાવટ ઉપરાંત આજે આધુનિક અને મશીનોથી કાગળો બનાવવામાં આવે છે. જે મોટા પ્રમાણમાં ઝડપથી કાગળનું ઉત્પાદન થાય છે તેમજ સસ્તો પણ હોય છે. પરંતુ આ કાગળમાં ઉત્પાદકો હલકી કક્ષાના કાચી સામગ્રીઓમાંથી શુદ્ધિકરણની પ્રક્રિયા કરી કાગળનું ઉત્પાદન કરે છે. આવી પ્રક્રિયાઓમાં સોડિયમ હાઈડ્રોક્સાઈડ, સોડિયમ સલ્ફેટ, કેલ્શિયમ બાયસલ્ફાઈટ જેવા વિવિધ રસાયણોનો ઉપયોગ થાય છે. આવા કાગળની બનાવટમાં વિરંજન પ્રક્રિયા પછી માવાને ધોવાની પ્રક્રિયામાં

અશુદ્ધિઓ હટી જતી હોય છે.જે કાગળ માટે નુકસાન કર્તા હોય છે. ઉપરાંત કાગળની કાંજીકરણની પ્રક્રિયામાં રોઝિનના દ્રાવણનું અવલેખન કરવા માટે ફટકડી ઉમેરવામાં આવે છે. તેમજ રંગો માટે પણ વધુ પ્રમાણમાં ફટકડી ઉમેરવામાં આવે છે. જેનાથી કાગળ એસિડીક બની જાય છે અને કાગળના સેલ્યુલોઝનું વિઘટન થઈ જાય છે. જેથી કાગળની ટકાઉપણા ઉપર અસર થાય છે. કાગળ બરડ તથા પીળો પડતો જાય છે.

આમ કાગળ હાથબનાવટથી કાપડ કે સિલ્કના રેસા-ચીંથરામાંથી બનતો કાગળ કે જે કાગળની મજબૂતાઈ આપે છે. અને બીજો પ્રકાર જે મશીનોથી બનતો કાગળ છે. જે ઝડપથી સસ્તો અને વિવિધતાવાળો કાગળ બને છે. પરંતુ આ કાગળ ટકવામાં નબળો સાબિત થતો હોય છે પરંતુ આજે સૌથી વધારે આ પ્રક્રિયાથી બનતો કાગળ વપરાય છે.

કાગળના નુકસાન કરતાં પરિબળો

કાગળને નુકસાન કરનારા ઘણાં પરિબળો હોય છે. મુખ્યત્વે આ પરિબળો

1. ભૌતિક પ્રકારના પરિબળો

2. રાસાયણિક પરિબળો

3. જૈવિક પરિબળો

4. અન્ય પરિબળો

ભૌતિકમાં પ્રકાશ, ઉષ્ણતા અને આર્દ્રતા(ભેજ) જેવા પરિબળો મુખ્ય છે. જે કાગળને નુકસાન કરે છે. આ પરિબળોથી રક્ષણના ઉપાયો કરવા પડે છે. આર્કાઈઝમાં આ નુકસાન અટકાવવા તે માટેના પગલાં લેવામાં આવતા હોય છે.

રાસાયણિક પરિબળોમાં કાગળની બનાવટમાં કેટલાક રસાયણોની ઉપસ્થિતિ, કાગળ ઉપર પડેલા ડાઘા, વાતવરણમાં રહેલ એસેડિક વાયુઓ, શાહી અને ધૂળના કારણે કાગળ ઉપર વિનાશક અસરો થતી જોવા મળે છે. જેનાથી બચવાના ઉપાયોમાં આર્કાઈઝમાં વિવિધ પ્રક્રિયા કરવામાં આવે છે. જેવી કે કાગળ ધોવાની પ્રક્રિયા, યોગ્ય સ્થળે દસ્તાવેજો રાખવા, શાહીની ચકાસણી વગેરે કાર્યો કરવામાં આવે છે અને જાળવણી કરણની પ્રક્રિયા પણ મહત્વની છે. જે વિવિધ રીતે કરવામાં આવતી હોય છે.

જૈવિક પરિબળોમાં સૂક્ષ્મ જીવો જેમાં ફૂગ, જીવાણું, ગ્રંથ કીટક, ગ્રંથ જૂ,  રજતફીશ, વંદા, કંસારી, ઉધઈ, ઉંદર, ખિસકોલી વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં જૈવિક પરિબળોથી

કાગળ-દસ્તાવેજોને બચાવવા પડે છે. તેને અટકાવવા વિવિધ ઉપાયો કરવા પડે છે. આ તમામ જીવાતો અલગ અલગ રીતે દસ્તાવેજો-કાગળને નુકસાન કરે છે.

આને અટકાવવામાં જરૂરી જંતુનાશક દવાઓ, ઉધઈની ટ્રીટમેન્ટ તથા યોગ્ય હવામાન જરૂરી છે.

આર્કાઈઝમાં આના માટે થાયમોલ ધ્રમવિષ પ્રક્રિયા, નિર્વાત ધ્રમવિષ પ્રક્રિયા કરવામાં આવતી હોય છે. જેમાં થાયમોલ નામનું રાસાયણિક દ્રવ્ય વાપરવામાં આવે છે. જે ફટકડી જેવા દેખાવનું હોય છે. તેને ચોક્કસ ઉષ્ણતા માટે, બંધ પેટી કે ચેમ્બરમાં રાખવામાં આવે છે. તેની બાષ્પ કાગળ-દસ્તાવેજને જંતુ મુક્ત કરે છે. તે જ રીતે ફોર્માલ્ડિહાઈડ રાસાયણનો ઉપયોગ કરી ધ્રમ-વિષ પ્રક્રિયાથી પણ દસ્તાવેજો બચાવવામાં આવે છે.

વિવિધ ઉપાયોથી કાગળને આ પ્રકારના જંતુઓથી દૂર રાખવાના રહે છે. જેથી કાગળને નુકસાન ન થાય.

અન્ય નુકસાન કરતાં પરિબળોમાં પૂર, આગ, ધરતીકંપ, યુદ્ધ રમખાણો, ચોરી અને બેદરકારી મુખ્ય પરિબળો છે. જેની સામે રક્ષણ માટે સાવચેતી રાખવાની રહે છે અને ઉપાયોની વિચારણા કરવાની રહે છે. આર્કાઈઝમાં આ સંજોગો માટે અગાઉથી આયોજન કરવામાં આવતું હોય છે અને જરૂરી સાધન સામગ્રી વસાવવામાં આવતી હોય છે.

**કાગળની મરામત**

દસ્તાવેજો-કાગળ તેના ઘટકો અને તેને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને મરામત કરવામાં આવે છે. આર્કાઈઝ અભિલેખાગારોમાં તથા મ્યુઝિયમોમાં આવા કાગળ મરામત માટે વિવિધ પદ્ધતિઓ વિકસાવવામાં આવી છે અને તે પ્રમાણે મરામત પ્રક્રિયાઓ કરવામાં આવે છે.

મરામત પ્રક્રિયામાં સૌથી શરૂઆતમાં દસ્તાવેજ-કાગળનું નિરીક્ષણ, શાહીનો પ્રકાર, કાગળ કે ગ્રંથની બાંધણી વગેરે ચકાસણી કરવામાં આવતી હોય છે. વિવિધ મરામત પ્રક્રિયાઓમાં 1. કાંજીકરણ પ્રક્રિયા 2. આવરણ-એકબાજુ લખાયેલ દસ્તાવેજની મરામત માટે 3. શિફોન કાપડથી મરામત 4. ટિસ્યુ કાગળથી મરામત 5. અર્ધ આવરણ મરામત 6. કાગળ ઉપરના પડેલા નાના કાંણા પુરવાની મરામત 7. ઈન્લેઈંગ પ્રક્રિયા-દસ્તાવેજો નાના મોટાં હોય તો એકસરખા કરવા માટે 8. શિફોન લેમિનેશન 9. લેમિનેશન-મશીન તથા સોલવન્ટ 10. સામાન્ય મરામત 11. બાંધણી (બાઈન્ડીંગ) 12. કાગળની પટ્ટીઓ મૂકી મરામત 13.

*સિલાઈ. આમ આ મરામત પ્રક્રિયાઓનો ઉપયોગ કરી કાગળ-દસ્તાવેજને લાંબુ આયુષ્ય આપવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય છે.*

**2. કાપડ**

*કાપડની સપાટીને લેખન યોગ્ય બનાવવા માટે બંને બાજુ ઘઉં કે ચોખાની ખેર ચડાવવામાં આવતી હતી. જેથી કાપડમાંના છિદ્રો પુરાય જાય. બાદમાં કાપડને ઘસીને લીસી સપાટી બનાવવામાં આવતી હતી. તેના ઉપર શાહી કે રંગ વડે લખવામાં આવતું હતું.*

*ભારતમાં કાપડનો ઉપયોગ લેખનસપાટી તરીકે થતો હતો. ખાસ કરીને ટીપણાં, ચિત્રપટ્ટો, મંત્ર-યંત્ર વગેરે તથા ચિત્રકામ માટે હતો. કાપડ ઉપર લખાયેલા ઘણાં દસ્તાવેજો ભારતમાં સંગ્રહાયેલા છે. પરંતુ જ્યારે ચિત્રકામ તથા ધાર્મિક કાર્યોના લખાણો-ચિત્રોમાં વધુ ઉપયોગ થયો હતો. કાપડ કાગળ કે અન્ય માધ્યમના પ્રમાણમાં વધારે ટકાઉ છે પરંતુ તેને સાચવવાની સમસ્યા રહેલી છે. તેની મરામત પણ મુશ્કેલ છે. પરંતુ ભારતમાં તેનો વ્યાપક ઉપયોગ થયો હતો. ખાસ કરીને કોટનના કાપડનો થતો હતો. સિલ્ક અને ઊનનો ઉપયોગ ખાસ કરીને દફતરો-દસ્તાવેજો માટે થતો ન હતો. પરંતુ ચિત્રકામમાં સિલ્કનો ઉપયોગ થતો હતો. કાપડના દસ્તાવેજો આર્કાઈઝમાં રોલ સ્વરૂપે વીંટા વાળીને સાચવવામાં આવતા હોય છે.*

*આ રીતે કાગળ અને કાપડ એ દફતરોના અન્ય ભૌતિક સ્વરૂપની માફક લેખનના માધ્યમ તરીકે વપરાયા છે.*

**3. ફોટોગ્રાફિક રેકોર્ડ**

*આધુનિક દફતરોનું સ્વરૂપ ફક્ત કાગળો પૂરતું મર્યાદિત નથી પરંતુ અનેક આધુનિક સાધનો તથા માધ્યમોથી દફતરો સર્જાતા હોય છે.*

*ફોટોગ્રાફિક ટૅકનિકથી ફોટોગ્રાફ્સ મેળવવામાં આવે છે જે પણ દફતરનો એક પ્રકાર છે. સમયની સાથે ટૅક્નોલોજીના વિકાસ સાથે બિનપરંપરાગત રેકોર્ડ વધુ ઉપયોગી બની રહ્યા છે. સંગ્રહની ક્ષમતા તેની મુશ્કેલીઓ સાચવણી વગેરે કારણોસર પણ આ માધ્યમોનો ઉપયોગ વધી રહ્યો છે.*

*શરૂઆતમાં પેપર રેકોર્ડને ફોટોગ્રાફિક ટૅકનોલોજી, માઈક્રોફોર્મમાં ફેરવવાની ટૅકનોલોજીનો ઉપયોગ થવા માંડ્યો હતો. સાથે સાથે ફિલ્મ પણ આ રેકોર્ડનું મહત્વનું માધ્યમ બની રહ્યું હતું.*

*ફોટોગ્રાફિક માધ્યમમાં ઈમેજને ફોટોપેપર અથવા ફિલ્મ માધ્યમમાં લેવામાં આવે છે. કલર ફિલ્મ, પ્રિન્ટીંગ, આર્ટ. આ ટૅકનોલોજી ભારતમાં વર્ષ 1850 થી વિકસી છે.*

મુંબઈ કલકત્તામાં 1854 તથા 1856માં ફોટોગ્રાફિક સોસાયટીઓ બની હતી. ત્યારબાદ સ્ટુડિયોના વિકાસ સાથે આ ટૅકનોલોજીનો ખૂબ વિકાસ થયો. મીડિયા, માહિતી પ્રસારણ, કોર્મશિયલ, આર્ટ વગેરે ક્ષેત્રોમાં ખૂબ જ ઉપયોગ થયો છે. જેનું આજે પણ એટલું જ મહત્વ છે. દ્રશ્ય અને શ્રાવ્ય રેકોર્ડના માધ્યમ તરીકે ફોટોગ્રાફી-ફિલ્મ ખૂબ જ મહત્વના છે.

આ ફોટોગ્રાફસ-રેકોર્ડ ભારત સરકારના ફોટોડિવિઝન તથા દૂરદર્શન-સંચાર વિભાગ તથા નેશનલ આર્કાઈઝમાં વ્યાપક સંગ્રહ તથા સાચવણી કરવામાં આવે છે.

આ ફોટોગ્રાફસ-રેકોર્ડમાં આપણને સાંસ્કૃતિક-ઐતિહાસિક વારસો, તેના પુરાવા, સંશોધન, તવારીખો માટે ખૂબ જ અગત્યનું સંશોધન માધ્યમ બની રહે છે.

કોઈપણ બનેલી ઘટના-પ્રસંગ, વ્યક્તિ, કુદરત વગેરેના દ્રશ્યોને વિવિધ પ્રસારણ કેમેરા-સાધનની મદદથી ફિલ્મ-રોલ ઉપર કંડારી લેવામાં આવેલ હોય છે. તેનો સ્ટુડિયો અથવા ડાર્ક રૂમની મદદથી ફોટોપેપર ઉપર જે તે ચિત્રને ઉપસાવવામાં આવે છે. આ પ્રસંગોના ફોટોગ્રાફ મહત્વના આર્કીવલ રેકોર્ડ બની રહેતા હોય છે.

**4. નકશા-ચાર્ટ**

અગત્યના દફતરો તરીકે નકશા-ચાર્ટનું વિશિષ્ટ સ્થાન છે. ભૌગોલિક વિસ્તારો, આર્થિક, રેલ-રોડ નકશા, સરહદી નકશા, હવામાનને લગતા નકશા, અનેક માહિતીઓ અંગેના નકશા તૈયાર થતા હોય છે. દરિયાઈ-રસ્તાઓ અંગેના નકશા ખૂબ જ મહત્વના હતા.

આ નકશા તથા ચાર્ટ કદની દ્રષ્ટિએ મોટી સાઈઝના અને અલગ-અલગ સાઈઝના હોય છે. પરિણામે તેને સાચવવા, ગોઠવવામાં સગવડતા રહેતી હોય છે. આ નકશા કાપડ અને કાગળ ઉપર વધારે હોય છે. જૂના નકશા સાચવવા અને ગોઠવવા વિશેષ કાળજી લેવી પડતી હોય છે.

આર્કાઈઝ-અભિલેખાગારોમાં નકશા સાચવવા અને મરામત માટે વિશિષ્ટ કામગીરી કરવામાં આવતી હોય છે. વિવિધ મરામત ટૅકનિક વિકસાવવામાં આવતી હોય છે.

આ પદ્ધતિઓ આ પ્રમાણે હોય છે.

1. માઉન્ટિંગ

2. વિભાગીકરણ અને માઉન્ટિંગ

3. લેમિનેશન

4. વિભાગીકરણ અને લેમિનેશન

5. *પ્રાવરણ અને માઉન્ટિંગ*

*જૂના નકશા રીપેરીંગમાં મુખ્યત્વે એક બાજુ છપાયેલાં-દોરાયેલા નકશાને તેની પાછળની બાજુ કાપડ ચોંટાડવાની પદ્ધતિ સૌથી મહત્વની અને ઉપયોગી હોય છે. જેને 'માઉન્ટિંગ' કહેવાય છે.*

*નકશા રીપેરીંગ સમયે તેમાં વપરાયેલ શાહીની ચકાસણી જરૂરી હોય છે.*

*લેમિનેશન મરામત પ્રક્રિયામાં મશીન લેમિનેશન કરવામાં આવે છે.*

*એ જ રીતે બંને બાજુમાં લખાયેલા કે દોરાયેલ નકશાઓને શિફોન લેમિનેશનથી મરામત કરવામાં આવે છે. શિફોન કાપડને વાપરીને આગળ-પાછળ મશીન લેમિનેશન કરવામાં આવે છે. આ નકશામાં વપરાયેલ શાહીની ચકાસણી કરવામાં આવતી હોય છે. જૂના નકશાઓમાં ઘણાં મુદ્રાવાળા નકશા હોય છે. તે લાખ નામના પદાર્થની લગાવેલ મુદ્રાવાળા નકશા ખૂબ જ સાચવીને મરામત કરવી પડતી હોય છે.*

*પહેલાંના સમયમાં જૂના નકશાઓ વીટા આકારમાં ગોળ વાળીને સાચવવામાં આવતા હતા. આ માટે લાકડાંની પેટીઓ અથવા ધાતુના ગોળ ભૂંગળામાં રાખવામાં આવતા હતા.*

*નકશાઓને સાચવવા માટે જરૂરી પ્રક્રિયાઓ કરવી જરૂરી છે. જંતુઓથી, ઊધઈથી સાચવવા તેમજ હવામાનની અસરથી બચાવવા જરૂરી હોય છે.*

**5. માઈક્રોફિલ્મ -માઈક્રોફોટોગ્રાફી**

*માઈક્રોફોટોગ્રાફી એટલે દસ્તાવેજોનું ફિલ્મ ઉપર ફોટોગ્રાફિક પ્રત્યાલેખન* (Reproduction) *મૂળ સાઈઝ કરતાં ખૂબ જ નાની (લઘુ) સ્વરૂપ-સાઈઝમાં ફિલ્મ ઉપર પ્રત્યાલેખન એટલે માઈક્રોફોટોગ્રાફી. જેને વાંચવા માટે મેગ્નીપ્રાઈડ સાધન (માઈક્રોફિલ્મ રીડર)નો ઉપયોગ કરવામાં આવે છે તેનાથી મોટા સ્વરૂપમાં દસ્તાવેજ જોઈ-વાંચી શકાય છે. તેમજ તેને એનલાર્જ કરી (મોટા સ્વરૂપમાં) પ્રિન્ટ કોપી મેળવી શકાય છે. તેનું ડિઝિટલાઈજેશન પણ કરી શકાય છે અને તે દ્વારા પણ વાંચી કે પ્રિન્ટ મેળવી શકાય છે.*

*આ પ્રક્રિયામાં દસ્તાવેજો ફોટોગ્રાફીરોટરી અથવા પ્લેનેટની પ્રકારના કેમેરાથી કરવામાં આવે છે.* 15 m.m. *અથવા* 16 m.m. *ફિલ્મ રોલ ઉપર તેને લેવામાં આવે છે. જે ફિલ્મરોલ ઉપર લેવામાં આવે છે અને તે આ સાઈઝ-ફ્રેમમાં લેવાથી એક રોલમાં ઘણાં દસ્તાવેજોની ફ્રેમ આવી જાય છે. આનાથી પણ નાની સાઈઝમાં માઈક્રોફોટોગ્રાફી કરી શકાય છે અને તેને માઈક્રોફીશ* (Microfiche) *અને માઈક્રોજેકેટ* (Micro Jeckets) *કહેવાય છે. જેમાં એક*

નાના પોસ્ટકાર્ડ સાઈઝની ફિલ્મ ઘણાં દસ્તાવેજોની ઈમેજ લઈ શકાય છે. પરંતુ વધારે માઈક્રોફિલ્મીગ ફિલ્મરોલ સ્વરૂપે લેવામાં આવે છે.

આ પ્રક્રિયા માટે વપરાતી ફિલ્મ તેમજ સાધનો અને ટેક્નિક આંતરરાષ્ટ્રીય માઈક્રોફિલ્મીંગ સ્ટાન્ડર્ડ પ્રમાણે કરવામાં આવે છે. યુનેસ્કો તેમજ અન્ય સંસ્થાઓ તરફથી દુનિયાભરમાં દેશોનો પોતાનો સાંસ્કૃતિક વારસો જળવાઈ રહે તે માટે દુનિયાભરના આર્કાઈઝ તથા સંસ્થાઓને આર્થિક, ટેક્નિકલ મદદ તેમજ માર્ગદર્શન આપવામાં આવે છે.

આ માઈક્રોફિલ્મીંગનું ખૂબ જ મહત્વ છે. જેના વિવિધ ફાયદા છે. માટે જ સૌથી મહત્વના કાયમી રાખવા સ્વરૂપ દસ્તાવેજો પુસ્તકો વગેરેનું માઈક્રોફિલ્મીંગ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે.

ખાસ કરીને પસંદગીના સૌથી ઉપયોગી અને સંશોધન માટે ઉપયોગી દસ્તાવેજોને પસંદ કરી માઈક્રોફિલ્મીંગ કરવામાં આવે છે. જેના ઉપયોગોમાં

1. સંદર્ભ - સંશોધન માટે
2. પ્રકાશન -
3. Acquisition - (દસ્તાવેજો રેકોર્ડ મેળવવાની કામગીરી)
4. સલામતી - સૌથી સલામત ફોર્મેટ છે. 200 વર્ષ સુધી ટકી શકે છે.
5. જાળવણી - Preservation and Conservation
6. સાચવણી -
7. જગ્યાનો બચાવ - ખૂબ જ ઓછી જગ્યામાં સાચવી શકાય છે.
8. આદાન-પ્રદાન - માહિતી સંશોધન માટે સરળ રીતે ખૂબ જ ઓછી જગ્યા-ખર્ચથી અરસપરસ ઉપયોગ કરી શકાય છે.
9. વહીવટ -
10. ડિઝિટલાઈઝેશન
11. સંશોધન-મૂલ્ય

મર્યાદા - ખર્ચાળ પ્રક્રિયા છે તેમજ કિંમતી સાધનો, રખ-રખાવ, તેમજ ટૅક્નિકલ જાણકારી ખૂબ જ મહત્વની છે

ચોક્કસ વાતાવરણ - એરકન્ડિશન જગ્યામાં જ સાચવી-રાખી શકાય છે.

સાચવણી -

1. $20^0$ થી $30^0$ સુધીનું ટેમ્પરેચર જરૂરી

2. ભેજથી સાચવણી-ગરમીથી નુકસાન

3. માસ્ટર કોપી તથા અન્ય કોપી અલગ અલગ સ્થળે રાખવી

4. બોક્સ કે કબાટમાં રાખવામાં આવે છે.

5. રોલ-ફિલ્મનું અવારનવાર ટેસ્ટીંગ

6. ફિલ્મ રોલ ઉપર-ફ્રેમ ઉપર, ઈન્ડેક્સ તથા કોડ નંબર રાખવા

7. બોક્સ ઉપર રોલ-નંબર, તારીખ, દસ્તાવેજોની વિગત-સંખ્યા, કોડ નંબર લખવા તથા કેટલોગ તૈયાર કરવું

ભારતમાં નેશનલ આર્કાઈઝમાં આ માઈક્રોફિલ્મીંગ કામગીરી મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. રાજ્યોના આર્કાઈઝમાં પણ આ કામગીરી થાય છે. બિઝનેસ સંસ્થાઓ પણ આ કામગીરી કરે છે.

નેશનલ આર્કાઈઝ (N.A.I.)માં 4.9 લાખ પેજ અંદાજે 3500 માઈક્રોફીલ રોલ, 9000 માઈક્રોફીશ (0.9 લાખ પેજ) તથા તેની ડિજિટલ ઈમેજ લગભગ 2,60,000 કરવામાં આવી છે અને તેનો સંશોધકો ઉપયોગ કરે છે. (M. S. MENI N.A.I.)

આર્કાઈઝમાંથી સૌથી મહત્વના અને કાયમી સાચવવા પાત્ર દસ્તાવેજો અલગ કરી તેનું જ માઈક્રોફિલ્મીંગ કરવું જોઈએ. જે દસ્તાવેજોનું સંશોધન મૂલ્ય હોય તેમજ વહીવટ શાસન માટે ખૂબ જ ઉપયોગી દસ્તાવેજોનું માઈક્રોફિલ્મીંગ કરવું જરૂરી છે. જેનું મુખ્ય કારણ તેનું આયુષ્ય છે. આ ફિલ્મ અંદાજે 400-500 વર્ષ સુધી સાચવી શકાય છે.

માઈક્રોફિલ્મ કર્યા બાદ તેના કેટલોગ કરાવી સંશોધકોને ઉપલબ્ધ કરાવવા જરૂરી છે. આ કામગીરી આર્કાઈઝમાં પ્રભાલેખન વિભાગનો એક ભાગ ગણાય છે. જેમાં ઝેરોક્ષ-કોપીઅર, સ્કેનર મશીનો, કેમેરા (રોટરી-પ્લેનેટરી) રીડર, કૉમ્પ્યૂટર, પ્રિન્ટર ડાર્ક રૂમ, એર કન્ડીશન રૂમ, સ્ટોરેજ વગેરે મહત્વના સાધનો છે.

**ઓડિયો-વિઝયુઅલ રેકોર્ડ**

આજે પેપર-લેસ મેનેજમેન્ટ વ્યવસ્થાનો ખ્યાલ વ્યાપક બન્યો છે. આજે હવે ટેલી કોન્ફરન્સ, ઈન્ટરનેટ, ઈલેક્ટ્રોનિક્સ લાયબ્રેરી મહત્વના અને જરૂરી બન્યા છે.

આ ઈલેક્ટ્રોનિક મટીરીયલ્સમાં સાઉન્ડ રેકોર્ડીંગ, મૂવી-ફિલ્મસ, ફિલ્મ સ્ટ્રીપ, સ્લાઈડ, સ્ટીલ ફોટોગ્રાફી, વીડિયો રેકોર્ડીંગ વગેરે ખૂબ જ ઉપયોગી ટેક્નોલોજી છે. શ્રવ્ય-શ્રાવ્યનું

સંયોજન આજે મહત્વનું બન્યું છે. મિકેનીકલ, ઈલેક્ટ્રોનિક્સ ટેક્નોલોજી જરૂરી બની છે અને આજે આ દ્રશ્ય-શ્રાવ્ય ટેક્નોલોજી માહિતીનું મહત્વનું માધ્યમ બન્યું છે. આ પ્રકારોમાં

1. સીને મેટોગ્રાફ ફિલ્મસ

2. વીડિયો રેકોર્ડીંગ – દ્રશ્ય-શ્રાવ્ય બંને સાથે ટેપ કે ડિસ્કના ફોર્મેટમાં રેકોર્ડ કરવામાં આવે છે.

3. સાઉન્ડ રેકોર્ડીંગ – ડિસ્ક તથા ટેપના ફોર્મેટમાં રેકોર્ડીંગ

4. સ્ટીલ ફોટોગ્રાફી -

5. ગ્રામોફોન રેકોર્ડ - મ્યુઝિકલ કમ્પોઝીશન તથા ઓડિયો માટે ઉપયોગ. પ્લાસ્ટિક મટીરિયલ્સમાંથી બને છે અને પ્લેયર-મશીનમાં મૂકી વગાડવામાં આવતું હતું.

6. ટેપ -

7. ફિલ્મ સ્ટ્રીપ –

8. સ્ટોક શોટ્સ અથવા ફાઈલ શોટ્સ

**સંગ્રહ** - વર્ષ 1930 થી ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ તથા અલગ-અલગ આર્કાઈઝમાં આ પ્રકારના રેકોર્ડ સંગ્રહ કરવાની ટેક્નિક વિકસી હતી. ભારતમાં નેશનલ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ, પુના, ઍજ્યુકેશન મીડિયા સેન્ટર, ઓડિયો-વિઝ્યુઅલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, માસ કોમ્યુનિકેશન રીસર્ચ સેન્ટર તથા ઓલ ઈન્ડિયા રેડિયો, દૂરદર્શન ટી.વી. નેટવર્ક વગેરે સંસ્થાઓમાં આ માધ્યમો સાચવવામાં આવ્યા છે. નેશનલ આર્કાઈઝ તથા અન્ય આર્કાઈઝમાં પણ આ પ્રકારના રેકોર્ડ સાચવવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્ય આર્કાઈઝ (અભિલેખાગાર)માં પણ ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાનીઓના ઈન્ટરવ્યૂ રેકોર્ડીંગ કરી કેસેટો તથા સી.ડી. ફોર્મેટમાં સાચવવામાં આવ્યા છે.

આ પ્રકારના રેકોર્ડ પણ સાચવવા ખાસ કરીને યોગ્ય ટેમ્પરેચરમાં રાખવા જરૂરી હોય છે તેમજ અવારનવાર રીવાઈઝ કરી ચકાસણી કરતાં રહેવું પણ જરૂરી છે.

**ડિઝિટલાઈઝેશન – (ડિઝિટલાઈઝ રેકોર્ડ)**

આર્કાઈઝ તથા અન્ય સંસ્થાઓમાં હવે બંને પ્રકારે રેકોર્ડને સાચવવામાં આવે છે. ફિઝિકલ ફોર્મેટમાં મૂળ દસ્તાવેજો તથા તેનું ડિજીટલ ફોર્મેટ. આ તમામ પ્રક્રિયા ખૂબ જ આધુનિક છે. સાથે સાથે વિશેષ કોમ્પ્યૂટર તાલીમ તથા જાણકારી જરૂરી છે. દસ્તાવેજોનો ડેટા સાચવવો

અને સંશોધકો સુધી પહોંચાડવો તે ખૂબ જ ટેક્નીકલ બાબત બની રહે છે. ડેટા સંગ્રહ પદ્ધતિ અને તે માટે સર્વર, સ્કેનર, કોમ્પ્યૂટર, ડીસ્ક વગેરે મહત્વના સાધનો છે.

ભારતમાં આજે મોટી સંખ્યામાં ઐતિહાસિક તેમજ મહત્વના રાજકીય અને વિષયો માટેના ઉપયોગી રેકોર્ડ નેશનલ આર્કાઈઝ તેમજ અન્ય રાજ્યોનાં આર્કાઈઝમાં સંગ્રહાયેલ છે. જે આપણો બહુમૂલ્ય વારસો છે. તેના કારણે આ તમામ રેકોર્ડને સાચવવા લોકો સુધી પહોંચાડવા સંશોધકોને ઉપલબ્ધ કરી આપવા અને રેકોર્ડની જાણકારી પૂરી પાડવી વગેરે કામગીરી માટે આજે ડિઝિટલાઈઝેશન કામગીરી ખૂબ જ ઉપયોગી છે. જેનું મહત્વનું પાસું એ છે કે આ કામગીરી ઓછા ખર્ચે તેમજ મોટી સંખ્યામાં ઝડપથી દસ્તાવેજોનું ડિઝિટલાઈઝેશન કરી શકાય છે અને એ રીતે અસલ દસ્તાવેજોની પ્રતિ લિપિઓ મેળવી શકાય છે અને સાચવી શકાય છે તેમજ ઝડપથી આદાન-પ્રદાન કરી શકાય છે.

આ ડિઝિટલાઈઝેશન કામગીરીમાં મહત્વની ત્રણ બાબતો છે.

1. સ્ટેટસ ઑફ ડિઝિટલાઈઝેશન અને ડિજીટલ રિસોર્સીસ.

2. મેટાડેટા રેકોર્ડ્સ અને ટુલ્સની સાચવણી અને ઉપયોગ

3. ડિજીટલ આર્કાઈઝ વિકસાવવું અને તેનું ટેક્નીકલ સ્ટાન્ડર્ડ જાળવવું

આર્કાઈઝમાં ઈ-રેકોર્ડ કીપીંગ તેને સાચવવા તેમજ તે માટેનું મેનેજમેન્ટ અને માહિતી ટેક્નોલોજી તરીકે તેનો ઉપયોગ મહત્વનો છે તેમજ આર્કીવલ રેકોર્ડમાં ઈન્ટર રીલેશન વિષયો સાથેનું જોડાણ અને હેન્ડલીંગ મહત્વની બાબત છે.

રાષ્ટ્રીય અભિલેખાગાર (N.A.I.) નવી દિલ્હી ભારત સરકારે 'Archival Information Management System' (AIMS) સોફ્ટવેર વિકસાવ્યું છે અને રેફરન્સ મીડિયા માટે ડેટાબેઝ રેકોર્ડનું બનાવ્યું છે. AIMS સોફ્ટવેર લેટેસ્ટ ટેક્નોલોજીથી અપડેટ રાખવામાં આવે છે. લાયબ્રેરી પણ આની સાથે સાંકળી લેવામાં આવી છે.

શરૂઆતમાં જ પાયલોટ પ્રોજેક્ટ તરીકે 5 લાખ પેજીસનું ડિઝિટલાઈઝેશન અને તેને એનાલોગ (Analog) મીડિયમમાં કન્વર્ટ કરવામાં આવ્યા હતા. માઈક્રોફિલ્મ પણ ડિઝિટલાઈઝ કરવામાં આવી હતી. વર્ષ 2000 થી આ પાયલોટ પ્રોજેક્ટમાં જૂની હસ્તપ્રતો અને ગ્રંથો ડિઝિટલાઈઝ કરવામાં આવ્યા હતા. હસ્તપ્રતો, ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત જેવા ગ્રંથો પણ ડિઝિટલાઈઝ કરી લેવામાં આવ્યા હતા.

નેશનલ આર્કાઈઝ તરફથી 47.8 લાખ ખૂબ જ અગત્યના દસ્તાવેજો જે વિવિધ સ્વરૂપે ફાઈલ, વોલ્યુમ ગ્રંથ, નકશા, સંધિઓ ઉપલબ્ધ છે. તેનું ડિઝિટલાઈઝેશન કરવામાં આવ્યું

છે. ઉપરાંત 7500 જેટલા માઈક્રોફિલ્મ રોલ્સ ડિજીટાઈઝ કરવામાં આવ્યા છે. સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઑફ એડવાન્સ કૉમ્પ્યૂટર (C-DAC) પુના સંસ્થા સાથે MoU કરાર દ્વારા તેમજ રેકોર્ડ ઍક્ટ 1993 અનુસાર ડિઝિટાઈઝેશન કામગીરી કરવામાં આવી છે. નેશનલ આર્કાઈઝ ઑફ ઈન્ડિયા અને તેના ઓનલાઈન પોર્ટલ 'Abhilekhpata/https://www.abhilekhpata.in થી દુનિયાભરમાં સંશોધકો માટે ડિઝિટલાઈઝ દસ્તાવેજો અને સંદર્ભો મૂકવામાં આવ્યા છે. તે ખૂબ જ ઉપયોગી બન્યા છે.

## 9.4 ચાવીરૂપ શબ્દો

1. રેકોર્ડનો અર્થ
2. કાગળ
3. કાગળનું બંધારણ
4. હાથબનાવટનો કાગળ
5. સેલ્યુલોઝ
6. દફતરોને નુકસાન કરતા પરિબળો
7. ભૌતિક પરિબળો
8. રાસાયણિક પરિબળો
9. જૈવિક પરિબળો
10. થાયમોલ ધ્રુમવિષ પ્રક્રિયા
11. મરામત પ્રક્રિયા
12. ફોટોગ્રાફિક રેકોર્ડ
13. માઈક્રોફિલ્મ
14. માઈક્રોફોટોગ્રાફી
15. રીપોગ્રાફી
16. ઓડિયો-વિઝ્યુઅલ રેકોર્ડ
17. ડિઝિટલાઈઝેશન

## 9.5 તમારી પ્રગતિ ચકાસો

1. *રેકોર્ડનો અર્થ સમજાવો.*

2. *કાગળની શોધ ક્યાં થઈ અને ભારતમાં ક્યારથી વપરાશ શરૂ થયો ?*

3. *કાગળનું બંધારણ સમજાવો.*

4. *હાથ બનાવટનો કાગળ શા માટે સૌથી સારો અને મજબૂત માનવામાં આવે છે ?*

5. *દફતરોને નુકસાન કરતાં ભૌતિક પરિબળોના ઉદાહરણ આપો.*

6. *રાસાયણિક પરિબળો કાગળને કેવી રીતે નુકસાન કરી શકે છે ?*

7. *થાયમોલ ધ્રુમવિષ પ્રક્રિયા શા માટે અને કેવી રીતે કરવામાં આવે છે ?*

8. *ફોટોગ્રાફિક રેકોર્ડના ઉદાહરણ આપો.*

9. *માઈક્રોફિલ્મનો અર્થ સમજાવો.*

10. *માઈક્રોફિલ્મીગ આર્કાઈઝની સૌથી મહત્વની ફોટોગ્રાફિક પ્રક્રિયા છે. શા માટે ?*

11. *ડિઝિટલાઈઝેશનની ઉપયોગિતા.*

## 9.6 સંદર્ભ ગ્રંથો

1. Archives in India

   By S.N. Prasad. 'Archives' No. 7.1978

2. Archives and Records

   What are they ?

By Purnandu Basu N.A.I.
22nd Oct.1960

3. Archives in India
By SAILEN GHOSE
Calcutta 1965

4. Reprographic in Archives
National Archive 1988

5. A guide to Micrographic
By Gcnealogical Society of Utah U.S.A.

6. આર્કાઈઝ એડમિનિસ્ટ્રેશન માઈકલ કૂક

7. ગુજરાત રાજ્ય દફતર ભંડાર, સંક્ષિપ્ત પરિચય
સી.બી. પંડ્યા ગુજરાત દફતર ભંડાર ખાતું 1989

8. Digital Preservation in N.A.I.
By M.S. Mani Micrograpist N.A.I.

9. What do you mean by Archives ?
Usage for Digital Preservers
Feb. 27.2014 by Trevor Owes

એકમ : 10

# ભારતના કેટલાક અગ્રગણ્ય દફતર ભંડારોઃરાષ્ટ્રીય દફતર ભંડાર (નવી દિલ્હી), મહારાષ્ટ્ર રાજ્ય દફતર ભંડાર અને ગુજરાત રાજ્ય દફતર ભંડાર (ગાંધીનગર)

:: રૂપરેખા ::


**10.1** ઉદ્દેશો

**10.2** પ્રસ્તાવના

**10.3** નેસનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાની સ્થાપના

**10.4** દિલ્હી દફતરના વિવિધ રેકોર્ડસ અને સુવિધાઓ

- **10.4.1** ખાનગી પેપર્સ
- **10.4.2** માઈક્રોફિલ્મ્સ
- **10.4.3** પુસ્તકાલય વિભાગ
- **10.4.4** રેકોર્ડ મેનેજમેન્ટ
- **10.4.5** પ્રકાશન કાર્યક્રમ
- **10.4.6** પ્રદર્શન
- **10.4.7** રિપોઝીટરી, તેની સામગ્રીઓ અને સંરક્ષણ અને પુનઃ પ્રાપ્તિની તકનીકો
  - **10.4.7.1** સંરક્ષણ
  - **10.4.7.2** રિપ્રોગ્રાફી
  - **10.4.7.3** તકનિકી સહાય
  - **10.4.7.4** કન્સલ્ટન્સી સેવાઓ
- **10.4.8** આર્કાઈવલ તાલીમ સંસ્થા
- **10.4.9** અભિલેખ પટલ
- **10.4.10** શ્રી સુભાષચંદ્ર બોઝની ફાઈલો

**10.5** તમારી પ્રગતિ ચકાસો

**10.6 મહારાષ્ટ્ર આર્કાઈવ્સનો ઈતિહાસ**

**10.6.1 રેકોર્ડ ઓફિસની સ્થાપના**

**10.7 મહારાષ્ટ્ર રાજ્ય આર્કાઈવ્ઝના કાર્યો**

**10.8 સંશોધન સુવિધાઓ**

**10.9 બોમ્બે આર્કાઈવ્ઝની વિવિધ રેકોર્ડ સમૃદ્ધિ**

**10.9.1 ફેક્ટરીઓ અને રેસિડેન્સીનાં રેકોર્ડ્સ**

**10.9.3 ગુપ્ત અને રાજકીય વિભાગ**

**10.9.4 ઐતિહાસિક પરિવારોના રેકોર્ડ્સ અને ખાનગી કાગળો**

**10.9.5 મુદ્રિત રેકોર્ડ્સ, નકશા અને ફોટો નકલો**

**10.10 તમારી પ્રગતિ ચકાસો**

**10.11 ગુજરાત રાજ્ય અભિલેખાગાર**

**10.12 સંગ્રહિત ફાઈલો તથા પુસ્તકોની વિગત**

**10.13 ફોટો આર્કાઈવ્ઝ યુનિટ**

**10.14 તાબાની કચેરીઓમાં સંગ્રહિત સ્ટેટ રેકોર્ડ**

**10.15 રેકોર્ડ (દફતર)નું ડિઝિટાઈઝેશન**

**10.16 કોમ્પેકટર રેકોર્ડ સિસ્ટમ**

**10.17 પ્રદર્શન**

**10.18 તમારી પ્રગતિ ચકાસો**

**10.19 ચાવીરૂપ શબ્દો**

**10.20 સારાંશ**

**10.21 સંદર્ભ સૂચિ**

## 10.1 ઉદ્દેશો

- *આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ દફતર ભંડાર (આર્કાઈવ્ઝ) શું છે તે જાણશે.*
- *આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ સંશોધનમાં દફતરો કેવી રીતે ઉપયોગી નીવડે છે તેની સમજ કેળવશે.*
- *દફતર ભંડારના વિવિધ કાર્યો અને તેમનું મહત્વ વિદ્યાર્થીઓ સમજશે.*
- *ભવિષ્યમાં સંશોધન કાર્ય માટેની જિજ્ઞાસા વિદ્યાર્થીઓમાં વિકસશે.*

## 10.2 પ્રસ્તાવના

*આર્કાઈવ્સ એ એવી જગ્યા છે જ્યાં લોકો પત્રો, અહેવાલો, નોંધો, મેમો, ફોટોગ્રાફ્સ અને અન્ય પ્રાથમિક સ્રોતોમાંથી પ્રથમ કક્ષાની હકીકતો, ડેટા અને પુરાવા એકત્ર કરવા જઈ શકે છે. નેશનલ આર્કાઈવ્સ એ ભારત સરકારના દસ્તાવેજોનો સંગ્રહ છે જે ભારતના ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટનાઓનાં દસ્તાવેજોને સાચવવાનું, જાળવવાનું અને તેને પ્રકાશિત કરવાનું કાર્ય કરે છે. નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા એ સરકારી શાખા જે આ સામગ્રીઓને સાચવે છે અને જાળવે છે અને તેને સંશોધન માટે ઉપલબ્ધ કરાવે છે. તમને ખ્યાલ હોય કે ન હોય, તમારી પાસે કદાચ તમારા ઘરમાં આર્કાઈવ્સ છે. તે તમારા અભ્યાસમાં ફાઈલિંગ કેબિનેટમાં, ભોંયરામાં એક બોક્સમાં હોઈ શકે છે. તે તમારું વ્યક્તિગત આર્કાઈવ્સ છે. સામગ્રીનો સંગ્રહ જે તમારા કુટુંબના ઈતિહાસમાંથી મહત્વપૂર્ણ ઘટનાઓને રેકોર્ડ કરે છે. પરિવારના આર્કાઈવ્સ અને રાષ્ટ્રના આર્કાઈવ્સ બંને ઘટના બની હોવાના પુરાવા તરીકે સેવા આપવા માટે વસ્તુઓ સાચવે છે. તમારા કૌટુંબિક આર્કાઈવ્સ અને નેશનલ આર્કાઈવ્સ સાથે મળીને તમારા પરિવારની અને અન્ય પરિવારોની માહિતી એકત્ર કરે છે. ઉદાહરણ તરીકે, તમારા કુટુંબના આર્કાઈવ્સમાં તમારા પરદાદાના વતનનું અંતિમ પ્રમાણપત્ર હોઈ શકે છે. એવી જ રીતે તમારા કુટુંબના આર્કાઈવ્સમાં તમારા દાદા-દાદી ભારત-પાકિસ્તાનના ભાગલા સમયે ભારતનાં નાગરિક બન્યા તે દિવસનાં ફોટોગ્રાફ અને અન્ય કાગળો સામેલ હોઈ શકે છે. તો મિત્રો દફતરની સામાન્ય સમાજ મેળવ્યા બાદ હવે આપણે ભારતના ત્રણ મહત્વનાં દફતરોનો અભ્યાસ કરીશું.*

## 10.3 નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાની સ્થાપના

*શરૂઆતમાં નેશનલ આર્કાઈવ્ઝ 'ઈમ્પીરીયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટ' તરીકે ઓળખાતું હતું જે સમય રહેતા ભારતનાં નેશનલ આર્કાઈવ્ઝ તરીકે ઓગણીસમી સદીના છેલ્લા દાયકાના*

*પ્રથમ વર્ષમાં કલકત્તા ખાતે અસ્તિત્વમાં આવ્યું હતું, પરંતુ તેની સ્થાપનાનો વિચાર તેના જન્મના ઓછામાં ઓછા ત્રણ દાયકા પહેલા શ્રી સેન્ડેમેનને કે જેઓ બ્રિટીશ સરકારમાં સિવિલ ઓડિટર હતા તેમને આવ્યો હતો. જેમણે* 1860*ના તેમના અહેવાલમાં બિનજરૂરી કાગળોનો નાશ કરીને કચેરીઓને ભીડથી મુક્ત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને તમામ મૂલ્યવાન રેકોર્ડ્સને ગ્રાન્ડ સેન્ટ્રલ આર્કાઈવ્સમાં સ્થાનાંતરિત કરવાની હિમાયત કરી હતી. તદ્નુસાર, ઓડિટરના અહેવાલના અમલીકરણનો અભ્યાસ કરવા માટે* 1861*માં એક રેકોર્ડ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. દરમિયાન* G. W. Forest *(જી.ડબ્લ્યુ. ફોરેસ્ટ) અંગ્રેજી અને ઈતિહાસ વિષયના પ્રોફેસર કે જેઓ એલ્ફિન્સ્ટન કૉલેજ, બોમ્બેમાં નોકરી કરતા હતા. તેમણે અંગત રસ દાખવીને બોમ્બે રેકોર્ડ્સ ઑફિસમાં કામ કરીને આર્કાઈવિસ્ટ તરીકેની નામના પહેલેથીજ મેળવી ચૂક્યા હતા. પરિણામે તેમને* 1889 *માં ભારત સરકારના વિદેશ વિભાગના રેકોર્ડની તપાસ કરવા માટે વિશેષ ફરજ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ફોરેસ્ટે તેમના અહેવાલમાં રાજ્યની નિંદા કરી હતી જેમાં વિવિધ વિભાગોના મોન્યુમેન્ટ રૂમમાં રેકોર્ડ રાખવામાં આવ્યા હતા. તેમણે નોંધ્યું હતું કે ઘણા દસ્તાવેજો પહેલાથી જ "અજ્ઞાન અને ઉદાસીન રખેવાળોનાં કારણે અને ઊધઈ"ના કારણે નાશ પામ્યા છે. તેથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટના તમામ રેકોર્ડને કેન્દ્રીય ભંડારમાં સ્થાનાંતરિત કરવા તરફ ધ્યાન દોર્યું હતું. પરિણામે વાઈસરોયની કાઉન્સિલના મોટાભાગના લોકોએ ફોરેસ્ટની ભલામણોને ટેકો આપ્યો હતો. ભારત સરકારે ફોરેસ્ટને ભારત સરકારના રેકોર્ડના ઓફિસર-ઈન-ચાર્જ તરીકે નિમણૂક કરવા માટે રાજ્યના સચિવનો સંપર્ક કર્યો જેના કારણે તેમને આ પદ પર* 11 *ફેબ્રુઆરી,* 1891*ના રોજ નિયુક્ત કરવામાં આવ્યા હતા. ફોરેસ્ટની ફરજોમાં તમામ વિભાગોના રેકોર્ડની તપાસ, સ્થાનાંતરણ અને સૂચિ બનાવવા અને વિવિધ વિભાગીય પુસ્તકાલયોની જગ્યાએ કેન્દ્રીય પુસ્તકાલયનું આયોજન કરવાનો સમાવેશ થતો હતો.* 19 *જૂન,* 1891 *સુધીમાં ફોરેસ્ટને ગૃહ વિભાગના રેકોર્ડ્સ ટ્રાન્સફર કરવામાં આવ્યા અને પુસ્તકાલયનું આયોજન કર્યું. ધીમે ધીમે અન્ય કચેરીઓના રેકોર્ડ પણ ઈમ્પીરીયલ રેકોર્ડ વિભાગમાં જમા કરાવવામાં આવ્યા જે કલકત્તામાં સરકારી ગૃહની સામે આવેલી નવી ઈમ્પીરિયલ સચિવાલયની ઈમારતના અડધા ડઝન ગ્રાઉન્ડ ફ્લોર રૂમમાં સ્થિત હતી. ફોરેસ્ટની શરૂઆત એક મદદનીશ આર્કાઈવીસ્ટ તરીકે, કારકુનો અને કુલીઓના સાધારણ સ્ટાફ અને લાઈબ્રેરી માટે* 2 *મુનશી અને* 2 *પંડિતોના કામચલાઉ સ્ટાફ સાથે થઈ હતી. આ સ્ટાફ સાથે તેને* 1899 *સુધીમાં રેકોર્ડની ઘણી શ્રેણીઓ પ્રકાશિત કરી હતી. ફોરેસ્ટ મુખ્યત્વે ઐતિહાસિક તપાસકર્તા હતા. તેમની અંદરના ઈતિહાસકાર કરતા આર્કાઈવિસ્ટ વધુ સારા બન્યા અને તેમના કાર્યકાળનો લગભગ અડધો દાયકો વિદેશમાં માત્ર ઈંગ્લેન્ડમાં*

*ભંડારોના વહીવટનો અભ્યાસ કરવામાં જ નહીં પરંતુ ઐતિહાસિક સંશોધનમાં વિતાવ્યો જેના પરિણામે 'ઈન્ડો-બ્રિટીશના સ્રોત' પુસ્તકોની શ્રેણી પ્રકાશિત થઈ શકી હતી. ફોરેસ્ટના અનુગામી એસ.સી. હિલે રેકોર્ડ્સનું પ્રકાશન કાર્ય હાથ ધર્યું અને* 1756-57*માં બંગાળ પર તેના સ્મારક ગ્રંથોના ન્યુક્લિયસની રચના કરતી સામગ્રીનો સમૂહ શોધી કાઢ્યો. તેમણે વિભાગ માટે કલકત્તાનો સંપૂર્ણ સેટ મેળવ્યો, સાથે ગેઝેટ અને* 1723-1842 *વચ્ચે કલકત્તાના ઘણા જૂના નકશા પણ મેળવ્યા. તેમના સંશોધન પ્રકાશનો મૂલ્યવાન હતા, હિલે સંદર્ભ માધ્યમોની તૈયારીમાં સમાન રસ લીધો હતો. તેમણે ફોરેન ડિપાર્ટમેન્ટ* (1756-62)*ના પ્રારંભિક રેકોર્ડ્સનું એબ્સ્ટ્રેક્ટ અને સિલેક્ટ કમિટી* (1756-60)*ની કાર્યવાહીનું કેલેન્ડર સંકલિત કર્યું. માર્ચ* 1754 *થી* 1757 *સુધીની જાહેર કાર્યવાહીનું પ્રેસ-લિસ્ટિંગ પોતે જ તૈયાર કરેલી ઓછી વિસ્તૃત અને સરળ યોજના હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. આ બધી પ્રવૃતિઓનાં કારણે દેશની બીજી એક મહત્ત્વની જરૂરિયાત સામે આવી તે હતી પ્રશિક્ષિત આર્કાઈવલ કર્મચારીઓની. આ જરૂરિયાતના પ્રતિભાવમાં લેવાયેલું પ્રથમ પગલું એ હતું કે ક્રમશઃ વિભાગમાં અપ્રશિક્ષિત વ્યક્તિઓના હાલના સ્ટાફની જગ્યાએ ઈતિહાસ અથવા રસાયણશાસ્ત્રની ડિગ્રી ધરાવતા કામદારોના જૂથ દ્વારા બદલવામાં આવે, જેમને રેકોર્ડની વૈજ્ઞાનિક સારવારમાં તાલીમ આપવામાં આવે. આનું અનુસરણ આર્કાઈવલ સ્ટાફ માટે અગાઉની કોઈપણ ગોઠવણ હેઠળ તેમની સંખ્યા કરતાં વધુ સારા પગાર ધોરણોને સુરક્ષિત કરીને કરવામાં આવ્યું હતું. આર્કાઈવ્સ-કીપિંગના નવા વ્યવસાયના વિકાસને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલું અન્ય એક પગલું હતું. પરંતુ ભારતના ભાગલા સમયે આ વિભાગ સામે વધુ પ્રચંડ પડકારનો સામનો કરવો પડ્યો, જ્યારે, ભારતના વિભાજનના રાજકીય નિર્ણયના પરિણામે, તત્કાલીન કેન્દ્ર સરકારની સંપૂર્ણ આર્કાઈવલ સંપત્તિઓને શારીરિક અંગવિચ્છેદનની ધમકી આપવામાં આવી. જોકે, આ ખતરો આખરે ટળી ગયો હતો અને બંને અનુગામી સરકારો વિભાજનથી પ્રભાવિત આર્કાઈવઝની અખંડિતતાનો આદર કરવા સંમત થતા તાત્કાલિક સમાધાન સુધી પહોંચી શકી હતી. વર્ષ* 2016*માં, નેશનલ આર્કાઈવ્સ ઓફ ઈન્ડિયાએ તેની સ્થાપનાની* 125*મી વર્ષગાંઠની ઉજવણી કરી. રાષ્ટ્રના દસ્તાવેજી વારસાના આ સેન્ટિનેલની સ્થાપના* 11 *માર્ચ,* 1891*ના રોજ શાહી રેકોર્ડ વિભાગ તરીકે કલકત્તા (હવે કોલકાતા) ખાતે કરવામાં આવી હતી, અને* 1911*માં રાજધાની દિલ્હીમાં સ્થાનાંતરણ કરવામાં આવ્યું હતું.* 1947*થી તે રાષ્ટ્રીય આર્કાઈવ્ઝ તરીકે ઓળખાવા લાગ્યું. ભારત અને તેના આર્કાઈવલ હેરિટેજના મૂલ્યવાન સંગ્રહમાં જાહેર રેકોર્ડ્સ, ઓરિએન્ટલ રેકોર્ડ્સ, કાર્ટોગ્રાફિક રેકોર્ડ્સ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓના ખાનગી*

કાગળો અને માઈક્રોફિલ્મ્સ અને હસ્તપ્રતોનો સમાવેશ થાય છે, જે તમામ આપણા દેશની સમૃદ્ધ દસ્તાવેજી વારસો બનાવે છે અને માહિતીનો અમૂલ્ય સ્રોત બનાવે છે.

## 10.4 દિલ્હી દફતરના વિવિધ રેકોર્ડસ અને સુવિધાઓ

### 10.4.1 ખાનગી પેપર્સ

નેશનલ આર્કાઈવ્સ મુખ્યત્વે જાહેર રેકોર્ડ ઓફિસ છે અને લાંબા સમય સુધી આ જાહેર રેકોર્ડ સાચવી રાખવામાં આવે છે. જો કે, આઝાદી પછીથી એવી જાગૃતિ વધી રહી છે કે ખાનગી કાગળો ઈતિહાસના અભ્યાસ માટે એક મહત્વપૂર્ણ સ્રોત સાબિત થયા છે, તેમ છતાં તેઓને ઘણીવાર તેમની જાળવણી માટે જરૂરી કાળજી અને ધ્યાન મળતું નથી. તેથી, વિભાગે, મુખ્યત્વે દાન દ્વારા, પ્રખ્યાત ભારતીયોના ખાનગી કાગળો હસ્તગત કરાયા છે. જેમાં દાદાભાઈ નવરોજી, બદરુદ્દીન તૈયબજી, ફિરોઝશાહ મહેતા, ગોપાલ કૃષ્ણ ગોખલે, જી. એસ. ખાપર્ડે, જેવા અગ્રણી નેતાઓના આવા 49 સંગ્રહ પહેલેથી જ છે. શ્રીનિવાસ શાસ્ત્રી, મૌલાના અબુલ કલામ આઝાદ, ડો. રાજેન્દ્ર પ્રસાદ, એમ. આર. જયકર વગેરે. પ્રખ્યાત વૈજ્ઞાનિક એસ.એસ. ભટનાગર અને તેજસ્વી ગણિતશાસ્ત્રી રામાનુજમના પેપર્સ પણ નેશનલ આર્કાઈવ્સમાં ઉપલબ્ધ છે. ઔરંગઝેબ અને તેના કેટલાક અનુગામીઓ હેઠળની ડેક્કનની પ્રાંતીય સરકારના આર્કાઈવ્સનો સમાવેશ થતા અન્ય મહત્વપૂર્ણ ખાનગી સંગ્રહ એ ઈનાયત જંગ સંગ્રહ છે.

### 10.4.2 માઈક્રોફિલ્મ્સ

અખબાર, કેટલોગ અથવા અન્ય દસ્તાવેજના માઈક્રો ફોટોગ્રાફ્સ ધરાવતી ફિલ્મને માઈક્રોફિલ્મ તરીકે ઓળખવામાં આવે છે. 1948માં નેશનલ આર્કાઈવ્ઝે વિશ્વના વિવિધ ભંડારમાંથી ભારતીય હિતના દસ્તાવેજોની માઈક્રોફિલ્મ નકલો મેળવવા માટે એક પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. ખાનગી કાગળો સાથે આ માઈક્રોફિલ્મ્સ સંશોધકોને મૂલ્યવાન પૂરક ડેટા પ્રદાન કરે છે. જેમાં ઈંગ્લેન્ડ U.K. એક મુખ્ય સ્રોત છે અને તેણે ભારતના રાજ્ય સચિવો, વાઈસરોય અને વરિષ્ઠ જાહેર સેવકોના ખાનગી કાગળોની માઈક્રોફિલ્મ નકલો ભારતને સોંપેલ છે. બ્રિટિશ મ્યુઝિયમ, પબ્લિક રેકોર્ડ ઑફિસ, ઈન્ડિયા ઑફિસ લાઈબ્રેરી અને રેકોર્ડ્સ, યુનિવર્સિટી લાયબ્રેરીઓ ગ્રેટ બ્રિટનમાં અન્ય કેટલાક ભંડારોએ આ કાર્યક્રમમાં સહકાર આપ્યો છે. બંને રિપોઝીટરીઝમાં અધિકૃત રેકોર્ડમાં રહેલ ગાબડાઓને ભરવા માટે માઈક્રોફિલ્મના વિનિમય માટે ઈન્ડિયા ઓફિસ લાઈબ્રેરી સાથે એક કાર્યક્રમ પણ ચાલે છે. નેધરલેન્ડ, ફ્રાન્સ, યુ.એસ.એ., યુ.એસ.એસ.આર., ડેનમાર્ક, વેટિકન, ઓસ્ટ્રેલિયા અને

બ્રાઝિલ કેટલાક અન્ય દેશો પણ છે જેમની પાસેથી માઈક્રોફિલ્મ્સ પ્રાપ્ત કરવામાં આવી છે. આ સમૃદ્ધ સંગ્રહ હવે માઈક્રોફિલ્મના 2500 રોલ્સને વટાવી ગયો છે.

### 10.4.3 પુસ્તકાલય વિભાગ

આ વિભાગ પાસે દુર્લભ પ્રકાશનો અને મુદ્રિત દસ્તાવેજોનું સમૃદ્ધ પુસ્તકાલય પણ છે જે 18મી સદીના છે. તેમાં કલકત્તા ગેઝેટ, 1807ના સંસદીય પત્રો, પ્રખ્યાત હક્લુયટ સિરીઝ, બિબ્લિયોથેકા ઈન્ડિકા સિરીઝ અને 19મી સદીની શરૂઆતના ફારસી અને ઉર્દૂ અખબારોની સંપૂર્ણ ફાઈલોનો સમાવેશ થાય છે. લાઈબ્રેરીમાં બ્રિટિશ સરકાર દ્વારા પ્રતિબંધિત વિવિધ ભાષાઓમાં રસપ્રદ પ્રકાશનો, મૂળ અખબારોના અહેવાલો, સર્વેક્ષણ અને સમાધાન અહેવાલો, વિવિધ સત્તાવાર પ્રકાશનો અને ફોર્ટ વિલિયમ કૉલેજનો સંગ્રહ પણ છે.

### 10.4 4 રેકોર્ડ મેનેજમેન્ટ

1962માં નેશનલ આર્કાઈવ્સે ભારત સરકારની વિવિધ એજન્સીઓને તેમના ક્ષણિક રેકોર્ડના બોજમાંથી મુક્ત કરવામાં મદદ કરવા માટે રેકોર્ડ મેનેજમેન્ટનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. પ્રોજેક્ટનો ઉદ્દેશ કાયમી મૂલ્યના રેકોર્ડ્સ શોધવા માટે મૂલ્યાંકન પ્રક્રિયાઓ વિકસાવવાનો હતો. મૂલ્યાંકન કાર્યને સરકારી એજન્સીઓ તરફથી સ્વેચ્છાએ સહકાર મળ્યો અને રેકોર્ડના મૂલ્યાંકનનો વાર્ષિક દર લગભગ 100,000 ફાઈલો જેટલો હતો. રાષ્ટ્રીય આર્કાઈવ્ઝે મૂલ્યાંકનની સુવિધા માટે વિવિધ એજન્સીઓ માટે રીટેન્શન શેડ્યૂલ તૈયાર કરવામાં પણ મદદ કરી. ઓફિસોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો અને તેમના રેકોર્ડ્સે તેમને રહેઠાણની સમસ્યાઓમાં ઉમેરો કર્યો. કાર્યને સુવ્યવસ્થિત કરવા માટે, ભારત સરકારે ડિસેમ્બર 1972માં એક આર્કાઈવલ પોલિસી ઠરાવ અપનાવ્યો. ઠરાવમાં રેકોર્ડના મૂલ્યાંકન અને નિવૃત્તિના સંદર્ભમાં સારી રીતે વ્યાખ્યાયિત નીતિ નિર્ધારિત કરવામાં આવી હતી, વિભાગીય શસ્ત્રાગાર રૂમ ચલાવવા માટે પ્રશિક્ષિત કર્મચારીઓની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, સ્ટોરેજની પરિસ્થિતિઓમાં સુધારો, સેવાયોગ્ય સૂચકાંકોની તૈયારી, વિભાગીય મેન્યુમેંટનું પુનરાવર્તન. વિભાગીય રેકોર્ડ રૂમ અને નેશનલ આર્કાઈવ્સ ઓફ ઈન્ડિયા વચ્ચે રેકોર્ડ્સના સંચાલન અને કાર્યાત્મક સંબંધોમાં સુધારો કરવામાં આવ્યો હતો.

### 10.4.5 પ્રકાશન કાર્યક્રમ

પ્રકાશનની કામગીરી 1942 માં ડૉ. સેનના કાર્યકાળ દરમિયાન હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ ડૉ. સેને પોતે ઈન્ડિયન ટ્રાવેલ્સ ઓફ થેવેનોટ અને કેરેરીનું સંપાદન કર્યું, 17મી સદી દરમિયાન ભારતમાં આવેલા બે યુરોપીયન મુલાકાતીઓના રસપ્રદ અને સચિત્ર પ્રવાસ વર્ણનો. વિભાગના અન્ય દસ્તાવેજો, તેમજ બ્રાઉન કોરસ્પોન્ડન્સનો સમાવેશ થાય

છે. ઉપરાંત શાહઆલમ II ના કોર્ટમાં કંપનીના દૂત મેજર જેમ્સ બ્રાઉન અને 1782-85 દરમિયાન વોરન હેસ્ટિંગ્સ વચ્ચેના પત્રોની આપ-લે. 1748-1800 દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કોર્ટ ઓફ ડિરેક્ટર્સ અને કલકત્તા ખાતે ફોર્ટ વિલિયમ બોર્ડ વચ્ચે થયેલા ડિસ્પેચના વિસ્તરણમાં ફોર્ટ વિલિયમ-ઈન્ડિયા હાઉસ કોરસ્પોન્ડન્સ શીર્ષક ધરાવતા 21 ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. (શીખ હિસ્ટ્રી સોસાયટી), એલ્ફિન્સ્ટન્સ કોરસ્પોન્ડન્સ, 1804-08 (નાગપુર યુનિવર્સિટી), ઓક્ટેરલોની પેપર્સ 1818-25 (કલકત્તા યુનિવર્સિટી) અને ફોરેન ડિપાર્ટમેન્ટ ન્યૂઝ- નોર્થ-વેસ્ટર્ન ફ્રન્ટિયર એન્ડ બ્રિટિશ ઇન્ડિયા (1839-42), વોલ્યુમ વગેરે. તેવી જ રીતે આ કાર્યક્રમ હેઠળ આ વિભાગની કસ્ટડીમાં બંગાળી, હિન્દી, ફારસી, સંસ્કૃત અને તેલુગુ દસ્તાવેજોનો એક-એક ગ્રંથ પ્રાયોજિત અને પ્રકાશિત કરવામાં આવ્યો છે. ભારતીય ઐતિહાસિક રેકોર્ડ્સ કમિશનની સિલ્વર જ્યુબિલીને ચિહ્નિત કરવા વિભાગે ભારતીય ઐતિહાસિક રેકોર્ડ્સ કમિશનઃ અ રીટ્રોસ્પેક્ટ નામનું એક વોલ્યુમ પ્રકાશિત કર્યું જેમાં ભારતના રાષ્ટ્રીય આર્કાઇવ્ઝનો ઇતિહાસ તેમજ આર્કાઇવ્ઝની હોલ્ડિંગનું વર્ણન છે. કમિશનની કાર્યવાહીના 45 ગ્રંથો જેમાં તેની શૈક્ષણિક બેઠકોમાં વાંચવામાં આવેલા પેપર્સ, આ પેપર્સની અનુક્રમણિકા અને કમિશન દ્વારા અત્યાર સુધીમાં પસાર કરાયેલા ઠરાવોના 2-વોલ્યુમનું કમ્પેન્ડિયમ પણ પ્રિન્ટમાં ઉપલબ્ધ છે. આ જ રીતે નેશનલ કમિટિ ઓફ આર્કાઇવિસ્ટની કાર્યવાહી 4 ગ્રંથોમાં પ્રકાશિત કરવામાં આવી છે. ધ ઈન્ડિયન આર્કાઈવ્ઝઃ વિભાગના સૌથી નોંધપાત્ર નિયમિત પ્રકાશનોમાં આર્કાઈવલ સાયન્સ પરનું આ જર્નલ છે, જે પ્રથમ વખત 1947માં ત્રિમાસિક તરીકે બહાર પાડવામાં આવ્યું હતું. હાલમાં તે દ્વિવાર્ષિક જર્નલ છે અને જાણીતા આર્કાઈવિસ્ટ્સ અને ઇતિહાસકારો દ્વારા તેનું પ્રકાશન થાય છે. સમગ્ર એશિયામાં તેના પ્રકારનું પ્રથમ જર્નલ છે. તે આર્કાઈવોલોજી, રેકોર્ડ મેનેજમેન્ટની સમસ્યાઓ, સ્રોત સામગ્રી તરીકે આર્કાઈવ્સ, સાચવણીની તકનીકો, ફોટો-ડુપ્લિકેશન અને અન્ય સંબંધિત વિષયો સાથે પ્રકાશન કરે છે. એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકાની નવીનતમ આવૃત્તિએ જર્નલના દેખાવને "યુદ્ધ પછીના ઉત્કૃષ્ટ મહત્વના વિકાસ" તરીકે બિરદાવ્યું છે. તે ઇતિહાસના સ્રોત તરીકે આર્કાઇવ્સની વૈજ્ઞાનિક સારવાર અને આર્કાઇવ્સ પરની સામાન્ય માહિતીના પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને આર્કાઇવિસ્ટ્સ અને આર્કાઈવ-વપરાશકર્તાઓ વચ્ચે અભિપ્રાયો, વિચારો અને અનુભવોના આદાનપ્રદાન માટે અસરકારક મંચ તરીકે સેવા આપે છે.

### 10.4.6 પ્રદર્શન

નેશનલ આર્કાઈવ્સે ભારત અને વિદેશમાં અસંખ્ય પ્રદર્શનોમાં વધુને વધુ ભાગ લીધો છે અને પોતે સમય સમય પર વિશેષ પ્રદર્શનો લગાવ્યા છે. દુર્લભ પુસ્તકો, સીલની છાપ અને

*આર્કાઈવ્સમાં રસપ્રદ દસ્તાવેજોની નકલો લંડન, પેરિસ, ટોક્યોમાં પ્રદર્શિત કરવામાં આવી છે. આ વિભાગ દ્વારા ભૂતકાળની મહાન હસ્તીઓની યાદમાં દિલ્હીમાં આયોજિત પ્રદર્શનોમાં, મહાત્મા ગાંધી, એસ. રામાનુજમ ગણિતશાસ્ત્રી, મિર્ઝા ગાલિબ, મૌલાના આઝાદ, સરદાર વલ્લભભાઈ પટેલ અને અમીર ખુસરો સાથે સંબંધિત પ્રદર્શનો લોકપ્રિય સાબિત થયા છે. ભારતીય સ્વતંત્રતાની* 25*મી વર્ષગાંઠ* (1973) *અને ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન આર્કાઈવ્ઝ* (1976)*ની દક્ષિણ અને પશ્ચિમ એશિયન પ્રાદેશિક શાખાના ઉદઘાટન માટે ગોઠવાયેલા પ્રદર્શનો પણ એટલા જ સફળ રહ્યા હતા.* 7-13 *ઓગસ્ટ* 1978 *આર્કાઈવ્ઝ વીકના સંદર્ભમાં 'અવર હેરિટેજ' નામની પસંદગીની સામગ્રીનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.* 1978 *થી રાષ્ટ્રીય આર્કાઈવ્સે વિભાગની પ્રવૃત્તિઓ વિશે સામાન્ય લોકોને માહિતગાર કરવા માટે નિયમિતપણે સપ્તાહની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. પ્રદર્શન ઉપરાંત સપ્તાહમાં* T. V. *અને રેડિયો પ્રસારણ, સેમિનાર, પેનલ ચર્ચા, ફિલ્મ શો, વિશેષ પુસ્તિકાઓ, સંભારણુંનું વિતરણ, પ્રેસ ઈન્ટરવ્યુ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રસંગે 'ઓપન હાઉસ' મુલાકાતનું પણ આયોજન કરવામાં આવે છે જેમાં જનતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.*

### 10.4.7 રિપોઝીટરી, તેની સામગ્રીઓ અને સંરક્ષણ અને પુનઃપ્રાપ્તિની તકનીકો

10.4.7.1 *સંરક્ષણ*

*હાઈડ્રોલિક લેમિનેટિંગ પ્રેસ, જેની સ્થાપના સંરક્ષણની પરંપરાગત પદ્ધતિઓમાંથી વૈજ્ઞાનિક પ્રક્રિયામાં પરિવર્તનનું પ્રથમ સોપાન હતું, જેણે દરેક પૃષ્ઠને સીલ કરીને જૂના અને બરડ દસ્તાવેજોનું મોટા પાયે સમારકામ શક્ય બનાવ્યું છે. આ પદ્ધતિ દસ્તાવેજના બગાડના સંભવિત જોખમો સામે રોગપ્રતિકારક શક્તિ આપે છે. આ પ્રક્રિયા દ્વારા વિભાગ જૂના હસ્તપ્રત દસ્તાવેજોના* 16 *લાખ ફોલિયો કરતાં ઓછા સમયની અંદર નવીનીકરણ કરવામાં સક્ષમ બન્યું છે. એ જ રીતે વેક્યૂમ ફ્યુમિગેટરિયમની સ્થાપનાએ વિભાગને પ્રથમ વખત મોલ્ડ અને જંતુઓના હુમલાથી પ્રભાવિત દસ્તાવેજોની મોટા પાયે સારવાર હાથ ધરવા સક્ષમ બનાવ્યું. આ ફ્યુમિગેશન ચેમ્બર એક સમયે* 300 *ક્યુબિક ફીટ રેકોર્ડમાં દવાનો છંટકાવ કરવા સક્ષમ છે. સંરક્ષણ સાથે જોડાયેલ તમામ કામગીરીમાં વિભાગની સંશોધન પ્રયોગશાળા મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. તેની ઉત્કૃષ્ટ સિદ્ધિએ મેન્યુઅલ લેમિનેશનની ખાસ પ્રક્રિયાનો વિકાસ કર્યો છે જેમાં એસીટોનમાં ઓગળેલા સેલ્યુલોઝ એસિટેટ ફોઈલ્સ દ્વારા હસ્તપ્રત પૃષ્ઠો પર ટીશ્યુ પેપર ફિક્સિંગનો સમાવેશ થાય છે. ખાસ કરીને નાના સંગ્રહો અને માધ્યમો ધરાવતા લોકો માટે રચાયેલ આ સસ્તી અને સરળ પ્રક્રિયા હવે ભારત અને*

વિદેશમાં ઘણી રિપોઝીટરીઝમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. લેબોરેટરીની બીજી નોંધપાત્ર સિદ્ધિ એ પામ લીફ અને બિર્ચની છાલની હસ્તપ્રતોના સમારકામની સંપૂર્ણ નવી પ્રક્રિયા છે. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ધ પ્રિઝર્વેશન ઓફ કલ્ચરલ પ્રોપર્ટીઝ (રોમ) અને ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મ્યુઝિયમ્સ સાથે મળીને, લેબોરેટરી સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી કેટલીક જંતુનાશકોની લેખન સામગ્રી પરની અસર પર સંશોધન કરી રહી છે. તેણે આ વિષય પર પહેલાંથી જ બે અત્યંત મૂલ્યવાન અભ્યાસો કર્યા છે. લેબોરેટરીમાં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલી અન્ય રસપ્રદ તપાસોમાં તેનો ઉલ્લેખ કરી શકાય છે.

10.4.7.2 *રિપ્રોગ્રાફી*

*રિપ્રોગ્રાફી (પ્રજનન અને ફોટોગ્રાફીનો એક પોર્ટમેન્ટો) એ ફોટોગ્રાફી અથવા ઝેરોગ્રાફી જેવા યાંત્રિક અથવા વિદ્યુત માધ્યમો દ્વારા ગ્રાફિક્સની નકલ કોપીઓ કરવામાં આવે છે. આ વિભાગની ફોટો-ડુપ્લિકેશન પ્રવૃત્તિ વિભાગને તેની સૌથી મૂલ્યવાન હોલ્ડિંગ્સનું વ્યવસ્થિત ડુપ્લિકેશન હાથ ધરવા અને જૂના રેકોર્ડના લગભગ એક કરોડ હસ્તપ્રત પૃષ્ઠોનો સંપૂર્ણ માઈક્રોફિલ્મ તૈયાર કરવામાં સક્ષમ બન્યું છે. માઈક્રો-ફિલ્મ લેબોરેટરીએ દસ્તાવેજી ટ્રાન્સક્રિપ્ટ્સ માટે વિદ્વાનો અને સંસ્થાઓની ઝડપથી વધતી માંગને પહોંચી વળવા માટે પણ એક ઉપયોગી માધ્યમ સાબિત કર્યું છે. માઈક્રો-ફિલ્મિંગ ઉપરાંત ઝેરોગ્રાફિક કોપી કરવાની સગવડ ઉપલબ્ધ છે અને સેવાઓને નો-પ્રોફિટના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. મૂલ્યવાન અને દુર્લભ સામગ્રીના માઈક્રોફિલ્મિંગ માટે વિભાગનું મોબાઈલ માઈક્રોફિલ્મ યુનિટ ઉપલબ્ધ છે. વિવિધ રાજ્ય આર્કાઈવ્સ દ્વારા આ સેવાનો વારંવાર લાભ લેવામાં આવ્યો છે. ઉપરાંત સંશોધકો પણ આ સેવાનો ભરપૂર લાભ લઈ રહ્યા છે.*

10.4.7.3 *તકનિકી સહાય*

*આઝાદી પછી હસ્તપ્રતો, દુર્લભ પુસ્તકો, રેકોર્ડ્સ અને દસ્તાવેજોના સંગ્રહને સાચવવા માટે રાષ્ટ્રીય આર્કાઈવ્ઝની મદદ લેનારાઓની સંખ્યા વધી રહી છે. ગાંધી સ્મારક નિધિ, રાજસ્થાન રાજ્ય આર્કાઈવ્ઝ અને રઝા લાઈબ્રેરી, રામપુરને પુનઃપ્રોગ્રાફિક સહાય ખૂબ મોટા પાયે આપવામાં આવી છે. આ સંસ્થાઓ માટે ઓછામાં ઓછા 4,64,000 હસ્તપ્રત પૃષ્ઠો માઈક્રોફિલ્મ કરવામાં આવ્યા છે. કેટલાક એશિયન અને આફ્રિકન દેશોએ પણ રિપ્રોગ્રાફી કાર્યક્રમોમાં તેની સહાયતા મેળવી છે. આ દેશમાં તેમજ વિદેશમાં વ્યક્તિગત વિદ્વાનો, રેકોર્ડ રિપોઝીટરીઝ, સંશોધન સંસ્થાઓ અને દસ્તાવેજીકરણ કેન્દ્રોનું એક સતત વિસ્તરતું વર્તુળ છે જેઓ માઈક્રોફિલ્મિંગ અને રિપેર સેવાઓનો ઉપયોગ કરી રહ્યાં છે. જો*

જરૂરી હોય તો, રિપોઝીટરીના નિષ્ણાતો વિવિધ જાળવણી સમસ્યાઓ પર સ્થળ પર સલાહ આપવા માટે વ્યક્તિગત નિરીક્ષણ હાથ ધરે છે. નવી પ્રિઝર્વેશન અને રિપ્રોગ્રાફિક સેવાઓ શરૂ કરવા અંગે પણ સલાહ આપવામાં આવે છે અને આ હેતુ માટે સાધનસામગ્રી સ્થાપિત કરવામાં વ્યક્તિગત મદદ આપવામાં આવે છે.

10.4.7.4 કન્સલ્ટન્સી સેવાઓ

સિંગાપોર, નેપાળ, સાઉદી અરેબિયા, કેન્યા, સેનેગલ અને ઈટાલીની સરકારો દ્વારા ભારતના રાષ્ટ્રીય આર્કાઈવ્સના નિષ્ણાતોને આમંત્રિત કરવામાં આવે છે જ્યાં તેઓએ પોતાનાં જ્ઞાનની સેવાઓ પ્રદાન કરી છે. તેમાંથી કેટલાકે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન આર્કાઈવ્સ અને યુનેસ્કોની વિવિધ સમિતિઓમાં પણ સેવા આપી ચૂક્યા છે. ભારતના રાષ્ટ્રીય આર્કાઈવ્ઝની સંશોધન પ્રયોગશાળાએ ફિજી, મલેશિયા, નાઈજીરીયા, શ્રીલંકા, જાપાન, બલ્ગેરિયા, કેન્સાસ અને ન્યુઝીલેન્ડના ભંડારોને તકનીકી સલાહ આપી છે

10.4.8 આર્કાઈવલ તાલીમ સંસ્થા

આર્કાઈવલ તાલીમનો ઔપચારિક અભ્યાસક્રમ જે વિભાગે 1943માં શરૂ કર્યો હતો, તે હવે માત્ર ભારત દ્વારા જ નહીં, પરંતુ એશિયા અને અન્ય વિકાસશીલ દેશો દ્વારા સક્ષમ નિષ્ણાતોની સતત વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા માટે પ્રશિક્ષિત આર્કાઈવિસ્ટને બહાર પાડવા માટેની નિયમિત શાળામાં વિકસ્યો છે. કેન્દ્રીય અને પ્રાંતીય સરકારોના નામાંકિત લોકો માટે આર્કાઈવલ અને લાઈબ્રેરી સાયન્સમાં સંયુક્ત 2-વર્ષના ડિપ્લોમા કોર્સ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો, રેગ્યુલર ડિપ્લોમા કોર્સ ઉપરાંત હવે રેકોર્ડ્સ મેનેજમેન્ટનો આઠ સપ્તાહનો કોર્સ અને પ્રિઝર્વેશન એન્ડ રિપેરનો છ સપ્તાહનો કોર્સ પણ ચાલે છે. તાલીમના આ તમામ અભ્યાસક્રમોને અસરકારક રીતે ચલાવવા માટે ડિસેમ્બર 1976માં અલગ પરિસરમાં આર્કાઈવલ તાલીમ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થાના ડિપ્લોમા કોર્સના તાલીમાર્થીઓએ આધુનિક ભારતીય ઈતિહાસના ઓછામાં ઓછા એક પેપર સાથે અનુસ્નાતક હોવા જરૂરી છે. બે શ્રેષ્ઠ તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. રાજ્ય સરકારો દ્વારા પ્રાયોજિત ઉમેદવારોને પણ આ કોર્સમાં પ્રવેશ આપવામાં આવે છે. એશિયા અને આફ્રિકાના વિવિધ વિકાસશીલ દેશોમાંથી સંખ્યાબંધ તાલીમાર્થીઓ આવી રહ્યા છે. આ સંસ્થા અને તેની પુરોગામી સંસ્થાએ અત્યાર સુધીમાં 200 થી વધુ આર્કાઈવિસ્ટ બહાર પાડ્યા છે જેઓ હવે અફઘાનિસ્તાન, બર્મા, નેપાળ, શ્રીલંકા, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર, કેન્યા, નાઈજીરીયા અને સંયુક્ત રાષ્ટ્ર અને તેની વિવિધ એજન્સીઓની સરકારોને સેવા આપી રહ્યા છે. ડિપ્લોમા કોર્સના અભ્યાસક્રમમાં

*આર્કાઈવોલોજી, રેકોર્ડ મેનેજમેન્ટ, સંશોધન પદ્ધતિ, રેકોર્ડનું સંપાદન અને પ્રકાશન, ભારત અને વિદેશમાં આર્કાઈવલ વિકાસ, આર્કાઈવ્સ, સંરક્ષણ અને પુનઃપ્રાપ્તિના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહકારનો સમાવેશ થાય છે. લેક્ચર્સ પછી પ્રેક્ટીકલ વર્ક થાય છે.*

### 10.4.9 અભિલેખ પટલ

*નેશનલ આર્કાઈવ્સ દ્વારા અભિલેખ પટલ નામે એક ઓનલાઈન પ્રોગ્રામ શરૂ કરાયો છે જે એક અમૂલ્ય સંસાધન તરીકે ઉભરી આવ્યો છે, જેણે સંશોધનમાં વિદ્વાનો માટે અવકાશ અને સમયની ભૌતિક સીમાઓને ભૂંસી નાખી છે.* 11*મી માર્ચ* 2015 *અને* 1 *ફેબ્રુઆરી* 2016 *વચ્ચેના સમયગાળા માટે* 109 *દેશોમાંથી* 9,042 *વપરાશકર્તાઓએ વેબસાઈટની મુલાકાત લીધી છે. વેબસાઈટ પર* 99,858 *પેજ જોવામાં આવ્યા છે,* 2,069 *વપરાશકર્તાઓએ વેબસાઈટ પર નોંધણી કરાવી છે. પોર્ટલ પર વપરાશકર્તા દ્વારા વિતાવેલો સરેરાશ સમય :* 8 *મિનિટ* 46 *સેકન્ડ છે, પોર્ટલ પર સક્રિય રેકોર્ડની કુલ સંખ્યાઃ* 23,73,834 *ની છે.*

### 10.4.10 શ્રી સુભાષચંદ્ર બોઝની ફાઈલો

23 *જાન્યુઆરી,* 2016*ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિના અવસરે, ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના રાષ્ટ્રીય આર્કાઈવ્ઝની મુલાકાત લીધી હતી અને નેતાજીને લગતી તાજેતરમાં ડિ-ક્લાસિફાઈડ ફાઈલોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે નેતાજી પેપર્સ* [www.netajipapers.gov.in]*ના ડિઝિટાઈઝેશનની સાર્વત્રિક ઍક્સેસ માટે એક સમર્પિત પોર્ટલ પણ શરૂ કર્યું, આમ નેતાજીના પ્રશંસકોની લાંબા સમયથી ચાલતી માંગને સરકારે પૂરી કરી છે.*

## 10.5 તમારી પ્રગતિ ચકાસો

❖ **એક વાક્યમાં જવાબ આપો.**

1. દફતર *(આર્કાઈવ્ઝ) એટલે શું ?*

____________________

____________________

____________________

____________________

2. *ભારતનું રાષ્ટ્રીય દફતર ભંડાર ક્યાં આવેલું છે ?*

____________________

____________________

____________________

____________________

3. *ભારતમાં સૌ પ્રથમ દફતરની સ્થાપના કયા રાજ્યમાં થઈ હતી ?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

4. *ભારતનું દફતર કલકત્તાથી દિલ્હી કયા વર્ષે સ્થાનાંતરિત કરવામાં આવ્યું હતું ?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

5. *સુભાસચંદ્ર બોઝની ફાઈલો કોના હસ્તે સાર્વજનિક કરવામાં આવી હતી ?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

❖ **ખાલી જગ્યા પૂરો.**

1. *સંશોધકો માટે રેકોર્ડ જોવાની જે ઓનલાઈન વ્યવસ્થા કરવામાં આવી છે તેને* _______________ *નામે ઓળખવામાં આવે છે.*
2. *બ્રિટીશકાળમાં રાષ્ટ્રીય દફતર* _______________ *નામે ઓળખાતું હતું.*
3. *કોઈ પ્રસિદ્ધ વ્યક્તિના અંગત દફતરને* _______________ *કહેવામાં આવે છે.*
4. *અખબાર, કેટલોગ અથવા અન્ય દસ્તાવેજના માઇક્રોફોટોગ્રાફ્સ ધરાવતી ફિલ્મને* _______________ *કહેવામાં આવે છે*
5. *ફોટોગ્રાફી અથવા ઝેરોગ્રાફી જેવા યાંત્રિક અથવા વિદ્યુત માધ્યમો દ્વારા થતા ફોટો ડુપ્લીકેશનને* _______________ *કહે છે.*

*જવાબઃ* (1) *અભિલેખ પટલ* (2) *ઈમ્પીરીયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટ* (3) *ખાનગી પેપર્સ* (4) *માઈક્રોફિલ્મ* (5) *રિપ્રોગ્રાફી*

## 10.6 મહારાષ્ટ્ર આર્કાઇવ્સનો ઈતિહાસ

### 10.6.1 રેકોર્ડ ઓફિસની સ્થાપના

*મહારાષ્ટ્ર આર્કાઈવ્સ અથવા ડિપાર્ટમેન્ટ ઓફ આર્કાઈવ્સ હવે મહારાષ્ટ્ર સરકારની સેન્ટ્રલ આર્કાઈવ્સ એજન્સી તરીકે ઓળખાય છે. બોમ્બે, પુણે અને કોલ્હાપુરના આર્કાઈવલ રિપોઝીટરીઝ એ ભૂતકાળનો સમૃદ્ધ દફતર વારસો ધરાવે છે. જે એક અમૂલ્ય રાષ્ટ્રીય સંપત્તિ*

છે. ઔરંગાબાદ અને નાગપુર ખાતે વધુ બે પ્રાદેશિક કચેરીઓ તાજેતરના વર્ષોમાં ખોલવામાં આવી છે અને તેઓ નજીકના ભવિષ્યમાં આર્કાઈવલ ખજાનામાં ઉમેરો કરશે. આ આર્કાઈવ્સ એ છેલ્લી ત્રણ સદીઓથી સરકારના બિન-વર્તમાન રેકોર્ડની નિવૃત્તિનું પરિણામ છે જે લોકોના અનુભવોને મૂર્ત બનાવે છે જેમણે ઈતિહાસ રચ્યો છે. રેકોર્ડ ઓફિસો હવે માત્ર રેકોર્ડના ભંડાર નથી રહી. સરકાર અને પ્રાંત અથવા રાજ્યના લોકોના અનુભવને રેકોર્ડ અને સંબંધિત સામગ્રીમાં મૂર્ત સ્વરૂપ આપવા માટે તેઓને સરકાર અને લોકોને તેમની પ્રવૃત્તિઓના આયોજન અને સંચાલનમાં માર્ગદર્શન અને મદદ કરવા માટે ખૂબ જ ઉપયોગી કાર્ય કરવા આહવાન કરવામાં આવે છે. જરૂરી સરકારી પ્રક્રિયાઓ માટે તેમની સતત ઉપયોગિતાને કારણે  રેકોર્ડ સાચવવામાં આવે છે. જાહેર અને ખાનગી અધિકારોના રક્ષણ માટે અને સૌથી ઉપર ઈતિહાસના વિદ્વાનો અને વિદ્યાર્થીઓના સંશોધન માટે. ઈ.સ. 1820માં ફોર્ટ વિલિયમ ખાતે જનરલ રેકોર્ડ ઑફિસની સ્થાપના કરવામાં આવી ત્યારે બોમ્બે પ્રેસિડેન્સીમાં સમાન વ્યવસ્થા અપનાવવા બોમ્બે સરકારને પૂછવામાં આવ્યું હતું. આ પહેલા સચિવાલયના રેકોર્ડ્સ કાઉન્સિલના સચિવની કસ્ટડીમાં હતા. બોમ્બે રેકોર્ડ ઓફિસની સ્થાપના ઓગસ્ટ ઈ.સ.1821માં પ્રેસિડેન્સી ટાઉનમાં સેક્રેટરીની ઓફિસ અને અન્ય ઓફિસોના રેકોર્ડ્સ મેળવવા અને જમા કરવા માટે કરવામાં આવી હતી. શ્રી વિલિયમ વિસેનક્રાફ્ટ બોમ્બે રેકોર્ડ ઓફિસના ઈન્ચાર્જ પ્રથમ રેકોર્ડ કીપર હતા. વર્તમાનમાં મહારાષ્ટ્ર રાજ્ય આર્કાઈવ્ઝ એ એક કાર્યાલય છે જે મહારાષ્ટ્ર સરકારના પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગ હેઠળ કાર્ય કરે છે. મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવ્ઝનું નેતૃત્વ આર્કાઈવ્સના નિયામક દ્વારા કરવામાં આવે છે, જેને એક નાયબ નિયામક, છ મદદનીશ નિયામક અને અન્ય 212 સ્ટાફ, પુણે, કોલ્હાપુર, ઔરંગાબાદ અને નાગપુર ખાતે પ્રાદેશિક આર્કાઈવ્સ કચેરીઓ દ્વારા સમર્થન આપવામાં આવે છે. મહારાષ્ટ્ર રાજ્ય આર્કાઈવ્ઝની કુલ મંજૂર મહેકમ 220 વ્યક્તિઓનું છે.

## 10.7 મહારાષ્ટ્ર રાજ્ય આર્કાઈવ્ઝના કાર્યો

દફતરોમાં મોટાભાગના કાર્યો સરખા જ હોય છે જેમકે આપડે ઉપર રાષ્ટ્રીય અભિલેખાગાર દિલ્હીનાં કાર્યો વિસ્તારથી જોયા છે તેવીજ રીતે ભારતના બધા જ દફતરોની જે મુખ્ય શાખા હોય છે તેમાં નીચે મુજબના તમામ કર્યો માટેની સુવિધાઓ ઊભી કરવામાં આવેલી હોય છે. આ કાર્યોની ચર્ચા આગળ કરી હતી તેથી ફરીથી આપણે તેની ચર્ચા કરતા નથી.

- રેકોર્ડની જાળવણી અને સંચાલન
- વિદ્વાનો, સંશોધકો અને લોકો માટે સંદર્ભ સેવાઓ

- *સંદર્ભ સાધનો બનાવવા*
- *સર્વેક્ષણ અને રેકોર્ડનું સંપાદન*
- *રેકોર્ડના આધારે પ્રકાશિત પ્રકાશનો*
- *ઐતિહાસિક દસ્તાવેજો અને ફોટોગ્રાફસનું પ્રદર્શન*
- *જિલ્લા અને તાલુકા સ્તરે જાહેર અને ખાનગી રેકોર્ડનું નિરીક્ષણ*
- *મોડી લિપિ તાલીમ.*
- *રિપ્રોગ્રાફીન. (માઈક્રોફિલ્મિંગ અને સ્કેનિંગની પ્રક્રિયા)*
- *રેકોર્ડ મેનેજમેન્ટ અને તાલીભ*

## 10.8 સંશોધન સુવિધાઓ

*વર્તમાન સમયમાં ડિરેક્ટોરેટ ઑફ આર્કાઈવ્ઝ બોમ્બે, સંશોધકો, વિદ્વાનો અને સંશોધક વિદ્યાર્થીઓને સંશોધન માટેની સુવિધાઓ પૂરી પાડે છે. અડધા ડઝનથી વધુ વિદ્યાર્થીઓ એક જ સમયે રેકોર્ડ વાંચવા માટે સારી રીતે વેન્ટિલેટેડ અને હવા ઉજાસવાળા ઓરડામાં બેસી શકે તે માટેની વ્યવસ્થા કરેલ છે જ્યાં સંતોષકારક બેઠક અને પ્રકાશની વ્યવસ્થા કરવામાં આવી છે. સંશોધન વિદ્યાર્થીઓને નિયામક અને તેમના સ્ટાફ દ્વારા સંશોધન માટે સામગ્રીની પસંદગીમાં માર્ગદર્શન આપવામાં આવે છે. આર્કાઈવલ લાઈબ્રેરીનો પણ ઉપયોગ સંદર્ભ માટે માન્ય છે, મહારાષ્ટ્ર રાજ્ય આર્કાઈવ્ઝમાં સંશોધન કરવા માટેના નિયમોનું પાલન કરવાનું રહે છે. સરકારી ગેઝેટ અને અન્ય મુદ્રિત રેકોર્ડમાંથી જરૂરી પ્રમાણિત નકલો માટે સામાન્ય જનતાના સભ્યો વારંવાર બોમ્બે આર્કાઈવ્ઝની મુલાકાત લે છે. સંશોધકો માટે રેકોર્ડમાંથી દસ્તાવેજોની તપાસ, શોધ કર્યા બાદ તેની ઝેરોક્ષ નકલો મેળવવા માટેની પણ સુવિધા વ્યાજબી દર સાથે નક્કી કરેલ છે.*

## 10.9 બોમ્બે આર્કાઈવ્સની વિવિધ રેકોર્ડ સમૃદ્ધિ

*બોમ્બે આર્કાઈવ્સમાં ઉપલબ્ધ રેકોર્ડસમાં  બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા બોમ્બે પ્રેસિડેન્સીની સ્થાપના અને તેના અનુગામી સત્તા અધિકારીઓના સમયના રેકોર્ડ્સ છે. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની શરૂઆત સંપૂર્ણપણે વ્યાપારી સંસ્થા તરીકે થઈ હતી અને વાણિજ્યિક સંસ્થામાંથી તે એક મોટા પ્રાંતમાં વિકસી હતી અને તેની કામગીરી ખૂબ જ વૈવિધ્યસભર હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સરકાર, જેમ કે એડમન્ડ બર્કે નિર્દેશ કર્યો છે તેમ તે લેખનકાર્ય કરતી સરકાર હતી-રેકોર્ડની સરકાર હતી, અને તેઓએ એવી કલ્પના કરી હતી કે જાહેર પરિષદમાં દરેક કાર્યવાહી લખવી જોઈએ. કંપનીની સરકાર તરફથી મળેલા મોટા મોટા રેકોર્ડ્સ માંથી, એ માલુમ પડે છે કે તેની તમામ કાર્યવાહી થોડી કાળજી સાથે*

રેકોર્ડ કરવામાં આવી હતી. આ રેકોર્ડ્સને અલગ અલગ રીતે, નીચે પ્રમાણે ચાર મુખ્ય કેટેગરીમાં વર્ગીકૃત કરી શકાય છે.

1. 1820 પહેલાના રેકોર્ડ જે મોટાભાગે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની બોમ્બે સરકારના અસલ રેકોર્ડની નકલો છે. આ રેકોર્ડ્સની કુલ સંખ્યા લગભગ 7,000 વોલ્યુમો છે.
2. 1820 પછીના રેકોર્ડ જે 1912 સુધીના જથ્થામાં બંધાયેલા મૂળાક્ષરોના ક્રમમાં અને 1920 સુધીની છૂટક ફાઈલોમાં ગોઠવાયેલા સંકલનમાં દરેક વિભાગમાં સરકારની કાર્યવાહી છે. આ રેકોર્ડની કુલ સંખ્યા લગભગ 2,00,000 વોલ્યુમો છે.
3. 1920 પછીના રેકોર્ડ્સ મેક્સવેલ સિસ્ટમ અનુસાર દરેક વિષય માટે એક ફાઈલ, ફાઈલોના રૂપમાં જાળવવામાં આવે છે. આ રેકોર્ડની કુલ સંખ્યા લગભગ 4,00,000 ફાઈલો છે.
4. મુદ્રિત રેકોર્ડ્સ, નકશા, અખબારો, ખાનગી રેકોર્ડ્સ વગેરે.

સુરત ભારતના પશ્ચિમ કિનારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું સૌથી પહેલું વ્યાપારી મથક હતું. તે કેમ્બે(ખંભાત) બંદર અબ્બાસ, બસરા, તટ્ટા અને બ્રોચ(ભરૂચ) ખાતે ગૌણ એજન્સીઓ સાથે તેઓનો વ્યાપારિક વ્યવહાર ચાલતો. બોમ્બે 1661 માં અંગ્રેજો દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હતું. ત્યારથી 1685 માં પશ્ચિમી પ્રેસિડેન્સીનું મુખ્ય મથક બન્યું હતું. શરૂઆતના સમયથી 1820 સુધી સુરત અને બોમ્બેના રેકોર્ડનો સૌથી મહત્વપૂર્ણ ભાગ ડાયરીઓનાં સ્વરૂપે સચવાયો છે. બોમ્બેમાં હાલની સુરત ડાયરીઓ 1660માં શરૂ થાય છે. બોમ્બેમાં વહીવટીતંત્રના સ્થાનાંતરણ પહેલાના સમયગાળામાં તેમાં પ્રમુખ અને તેમની કાઉન્સિલની બેઠકોનો રેકોર્ડ, તેમની મિનિટ્સ અને નિર્ણયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બહાર જતા પત્રો પણ તેમાં સામેલ છે. સુરત ડાયરીના બે સેટમાં છે જેમાં કુલ 150 વોલ્યુમો છે. બોમ્બે રેકોર્ડ્સમાં જમા કરાયેલા પ્રારંભિક હસ્તપ્રત રેકોર્ડ્સનો પણ સમાવેશ થાય છેઃ (1) ફેક્ટરી અને રેસીડેન્સી રેકોર્ડ્સ (2) બોમ્બે પ્રેસિડેન્સી રેકોર્ડ્સ (3) મિશન, કમિટીઓ ગેરેના રેકોર્ડ્સ (4) ડિરેક્ટર્સ તરફથી અને કોર્ટને લગતા રેકોર્ડસ. (5) પરચુરણ રેકોર્ડ્સ, જેમ કે પસંદગીઓ, પસંદ કરેલ સંકલન વગેરે.

### 10.9.1 ફેક્ટરીઓ અને રેસિડેન્સીનાં રેકોર્ડ્સ

ફેક્ટરી રેકોર્ડ્સ, જેમ કે નામ ઉપરથી ખ્યાલ આવે છે કે પશ્ચિમ ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વાણિજ્યિક સંસ્થાઓના રેકોર્ડ્સ છે જે ઉત્તરમાં સિંધથી લઈને મલબાર કિનારે થાલાશેરી સુધીનાં છે. જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પૂર્વમાં તેમનો કારોબાર શરૂ કર્યો ત્યારે તેમના વ્યવસાયના સ્થળો 'ફેક્ટરીઝ' તરીકે ઓળખાતા હતા. પશ્ચિમ ભારતમાં સુરત તેમનું

*મુખ્ય મથક અથવા મુખ્ય કારખાનું હતું. ફેક્ટરીઓમાં કોમર્શિયલ રેસીડન્સી નોર્થવર્ડ, મલબાર કોમર્શિયલ રેસીડન્સી, માહી કોમર્શિયલ રેસીડન્સી વગેરે જેવી કોમર્શિયલ રેસીડન્સીનો પણ સમાવેશ થતો હતો. 'રેસીડેન્સી'નો અર્થ એવી સ્થાપના થાય છે કે જેને મૂળ શાસકોની અદાલતોમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હિતોનું ધ્યાન રાખવું પડતું હતું. બોમ્બેના દક્ષિણ કિનારે, ચાંચિયાગીરી પ્રચલિત હતી, જેણે કંપનીના વેપારમાં મોટા પ્રમાણમાં દખલ કરી હતી. અંગ્રેજોએ ચાંચિયાઓને હરાવીને તેમણે બાંકોટ, માલવાન અને રેડી ખાતે રેસીડેન્સી સ્થાપી. ફોર્ટ વિક્ટોરિયાની રેસિડેન્સીની સ્થાપના બાંકોટની ફેક્ટરીના થોડાક સો યાર્ડની અંદર કરવામાં આવી હતી, એવું લાગે છે કે, તે પડોશમાં આવેલા ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અમુક ગામોના વહીવટ માટે હશે. જ્યારે કંપનીએ સરકારનું સ્વરૂપ ધારણ કરવાનું શરૂ કર્યું, ત્યારે રેસીડેન્સીના ચાર્જમાં રહેલા અધિકારીએ વહીવટી કાર્યો કરવાનું શરૂ કર્યું હતું.*

## 10.9.2 સચિવાલય વિભાગોના રેકોર્ડ્સ

*બૉમ્બે રેકોર્ડ ઑફિસની રચના મૂળરૂપે સચિવાલયના રેકોર્ડને સાચવવા માટે કરવામાં આવી હતી, જે ત્યાં સુધી સરકારના સંબંધિત સચિવોની કચેરીઓ પાસે હતી, અને છેલ્લી સદીમાં કેટલીક ગૌણ કચેરીઓએ તેમના રેકોર્ડ્સ રેકોર્ડ ઑફિસમાં જમા કરાવ્યા હતા. હવે ભાગ્યે જ રાજ્ય સરકારની ગૌણ અથવા પેટા કચેરી તેના રેકોર્ડને સાચવવા માટે રેકોર્ડ ઓફિસને મોકલે છે. આથી, બોમ્બે આર્કાઈવ્ઝમાં સરકારી રેકોર્ડનો મુખ્ય ભાગ પહેલા "સચિવાલય" અને હવે "મંત્રાલય" તરીકે ઓળખાય છે. બોમ્બે સ્થિત સચિવાલયના વિવિધ વિભાગો દ્વારા રાજ્યનો વહીવટ સરકાર દ્વારા નિયંત્રિત થતો. આમાંના કેટલાક વિભાગો ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટ દરમિયાન કોર્ટ ઓફ ડિરેક્ટર્સ, લંડનના આદેશ હેઠળ બનાવવામાં આવ્યા હતા. કેટલાક વિભાગોના નામકરણ અને કદ સમયની આવશ્યકતા અનુસાર બદલાયા છે. નવા વિભાગો પણ બનાવવામાં આવ્યા છે.*

## 10.9.3 ગુપ્ત અને રાજકીય વિભાગ

*હાલમાં સામાન્ય વહીવટ વિભાગ તરીકે ઓળખાતા આ ગુપ્ત અને રાજકીય વિભાગની સ્થાપના તાઃ 5મી એપ્રિલ, 1754માં કોર્ટ ઓફ ડિરેક્ટર્સના આદેશથી કરવામાં આવી હતી. આ વિભાગની કાર્યવાહી 10મી માર્ચ 1755થી શરૂ થઈ હતી. આ વિભાગ દ્વારા જે વિષયો સાથે વ્યવહાર કરવામાં આવ્યો હતો તે મોટાભાગે રાજકીય પ્રકૃતિના હતા, જેમ કે, વિદેશી અદાલતોમાં રહેવાસીઓ સાથે પત્રવ્યવહાર, વિદેશી રાષ્ટ્રો અને દેશની સત્તાઓ સાથે વ્યવહારો, લશ્કરી બાબતો વગેરે. 1809 થી 1820 સુધીના આ વિભાગના રેકોર્ડને બે*

અલગ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે, (1) રાજકીય વિભાગ અને (2) ગુપ્ત વિભાગ. ગુપ્ત અને રાજકીય વિભાગ શ્રેણી (1755 થી 1820) ની વર્ણનાત્મક સૂચિ 1954 માં પ્રકાશિત કરવામાં આવી છે અને તે જ આ રેકોર્ડ્સમાં સંશોધન કરવા ઈચ્છુક સંશોધક વિદ્વાનો માટે ઉપયોગી છે. 1820 થી આ વિભાગ 'રાજકીય વિભાગ' તરીકે ઓળખાવા લાગ્યો. તે મુખ્યત્વે બોમ્બે સરકારના અધિકારક્ષેત્રની અંદરના મૂળ રાજ્યોને લગતા વિષયો, સીમા વિવાદો, રિવાજોની વસૂલાત, રાજકીય પેન્શન, પ્રત્યાર્પણ વગેરે વિષયો સાથે કામ કરે છે. 1861-62 દરમિયાન રાજકીય વિભાગમાં ઈન્ડો-યુરોપિયન ટેલિગ્રાફની યોજનાની વિચારણા કરવામાં આવી હતી. આ વિષયને 1863 માં લશ્કરી વિભાગમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યો હતો.

### 10.9.4 ઐતિહાસિક પરિવારોના રેકોર્ડ્સ અને ખાનગી કાગળો

મહારાષ્ટ્ર રાજ્ય આર્કાઈવલ સામગ્રીથી સમૃદ્ધ છે. મહારાષ્ટ્રના ઘણા જૂના પરિવારોના પૂર્વજોએ મહારાષ્ટ્રના ઈતિહાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઘણા ઐતિહાસિક પરિવારો પાસે તેમના પૂર્વજોની બહાદુરી દર્શાવતો વિશાળ રેકોર્ડ છે. કૌટુંબિક દંતકથાઓ અને શાહી કાર્યો, જાહેર અને ખાનગી પત્રવ્યવહાર અને એક સમયે ઉચ્ચ સત્તાવાળા પુરુષોના વંશજોના કબજામાં રાજ્યના કાગળો, કાયદાના દાવાઓ અને કાયદાના નિર્ણયો, એકાઉન્ટ પેપર્સ અને ફારસી અને મોડી લિપિમાં દરેક વર્ણનની હસ્તપ્રતો અજ્ઞાત ઘટનાઓને પ્રકાશમાં લાવે છે. દેશનો ઈતિહાસ. છેલ્લા પંદર વર્ષો દરમિયાન, આર્કાઈવ્સ નિયામક દ્વારા જૂના પરિવારોના કબજામાં રહેલા આવા ખાનગી રેકોર્ડને શોધવા અને એકત્રિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ રેકોર્ડ્સ વંશજો માટે સાચવવામાં આવે છે. તેઓ અનુક્રમિત અથવા સૂચિબદ્ધ છે અને વિદ્વાનો અને વિદ્યાર્થીઓ માટે સંશોધન માટે ઉપલબ્ધ છે. તેમની વચ્ચેના મહત્વના દસ્તાવેજો પ્રકાશિત કરવામાં આવે છે, અને આ દસ્તાવેજોની માહિતી નેશનલ રજીસ્ટર ઓફ પ્રાઈવેટ રેકોર્ડમાં સમાવેશ કરવા માટે નેશનલ આર્કાઈવ્સ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીને મોકલવામાં આવે છે.

### 10.9.5 મુદ્રિત રેકોર્ડ્સ, નકશા અને ફોટો નકલો

બોમ્બે આર્કાઈવ્ઝ પાસે વોલ્યુમો અને પુસ્તકોના રૂપમાં સારી સંખ્યામાં મુદ્રિત રેકોર્ડ્સનો સંગ્રહ છે. જૂના પ્રકાશનોમાં કાર્યવાહીના મુદ્રિત સાર, સરકારી ગેઝેટ, વિવિધ વિભાગો, કચેરીઓ, કમિશન અને સમિતિઓના અહેવાલો, સરકાર દ્વારા જારી કરાયેલ કાયદાઓ, નિયમો અને આદેશો, નાગરિક યાદીઓ અને સમયાંતરે પ્રકાશિત થતા અસંખ્ય સરકારી

*પ્રકાશનોનો સમાવેશ થાય છે. દરેક રાજ્ય સરકારના પ્રકાશનની ત્રણ નકલો બોમ્બે આર્કાઈવ્ઝને સાચવવા માટે મોકલવામાં આવે છે.*

## 10.10 તમારી પ્રગતિ ચકાસો

**ખાલી જગ્યા પૂરો.**

1. *મહારાષ્ટ્ર દફતરનું સંચાલન સરકારના* _______________ *વિભાગ દ્વારા થાય છે.*
2. *બોમ્બે રેકોર્ડ્સ ઓફિસની સ્થાપના* _______________ *વર્ષમાં થઈ હતી.*
3. *ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પૂર્વમાં તેમનો કારોબાર શરૂ કર્યો ત્યારે તેમના વ્યવસાયના સ્થળો* _______________ *તરીકે ઓળખાતા હતા.*
4. *શ્રી* _______________ *બોમ્બે રેકોર્ડ ઓફિસના પ્રથમ ઈન્ચાર્જ રેકોર્ડ કીપર હતા.*
5. _______________ *ભારતના પશ્ચિમ કિનારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું સૌથી પહેલું વ્યાપારી મથક હતું.*

*જવાબો* (1) *પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગ* (2) *ઓગસ્ટ ઈ.સ.*1821 (3) *ફેક્ટરીઝ* (4) *વિલિયમ વિસેનક્રાફ્ટ* (5) *સુરત*

## 10.11 ગુજરાત રાજ્ય અભિલેખાગાર

*બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં બ્રિટિશ હકૂમત નીચેના બ્રિશ કોથીઓ અને તેમના વ્યાપારી મથકો પર દફતર ભંડારો (રેકોર્ડ્સ રૂમ) ઉભા કરવામાં આવ્યા હતાં. જેમાં બંગાળ, મુંબઈ અને મદ્રાસનો સમાવેશ થાય છે. સેમી જતાં દફતરોની પ્રવૃતિ વિસ્તરી હતી. ભારત આઝાદ થયો ત્યારબાદ તા.*01-05-1960 *થી ગુજરાત રાજ્યની રચના થતાં ગુજરાત ખાતે નવું દફતર ભંડાર ખાતું શરૂ કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. મહારાષ્ટ્ર રાજ્યમાંથી ગુજરાત છૂટું તો પડ્યું પણ સર્વ સ્વીકૃત નિયમ મુજબ દફતર જે રાજ્યમાં ઉત્પન્ન થયું હોય તે રાજ્યના જ દફતર ભંડારમાં તેને રાખવામાં આવે છે. તેથી* 1960 *પહેલાંના ગુજરાતને લગતા રેકોર્ડ જોવા માટે મહારાષ્ટ્ર દફતર પર આધાર રાખવો પડે છે તેમ છતાં દફતર સંપત્તિની દૃષ્ટિએ ગુજરાત સમૃદ્ધ હતું અને છે એની પ્રતીતી દફતર પ્રવૃત્તિની આ હકીકતથી સમજી શકાય તેમ છે.* (1) *ગુજરાત રાજ્યમાં છેલ્લા દફતર તથા તાલુકા કચેરીઓમાં રખાયેલું અંગ્રેજ અમલનું દફતર સુરક્ષિત અસ્તિત્વ ધરાવતુ હતું.* (2) *ભૂતપૂર્વ દેશી રાજ્યો દા.ત. વડોદરા, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, વાંકાનેર, મોરબી, જામનગર, કચ્છ, ધરમપુર, વાસંદા, છોટાઉદેપુર, દેવગઢ બારીયા, લુણાવાડા, પાલનપુર, બાલાસિનોર, ખંભાત વગેરેનું દફતર પણ રાજ્યમાં જુદી જુદી* 50 *જગ્યાએ સંગ્રહિત હતું.* (3) *મુંબઈ ખાતેના મહારાષ્ટ્ર રાજ્ય અભિલેખાગાર અને પૂના ખાતેના પેશ્વા દફતર ભંડારમાં રહેલું*

ગુજરાતને લગતું દતહ (4) ભૂતપૂર્વ ગિરાસદારે, ઈનામદારે, વતનદારે, તાલુકાદારે, ભૂતપૂર્વ વહીવટકર્તાઓ, વિદ્વાન વ્યક્તિઓ, ધાર્મિક ટ્રસ્ટો, જાહેર મિલ્કત વગેરેના રેકોર્ડ જેતે સ્થાનિક જગ્યાએ સચવાયેલા હતા. બ્રિટિશ રાજ્ય સમયમાં જાગીર અને વાડીવજીફા અપાયેલા તેની સનદો, ફરમાનો વગેરે ઘણા લોકો પાસે સુરક્ષિત હતા. વળી બારોટ, ચારણો, ભાટ વગેરે લોકોના વહીવંચાના ચોપડા, ગામની થાંભલી બંધાઈ તે વખતના કામળા જે તે ગામના શાહુકારો અને મહાજનો પાસે સંગ્રહાયેલા હતાં. (5) પણજી (ગોવા) ખાતેના દફતર ભંડારમાં રહેલું ગુજરાતને લગતુ દફતર. (6) નવી દિલ્હી ખાતેના રાષ્ટ્રીય દફતર ભંડારમાં તાજના પ્રતિનિધિઓનું જાહેર દફતર વગેરે. આમ ગુજરાતને લગતું દફતર રાજ્યમાં જુદી જુદી જગ્યાએ અને ગુજરાત બહાર સચવાયેલું હતું. ગુજરાતમાં રહેલું રેકોર્ડનું મૂલ્યાંકન કરી બિનજરૂરી રેકોર્ડનો નાશ કરી ઉપયોગી અને કાયમી ધોરણે સાચવવાપાત્ર રેકોર્ડ ભાવિ પેઢીને તેમજ સંશોધકોને ઉપયોગી થાય તે માટે રાજ્યના અભિલેખાગારની કચેરીઓમાં કેન્દ્રીકૃત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. આ માટે રાજ્યમાં ત્રણ નવી વર્તુળ કચેરીઓ શરૂ કરવામાં આવી હતી. તે કચેરીઓ અધિક્ષક દરજ્જાના અધિકારીના હસ્તક હતી. આ વર્તુળો આ મુજબ છે 1. ઉત્તર વર્તુળ દફતર કચેરી એમ. જે. લાયબ્રેરી સામે, એલિસબ્રિજ અમદાવાદ 2. દક્ષિણ વર્તુળ દફતર કચેરી કોઠી કમ્પાઉન્ડ વડોદરા 3. પશ્ચિમ વર્તુળ દફતર કચેરી કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ 4. ગુજરાત રાજ્ય દફતર ભવન (ગાંધીનગર). ઈતિહાસ અને સમાજ વિદ્યાઓના સંશોધન ક્ષેત્રે રસ ધરાવતા સૌને દફતર મળી રહે તે માટે તથા આ હેતુઓને આનુષાંગિક એવી તમામ કામગીરી માટે વૈજ્ઞાનિક ઢબે બંધાવેલ મકાનની પ્રાથમિક અને અગત્યની જરૂરિયાત હતી. તે ધ્યાનમાં રાખી ગાંધીનગર મુકામે તા. 03 મે 1973ના રોજ દફતર ભંડાર ભવન બાંધવાનો નિર્ણય લેવાયેલ અને તા. 28-12-78નાં રોજ ગાંધીનગરમાં આવેલા ગુલાબ ઉદ્યાનની બાજુમાં અને નવા સચિવાલયની સામે દફતર ભવન બનાવવાનું સરકારે ઠરાવ્યું હતું. ભવન બની જતાં અમદાવાદ એલિસબ્રિજ ખાતેની વડી કચેરી નવા ભવન ગાંધીનગરમાં તા. 1-5-1981 ના રોજ ખસેડવામાં આવી હતી. આ નવા મકાનમાં મુખ્ય બે વિભાગ છે.(અ) વહીવટી વિભાગ (બ) દફતર સંગ્રહ વિભાગ. અમલની સાથે સાથે ખાતા દ્વારા શરૂ કરેલા આઠ જેટલા વિભાગોને વધુ વિકસાવવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. જેમાં,

(1) પ્રદર્શન વિભાગ

(2) તાલીમ વિભાગ

(3) માઈક્રોફિલ્મીંગ ફોટોગ્રાફિક વિભાગ

(4) *બાંધણી અને મરામત વિભાગ*

(5) *સંદર્ભ ગ્રંથાલય*

(6) *પ્રકાશન વિભાગ*

(7) *મોન્યુમેન્ટસ રૂમ્સ*

*વિદ્યાર્થી મિત્રો, આપણે આગળ દિલ્હી દફ્તર અને મહારાષ્ટ્ર દફ્તરની જે વિવિધ પ્રવૃતિ જોઈ તે મોટાભાગે બધી પ્રવૃતિઓ ગુજરાત રાજ્ય દફ્તર ભંડારમાં પણ તમને થતી જોવા મળશે એટલે બધાની ચર્ચા અહીંયા ના કરતાં આપણે માત્ર ખૂબ જ અગત્યની કામગીરીની ચર્ચા કરીશું.*

## 10.12 સંગ્રહિત ફાઈલો તથા પુસ્તકોની વિગત

| ક્રમ | કચેરીનું નામ | સંગ્રહિત રેકોર્ડ | સંગ્રહિત પુસ્તક |
|---|---|---|---|
| 1 | *અધિક્ષક, દક્ષિણ વર્તુળ અભિલેખાગાર કચેરી, વડોદરા* | 6,00,000 | 8,484 |
| 2 | *અધિક્ષક, પશ્ચિમ વર્તુળ અભિલેખાગાર કચેરી, રાજકોટ* | 3,36,508 | 24,190 |
| 3 | *અધિક્ષક, જિલ્લા અભિલેખાગાર કચેરી, જૂનાગઢ* | 5,82,115 | 5,452 |
| 4 | *કચેરી અધિક્ષક, અભિલેખાગાર કચેરી, પોરબંદર* | 1,50,000 | 408 |
| 5 | *અધિક્ષક, જિલ્લા અભિલેખાગાર કચેરી, જામનગર* | 5,82,335 | 961 |
| 6 | *અધિક્ષક, જિલ્લા અભિલેખાગાર કચેરી, ભાવનગર* | 5,64,000 | 5,307 |
| 7 | *અધિક્ષક, જિલ્લા અભિલેખાગાર કચેરી, મહેસાણા* | 238 | 552 |
| 8 | *નિયામક, અભિલેખાગાર કચેરી, ગાંધીનગર* | 55,451 | 34,568 |
| **કુલ** | | **28,70,647** | **79,922** |

## 10.13 ફોટો આર્કાઈવ્ઝ યુનિટ

*અભિલેખાગાર ખાતામાં આ યુનિટમાં 2660 ફોટોગ્રાફ સંગ્રહિત છે.*

| ક્રમ | કચેરીનું નામ | સંગ્રહિત રેકોર્ડ |
|---|---|---|
| 1 | 1857 *પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ* | 186 |
| 2 | *સરદાર વલ્લભભાઈ પટેલ* | 112 |
| 3 | *પૂજ્ય મહાત્મા ગાંધી* | 125 |
| 4 | *ડૉ. બાબાસાહેબ આંબેડકર* | 254 |
| 5 | *શ્રી જી.વી.માવલંકર* | 176 |
| 6 | *સ્વામી વિવેકાનંદ* | 184 |
| 7 | *દિવાનો, મહેલો, સ્થાપત્યો* | 1535 |
| 8 | *માનપત્રો, લગ્નકંકોત્રીઓ, મોનોગ્રામ* | 88 |

## 10.14 તાબાની કચેરીઓમાં સંગ્રહિત સ્ટેટ રેકોર્ડ

| ક્રમ | શહેર | કચેરીમાં સંગહિત સ્ટેટ રેકોર્ડ |
|---|---|---|
| 1 | *વડોદરા* | *વડોદરા, કડી પ્રાંત, અમરેલી પ્રાંત, નવસારી અને ઓખા મંડળ* |
| 2 | *જૂનાગઢ* | *જૂનાગઢ, માણાવદર, સુલતાનાબાદ, માંગરોળ, બીલખા, મેંદરડા, બાટવા તથા સરદારગઢ* |
| 3 | *રાજકોટ* | *રાજકોટ, જેતપુર, વીરપુર, જસદણ, વીંછીયા, આટકોટ, કોટડાસાંગાણી, થાણાદેવળી તથા વડીયા* |
| 4 | *પોરબંદર* | *પોરબંદર, રાણાવાવ, કુતિયાણા, નવીબંદર* |
| 5 | *ભાવનગર* | *ભાવનગર,ગારિયાધાર, શિહોર, પાલીતાણા, વલ્લભીપુર* |
| 6 | *જામનગર* | *જામનગર, ધ્રોલ, જોડીયા, ખંભાળીયા* |
| 7 | *ગાંધીનગર* | *સચિવાલયના વિભાગોનું રેકોર્ડ* |

## 10.15 રેકોર્ડ (દફતર)નું ડિજીટાઈઝેશન



*ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતામાં દેશી રજવાડા (પ્રીન્સલી સ્ટેટ) સમયના અગત્યના દફતરો, પુસ્તકો સંગ્રહિત છે. જે ઐતિહાસિક રીતે ખૂબ જ મૂલ્યવાન છે. આ રેકોર્ડની અગત્યતા અને ઉપયોગિતાને ધ્યાને લઈ ડિજીટાઈઝેશન ઓફ રેકોર્ડની યોજના અમલમાં મૂકેલ છે. આ ખાતાની પ્રાંતિક કચેરીઓ જેમકે ગાંધીનગર, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જૂનાગઢ વગેરેમાં કુલ* 11,08,760 (2016-17 *મુજબ*) *પેઈજનું સ્કેનીંગ કરવામાં આવેલ છે. જૂનાગઢ કચેરીમાં આ કામગીરી ચાલી રહી છે. પોરબંદર અને જામનગર ખાતે આ કામગીરી ભવિષ્યમાં હાથ ધરાશે. ત્યારબાદ ડિજીટાઈઝ થયેલ ડેટાને "સ્ટેટ ડેટા સેન્ટર મહેસાણા" ખાતે ટ્રાન્સફર કરવામાં આવે છે.*

## 10.16 કોમ્પેકટર રેકોર્ડ સીસ્ટમ

**રેકોર્ડ સંગ્રહની પદ્ધતિમાં આધુનિકરણ**

*ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતામાં કોમ્પેકટર રેકોર્ડ સિસ્ટમ અપનાવી રેકોર્ડ સંગ્રહની પદ્ધતિમાં આધુનિકરણની યોજના શરૂ કરવામાં આવેલ છે. પહેલા આર્કાઈવલ રેકોર્ડ લાકડાના અને લોખંડના ઘોડાઓમાં સંગ્રહ કરવામાં આવતા હતા પરંતુ રેકોર્ડની સલામતી અને સંરક્ષણને ધ્યાનમાં રાખી, તેમજ ચોરી, આગ અને જીવજંતુઓ સામે પુરતી કાળજીઓને લઈ આ સિસ્ટમ અપનાવવામાં આવી છે જેનાથી સલામતી ખૂબ જ રહેશે અને જગ્યાનો પણ બચાવ થશે. હાલ ગાંધીનગર અને ભાવનગરની કચેરીઓમાં આ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે જ્યારે જૂનાગઢ કચેરીના બે હૉલમાં આ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે.*



*સ્રોતઃ ગુજરાત રાજ્ય અભિલેખાગાર*
https://abhilekhagar.guja®a.gov.in/index-guj.htm

## 10.17 પ્રદર્શન

*ગુજરાત રાજ્ય અભિલેખાગાર દ્વારા રાજ્યના મહાન વ્યક્તિઓ અને કેટલીક મહત્વની ઘટનાઓને ધ્યાનમાં રાખી વર્ષો-વર્ષ કેટલાક પ્રદર્શનો ગોઠવવામાં આવે છે જેમાં મહાત્મા ગાંધીજીના જન્મ દિવસ પ્રસંગે તેમને લગતા ફોટોગ્રાફ્સ તથા પોરબંદર રાજ્યના રેકોર્ડસનું પ્રદર્શન કરવામાં આવે છે. આ સાથે સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિને ફોટોગ્રાફ્સ તથા ગાયકવાડ રાજ્યના રેકોર્ડ/ફોટોગ્રાફ્સનું ઓપન હાઉસ પ્રદર્શન કરવામાં આવે છે અને ઈ.સ.* 1857 *ના ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ને સંબંધિત ફોટોગ્રાફ્સ અને રાજકોટ સ્ટેટનાં રેકોર્ડ્સ અને ફોટોગ્રાફ્સનું પણ પ્રદર્શન ગોઠવવામાં આવે છે.*

## 10.18 તમારી પ્રગતિ ચકાસો

**એક વાક્યમાં જવાબ આપો.**

1. *ગુજરાત રાજ્ય દફતરનું વાળું મથક ક્યાં આવેલું છે?*

______________________________

______________________________

______________________________

2. *ગુજરાત રાજ્ય અભિલેખાગાર ગાંધીનગરની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી?*

______________________________

______________________________

______________________________

3. *ગુજરાત રાજ્યનાં ડિજીટલ ડેટાનું વડું મથક ક્યાં આવેલું છે ?*

______________________________

______________________________

______________________________

4. *ગુજરાત અભિલેખાગારની પ્રાંતીય કચેરીઓ કેટલી છે ?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

5. *કયા રાજ્યથી અલગ પડ્યા બાદ ગુજરાતનું પોતાનું દફતર બનાવવામાં આવ્યું હતું?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

*જવાબઃ* (1) *ગાંધીનગર* (2) 1-5-1981 (3) *સ્ટેટ ડેટા સેન્ટર મહેસાણા* (4) *આઠ* (5) *મહારાષ્ટ્ર*

## 10.19 ચાવીરૂપ શબ્દો

- *દફતર ભંડારઃ ઐતિહાસિક દસ્તાવેજો અને કાગળોની જાળવણી અને પ્રદર્શન કરવાનું સ્થળ.*
- *ડિજીટાઈઝેશનઃ ઐતિહાસિક અને મહત્વના દસ્તાવેજો જે સમયની સાથે ક્ષીણ થવાના આરે છે તેવા દસ્તાવેજોનું સ્કેનીંગ કરી યાંત્રિક સ્વરૂપ આપવાની પ્રક્રિયા.*
- *માઈક્રોફિલ્મીંગઃ કોઈ વ્યક્તિનું ઈન્ટરવ્યૂ અથવા અમુક ફોટોગ્રાફ્સને એક પટ્ટી પર જેને ધ્વનિમુદ્રિત પટ્ટીકા કહેવામાં આવે છે તેની ઉપર લાંબા ગાળા સુધી અંકિત કરી દેવાની પ્રક્રિયા.*

## 10.20 સારાંશ

*અંતમાં વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં આપણે નેશનલ આર્કાઈવ્ઝ દિલ્હી, મહારાષ્ટ્ર સરકાર દફતર અને ગુજરાત રાજ્ય અભિલેખાગાર એમ કુલ ત્રણ દફતરોની ખૂબ જ ઊંડાણપૂર્વકની ચર્ચા કરી છે અને સંપૂર્ણ એકમમાં તમને આ ત્રણ દફતરોને લગતી મોટાભાગની મહત્વની જે કામગીરી છે તેમની રેકોર્ડ સાચવવાની પદ્ધતિ છે, સંશોધકોને કેવી રીતે મદદરૂપ થાય છે તેની વિગતે ચર્ચા કરી છે. મિત્રો આ દફતરો વિના ઈતિહાસ વિષયમાં સંશોધન કરતાં સંશોધકને ચાલે જ નહીં તેમણે આ દફતરોની મુલાકાત લેવી જ રહી તો અંતે દફતરો સંશોધક માટે માહિતીનો ખજાનો છે અને સંશોધક માહિતીના મહાસાગરમાંથી પોતાની જરૂરત મુજબના મોતી વીણીને પોતાનું સંશોધન કાર્ય સમાજને આપે છે.*

## 10.21 સંદર્ભ સૂચિ


1. http://maharashtra-archives.org/about_intro.html *સમય* 8.28 *સવારે,તારીખઃ* 26/04/24.
2. *દેસાઈ સંજીવ,પેદ્નેકાર આર, કુંતે બી, ધ હેન્ડબુક ઓફ બોમ્બે અર્કાઈવ્સ, મહારાષ્ટ્ર સરકાર,* 1978.
3. *પંડ્યા ચંદ્રકાંત, ભારતમાં દફ્તર વિદ્યાની પ્રવૃતિ અને ગુજરાત, ગુજરત રાજ્ય દફ્તર ભંડાર ખાતું,* 1983.
4. https://abhilekhagar.guja®a.gov.in/index-guj.htm *સમય* 11.20.am,*તાઃ* 26/04/2024.

| એકમ : 11 | સંગ્રહાલયઃ ઉદ્‌ભવ અને વિકાસ |
|---|---|

**:: રૂપરેખા ::**

**11.0 ઉદ્દેશો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 મ્યુઝિયમ શબ્દની ઉત્પત્તિ અને ઈતિહાસ**

**11.2.1 ગ્રીક**

**11.2.2 યુરોપ**

**11.2.3 ભારત**

**11.2.4 ગુજરાત**

**11.3 સારાંશ**

**11.4 ચાવીરૂપ શબ્દો**

**11.5 તમારી પ્રગતિ ચકાસો**

**11.6 સંદર્ભ સૂચિ**

## 11.0 ઉદ્દેશો

- *સંગ્રહાલયનાં ઈતિહાસ વિષે માહિતી પ્રાપ્ત થશે.*
- *વિશ્વ,ભારત અને ગુજરાતના સંદર્ભમાં સંગ્રહાલયનાં ઉદ્‌ભવ વિશે જાણશે.*
- *કેટલાક વિશિષ્ટ પ્રકારના મ્યુઝિયમ વિશે જાણશે.*

## 11.1 પ્રસ્તાવના

*સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી આપણાં દેશમાં સંગ્રહાલયોના સુવર્ણયુગની શરૂઆત થઈ એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય. આપણી સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વસ્તુઓનું મૂલ્ય લોકોના માનસમાં તથા રાજકર્તાઓમાં ધીરે ધીરે વધવા લાગ્યું છે. તેનું કારણ રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિ ગણી શકાય. સંગ્રહાલયોના કાર્યક્ષેત્રમાં ઝડપી પરિવર્તન થવા લાગ્યું અને 20મી સદીના મધ્યકાળમાં તો આ વિકાસકાર્ય ખૂબજ ઝડપથી આગળ વધ્યું અને વધી રહ્યું છે. અગાઉ સંગ્રહાલયો માત્ર પુરાતન વસ્તુઓનો જ સંગ્રહ કરતા હતા, ન તો ત્યાં કોઈ*

*શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી કે ન તો તેમાં સંગ્રહિત દુષ્પ્રાપ્ય વસ્તુઓની વૈજ્ઞાનિક ઢબે જાળવણી કરવામાં આવતી પરંતુ હવે સંગ્રહાલયો ચક્ષુગમ્ય શિક્ષણના અગત્યનાં કેન્દ્રો તરીકે માન્ય થયાં છે. વસ્તુઓને આધુનિક રીતે પ્રદર્શિત કરી, પ્રેક્ષકો, વિદ્યાર્થીઓ તથા સંશોધકોને ઘણી અગત્યની માહિતી પૂરી પાડી, શિક્ષણ અને સંશોધનકાર્યમાં તે સહાયરૂપ બન્યાં છે. આવા મિત્ર જેવા આપણાં અજાયબ ઘરોનો ઈતિહાસ પણ ઘણો અજાયબ છે.*

## 11.2 મ્યુઝિયમ શબ્દની ઉત્પત્તિ અને ઈતિહાસ

### 11.2.1 ગ્રીક

*'મ્યુઝિયમ' શબ્દની ઉત્પત્તિ મોઉસાઈનાં નામ પરથી થયેલી મનાય છે. પ્રાચીન ગ્રીક લેખક યુરીપીડીસના મત મુજબ આ મોઉસાઈ કે મોઈસાઈ જેવા ઉચ્ચારથી જાણીતી દેવીઓનું મૂળ સ્થાન મકદુનિયા (મેસિડોન)માં પીએરિયામ હતું અને ત્યાંથી તેનું ગ્રીસમાં ઓબેશિયાના હેલીકોનમાં આગમન થયું પાછળથી તે મહત્વનું કેન્દ્ર બન્યું. આ દેવીઓનો દર ચાર વર્ષે હેલીકોન પર્વત પાસે ઉત્સવ થતો, પરંતુ તેમની પૂજા ઉપાસના પદ્ધતિ જાણીતી નથી. આ ઉત્સવમાં શરૂઆતમાં ગીત અને વાદ્યની સ્પર્ધાઓ યોજાતી. આમ, મોઉસાઈ એ કવિઓ અને સંગીતકારોની ઈષ્ટદેવી હતી. પાછળથી તેમાં કલા અને વિજ્ઞાનનો સમાવેશ થયો. તેથી આ કલા અને વિજ્ઞાનની અધિષ્ઠાત્રી દેવીઓ તરીકે સ્વીકૃત મોઉસાનું સ્થાન કે મંદિર મોઉસિયન તરીકે એલેક્ઝાંન્ડ્રિયામાં તુરમય રાજ્ય વંશમાં સ્થપાયું હતું. મોઉસાનું લેટિન સ્વરૂપ 'મોર્નરે' અર્થાત્ ચેતવવું કે યાદ આપવું એવો અર્થ થાય છે. ગ્રીકમાં વિવિધ દેવીઓ પ્રચલિત છે જેમ કે કલીઓ ઈતિહાસની દેવી, ઈટાટો પ્રેમકાવ્યનિદેવી, યુરોનિયા ખગોળની દેવી, કેલીઓપ મહાકાવ્યની દેવી વગેરે, આ ચર્ચા પરથી મ્યુઝ, માઉસિયા આદિનામોથી જાણીતી દેવીઓ સંગીત, જ્ઞાન અને વિજ્ઞાનનાં પ્રતીકો ગણાતી હતી. આથી આ બાબતે સ્પષ્ટ થશે કે આ અર્થોસૂચક વિદ્યાદેવીઓનું સ્થાન અથવા સ્થાનક એ સમય રહેતા મ્યુઝિયમ તરીકે ઓળખાયું.*

### 11.2.2 યુરોપ

*પ્રાચીન યુરોપમાં વસ્તુઓ સંગ્રહવાની પ્રચલિત પદ્ધતિ હતી. તેની હકીકતો ગ્રીસ અને રોમના સાહિત્યમાં નોંધાયેલી જોવા મળે છે. તે રીતે ઈલિયડમાં હેક્ટરનું શબ મેળવવા પ્રિયામે પ્યાલા અને બીજી વસ્તુઓ ભેટ આપવાની કથા અને સીસેરોએ નોંધેલી સીસીલાના ગવર્નરની વસ્તુઓ ભેગી કરવાની અનૈતિક પદ્ધતિ આદિની વાતો જાણીતી છે. જુલિયસ સિઝર પણ નવાઈ લાગે તેવી અને સારી બનાવટની વસ્તુઓનો સંગ્રહ કરતો. મહાન સિકંદરે પણ પોતાના ગુરુ એરિસ્ટોટલ માટે વસ્તુઓ ભેગી કરેલી. સામાન્ય પ્રજાને આ*

*વસ્તુઓ જોવાનો મોકો દેવસ્થાનોમાં મળી જતો પણ તેને માટે 'મ્યુઝિયમ' શબ્દ વપરાતો ન હતો. મ્યુઝિયમ શબ્દનો વિદ્યાધામ તરીકે ઉપયોગ સિકંદરના સેનાપતિ તૂરમય-1 એ ઇજિપ્તમાં કર્યો હતો. તેમણે એલેક્ઝાન્ડ્રિયામાં શરૂ કરેલા વિદ્યાલયને 'મ્યુઝિયમ' નામ આપ્યું હતું. યુરોપમાં ઈસાઈ ધર્મનાં પ્રસાર બાદ ઘણી વસ્તુઓ એકત્રિત થતી અને તેને દેવસ્થાનોમાં સાચવી રખાતી. આ ઉપરાંત ઈટાલીમાંથી પ્રાચીન વસ્તુઓ ખોદકામમાંથી મળી તથા ત્યાંના દેવળો અને ચર્ચો શિલ્પો અને ચિત્રો વગેરેથી શણગારાયેલા હતા. તે દ્વારા સમાજમાં જ્ઞાનનો પ્રસાર થતો જોવામાં આવે છે પરંતુ, આ પ્રવૃત્તિને 'મ્યુઝિયમ' તરીકે કોઈ ઓળખતું ન હતું. 15મી સદીથી યુરોપમાં આ પ્રવૃત્તિમાં ઘણો બદલાવ આવ્યો. તેમાં ખાનગી સંગ્રહોની પ્રશંસા અને અધ્યયન થઈ શકે તેથી તેને ખજાનાને બદલે દીવાનખાનામાં મૂકવાનો રિવાજ વધ્યો. વળી રોમ અને ઈટાલીમાંથી મળતી પ્રાચીન શિલ્પ સમૃદ્ધિ એકત્ર કરવાનું વલણ વધ્યું. આ વખતે શરૂ થયેલા સંગ્રહો હવે સંગ્રહાલયોમાં બદલાયા આ વસ્તુઓ પ્રથમ દીવાનખાનામાં ગોઠવાતી હતી પણ ત્યાં મુશ્કેલી ઊભી થતાં તેને બંધાતા મહેલો, ઈમારતોમાં એક લાંબી ઓસરી કે વીત્ય બાંધીને તેમાં ગોઠવતા. જ્યાં અધ્યયનકર્તાઓ તેનું અધ્યયન કરી શક્તા." ઈંગ્લેન્ડમાં ઈ.સ. 1656માં જોન ટ્રાડેસ્કેન્ટે પોતાનાં સંગ્રહ માટે 'મ્યુઝિયમ ટ્રાડેસ્કેન્ટિએનમ' અથવા 'લંડન પાસે દક્ષિણ લેમ્બેથમાં સંગ્રહિત વિશિષ્ટ વસ્તુઓનો સંગ્રહ' નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. ઈ.સ. 1683માં શરૂ થયેલી પ્રવૃત્તિને લીધે આ એસ્મોલિયન સંગ્રહાલય તેના પ્રારંભથી 150 વર્ષ સુધી ઑક્સફોર્ડના વિજ્ઞાન વિષયક અધ્યયનનાં કેન્દ્ર તરીકે રહ્યું. ત્યાર પછી 176 વર્ષના લાંબા ગાળા બાદ 1759માં રાજવૈદ સર હાન્સસ્લોએ પોતાનાં વારસાઈ નામમાં તેણે ભેગો કરેલો સંગ્રહ રાષ્ટ્રને સોંપી દેવાની પાર્લામેન્ટ સમક્ષ દરખાસ્ત કરી. પાર્લામેન્ટે તેનો સ્વીકાર કર્યો. તેથી બ્રિટિશ મ્યુઝિયમની સ્થાપના થઈ જે લંડનમાં બ્લુમ્સબરીમાં છે. શરૂઆતમાં જનતાને આવા સંગ્રહાલયોમાં જવા દેવામાં આવતી ન હતી પરંતુ તે વિચાર બદલાતાં જનતા માટે પણ ખુલ્લા મૂકવામાં આવ્યા. ત્યારબાદ યુરોપના રાજાઓ પોતાનો સંગ્રહ જનસમાજને બતાવવા લાગ્યા. ફ્રેન્ચ રાજવીનો પેલેસ દ લક્ષ્મબર્ગનો સંગ્રહ ઈ.સ. 1750 થી નિશ્ચિત દિવસો દરમિયાન જનતા માટે ખુલ્લો મૂકવામાં આવતો હતો. વિયેનામાં પણ પ્રવેશ ફી(શુલ્ક) લઈને સંગ્રહાલય બતાવવામાં આવતું. જગવિખ્યાત હર્મીતાજ સંગ્રહાલય સેંટ પિટસબર્ગ કે લેનીનગ્રાડમાં 1768થી અસ્તિત્વમાં આવ્યું અને તેને 19મી સદીથી જનસમાજ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું પરંતુ આમજનતા માટેના સંગ્રહાલયની શરૂઆત કરવાનું માન ફ્રાંસની રાજ્યક્રાંતિને મળે છે. આમ, 18મી સદીના અંતભાગ સુધીમાં યુરોપમાં મ્યુઝિયમ કે સંગ્રહાલયનો જાહેર સંસ્થા તરીકે વિકાસ થયેલો જોઈ શકાય છે.*

### 11.2.3 ભારત

*ભારતના સંદર્ભમાં સંગ્રહાલયનાં મૂળ છેક પ્રાચીન ભારતીય પરંપરામાં રહેલાં છે. આવી વસ્તુઓના દર્શનથી મુમુક્ષુઓને પ્રેરણા મળે છે, એ હેતુથી ભારતમાં સ્તૂપનું નિર્માણ થતું હતું. તેની સાથે તીર્થસ્થાનોમાં જે તે માન્યતાનાં શિલ્પો, ચિત્રો વગેરે દ્વારા લોકોમાં શિક્ષણનું કાર્ય થતું હોવાના પુરાવા મળે છે. વિવિધ સંપ્રદાયોમાં આશ્ચર્યકારક લાગતી વસ્તુઓ દેવસ્થાનમાં રાખી તેનાં દર્શન કરવાની પરંપરા પણ પ્રાચીન સમયથી છે તથા જે અસ્મિભૂત અવશેષો છે. તેના વિવિધ અર્થ થાય જેવા કે છીપને નાગદેવતા, એમોનાઈટને ચક્ર, લાકડાના અશ્મિભૂત અવશેષને લોહ, લક્કડ, પથ્થર તરીકે ગણીને તે ચમત્કારિક હોવાની માન્યતા અલગ અલગ જગ્યાએ જોવામાં આવી છે. આ બધી પ્રવૃત્તિઓનાં મૂળમાં દ્રવ્ય અને પદાર્થ જોવાથી થતું કુતૂહલ અને તેનું અર્થઘટન સમાયેલું છે. ભારત વિશ્વની સાથે કદમથી કદમ મિલાવી આગળ વધતો દેશ છે. જેથી તે પણ વિશ્વમાં ચાલતી સંગ્રહાલય પ્રવૃત્તિથી અલિપ્ત ન રહી શક્યો. ભારતમાં અનાદિકાળથી શિલ્પો, ચિત્રો અને પ્રતીકોની જ્ઞાનોપાસના પ્રચલિત હતી. તેને આધુનિક બનાવવાનું કામ 1740 બાદ અંગ્રેજ સરકાર દ્વારા થયું. ઈ.સ. 1757 અને 1772 પછી અંગ્રેજોની રાજકીય તાકાત વધતી ગઈ. તેથી ઈ.સ. 1784માં એશિયાટિક સોસાયટી ઓફ બેન્ગાલની સ્થાપના કરવામાં આવી હતી. આ સોસાયટીનું કાર્ય ભારતીય ભાષાઓનું અધ્યયન અને ભારતીય શિલ્પો, મુદ્રાઓ અને કલાના નમૂના એકત્ર કરવાનું હતું. ભારતમાં ઈંગ્લેન્ડ પછી 25 વર્ષે અને રશિયા પછી 20 વર્ષે ઈ.સ. 1784માં આ પ્રવૃત્તિ વિકસી. ત્યારબાદ ડેન્માર્કના વનસ્પતિશાસ્ત્રી ડૉ. નથાનીઅલ વાલીએ એશિયાટિક સોસાયટીના સંગ્રહોને વ્યવસ્થિત કર્યા અને 1814માં પોતાનો સંગ્રહ સોસાયટીને આપી સંગ્રહાલયનું બહુલક્ષી સ્વરૂપ તૈયાર કર્યું. કલકત્તા ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું કેન્દ્ર હોવાથી ત્યાં ચાલતા સર્વેક્ષણોમાંથી મળતી સામગ્રીથી ઈન્ડિયન મ્યુઝિયમનો ખૂબજ સારો વિકાસ થયો. એવીજ રીતે મદ્રાસ પણ અંગ્રેજ સત્તાનું બીજું કેન્દ્ર હતું. ત્યાં પણ સંગ્રહાલયો સ્થાપવાની પ્રવૃત્તિ મદ્રાસ લિટરરી સોસાયટીએ 1819માં શરૂ કરી હતી. 1856માં સેન્ટ્રલ મ્યુઝિયમ કાર્યરત બન્યું. તેના ફળ સ્વરૂપે બેલ્લારી, કુડ્ડાલોર, કોઈમ્બતુર, મેંગલોર, ઉટાકામેડ, રાજમુદ્રી જેવા નગરોમાં સંગ્રહાલયોનો વિકાસ શરૂ થયો જ્યારે મુંબઈ રાજ્ય સંગ્રહાલયની યાત્રામાં પોતાનું નામ 1845માં નોંધાવે છે. અહીં ગ્રાન્ટ મેડિકલ મ્યુઝિયમો શરૂ થયા. ત્યારપછી 1855માં વિક્ટોરીયા અને આલ્બર્ટ મ્યુઝિયમ સ્થપાયા. 1899 થી 1907 દરમિયાન લોર્ડ કર્ઝન ભારતના ગવર્નર જનરલના પદે રહ્યા. આ સમયે સ્થાનિક સંગ્રહાલયોનો વિકાસ ખૂબ મહત્વનો છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા સાઈટ મ્યુઝિયમ બનાવવાનો નિર્ણય 1904થી અમલમાં આવ્યો અને તે વર્ષે વારાણસી પાસે*

સારનાથનું સંગ્રહાલય શરૂ થયું. ત્યારબાદ આ પ્રકારના સંગ્રહાલયો ખજુરાહો, સાંચી, ખીચિંગ આદિ ઘણાં સ્થળોએ વિકસ્યા છે. આ બધા એકલક્ષી સંગ્રહાલયો છે.

પ્રાકૃતિક વસ્તુઓના સંગ્રહથી જંગલના મ્યુઝિયમોનો ઈ.સ. 1902થી ગાસફોરેસ્ટ મ્યુઝિયમથી પ્રારંભ થઈને તેનો આસામ, ઉત્તર પ્રદેશમાં ગોવાહાટી અને દહેરાદૂનમાં વિકાસ થતો જોવામાં આવે છે. આવી જ રીતે દેશમાં વ્યક્તિ વિશેષ સંગ્રહાલયોનો વિકાસ 1906માં કલકત્તામાં વિક્ટોરિયા મેમોરિયલથી થયો. તેમાં ઈ.સ. 1949માં મહાત્મા ગાંધી સ્મારક સંગ્રહાલયોની સ્થાપના થઈ. ભારતમાં એકલક્ષી અને સાંસ્કૃતિક સંગ્રહાલયો સૌથી વધારે છે. ત્યારબાદ પ્રાકૃતિક સંગ્રહાલયો અને બીજા એકલક્ષી સંગ્રહાલયોની સંખ્યા છે. બહુલક્ષી સંગ્રહાલયો પ્રમાણમાં ઘણા ઓછા છે. આમ, સ્વાતંત્ર્યપૂર્વથી શરૂ કરીને હાલમાં 21મી સદીમાં સંગ્રહાલયોની સંખ્યા તેનું મહત્વ, તેનો અભ્યાસ, સંશોધન, વિકાસ એમ તેનાં દરેક પાસાંમાં ઉન્નતિ થતી રહી છે અને તે વધારેને વધારે આગળ વધી રહી છે

### 11.2.4 ગુજરાત

ભારતમાં ઈ.સ. 1814થી સંગ્રહાલયોની સ્થાપનાનો ક્રમશઃ વિકાસ થતો રહ્યો છે. તેમાં બ્રિટિશરાજમાં થયેલા સર્વેક્ષણોથી રાજયની વિવિધ વસ્તુઓનાં સંગ્રહ શરૂ કરવામાં આવ્યા હતા. આનું અનુસરણ ગુજરાતે 19મી સદીમાં કર્યું. મ્યુનિસિપાલિટી દ્વારા આ પ્રવૃત્તિને ઘણો વેગ મળ્યો છે. સંગ્રહાલયની સ્થાપનાનું શ્રેય ગુજરાતમાં કચ્છના મહારાવ ખેંગારજી-૩જાને ફાળે જાય છે. તેમણે 01લી જુલાઈ, 1877માં કલાશાળાના એક ભાગરૂપે(ફર્ગ્યુસન સંગ્રહાલય) સંગ્રહાલયની સ્થાપના કરી હતી. હાલ તે કચ્છ મ્યુઝિયમ તરીકે ઓળખાય છે. રાણી વિક્ટોરિયાના રાજ્યાભિષેકના સુવર્ણ મહોત્સવના માનમાં રાજકોટમાં જ્યુબિલીબાગમાં વોટસન મ્યુઝિયમ ઈ.સ. 1888માં તૈયાર કરવામાં આવ્યું. ત્યારબાદ સુરતનું વિચેસ્ટર મ્યુઝિયમ 1890માં સ્થપાયું. વડોદરામાં સંગ્રહાલય બનાવવાની પ્રવૃત્તિ 1894માં શરૂ કરવામાં આવી હતી, જે નવા મકાનમાં કામ શરૂ થતાં વધારે સક્રિય થઈ. ત્યારપછી 1950માં મ.સ.યુનિવર્સિટી, વડોદરામાં પુરાવસ્તુવિદ્યાના સંગ્રહાલયનો પ્રારંભ થયો હતો. અમદાવાદમાં આ પ્રવૃત્તિની શરૂઆત 1949માં 'કેલિકો મ્યુઝિયમ ઓફ ટેક્સટાઇલ'ની સ્થાપનાથી થઈ. આ પહેલાં ભો.જે. વિદ્યાભવનમાં સંગ્રહોને કંઈક ગોઠવીને બનાવવાની પ્રવૃત્તિ ચાલતી હતી. તેનો વિકાસ તેનાં નવા મકાનમાં આવ્યા બાદ ઈ.સ. 1961થી થયો. 1951માં ગાંધી સ્મારક સંગ્રહાલયની શરૂઆત થઈ. ત્યારબાદ અમદાવાદમાં 1957માં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, સંગ્રહાલયની સ્થાપના થઈ. તેનો વિકાસ 1985 પછી સારા પ્રમાણમાં થયેલો જોવા મળે છે. ગુજરાતમાં ગૂજરાત

વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી અને નૃવંશ વિષયક સંગ્રહાલય 1963માં આરંભાયું. અહીં આદિવાસીઓના આભૂષણો, રાચરચીલાં, ઘરો, હસ્તકળાનાં નમૂના, ખેતીના ઓજારો, વાજિંત્રો વગેરે પ્રદર્શિત કરેલા છે તથા ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગનું સંગ્રહાલય ઈ.સ. 1984 પછી વિકસ્યું છે.

ગુજરાતમાં અમદાવાદ અને વડોદરા જેવા મોટાં શહેરોમાં સંગ્રહાલયોનો સારો વિકાસ થયો તેની સાથે સાથે સૌરાષ્ટ્ર પ્રદેશના ભાવનગર અને જૂનાગઢમાં પણ આ પ્રવૃત્તિનો સારો વિકાસ થયો. ભાવનગરમાં 1895માં બાર્ટન મ્યુઝિયમ શરૂ થયું. તેની પાસે ગાંધી સ્મારક સંગ્રહાલય 1955માં અને ત્યારબાદ બાળકો માટેનું સંગ્રહાલય અને કલા કારીગરીનું સંગ્રહાલય તૈયાર થયું. જૂનાગઢમાં શક્કરબાગ સંગ્રહાલય, 1901માં ત્યારબાદ જૂનાગઢનું બીજું સંગ્રહાલય 'દરબારહોલ' શરૂ થયું. તેની સાથે ભુજમાં પણ 1877માં શરૂ થયેલી પ્રવૃત્તિ પછી ઈ.સ. 1978માં ત્યાં આઈના મહેલમાં બીજું 'મદનસિંહજી મ્યુઝિયમ'ને નામે જાણીતું સંગ્રહાલય વિકસ્યું છે. દક્ષિણ ગુજરાતના શહેરોમાં ધરમપુરનું લેડી વિલ્સન મ્યુઝિયમ 1928માં સ્થપાયું. બારડોલીમાં ઈ.સ. 1970માં સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું. ત્યારબાદ ચરોતર પ્રદેશમાં મ્યુઝિયમ ઓફ આર્ટ એન્ડ આર્કિયોલોજીની શરૂઆત ચારુતર વિદ્યામંડળમાં 1949થી થઈ હતી, જે વિદ્યાનગરમાં સ્થિત છે. ત્યારબાદ લોથલ પુરાવસ્તુ સંગ્રહાલય 1977થી કાર્યરત બન્યું, જે એકમાત્ર મ્યુઝિયમ કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત છે. આ મ્યુઝિયમ એક સાઈટ મ્યુઝિયમ છે અને તેમાં લોથલનાં ઉત્ખનન દરમિયાન મળેલા પુરાતાત્વિક પુરાવશેષોનો સંગ્રહ છે. ઇ.સ. 1960માં ગુજરાત રાજયની સ્થાપના થયા બાદ 1964માં રાજયમાં સંગ્રહાલય વિભાગ નવેમ્બરથી શરૂ થયો હતો. તે આખા રાજયમાં આવેલા તેમની વ્યવસ્થામાં આવતા સંગ્રહાલયોની દેખરેખ રાખે છે તથા બિનસરકારી સંગ્રહાલયોને અનુદાન આપે છે. ગુજરાતમાં બાળ સંગ્રહાલયોની સંખ્યા ઘણી ઓછી છે. બાળકોના માનસિક વિકાસ માટે બાળ સંગ્રહાલય અતિ અગત્યનો ભાગ ભજવે છે. ગુજરાતમાં અમરેલી, કપડવંજ, અમદાવાદ આમ માત્ર 3 જ બાળ સંગ્રહાલયો આવેલા છે હજુ તેમાં ઘણો વિકાસ કરવાની જરૂર છે. ગુજરાતભરમાં વ્યક્તિવિષયક સંગ્રહાલયોની સંખ્યા 19 છે. તેમાં એકલા શ્રી સરદાર પટેલના સ્મારકોની સંખ્યા 17 છે. ગુજરાતના વિખ્યાત સાહિત્યકાર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી સ્મૃતિ મંદિર 1957માં નડિયાદમાં સ્થાપવામાં આવ્યું. આ પ્રકારના ગુજરાતી સાહિત્યકારોના સંગ્રહાલયોનો વધુ ને વધુ વિકાસ થવો જોઈએ પણ હજુ સુધી તે સંભવી શક્યું નથી.

## 11.3 સારાંશ

*ગુજરાત રાજ્ય સંગ્રહાલયની દૃષ્ટિએ ભારતમાં 3જો ક્રમ ધરાવે છે. આમ છતાં હજુ સુધી ભરૂચ, પંચમહાલ, સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જિલ્લાઓમાં સંગ્રહાલય નથી. ગુજરાતના 75 સંગ્રહાલયો પૈકી 12 સંગ્રહાલયો રાજયના સંગ્રહાલય ખાતા દ્વારા સંચાલિત છે. 4 સંગ્રહાલયો મ્યુનિસિપાલિટીની દેખરેખ હેઠળ છે. બાકીના વિશ્વવિદ્યાલયો, કૉલેજો અને અન્ય સંસ્થાઓની દેખરેખ હેઠળ ચાલે છે. ખાનગી સંગ્રહાલયોની સંખ્યા 21ની છે. આમ, ગુજરાતનાં સંગ્રહાલયો ગુજરાતના પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસાનું જતન કરતી અને વિવિધ પ્રદર્શનો દ્વારા જનજાગૃતિનું કાર્ય કરતી વિદ્યાકીય સંસ્થાઓ.*

## 11.4 ચાવીરૂપ શબ્દો

1. **સંગ્રહાલય** = *અજાયબઘર અથવા મ્યુઝિયમ જેમાં કોઈ વિશિષ્ટ વસ્તુઓનો સંગ્રહ પ્રદર્શિત કરેલો હોય છે.*

2. **બિનસરકારી સંગ્રહાલય** = *વર્તમાન સમયમાં કેટલાક ખાનગી માલિકીના સંગ્રહાલયો પણ અસ્તિત્વમાં આવ્યા છે. જેમાં સરકાર કોઈપણ પ્રકારે હસ્તક્ષેપ કરતી નથી તે સંગ્રહાલયો જે તે કંપની અથવા વ્યક્તિગત મિલકીયત હોય છે ઉ.દા ટાટા કંપનીનું પોતાનું સંગ્રહાલય, વિશાલા વાસણનું મ્યુઝિયમ અમદાવાદ.*

## 11.5 તમારી પ્રગતિ ચકાસો

1. *'મ્યુઝિયમ' શબ્દની ઉત્પત્તિ* _____________ *ના નામ પરથી થયેલી મનાય છે.*
2. *ભારતમાં* _____________ *સ્થાપત્યના બાંધકામથી સંગ્રહાલયનો વિચાર ઉદ્ભવ્યો.*
3. *ભારતમાં આધુનિક સંગ્રહાલયો બનાવવાનું કાર્ય* _____________ *શાસનકાળમાં થયું.*
4. *ગુજરાતનું સૌથી જૂનું કચ્છ મ્યુઝિયમ* _____________ *બંધાવ્યું હતું.*
5. *બાર્ટન મ્યુઝિયમ* _____________ *જિલ્લામાં આવેલ છે.*

*જવાબ.* (1) *મોઉસાઈ* (2) *સ્તૂપ* (3) *બ્રિટિશકાળ* (4) *મહારાવ ખેંગારજી 3જા* (5) *ભાવનગર*

1. *મ્યુઝિયમ શબ્દની ઉત્પત્તિ અને તેના ઈતિહાસ વિશે જણાવો.*

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

_____________________________________________________________________

2. *ભારતના સંદર્ભમાં સંગ્રહાલયની ભૂમિકા સમજાવો.*

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

_____________________________________________________________________

## 11.6 સંદર્ભ સૂચિ


1. *સોનલ મણિયાર, ગુજરાતનાં સંગ્રહાલયો માર્ગદર્શિકા, પ્રથમ આવૃત્તિ, માહિતી ખાતું, ગાંધીનગર.*
2. *રમણલાલ નાગરજી મહેતા, સંગ્રહાલયવિદ્યા, પ્રથમ આવૃત્તિ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ,* 1996

# એકમ : 12 મ્યુઝિયોલોજીના તત્વો અને સંગ્રહાલયોની ભૂમિકા

:: રૂપરેખા ::

**12.1 ઉદ્દેશ્યો**

**12.2 પ્રસ્તાવના**

**12.3 સંગ્રહાલયનાં તત્વો, તેની ભૂમિકા અને જવાબદારીઓ**

**12.3.1 સંરક્ષણ અને સંગ્રહાલયનું સ્થાન**

**12.3.2 સામાજિક-સાંસ્કૃતિક**

**12.3.3 શૈક્ષણિક તત્વ**

**12.3.4 મનોરંજન**

**12.3.5 સંશોધન**

**12.3.6 પ્રકાશન**

**12.3.7 સંગ્રાહક પ્રવૃત્તિ**

**12.3.8 પ્રદર્શન**

**12.4 સારાંશ**

**12.5 તમારી પ્રગતિ ચકાસો**

**12.6 ચાવીરૂપ શબ્દો**

**12.7 સંદર્ભ સૂચિ**

## 12.1 ઉદ્દેશ્યો

- *સંગ્રહાલયના કાર્યો વિશે જાણવું.*
- *સંગ્રહાલયના વિવિધ ક્ષેત્રોને સમજવા માટે.*
- *સંગ્રહાલયના મહત્વ વિશે જાણવું.*

## 12.2 પ્રસ્તાવના

*વર્તમાન સમયમાં સંગ્રહાલયો પર્યટકો માટે આકર્ષણનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે. દેશનો ઈતિહાસ, સંસ્કૃતિને લગતી વસ્તુઓ, દેશની ઔદ્યોગિક વિકાસને ઉજાગર કરતી વસ્તુઓ અને કલાકૃતિઓ સંગ્રહાલયોમાં રાખવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં મ્યુઝિયમોની સંખ્યા તો વધી છે સાથે તેની મુલાકાત લેનારા લોકોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. લોકો માટે સંગ્રહાલયોનું આકર્ષણ વધ્યું છે. દેશમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે દરેક વ્યક્તિએ સંગ્રહાલયો વિશે જાણવું જરૂરી છે. ભારતીય નિધિ વ્યાપાર કાનૂન* (1876) *મુજબ કોઈ પણ નાગરિકને અચાનક કોઈ પૌરાણિક, પ્રાચીન, કલાત્મક ચીજવસ્તુ, ઘર, ખેતર, કૂવો, તળાવ વગેરે બનાવતા - ખોદકામ દરમિયાન મળી આવે તો પુરાતત્વ ખાતાને તેની જાણ કરવાની હોય છે અને તેમને સોંપવાના હોય છે જેથી તેનું યોગ્ય સંરક્ષણ અને જતન સંગ્રહાલયોમાં થઈ શકે. ઈ.સ.*1972*માં સરકારે અતિ મૂલ્યવાન કલાકૃતિઓ અંગેનો કાયદો પસાર કરીને વ્યક્તિગત અથવા ખાનગી સંગ્રહાલયોની જાણકારી મેળવી હતી. જેનાથી સંસ્કૃત, અર્ધમાગધી, પાકૃત, પાલી વગેરે ભાષાઓમાં લખાયેલી પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી તથા તેનો સંગ્રહ થાય છે. દરેક રાજ્યોના દફતર ભંડારો (આર્કાઈવ્ઝ)માં દસ્તાવેજોને વૈજ્ઞાનિક ઢબે સાચવવાથી ઈતિહાસકારો અને સંશોધકોને યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. પ્રાચીન કલાકૃતિઓ તથા અતિમૂલ્યવાન વસ્તુઓ સાચવવા માટે સંગ્રહાલયો (મ્યુઝિયમ)નું કાર્ય મહત્ત્વનું છે. ભારતના ભવ્ય ભૂતકાલીન વારસાને જાળવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો, યુનેસ્કો અને બિનસરકારી સંસ્થાઓ પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવી રહી છે પરંતુ સૌથી મહત્ત્વની જવાબદારી આપણા સૌની છે. શાળા-કૉલેજોમાં શિક્ષકો વર્ગખંડમાં ભારતના ભવ્ય વારસાનો પરિચય આપે. વિદ્યાર્થીઓ પણ અજાણ્યાં સ્મારકો, સ્થળો, પુરાવશેષોને ઓળખી તેની જાળવણી અને સંરક્ષણમાં સહાય કરે. વારસાની યાદી તૈયાર કરી ચોકસાઈ રાખે, સ્મારકો નષ્ટ ન થાય, તેની તોડફોડ ન થાય, તે ચોરાઈ ન જાય તેની કાળજી રાખી તે અંગે સતત અધ્યયનશીલ રહે તે જરૂરી છે. સ્થાનિક કક્ષાએ શાળા- કૉલેજો અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા ઐતિહાસિક સ્થળોના પ્રવાસ, વક્તવ્યો, પ્રદર્શનો, ચર્ચાસભાઓ યોજી, આપણા વારસાને લગતી સમજ આપી, લોકજાગૃતિ કેળવાય તે જરૂરી છે. ઐતિહાસિક સ્મારકો, શિલ્પ-સ્થાપત્યો, કલાકારીગરીના નમૂનાઓ એકવાર નષ્ટ થયા પછી તેની મૂળ સ્થિતિમાં આવી શકતા નથી, માટે તેનો નાશ ન થવા દેવાય, તે મૂળ સ્થાનેથી બીજે ન જાય તેનું ધ્યાન રાખવાની સૌની પવિત્ર ફરજ બને છે. આપણો દેશ વિશાળ અને વૈવિધ્યસભર વારસો ધરાવે છે*

## 12.3 સંગ્રહાલયનાં તત્વો તેની ભૂમિકા અને જવાબદારીઓ

*આધુનિક સમયમાં સંગ્રહાલયની જવાબદારી ઘણી વધી જવા પામી છે. સંગ્રહાલય રાષ્ટ્રીય સંસાધનોનો ઉપયોગ કરીને પર્યટકોને જ્ઞાન પીરસવાનું કાર્ય કરે છે અને જાહેર લાભ માટે અસ્તિત્વ ધરાવે છે. વારસાની સાચવણી અને તેના દ્વારા લોકોને શિક્ષિત કરવું એ સંગ્રહાલયના મુખ્ય કાર્યો છે.*

### 12.3.1 સંરક્ષણ અને સંગ્રહાલયનું સ્થાન

*મ્યુઝિયમો પુરાતત્વીય સ્થળો અને સ્મારકોના સંરક્ષણમાં આ રીતે મદદ કરી શકે છે જેમકે કોઈ અવશેષને તેની મૂળ સ્થિતિમાં જાળવવો, અવશેષના તપાસ પૂર્વેની સ્થિતિના રેકોર્ડને સાચવી રાખવી, અવશેષોના પ્રદર્શનો અને અન્ય કાર્યક્રમો દ્વારા પુરાતત્વીય સ્થળોની જાળવણી અને પ્રશંસાને પ્રોત્સાહન આપીને, ઐતિહાસિક સ્થળને અવમૂલ્યનથી સુરક્ષિત કરીને, આ બધું જ ભવિષ્યની પેઢીઓને પોતાના ભૂતકાળની સાચી માહિતી મળે તે માટે સાચવવામાં આવે છે. સંગ્રહાલય ખોદકામ દરમિયાન મળેલા અવશેષો તેમજ રેકોર્ડ્સ, નમૂનાઓ, ફોટોગ્રાફ્સ અને અહેવાલોને કાયમી ધોરણે સાચવે છે. જેથી આ શોધો અને રેકોર્ડ્સ દ્વારા જે-તે સાઈટનું "પુનઃનિર્માણ" કરી શકાય છે.*

### 12.3.2 સામાજિક-સાંસ્કૃતિક

*સંગ્રહાલયો રાષ્ટ્રની સાંસ્કૃતિક જવાબદારીઓ નિભાવવા માટે છે. તેઓ લોકોના કુદરતી, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને તકનીકી વારસાના રક્ષક તરીકે કાર્ય કરે છે. પૃથ્વી અને માનવસમાજના વિકાસના અવશેષો, દેશની કલા અને હસ્તકલા વગેરે મ્યુઝિયમોમાં સંગ્રહિત હોય છે. ભારતમાં, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ અને રાજ્યના પુરાતત્વ વિભાગો ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં ઐતિહાસિક સ્થળોના ખોદકામ અને જાળવણીની જવાબદારી ધરાવે છે. ભારતના માનવશાસ્ત્રીય સર્વેક્ષણ દેશના મુલનીવાસી લોકો વિશે માહિતી એકત્ર કરે છે અને તેને સંગ્રહાલયોમાં જાળવી રાખે છે ઉ.દા. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલ આદિવાસી ભવન જે હાલ ગાંધીનગર સ્થાનાંતરિત કરવામાં આવેલ છે જેનાથી દેશના સાંસ્કૃતિક સંવર્ધનમાં યોગદાન મળે છે. સંગ્રહાલયો પણ આપણા દેશના સંયુક્ત સાંસ્કૃતિક ધરોહરની સાક્ષી પૂરે છે. તેમના સંગ્રહમાં વિવિધ સમયગાળાનો અને પ્રદેશોની કલાકૃતિઓ અને માનવીની રોજ બરોજની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે અને તેમને સાંસ્કૃતિક વારસાનો ભાગ બનાવે છે. આ ઉપરાંત મ્યુઝિયમો સામાજિક-ધાર્મિક રીતે મહત્વની થીમ પર પ્રદર્શનોનું આયોજન કરે છે. ઉ.દા. અમદાવાદનું પાલડી ખાતે આવેલ સાંસ્કૃતિક કેન્દ્ર. આવી પ્રવૃત્તિઓ લોકોને પોતાના દેશના સાંસ્કૃતિક વારસાથી વાકેફ*

કરે છે. આ લોકોને સંગ્રહાલયોની મુલાકાત લેવા માટે પણ પ્રોત્સાહિત કરે છે. સંગ્રહાલયના અસ્તિત્વનું કારણ જનતા છે. તેઓ સમાજના હિત માટે અસ્તિત્વ ધરાવે છે. "સંગ્રહાલયોની નૈતિક ફરજ ઉન્નત સ્વરૂપમાં, માનવ સંસ્કૃતિ અને કુદરતી વિશ્વનો ભૌતિક રેકોર્ડ એક પેઢી થી બીજી પેઢીને ટ્રાન્સફર કરવાની છે."

## 2.3.3 શૈક્ષણિક તત્વ

સંગ્રહાલયો ઐતિહાસિક અને સાંસ્કૃતિક રુચિઓની વસ્તુઓના સંગ્રહ, સંરક્ષણ અને અર્થઘટન દ્વારા પણ શિક્ષણની ભૂમિકા ભજવે છે. સંગ્રહાલયો સંગ્રહોનું પ્રદર્શન કરીને, તેઓ લોકોને આકર્ષિત કરે છે અને મનોરંજન કરે છે અને તેમની જિજ્ઞાસા જગાડે છે. આ મુલાકાતીઓની કલ્પનાને ઉત્તેજિત કરે છે અને તેમને પ્રશ્નો પૂછવા માટે પ્રેરિત કરે છે જેથી શિક્ષણને પ્રોત્સાહન મળે છે. ખાસ કરીને બાળકોના સંદર્ભમાં, સંગ્રહાલયોની શૈક્ષણિક ભૂમિકા ખૂબ મહત્વની છે. સંગ્રહાલયો તમામ વય-જૂથનાં લોકોને શિક્ષણ આપવા માટે આદર્શ સ્થાન છે. મ્યુઝિયમ ઘણીવાર આકર્ષક, વિશાળ અને ખુલ્લી જગ્યા ધરાવતી ઈમારતોમાં આવેલું હોય છે. તેમાં અવશેષોને સામાન્ય રીતે વ્યવસ્થિત અને આકર્ષક રીતે ગોઠવવામાં આવે છે. દરેક વ્યક્તિ મુક્તપણે અને દખલ વિના પ્રદર્શિત વસ્તુઓનો સંપર્ક કરવા માટે સ્વતંત્ર છે. મુલાકાતીઓ તેમના ભૂતકાળ વિશે અસંખ્ય વસ્તુઓ વિશે જ્ઞાન મેળવે છે. વસ્તુઓને તેમના વાસ્તવિક સ્વરૂપમાં જોવી એ પુસ્તકોમાં તેમના વિશે વાંચવા કરતાં વધુ માહિતીસભર છે.

## 12.3.4 મનોરંજન

આધુનિક સમયમાં સ્થાનિક અને વિદેશી પ્રવાસનને વધારવા માટે સંગ્રહાલયોની બીજી જવાબદારી લોકોનું મનોરંજન કરવાની છે. વિચિત્રતા અને સંગ્રહાલયની વસ્તુઓની આકર્ષક વ્યવસ્થા મુલાકાતીઓને આકર્ષિત કરે છે અને સ્થાનિક પ્રવાસીઓના કિસ્સામાં તેમના ભૂતકાળ વિશે અને વિદેશી પ્રવાસીઓના કિસ્સામાં યજમાન સંસ્કૃતિ વિશે જાણવાની તેમની ઈચ્છાને પણ સંતોષે છે.

## 12.3.5 સંશોધન

સંગ્રહાલય દેશના વારસાના પુરાવાઓનું રક્ષક છે. દરેક વસ્તુને લગતી માહિતી રાખવા અને પ્રસારિત કરવા માટે, દરેક મ્યુઝિયમે તે ચોક્કસ વસ્તુઓ પર સંશોધન કરવાની જરૂર છે. દસ્તાવેજીકરણ અને નમૂનાઓ પ્રદર્શિત કરતી વખતે સંગ્રહાલયના ઉપયોગ માટે અને સંશોધન વિદ્વાનોને સેવા આપવા માટે પણ આવી માહિતીને સાચવવી અને પ્રકાશિત કરવી જરૂરી છે. ઈતિહાસ અથવા વારસાના ક્ષેત્રના સંશોધન વિદ્વાનોએ સંગ્રહાલયની વિવિધ

*વસ્તુઓનો સંપર્ક કરવાની જરૂર છે અને આ રીતે, સંગ્રહાલયને તૈયાર સંદર્ભ રાખવા માટે સંશોધન કરવાની જરૂર છે.*

### 12.3.6 પ્રકાશન

*સંગ્રહાલય મુલાકાતીઓ માટે પત્રિકાઓ, ફોલ્ડર્સ, પોસ્ટરો, માર્ગદર્શિકા જેવા ઘણા લોકપ્રિય સાહિત્ય પ્રકાશિત કરે છે. ચોક્કસ સંગ્રહાલય સંગ્રહ, જર્નલ્સ, આર્ટ આલ્બમ્સ, મોનોગ્રાફ્સ વગેરે સંગ્રહાલયો દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે, જે વિદ્વાનો માટે ઉપયોગી છે. સંગ્રહાલય બુલેટિન પણ પ્રકાશિત કરે છે, ન્યૂઝલેટર્સ, વાર્ષિક અહેવાલો વગેરે જે વાર્ષિક પ્રવૃત્તિઓ અને વહીવટી વિગતોને પ્રકાશિત કરે છે. આ કોઈપણ સંગ્રહાલયની મહત્વપૂર્ણ પ્રવૃત્તિ છે.*

### 12.3.6 સંગ્રાહક પ્રવૃત્તિ

*સંગ્રહાલયનું સૌથી મહત્વનું કાર્ય વારસાની વસ્તુઓ એકત્રિત કરવાનું છે કારણ કે તે સમાજ અથવા દેશનો વારસો છે. દરેક સંગ્રહાલય સંગ્રહ વ્યવસ્થાપનના કસ્ટોડિયનને લગતી તેની નીતિઓને અનુસરીને વિવિધ પદ્ધતિઓ જેમ કે, ખરીદી, ભેટ, લોન, વિનિમય, શોધખોળ, ખોદકામ, ટ્રેઝર ટ્રોવ એક્ટ, ભેટ, વસિયત વગેરે દ્વારા એકત્રિત કરે છે. દરેક સંગ્રહાલય સત્તાધિકારી તેના સંગ્રહનું લેખિત નિવેદન અપનાવે છે અને પ્રકાશિત કરે છે. આમ, સંગ્રહાલય સંશોધન, શિક્ષણ, સંરક્ષણ, પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસાના પુરાવાઓની રજૂઆતની જરૂરિયાતો પર આધાર રાખે છે.*

### 12.3.7 પ્રદર્શન

*સંગ્રહ અને જાળવણી ઉપરાંત વસ્તુઓના પ્રદર્શન માટે પણ સંગ્રહાલયની સ્થાપના કરવામાં આવી છે. તે કોઈપણ સંગ્રહાલયનું મહત્વનું કાર્ય છે અને દરેક સંગ્રહાલય કાયમી ગેલેરીઓ બનાવીને અથવા કામચલાઉ પ્રદર્શનોનું આયોજન કરીને વસ્તુઓનું પ્રદર્શન કરે છે. મ્યુઝિયમો કેટલીકવાર તેમના મ્યુઝિયો-બસ દ્વારા મોબાઈલ પ્રદર્શનમાં તેમની વસ્તુઓને દૂરના સ્થળોએ લોકો સુધી પહોંચાડે છે અને અન્ય શહેરો અથવા દેશોમાં સ્થિત સંગ્રહાલયમાં પ્રદર્શન માટે વસ્તુઓને પ્રવાસ પ્રદર્શન તરીકે મોકલે છે.*

## 12.4 સારાંશ

*આમ વર્તમાન સમયમાં મ્યુઝિયમની જે જવાબદારીઓ અને તેની ભૂમિકા છે તેનું ક્ષેત્ર ખૂબ જ વિસ્તરેલું અને બહોળું છે. સમગ્ર વિશ્વમાં અનેક મ્યુઝિયમો આવેલા છે અને તેનું વિષય વૈવિધ્ય ખૂબ જ વિશાળ છે માટે તેમના તત્વો અને ભૂમિકાઓમાં પણ વિવિધતા જોવા મળે*

*છે. મ્યુઝિયમની પાસે નવી આવનારી જેટલી પણ પેઢીઓ છે તેમાં નૈતિક મૂલ્યો સીંચવાની જવાબદારી રહેલી છે. નાના બાળકો મ્યુઝિયમો પાસેથી ખૂબ શીખતા હોય છે અને તેમના માનસ પટ ઉપર તેનો ખૂબ જ લાંબાગાળાનો પ્રભાવ પડતો હોય છે જે તેને એક ઉત્તમ નાગરિક બનાવે છે.*

## 12.5 તમારી પ્રગતિ ચકાસો

**ખરાં ખોટાં**

1. *મ્યુઝિયમ ભવિષ્યની પેઢીને ભૂતકાળ શીખવે છે.*

2. *વસ્તુઓનો સંગ્રહ કરવો એ મ્યુઝિયમનું મુખ્ય કાર્ય છે.*

3. *મ્યુઝિયમો આપણને આપણો વારસો શીખવાડે છે.*

4. *મ્યુઝિયમ એક શૈક્ષણિક સંસ્થા છે.*

5. *મ્યુઝિયમો વસ્તુઓનું પ્રદર્શન કરતા હોતા નથી.*

*જવાબ :* (1) *ખરું* (2) *ખરું* (3) *ખરું* (4) *ખરું* (5) *ખોટું*

1. *સંગ્રહાલયનાં તત્વોની ભૂમિકા અને જવાબદારીઓ જણાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. *સંગ્રહાલયનાં તત્વો અંતર્ગત સંગ્રાહક પ્રવૃત્તિ વિશે જણાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. *સંગ્રહાલયની સામાજિક-સાંસ્કૃતિક ભૂમિકા સમજાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 12.6 ચાવીરૂપ શબ્દો

1. **મ્યુઝિયમ** = *કોઈ વિશિષ્ટ વસ્તુઓનો પદ્ધતિસરનો સંગ્રહ અને પ્રદર્શન.*

2. **સંગ્રહ** = *લુપ્ત થઈ ગયેલી અને અલભ્ય વસ્તુઓને ભાવિ પેઢીના શિક્ષણ માટે સાચવી રાખવાની વૈજ્ઞાનિક પદ્ધતિ.*

3. **યુનેસ્કો UNESCO** = *સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા.*

4. **સંરક્ષણ** = *સંગ્રહિત વસ્તુઓની યોગ્ય વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સાચવણી અને જાળવણી.*

## 12.7 સંદર્ભ સૂચિ

1. *એન. જે. મેરીમેન, ઈન્સ્ટિટ્યુટ ઓફ આર્કિયોલોજી, યુનિવર્સિટી કૉલેજ લંડન, યુ.કે, કીવર્ડ્સઃ પુરાતત્વ, સંગ્રહાલય, શિક્ષણ, સંશોધન, સંરક્ષણ, પુરાતત્વીય આર્કાઈવ્સ.*
2. Dr. T. Chandrasekaran, Origin and Development of Museums in India Attur, Salem.
3. Luciana Duranti, Origin and Development of The Concept of Archival Description.

## એકમ : 13 ભારતના મહત્વપૂર્ણ સંગ્રહાલયોનો અભ્યાસ

:: રૂપરેખા ::

(1) છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય (પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ) - મુંબઈ

(2) રાષ્ટ્રીય સંગ્રહાલય - નવી દિલ્હી

(3) વિક્ટોરિયા મેમોરિયલ-કલકતા

(4) સાલારજંગ સંગ્રહાલય – હૈદરાબાદ


13.1 પ્રસ્તાવના

13.2 છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય (પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ) - મુંબઈ

13.2,1 ઉદ્ઘાટન

13.2.2 સ્થાન

13.2.3 મ્યુઝિયમના વિભાગ

13.2.4 વિવિધ ગેલેરીઓ

13.2.5 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

(અ) તમારી પ્રગતિ ચકાસો

13.3 રાષ્ટ્રીય સંગ્રહાલય - નવી દિલ્હી

13.3.1 સ્થાપના

13.3.2 સ્થાન

13.3.3 પ્રથમ ડિરેક્ટર

13.3.4 વિવિધ ગેલેરીઓ

13.3.5 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

(બ ) તમારી પ્રગતિ ચકાસો

13.4 વિક્ટોરિયા મેમોરિયલ-કલકતા

13.4.1 સ્થાપના

13.4.2 સંગ્રહાલયના ઉદ્દેશો

13.4.3 વિવિધ ગેલેરીઓ

(ક) તમારી પ્રગતિ ચકાસો

13.5 સાલારજંગ સંગ્રહાલય – હૈદરાબાદ

13.5.1 સ્થાન

13.5.2 મુખ્ય ત્રણ ખંડો- સેન્ટ્રલ, ઈસ્ટર્ન અને વેસ્ટર્ન બ્લોક

13.5.3 વિવિધ પ્રકારની ગેલેરી

13.5.4 સાલારજંગ પુસ્તકાલય

13.5.5 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

(ડ) તમારી પ્રગતિ ચકાસો

13.6 સારાંશ

13.7 ચાવીરૂપ શબ્દો

13.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

13.9 સંદર્ભ

## 13.1 પ્રસ્તાવના

*આમ તો પશ્ચિમ ભારતના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમનો ઈતિહાસ ઈ.સ.*1904 *થી શરૂ થયો હતો, કારણકે એ વર્ષમાં સરકારે શ્રી મુંબઈમાં એક સંગ્રહસ્થાન ઊભું કરવાના પ્રશ્નની તપાસ કરવા માટે એક સમિતિની નિમણૂક કરી હતી. કિંગ પંચમ જ્યોર્જની સ્મૃતિ અને સન્માન માટે એક સંગ્રહાલય બનાવવાનો વિચાર જૂના મુંબઈના કેટલાક નાગરિકોને આવ્યો હતો. એ પછી* 11 *નવેમ્બર,* 1905*ના રોજ પ્રિન્સ ઓફ વેલ્સના હસ્તે આ સંગ્રહાલયનો પાયો નાખવામાં આવ્યો હતો, જેના બાંધકામની શરૂઆત બોમ્બે સરકારે ઈ.સ.*1907 *થી કરી હતી. જેનો સ્થપતિ હતો જ્યોર્જ વિટ્ટે અને જેણે ઈ.સ.*1915 *માં બાંધકામ શરૂ કર્યું હતું. ઈ.સ.*1915 *માં મ્યુઝિયમ તૈયાર થઈ ગયું હતું પરંતુ તે સમયે વિશ્વયુદ્ધ ચાલતું હતું તેથી*

ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું નહોતું અને એ સમયમાં મ્યુઝિયમના મકાનનો ઉપયોગ બાળકોના કલ્યાણ કેન્દ્ર અને લશ્કરી હોસ્પિટલ તરીકે કરવામાં આવ્યો હતો.

ભારતમાં સંગ્રહસ્થાન પ્રવૃત્તિનો પ્રારંભ ઈ.સ.1784માં સર વિલિયમ જોન્સે સ્થાપેલ બંગાળની એશિયાટિક સોસાયટીથી થયો હતો. નવી દિલ્હીમાં આવેલ રાષ્ટ્રીય સંગ્રહાલય ભારતના સૌથી મોટા સંગ્રહાલયોમાંનું એક છે. જેમાં પૂર્વ-ઐતિહાસિક યુગથી લઈને કલાના આધુનિક કાર્યો સુધીના વિવિધ લેખો ધરાવે છે. તે ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે

આજે સંગ્રહાલયનું સંચાલન અને ભંડોળ સંસ્કૃતિ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ મ્યુઝિયમમાં ભારતીય અને વિદેશી મૂળની 200,000 કલાકૃતિઓ છે, જે 5,000 વર્ષથી વધુ સમયના ભારતીય સાંસ્કૃતિક વારસાને આવરી લે છે. વિવિધ સર્જનાત્મક પરંપરાઓ અને વિદ્યાશાખાઓની તેની સમૃદ્ધ હોલ્ડિંગ જે વિવિધતા વચ્ચે એકતાનું પ્રતિનિધિત્વ કરે છે, વર્તમાન અને ભવિષ્ય માટે મજબૂત પરિપ્રેક્ષ્ય સાથે ભૂતકાળનું અજોડ મિશ્રણ, ઈતિહાસને જીવંત બનાવે છે. બૌદ્ધ કલા વિભાગ પિપ્રેહવા બસ્તી જિલ્લામાંથી શોધાયેલ બુદ્ધ (ઈ.સ.પૂર્વે 5મી-4થી સદી)ના પવિત્ર અવશેષો માટે સૌથી વધુ જાણીતો છે. આ સંગ્રહાલયમાં પુરાતત્વ, શસ્ત્રો, બખ્તર, સુશોભન કળા, જ્વેલરી, હસ્તપ્રતો, ચિત્રો વગેરેની ગેલેરી છે.

વિક્ટોરિયા મેમોરિયલ હૉલ ફક્ત કલકત્તા મહાનગરનું નહિ, પણ આપણા પુરા દેશના ભવ્ય સ્મારકોમાનું એક છે. તે ઉત્કૃષ્ટ અને સુંદર બ્રિટિશ સ્થાપત્યનું પ્રતિનિધિત્વ કરતાની સાથે આજે કલકત્તા મહાનગરનું વાસ્તવિક પ્રતીક છે. આ સ્મારક બનાવવાનો વિચાર લોર્ડ કર્ઝનને આવ્યો હતો. જાન્યુઆરી, 1901માં મહારાણી વિક્ટોરિયાના નિધન બાદ થોડા જ સપ્તાહમાં કલકત્તાના ટાઉનહૉલમાં તા. 06/02/1901ના રોજ સભા બોલાવવામાં આવી, જ્યાં મેમોરિયલ કોશના ગઠનનો પ્રસ્તાવ મૂકવામાં આવેલો. થોડા સમયમાં એક કરોડ પાંચ લાખનો ફાળો આવ્યો. લોર્ડ કર્ઝન માત્ર મહારાણી વિક્ટોરિયાનું સ્મૃતિ સ્મારક બનાવવા ઈચ્છતો નહોતા. તે ઈચ્છતા કે આ સ્મારક ભવ્ય ઈતિહાસ તથા સ્થાયી રેકોર્ડ તથા ઉપનિવેશનું પ્રભાવશાળી ઉદાહરણ પૂરું પાડે. આથી તેનું કામ સ્થાપત્યવિદ વિલિયમ ઈમર્સનને સોંપ્યું. જેણે ઈમર્સનને એ પણ સૂચવ્યું કે ઈટાલીના નવજાગરણ શૈલીમાં ડિઝાઈન કરવી. ઈમર્સનના સહાયક રૂપે ઈ.સ.1902માં વિનસેન્ટ એસ.જોડાયેલ. આ સંગ્રહાલયમાં મુખ્યત્વે 18/19/20મી સદીના ભારત બ્રિટિશ ઈતિહાસ સંબંધિત કલા, વસ્તુ અને દસ્તાવેજોનો સંગ્રહ છે.

*હૈદરાબાદનું વિશ્વવિખ્યાત સાલારજંગ સંગ્રહાલય દુનિયાના યુરોપીય અને એશિયાઈ તથા સુદરપૂર્વના દેશોની જુદી જુદી કલાત્મક ઉપલબ્ધિઓનો ભંડાર રૂપ છે. આ સંગ્રહાલયના મોટાભાગને નવાબ મીર યુસુફ અલીખાન દ્વારા સંગ્રહિત કરવામાં આવ્યો હતો, જેમને ઈતિહાસમાં સાલારજંગ ત્રીજાના નામે ઓળખવામાં આવતા હતા. સાલારજંગ પરિવારની પેઢીઓ સુધી વિદ્વતા, શિક્ષણ રાજ મર્મગ્નતાના ક્ષેત્રમાં ઉજળો ઈતિહાસ રહ્યો છે. આ સંગ્રહાલયમાં રહેલી દુર્લભ વસ્તુઓ સાલારજંગના દાદા નવાબ મીર તુરાબઅલીખાન સાલારજંગ પહેલા પાસેથી વારસામાં મળેલ આરસની બુરકાપોસ રેબેકા મૂર્તિ સાલારજંગ પહેલા દ્વારા રોમમાંથી ઈ.સ.1876માં ખરીદવામાં આવેલ.*

*સાલારજંગ ત્રીજાએ પોતાના મૃત્યુ સુધી પોતાનું સમગ્ર જીવન સંગ્રહ, કલા અને સાહિત્યના ખજાનાને વધારવામાં અર્પણ કર્યું હતું. તેણે 40 થી વધારે વર્ષો સુધી દુર્લભ ચીજો અત્યંત ખંતપૂર્વક ભેગી કરેલી જે આજે આપણે સંગ્રહાલયમાં જોઈ શકીએ છીએ. સાલારજંગ ત્રીજાના મૃત્યુ પછી તેના સીધા ઉત્તરાધિકારીના અભાવમાં એ મૂલ્યવાન ચીજો તેના પૈતૃક મહેલમાં રાખવામાં આવી હતી.*

*આ સંગ્રહને મ્યુઝિયમનું રૂપ દેવાનો શ્રી એમ. કે. વેલોદી હૈદરાબાદ રાજ્યના તત્કાલીન મુખ્ય સિવિલ પ્રશાસકના મનમાં વિચાર આવ્યો. તેથી તેણે ડૉ. જેમ્સ કઝિન્સનો સંપર્ક કર્યો ત્યારે કઝિન્સે સલાહ આપી કે આ કાર્ય માટે તમે શ્રી જી. વેંકટાચલમ નામના કલાવિદને મળો. તા.16 ડિસેમ્બર, 1951ના રોજ સાલારજંગ સંગ્રહાલયનું ઉદ્ઘાટન શ્રી જવાહરલાલ નહેરુએ કર્યું. સાલારજંગના વંશજોએ ભારત સરકારને કેટલીય અમૂલ્ય વસ્તુઓ દાનમાં આપી હતી. આ સંગ્રહાલયનો વહીવટ ઈ.સ.1951 થી ઈ.સ.1961 ભારત સરકારે સંભાળ્યો હતો. એ પછી સાલારજંગ સંપદા સમિતિ તેનો વહીવટ સંભાળી રહી છે.*

## 13.2 છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય (પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ) - મુંબઈ

### 13.2,1 ઉદ્ઘાટન

*મુંબઈના સંસ્કૃતિ પ્રેમી નાગરિકોએ આ સંગ્રહાલય ઊભું કર્યું ત્યારે સરકાર પાસેથી ત્રણ લાખ અને મુંબઈ નગરપાલિકાએ અઢી લાખ રૂપિયા આપ્યા હતા. એ પછી કરીમભાઈ ઈબ્રાહીમે ત્રણ લાખ અને સર કાવસજી જહાંગીરે પચાસ હજાર રૂપિયા આપ્યા હતા. આ મકાન ત્રણ માળનું બનાવવાનું હતું. માર્ચ 1907માં બોમ્બે પ્રેસિડેન્સીની સરકારે મ્યુઝિયમ કમિટીને ક્રેસન્ટ સાઈટ તરીકે ઓળખાતી જમીનનો ટુકડો આપ્યો હતો. મ્યુઝિયમ બિલ્ડીંગ ત્રણ એકર વિસ્તારમાં ફેલાયેલું છે. 11 નવેમ્બર, 1905ના રોજ પ્રિન્સ ઓફ વેલ્સ દ્વારા*

તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો અને મ્યુઝિયમને "પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા" નામ આપવામાં આવ્યું હતું. જેના આર્કિટેકે ભારત સારસૈનિક ઢબે મકાન બાંધ્યું હતું, જેની પાછળ લગભગ 9 લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો અને ઈ.સ.1914માં બાંધકામ પૂર્ણ થઈ ગયેલું. જેનું ઉદ્‌ઘાટન 10 જાન્યુઆરી 1922ના રોજ બોમ્બેના ગવર્નર જ્યોર્જ લોઇડના પત્ની દ્વારા કરવામાં આવેલ. મ્યુઝિયમનું બિલ્ડિંગ 3 એકર (12,000 m) વિસ્તારમાં આવેલું છે, જેનો બિલ્ટ-અપ વિસ્તાર 12,142.23 ચોરસફૂટ છે. સંગ્રહાલયની સૌથી નોંધપાત્ર સુવિધા તેનો મોટો ડોમ છે, જે 180 ફૂટ ઉંચો છે. આ ડોમ ઈટાલિયન રેનેસાંસ શૈલીથી પ્રેરિત છે અને સંગ્રહાલયને તે ભવ્ય દેખાવ આપે છે.

ઈ.સ.1921માં મ્યુઝિયમ ટ્રસ્ટ મંડળને સોંપી દેવામાં આવેલ મ્યુઝિયમને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું. કલા વિભાગ, પુરાતત્વશાસ્ત્ર વિભાગ અને પ્રાકૃતિક ઈતિહાસ વિભાગ.

એ પછી પાછળથી ટ્રસ્ટીઓએ લગભગ સાડા પાંચ લાખના અંદાજિત ખર્ચે એક નવી પાંખ ઉમેરવાનું કામ હાથમાં લીધું, પણ નાણાંના અભાવે તે કામ ખોરંભે પડેલ તેથી યોજના ટૂંકાવી નાખેલ ઈ.સ.1935માં રૂા.2, 00,000 ના ખર્ચે વિસ્તરણ પૂરું કરવામાં આવ્યું હતું.

### 13.2.2 સ્થાન

સંગ્રહાલય મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયાથી નજીક દક્ષિણ મુંબઈની મધ્યમાં આવેલું છે. મ્યુઝિયમ મુંબઈના બે મુખ્ય રેલવે ટર્મિનસ ચર્ચગેટ અને છત્રપતિ શિવાજી ટર્મિનસથી માત્ર પગપાળા 15 મિનિટના ચાલતા જઈ શકાય એટલું નજીક છે. ઈતિહાસ, કલા અને સંસ્કૃતિના ખજાના સમાન આ સંગ્રહાલય પુરાણા ભવ્ય વારસાની સાક્ષી તરીકે ઉભુ છે.

### 13.2.3 મ્યુઝિયમના વિભાગ

આ સંગ્રહાલયમાં ત્રણ વિભાગો શરૂઆતમાં રાખવામાં આવ્યા હતા. જેમાં પ્રાગૈતિહાસિક કાળથી લઈને આધુનિક સમય સુધીના સંગ્રહને પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. સંગ્રહાલયનું નામ ઈ.સ.1998માં બદલીને ભારતની સ્વતંત્રતાની 50મી વર્ષગાંઠની ઉજવણીના ભાગ રૂપે મહારાજા છત્રપતિ શિવાજીના નામ પરથી, છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય કરવામાં આવ્યું છે, જેને CSMVS ના ટૂંકાક્ષરે ઓળખવામાં આવે છે. CSMVS એ માત્ર જોવા માટેનું સ્થળ નથી પણ અનુભવવા માટેનું સ્થળ છે.

આ સંગ્રહાલયની ઈમારત ઈન્ડો સારસસેનિક સ્થાપત્ય શૈલીની બાંધવામાં આવી છે, જેમાં મુઘલ, મરાઠા અને જૈન સ્થાપત્ય શૈલીનું મિશ્રણ જોવા મળે છે. આ મ્યુઝિયમનું બિલ્ડીંગ

પામ વૃક્ષોના બગીચા અને ફૂલ ઝાડથી વધારે રમણીય લાગે છે. આ સંગ્રહાલયમાં પ્રાચીન ભારતીય ઈતિહાસની અંદાજિત 50,000 થી વધારે વસ્તુઓ તેમજ વિદેશની વસ્તુઓ સંગ્રહિત કરવામાં આવેલ છે.

મ્યુઝિયમની જાળવણી હવે સરકાર અને બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી વાર્ષિક અનુદાનથી કરવામાં આવે છે. મ્યુઝિયમનું બિલ્ડીંગ મુંબઈ શહેરનું એ ગ્રેડ હેરિટેજ બિલ્ડીંગ છે. ઈ.સ.1990માં હેરિટેજ બિલ્ડીંગની જાળવણી માટે ભારતીય હેરિટેજ સોસાયટીના બોમ્બે ચેપ્ટર દ્વારા તેને પ્રથમ ઈનામ અર્બન હેરિટેજ એવોર્ડ મળ્યો હતો.

- **કલા વિભાગ**

આ સંગ્રહાલયના કલા વિભાગમાં ભારતીય ચિત્રો, ચિનાઈ માટીની વસ્તુઓ, લીલા પથ્થરની વસ્તુઓ, જાપાની લાખ કામ, ભારતીય અને એશિયાઈ ધાતુની વસ્તુઓ, હાથીદાંતની વસ્તુઓ, છાપેલું કાપડ, ભરતકામ, શાલ, શસ્ત્રો, બખ્તર અને બીજી ભારતીય અને યુરોપિયન પુરાતન વસ્તુઓનો સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવેલ છે આ વિભાગ સ્વ. રતન ટાટા અને સર દોરાબતાતાની ભવ્ય ભેટને લીધે અસ્તિત્વમાં આવ્યો હતો. તેમાં વખતો વખત ટ્રસ્ટીઓએ ખરીદી કરીને વસ્તુઓનો વધારો કર્યો હતો.

ઈ.સ.1915માં ટ્રસ્ટીઓએ મુંબઈ સરકારની મદદથી રૂા.1,42,500માં પુરુષોત્તમ માવજી પાસેથી ભારતીય ચિત્રો, વેશભૂષા, ભારતીય સિક્કાઓ, બખ્તર વગેરેની ખરીદી કરી હતી. આ વિભાગમાં સતારાના વિખ્યાત રાજકુટુંબની કેટલીક ચીજો અને ઉત્તમ મુઘલ ચિત્રો ધરાવે છે.

ઈ.સ.1921 માં સર દોરાબ તાતાએ યુરોપિયન ચિત્રો, આરસની પ્રતિમાઓ, શસ્ત્રો અને આયુધો સંગ્રહસ્થાનને ભેટ આપી અને પાછળથી ઈ.સ.1933માં તેમના મૃત્યુ પછી ચિનાઈ માટીની વસ્તુઓ, પિત્તળ અને કાંસાની વસ્તુઓ અને ભારતીય ચિત્રો પણ સંગ્રહાલયને પ્રાપ્ત થયા હતા. ઈ.સ.1925માં સર અકબર હૈદરીએ ભારતીય ચિત્રો, સચિત્ર હસ્તપ્રતો, રેખાચિત્ર વગેરેનો પોતાનો સુંદર સગ્રહ કલા વિભાગને ઉછીનો આપવાની કૃપા કરેલ. ઈ.સ 1938માં તેમને ખાન બહાદુર સૈયદ અહમદે બનાવેલા અજંતા ચિત્રોની 30 ઉપરાંત અનુકૃતિઓની સંગ્રહસ્થાનને ભેટ આપી હતી. યુદ્ધ દરમિયાન ઈ.સ.1940માં સર અકબર હૈદરીનો ઉછીનો આપેલો સંગ્રહ તત્કાલ ઉપાડી લેવામાં આવ્યો હતો પરંતુ તેમના મૃત્યુ પછી તેમના વારસદારોએ કેટલાય પસંદ કરેલા ચિત્રો અને દખ્ખણી ચિત્રોની કેટલાક ઉત્તમોત્તમ નમૂના અને ખાદી અથવા જાડા કાપડ પર બનાવેલાં ત્રણ અતિ મહત્ત્વના અને તેમનું કદ

જોતાં દખ્ખણી અથવા મુઘલ કલાને સંબંધ છે ત્યાં સુધી કાગળ અથવા કાપડ પરના સૌથી મોટા એવા ચિત્રો સંગ્રહસ્થાનને એમણે ભેટમાં આપ્યા હતાં.

ઈ.સ 1928માં મુંબઈ સરકારે કલાશાળાના સંગ્રહ તરીકે જાણીતા એવા 2000 ઉપરાંતના નમૂનાઓનો સંગ્રહ કલા વિભાગને સોંપ્યો. તે સંગ્રહમાં ધાતુની વસ્તુઓ, ભારતીય અને પરદેશી માટીની વસ્તુઓ, ચાંદી અને સોનાના અલંકારો, હાથીદાંત, સુખડના કોતરકામ કાગળના માવામાંથી બનાવેલી વસ્તુઓ, રેશમ અને સુતરનું કાપડ, કેલિકો છાપ વગેરે રાખવામાં આવ્યું છે. સંગ્રહ બિદરી વસ્તુઓમાં ખાસ સમૃદ્ધ છે. એકરંગી સચિત્ર પોસ્ટકાર્ડો જેમાંના 25 ઈ.સ.1927માં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા તે ભારતીય ચિત્રોનો સૌંદર્ય અને રંગને રજૂ કરવા માટે અપૂરતા જણાતા તેને સ્થાને રંગીન પોસ્ટકાર્ડ બનાવવામાં આવ્યા હતાં તે ઘણા લોકપ્રિય બન્યાં હતાં.

ઈ.સ 1940માં શસ્ત્ર અને બખ્તરના પ્રદર્શન માટે તત્કાલીન વેશભૂષામાં સજ્જ અને બધી જ વિગતોમાં સંપૂર્ણ એવા યોદ્ધાઓની પ્રતિકૃતિઓ તૈયાર કરી તેમને અસરકારક રીતે બતાવવા માટે યોગ્ય કૃત્રિમ પ્રકાશની યોજના સહિતની પ્રદર્શન પેટીઓ મૂકવામાં આવી છે.

- **પુરાતત્વ વિભાગ**

પુરાતત્વ વિભાગના પ્રારંભિક સંગ્રહમાં બે સમૃદ્ધ સંગ્રહ હતા. એક પુના પુરાતત્વશાસ્ત્ર સંગ્રસ્થાન માટે જૂના ભારતીય સિક્કાઓ અને બીજો રોયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખા પાસેથી ઉછીનો મળેલો પાષાણ શિલ્પાકૃતિઓનો સંગ્રહથી એચ.ડબલ્યુ. સેટનકારે મદ્રાસ પ્રાંતથી એકઠા કરેલા કેટલાક પ્રાગૈતિહાસિક અવશેષો ઈ.સ. 1950માં મુંબઈના પ્રાકૃતિક ઈતિહાસ મંડળ પાસેથી ઉછીના લેવામાં આવ્યા હતા. ઈ.સ.1934માં શ્રી એમ. મેકવીન અને ડી. જી. એમ. ઉનવાલા પાસેથી કે. આર. કામા પૌર્વાત્ય સંસ્થાને ભેટ મળેલી ઈરાનના સુસ્ત અને બીજા સ્થળોની પુરાતન વસ્તુઓ સંસ્થાએ ઉછીની આપી. ઈ.સ. 1935માં ભારતના પુરાતત્વ શાસ્ત્ર વિભાગના મહાસંચાલક તરફથી મોહેંજોદડોની પ્રાગૈતિહાસિક વસ્તુઓનો સંગ્રહ મળ્યો હતો. મુંબઈ વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. જી.એસ. ધુર્યે તેમણે ખેરપુર રાજ્યમાં વિવિધ જગ્યાએથી ખોદી કાઢેલા પ્રાગૈતિહાસિક પાષાણના ઓજારો માટીની વસ્તુઓ, પકવેલી માટેના રમકડાં, બીજી વસ્તુઓનો સંગ્રહ ભેટ આપ્યો હતો. ઈ.સ.1939માં તેમણે ફરીથી પંજાબ હડપ્પા ખાતેથી ઉત્ખનનમાંથી કાઢેલી પ્રાગૈતિહાસિક વસ્તુઓનો સંગ્રહ લીંબડીના ઠાકોર સાહેબ વતી ભેટ આપેલ. આ વિભાગમાંની શિલ્પાકૃતિઓ અને સિક્કાઓ પણ ખરીદી અથવા ભેટ દ્વારા મેળવવામાં આવ્યા હતા.

*આ સંગ્રહાલયમાં ઇ.સ. પૂર્વે ત્રીજી સદીથી મોગલ શાસનના અંત સુધીના કાળના સોના-રૂપા અને તાંબાના લગભગ 20,000 પ્રાચીન ભારતીય સિક્કાઓ પ્રદર્શિત છે.*

*ઐતિહાસિક યુગના મુખ્ય પ્રદર્શિત વસ્તુમાં શિલ્પ આકૃતિઓ, શિલાલેખો અને પાષાણ લેખો અને તામ્રપત્રો રહેલા છે. જેમાં શિલ્પની ગાંધાર અને અમરાવતી શૈલીના નમૂનાઓ છે. પ્રતિષ્ઠિત કલાના શરૂઆતના ગુપ્ત યુગના નમૂનાઓ અને સિંધના મીરપુર ખાસના સ્થળમાંથી પકવેલી માટેની મૂર્તિઓ છે. ચાલુક્ય વિસ્તારમાંથી મળેલા મધ્યકાલીન હિંદુ શૈલીના શિલ્પો છે અને એમાં ઐહોલના ચાલુક્ય યુગની ચાર મોટી ઉપસાવેલી આકૃતિઓનો સમાવેશ થાય છે. એ સિવાય એલિફન્ટાની ગુફાઓમાંના રાષ્ટ્રકૂટ યુગના બ્રહ્મા અને મહિસાસુરમર્દિની રજૂ કરતા શિલ્પ ટુકડાઓ છે. ઐહોલના ચાર શિલ્પોમાં બે શિવ અને પાર્વતીના જુથો એક બ્રહ્મા અને બીજું શેષનાગ અથવા અનંત પર પોઢેલા શેષશાયી વિષ્ણુની મૂર્તિ છે.*

*મહાન સમ્રાટ અશોકના સમયથી માંડી મુસ્લિમ શાસન સુધીના શિલાલેખોને લિપિનો વિકાસ દર્શાવે એવી રીતે અહીં સમયાનુક્રમ પ્રમાણે ગોઠવીને રાખવામાં આવ્યા છે. મ્યુઝિયમમાં તામ્રપત્ર ઉપર લખી આપેલા અનુદાનના 160 જૂથમાંથી મોટાભાગના સૌરાષ્ટ્ર દ્વિકલ્પના ઈસવીસન પાંચમીથી આઠમી સદી સુધી શાસન કરનાર વલભી વંશના તામ્રપત્રો અહીં રહેલા છે. વિદેશી પુરાતન વસ્તુઓમાં નોંધનીય એવું ઇજિપ્તનું એક મમી તથા થોડીક પાષાણ શિલ્પાકૃતિઓ છે અને પૂર્વ આફ્રિકાના સોનાલી લેન્ડની થોડી જૂના પાષાણયુગની વસ્તુઓ અને ઈરાનમાં આવેલા સુસાની પુરાતન વસ્તુઓની મોટી સંખ્યા અને સ્વિત્ઝરલેન્ડના નવ પાષાણ યુગના સરોવરમાંનું એક ટાંકણું અહીં પ્રદર્શિત કરવામાં આવ્યું છે.*

- **પ્રાકૃતિક વિભાગ**

*પ્રાકૃતિક ઈતિહાસના વિભાગની સ્થાપના મુંબઈ પ્રાકૃતિક ઈતિહાસ મંડળે અને સંગ્રહસ્થાનના ટ્રસ્ટીઓએ કરી હતી. સંગ્રહોની ગોઠવણીનો ઉદ્દેશ હંમેશાં જેમાં પ્રાણીઓ, પંખીઓ, પેટે ચાલનારા પ્રાણીઓ અને માછલીઓના અનેક કુળોના સ્વરૂપોની વિવિધતા રજૂ કરવાથી મુલાકાતીઓ એને એ જોવાનો છે. વિશિષ્ટ જાતિ અને ઉપજાતિવાળા દરેક કુટુંબને સ્પષ્ટપણે સીમાંકિત કરવામાં આવ્યા છે અને એ જ ધોરણે તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તેથી પ્રાણી જીવનના વિભાગોનો સ્પષ્ટ ખ્યાલ મુલાકાતીઓને આવે છે. પ્રદર્શિત વસ્તુમાંથી જ્ઞાન મેળવવાનું હોય તો તે સ્પષ્ટ હોવું જોઈએ એ ધ્યેયને લક્ષમાં રાખી અહીં પ્રાણીઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. માળો બાંધતા ફ્લેમિંગોના જૂથો એ તો આ*

સંગ્રહાલયનો એક સર્વોત્તમ નમૂનો છે, પોતાના વિચિત્ર શંકુ આકારના માળા પર બેઠેલાં અથવા એની બાજુ પર બેઠેલાં પંખીઓ દેખાય છે.

એક વિશાળ સીધા ખડકની ધાર પર બચ્ચા સહિત બેસાડેલું એક લાંબી ચાંચ વાળું ભારતીય ગીધ મૂકેલ છે. ત્રીજા એક જૂથમાં લાકડીઓ અને સૂકી ડાળખીઓ અને ડાળીઓનો એક મોટો ઢગલો લામરગીયરનો માળો બતાવે છે. માદા સાર સંભાળ રાખતી જણાય છે જ્યારે બાજુના ખડકની ટોચે બેઠેલું છે તે નર પંખી છે. માળાની ગુફા ઉપર એક મોટો ખડક ઝૂકી રહ્યો છે, નીચે સૂર્યપ્રકાશિત ખીણ છે, દૂર સિમલાની ટેકરીઓનું સુંદર દશ્ય છે. સસ્તન પ્રાણીઓની વીથીમાં જંગલી પાડો, બ્લેક બક, વાઘ, કાળિયાર અને બારાસિંગાને તેમના મૂળ નિવાસના જંગલોમાં રજૂ કરતા મૂકવામાં આવ્યા છે. મતસ્ય વિથીમાં ભારતીય સમુદ્રોના સાધારણ શાર્ક દર્શાવતું સમુદ્ર ગર્ભનું આભાસ ચિત્ર છે.

પ્રાકૃતિક વિભાગનું શિક્ષણાત્મક અને આકર્ષક લક્ષણ તે પેટે ચાલનારા પ્રાણીઓનું બાહ્ય આકૃતિ લક્ષણશાસ્ત્ર નિરૂપતા નમૂનાઓની શ્રેણી છે. એમની જીવનની ટેવો જેવી કે, હલનચલન, દર ખોદવું, વૃક્ષવાસી, ભૂવાસી અથવા જલવાસી અસ્તિત્વ, શિકારની પકડ, મારણ અને ભક્ષણ ઝેરના સાધનો વગેરે સાથે તેમના શરીરના બાંધાને કેવો સંબંધ છે એ આ શ્રેણીમાં બતાવ્યું છે. તે વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય માણસો માટે રસપ્રદ એવા અભ્યાસનો વિષય પૂરો પાડે છે.

પ્રાણી માત્ર પેટે ચાલતા પ્રાણીઓ સિવાય બાકીના બધા જ સંગ્રહો માટે દીવાલમાં બેસાડેલા ઉભા કબાટો વાપરવામાં આવ્યા છે, તે જમીન ઉપરની ઓછામાં ઓછી જગ્યા રોકે છે પણ તેનાથી વધુમાં વધુ વસ્તુઓ પ્રદર્શિત થઈ શકી છે. મોટા સસ્તન પ્રાણીઓના પ્રદર્શન સિવાય બાકીના કબાટો 18 ઈંચ થી વધુ ઊંડા નથી. વીથીમાં વાપરેલા જુદા જુદા રંગોને કારણે આંખને કંઈક નવું જોવા મળે છે અને રસ જળવાઈ રહે છે. ભીંતને સજાવનાર ભીંતચિત્રો આગવું શૈક્ષણિક મૂલ્ય ધરાવે છે. દાખલા તરીકે મુંબઈના મત્સ્ય ઉદ્યોગના ચાર મોટા ચિત્રો એમની નીચેની પ્રદર્શિત વસ્તુઓમાં વધુ રસ ઉત્પન્ન કરે છે અને નવો અર્થ આપે છે. ઉરોગામી સર્પાદિ પ્રાણીઓની વીથીમાં પાંખોવાળી ઉરોગામી જાતના ઉડયન કરતા ટેરોડેક્ટાઈલ નામના પ્રાણીઓ, રાક્ષસી દરિયાઈ ગરોળીઓ અને રાક્ષસી ઉરોગામી જાતના ડાયનાસોર નામના પ્રાણીઓ દર્શાવતા ભિંતચિત્રો એવા ગતયુગ તરફ આપણું ધ્યાન ખેંચે છે કે જ્યારે ઉરોગામી પ્રાણીઓ જેમના આજના વામણા વંશજો થી તદ્દન જુદી જ રીતે પૃથ્વી સમુદ્ર અને આકાશ પર વિહરતા હતા.

### 13.2.4 વિવિધ ગેલેરીઓ

24 જુલાઈ, 2017ના રોજ સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટ અને પ્રોગ્રેસિવ આર્ટ મૂવમેન્ટના પ્રારંભિક તબક્કાને પ્રકાશિત કરતું પ્રવાહ નામનું એક પ્રદર્શન શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં પેસ્તોનજી બોમનજી, રુસ્તોમ સિઓદિયા, સાવલારામ હલદનકર, એન્ટોનિયો ઝેવીયર ટ્રીન્ડાડેની કૃતિઓ દ્વારા 1880 થી 1950 સુધીના ચિત્રોની શ્રેણી આવરી લેવામાં આવી હતી. જેમાં એસ.એન. ગોરક્ષકર, ગોવિંદ મહાદેવ સોલેગાંવકર, જી. એચ. નાગરકર, જે.એમ. અહિવાસી, રઘુનાથ ધોંડોપંત ધોપેશ્વરકર, રઘુવીર ગોવિંદ ચિમુલકર, રસિકલાલ પરીખ અને વાય. કે. શુક્લ, અબાલાલ રહીમાન, સૈયદહૈદર રઝા, કેશવદેવ ભાનારાવ ચુડેકર, લક્ષ્મણ નારાયણ ટાસકર અને કે.એચ.આરા

29 જાન્યુઆરી 2015ના રોજ બોમ્બે ટુ મુંબઈ - ડોર ઓફ ધ ઈસ્ટ વિથ ઈસ્ટ ફેસ ટુ ધ વેસ્ટ શીર્ષક ધરાવતા એક પ્રદર્શન સાથે પ્રિન્ટ્સ ગેલેરી લોન્ચ કરવામાં આવી હતી. ગેલેરીનું ઉદ્‌ઘાટન લંડનમાં બ્રિટિશ મ્યુઝિયમના ડિરેક્ટર નીલ મેકગ્રેગોર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે એક સચિત્ર વ્યાખ્યાન પણ આપ્યું હતું. મ્યુઝિયમના સેન્ટ્રલ ફોયર ખાતે 'વર્લ્ડ કલ્ચર્સ' પર.

ઑક્ટોબર 2008માં શરૂ કરાયેલ નવીનીકરણ પ્રોજેક્ટના ભાગ રૂપે, ક્રિષ્ના ગેલેરી હિંદુ દેવતા કૃષ્ણ સાથે સંબંધિત કલાકૃતિઓ ધરાવે છે, જે સંરક્ષક-દેવતા વિષ્ણુના હિંદુ દેવતા છે, માર્ચ 2009માં ખોલવામાં આવી હતી.

ટેક્સટાઈલ ગેલેરી, શહેરની પ્રથમ ગેલેરી, એપ્રિલ 2010માં ખોલવામાં આવી હતી. તે "ટેક્ષટાઈલ ઉત્પાદનની વિવિધ તકનીકો, પ્રાદેશિક સંગ્રહો અને પરંપરાગત ભારતીય વસ્ત્રો દર્શાવે છે.

મ્યુઝિયમની ભારતીય લઘુચિત્ર પેઈન્ટિંગ ગેલેરી ડિઝાઈન કરવામાં આવેલ છે. હેલેન કેલર ઈન્સ્ટિટ્યૂટના ડિઝાઈનર્સ, ફેબ્રિકેટર્સ અને કન્સલ્ટન્ટની મદદથી ગેલેરી માટે વિકસિત સામગ્રીને બ્રેઈલ ટેક્સ્ટ અને અંધ લોકો માટે સ્પર્શેન્દ્રિય લેબલમાં રૂપાંતરિત કરવામાં આવેલ.

પરંપરાગત ભારતીય આભૂષણો પર એક નવી ગેલેરી ઈ.સ. 2020માં ખુલેલ. જે ગેલેરીમાં, ગોલકોંડા હીરા પર એક પ્રદર્શન હતું, જેની પ્રતિકૃતિઓ મ્યુઝિયમમાં રજૂ કરવામાં આવી છે.

CSMVS મ્યુઝિયમમાં વિવિધ ગેલેરીઓ આવેલી છે. તે કલા, ઈતિહાસ, પ્રાકૃતિક ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિ સાથે સંબંધિત છે તે નીચે મુજબ છે.

- શિલ્પ ગેલેરી
- પૂર્વ અને પ્રોટો હિસ્ટ્રી ગેલેરી
- કુદરતી ઈતિહાસ વિભાગ
- ભારતીય લઘુચિત્ર પેઈન્ટિંગ ગેલેરી
- કૃષ્ણા ગેલેરી
- હિમાલ્યન આર્ટ ગેલેરી
- સુશોભન મેટલવેર ગેલેરી
- લક્ષ્મીનું ઘર- સિક્કાની ગેલેરી
- કાર્લ અને મહેરબાઈ ખંડાલાવાલા ગેલેરી
- ચાઈનીઝ અને જાપાનીઝ આર્ટ ગેલેરી
- સર રતન ટાટા અને સર દોરાબ ટાટા
- યુરોપિયન પેઈન્ટિંગ્સની ગેલેરી
- આર્મ્સ અને આર્મર ગેલેરી
- જહાંગીર નિકોલસન ગેલેરી
- પ્રેમચંદ રાયચંદ ગેલેરી
- કી ગેલેરી
- યુરોપિયન ડેકોરેટિવ આર્ટ ગેલેરી
- બોમ્બે સ્કૂલ ગેલેરી
- જહાંગીર સબાવાલા ગેલેરી
- ટેક્સટાઈલ ગેલેરી
- પ્રિન્ટ ગેલેરી
- ક્યુરેટર્સ ગેલેરી અને સંરક્ષણ કેન્દ્ર
- સ્કલ્પચર ગેલેરી

### 13.2.5 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

આ સંગ્રહાલયમાં એક ઉત્તમ પુસ્તકાલય છે, જે સામાન્ય જનતા માટે નહીં, પણ સંદર્ભ અને વિભાગીય ઉપયોગ માટે કામમાં લેવામાં આવે છે. સંશોધક વિદ્યાર્થીઓને તેમના સંશોધક દરેક સગવડતાઓ આપે છે. કોઈ કોઈ વખત આ ત્રણ સંગ્રહોને લગતા વ્યાખ્યાનો આપવા

*માટે શાળાના શિક્ષકોને આમંત્રણ આપવામાં આવે છે. પ્રકૃતિના અભ્યાસ પરના વિશેષ વ્યાખ્યાનો અહીં ગોઠવવામાં આવે છે. સંગ્રહાલયમાં ઘણી વખત કામચલાઉ પ્રદર્શન પણ ગોઠવવામાં આવે છે. આ સંગ્રહાલયમાં દરેક વસ્તુઓ પર અંગ્રેજી અને હિન્દીમાં તકતીઓ મૂકવામાં આવી છે. આ સંગ્રહાલયો આજ સુધીમાં ઘણા બધા પ્રકાશનો પણ કરેલા છે. સંગ્રહાલય નિયમિતપણે બાળકો માટે વર્કશોપ અને સ્ટોરીટેલિંગ સત્રોનું આયોજન કરે છે. આ કાર્યક્રમો બાળકોને ઈતિહાસ અને કલા વિશે શીખવાની તક આપે છે. બાળકો માટે ખાસ ટૂર પણ ઉપલબ્ધ છે, આ ટૂર દર્શકોને સંગ્રહાલયના હાઈલાઈટ્સ બતાવે છે અને તેમને ઈતિહાસ વિશે રસ લેવા પ્રોત્સાહન આપે છે. સંગ્રહાલયમાં ઑડિયો ગાઈડ્સ ભાડેથી મળી શકે છે, જે દરેક કલાકૃતિ વિશે માહિતી આપે છે.*

*મ્યુઝિયમની અંદર કેટલાક વિષયો પર નિયમિત પ્રદર્શનો અને સેમિનાર પણ યોજાય છે.* CSMVS *કેટલાક વિસ્તારોમાં ફોટોગ્રાફીની મંજૂરી આપે છે. તમે તમારી મનપસંદ કલાકૃતિઓનાં ચિત્રો લઈ શકો છો અને તમારા સંગ્રહાલયના અનુભવને યાદગાર બનાવી શકો છો. સંગ્રહાલયની દુકાનમાંથી ચીજો ખરીદી શકો છો.* CSMVS *ની દુકાનમાંથી ઈતિહાસની એક પ્રતિકૃતિને તમારી સાથે લઈ જાઓ! એ પુસ્તકો, પોસ્ટકાર્ડ, હસ્તકલાના નમૂનાઓ અને અન્ય સ્મૃતિભંડોળો તમારા સંગ્રહાલયના અનુભવને યાદગાર બનાવશે. વિશ્વભરના પ્રવાસીઓ આ ભવ્ય હેરિટેજ બિલ્ડિંગની મુલાકાત લે છે અને આ મ્યુઝિયમમાં સચવાયેલી વિવિધ પ્રાચીન કલાકૃતિઓનું અન્વેષણ કરે છે. પ્રવાસીઓ આ મ્યુઝિયમની બાજુમાં આવેલી જહાંગીર આર્ટ ગેલેરીની પણ મુલાકાત લે છે.*

**(અ) તમારી પ્રગતિ ચકાસો**

1. *આ સંગ્રહાલયમાં કયા સમયગાળાની કલાકૃતિઓનું પ્રદર્શન થાય છે ?*

   ______________________________
   ______________________________
   ______________________________
   ______________________________

2. *સંગ્રહાલયમાં બાળકો માટે કઈ પ્રવૃત્તિઓ ઉપલબ્ધ છે ?*

   ______________________________
   ______________________________
   ______________________________
   ______________________________

3. *સંગ્રહાલયનું સૌથી મોટું આકર્ષણ શું છે?*

   ______________________________
   ______________________________

4. *મુંબઈના અન્ય સંગ્રહાલય વિશે માહિતી મેળવો.*

5. *સંગ્રહાલય આપણા જીવનમાં કેવી રીતે ઉપયોગી છે તેના વિશે લખો.*

❖ **બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)**

(1) *પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમની સ્થાપના ક્યારે થઈ ગણાય.*

(A) 1904 (B) 1905

(C) 1906 (D) 1907

(2) *પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમને આજે ક્યા નામે ઓળખવામાં આવે છે ?*

(A) *ડૉ.ભાઉદાજી સંગ્રહાલય* (B) *છત્રપતિ શિવાજી મહારાજ*

(C) *વાસ્તુ સંગ્રહાલય* (D) *તાજ સંગ્રહાલય*

(3) *પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમનો સ્થપતિ કોણ હતો ?*

(A) *રોબર્ટ બેલબુથ* (B) *ડીલેવાલે*

(C) *જ્યોર્જ લોઈડ* (D) *જ્યોર્જ વિટ્ટે*

(4) *પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કોના હાથે કરવામાં આવ્યું હતું ?*

(A) *રોબર્ટ બેલબુથ* (B) *ડીલેવાલે*

(C) *જ્યોર્જ મિસિસ લોઈડ* (D) *જ્યોર્જ વિટ્ટે*

## 13.3 રાષ્ટ્રીય સંગ્રહાલય - નવી દિલ્હી

### 13.3.1 સ્થાપના

*ઈ.સ.1912થી આ જાતના સંગ્રહાલયની સ્થાપના કરવાનો પ્રશ્ન વિચારણા હેઠળ હતો. જાન્યુઆરી 1945માં કલા પુરાતત્વ અને નૃવંશશાસ્ત્રના રાષ્ટ્રીય સંગ્રહાલયની સ્થાપનાની યોજના કરવામાં આવી હતી. ઈ.સ.1946માં ગ્વાયર સમિતિ દ્વારા ભારત માટે રાષ્ટ્રીય સંગ્રહાલય બનાવવાનો વિચાર કરવામાં આવ્યો હતો. ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને દિલ્હી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સર મોરિસ ગ્વાયરે આ સમિતિનું નેતૃત્વ કર્યું હતું. સમિતિના સભ્યોમાંના એક સર મોર્ટિમર વ્હીલર પણ હતા, જે તે સમયે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) ના વડા હતા.*

*નેશનલ મ્યુઝિયમના મૂળની શરૂઆત લંડનની રોયલ એકેડેમી ઓફ આર્ટ્સ દ્વારા આયોજિત ભારતીય કલા અને કલાકૃતિઓના પ્રદર્શનથી થાય છે. આ પ્રદર્શન 1947-48ના શિયાળાના મહિનાઓ દરમિયાન બર્લિંગ્ટન હાઉસની ગેલેરીઓમાં પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. લંડનમાં ભારત અને પાકિસ્તાનની આર્ટનું આ પ્રદર્શન બ્રિટિશ સરકાર દ્વારા પ્રાયોજિત પ્રથમ પ્રદર્શન હતું, જેણે ભારતીય કલાકૃતિઓને ઉચ્ચ કળાનો દરજ્જો આપ્યો હતો. તે ભારત પરત ફરે તે પહેલાં શ્રી જવાહરલાલ નહેરુના સમર્થનથી એમ નક્કી કરવામાં આવ્યું હતું કે આ મહત્વપૂર્ણ સંગ્રહો તેમના પરત ફર્યા પછી અહીં પ્રદર્શિત કરવામાં આવે જેથી કરીને ભારતના લોકો તેનો આનંદ માણી શકે.*

*પ્રદર્શનની સમાપ્તિ વખતે વિનંતી કરવામાં આવી હતી, જેમાં તેઓને રાષ્ટ્રીય મ્યુઝિયમ બનવાની હતી તે વસ્તુની માલિકી સોંપવા વિનંતી કરવામાં આવી હતી. જ્યારે કાયમી રાષ્ટ્રીય સંગ્રહાલય બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો, ત્યારે 15 ઓગસ્ટ, 1949ના રોજ રાષ્ટ્રપતિ ભવન (તે સમયે સરકારી ગૃહ તરીકે ઓળખાતું) રાજ્યના ઓરડાઓમાં પ્રદર્શનો પ્રથમવાર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા અને ઓરડાઓનું ઔપચારિક ઉદ્ઘાટન ગવર્નર જનરલ સી. રાજગોપાલાચારીએ કર્યું હતું. તે સમયે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે જ્યાં સુધી સંગ્રહ માટે કાયમી મકાન ન મળે ત્યાં સુધી તેને રાષ્ટ્રપતિ ભવનમાં રાખવામાં આવશે. વર્તમાન મ્યુઝિયમ ઈમારતનો પાયો ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા 12 મે, 1955ના રોજ નાખવામાં આવ્યો હતો અને નેશનલ મ્યુઝિયમની વર્તમાન ઈમારતની ડિઝાઈન આર્કિટેક્ટ ગણેશ બિકાજી દેવલાલીકર દ્વારા કરવામાં આવી હતી, બિલ્ડિંગ તૈયાર થઈ ગયા પછી, નવા મ્યુઝિયમનું ઉદ્ઘાટન ભારતના ઉપરાષ્ટ્રપતિ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન દ્વારા, 18 ડિસેમ્બર, 1960 ના રોજ કરવામાં આવ્યું હતું,*

*સંગ્રહાલયના અષ્ટકોણવાળા ત્રણ માળના આ મકાનનો અંદાજિત ખર્ચ રૂા.1.50.00.000નો કરવામાં આવ્યો હતો. સંગ્રહાલયને ઔપચારિક રીતે 18 ડિસેમ્બર 1960ના રોજ જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.*

### 13.3.2 સ્થાન

*આ મ્યુઝિયમ જનપથ અને મૌલાના આઝાદ રોડના ખૂણા પર નવી દિલ્હીમાં આવેલું છે. આ મ્યુઝિયમમાં 5,000 વર્ષોને આવરી લેતી ભારતીય અને વિદેશી મૂળની 200,000 કલાકૃતિઓ છે. જે ભારતનું સૌથી મોટું મ્યુઝિયમ છે. આ મ્યુઝિયમને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે. નેશનલ મ્યુઝિયમ બિલ્ડિંગને તબક્કાવાર બનાવવાની યોજના હતી જેથી તેને અષ્ટકોણ આકાર આપવામાં આવે. તેના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન 1960માં કરવામાં આવ્યું હતું અને બીજા તબક્કાનું કામ ઈ.સ.1989માં પૂર્ણ થયું હતું. ત્રીજા અને અંતિમ તબક્કા માટે, 18 ડિસેમ્બર, 2017ના રોજ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. નેશનલ મ્યુઝિયમ બિલ્ડિંગમાં ત્રણ માળની ગેલેરીઓ છે. શરૂઆતમાં સંગ્રહાલયમાં માત્ર પાંચ વિભાગ હતા. રાષ્ટ્રીય સંગ્રહાલય માટે જુદા જુદા ભાગોમાંથી બક્ષિસ અને ઉછીના લઈને કે ખરીદી કરીને 50 લાખની વસ્તુઓ ભેગી કરવામાં આવી હતી.*

### 13.3.3 પ્રથમ ડિરેક્ટર

*ગ્રેસ મોર્લી નેશનલ મ્યુઝિયમ, નવી દિલ્હીના પ્રથમ ડિરેક્ટર હતા, જેમણે અગાઉ સાન ફ્રાન્સિસ્કો મ્યુઝિયમ ઑફ આર્ટના સ્થાપક ડિરેક્ટર (1935-58) તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે 8 ઓગસ્ટ 1960ના રોજ નેશનલ મ્યુઝિયમમાં જોડાઈ અને વધુ છ વર્ષ સુધી તેનો ચાર્જ સંભાળ્યો હતો. સંગ્રહાલયના અન્ય વડામાં કે.સી. શિવરામમૂર્તિ હતા જેમણે રાષ્ટ્રીય સંગ્રહાલયને આગળ વધારવામાં ઉત્તમ કામ કર્યું હતું.*

### 13.3.4 વિવિધ ગેલેરીઓ

**(1) હડપ્પન ગેલેરી**

*આ સંગ્રહાલયમાં હડપ્પન સંસ્કૃતિની વિવિધ કલાકૃતિઓ છે, જેને સિંધુ ખીણની સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની પાસે હડપ્પન સંસ્કૃતિની પ્રાચીન વસ્તુઓનો વિશ્વનો સૌથી મોટો સંગ્રહ છે. જે વસ્તુઓમાં સૌથી વધુ પ્રસિદ્ધ છે. કાંસ્યમાં બનેલી ડાન્સિંગ ગર્લ જે પ્રારંભિક હડપ્પન સમયગાળાની છે. હરિયાણાના રાખીગઢીમાંથી ખોદવામાં આવેલ હાડપિંજર, માતા દેવીની ટેરાકોટા છબીઓ અને માટીના વાસણો છે. આ સિવાય ગેલેરીમાં કાંસ્ય અને ટેરાકોટા, હાડકાની વસ્તુઓ, હાથીદાંત, સ્ટીટાઈટ, અર્ધ કિંમતી પથ્થરો, પેઈન્ટેડ પોટરી અને જ્વેલરી વસ્તુઓમાં શિલ્પો છે, અનેક સીલ પ્રદર્શિત છે. આ સિવાય*

*આ ગેલેરીમાં માતા દેવી (ઈ.સ.પૂર્વે 2700-2100) રમકડાની ગાડી (ઈ.સ.પૂર્વે 2700-2100) બુલ (ઈ.સ.પૂર્વે 2700-2100) પશુપતિ સીલ (ઈ.સ.પૂર્વે 2700-2100) ક્લાઈમ્બિંગ મંકી (ઈ.સ.પૂર્વે 2700-2100) વગેરે છે.*

**(2) મૌર્ય, શુંગા અને સાતવાહન વંશ આર્ટ ગેલેરી**

*આ ગેલેરીમાં ઈ.સ.પૂર્વે ચોથી સદીની વસ્તુઓ છે. તેમાં ત્રણ મુખ્ય રાજવંશોની વસ્તુઓ છેઃ મૌર્ય, શુંગા અને સાતવાહન.*

**(3) કુશાણ વંશ ગેલેરી**

*આ ગેલેરીમાં કુશાણ સમયગાળા (1લી - 3જી સદી સીઈ)ની અનેક વસ્તુઓ છે. શિલ્પોમાં અહિચ્છત્રના કુબેર, ચત્રમુખી શિવલિંગ, બોધિસત્વ અને જૈન ધર્મની તકતીઓનો સમાવેશ થાય છે.*

**(4) ગુપ્ત વંશ ગેલેરી**

*આ ગેલેરી ગુપ્ત વંશની કલાકૃતિઓની છે. ગુપ્ત કાળની કળા ભારતીય કલામાં ઉચ્ચ ભાવના રજૂ કરે છે. મથુરા અને સારનાથ કલાત્મક પ્રવૃત્તિના મુખ્ય કેન્દ્રો હતાં.*

*આ ગેલેરીમાં 7મીથી 10મી સદી સુધીના શિલ્પો છે. ગુપ્ત સામ્રાજ્યના પતન પછી, ભારતીય ઉપખંડનું વિભાજન કરવામાં આવ્યું હતું અને તે ભારતના વિવિધ ભાગોમાં વિવિધ રાજવંશો દ્વારા નિયંત્રિત હતું.*

**(5) ડેકોરેટિવ આર્ટ ગેલેરી**

*નેશનલ મ્યુઝિયમમાં ડેકોરેટિવ આર્ટસ કલેક્શન એ 16મીથી 20મી સદી સુધીના ભારતીય લોકોની જીવનશૈલીનું પ્રતિબિંબ છે. જેમાં કારીગરો દ્વારા હાથથી બનાવેલી ઉપયોગિતાવાદી અને સુશોભન વસ્તુઓ બંનેનો સમાવેશ થાય છે. તેઓ ભારતીય સમાજના સામાજિક, ધાર્મિક, આર્થિક, વ્યાપારી અને તકનીકી વિકાસને સમજવામાં ઉપયોગી છે. સિરામિક્સ, માટીકામ, ફર્નિચર, કાપડ, કાચના વાસણો, ધાતુના વાસણો અને ઝવેરાતનો સમાવેશ સુશોભન કલા હેઠળ પ્રદર્શિત કરવામાં આવેલ છે. ડેકોરેટિવ આર્ટસ વિભાગ બે ગેલેરીઓમાં વહેંચાયેલો છે.*

**ડેકોરેટિવ આર્ટ ગેલેરી 2**

*આ ગેલેરીમાં પ્રોટો-ઐતિહાસિક સમયગાળાથી લઈને આજ સુધીની કલાકૃતિઓ છે. વિવિધ પેઢીઓના સમય અને સ્થિતિ સાથે વિવિધતા, ગુણવત્તા અને માધ્યમથી રાખેલ છે અને તે*

*પ્રક્રિયા આજે પણ ચાલુ છે. આ ગેલેરી મેટલવેર, જ્વેલરી અને લાકડાની વસ્તુઓનું પ્રદર્શન કરે છે. લાકડાની વસ્તુઓમાં સૌથી વધુ નોંધનીય છે તે પ્રદર્શનમાં વહાણ છે.*

**(6) મિનિએચર પેઈન્ટિંગ્સ ગેલેરી**

*આ ચિત્રો કાગળ, કાપડ, છાલ, લાકડા અને હાથીદાંત પર છે, જે રાષ્ટ્રીય સંગ્રહાલયના સૌથી પ્રતિષ્ઠિત સંગ્રહોમાંનો એક છે અને વિશ્વનું સૌથી મોટું છે. નેશનલ મ્યુઝિયમમાં પેઈન્ટીંગ વિભાગમાં 17,000 થી વધુ ચિત્રો છે, જે 900 વર્ષ જેટલા છે અને સૌથી વધુ શૈલીયુક્ત સ્વરૂપો ભારતમાં જોવા મળે છેઃ પાલા, પ્રારંભિક જૈન શૈલી, સલ્તનત, માળવા, મેવાડ, બુંદેલખંડ, રાઘોગઢ, મુઘલની સ્વદેશી શૈલીઓ, ડેક્કાની, બાદમાં રાજસ્થાની, પહારી, શીખ, જમ્મુ, તાંજોર અને મૈસુર અને કંપની સ્કૂલના ચિત્રો છે.*

**મુઘલ લઘુચિત્ર ચિત્રો**

*મુઘલ શાસન દરમિયાન લઘુચિત્રનો વિકાસ થયો. બાદશાહ જહાંગીર અને શાહજહાં કલાના મહાન આશ્રયદાતા હતા. તેમના દરબારમાં, ચિત્રકારોએ તેમની કૃતિઓ માટે ચિત્રોથી માંડીને  દરબારના દશ્યો છે. જેમાં દેશી કલા શૈલીઓ અને પર્શિયન અને યુરોપીયન પુનરુજ્જીવનના તત્વો સાથે સ્થાનિક શાસ્ત્રીય પરંપરાઓ સાથે ઈસ્લામિક રૂઢિપ્રયોગનું મિશ્રણ થયું હતું.*

**પહારી લઘુચિત્રો**

*પહારી શાળાઓ મુખ્યત્વે બાસહોલી, કુલુ, ચંબા, ગુલેર અને કાંગડામાં વિકસતી હતી. 18મી સદીના અંતમાં અને 19મી સદીની શરૂઆતમાં મહારાજા સંસારચંદના આશ્રય હેઠળ, કાંગડા પહારી શૈલી માટેનું સૌથી પ્રખ્યાત કેન્દ્ર બન્યું હતું જેનો પુરાવો આ સંગ્રહાલયની વસ્તુઓ આપે છે.*

**(7) બૌદ્ધ આર્ટિફેક્ટ્સ ગેલેરી**

*સંગ્રહાલયમાં બુદ્ધના અવશેષો,આભૂષણો, આકૃતિઓ અને કિંમતી પત્થરો સાથે અસ્થિના ટુકડાઓ છે. જેમાં બુદ્ધ મૂર્તિના શીશ,ઉભેલા બુદ્ધ, ઈ.સ.પૂર્વે બીજી સદીના બુદ્ધના અવશેષો વહન કરતા હાથીઓ, શુંગા, ભારહુત, લાલ સેંડસ્ટોન  કપિલવસ્તુના પવિત્ર અવશેષો વગેરે પ્રદર્શિત છે.*

**(8) ભારતીય  સ્ક્રિપ્ટ અને સિક્કાઓની ગેલેરી**

*આ ગેલેરી શ્રી તેજપાલ સિંહ ડેપ્યુટી ક્યુરેટર  આર્કિયોલોજી દ્વારા બનાવવામાં આવી હતી અને જેને સુ.શ્રી માત્રીકા, મુંબઈ દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે.*

મ્યુઝિયમમાં 14,000 થી વધુ હસ્તપ્રતો અને ગ્રંથોનો સમાવેશ થાય છે, જેમાંથી લગભગ 1000 સચિત્ર છે. હસ્તપ્રતોનો સંગ્રહ વિવિધ ભાષાઓ અને સ્ક્રિપ્ટોમાં છે. જેમાં મોટી સંખ્યામાં વિષયો આવરી લેવામાં આવ્યા છે. તેઓ ચર્મપત્ર, છાલ, પામ પર્ણ, કાપડ, કાગળ અને ધાતુઓ જેવી વિવિધ પ્રકારની સામગ્રી પર લખવામાં આવેલ છે. તમામ હસ્તપ્રતો 7મીથી 19મી સદીના સમયગાળાને આવરી લેતા ભારતીય ઉપખંડના વિવિધ ધર્મો અને સંપ્રદાયોનું પ્રતિનિધિત્વ કરે છે

આ સિક્કા ગેલેરીમાં 130,000 થી વધુ સિક્કાઓ છે, જેમાં કેટલાક દુર્લભ સિક્કાઓ છે, જે પૂર્વે છઠ્ઠી સદીના છે, જ્યારે દેશમાં સિક્કા પ્રથમ વખત દેખાયા હોવાનું માનવામાં આવે છે. અહીં લગભગ ઈ.સ.પૂર્વે 6ઠ્ઠી સદી થી 21મી સદીની શરૂઆત સુધીનો ભારતીય સિક્કાનો સમગ્ર ઈતિહાસ પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

### (9) મધ્ય એશિયન ગેલેરી

આ ગેલેરીનો વિશાળ અને વૈવિધ્યસભર સંગ્રહ 20મી સદીની શરૂઆતના મુખ્ય પુરાતત્વીય સંશોધકોમાંના એક સર ઓરેલ સ્ટેઈન દ્વારા ખોદકામ, શોધખોળ અને એકત્ર કરવામાં આવ્યો હતો. તેમણે 1900-1901, 1906-1908 અને 1913-1916માં તેમના દ્વારા હાથ ધરવામાં આવેલા ત્રણ મોટા અભિયાનો દરમિયાન સિલ્ક રૂટ પરના 100 થી વધુ પ્રાચીન શહેરોમાંથી આ સાંસ્કૃતિક સામગ્રી એકત્રિત કરી હતી. આ સંગ્રહમાં દિવાલના ચિત્રો, દોરવામાં આવેલા રેશમના બેનરો, લાકડાના શિલ્પો, સાગોળ અને ટેરાકોટા, સિક્કા, પોર્સેલેઇન અને માટીકામની વસ્તુઓ, ચામડું, ઘાસ અને ફાઇબર, સોના અને ચાંદીની કીંમતી વસ્તુઓ, ધાર્મિક અને બિનસાંપ્રદાયિક દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

### (10) મેરીટાઈમ હેરિટેજ ગેલેરી

મેરીટાઈમ હેરિટેજ ગેલેરી નેશનલ મ્યુઝિયમના પહેલા માળે આવેલી છે. જે વિવિધ કલાકૃતિઓ, ફોટોગ્રાફ્સ અને ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાને દર્શાવે છે.

### (11) તાંજોર અને મૈસુર પેઈન્ટિંગ્સ ગેલેરી

આ ગેલેરીમાં તાંજોર અને મૈસુરના ચિત્રો  છે. જેમાં હિન્દુ દેવતાઓ કૃષ્ણ, રામ, વિષ્ણુ અને તેમના અન્ય અવતારો અને શિવ, પાર્વતી, કાર્તિકેય, ગણેશ અને અન્ય શૈવ દેવતાઓના વિવિધ સ્વરૂપો દર્શાવતા શૈવ ધર્મના ચિત્રો દર્શાવતા વૈષ્ણવ ધર્મના ચિત્રોનો સમાવેશ થાય છે; અને વિવિધ રાજાઓ, સંતો અને શાહી આશ્રયદાતાઓના ચિત્રો છે.

**(12) ટેક્સટાઈલ ગેલેરી**

*ટેક્સટાઈલ્સ ગેલેરી પછીના મુઘલ કાળના ભારતીય પરંપરાગત કાપડના સંગ્રહનું પ્રદર્શન છે. કોટન, સિલ્ક અને વુલન ટેક્સટાઈલ કે જે વણાયેલા, પ્રિન્ટેડ, ડાઈડ અને એમ્બ્રોઈડરીવાળા હોય છે જે આ ગેલેરીમાં પ્રદર્શિત છે.*

**(13) પ્રી-કોલમ્બિયન અને વેસ્ટર્ન આર્ટ્ ગેલેરી**

*શ્રી અને શ્રીમતી હીરામણીક દ્વારા દાન કરાયેલ પ્રી-કોલમ્બિયન કલાનો સંગ્રહ પૂર્વ-કોલમ્બિયન વિશ્વની મુખ્ય સંસ્કૃતિઓનું પ્રતિનિધિત્વ કરે છે. મેક્સિકોની ઓલ્મેક સંસ્કૃતિ માનવ માથાનું પ્રતિનિધિત્વ કરતી વિશાળ પથ્થરની શિલ્પો તેમજ અન્ય પત્થરો નાના શિલ્પો દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ વસ્તુઓ મુખ્યત્વે ક્રિસ્ટોફર કોલંબસની ઉત્તર અને દક્ષિણ અમેરિકાની શોધ પહેલાની છે, જેમાં મેક્સિકો, પેરુ, માયા, ઈંકા, અમેરિકાના ઉત્તર-પશ્ચિમ કિનારા, પનામા, કોસ્ટારિકા અને અલ સાલ્વાડોરની વસ્તુઓનો સમાવેશ થાય છે.*

**(14) માનવશાસ્ત્ર ગેલેરી**

*નેશનલ મ્યુઝિયમના માનવશાસ્ત્ર વિભાગ પાસે એથનોગ્રાફિક રસ ધરાવતી વસ્તુઓનો સંગ્રહ છે જે વર્ષોથી સંશોધન અભિયાનો તેમજ ખાનગી સંગ્રહમાંથી મૂલ્યવાન ભેટો દ્વારા હસ્તગત કરવામાં આવ્યો હતો.*

**(15) નોર્થ ઈસ્ટ ઈન્ડિયાની આદિવાસી જીવનશૈલી ગેલેરી**

*આ ગેલેરી ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોને લગતી છે. ઉત્તર પૂર્વના આઠ રાજ્યોને સેવન સિસ્ટર્સ અને વન બ્રધર (સિક્કિમ) સ્ટેટ્સ કહેવામાં આવે છે. આઠ રાજ્યોમાં સાંસ્કૃતિક હસ્તકલા, પર્ફોર્મિંગ આર્ટ અને અનોખી પરંપરાઓ છે. આ ગેલેરીમાં પરંપરાગત કલાકૃતિઓમાં કપડાં, વસ્ત્રો, હેડગિયર્સ, આભૂષણો, ચિત્રો, ટોપલી, લાકડાની કોતરણી, ધૂમ્રપાન પાઈપ અને વિવિધ આદિવાસી જૂથોના વ્યક્તિગત શણગાર રાખવામાં આવેલ છે.*

**(16) શરણ રાની બકલીવાલ મ્યુઝિકલ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ ગેલેરી**

*મ્યુઝિકલ ઈન્સ્ટ્રૂમેન્ટ ગેલેરીમાં પ્રદર્શિત કરાયેલ સંગ્રહ પદમશ્રી (સ્વ.) ભારતના સરોદ ઉસ્તાદ શ્રીમતી શરણ રાણી બકલીવાલ દ્વારા સંગ્રહાલયને દાનમાં આપવામાં આવ્યો હતો. આ ગેલેરીમાં આદિવાસી, લોક અને શાસ્ત્રીય જૂથોમાં સંગીતનાં સાધનોનો સંગ્રહ છે. 19મી સદીના કેટલાક પશ્ચિમી સાધનો પણ એમાં છે. આ સંગ્રહને ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે.*

### (17) વુડ કાર્વિંગ ગેલેરી

*આ મ્યુઝિયમની લાકડાના કોતરકામ ગેલેરી માત્ર ભારતની જ નહીં, પણ નેપાળ, મધ્ય ભારત અને તિબેટમાંથી પણ કલાકૃતિઓનું પ્રદર્શન કરે છે. આ ગેલેરી રાજસ્થાન, ગુજરાત, ઓડિશા અને દક્ષિણ ભારતની લાકડાની કોતરણીની વિવિધ શૈલીઓનું ચિત્રણ કરતી મુખ્યત્વે 17મીથી 19મી સદીની ભારતની લાકડાની કોતરણીની પરંપરાની ઝલક જોવા મળે છે.*

### (18) આર્મ્સ એન્ડ આર્મર ગેલેરી

*આ ગેલેરીમાં પથ્થર યુગથી લઈને આધુનિક યુગ સુધીના શસ્ત્રો પ્રદર્શિત છે. જે સંગ્રહમાં ધારવાળા શસ્ત્રો, અસ્ત્રો, હથિયારો, બલિદાનના અને ધાર્મિક શસ્ત્રો, અગ્નિના હથિયારો, પુરુષો અને પ્રાણીઓ માટે બખ્તર, સુશોભન અને યુદ્ધના સાધનોનો સમાવેશ થાય છે. આ સંગ્રહમાં મુખ્યત્વે મુઘલ ઉપરાંત મરાઠા, શીખ, રાજપૂત શસ્ત્રો છે.*

## 13.3.5 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

*પ્રથમ માળે નેશનલ મ્યુઝિયમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિસ્ટ્રી ઓફ આર્ટ, કન્ઝર્વેશન એન્ડ મ્યુઝોલોજી પણ છે જેની સ્થાપના ઈ.સ.1983માં કરવામાં આવી હતી અને ઈ.સ.1989થી યુનિવર્સિટી છે, જે કલા ઈતિહાસ, સંરક્ષણ અને મ્યુઝોલોજીમાં માસ્ટર્સ અને ડૉક્ટરલ સ્તરના અભ્યાસક્રમો ચલાવે છે.આ સંગ્રહાલયમાં એક પુસ્તકાલય છે. જેમાં 70000 પુસ્તકો છે, જેનો સંશોધકો ઉપયોગ કરી શકે છે. મ્યુઝિયમમાં 250 લોકોની બેઠક ક્ષમતા સાથેનું ઓડિટોરિયમ પણ છે. સંગ્રહાલય અને તેના સંગ્રહનો પરિચય આપતી ટૂંકી ફિલ્મ નિયમિતપણે ઓડિટોરિયમમાં દર્શાવવામાં આવે છે. આર્ટ, ઈતિહાસ અને હેરિટેજ પરના ફિલ્મ શો પણ દર્શાવવામાં આવે છે. સંગ્રહાલયે કેટલાક પુસ્તકો પ્રકાશિત કરેલ છે. ટોંકના પુસ્તકાલયમાંથી આશરે 3700 પુસ્તકો અને શ્રી જટાશંકર શાસ્ત્રી પાસેથી સંસ્કૃત હસ્તપ્રતો મળી હતી. મુઘલ બાદશાહના શાહી પુસ્તકાલયોમાંથી મેળવેલ મુદ્રા અને હસ્તપ્રતો અને બાબરનામાની હસ્તપ્રત સચિત્ર મળે છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી અને બીજાઓને વખતોવખત મળેલી ભેટ અહી મોકલવામાં આવે છે.*

*મ્યુઝિયમ દ્વારા રોયલ થાઈ એમ્બેસીના સહયોગથી, 28મી ફેબ્રુઆરી 2023 થી 31મી મે દરમિયાન મ્યુઝિયમની અગાઉની બૌદ્ધ ગેલેરી ખાતે "ઈન્ડો-સિયામ કનેક્ટઃ ટ્રેસીંગ ધ ઈન્ડિયન હેરિટેજ ઈન થાઈ આર્ટ એન્ડ લિવિંગ ટ્રેડિશન્સ" નામનું એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ભારત અને થાઈલેન્ડ વચ્ચેના રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠની ઉજવણી માટે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ધર્મ, ગ્રંથો, વિઝ્યુઅલ આર્ટ,*

*આર્કિટેક્ચર, ટેક્સટાઈલ અને પ્રદર્શનના બહુવિધ પાસાંઓમાં જોવા મળતાં ભારત-સિયામ જોડાણો દ્વારા પ્રતિબિંબિત ટ્રાંસકલ્ચરલ ધારણાઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં બંને દેશો લાંબા સમયથી ભવ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વાતાવરણને કેવી રીતે જોડાયેલ છે તે દર્શાવ્યું હતું.*

**(બ ) તમારી પ્રગતિ ચકાસો**

1. *રાષ્ટ્રીય સંગ્રહસ્થાનની સ્થાપના ક્યારે થઈ હતી ?*

2. *રાષ્ટ્રીય સંગ્રહસ્થાનની ઈમારતનો સ્થપતિ કોણ હતો ?*

3. *રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં ભારતીય સ્ક્રિપ્ટ અને સિક્કાઓની ગેલેરી કોણે બનાવી હતી ?*

4. *પ્રી-કોલમ્બિયન અને વેસ્ટર્ન આર્ટ્સ ગેલેરીમાં વસ્તુનું દાન કોના તરફથી મળ્યું છે ?*

❖ **સ્વાધ્યાય**

1. *રાષ્ટ્રીય સંગ્રહાલય-નવી દિલ્હીની સ્થાપના વિશે અહેવાલ આપો.*
2. *રાષ્ટ્રીય સંગ્રહાલય-નવી દિલ્હીની વિવિધ ગેલેરીઓ વિશે જણાવો.*
3. *રાષ્ટ્રીય સંગ્રહાલય-નવી દિલ્હીની શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે જણાવો.*

## 13.4 વિક્ટોરિયા મેમોરિયલ-કલકતા

### 13.4.1 સ્થાપના

*જ્યારે ઈ.સ.1901માં મહારાણી વિક્ટોરિયાનું અવસાન થયું ત્યારે લોર્ડ કર્ઝનને મહારાણીની સ્મૃતિમાં એક ભવ્ય સ્મારક બનાવવાનો વિચાર આવેલ, આથી એક સંગ્રહાલય અને બગીચો બનાવ્યો. આ સંગ્રહાલયનો પાયો 4 જાન્યુઆરી, 1906ના રોજ નાખવામાં આવ્યો હતો. મકાન તૈયાર થતા સંગ્રહ લઈને ઈ.સ.1921માં જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જોકે ઈ.સ.1912માં વિક્ટોરિયા મેમોરિયલનું નિર્માણ પૂરું થયા પહેલાં જ ઈ.સ. 1911માં પંચમ જ્યોર્જે ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડી, આથી વિક્ટોરિયા મેમોરિયલનું નિર્માણ રાજધાની વિનાના શહેરમાં રહ્યું*

*આ મેમોરિયલ પાછળ લોર્ડ કર્ઝનની અપીલ પછી એક કરોડ પાંચ લાખ રૂપિયાનો સ્વેચ્છિક ફાળો રાજાઓ અને લોકોએ આપ્યો હતો. લોર્ડ કર્ઝન ભારતથી પોતાને દેશ પરત ચાલ્યો જતા વિક્ટોરિયા મેમોરિયલના કામમાં થોડો વિલંબ થયો હતો. આ મેમોરિયલનું કામ મેસર્સ માર્ટીન એન્ડ કંપનીને સોંપવામાં આવ્યું હતું. આ ભવ્ય ઈમારતનો સ્થપતિ હતો વિલિયમ ઈમર્સન. જે રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બ્રિટિશ આર્કિટેકનો અધ્યક્ષ હતો. આ સંગ્રહાલયની ઈમારત ઈન્ડોસારસૈનિક જાગરણ શૈલીમાં બનેલી છે જે વિવિધ કલાનું સુંદર મિશ્રણ છે. જેમાં બ્રિટિશ અને મુઘલ તત્વોનો મિશ્રણનો ઉપયોગ વેનીશિયાઈડ મિસ્રી, દખ્ખણી અને ઈસ્લામી વાસ્તુશિલ્પનો પ્રભાવ છે. આ ઈમારત 338 /328 ફૂટ (102 મીટર 69 મીટર) અને 184 ફૂટ (૫૬ મીટર) ઊંચું છે જે મકરાણાના સફેદ આરસમાંથી બનેલું છે. આ સંગ્રહાલયના બગીચાની ડિઝાઈન રેડડેલ અને ડેબિટ પેન દ્વારા કરવામાં આવી છે.*

*વિક્ટોરિયા મેમોરિયલના મુખ્ય ગુંબજ પર વિજયની દેવીનું (એન્જલ ઓફ વિક્ટ્રી) પૂતળું રાખવામાં આવ્યું છે, જેની લંબાઈ 16 ફૂટની છે. ઘુમ્મટની ચારે બાજુ અન્ય મૂર્તિઓ છે. જે કલા, વાસ્તુકલા, ન્યાય, દાન, માતૃત્વ, વિવેક પ્રદર્શિત કરે છે. જે ઘુમ્મટની ચારે દિશાના ઘુમ્મટો અષ્ટકોણી છત્રીઓ ધરાવે છે. જેના મીનારા તાજમહેલની રચનાની શૈલીની યાદ અપાવે છે.*

### 13.4.2 સંગ્રહાલયના ઉદ્દેશો

1. *દેશ અને દુનિયાની વિશિષ્ટ કૃતિઓ ચીજોને કલાકૃતિને મેળવી ભાવિ પેઢી માટે સંરક્ષિત અને સુરક્ષિત કરવી જ્ઞાન, વિજ્ઞાન, ભાષા સાહિત્ય, ઈતિહાસમાં માનવ કઈ રીતે આગળ વધ્યો હશે તેના વિશે માહિતી આપી નવા વિચારો પ્રગટાવવા.*

2. *દેશ દુનિયાના વિદ્વાનો સાંસ્કૃતિક સંસ્થાનું તથા અન્ય સંગ્રહાલયો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંનેના સહયોગથી કલા સંસ્કૃતિ ઈતિહાસ વિશે એક વ્યાખ્યાનો, પ્રદર્શનનો, સંગોષ્ઠીઓ ગોઠવવી, લોકો સંગ્રહાલય તથા ઈતિહાસ સંસ્કૃતિમાં વધુ રસ લેતા થાય. તેમનામાં જાગૃતતા આવે એ માટેના પ્રયત્નો કરવા*
3. *જર્નલ, પુસ્તકો, બ્રોચર, બુકલેટ વગેરે પ્રકાશિત કરવું. માનવજાતની પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને આજ સુધીની પ્રવૃત્તિ, કાર્યો, ચીજો, વલણો બતાવતા રહેવા, જેથી માનવમાં પોતાની જાત કઈ રીતે ધીરે ધીરે આગળ વધી છે એ પ્રકારની એક સમજ ઊભી થાય.*

### 13.4.3 વિવિધ ગેલેરીઓ

*આ સંગ્રહાલયમાં 25 થી વધુ ગેલેરીઓ છે.*

**1. શાહી ગેલેરી**

*જૂન 1838માં વેસ્ટ મિનિસ્ટર અબેમાં મહારાણી વિક્ટોરિયાની તાજપોષી થયેલ સેન્ટજેમ્સ પેલેસના ચૈપલ રોયલમાં પ્રિન્સ આલ્બર્ટ સાથે તેના લગ્ન 1840માં થયેલા જે ચિત્રો અહીં રખાયા છે. મહારાણી વિક્ટોરિયાનું વાંચવા લખવાનું ટેબલ અને ખુરશી છે જેનો તે વિન્ડસર કેસલમાં ઉપયોગ કરતી હતી. સમ્રાટ સાતમા એડવર્ડએ વિક્ટોરિયા મેમોરિયલને તે ભેટમાં આપેલ. પ્રિન્સ ઓફ વેલ્થ ઈ.સ.1876માં આગમન થયું તેનું ચિત્ર છે. અન્ય ચિત્ર પણ અહીં આ ગેલેરીમાં રખાયા છે.*

**2. રાષ્ટ્રીય નેતાઓની ગેલેરી**

*આ સંગ્રહાલયમાં લઘુ ચિત્રોનો સંગ્રહ છે, જેમાં તાનસેન, નવાબ સુજજાદૌલા, ટીપુ સુલતાન, દારાસિકોહ, અકબરનો દરબાર, જહાંગીર શિકાર કરતો હોય એ દશ્ય અહીં છે. વિક્ટોરિયા મેમોરિયલ હૉલમાં કેટલાક વિશિષ્ટ ચિત્રકારો દ્વારા દોરાયેલા પશ્ચિમની શૈલીના ચિત્રોનો અનોખો સંગ્રહ છે, જેમાં ટીલીકેટલ, જોહોન જોફાનીના ચિત્ર અને વિલિયમ હોજેસ અને ડેનિયલ્સના ભૂદશ્ય રંગ ચિત્ર વિશેષ મહત્વ ધરાવે છે.*

**3. પોટ્રેટ ગેલેરી**

*આ સંગ્રહાલયમાં જુદા જુદા સમયના ભારતીય ચિત્રકારો દોરાયેલા દ્વારા દોરાયેલા ચિત્રોનો મોટો સંગ્રહ છે. રાજપૂત અને મુઘલ શૈલીથી લઈને લઘુચિત્રો છે. નંદલાલ બોઝ, અવિન્દ્રનાથ ટાગોર, ગગેન્દ્રનાથ ટાગોરના ચિત્રો પણ છે.*

**4. સેન્ટ્રલ હોલ યા કિન્સ હોલ**

*સેન્ટ્રલ હોલ યા કિન્સ હોલ દર્શકોના મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. ગોળાકાર આ હૉલની વચ્ચે મુખ્ય ગુંબજની નીચે થોમસ બ્રુક દ્વારા બનાવેલ મહારાણી વિક્ટોરિયાનું પૂર્ણ બાવલું છે. અહીં એક પિયાનો પણ પ્રદર્શિત કરવામાં આવ્યો છે, જેને મહારાણી યુવાવસ્થામાં વગાડતી હતી. આ હોલની દીવાલો પર આરસની તકતીઓમાં ઈ.સ.1858 તથા 1877ના મહારાણી વિક્ટોરિયાના ઘોષણાપત્ર લગાડવામાં આવેલા છે. હૉલના ઉપરના ભાગમાં કેનવાસ પર દોરેલું ફ્રેક્સાલિસબરી નાખ મહારાણીના જીવન દર્શાવતા ચિત્રો છે.*

**5. મૂર્તિ કલા ગેલેરી**

*આ સંગ્રહાલયમાં વિશેષ સંગ્રહમાં સુંદરવેલ બુટા વાળી ચાદરો, નિશાન, ઢાંકાઈ, ઓઢણું તથા તાત્યાટોપેનું અચકન તથા લોર્ડ કર્ઝન જે કસીદા કરી પોશાક પહેરતો એ પોશાક અહીં પ્રદર્શિત છે.*

**6. હથિયાર અને શસ્ત્રાગાર ગેલેરી**

*આ સંગ્રહાલયમાં આવનાર દર્શકો માટે ભારતીય શાસકો સાથે બ્રિટિશરોના અસ્ત્ર-શસ્ત્ર અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. લોર્ડ કર્ઝન ઈચ્છતો કે ભારતીય રજવાડાની તલવારો, પરશુ વગેરે મેળવી રાખવું. અહીં બહુ મોટા પ્રમાણમાં હથિયારો અને શાસ્ત્રો રાખવામાં આવેલા છે.*

**7. નવી કલકત્તા ગેલેરી**

*લોર્ડ કર્ઝને આ ગેલેરી બનાવવાનો વિચાર મૂક્યો હતો પણ બનાવી ન હતી. તે છેક ઈ.સ.1970માં શિક્ષણ મંત્રી પ્રોફેસર નુરુલ હસને તેની શરૂઆત કરાવી. ઈ.સ.1986માં પ્રોફેસન હસન પશ્ચિમ બંગાળના ગવર્નર અને વિક્ટોરિયા મેમોરિયલ હોલ ટ્રસ્ટના અધ્યક્ષ બનેલા પછી ઈ.સ.1988માં આ ગેલેરી બનાવાઈ. આ ગેલેરીમાં જોબ ચારનાકથી લઈને ઈ.સ.1911માં રાજધાની દિલ્હી સ્થળાંતરિત કરી ત્યાં સુધીનો કલકત્તાનો ઈતિહાસ બતાવ્યો છે.*

**8. દરબાર હોલ ગેલેરી**

*આ ગેલેરીમાં કલકત્તા ત્રિશતાબ્દી ટ્રસ્ટ યુ.કે.ની મદદથી પુનરોદ્ધાર કરેલા તૈલી ચિત્રો પ્રદર્શિત કરવામાં આવેલા છે. ભારત અને બ્રિટનની સાંસ્કૃતિક વિરાસતને મહત્વ આપવા તથા તેને સંરક્ષિત કરવા માટે છે.*

*આ સંગ્રહાલયમાં થોમસ ડેનિયલ અને તેના ભત્રીજા વિલિયમ ડેનિયલના કાર્યોનો બહુ મોટો સંગ્રહ છે. જેમાં દુર્લભ અને જૂના પુસ્તકોનો સંગ્રહ છે.જેમાં શેક્સપિયરના કાર્યોનું સચિત્ર નિરૂપણ, અલીફ લેલા અને ઉંમરખ્યામની રૂબાયતની સાથે સાથે નવાબ વાજીદઅલી શાહના કથક નૃત્ય અને ઠુંમરી સંગીતના પુસ્તકો છે. આ સંગ્રહાલયના વિશાળ બગીચામાં વોરન હેસ્ટિંગ, રોબર્ટ કલાઈવ, રોબોટ વેલેસ્લી, લોર્ડ બેન્ટીગ, ડેલહાઉસી , રાજેન્દ્રનાથ મુકરજી વગેરેના બાવલાઓ બનાવેલા છે. અહીંના બગીચાની ડિઝાઈન રેડેસ્દેલ અને ડેબિટ પેને કરી હતી.*

## (ક) તમારી પ્રગતિ ચકાસો

1. *વિક્ટોરિયા મેમોરિયલની સ્થાપના વિશે જણાવો.*

   ________________________________________
   ________________________________________
   ________________________________________
   ______________________________________

2. *વિક્ટોરિયા મેમોરિયલની વિવિધ ગેલેરીઓ વિશે જણાવો.*

   ________________________________________
   ________________________________________
   ________________________________________
   ______________________________________

3. *વિક્ટોરિયા મેમોરિયલની શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે જણાવો.*

   ________________________________________
   ________________________________________
   ________________________________________
   ______________________________________

(1) *વિક્ટોરિયા મેમોરિયલની સ્થાપના ક્યારે થઈ હતી ?*

(A) 1904 (B) 1905

(C) 1906 (D) 1921

(2) *વિક્ટોરિયા મેમોરિયલમાં કોનો પોશાક સચવાયો છે ?*

(A) *ડૉ.ભાઉદાજી* (B) *છત્રપતિ શિવાજી*

(C) *લોર્ડ કર્ઝન* (D) *મહારાણી વિક્ટોરિયા*

(3) *વિક્ટોરિયા મેમોરિયલનો સ્થપતિ કોણ હતો ?*

(A) *ઈમર્સન* (B) *ડીલેવાલે*

(C) *જ્યોર્જ લોઈડ* (D) *જ્યોર્જ વિટ્ટે*

(4) *મહારાણી વિક્ટોરિયાનું વાંચવા-લખવાનું છે ?*

(A) *બોલપેન* (B) *ટેબલ અને ખુરશી*

(C) *મુકુટ* (D) *હાર*

## 13.5 સાલારજંગ સંગ્રહાલય – હૈદરાબાદ

### 13.5.1 સ્થાન

*આ સંગ્રહાલય તેલંગણા રાજ્યમાં હૈદરાબાદમાં આવેલું છે. આ સંગ્રહાલયની મોટાભાગની મૂલ્યવાન વસ્તુઓ પહેલાં સાલારજંગ ત્રીજાના પૈતૃક મહેલમાં હતી. એ પછી તેને દીવાનદેવડી નામના સ્થળે ખસેડવામાં આવી હતી. જ્યારે 2 માર્ચ, 1949ના રોજ નવાબ મીર યુસુફઅલીખાનનું સાલારજંગ ત્રીજાનું અવસાન થયું, ત્યારે હૈદરાબાદ આર્ટસ સોસાયટીએ એક શોકસભાનું આયોજન કર્યું જેમાં એ સોસાયટીએ વિચાર જાહેર કર્યો કે તેમના નામથી એક સંગ્રહાલય ખોલવું.*

*સ્વર્ગીય નવાબના મિત્ર પ્રોફેસર હુસેનઅલીખાન તથા નવાબ મહેંદીનવાજ જંગે તેને પૂર્ણ સાથ અને ટેકો જાહેર કર્યો હતો. હાલના સંગ્રહાલયનું ભવ્ય મકાન મુસી નદીના કિનારા પર આવેલું છે. જે ઐતિહાસિક ચાર મિનાર તથા મક્કા મસ્જિદની નજીક છે. હાલની ઈમારતમાં મ્યુઝિયમને ઈ.સ.1968માં ફેરવવામાં આવ્યું, જેનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ ઝાકીરહુસેનના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સંગ્રહાલયની તમામ વસ્તુને યોગ્ય રીતે પ્રદર્શિત કરવા માટે બે ભવન બનાવાયા, મીર તુરાબલીઅલીખાન ભવન (પશ્ચિમ બ્લોક) મીરલેકઅલીખાન ભવન ( પૂર્વ બ્લોક) ઈ.સ. 2000માં બનાવવામાં આવેલ છે. સંગ્રહાલય માત્ર શૈક્ષણિક સ્થળ નહીં, પણ જીવનના બધા ક્ષેત્રોના વ્યક્તિઓ માટે આનંદદાયી સ્થળ બની ગયું છે. આ સંગ્રહાલયની નવી ઈમારતની ડિઝાઈન સ્થપત્તિ મોહમ્મદ ફયાઝુદીન દ્વારા કરવામાં આવી હતી.*

### 13.5.2 મુખ્ય ત્રણ ખંડો- સેન્ટ્રલ, ઈસ્ટર્ન અને વેસ્ટર્ન બ્લોક

*આ વિશાળ સંગ્રહાલયના મુખ્ય ત્રણ ખંડો કે વિભાગોમાં વહેંચાયેલું છે, જેમાં* 39 *વીથિકા એટલે કે ગેલેરીઓ આવેલી છે. જેની અંદર ભારતના જુદા જુદા રાજ્યો જેવા કે તેલંગાણા, તામિલનાડુ, કર્ણાટક, કેરળ, ઉડીસા, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ગુજરાત, જમ્મુ કાશ્મીર, જયપુર, ઉદયપુર, ગોલકુંડા, વિજાપુરની વસ્તુઓ પ્રદર્શિત છે. પરદેશી સંગ્રહમાં ઈટાલી, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, ઈંગ્લેન્ડ, આયર્લેન્ડ, ઝેકોસ્લોવાકિયા, ઓસ્ટ્રેલીયા, ચીન, જાપાન, બર્મા, કોરિયા, નેપાળ થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, સીરિયા, ફારસ અરેબિયાની વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવેલી છે. જેમાં તાંબાની મૂર્તિઓ, ચાંદી અને લાકડા પર નકશી કામ, લઘુ ચિત્રો, આધુનિક ચિત્રો, હાથીદાંત, વસ્ત્રો, ધાતુ શિલ્પ, પાંડુલીપી, અસ્ત્રશસ્ત્ર, કવચ અને બખ્તર વગેરે પ્રદર્શિત છે.*

### 13.5.3 વિવિધ પ્રકારની ગેલેરી

- **ટોય અને ડોલ્સ ગેલેરી**

*સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી ભારતમાં રમકડાં અને ઢીંગલી બનાવવામાં આવે છે. રમકડાંનો ભારતીય સંસ્કૃતિ સાથે ઊંડો સંબંધ છે. જૂના જમાનામાં આપણા કારીગરો જંગલી પ્રાણીઓ, પક્ષીઓ અને દેવી-દેવતાઓના માટીના રમકડાં બનાવીને બાળકોને આપતાં.*

*આંધ્રપ્રદેશ રમકડાંના ઉત્પાદનમાં તેની વિવિધતા માટે જાણીતું છે. જે તમામ પ્રકારના કાચા માલના રમકડાં ઉપલબ્ધ બનાવે છે અને આ રમકડાંને કોંડાપલ્લી રમકડાં કહેવામાં આવે છે. કોંડાપલ્લીલ એક ગામ છે, જે વિજયવાડાથી થોડે દૂર છે. અહીં બનેલા રમકડાંએ દેશ-વિદેશમાં પોતાની ઓળખ બનાવી છે. આ રમકડાં* 'Tella Poniki' *લાકડામાંથી બનેલા છે, જેને કોઈપણ આકાર આપી શકાય છે. બનાવાયેલાં રમકડાં પક્ષીઓ, પૌરાણિક કથાઓ અને રોજિંદા કામદારોને લગતા હતાં, તેમના દ્વારા બનાવેલા રમકડાંની શૈલી સરસ છે.*

- **ફ્લોરા એન્ડ ફ્યુના ગેલેરી**

*સાલારજંગ ત્રીજા પોતે પ્રાણી પ્રેમી અને સભાન પર્યાવરણવાદી હતા. તેમનો સંગ્રહ માટીકામ, ધાતુ, લાકડું, હાથીદાંત અને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનું પ્રતિનિધિત્વ કરે છે જે અહીં દુર્લભ છે. જોકે નવાબે વન્યજીવન સંબંધિત ઘણી વસ્તુઓ એકઠી કરી હતી પરંતુ તેઓ તેમના પુરોગામી જેવા ઉત્સુક શિકારી ન હતા.* 20*મી સદીમાં તેણે યુરોપ, ભારત અને ચીનમાંથી ગેંડા, હિપોપોટેમસ અને હાથીઓના માટીના નમૂનાઓ એકત્રિત કર્યા. આ*

ગેલેરીઓમાં સિંહ, વાઘ, લિંક્સ શિકારી શ્વાનો અને હરણની યુરોપીયન કાંસ્ય પ્રતિકૃતિઓ પણ છે. ઉપરાંત, મગર પર હુમલો કરતા સિંહની, 19મી સદીની જાપાની હાથીદાંતની પ્રતિકૃતિ છે. અન્ય વન્યજીવોને દર્શાવતી કલાકૃતિઓ પણ છે.

નવાબનો જીવંત પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ પાલતુ પ્રાણીઓ સુધી વિસ્તર્યો હતો. તેને બિલાડી અને કૂતરા ખૂબ જ પસંદ હતા. આ ગેલેરીઓમાં પર્શિયન, સિયામી બિલાડીઓ અને જાપાનીઝ બુલડોગ્સ અને પગ્સની પ્રતિકૃતિઓ પણ છે. આ તમામ પ્રતિકૃતિઓ 20મી સદીના યુરોપની છે. તે ઘોડાઓ અને પોલો ટટ્ટુઓના આતુર પ્રશંસક હતા, ત્યાં ઘોડાઓની ફ્રેન્ચ, બ્રોન્ઝ પ્રતિકૃતિઓ છે, જેમાં ઘોડાઓની લગામ પકડીને જમીન પર પડેલી આકૃતિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગેલેરીમાં 19મી અને 20મી સદીની વચ્ચે તમામ ઉંમરના પક્ષીઓ અને સરિસૃપોની 19મી સદીની પ્રતિકૃતિઓ છે.

- **ઈન્ડીયન સિલ્વર ગેલેરી**

ભારતીય કારીગરો હંમેશા હસ્તકલા, પોલિશિંગ અને સુશોભન ચાંદીની વસ્તુઓને ઘરેણાંમાં ફેરવવામાં અસાધારણ કૌશલ્ય પ્રદર્શિત કરે છે. આજે ઉપલબ્ધ આ કળાઓમાં સૌથી જૂની વસ્તુ કીમતી ધાતુથી બનેલું ચાંદીનું વાસણ છે, જે પૂર્વે 50મી સદીનું છે અને અફઘાનિસ્તાનના જલાલાબાદમાં એક બૌદ્ધ સ્થળના ખોદકામ દરમિયાન એક કારીગર દ્વારા તેની શોધ કરવામાં આવી હતી. ઓરિસ્સાના બોલાંગીર જિલ્લામાં આવેલું તરભા સ્થળ આવા ઉત્કૃષ્ટ ચાંદીના વાસણો બનાવવા માટે પ્રખ્યાત છે. કાશ્મીરમાં, અમને હુક્કાના રૂપમાં ઉચ્ચ ગુણવત્તાના ચાંદીના વાસણોના મળે છે.

આ મ્યુઝિયમમાં રાજસ્થાનમાંથી એકત્ર કરાયેલ મસાલાના બોક્સ, ગુલાબજળ છંટકાવ માટે ગુલાબની ફૂલદાની, ફૂલના વાસણો, હુક્કા, ફૂડ પ્લેટ્સ, મોટા કદના ગ્લાસ અને પાણીના ઘડાનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ખાસ કરીને તેનો કચ્છ પ્રદેશ ઉત્તમ ચાંદીના વાસણો માટે પ્રખ્યાત છે, અહીં બનેલી વસ્તુઓ પર કરવામાં આવતું આર્ટવર્ક અને મોલ્ડિંગ પોતે જ અદ્ભૂત છે જેને કચ્છિકમ કહેવામાં આવે છે.

- **કાર્પેટ ગેલેરી**

પર્શિયા વિશ્વના સૌથી મોટા કાર્પેટ વણાટ કેન્દ્ર તરીકે જાણીતું છે. 16મી સદીમાં શાહ અબ્બાસ (1568-1628)ના આશ્રય હેઠળ સફાવિદ રાજવંશ દરમિયાન કાર્પેટ ઉદ્યોગની ઉત્પત્તિ જોવા મળી હતી. શાહ અબ્બાસના મૃત્યુ પછી, કાર્પેટ બનાવવાની કળાએ ધીમે ધીમે તેનું મહત્વ અને મૂલ્ય ગુમાવ્યું અને ઈ.સ.1721ના અફઘાન આક્રમણ દરમિયાન તેના

સૌથી નીચા સ્તરે પહોંચી. તે પછી પર્શિયા 19મી સદી સુધી આ ખોવાયેલી કલાની પ્રતિષ્ઠા પાછી મેળવી શક્યું નહીં.

મ્યુઝિયમના મધ્ય પૂર્વીય કલા સંગ્રહમાં પર્શિયન કાર્પેટનું વિશેષ સ્થાન છે. કાર્પેટનો ઉપયોગ ફ્લોર પર બિછાવવા, દરવાજા અથવા દિવાલો પર લટકાવવા અને અન્ય સુશોભન હેતુઓ માટે થતો. આ બેનમૂન વણાટના ઉત્કૃષ્ટ નમૂનાઓ વિવિધ સુશોભન પેટર્ન સાથે ગેલેરીઓમાં સુશોભિત છે, જે પર્શિયાના તમામ મહત્વપૂર્ણ ભાગો એટલે કે, કાશન, બોખારા, તાબ્રિઝ, કિરમાન, શિરાઝનું પ્રતિનિધિત્વ કરે છે.

મ્યુઝિયમમાં તુર્કોમન આદિવાસીઓ દ્વારા ગૂંથેલા કેટલાક બોખારા કાર્પેટ છે, જે લાંબા અષ્ટકોણ સ્વરૂપ ધરાવે છે અને અષ્ટકોણની મધ્યમાં જોડાયેલી સીધી રેખાઓની હીરા આકારની પંક્તિઓમાં ગોઠવાયેલા છે. દરેક અષ્ટકોણની મધ્યમાં આઠ-પોઈન્ટેડ તારો વણાયેલા છે. આ કાર્પેટ 18મી સદીના છે.

કેટલાક કાર્પેટ એવા પણ છે જેના પર ચિત્રો બનાવવામાં આવ્યા છે અને એક એવો કાર્પેટ છે, જેમાં ખુસરો ઘોડા પર બેઠો છે અને શિરીન ટેરેસ પર બેઠી છે. બતક અને માછલીઓ આ કાર્પેટના અગ્રભાગમાં અને મુખ્ય ભાગમાં સ્વિમિંગ કરતી દર્શાવવામાં આવી છે. ચારે બાજુ સીમા પર શિકારગઢના દૃશ્યો સર્જાયા છે.

16મી સદીમાં, પ્રાર્થના બેઠક માટે ઉચ્ચ ગુણવત્તાની જાડી કાર્પેટ માત્ર ઈરાનમાં જ બનાવવામાં આવી હતી . આ મ્યુઝિયમમાં પણ આવા કેટલાક કાર્પેટ છે. પર્સિયનોએ પણ આ કાર્પેટમાં ધાતુના દોરાનો ઉપયોગ કર્યો છે. મ્યુઝિયમમાં રાખવામાં આવેલી આવી જ એક કાર્પેટ મુસલ્લમ ધાતુના દોરાથી કાશનમાં વણાઈ હતી. આ કાર્પેટના નીચેના પાયાના ભાગને સોનાના દોરાથી વણવામાં આવે છે, જે ખૂબ જ બારીક અને સપાટ તાર છે અને તેને ગડી અને કપડા જેવા કપડામાં વણવામાં આવે છે.

- **જેડ ગેલેરી**

સાલારજંગ મ્યુઝિયમના જેડ સંગ્રહનું ખૂબ મહત્વ છે. તે તેના વિશાળ કદ વિવિધતા અને સુંદર કારીગરીને કારણે નિઃશંકપણે પ્રભાવશાળી છે. વિશ્વમાં જેડ કલેક્શન ધરાવતું આ કદાચ સૌથી મોટું મ્યુઝિયમ છે.

જેડ એક અર્ધ કિંમતી પથ્થર છે, જે ખૂબ જ નાનો અને ડાઘવાળો છે અને તે લગભગ શુદ્ધ સફેદ, નીલમણિ લીલો અને ઘેરો લીલો છે. તેના આકર્ષક રંગો અને ખૂબ જ સખત હોવાને કારણે આ પથ્થરને કલાત્મક આકાર આપવા માટે કારીગરો દ્વારા પસંદ કરવામાં આવે છે.

*પ્રાચીન સમયમાં, રાજાઓ અને ઉમરાવો માટે તેમના સંગ્રહમાં જેડથી બનેલી વસ્તુઓ હોવી તેને પ્રતિષ્ઠાની નિશાની માનવામાં આવતી હતી.*

*જેડ પથ્થરની કોતરણીની કળા 15મી સદીમાં તૈમૂરના પૌત્ર ઉલુગબેગના આશ્રય હેઠળ સમરકંદમાં ઉદ્ભવી હોવાનું કહેવાય છે. સાલારજંગ મ્યુઝિયમમાં જહાંગીરનો કોતરવામાં આવેલ જેડ પથ્થરનો ખંજર છે. જહાંગીરના અનુગામી શાહજહાંએ પણ જેડ પત્થરો પર કરવામાં આવતી કોતરણીને પ્રોત્સાહિત કરી હતી અને તે તેમના સમયગાળા દરમિયાન જ જેડ કોતરણી તેની ટોચ પર પહોંચી હતી અને સંપૂર્ણ પરિપક્વતા પ્રાપ્ત કરી હતી.*

*સલારજંગ મ્યુઝિયમમાં રાખવામાં આવેલ ભારતીય જેડ સંગ્રહ તેની કારીગરીમાં ડિઝાઈનની ગુણવત્તા અને સંપૂર્ણતા માટે પ્રસિદ્ધ છે અને જેડ કારીગરો દ્વારા હાંસલ કરેલ સંપૂર્ણતાની જીવંત સાક્ષી છે. મોટાભાગની જેડ વસ્તુઓ પરંપરાગત ફ્લોરલ ડિઝાઈન સાથે કોતરવામાં આવે છે અને તે ખૂબ જ ચળકતી અને પોલિશ્ડ લાગે છે. આ પ્રકારની જેડ વસ્તુઓ મોટી સંખ્યામાં છે. જેમાં હીરા, માણેક, નીલમણિ અને પીરોજ જેવા કિંમતી પથ્થરો જડવામાં આવ્યા હોય છે.*

*મ્યુઝિયમમાં કપ, અરીસાની ફ્રેમ, હુક્કાના પાઈપના છેડા, પ્લેટો, કપ, તાવીજ અને મોટી સંખ્યામાં તલવારો અને ખંજર પણ છે. કારીગરી અને શણગારના આધારે આ સંગ્રહાલયમાં મોટાભાગની વસ્તુઓ 17મી અને 19મી સદીની વચ્ચે બનાવવામાં આવી છે.*

*મ્યુઝિયમમાં રાખવામાં આવેલા ઐતિહાસિક રીતે મહત્વના ખંજર પૈકી બે ખંજર શાહજહાં અને નૂરજહાંના છે. આ સિવાય મ્યુઝિયમમાં ઔરંગઝેબનો જેડમાંથી બનેલો એક ખંજર પણ છે. મ્યુઝિયમમાં લગભગ 130 કટારોના હેન્ડલ જેડના બનેલા છે.*

- **બિદ્રી કલાના વાસણોની ગેલેરી**

*બિદરી અથવા બિદ્રી વેર જે હૈદરાબાદથી 80 કિલોમીટરના અંતરે સ્થિત બિદર શહેરમાંથી ઉદ્ભવ્યું હતું અને જે હવે કર્ણાટકના મૈસૂરમાં છે. બિદ્રી કલાના વાસણોનો ઈતિહાસ બહમાની અને બારીદી રાજવંશના સમયનો 400 વર્ષ જૂનો છે, જેમના આશ્રય હેઠળ તેણે વિકાસ કર્યો અને તેમના શાસનના અંત સુધીમાં પૂર્ણતા સુધી પહોંચી.*

*18મી સદીના અંતમાં, ભારતીય પરંપરાગત કલાને ખરાબ દિવસોનો સામનો કરવો પડ્યો હતો, કારણ કે સદીઓથી અસ્તિત્વમાં રહેલા ચુનંદા વર્ગ દ્વારા તેને હવે આશ્રય આપવામાં આવ્યો ન હતો. હૈદરાબાદના બજારોમાં અગાઉ ઉત્પાદિત બિદ્રી-વેરના સમગ્ર સંગ્રહને ભદ્ર*

*વર્ગના ઘરો દ્વારા અવગણવામાં આવતા હતા, પરંતુ આવા સમયે નિઝામની સેવા કરતા અંગ્રેજ અધિકારીઓએ તેમની નજર પકડી લીધી.*

*ચિત્રકલામાં ભારતીય પરંપરાગત કલાને પુનઃ જીવિત કરવા માટે ભરપૂર પ્રયાસો કરનાર ઈ.બી. હેવેલની જેમ હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીના પ્રોફેસર ઈ. ઈ. સ્પાઈટે બિદ્રી કળાથી બનેલા વાસણોના પુનરુત્થાન માટે પણ ઘણા પ્રયત્નો કર્યા. ઓલ્ડ બિદ્રી આર્ટ માટીકામના સૌથી પ્રસિદ્ધ નમૂનાઓ સાલારજંગ મ્યુઝિયમમાં છે. સાલારજંગ મ્યુઝિયમમાં રાખવામાં આવેલા બિદ્રી કલાના વાસણો તેમની કારીગરી અને કારીગરીથી વૈવિધ્યસભર છે. મ્યુઝિયમમાં બિદ્રી કલાના લગભગ 200 પોટ્સ છે, જે વિવિધ સ્વરૂપો અને કદમાં છે.*

- **કાશ્મીર ગેલેરી**

*પેપિયર માચી કાશ્મીરની જૂની કળા છે, જેના મૂળ પ્રાચીન ચીનમાં જોવા મળે છે. પેપિયરમાચી બનાવવાની કળામાં કાગળને પાણીમાં મૂકવાનો અને જ્યાં સુધી કાગળ પાણીને શોષી ન લે ત્યાં સુધી તેને પાણીમાં બોળી રાખવામાં આવે છે. તે પછી, કાગળને એડહેસિવ અને ઉકેલ સાથે મિશ્રિત કરવામાં આવે છે. તે પછી પરિણામી સોલ્યુશન આકારમાં મોલ્ડ કરવામાં આવે છે અને છોડવામાં આવે છે. ઈચ્છિત આકારની વસ્તુ તૈયાર થયા પછી તેના પર સોનાની જટિલ ડિઝાઈન કોતરવામાં આવે છે. કાશ્મીર ગેલેરીમાં પેપિઅર-માચી બોક્સ, સુશોભન વસ્તુઓ અને અન્ય બોક્સની શ્રેણી છે.*

*કાશ્મીરની બીજી વિશેષતા એમ્બ્રોઈડરી છે. કાશ્મીરનું 'જાલી' કામ ખૂબ જ લોકપ્રિય છે. શાલ, કવરલેટ અથવા બેડશીટનું ભરતકામ પૂર્ણ કરવામાં મહિનાઓ લાગે છે. કારીગરો પક્ષીઓ, મેપલ વૃક્ષો અને અન્ય સુશોભન ડિઝાઈનના સુશોભન ટાંકા બનાવે છે. સૌથી લોકપ્રિય અને જટિલ કામ દોરા સાથેનું 'ચેન સ્ટીચ' છે, જે શાલ અને કપડાં પર કરવામાં આવે છે. પશ્ચિમના અને સોઝની શાલની વિવિધ જાતો ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવી છે. લાકડાનું કોતરકામ કાશ્મીરમાં સૌથી પ્રખ્યાત કુટીર ઉદ્યોગોમાંનું એક છે.*

- **ઉપયોગી માલની ગેલેરી**

*એક નજરમાં મ્યુઝિયમની અન્ય ગેલેરીઓની સરખામણીમાં ઉપયોગી માલની ગેલેરી સામાન્ય લાગે છે, પરંતુ કલાકૃતિઓને ધ્યાનથી જોયા પછી વ્યક્તિને ખ્યાલ આવે છે કે આમાંની ઘણી વસ્તુઓનો ઉપયોગ સેંકડો વર્ષો પહેલા કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હતો. લોટા પૂજા ટેબલ, સ્ટૂલ, સ્કોલ કવર, હુક્કા, (હબલ-બબલ) સ્ટેન્ડ, અખરોટ કાપવા માટેની છરી અને મેક-અપ બોક્સ એ મોટે ભાગે સરળ વસ્તુઓ છે. તે કોનું હશે? તેણે તેનો કેટલો ઉપયોગ કર્યો હશે? શું તેઓ તેને મેળવીને ખુશ હતા? શું તે તેના માલિક અથવા ઘર*

*માટે સુખદ વસ્તુ હતી? શું તેઓએ તેને યોગ્ય રીતે રાખ્યું? તેઓએ તેને ક્યારે દૂર કર્યું અથવા તેનો ઉપયોગ કરવાનું બંધ કર્યું ? આ કેટલાક પ્રશ્નો છે જે કોઈપણ પૂછી શકે છે. અહીની વસ્તુઓ દર્શકને 18મી અને 19મી સદીની ભારતીય ઘરગથ્થુ વસ્તુઓની યાદ અપાવે છે.*

- **અરબી અને ફારસી હસ્તપ્રતોની ગેલેરી**

*અરબી અને ફારસી હસ્તપ્રતો મ્યુઝિયમનો સૌથી મૂલ્યવાન સંગ્રહ છે. મ્યુઝિયમમાં પ્રખ્યાત સુલેખનકારોની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. પ્રદર્શનમાં સૌથી જૂની હસ્તપ્રત પવિત્ર કુરાને શરીફ છે, જે વાદળી પૃષ્ઠભૂમિ પર અરબી 'નશ્ખુ' લિપિમાં ચર્મપત્ર પર લખાયેલ છે અને તે 9મી સદીનું છે. આ ઉપરાંત, મ્યુઝિયમમાં અનેક પવિત્ર કુરાન રાખવામાં આવ્યા છે.*

*'નાશખાન' શૈલીમાં લખાયેલ કુરાન પર વિપુલ પ્રમાણમાં મેસોપોટેમીયન સજાવટ અને સુંદર હસ્તાક્ષર દર્શાવે છે અને કહેવાય છે કે છેલ્લા અબ્બાસીદ ખલીફા મુસ્તાસિમ બિલ્લાહના દરબારમાં સુલેખનકાર યાકુત દ્વારા લખવામાં આવ્યું હતું. તે એક માસ્ટરપીસ છે, જેના પર બાદશાહો જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબના હસ્તાક્ષર પણ છે.*

- **ચિલ્ડ્રન્સ ગેલેરી**

*મ્યુઝિયમના બાળકોના વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવેલી વસ્તુઓ સાલારજંગ ત્રીજાનો વિશાળ શ્રેણીની વસ્તુઓ એકત્ર કરવામાં ભારે રસ હોવાની સાક્ષી આપે છે. તેમણે બાળપણમાં એકત્ર કરેલી વસ્તુઓ પણ આ ગેલેરીમાં જોઈ શકાશે. જે બાળકો આ વિભાગમાં પ્રદર્શિત વસ્તુઓ જોવા આવે છે.*

*આ ગેલેરીમાં મોટી સંખ્યામાં બ્રોન્ઝ આકૃતિઓ, પોર્સેલેઈન વસ્તુઓ, સંગીત બોક્સ, આરસની શિલ્પો અને વિશ્વના વિવિધ ભાગોમાંથી રમકડાં છે. જાપાનની 'ગીશા ડોલ', ઈંગ્લેન્ડની 'મૂવિંગ ટ્રેન' અને 'સ્નો વ્હાઈટ એન્ડ ધ સેવન ડ્વાર્ફ'માંથી સાત દ્વાર્ફની જોડી જેવી ઉત્કૃષ્ટ વસ્તુઓ આ વિભાગમાં જોઈ શકાય છે. આ ગેલેરી માત્ર યુવાનોને જ નહીં પરંતુ વૃદ્ધોનું પણ ધ્યાન આકર્ષિત કરે છે.*

- **દૂર પૂર્વીય સંગ્રહઃ ચાઈનીઝ ગેલેરી**

*સાલારજંગ મ્યુઝિયમમાં ફાર ઈસ્ટર્ન આર્ટનો વિશાળ અને વૈવિધ્યસભર સંગ્રહ છે, જે કદાચ દક્ષિણ પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયામાં આ પ્રકારનો પ્રથમ છે. આ સંગ્રહોમાં ચીન અને જાપાનની કળા સારી રીતે રજૂ કરવામાં આવી છે, જેમાં અંદાજે 5000 વસ્તુઓ છે.*

*આ મ્યુઝિયમના પહેલા માળે ચાર ગેલેરીઓમાં ચીન અને જાપાનની લગભગ 960 વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે. મ્યુઝિયમમાં ચાઈનીઝ કલાના સંગ્રહની શરૂઆત 12મીથી 19મી સદીના ચાઈનીઝ પોર્સેલેઈન જહાજોના નોંધપાત્ર સંગ્રહથી છે.*

*ચાઈનીઝ ગેલેરીમાં મિંગ રાજવંશ (17મી સદી)ના અંતમાં રેશમ-ભરતકામવાળી વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે. મ્યુઝિયમમાં 18મી સદીની ચાઈનીઝ ગ્રીનસ્ટોન કોતરણી પણ પ્રદર્શિત કરવામાં આવી છે, જે ચાઈનીઝ કોતરણીની નિપુણતા અને કૌશલ્યની સાક્ષી આપે છે. મોટા ગ્રીનસ્ટોન કોતરેલા બોક્સ છે અને ચિન લંગ સમયગાળાના સ્ટેન્ડના રૂપમાં કોતરણી છે, જે ત્રણ જોડેલી મોટી ડ્રેગન ગરોળી દર્શાવે છે.*

- **દૂર પૂર્વીય સંગ્રહઃ જાપાન ગેલેરી**

*ફાર ઈસ્ટર્ન કલેક્શનમાં ચીન અને જાપાનની કળાનું પ્રતિનિધિત્વ કરતી લગભગ 5,000 વસ્તુઓનો સમાવેશ થાય છે. મ્યુઝિયમમાં જાપાનીઝ કલેક્શનની પોતાની આગવી ઓળખ અને વિશેષતા છે, તેમાં પોર્સેલિન, દંતવલ્ક, વુડકટ્સ, વોટર કલર પેઈન્ટિંગ્સ અને સિલ્કનો સમાવેશ થાય છે.*

- **દૂર પૂર્વીય પ્રતિમા ગેલેરી**

*આ ગેલેરી નેપાળ, તિબેટ અને બર્મા જેવા દેશોની સંસ્કૃતિ અને કળાનું રસપ્રદ મિશ્રણ રજૂ કરે છે. આ ગેલેરી ત્રણ પ્રકારની વસ્તુની છેઃ બ્રોન્ઝ, મેટલ અને લાકડું. મુખ્યત્વે અહીં એકત્ર કરાયેલી વસ્તુઓ બૌદ્ધ ધર્મ સાથે સંબંધિત છે અને માત્ર થોડી વસ્તુઓ અન્ય વિષયો સાથે સંબંધિત છે.*

*તાંબા અને કાંસાની શિલ્પોની ઉત્કૃષ્ટ કારીગરીને કારણે નેપાળની કળા પોતાની આગવી ઓળખ ધરાવે છે. સલારજંગ મ્યુઝિયમમાં નેપાળી સંગ્રહમાં મુખ્યત્વે કાંસાના મંદિરના દીવા, ખુકરીઓ, નેપાળી ખંજર અને બૌદ્ધ દેવતાઓની કેટલીક જોડીનો સમાવેશ થાય છે.*

*મ્યુઝિયમમાં મોટી સંખ્યામાં લાકડાના શિલ્પો ઉપલબ્ધ છે, જે ગોળાકાર અને વિવિધ આકારોમાં કોતરેલા છે. આ મ્યુઝિયમમાં વાંસ અને અન્ય નરમ લાકડા પર બનેલા સોના, લાલ અને કાળા રંગના આકર્ષક લોખંડના નમૂનાઓ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.*

- **યુરોપિયન ચિત્રોની ગેલેરી**

*તેલ અને પાણીના ચિત્રો યુરોપિયન સંગ્રહનો એક મહત્વપૂર્ણ ભાગ છે. તકનીકી અને સૌંદર્યલક્ષી દૃષ્ટિકોણથી તે કારીગરીનું ઉત્તમ ઉદાહરણ છે. 19મી સદીના અંગ્રેજોના ચિત્રો છે, ગેલેરી પરંપરાગત ફ્રેન્ચ શાળા, સુંદર ઈટાલિયન લેન્ડસ્કેપ્સ અને મ્યુનિક ચિત્રકારોએ*

*લોકપ્રિય બનાવેલા મનોહર દશ્યો પણ પ્રસ્તુત કરે છે. મ્યુઝિયમમાં કૂપરના કેટલ ઈન રિપોઝ અને અન્ય ચાર કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે.*

- **યુરોપિયન કાચ સંગ્રહ ગેલેરી**

*વેનિસ, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, અમેરિકા, બોહેમિયા, બેલ્જિયમ અને ઈસ્તાંબુલના કાચ ઉત્પાદકો દ્વારા મુલાકાતીઓને તકનીકી કુશળતામાં શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. વેનેટીયન અને ફ્રેન્ચ કાચના કેટલાક નમૂનાઓ પ્રદર્શનમાં છે.*

*મ્યુઝિયમનો અંગ્રેજી કાચનો સંગ્રહ 18મી અને 19મી સદીના અંતમાં કલાકારોની શૈલી અને કારીગરીનું પ્રતિનિધિત્વ કરે છે. 18મી સદી દરમિયાન ઉત્પાદિત કાચ ખૂબ જ હળવો, પાતળો અને પ્રમાણસર હતો.*

*સાલારજંગ મ્યુઝિયમમાં 18મી અને 19મી સદીના સુંદર ઝુમ્મર, દિવાલ કૌંસ, પોટ્સ, પોટ્સ અને લેમ્પ્સનો પણ સમૃદ્ધ સંગ્રહ છે. કેટલાક ઝુમ્મર સોનાથી શણગારેલા છે, જે ઈટાલીથી લાવવામાં આવ્યા છે. જેડ રૂમ, ફોયર, પીરિયડ રૂમ અને ગ્લાસ રૂમમાં પ્રદર્શિત રંગબેરંગી ઝુમ્મર આ સંગ્રહના ઉત્તમ ઉદાહરણો છે.*

- **યુરોપિયન ઘડિયાળ ગેલેરી**

*આ મ્યુઝિયમમાં યુરોપના વિવિધ દેશો જેવા કે ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, સ્વિટ્ઝર્લેન્ડ, જર્મની, હોલેન્ડ અને અમેરિકામાંથી મોટી સંખ્યામાં ઘડિયાળો એકત્રિત કરવામાં આવી છે. આ સંગ્રહમાંથી ઘડિયાળોની સૌથી મહત્વપૂર્ણ શ્રેણીઓ છે 'બર્ડ કેજ ક્લોક્સ', 'બ્રેકેટ ક્લોક્સ', 'ગ્રાન્ડફાધર ક્લૉક્સ', 'અમ્બ્રેલા ડિઝાઈન ક્લોક્સ' અને 'બેરોમીટર'. ફ્રાન્સના લૂઇસ- ઠેંફ સમયગાળાની બે ભવ્ય ઘડિયાળો છે.*

*સંગ્રહની સૌથી રસપ્રદ અને પ્રશંસનીય ઘડિયાળ છે  'કૌંસ ઘડિયાળ', જે દર્શકોને આકર્ષિત કરે છે. તેમાં એક ઉપકરણ લગાવવામાં આવ્યું છે, જેના દ્વારા એક નાનકડા રમકડા કદનો રમકડા જેવો માણસ રૂમમાંથી બહાર આવે છે અને તે સમયે ઘડિયાળ જેટલી વાર અથડાતી હોય તેટલી વખત બેલ વગાડીને અંદર જાય છે.*

- **યુરોપિયન પોર્સેલેઇન ગેલેરી**

*મ્યુઝિયમમાં પોર્સેલિનનો સંગ્રહ ફ્રાન્સ, જર્મની, બ્રિટન અને ઈટાલીથી આવે છે. ફ્રાન્સના પોર્સેલિન કલેક્શન અને જર્મનીના બર્લિન પોર્સેલિન કલેક્શનને આ મ્યુઝિયમમાં મહત્ત્વનું સ્થાન મળ્યું છે.*

નેપોલિયન કાળના વાસણોને 'ખૂબ જ મહત્વપૂર્ણ' તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા છે. લુઈસ XVI દ્વારા રશિયાની કેથરિન બીજાને આપવામાં આવેલા બે સર્વિંગ વાસણોનો પણ સમાવેશ થાય છે.

અસાધારણ સંગ્રહમાં કપ, રકાબી, પ્લેટો, પૂતળાં વગેરેનો સમાવેશ થાય છે. સંગ્રહમાં વર્સેસ્ટર, ચેલ્સિયા, ડર્બી, વેજવુડ અને મિલ્ટન જેવી ફેક્ટરીઓના ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

- **ભારતીય શિલ્પ ગેલેરી**

આ મ્યુઝિયમમાં ભારતીય પથ્થરની કેટલાક સમૃદ્ધ શિલ્પો છે, જો કે તે સંખ્યા ખૂબ ઓછી છે. ભારતીય શિલ્પ ગેલેરીમાં 1લી સદી પૂર્વેથી 19મી સદી સુધીના તેતાલીસ પથ્થરના શિલ્પો છે આ ગેલેરીમાં ચોવીસ હિંદુ શિલ્પો, છ જૈન શિલ્પો અને પાંચ બૌદ્ધ શિલ્પો છે. કેટલાક શિલ્પો ગાંધાર અને મથુરા સમયગાળાના છે, જે પહેલી અને બીજી સદીની શરૂઆત છે. આ મ્યુઝિયમનું ગૌરવ છે કે તેમાં ગાંધાર કાળના બે દુર્લભ ટોચની પથ્થરની શિલ્પો અને સુંગ વંશના બદામી પથ્થરના કેટલાક શિલ્પો પણ છે.

- **ભારતીય કપડાં ગેલેરી**

ભારત સમગ્ર વિશ્વમાં કાપડની તેની સમૃદ્ધ પરંપરા માટે જાણીતું છે. આ પરંપરા સિંધુ ખીણની સંસ્કૃતિની છે. આ ગેલેરીમાં, છેલ્લી ત્રણ સદીઓથી જૂના કાપડ, વસ્ત્રો અને પરચુરણ વસ્તુઓના વિવિધ નમૂનાઓ દ્વારા મુલાકાતીઓને કાપડની સમૃદ્ધ પરંપરાઓથી પરિચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કોટન ઉપરાંત બ્રોકેડ, હિમારુ, મશરૂ, મલમલ, સિલ્ક, વેલ્વેટ અને વૂલ ફેબ્રિક્સ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. પાઘડી, સાફા, જામા, પટકા, કમરબંધ, સાડી, ઓઢણી અને શાલ જેવા વસ્ત્રો પણ ગેલેરીમાં જોઈ શકાય છે.

- **હાથીદાંતની કોતરણી ગેલેરી**

સાલારજંગ મ્યુઝિયમમાં વિશ્વભરમાંથી હાથીદાંતની કોતરણીનો વિશાળ સંગ્રહ છે. આ સંગ્રહ માનવ ઈતિહાસમાં શિલ્પના ક્ષેત્રમાં હાથીદાંતની કોતરણીનું મહત્ત્વપૂર્ણ સ્થાન પુરાવો આપે છે. જો કે આ સંગ્રહનો મોટાભાગનો ભાગ આધુનિક કાળનો છે, તેમ છતાં તે કલાકારોની અદ્ભૂત કૌશલ્ય દર્શાવે છે કે તેઓ કેવી રીતે ઉત્કૃષ્ટ ગુણવત્તાની વસ્તુઓ ઉત્પન્ન કરવામાં સક્ષમ હતા. દિલ્હી, મૈસુર, કેરળ અને વિશાખાપટ્ટનમ ભારતમાં

હાથીદાંતની કોતરણી માટે મહત્વપૂર્ણ કેન્દ્રો તરીકે પ્રખ્યાત છે. ઘણી હદ સુધી, હાથીદાંતની કોતરણી એ ચોક્કસ સમયગાળાના લોકોની વિચારધારાને પણ પ્રતિબિંબિત કરે છે.

મ્યુઝિયમના સંગ્રહમાં મનુષ્યો, પૌરાણિક વિષયો, પ્રાણીઓ, ચેસ ખેલાડીઓ, કાગળ કાપનારા, ફર્નિચર અને ચિત્રો જેવા વિષયો પરની વસ્તુઓનો સમાવેશ થાય છે. કારીગરોની કારીગરી જોઈને બધા આશ્ચર્યચકિત બની જાય છે. એક ખુરશી છે જે મૂળ ટીપુ સુલતાનની હતી અને તેને ફ્રાન્સના રાજા લુઈ સોળમાએ ભેટમાં આપી હતી, જે મ્યુઝિયમનો એક મહત્વપૂર્ણ સંગ્રહ છે. મ્યુઝિયમમાં પેપર-કટરનો સંગ્રહ પણ છે.

- **વાઈલ્ડી રેબેકા ગેલેરી**

આ મ્યુઝિયમમાં મોટી સંખ્યામાં આવા આરસના શિલ્પો છે, જેમાંથી મોટાભાગના પ્રખ્યાત કલાકારો દ્વારા ગ્રીક પૌરાણિક શિલ્પોની નકલો છે.

મ્યુઝિયમમાં મિલાનીઝ શિલ્પકાર જી.બી. બેન્ઝોની દ્વારા ઈ.સ.1876માં બનાવવામાં આવેલી વાઈલ્ડી રેબેકાની અસલ આરસની પ્રતિમા છે, જે મ્યુઝિયમનું ગૌરવ છે. તે એક સુંદર પ્રમાણવાળી પ્રતિમા છે જેમાં રેબેકા, એક યહૂદી સ્ત્રી, સુંદર રીતે ઊભી છે, તેનો ચહેરો પારદર્શક પડદાથી ઢંકાયેલો છે.

આ પ્રતિમાનો પડદો અને આકૃતિ બંને આરસના એક ટુકડામાંથી બનાવવામાં આવ્યા છે. રેબેકાની લાવણ્યને પ્રતિબિંબિત કરતા ફેબ્રિકના ફોલ્ડ, ક્રિઝ અને બેન્ડ્સ ખૂબ જ ચોકસાઈ, લવચીકતા અને કાળજી સાથે બનાવવામાં આવ્યા છે. આ પ્રતિમા ઈ.સ. 1876માં રોમની મુલાકાત દરમિયાન સાલારજંગ પહેલા દ્વારા ખરીદી હતી. દેશભરમાં આ પ્રતિમાના ઘણા ચાહકો છે, જેઓ તેને જોવા આવે છે.

- **શસ્ત્રો અને બખ્તર ગેલેરી**

"મેં (ઈશ્વરે) લોખંડ બનાવ્યું છે, જે મનુષ્યો માટે ખૂબ જ કઠણ અને ઉપયોગી છે." આ કુરાનનો એક શ્લોક છે, જે આ મ્યુઝિયમના સંગ્રહમાં રાખવામાં આવેલી ફારસી તલવાર પર લખાયેલ છે. પર્શિયામાં 'ફૌલાદ-એ-હિંદ' શબ્દ ખૂબ જ તાકાતનો પર્યાય બની ગયો છે.

સલારજંગ મ્યુઝિયમના શસ્ત્રો અને શસ્ત્રાગાર સંગ્રહમાં એવો દુર્લભ ખજાનો છે કે તેમાં મોટી સંખ્યામાં પ્રાચીન વિદેશી શસ્ત્રો અને અગ્નિ શસ્ત્રો છે. સાલારજંગ મ્યુઝિયમના રેકોર્ડ મુજબ, શસ્ત્રાગારમાં 1200 થી વધુ વસ્તુઓ છે. મેચ-લોક, ફ્લિન્ટ-લોક, મઝલ લોડિંગ ગન, ડ્યુલિંગ પિસ્તોલ અને રિવોલ્વર સહિત 196 હથિયારો છે.

*હથિયારો અને બખ્તરના સંગ્રહમાં અગ્નિ-શસ્ત્રો સિવાય, તલવારો, ખંજર, ઢાલ, ચેસ્ટ-પ્લેટ, હેલ્મેટ અને બખ્તરના સૂટનો સમાવેશ થાય છે. તે 16મી સદીની શરૂઆતથી 20મી સદીની શરૂઆત સુધીનો એક વિશાળ સંગ્રહ છે.*

*આ મ્યુઝિયમમાં માત્ર ભારતના વિવિધ ભાગોના શસ્ત્રો જ નથી, પરંતુ પર્શિયા, તુર્કી, ફ્રાન્સ, સ્પેન, નેપાળ, ઈંગ્લેન્ડ, બર્મા અને જાપાન જેવા અન્ય દેશોના શસ્ત્રોનો મોટો સંગ્રહ પણ છે.*

*આ મ્યુઝિયમમાં નેપાળી "ધા" તલવારો, બર્મીઝ "ક્રી" તલવારો અને જાપાનીઝ "સમુરાઈ" તલવારો પણ રાખવામાં આવી છે. જાપાનીઝ તલવારોના દરિયાઈ પાટાઓ પર હાથીદાંતનું ઉત્કૃષ્ટ કામ ઉત્કૃષ્ટ કારીગરીનું પ્રદર્શન કરે છે.*

*ખાસ મહત્વ એ છે કે સંગ્રહાલયમાં અગ્નિ હથિયારોનો સંગ્રહ છે, જેમાં મેચ-લોક, ફ્લિન્ટ-લોક ગન અને પિસ્તોલનો સમાવેશ થાય છે. "ટીપુ સુલતાન"ના નામ પર રાખવામાં આવેલી રિવોલ્વર મ્યુઝિયમનું ગૌરવ છે. મ્યુઝિયમમાં શસ્ત્રો દ્વારા રજૂ કરાયેલી નોંધપાત્ર ઐતિહાસિક વ્યક્તિઓમાં જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ અને મોહમ્મદ શાહ ગાઝીનો સમાવેશ થાય છે.*

- **ભારતીય લઘુચિત્ર પેઈન્ટિંગ ગેલેરી**

*ભારતમાં કાગળની શોધ પહેલાં, એટલે કે 14મી સદીની આસપાસ, દિવાલો પર પેઈન્ટિંગ સિવાય, કપડાં, લાકડાના બોર્ડ અને તાડના પાંદડા પર પેઈન્ટિંગ કરવામાં આવતું હતું. આ મ્યુઝિયમમાં કલ્પસૂત્ર અને કલાકાચાર્ય કથા અને 15મી અને 16મી સદીની ગુજરાત સ્કૂલ ઑફ પેઈન્ટિંગ સાથે જોડાયેલા અન્ય જૈન વિષયોની સચિત્ર હસ્તપ્રતો રાખવામાં આવી છે.*

*સાલારજંગ મ્યુઝિયમમાં પ્રારંભિક જૈન કલ્પ સૂત્રના કેટલાક રસપ્રદ પાંદડાઓ છે, જે પશ્ચિમી ભારતીય પેઈન્ટિંગની પ્રારંભિક શૈલીમાં દોરવામાં આવ્યા છે; આ પેઈન્ટિંગ્સ મર્યાદિત લેન્ડસ્કેપ, મૂળભૂત રંગોનો ઉપયોગ, કોણીય લેઆઉટ અને બોલતી આંખો દ્વારા વર્ગીકૃત થયેલ છે.*

*આ સંગ્રહમાં ઉપલબ્ધ 'બર્થ ઓફ અ પ્રિન્સ' નામનું પેઈન્ટિંગ એક મહત્વપૂર્ણ ઘટના સાથે સંબંધિત છે, જે તેના પર ફારસી અને ભારતીય બંનેનો પ્રભાવ દર્શાવે છે. 'રાજા વિક્રમાદિત્ય'નું પોટ્રેટ 16મી સદીમાં બિચિત્તદાર દ્વારા કરવામાં આવેલ પેઈન્ટિંગનું ઉત્તમ ઉદાહરણ છે. મ્યુઝિયમમાં પંજાબના પહાડી વિસ્તારના ચિત્રો પણ છે. બાશોલી-કાંગડા પ્રદેશના ચિત્રો પણ અહીં જોઈ શકાય છે.*

- **હાથ લાકડીઓની ગેલેરી**

*શરૂઆતમાં તેનો ઉપયોગ આદિવાસીઓના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમના ગૌણ અધિકારીઓ માટે, ગામડાઓના વડાઓ અને ઘેટાંપાલકો દ્વારા કરવામાં આવતો હતો. 17મી અને 18મી સદીમાં ફેશનની બાબત તરીકે યુરોપિયનો અને અન્ય લોકો દ્વારા સપોર્ટ સ્ટીક્સના ઉપયોગ અને અપનાવવામાં ફેરફાર જોવા મળ્યો હતો.*

*જ્યારે હાથ લાકડી આકર્ષણનું કેન્દ્ર બની ત્યારે તે સમયના પ્રખ્યાત સુવર્ણકારોએ તે લાકડી પર કિંમતી અને કેટલાક ઓછા કિંમતી પથ્થરો નાખીને તેમની સુંદરતાને વધુ સારી અને આકર્ષક બનાવી. આવી જ કેટલીક લાકડીઓ મ્યુઝિયમમાં આવેલી સપોર્ટ સ્ટીક્સ ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવી છે.*

*ગેલેરીમાં વિવિધ પ્રકારની સહાયક લાકડીઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આ શેરડી, મલક્કા શેરડી, લાકડું, ચંદન, હાથીદાંત, માછલીના હાડકા, લીલા પથ્થર, કાચ, ચામડા વગેરેમાંથી બનેલ છે. આમાંના કેટલાક અર્ધ કિંમતી પથ્થરોથી પણ સજ્જ છે. આ સમગ્ર સંગ્રહ સાલારજંગ પરિવારનો વ્યક્તિગત સંગ્રહ છે.*

- **યુરોપિયન બ્રોન્ઝ ગેલેરી**

*તાંબા અને ટીનનું મિશ્રણ બ્રોન્ઝ યુરોપમાં પ્રાચીન સમયથી ઉપયોગમાં લેવાતું હતું. તેનો ઉપયોગ વિવિધ વસ્તુઓ બનાવવા માટે કરવામાં આવતો હતો, જેમાં સૌથી પ્રાચીન શિલ્પો છે, જે પૂર્વે છઠ્ઠી સદીથી બનાવવામાં આવ્યા હતા, જ્યારે માત્ર હોલો કાસ્ટિંગ બનાવવાનું શરૂ થયું હતું. યુરોપિયન કાંસ્ય શિલ્પો, જેમાંથી મોટા ભાગની ત્રણ શ્રેણીઓ હેઠળ ગણી શકાય - પૌરાણિક શિલ્પો, ઐતિહાસિક શિલ્પો અને સાહિત્યિક આકૃતિઓ.*

*પૌરાણિક વિષયોનું નિરૂપણ કરતી કેટલીક ઉત્કૃષ્ટ કૃતિઓ છેઃ "લાઓકૂન અને તેના બે પુત્રો". રોડિયન શિલ્પકારો એથેનોડોરસ અને પોલિડોરસની પ્રખ્યાત કલાકૃતિ, જેની તારીખ જાણીતી નથી, તે પણ આ સંગ્રહાલયમાં ઉપલબ્ધ છે. આ શિલ્પ લાઓકોન પાદરી અને તેના બે પુત્રોના સાપના ડંખને કારણે થયેલા મૃત્યુને દર્શાવે છે.*

*મ્યુઝિયમના ઐતિહાસિક શિલ્પો વિશે વાત કરીએ તો, આ મ્યુઝિયમમાં ઇટાલીના 15મી સદીના પુનરુજ્જીવન સમયગાળાના સૌથી મહત્વપૂર્ણ શિલ્પકારોમાંના એક ડોનાટેલો દ્વારા બનાવવામાં આવેલ "નિકોલો દા ઉઝાનોની બસ્કેટ" પ્રતિમા છે, જે તેમણે રંગબેરંગી ટેરાકોટાથી પ્રેરિત કરી હતી. મ્યુઝિયમમાં લોરેન્ઝો ડી' મેડિસી અને જિયુલિયાનો ડી' મેડિસીના કાંસ્ય સંસ્કરણોની નકલો પણ છે, જે મૂળ રૂપે મિકેલેન્ગીલો (1475-1564) દ્વારા*

માર્બલમાં નાખવામાં આવી હતી. આ ઉપરાંત, સંગ્રહાલયમાં યહૂદીઓના મહાન કાયદા આપનાર મોસેસની કાંસાની પ્રતિકૃતિ છે. તેમનું મૂળ શિલ્પ માઈકેલેન્ગીલો દ્વારા ગહન સૂઝ અને ક્ષમતા સાથે બનાવવામાં આવ્યું હતું.

મ્યુઝિયમમાં લેખકો અને કવિઓની મૂર્તિઓ પણ રાખવામાં આવી છે, જેમ કે દાન્તે, 'ઈન્ફર્નો'ના પ્રખ્યાત લેખક, શેક્સપિયર, પ્રખ્યાત અંગ્રેજી નાટ્યકાર, લા ફોન્ટેઈન, 17મી સદીના ફ્રેન્ચ કવિ અને વાર્તાકાર અને 17મી સદીના વ્યંગાત્મક ફ્રેન્ચ મોલિઅર લેખક.

- **યુરોપિયન માર્બલ શિલ્પોની ગેલેરી**

આ મ્યુઝિયમમાં આરસના શિલ્પો પણ મોટી સંખ્યામાં છે. જો કે આમાંના મોટાભાગના પ્રખ્યાત કલાકારો દ્વારા ગ્રીક પૌરાણિક શિલ્પોની નકલો છે. મૂળ શિલ્પોમાં, સાલાર્જંગ-1 - વેઈલ્ડ રેબેકા દ્વારા હસ્તગત કરાયેલ એક આકર્ષક શિલ્પ છે, જેનો ઉલ્લેખ કરી શકાય છે. રેબેકા એ 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'નું પાત્ર છે. વિશ્વ વિખ્યાત શિલ્પકાર જી.બી. બેન્ઝોનીએ, તેની ચોક્કસ છીણી સાથે, રેબેકાની શરમાળ બ્રાઈડલ સ્પિરિટ અને તેની યુવાની કોતરીને તેની કળાનું પ્રદર્શન કર્યું છે. અન્ય શિલ્પો, જેમાં પ્રોફેસર બોરીઓન દ્વારા ક્લિયોપેટ્રા, ફ્રેન્ચ શિલ્પકાર દ્વારા બાળકની નિર્દોષતા દર્શાવતી અને લોભી પુરુષની 'પાગલ' પત્ની, જેની સુંદરતાના વખાણ કરવામાં આવે છે, તે કેટલાક શ્રેષ્ઠ ઉદાહરણો છે. પ્રખ્યાત ફ્રેન્ચ શિલ્પકાર કેનોરા (1757-1822) દ્વારા બે નકલો, જેમાંથી એક પ્રિન્સેસ પૌલિનના શુક્રને દર્શાવે છે અને બીજી શુક્રને માર્બલ પ્લિન્થ પર દર્શાવવામાં આવી છે. આ મ્યુઝિયમમાં ઈટાલી, ફ્રાન્સ અને ઈંગ્લેન્ડના માર્બલ શિલ્પોનો મોટો સંગ્રહ છે.

### 13.5.4 સાલારજંગ પુસ્તકાલય

મોટાભાગના સંગ્રહાલયોમાં ઉત્તમ સંદર્ભ પુસ્તકાલય હોય છે. આ સંગ્રહાલયના પુસ્તકાલયમાં અદ્ભૂત બે નમૂન અલભ્ય અને સોનાની શાહીથી લખાયેલા મરોડદાર અક્ષરોવાળા અસંખ્ય કિમતી પુસ્તકો રહેલા છે. સાલારજંગના પરિવારે જે પુસ્તકો સંગ્રહિત કર્યા હતા તે બધા અહીં પ્રદર્શિત છે, જેમાં 63,000 જેટલા વિવિધ ભાષાના પુસ્તકો છે. જેમાં કલા, આર્કિટેક્ચર, પુરાતત્ત્વ, ભૌતિક, જૈવિક, સામાજિક વિજ્ઞાન, સાહિત્ય ઈતિહાસ અને પ્રવાસક્ષેત્રને લગતા પુસ્તકો રહેલા છે. જેમાં ઈસ્લામ, હિન્દુ, ખ્રિસ્તી અને અન્ય ધર્મના પુસ્તકોનો પણ સારો સંગ્રહ છે. આ સંગ્રહાલયનું સૌથી જૂનું પુસ્તક ઈ.સ.1631માં પ્રકાશિત થયેલું છે. અંગ્રેજી વિભાગના પુસ્તકમાં સૌથી જૂનું પુસ્તક ઈ.સ.1631નું રિચાર્ડ નોલ્સ દ્વારા લખાયેલ ટર્કસનો સામાન્ય ઈતિહાસ છે. ગુરુ નાનકનું જીવનચરિત્ર છે. હસ્તપ્રતોમાં ચર્મપત્ર, કાપડ, તાડપત્ર, કાગળ, કાચ, લાકડું, પથ્થરનો સમાવેશ થાય છે. જેમાં

વિવિધતાભરી વિવિધ વિષયોની એક થી એક ચડિયાતી હસ્તપ્રતો છે. ફારસી ભાષાની 47 100 હસ્તપ્રતો છે. સૌથી જૂની એમાંની હસ્તક પરત ઈ.સ.1207ની છે. આમાં ભારતનો સૌથી જૂનો તબીબી જ્ઞાનકોશ આવેલો છે. આ હસ્તપ્રતોના 19 વર્ણનાત્મક કેટલોગ સંગ્રહાલયે પ્રકાશિત કરેલા છે. આ સંગ્રહમાં પવિત્ર કુરાનેશરીફની દુર્લભ એક નકલ છે, જેમાં અરબીના પ્રથમ મૂળાક્ષર અલીફથી શરૂ થતી દરેક લાઈન સાથે માત્ર 30 ફોલીયોનો સમાવેશ થાય છે. સાલારજંગ સંગ્રહાલય લાઈબ્રેરી ઈ.સ.1961ના સંસદના અધિનિયમ દ્વારા જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. આ વિશ્વવિખ્યાત પુસ્તકાલય છે.

### 13.5.5 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

ભારતના અન્ય મ્યુઝિયમની જેમ જ આ મ્યુઝિયમમાં અનેક જાતની શૈક્ષણિક પ્રવૃત્તિઓ થાય છે. લગભગ દર વર્ષે જુદા જુદા પ્રસંગે વિવિધ પ્રદર્શન યોજવામાં આવે છે. દર વર્ષે સંગ્રહાલય સપ્તાહ, બાળ સપ્તાહ ગ્રીષ્મકાલીન કલા શિબિર તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સંગ્રહાલય દિવસ, પુસ્તક દિવસ, સ્વતંત્રતા દિવસ, હિન્દી દિવસ, રાષ્ટ્રીય એકતા દિવસ પણ ઉજવવામાં આવે છે. સંગ્રહાલયમાં મલ્ટીમીડિયા, ઓડિયો, વીડિયો અને માર્ગદર્શક સુવિધા ઉત્તમ છે. સંગ્રહાલયમાં પુસ્તિકાઓ સંગ્રહાલયના પ્રકારનો અને કલાકૃતિના નમૂનાઓ મળે છે. વિશ્વ ધરોહર સપ્તાહ અને સાલારજંગ ત્રીજાનો જયંતિ સમારોહ તથા સંગ્રહાલય સ્થાપના દિન ભવ્ય રીતે ઉજવવામાં આવે છે.

**(ડ) તમારી પ્રગતિ ચકાસો**

❖ **બહુવિકલ્પીય પ્રશ્નો**

(1) સાલાર જંગ સંગ્રહાલય ક્યાં આવેલું છે ?

(A) દિલ્હી (B) મુંબઈ (C) હૈદરાબાદ (D) ચેન્નઈ

(2) સાલાર જંગ સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કઈ સાલમાં કરવામાં આવ્યું હતું ?

(A) 1951 (B) 1961 (C) 1956 (D) 1952

(3) સાલાર જંગ સંગ્રહાલયમાં જે ઈટાલી, ફ્રાંસ અને ઈંગ્લેન્ડના શિલ્પો છે તે બહુધા કયા પથ્થરમાંથી કંડારવામાં આવ્યા છે ?

(A) ગ્રેનાઈટ (B) ગુલાબી પથ્થર (C) માર્બલ (D) રેતિયો પથ્થર

(4) રબેકાના શિલ્પને કયું નામ આપવામાં આવ્યું છે ?

(A) ડોસાઈલ રેબેકા (B) સ્વીટ રેબેકા (C) કાઈંડ રેબેકા (D) વાઈલ્ડી રેબેકા

❖ **નીચેના પ્રશ્નોના જવાબ આપો**

1. *સાલારજંગ સંગ્રહાલયની ગેલેરીઓ વિશે ટૂંકમાં અહેવાલ લખો.*

2. *યુરોપિયન બ્રોન્ઝ ગેલેરી વિશે માહિતી આપો.*

## 13.6 સારાંશ

*છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય (પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ) - મુંબઈ સંગ્રહાલયની ગણતરી ભારતના સૌથી પ્રખ્યાત સંગ્રહાલયોમાં થાય છે. આ સંગ્રહાલયમાં સિંધુ ખીણની સંસ્કૃતિની કલાકૃતિઓ અને ગુપ્ત, મૌર્ય, ચાલુક્યો અને રાષ્ટ્રકુટના સમયથી પ્રાચીન ભારતના અન્ય અવશેષો છે. આ સંકુલ દેશના પ્રાચીન કલાકૃતિઓ, આર્ટવર્ક અને શિલ્પકારોનો અસંખ્ય સંગ્રહ પ્રદર્શિત કરે છે. જે આપણા ભૂતકાળની અનોખી સમજ આપે છે. આ ઈમારતનું પણ એક મોટું નવીનીકરણ કરવામાં આવ્યું હતું જે પછી હિંદુ ભગવાન કૃષ્ણની કલાકૃતિઓ, કાપડ અને ભારતીય પરંપરાગત પોશાકોને શણગારતી ઘણી અવનવી ગેલેરીઓ ખોલવામાં આવી છે. આ મ્યુઝિયમ તેના શ્રેષ્ઠ સ્વરૂપમાં સચવાયેલું છે, તે ભારતના ગૌરવ અને સમૃદ્ધ ભૂતકાળની અદ્ભૂત અભિવ્યક્તિ છે.*

*આ સંગ્રહાલયમાં અસંખ્ય પ્રકારની કલાકૃતિઓ સચવાયેલી છે, જેમાં તિબેટ, ભારત, નેપાળ અને અન્ય દેશોની કલાઓનો સમાવેશ થાય છે. ભારતની ઘણી પ્રસિદ્ધ કલા શાળાઓમાંથી 2000 દુર્લભ લઘુચિત્ર ચિત્રોનો સંગ્રહ સંગ્રહાલયને કલા પ્રેમીઓ માટે સ્વર્ગરૂપ લાગે છે.*

*પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમની દુકાનોમાં પોસ્ટરો, ગ્રીટિંગ કાર્ડ્સ, બ્રોશર્સ, લેટર-પેપર સેટ્સ, ફોલ્ડર્સ અને મ્યુઝિયમના સંગ્રહમાંથી કલાકૃતિઓની વિગતો અથવા ડિઝાઈનથી પ્રેરિત વિશાળ સંગ્રહ છે.*

મ્યુઝિયમના સંગ્રહમાં લાકડા, ધાતુ, જેડ અને હાથીદાંતમાંથી બનાવેલ સુશોભન કલાકૃતિઓ પણ મળી શકે છે. મ્યુઝિયમના નેચરલ હિસ્ટ્રી વિભાગમાં સરિસૃપ, સસ્તન પ્રાણીઓ, ઉભયજીવી, પક્ષીઓ અને માછલીઓનો સમાવેશ થાય છે. અન્ય એક વિભાગ છે જે ભારતીય શસ્ત્રો અને બખ્તર દર્શાવે છે જે અન્ય અસ્ત્રો ઉપરાંત શસ્ત્રો, તલવારો, ઢાલની શ્રેણી દર્શાવે છે. મ્યુઝિયમમાં યુરોપિયન ઓઈલ પેઈન્ટિંગ્સનો એક વિભાગ છે. જે પ્રાગૈતિહાસિક કાળથી લઈને આધુનિક સમય સુધીના ભારતના ઈતિહાસને દસ્તાવેજ રૂપે પ્રદર્શિત કરે છે.

રાષ્ટ્રીય સંગ્રહાલય - નવી દિલ્હી સંગ્રહાલયમાં 320 થી વધુ શિલ્પકૃતિઓ, વિવિધ પ્રકારના 8000 થી વધુ ચિત્રો, 615 થી વધુ કાંસ્ય મૂર્તિઓ, 10000 સિક્કાઓ, 5000 શસ્ત્રો અને અનેક ભાષાની હસ્તપ્રતો છે.

આ સંગ્રહાલયમાં ઈ.સ.2015માં વિકલાંગ વ્યક્તિઓ માટે નવી કાયમી ગેલેરી શરૂ કરેલ જેમાં મ્યુઝિયમના સંગ્રહમાંથી 22 વસ્તુઓની સ્પર્શેન્દ્રિય પ્રતિકૃતિઓ દર્શાવવામાં આવી છે તેમજ ઓડિયો માર્ગદર્શિકા, રેમ્પ અને બ્રેઈલમાં વર્ણનાત્મક લેબલ્સ; ગેલેરી મુલાકાતીઓને ડિસ્પ્લે પરની વસ્તુઓને ‘સ્પર્શ’ કરવા અને અનુભવવા માટે પ્રોત્સાહિત કરે છે

રાષ્ટ્રીય સંગ્રહાલય ભારતની કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્રમાં આવે છે. શરૂઆતમાં 1957 સુધી પુરાતત્વના મહાનિર્દેશક દ્વારા તેની સંભાળ રાખવામાં આવતી હતી, જ્યારે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે તેને એક અલગ સંસ્થા જાહેર કરી અને તેને તેના પોતાના સીધા નિયંત્રણ હેઠળ મૂકેલ છે. રાષ્ટ્રીય સંગ્રહાલય દિનપ્રતિદિન વિકાસની કેડીએ ચાલેલ છે.

વિક્ટોરિયા મેમોરિયલ-કલકતા સંગ્રહાલય 57 એકર જમીનવાળા વિસ્તારમાં છે જેમાં 21 બગીચાઓ, 28394 વસ્તુઓ, 3900 ચિત્રો છે. આ સંગ્રહાલયની હાલમાં દર વર્ષે 20 લાખ લોકો મુલાકાત લે છે. આ સંગ્રહાલયમાં ઓઈલ પેન્ટિંગ, વોટર કલર, સ્કેચ, લીથોગ્રાફ્સ, ફોટોગ્રાફ્સ, દુર્લભ પુસ્તકો, હસ્તપ્રતો, સ્ટેમ્પ્સ અને પોસ્ટલ સ્ટેશનરી સિક્કાઓ, ચંદ્રકો, શસ્ત્રો, બખ્તર, શિલ્પો અને કોસ્ચ્યુમ અને અન્ય ચીજો પ્રદર્શિત કરવામાં આવી છે.

સાલારજંગ સંગ્રહાલય – હૈદરાબાદ સંગ્રહાલય ભારતના ત્રણ મુખ્ય સંગ્રહાલયોમાનું એક છે. આ સંગ્રહાલય મૂળ રૂપે સાલારજંગ પરિવારનો ખાનગી કલા સંગ્રહ છે. જે સાલારજંગ ત્રીજાના મૃત્યુ પછી ભારત સરકારને ભેટ આપવામાં આવેલ હતો. લુઈ સોળમાં દ્વારા ટીપુ સુલતાનને ભેટમાં આપેલી હાથીદાંતની કોતરણીવાળી કલાત્મક ખુરશી અહીં છે. સાલારજંગ ત્રીજા એકલાએ લગભગ 43 હજાર કલાકૃતિઓ અને 50,000 પુસ્તકો અને હસ્તપ્રતો એકત્ર કરેલ. આ સંગ્રહાલયમાં દુનિયાભરની કલાકૃતિઓ અને નમૂનાઓ

*સંગ્રહિત છે. ઘડિયાળોનો સંગ્રહ નવીન અને રસપ્રદ છે. આ સંગ્રહાલયમાં પ્રથમ માળમાં 20 ગેલેરી બીજા માળે 18 ગેલેરીઓ છે. ભારતના 600 સિક્કાઓનો મોટો સંગ્રહ છે જેમાં અમુક સિક્કાઓ 2300 વર્ષ જૂના છે. આ સંગ્રહાલયના ડિરેક્ટર હેડ તરીકે ડૉ. એ. નાગેન્દ્ર રેડી કામ કરી રહ્યા છે. ઈ.સ.1914 માં સાલારજંગ ત્રીજાએ પોતાનું મોટુ પદ છોડ્યા પછી તેમનું બાકીનું જીવન કલા અને સાહિત્યના ખજાનાને એકત્રિત કરવામાં સમૃદ્ધ કરવામાં સમર્પિત કરેલ જેના પ્રતાપે આજે આપણી પાસે આ ભવ્ય કલા વારસો જળવાયો છે.*

## 13.7 ચાવીરૂપ શબ્દો

- *ડોમ - ગુંબજ*
- *બખ્તર - યૌદ્ધાએ પહેરવાનું કવચ*
- *મમી - મસાલા ભરી સાચવી રાખેલ મૃતદેહ*
- *ગેલેરી - વીથિકા*
- *ઓડિટોરિયમ - સભાગૃહ*
- *આર્કિટેક્ટ - સ્થપતિ*
- *શિલાન્યાસ - ખાતમુહૂર્ત*

## 13.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**બહુવિકલ્પીય પ્રશ્નો જવાબ**

**(અ)** (1) *હૈદરાબાદ* (2) 1951 (3) *માર્બલ* (4) *વાઈલ્ડી રેબેકા*

**(બ)** (1) *ઈ.સ.*1949 (2) *ગણેશ બિકાજી દેવલાલીકર* (3) *શ્રી તેજપાલ સિંહ*

(4) *શ્રીમતી હીરામણીક*

**(ક)** (1) 1921 (2) *લોર્ડ કર્ઝન* *(3) ઈમર્સન* *(4) ટેબલ અને ખુરશી*

**(ડ)** (1) *હૈદરાબાદ* (2) 1951 (3) *માર્બલ* (4) *વાઈલ્ડી રેબેકા*

## 13.9 સંદર્ભ


1. *સી. શિવરામ મૂર્તિ 'ભારતના સંગ્રહસ્થાનોની નિર્દેશિકા' નવી દિલ્હી ઈ.સ.*1960
2. www.*વીકીપીડીયા પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ - મુંબઈ*
3. Directory of museum in India 2023
4. Pictorial Bibliography on Museums bibliography on museum- Compiled by Dr. y. ravindranath Rao edit by Dr. Siva Prasad senapathi fi®s Edison April 2023
5. *વિકીપીડિયા નેશનલ મ્યુઝિયમ*
6. Jump up to: a b "National Museum, New Delhi". www.nationalmuseumindia.gov.in. Archived from the original on 13 April 2023. Retrieved 13 April 2023.
7. Jump up to: a b c d 'The Indo-Siam Connect: Tracing the Indian Heritage in Thai Art and Living traditions, archived from the original on 13 April 2023, Retrieved 13 April 2023
8. Kapoor, Cheena (12 March 2018). "Delhi National Museum without a numismatist". DNA India. Archived from the original on 28 October 2019. Retrieved 28 October 2019.
9. "The Special Exhibition on 'The Indo-Siam Connect'". Royal Thai Embassy. 1 March 2023. Archived from the original on 21 April 2023. Retrieve 13 April 2023.
10. https//victoriamemorial-cal.org
11. *સી. શિવરામ મૂર્તિ 'ભારતના સંગ્રહસ્થાનોની નિર્દેશિકા' નવી દિલ્હી ઈ.સ.*1960
12. Victoria memorial hall News letter vo.2 issue 1 feb.2014

# એકમ : 14 ગુજરાતના પ્રાદેશિક સંગ્રહાલયો

## :: રૂપરેખા ::

(1) જૂનાગઢ સંગ્રહાલય

(2) વડોદરા સંગ્રહાલય એન્ડ પિક્ચર ગેલેરી

**14.0** ઉદ્દેશ્ય

**14.1** પ્રસ્તાવના

**14.2** જૂનાગઢ સંગ્રહાલય

**14.2.1** સ્થાપના

**14.2.2** મ્યુઝિયમ શબ્દનો ઈતિહાસ

**14.2.3** સંગ્રહાલયના સ્થળાંતરનો ઈતિહાસ

**14.2.4** વિવિધ ગેલેરીઓ

**14.2.5** શૈક્ષણિક પ્રવૃત્તિઓ

(અ) તમારી પ્રગતિ ચકાસો

**14.3** વડોદરા સંગ્રહાલય એન્ડ પિક્ચર ગેલેરી

**14.3.1** સ્થાપના

**14.3.2** ગાયકવાડનો ટૂંક ઈતિહાસ

**14.3.3** વિવિધ ગેલેરીઓ

**14.3.4** શૈક્ષણિક પ્રવૃત્તિઓ

**14.3.5** વડોદરાના અન્ય સંગ્રહાલયો

(બ) તમારી પ્રગતિ ચકાસો

**14.4** સારાંશ

**14.5** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 14.6 ચાવીરૂપ શબ્દો

## 14.7 સંદર્ભ ગ્રંથો

## 14.0 ઉદ્દેશ્ય

- *વિદ્યાર્થીઓ જૂનાગઢના સંગ્રહાલયથી પરિચિત થાય.*
- *વિદ્યાર્થીઓને ગુજરાતના વારસાની જાણ થાય.*

(1) *જૂનાગઢ સંગ્રહાલય*

(2) *વડોદરા સંગ્રહાલય એન્ડ પિક્ચર ગેલેરી જૂનાગઢ સંગ્રહાલય*

- *વિદ્યાર્થીઓ વડોદરા સંગ્રહાલય અને પિક્ચર ગેલેરીથી અવગત થાય.*
- *વિદ્યાર્થીઓને ગુજરાતની સાંસ્કૃતિક ધરોહરનો પરિચય પ્રાપ્ત થાય.*

## 14.1 પ્રસ્તાવના

*માનવે પ્રકૃતિ અને સંસ્કૃતિને જાણવા માટે સંગ્રહાલયોની અવશ્ય મુલાકાત લેવી જોઈએ. જ્યાંથી પ્રકૃતિને સંસ્કૃતિના આધારો જોઈ શકાય છે. જૂનાગઢનો ઈતિહાસ તો પ્રાચીનકાળથી સિલસિલાબંધ અકબંધ સળંગ કડીબદ્ધ રીતે મળે છે. આથી જૂનાગઢ સંગ્રહાલય બહુ આયામી સંસ્કૃતિની ખાણ સમું ભાસે છે, જેમાં પ્રાચીનથી અર્વાચીન સંસ્કૃતિ અને ઈતિહાસના નમૂનાઓનો સુમેળ થયો છે.*

*જૂનાગઢનો છેલ્લો હિન્દુ રાજા ચુડાસમા વંશનો રાહ માંડલિક ત્રીજો હતો. તે ઈ.સ.1472માં હારી જતા મહમદ બેગડાના હાથમાં જૂનાગઢ આવ્યું, તેણે સોરઠના વહીવટ માટે ફોજદારો નિમ્યા. એ પછી મુઘલોના હાથમાં જૂનાગઢ આવ્યું, તેણે પણ ફોજદારો નીમી સોરઠનો વહીવટ ચલાવ્યો. જેમાં ઔરંગઝેબના અવસાન પછી મુઘલ સત્તા નબળી પડતા, જૂનાગઢના ફોજદાર શેરખાન બાબીએ સ્વતંત્ર બની દીવાનનો હોદ્દો અને ઇ.સ.1748માં નવાબનું પદ ધારણ કરી પોતાનું નામ બહાદુરખાનજી પહેલો ધારણ કરી બાબીવંશની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી હતી અને કુલ નવ નવાબોએ ઈ.સ. 1748 થી ઈ.સ. 1947 સુધી સોરઠ કે જૂનાગઢ પર રાજ્ય ભોગવ્યું. જૂનાગઢના પ્રથમ નવાબનો રાજ્યભિષેક ગાદી ઓટા નામની જગ્યાએ કરાયો હતો. એ પછી નવાબોએ સ્વતંત્ર રાજમહેલો જૂનાગઢમાં બાંધ્યા હોય ? પરંતુ કર્નલ ટોડ ઇ.સ.1822માં જૂનાગઢ આવ્યો તે લખે છે કે જૂનાગઢનો નવાબ એક ખંડેર જેવા મકાનમાં રહે છે. આ પછીના નવાબે મહેલ બાંધ્યો, જેમાં સહજાનંદ સ્વામી પધાર્યા*

હતા,જેમણે આ રાજમહેલને રંગમહેલ કહેતાં એ નામ રંગ મહેલ સ્વીકારાયું. એ પછી તો બે ડઝન જેટલા રાજમહેલો જૂનાગઢમાં બંધાયા. જેમાં એક મહેલને કચેરી કે દરબાર હૉલ કહેતા ત્યાં જ દરબાર ભરાતો જે જગ્યા સીટી રાજમહેલવાળી જગ્યા દીવાન ચોકમાં છે, જ્યાં ઈ.સ. 2014 પહેલા સંગ્રહાલય હતું. આજે હવે સરદારબાગના તાજમંઝિલ નામના રાજમહેલમાં સંગ્રહાલય આવેલું છે.

વડોદરા તો સંસ્કાર નગરી અને એમાંય પ્રજાભિમુખ વહીવટ ચલાવતા ગાયકવાડ રાજવંશનું શાસન રહેલું. ગુજરાતનું આ સદી જૂનું વિશિષ્ટ સંગ્રહાલય વિવિધ વિષયોનો વિશાળ સંગ્રહ ધરાવતું સૌથી મોટું રાજ્ય સંગ્રહાલય છે. વડોદરાના તત્કાલીન રાજવી સર સયાજીરાવ ગાયકવાડે વિશ્વામિત્રી નદી નજીક 113 એકરના કમાટી બાગમાં જે હવે સયાજીબાગ તરીકે ઓળખાય છે જેમાં સંગ્રહાલય બનાવેલ છે. આ મહારાજાના દિલમાં પોતાની પ્રજા સર્વોચ્ચ સ્થાને બિરાજતી તેવા પ્રજાવત્સલ રાજવીએ લોકોમાં વિજ્ઞાન અને કલાની દષ્ટિ વિકસે એ માટે આ મ્યુઝિયમની સ્થાપના કરી હતી. વિવિધ દેશોની વિશિષ્ટ કલાકૃતિઓ અને હસ્તકળાના નમૂનાઓને તેમના વિદેશના પ્રવાસ દરમિયાન તેઓ ખરીદતા. તદુઉપરાંત આ માટે કલાપારખુ અને વિદ્વાનોને જુદા જુદા દેશોમાં નીમેલ જેણે આમાંનો ઘણો સંગ્રહ ખરીદ કરેલ હતો.

## 14.2 જૂનાગઢ સંગ્રહાલય

### 14.2.1 સ્થાપના

જૂનાગઢમાં સંગ્રહાલયની સ્થાપનાના વિચારો નવાબ રસુલખાનજીના સમયમાં આવેલા જ્યારે બોરદેવીના સ્તૂપનું ઉત્ખનન થયું એ ઉત્ખનનમાંથી પ્રાં બૌદ્ધ અવશેષો મળ્યા જેને પ્રદર્શિત કરવા સંગ્રહાલયની જરૂરિયાત ઊભી થઈ. તા. 02/12/1897ના રોજ મુંબઈના ગવર્નર લોર્ડ સેન્ડ હર્સ્ટના હસ્તે સંગ્રહાલયના ભવનનો આજના આઝાદ ચોક ખાતે પુસ્તકાલય અને ખાદી ભંડારવાળી જગ્યાએ એ મકાનનો પાયો નંખાયો હતો, જે વિશિષ્ટ મકાનને તા. 05/12/1901ના રોજ લોર્ડ નોર્થકોર્ટના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આમ જૂનાગઢમાં ઈ.સ.1901માં સંગ્રહાલય સ્થપાયું. આ પછી આ સંગ્રહાલયમાં ચીજ વસ્તુઓનો સંગ્રહ વધતા સક્કરબાગના બહાઉદીનભાઈના ગ્રિષ્મ આવાસમાં ઈ.સ.1932માં સંગ્રહાલયને ખસેડવામાં આવ્યું. જે સંગ્રહાલય બહુ હેતુ વિષયક સંગ્રહાલય હતું, જેમાં પુરાતત્વીય ટ્રેઝર ટોવ ભેટ સોગાદો અને ઝુમ્મરો, કાચના વાસણો વગેરે હતા.

### 14.2.2 મ્યુઝિયમ શબ્દનો ઈતિહાસ

*આમ તો છેક પ્રારંભકાળથી જ હિન્દુસ્તાનમાં સંગ્રહસ્થાનો અસ્તિત્વમાં હતા. પ્રાચીન ભારતની એ પ્રણાલી મધ્યયુગમાં પણ ચાલુ રહી હતી. ક્યારેક આવા સંગ્રહાલયો પરાજિત રાજ્યોના યુદ્ધ અને વિજય પદ્મોમાંથી ઊભા કરવામાં આવતા હતા તેમ હુમાયુન કબીર નોંધે છે જગતનું સૌ પ્રથમ મ્યુઝિયમ ઈસવીસન પૂર્વે ત્રીજી સદીમાં ઈજીપ્તના એલેક્ઝાન્ડ્રિયા શહેરમાં સ્થપાયું હતું. ભારતમાં આધુનિક કહી શકાય તેવું સૌપ્રથમ સંગ્રહાલય બંગાળની એશિયાટિક સોસાયટીએ ઈ.સ.1814માં કલકતામા 'ઇન્ડિયન મ્યુઝિયમ' શરૂ કર્યું હતું, જેમાં ભૂસ્તરશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર અને પુરાતત્વશાસ્ત્રના નમૂનાઓ પ્રદર્શિત કર્યા હતા. પછી મદ્રાસમાં સાહિત્ય મંડળે એક સંગ્રહસ્થાનની યોજના ઘડી હતી. પછી તો દેશી રાજ્યોની રાજધાનીમાં સંગ્રહસ્થાનો સ્થપાવા લાગેલા. મ્યુઝિયમ એટલે માત્ર જૂની વસ્તુઓ કે તૂટેલી ફૂટેલી મૂર્તિઓનો સંગ્રહ જ નથી. સંગ્રહાલયની વિભાવના પશ્ચિમમાંથી આવી છે. પ્રાચીન ગ્રીસમાં* MOUSEION *અર્થાત મ્યુસીસ યાને વિદ્યાદેવીનું મંદિર વિદ્યાધામ ગણાતું. મ્યુઝિયમ શબ્દ* 15*મી સદી પછી ખાનગી સંગ્રહાલયોને લાગુ પડ્યો હતો. ગુજરાતમાં સૌપ્રથમ કચ્છ ભૂજમાં સંગ્રહાલય ઈ.સ.*1877*માં સ્થપાયું હતું. બીજું મ્યુઝિયમ રાજકોટમાં વોટસન મ્યુઝિયમ ઈ.સ.*1888*માં સ્થાપ્યું હતું. ત્રીજું મ્યુઝિયમ વડોદરામાં ઈ.સ.*1894*માં સ્થપાયું હતું. ઈ.સ.*1895*માં ભાવનગરમાં બાર્ટન મ્યુઝિયમ સ્થાપ્યું હતું.*

*મ્યુઝિયમ શબ્દનું મૂળ ગ્રીક ભાષાના શબ્દ મ્યુઝમાંથી નીકળે છે. મ્યુઝિયમનો એક સીધો સાદો અર્થ મ્યુઝ નામની દેવીનું મંદિર કે ઘર એવો કરવામાં આવ્યો છે. ગ્રીસમાં કલા, સંગીત, ઉત્સવ વગેરે સાથે સંકળાયેલ નવ મ્યુઝ એટલે કે નવદેવીઓની માન્યતા પ્રવર્તતી હતી. મ્યુઝિયમ શબ્દના દરેક અક્ષરને જુદા પાડીને તેનો સામૂહિક અર્થ આવી રીતે કોઈએ તારવ્યો છે.*

M = Man's = *માણસોનું*

U = Ultimate = *અંતિમ*

S = Surrounding = *આસપાસની સ્થિતિ*

E = Exhibited = *પ્રદર્શિત*

U = Unde®sanding = *સમજણ, સમજૂતી*

M = Mankind = *માનવજાત, સમાજ*

એટલે કે મ્યુઝિયમ એટલે માનવજાતની સમજણ માટે પ્રદર્શિત કરેલી માણસની આસપાસ અંતિમ પરિસ્થિતિ મ્યુઝિયમનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાનચક્રને પૂર્ણ કરવાનો હોય છે. આગળ જતા મ્યુઝિયમ શબ્દ અભ્યાસ માટેનું સ્થાન એવો પણ થવા લાગ્યો, જેને આજે આપણે યુનિવર્સિટી તરીકે ઓળખીએ છીએ.

## 14.2.3 સંગ્રહાલયના સ્થળાંતરનો ઈતિહાસ

આજે તો જૂનાગઢમાં એક જ સંગ્રહાલય રહેલ છે જેનું નામ છે જૂનાગઢ સંગ્રહાલય પરંતુ આ પહેલા જૂનાગઢમાં બે સંગ્રહાલયો હતા. એક દરબાર હૉલ સંગ્રહાલય અને બીજું સક્કરબાગનું જૂનાગઢ સંગ્રહાલય દીવાન ચોકમાં જે દરબાર હૉલ સંગ્રહાલય હતું તે નવાબની કચેરી નામે ઓળખાતા વિશાળ ખંડમાં અસલ જગ્યાએ હતું. જ્યાંથી એ ઈમારત જર્જરીત થઈ ગઈ છે એવા કારણો ધરીને સરદારબાગમાં આવેલા તાજ મંઝિલ નામના મકાનમાં (તાજ મંઝિલ નામ નવાબ મહાબતખાનજી ત્રીજાના શાહજાદી તાજબખ્તે પરથી પાડવામાં આવેલ જેનું નવું નામ આઝાદ ભારતની સરકારે ગ્રીષ્મ નિવાસ રાખેલ પણ લોકજીભે જૂનું નામ જ રહ્યું છે) ઈ.સ.2014માં સંગ્રહાલય લઈને ફેરવવામાં આવ્યું અને સક્કરબાગનું મ્યુઝિયમ અને આ બંને મ્યુઝિયમને ભેગા કરી દેવામાં આવ્યા, પરંતુ આજે બંને મ્યુઝિયમના બધા જ નમૂનાઓ પૂરતી જગ્યાના અભાવે તેમાં પ્રદર્શિત કરી શકાયા નથી એવું લાગે છે.

## 14.2.4 વિવિધ ગેલેરીઓ

જૂનાગઢનું આ મ્યુઝિયમ હાલ ત્રીજી જગ્યાએ ફરતાં ફરતાં આવેલું છે અને આ ઉપરાંત સક્કરબાગનું મ્યુઝિયમ પણ આ મ્યુઝિયમમાં ભેળવી દેવામાં આવ્યું છે, આથી ચાર ઠેકાણેના મ્યુઝિયમો બદલાતા બદલાતા અહીં પહોંચ્યું છે.

### (1) ચાંદી કલા વિભાગ

આ ગેલેરીમાં નવાબી સમયમાં જે કોઈના સન્માનો થયા હોય અથવા કોઈ મૂલ્યવાન વસ્તુઓ ચાંદીની વિવિધ પ્રસંગોએ બનાવવામાં આવી હોય તે પ્રદર્શિત કરવામાં આવી છે, જેમાં જૂનાગઢ રાજ્યની સહિષ્ણુતા પ્રદર્શિત કરતું શંકર, પાર્વતી, ગણેશની આ કોતરણીવાળું અલભ્ય વિશિષ્ટતાવાળું તથા ચાંદીના ઢોલક, ચમચા ચમચી, ઘોડાનો ચાંદીનો સામાન, શોપીસ, કંકાવટીઓ, કડલા, કીટલી, દૂધદાનીઓ, ટ્રે, થુંકદાની, ચાંદીના ઝાડ,ચાંદીની કલાત્મક ફોલ્ડિંગ માછલી. આ બધી જ વસ્તુઓ જે તે સમયની કલાકારીગીરીની તથા હુન્નર તથા શોખ અને સગવડતાઓનો પરિચય કરાવે છે. નવાબોને વિવિધ સમયે ઠેકાણેથી જુદા જુદા અનેક માનપત્રો પ્રાપ્ત થયા હતા એ ચાંદીના કાસ્ટકેટ

*ઉપર સુંદર મજાના નકશીકામ કરેલા આવા માનપત્રો આ મ્યુઝિયમમાં રહેલા છે. જે માનપત્રો ઉપર કયા ઠેકાણે કઈ તારીખે કોના હસ્તે માનપત્ર આપવામાં આવ્યું એવી વિગતો કોતરવામાં આવી છે. જેમ કે જૂનાગઢ રાજ્યના એડમિનિસ્ટ્રેટર એચ.ડી.રેન્ડોલને ઉના મહાલની પ્રજા તરફથી 2 ફેબ્રુઆરી 1914ના રોજ અપાયેલ માનપત્ર અહીં પ્રદર્શિત છે, જે ગોરો અધિકારીએ માનપત્ર પોતાને મળેલ ગણી સાથે લઈ ગયો નથી, એ આપણને એ યુગની નીતિમતા બતાવે છે. કચ્છ અને કાઠિયાવાડ સિવાય કાશ્મીર,ઓરિસ્સા તેમજ દક્ષિણ ભારતની યુરોપીય અને પૂર્વીય દેશોની ચાંદીની કલાકૃતિઓ પ્રદર્શિત છે.*

**(2) હથિયાર વિભાગ**

*આ વિભાગમાં હાથી ઉપર રાખીને ફોડવામાં આવતી સાતેક ફૂટ લાંબી બંદૂકથી માંડીને નાની નાની બંદુકો તથા નાના નાના હથિયારો તમંચા, વિવિધ રિવોલ્વરો, તલવારો, જમૈયા, અંકુશ, કુકરી, ખંજર વગેરે પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ હથિયારોની ગોળીઓ બનાવવાના જાત જાતના વિવિધ ઓજારો પણ મૂક્યા છે, કે આ હથિયારોની ગોળીઓ કઈ રીતે બનાવવામાં આવતી હતી. આ હથિયારોને એવા સરસ રીતે પ્રદર્શિત કરેલ છે કે જે પ્રવાસીઓનું મન મોહી લે છે. હાથીદાંતની મૂઠવાળી તલવારો, સોના ચાંદીની મૂઠ અને મોવટાવાળી મોટી જડિત તલવાર, વાઘ નખ,શિરત્રાણ, હાથીદાંતનું રણશિંગું, કોઈ કહે છે રણશિંગું કીબુકા નામની માછલીના દાંતનું બનાવેલ છે. હાથીદાંતના હેન્ડલ વાળા છરી ચપ્પા, જટકો, પીજવા, ફરસી વગેરે તેમાં રહેલું છે. દારૂ ભરવાની કોથળીઓ જેને માબર કહેતા એ પણ  છે. હથિયાર વિભાગ આપણને યુદ્ધો અને સલામતી માટે માનવ એ શું શું કર્યું હતું એ માહિતી આપે છે. કે જેમ ઘાતક હથિયારો શોધ્યા એમ સામે રક્ષણાત્મક સાધનો પણ માનવે શોધેલા જેમ કે બખ્તર, હાથે, કાંડાએ, ગળાએ પહેરવાના જુદા જુદા સાધનો અહીં સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. અહીંની અમુક તલવારો ઉપર જુદી જુદી ભાષામાં લિપિમાં કંઈક લખાણો પણ કોતરવામાં આવેલ જણાય છે.*

**(3) વસ્ત્ર વિભાગ**

*હિન્દુસ્તાન એક કાળે કાપડ વણાટ ઉદ્યોગ માટે વિખ્યાત હતું. સુતરાઉ કાપડથી માંડી મલમલનું કાપડ અહીં બનતું હતું. આ સંગ્રહાલયમાં જૂનાગઢના નવાબોના સોના ચાંદીના તારથી કલા કસબથી બનેલા વસ્ત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ સિવાય સાફા, સાડી, ગાલીચા, વિંજણા, તકિયા વગેરે રહેલું છે. આ સંગ્રહાલયના જરિયન કિંમતી વસ્ત્રો અને ગાલીચાઓ, રાજ છત્રો, જૂના પુરાણા અનેક જે નમૂનાઓ છે, જે પ્રવાસીઓનું મન મોહી*

લે છે અને હિન્દુસ્તાનના કારીગરો પર તે માન ધરાવતો થઈ જાય છે. બ્રિટીશ સરકાર તરફથી એક ધ્વજ મળેલ તે તથા બીજો રાજ્યનો કિંમતી કાપડનો ધ્વજ છે એ ધ્વજમાં ઊગતો સૂર્ય પ્રદર્શિત છે.

**(4) વુડન આર્ટ ફર્નિચર વિભાગ**

એક સમયે તો આપણું મોટાભાગનું ઘરેલું ફર્નિચર લાકડામાંથી જ બનતું હતું. એ કિંમતી લાકડું ક્યારેય પલળ્યા વિના બગડતું નહીં જેની આયુષ્ય 200 વર્ષથી વધુ હતી. સાગ, સીસમ અને બર્માટીકના લાકડામાં આપણા કુશળ ભારતીય કારીગરો નયનરમ્ય ડિઝાઈનો કોતરતા હતા. જૂનાગઢના આ સંગ્રહાલયમાં નવાબનો ચાંદીનો પલંગ તથા શાહજાદાના લગ્ન પ્રસંગે જે મંડપ બનાવવામાં આવેલો તેનો નમૂનાનો નાનો મોડેલરૂપ કાસ્ટનો માંડવો બનાવવામાં આવેલ તે અહીં પ્રદર્શિત કરવામાં આવ્યો છે. વિવિધ પ્રકારની ડિઝાઈનોવાળા પાર્ટીશન પ્રદર્શિત છે. આ સિવાય જેમાં ડ્રેસિંગ ટેબલ, શોકેસ, કાટખુણિયા,જૂની ઘડિયાળ, ઝેરી નાળિયેરમાંથી બનાવેલ અત્તરદાની વગેરે છે.

**(5) દરબાર હોલ**

જ્યારે ભારત સરકારે જૂનાગઢ રાજ્યનો કબજો સંભાળ્યો, તે પછી નવાબો દ્વારા વપરાતા રાજમહેલો કચેરીઓ કબજે લેવાય જેમાં દરબાર હૉલ પણ સામેલ હતો તેને જાહેર પ્રજા માટે ઈ.સ.1948માં ખુલ્લો મૂકવામાં આવેલ. દરબાર હૉલ એ સંગ્રહાલયનો પ્રમુખ મુખ્યખંડ છે, પણ આજે તો આ સંગ્રહાલયમાં તે અસલ જગ્યાએ નહીં, પણ પ્રતિકરૂપ તાજ મંઝિલના એક મોટા હૉલમાં જૂના દરબાર જેમ ગોઠવવામાં આવેલ છે.

જૂના અસલ દરબાર હોલનો ઉપયોગ ખાસ વિશિષ્ટ પ્રસંગે કરવામાં આવતો જેવા કે ઈદ કે દશેરા કે કોઈ ધાર્મિક પ્રસંગ કે શાહી પરિવારનો જન્મોત્સવ, ગવર્નર કે વાઈસરોય પધારવાના હોય, બ્રિટિશ સરકાર દ્વારા કોઈને ઈનામ આપવાનું હોય અથવા અન્ય મોટા રાજા પધારવાના હોય. આ દરબાર હૉલમાં મહાનુભાવો કે નવાબ આવે ત્યારે છડી પોકારાતી હતી અને મસાલ પેટાવવામાં આવતી હતી.

ઈ.સ.1964માં ગુજરાત રાજ્યનું સંગ્રહાલય ખાતું અસ્તિત્વમાં આવ્યું તેણે દરબાર હૉલનું સંચાલન સંભાળેલ. પછી તેમાં નવીનતા ઉમેરી નવા વિભાગો ઉમેરી તા.21/1/1977ના રોજ ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી નવલભાઈ શાહના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, તે પછી તા.26/6/1977ના રોજ દરબાર હોલ જાહેર જનતા માટે ખુલ્લો મૂકાયો હતો.

જ્યારે આ સંગ્રહાલય સીટી રાજમહેલના દરબાર હૉલમાં હતું, ત્યારે ઓરીજીનલ દરબાર હૉલમાં જ્યાં દરબાર ભરાતો એ ઠેકાણે આ દરબાર હૉલ એવો સરસ રીતે ગોઠવવામાં

*આવેલો કે લોકો એ સમયની કેવી રીતરસમ કેવી હશે એ જાણી શકતા હતા.આ સંગ્રહાલયમાં પણ આવો હૉલ ગોઠવવાની કોશિશ કરવામાં આવી છે, પરંતુ અહીં જગ્યા થોડી ઓછી હોવાથી ભરચક દરબાર હૉલ લાગે છે. આ હૉલમાં એક સ્ટેજ પર રાજ સિંહાસન બીજા નાના સિંહાસનો, રાજછત્ર ગોઠવેલ છે, તેની બંને બાજુમાં કલાકારીગીરી વાળી કલાત્મક ચાંદીની ખુરશીઓની હરોળ ગોઠવવામાં આવેલ છે, જે ખુરશીઓ પર નવાબ જ્યારે દરબાર ભરતા ત્યારે ભાયાતો, અમીર, ઉમરાવો તેના મોભા પ્રમાણે ઉપર બેસતા હતા. ભોંયતળિયા ઉપર ઉનનો રંગીન લીલો ગાલીચો બીછાવેલ છે. આ દરબાર હૉલની વચ્ચે એ ઈસ્તમ્બુલ નામનું મૂલ્યવાન કાચનું લાલ રંગનું ફુવારા જેવું ઝાડ, દીપડો તથા કટ ગ્લાસનું ટેબલ અને ચાંદીની ટીપાઈઓ પણ મૂકવામાં આવી છે. દરબાર હૉલનું શાહી રાચરચીલું છે જેમાં સોફા અને 56 જેટલી ચાંદીની કલાત્મક ખુરશીઓનો મોટો ભાગ જૂનાગઢ,માંગરોળ,માણાવદર અને સરદારગઢ રિયાસતમાંથી મેળવેલ છે.*

*જૂના દરબાર હૉલ સંગ્રહાલયમાં તો એ સીલીંગમાં જ રંગબેરંગી એક થી વધુ વધુ આકર્ષક મોટા મોટા વિશાળ ઝુમ્મરો લટકતા હતા, જ્યારે આ સંગ્રહાલયમાં એ 24/48/ પર વાલશેડના ઝુમ્મરો જુદાં જુદાં ઠેકાણે અને ઓસરીમાં જગ્યાને અભાવે પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મોટી બારીઓ પર ચમકતા સીતારાવાળા મખમલના ઘેરદાર પડદાઓ મૂકવામાં આવ્યા છે. આ દરબાર હૉલમાં સૌથી વધુ આકર્ષિત અને મૂલ્યવાન નવાબ રસુલખાનજીનું બેનમૂન સ્ટેચ્યુ આવેલું છે, બહુ જ ઓછા ઈસ્લામી શાસકોના આવા જૂજ ઠેકાણે સ્ટેચ્યુઓ બનાવવામાં આવેલા હોય છે.*

**(6) ગ્લાસ આર્ટ વિભાગ**

*આ વિભાગમાં હિન્દુસ્તાનની નહિ પરંતુ દેશ-વિદેશની કલાત્મક કાચની અને ચિનાઈ માટેની વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જેમાં બેડા, ગોળા, હાંડી, ચિનાઈ માટીના કપ રકાબી, જેમાં અમુકમાં નવાબના ફોટાઓ છાપવામાં આવેલા છે. સુરાહી વગેરે વગેરે રહેલું છે. જે તે સમયે જૂનાગઢ એટલે કે સક્કરબાગના મ્યુઝિયમમાં આ બધી ચીજો પ્રદર્શિત કરવામાં આવી હતી, જેની અહીં આ એક ગેલેરી બનાવવામાં આવી છે. આ વિભાગમાં કેટલાક મૂલ્યવાન ચાંદ અને તારાવાળા ઝુમ્મરો રહેલા છે એમાના અમુક ઝુમ્મરોની ઉપર નવાબ બહાદુરખાનજી અને નવાબ રસુલખાનજીની તસવીરો છાપવામાં આવેલી છે જે આજે અતિ મૂલ્યવાનમાં મૂલ્યવાન ગણાય છે.*

## (7) મિયાના અને પાલખી વિભાગ

*આ સંગ્રહાલયમાં અનેક હાથીના હોદ્દાઓ અને બે ચાર નોકરો તેના બને છેડાના લાકડા ડંડા પકડીને ચાલતી પાલખીઓ રાખવામાં આવી છે. આ પાલખી ઉપાડવાનું કામ જૂનાગઢમાં વસતા ભોય જ્ઞાતિના લોકો કરતાં હતા. રાજા મહારાજા યુદ્ધમાં જાય ત્યારે કે શિકારે જાય અથવા શહેરમાં સવારી કરવાના હોય ત્યારે આ હોદ્દા કે અંબાડીનો ઉપયોગ કરતા હતા. હાથીનો શણગાર પણ કરવામાં આવતો હતો. અંબાડીના આગળના ભાગમાં નવાબ બેસતા સૌથી આગળ મહાવત હોય નવાબના પાછળના ભાગમાં ચામર ઢોળનાર હોય. નવાબના હાથીની આજુબાજુ બીજા દરબારીઓની સવારી ચાલતી હતી. હાથી પર ચઢવા ઉતરવાની ચાંદીના પતરાથી મઢેલ નિસરણીઓ પણ છે.*

*જૂનાગઢની જે બેગમો હતી એ પડદામાં રહેતી હોવાથી બેગમો માટે ઓઝલ છત્રીઓ અને બંધ મિયાનાઓ રાખવામાં આવ્યા હતા જેમાંથી એક સુંદર મિયાના પાલખી અહીં પ્રદર્શિત કરવામાં આવેલ છે, જેની બારીઓ અને બારણું બંધ કરતા બેગમ અંદર બેસી જાય. એ પછી બંને બાજુનું લાકડું બે ચાર જણા ઉપાડીને એને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતા હતા, ત્યાં બેગમ ઉતરતા તરત જ તેના ઉપર ઓઝલ છત્રી નાંખી દેવામાં આવતી હતી. મિયાના અને હોદ્દાઓમાં ચારે બાજુમાં ચાર મત્સ્ય કન્યા સેવિકા ધ્યાન આકર્ષક રીતે કંડારાયેલી છે. મિયાના પાલખીમાં હિન્દુ દેવતા ગણેશ, સૂર્ય અને અન્ય દેવદેવીના અંકન છે, જે જૂનાગઢ રાજ્યની ધાર્મિક સહિષ્ણુતાનુ પ્રમાણ આપે છે.*

*અહીંની પાલખીઓ અને મિયાનાઓ ચાંદીના ઘડવામાં આવેલ છે, એ અંબાડી અને હોદ્દાઓમાં મોર, સિંહ, હરણ એવી જીવિત આકૃતિઓ પણ કોતરવામાં આવી છે, જે જીવિત આકાર કોતરવાનું કે કંડારવાનું ઈસ્લામમાં વર્જિત હોવા છતાં પણ અહીંના નવાબોએ પોતાના આ હોદ્દાઓ અને પાલખીઓમાં આ આકાર કોતરાવવામાં કશો જ વાંધો ન માન્યો હોય એવું અવશ્ય જણાઈ આવે છે. છેલ્લા નવાબની ચાર ઘોડાની એક વિશિષ્ટ બગી છે પણ જે અહીં સંગ્રહાલયમાં આજે પ્રદર્શિત કરી નથી.*

## (8) પેઈન્ટિંગ વિભાગ

*આ સંગ્રહાલયમાં વિવિધ આદમ કદના પેઈન્ટિંગ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જેમાં નવાબ મહાબત ખાનજી બીજા, નવાબ બહાદુરખાનજી ત્રીજા, નવાબ રસુલખાનજી, નવાબ મહાબતખાનજી ત્રીજા તથા શેરજુમ્માખાનજી, માણાવદરના ફાતિમા બેગમ, વઝીર બહાઉદ્દીનભાઈ, શેખ જહાંગીરમિયા માંગરોળ વગેરેના પેઈન્ટિંગ છે. આ ઉપરાંત જહાંગીરનો અદલ ઈન્સાફ નામનું એક ચિત્ર અહીં મૂકવામાં આવ્યું છે. એક કાળે આ*

*મ્યુઝિયમમાં કાઠિયાવાડના મોટાભાગના રાજવીઓના ફોટાઓ તેમની સહી સાથેના પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. જે હવે લોક એન્ડ કી માં હોવાનું જણાય છે. બાકી એ બધા જ રાજવીના ફોટોગ્રાફ્સ ઉપરથી તેમની પાઘડી પોશાકનો ખ્યાલ દર્શકોને આવતો હતો. આ સંગ્રહાલયમાં જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન કૉલેજના ખાતમૂર્હુતની તા.25/3/1897ની અલભ્ય તસવીર સચવાયેલી છે.*

**(9) અન્ય ગેલેરી**

*આ ગેલેરીઓ અન્યત્ર સંગ્રહાલય હતું ત્યારે ત્યાં હતી હવે આ મ્યુઝિયમમાં તે મૂલ્યવાન ચીજ વસ્તુઓ છૂટી છવાઈ રીતે અલગ અલગ જગ્યાએ પ્રદર્શિત કરવામાં આવી છે. આ સંગ્રહાલયમાં પુરાતત્વીય મહત્વ ધરાવતા પ્રાગૈતિહાસિક કાળના નમૂનાઓ, હડપ્પા સભ્યતા, બોરિયા સ્તુપ, ઈંટવા વિહારના અવશેષો અને મૂલ્યવાન ચીજો, માટીની વસ્તુઓ, ઠીકરાઓ, મૂર્તિઓ, સ્તુપની ડબ્બીઓ, પથ્થરના ઓજારો વગેરે છે.*

*ખાસ કરીને બોરિયા સ્તુપની ડબ્બીઓ પથ્થરના ઓજારો છે. બોરિયા સ્તુપમાંથી મળેલ એક મંજુષામાં નાની મોટી ડબ્બીમાં બૌદ્ધ સાધુઓની ભસ્મ કે અવશેષો છે. પથ્થરનો દાબડો તેમાં ત્રાંબાનો દાબડો તેની અંદર ચાંદીનો દાબડો તેની અંદર સોનાનો દાબડો આવેલ છે. જે સોનાના દાબડામાં પાંચ પાંચ નાના ઝવેરાતો અને માનવ હાડકાંનો ટુકડો હતો,આમાંનું એક ઝવેરાત દેખીતી રીતે માણેક,નીલમણી અને સફેદ નીલમણી હતું, જે અહીં પ્રદર્શિત કરવામાં આવેલ. ઈંટવા વિહારમાંથી જે મુદ્રા મળેલ છે તેના ઉપર 'મહારાજા રુદ્રસેન વિહારે ભિક્ષુ સંઘસ્ય' લખેલ છે.*

*નાની નાની કાંસ્ય અને પિત્તળની મૂર્તિઓમાં તીર્થંકરો, ગરુડાસીન લક્ષ્મીનારાયણ, નૃસિંહ, સૂર્ય, ભૈરવ, અંબિકા, મહેશ્વરી, કાલિકા, જગદંબા રહેલ છે. સંગ્રહાલયમાં વિશાળ સંખ્યામાં સિક્કાઓ અહી પ્રદર્શિત છે જેમાં પંચમાર્ક આહત સિક્કાઓ તથા પરદેશી આક્રમકોના સિક્કાઓ, ગુપ્ત શાસકો, ક્ષત્રપ શાસકો તથા મુસ્લિમ શાસકોના સિક્કાઓ છે. માળવા જામનગર સ્ટેટ અને જૂનાગઢ સ્ટેટના સિક્કાઓમાં કોરી અને ઢીંગલા વગેરે છે.*

*આ સંગ્રહાલયમાં તામ્રપત્રો, શિલાલેખો અને દાનપત્રોનો એક વિશાળ વિભાગ છે, જેમાં કડીવાળા સીલ સાથેના અનેક રાજવંશોના દાનપત્રો, તામ્રપત્રો, બ્રાહ્મી, ખરોષ્ઠી, દેવનાગરી, અરબી અને ફારસી ભાષામાં કોતરાયેલા છે.*

*શિલાલેખોમાં ચસ્ટનનો લેખ, ભીમદેવ બીજાનો લેખ, મીનળદેવીનો લેખ, રા' માંડલીકનો લેખ, મુઘલ ફોજદાર શાહવર્દીખાનનું ફરમાન, કુતબુદ્દીન અહમદ બીજાનો મસ્જિદ લેખ વગેરે વગેરે છે. મૂર્તિઓમાં સોરઠ બરડા પ્રદેશમાંથી અનેક સૂર્યમૂર્તિઓ જૈન તીર્થંકરની*

મૂર્તિઓ મળી હતી તે રાખવામાં આવી છે. વંથલીથી મળેલ જૈનમૂર્તિઓ અહીં સંગ્રહિત છે. અહીં પાંચમી સદીનું જળ કન્યાના શીર્ષ ભાગવાળું શિલ્પ વિશિષ્ટ છે.

### 14.2.5 શૈક્ષણિક પ્રવૃત્તિ

સંગ્રહાલય આમ તો અવૈધિક રીતે જ્ઞાનોપાસનાનું કાર્ય કરે છે. જેના દ્વારા કરાતા કાર્યો શાળા, મહાશાળા અને વિશ્વવિદ્યાલયની સરખામણીમાં વધુ આનંદ પમાડે છે કારણ કે ત્યાં સજ્જડ પુરાવાઓ હાજર હોય છે. સંગ્રહાલયને સંશોધનનું કેન્દ્ર ગણવામાં આવે છે, તેથી અહીં ઊંડો અભ્યાસ કરવા જિજ્ઞાસુઓ સંશોધકો અને વિદ્યાર્થીઓ વિદ્વાનો આવે છે અને તેના સંદર્ભ ગ્રંથાલયનો ઉપયોગ કરે છે. અહીંના ગ્રંથાલયમાં 3000 થી વધુ પુસ્તકો છે. સંગ્રહાલયમાં મ્યુઝિયમ દિવસ, વિશ્વ ધરોહર દિવસ તથા વિવિધ વિષયો સેમિનાર વ્યાખ્યાનો, વિવિધ કાર્યશાળાઓ, શૈક્ષણિક પ્રવાસો પણ સમયાંતરે અવારનવાર યોજવામાં આવે છે. મ્યુઝિયમે કેટલાક પુસ્તકો પ્રકાશિત કરેલા છે.

---

### (અ) તમારી પ્રગતિ ચકાસો

---

(1) જૂનાગઢના આ સંગ્રહાલયની મૂળ સ્થાપના ક્યારે કરવામાં આવી હતી.

(A) 1897 (B) 1901

(C) 1911 (D) 1926

(2) જૂનાગઢના આ સંગ્રહાલયમાં કયા સ્તુપના ઉત્ખનન માંથી મળેલી વસ્તુઓ પ્રદર્શિત છે.

(A) દેવની મોરી (B) ઈંટવા

(C) બોરિયા (D) સાંચી

(3) જૂનાગઢ સંગ્રહાલયમાં જે રણશિંગું છે તે કઈ માછલીનો દાંત છે.

(A) કીબુકા (B) વ્હેલ

(C) બુમલા (D) શાર્ક

(4) જૂનાગઢ સંગ્રહાલયમાં કયા નવાબનું બાવલું રહેલું છે.

(A) રસુલખાનજી (B) મહાબતખાનજી

(C) બહાદુરખાનજી (D) શેરજુમ્માખાનજી

(5) *જૂનાગઢ નવાબને બ્રિટિશ રાજ તરફથી 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે તાજને મદદ કરવા બદલ શું પ્રાપ્ત થયું હતું.*

(A) *પાલખી* (B) *સન્માનપત્ર*

(C) *મેડલ* (D) *ખાસ વિશિષ્ટ કોટ*

❖ **નીચેના વિશે છ-છ લીટીઓ લખો.**

1. *જૂનાગઢ સંગ્રહાલય તમને કઈ કઈ વિશિષ્ટ બાબતોથી ગમ્યું તેના વિશે લખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 14.3 વડોદરા સંગ્રહાલય એન્ડ પિક્ચર ગેલેરી

### 14.3.1 સ્થાપના

*આ સંગ્રહાલયની સ્થાપના મહારાજા સયાજીરાવ ત્રીજાના હાથે કરવામાં આવી હતી. આ સંગ્રહાલયનું શિલારોપણ ઈ.સ.1887માં ખુદ મહારાજા સયાજીરાવ ત્રીજાને હસ્તે કરવામાં આવેલ. આ સંગ્રહાલયનો મોટો ભાગ ખુદ મહારાજાએ પોતાની ધગશને પોતાના શોખથી દેશ-વિદેશમાંથી ભેગો કર્યો હતો. જેવી રીતે હૈદરાબાદના સાલારજંગ મ્યુઝિયમમાં સાલારજંગ ત્રીજાના સંગ્રહમાંથી બનેલ. સંગ્રહાલયનું મકાન બંધાઈ જતા ઈ.સ.1894માં પ્રજા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું.*

*પ્રજાવત્સલ સંસ્કૃતિ પ્રેમી મહારાજાએ પોતાની બહુમૂલ્યવાન ચીજો તેમણે પ્રજાજનો જોઈ શકે માટે ભેટ આપી દીધેલી કે જેથી કરીને આ સાંસ્કૃતિક વારસો લોકો નિહાળી શકે. તથા ઈતિહાસ અને સંસ્કૃતિની જાળવણી માટે જાગૃત બને જ્યારે સંગ્રહાલયની ભવ્ય ઈમારત બની ગઈ ત્યારે એ ઈમારત અને સંગ્રહાલયના નમૂનાઓને કારણે સંગ્રહાલયને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. ઈ.સ.1949માં મુંબઈ રાજ્યની સ્થાપના થતા સંગ્રહાલયનો વહીવટ મુંબઈ સરકારના કેળવણી ખાતાને સોપાયો હતો. આ સંગ્રહાલયના પ્રથમ નિયામક જે. એફ. બ્લેક હતા. આ સંગ્રહાલયની ઈમારતના સ્થપતિ કે ડિઝાઈનર જે.એફ. ચીશોમ અને સ્થપતિ આર. એન. મૅટ હતા. ચિશોમે અને મૅટએ આ ઈમારતને ઈન્ડો-સેરેસિનિક વાસ્તુકળાનો શ્રેષ્ઠ નમૂનો બનાવ્યો. સંગ્રહાલયની ઈમારતનું સ્થાપત્ય*

*મરાઠા શૈલી, યુરોપિયન શૈલી, પાર્થેનોન શૈલી અને મુસ્લિમ સ્થાપત્ય શૈલીઓના મિશ્રણથી તૈયાર કરવામાં આવેલ છે. સંગ્રહાલયનું તે સમયે એ પ્રકારે બાંધકામ કરવામાં આવ્યું હતું કે, સૂર્યપ્રકાશનો પૂર્ણ ઉપયોગ કરી ઈલેક્ટ્રીસિટી વિના પણ જોઈ શકાય. આ પછી સંગ્રહ વિક્સતો ગયો ને ઈ.સ.1908માં મુખ્ય મકાનને જોડતી પિક્ચર ગૅલરીનું મકાન બાંધવાનું શરૂ થયું અને ઈ.સ.1921માં તે પણ પ્રજા માટે ખુલ્લું મુકાયું. સંગ્રહાલયની બે માળની ઈમારતમાં અનેક દેશોની કલાઓનું વૈવિધ્ય જોવા મળે છે. સંગ્રહાલયના ભૂસ્તરશાસ્ત્ર અંગેના વિભાગને શ્રી આર..બી. ફૂટ કે જે થોડો વખત માટે રાજ્યના પુરાતત્વજ્ઞ હતા તેમણે સહાય કરી હતી. વડોદરા રાજ્યના કલા સંચાલક ડો.ઈ. કોહન વીએનરે કલાવીથીને ગોઠવી હતી. ઈ.સ.1943માં ડો.ગોએટ્ઝે ચિત્ર વિથીઓનો વિશેષ વિકાસ કર્યો હતો.*

### 14.3.2 ગાયકવાડનો ટૂંક ઈતિહાસ

*વડોદરા એ ગુજરાતનું સૌથી મોટું દેશી રાજ્ય હતું. કાઠિયાવાડમાં સૌથી મોટું રાજ્ય જૂનાગઢ હતું. વડોદરા નો રાજવંશ ગાયકવાડ તરીકે ઓળખાતો હતો. પીલાજીરાવ ગાયકવાડથી માંડીને અંતિમ રાજવી પ્રતાપસિંહરાવ સુધીમાં કુલ 11 રાજવીઓ ગાદીએ આવ્યા હતા. જેમાં ઈ.સ.1875માં સયાજીરાવ ત્રીજા ગાદીએ બેઠા, પછી વડોદરામાં નૂતન યુગની શરૂઆત થઈ હતી, જેમના દીવાનો ખૂબ જ બુદ્ધિશાળી અને પ્રજા હિતેચ્છુ કામ કરનારા હતા. તેથી સમગ્ર રાજ્યની રૂપરેખા જ બદલાઈ ગઈ હતી. વડોદરાએ અમરેલી પ્રાંતમાં ફરજિયાત કન્યા કેળવણીનો પ્રયોગ શરૂ કર્યો હતો. વડોદરામાં કલાભવન, હાઈકોર્ટ, ટેકનીકલ શિક્ષણ, ગ્રામ પંચાયતો, ધારાસભા સ્થપાઈ હતી. ઈ.સ.1917/18માં સેનેટરી બોર્ડની સ્થાપના કરી હતી. જેના પ્રયાસથી રોગચાળો કાબુમાં આવ્યો હતો. ઈ.સ.1919માં દરેક ગામને પાંચ માઈલના વિસ્તારમાં વૈદકીય સારવાર મળી રહે તે માટે ગ્રામ્ય દવાખાના શરૂ કર્યા હતા. ઈ.સ.1926માં ઓખા બંદરને ખુલ્લું મૂક્યું હતું. ઈ.સ.1936માં વડોદરામાં એરોડ્રામ બાંધવામાં આવ્યું. સયાજી મીલ ઈ.સ.1885માં રાજ્યના સહકારથી શરૂ થઈ હતી. ઈ.સ.૧૯૩૫માં દિનેશ વુલન મિલ વડોદરામાં શરૂ થઈ હતી. સિદ્ધપુર, કડી, કલોલ, બીલીમોરા અને નવસારીમાં સાતેક મીલ શરૂ થઈ હતી. સયાજીરાવ ત્રીજાના સમયમાં વડોદરા ભારત વર્ષનું અગ્રણીય રજવાડું બની ગયેલું, પ્રતાપસિંહરાવના સમયમાં 30 એપ્રિલ 1949ના રોજ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી.*

### 14.3.3 વિવિધ ગેલેરીઓ

*આ સંગ્રહાલય નાની મોટી 27 ગેલેરીઓમાં આવેલું છે. ભારતના સંગ્રહસ્થાનોના મંડળનું આ સંગ્રહસ્થાન સંસ્થાકીય સભ્ય છે.*

**(1) ભૂસ્તરશાસ્ત્ર પ્રાણીશાસ્ત્ર અને માનવ વિદ્યા**

*સંગ્રહાલયનો પ્રાકૃતિક ઈતિહાસ વિભાગ 10 વીથીઓમાં ગોઠવવામાં આવેલ છે, જેમાંની પાંચ પ્રાણીશાસ્ત્ર સંબંધી છે અને બાકીની ભૂસ્તર શાસ્ત્ર અને પ્રાણી અવશેષ શાસ્ત્રને લગતી છે. બે વીથીઓ મનુષ્ય જાતિ શાસ્ત્રને લગતી છે. પ્રાણીશાસ્ત્ર વિભાગમાં પૃષ્ઠવંશ પ્રાણી અને અપૃષ્ઠવંશ પ્રાણીનું નિદર્શન કરતો પ્રતિનિધિ સંગ્રહ છે. પક્ષીઓ ઉર્ધ્વગામી પ્રાણીઓ ભુજલચર અને માછલીઓ માટે પણ વિધિઓ છે. ભૂસ્તરશાસ્ત્ર સંબંધી વિભાગમાં ખડક ખનીજ અને અસ્મિભૂત અવશેષોનો સમાવેશ થાય છે. આર્થિક વનસ્પતિ શાસ્ત્રને લગતા વિભાગમાં કૃષિ વિશે અને ઔષધીય વનસ્પતિના નમૂનાઓ છે .*

*આ ગેલેરીમાં પ્રાણીઓ, પક્ષીઓ, સરીસૃપ, સસ્તન પ્રાણીઓ તથા દરિયાઈ જીવો, દરિયાઈ વનસ્પતિ પ્રદર્શિત કરવામાં આવેલ છે. અસ્થિરચનાશાસ્ત્ર વિભાગમાં અનેક પ્રાણીના પક્ષીના અસ્થિ પિંજરો રહેલા છે. માનવ વંશમાં પચરંગી પ્રજાની વિવિધ પાઘડીઓ તથા પહેરવેશ અને આફ્રિકાના આદિવાસીઓનું જીવન દર્શાવ્યું છે. માનવ જાતિને લગતા વસ્ત્રો, વાદ્યો, ખેતીના સાધનો, હોડી, સ્ટીમર, વરાળ એન્જિનો વગેરે તેમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. અહીં અશ્મીભૂત પ્રાણીવિદ્યા વિભાગ; ખનિજ, પેટ્રો-રસાયણ અને ભૂસ્તરવિદ્યા વિભાગ પણ છે. માનવવંશજ વિભાગ તેમજ સંગીતવાદ્ય ગૅલરી પણ મહત્વનાં છે.*

**(2) પુરાવસ્તુવિદ્યા**

*આ વિભાગમાં પ્રાગૈતિહાસિક અને આદ્ય ઐતિહાસિક કાળના પુરાવાઓવાળા વિશિષ્ટ નમૂનાઓ પ્રદર્શિત કરેલ છે. મોહેંજોદડોના તથા હડપ્પાના અવશેષો આ સિવાય ઉત્તર પંજાબ, રાજસ્થાન, કાઠિયાવાડના ભાગોમાં વિકસેલી સંસ્કૃતિના પથ્થરો માટી તાંબુને સોનામાંથી બનેલી વસ્તુઓ છે. મૌર્યકાલીન માતૃકાઓ, ગજલક્ષ્મી, અશ્વમુખી છે તથા ગાંધારશૈલીનું બુદ્ધ શીર્ષ, કુશાણ સમયના બુદ્ધ, જૈન તીર્થંકરોના શિલ્પ રાષ્ટ્રકૂટ કળાના ભૈરવ, નટરાજનના શિલ્પો, ચાલુક્ય સમયના ઉમા મહેશ્વર, ચૌલા, ગુજરાતના શિલ્પો પ્રદર્શિત છે.*

**(3) સંસ્કૃતિ કલા**

*આ સંગ્રહાલયમાં ગુજરાત રાજસ્થાનના જૈન અને હિન્દુ લઘુ ચિત્રો હસ્તપ્રતોનો મોટો સંગ્રહ છે. રાજસ્થાની ચિત્રોમાં કચ્છવાહા શાખાનું રાગમાલા, મેવાર શાખાનું ઢોલામારુ, બુંદીશાળાનું બુંદેલા શાળા તથા ઉદયપુર શાળાના ચિત્રો તથા નાથદ્વારાની પીછવાઈ કલાના નમૂના પ્રદર્શિત છે. પહાડી ચિત્રોમાં પંજાબ શૈલી, ગઢવાલ કાંગરા શૈલીના લઘુચિત્રો, મુસ્લિમ સમયની અકબર શાળાનું વિશ્વવિખ્યાત 'હમઝાનામા' ચિત્ર અહીં પ્રદર્શિત છે. આ સિવાય શાહજહાં શાળા અને મુર્શિદાબાદ શાળાના મુસ્લિમ શૈલીના લઘુ ચિત્રોનો સંગ્રહ છે.*

**(4) લોક કલા**

*આ વિભાગમાં કાષ્ટ, કાપડ, લાખ, હાથીદાંતના વિવિધ નમૂનાઓ છે. આ સિવાય પથ્થરના શિલ્પો મિશ્ર ધાતુનો રથ, ચાંદીના કલાત્મક વાસણો, નકશીદાર હથિયારો તથા કાપડ કલામાં પાટણ અને સુરતના પટોળા, બાંધણી, બાલુચી, ચંદેરી સાડીઓ અને ભરતકલાના નમૂનાઓ સંગ્રહિત છે. વડોદરા પાસે અકોટા ગામથી મળેલ ઈ.સ. છઠ્ઠીથી અગિયારમી સદીનાં ધાતુ તેમજ પથ્થરનાં શિલ્પો, સોલંકી (ચાલુક્ય) અને વાઘેલા સમય (ગુજરાત, ઈ. સ.ના દશમી સદી પૂર્વાર્ધથી તેરમી સદી સુધી)નાં ખંભાત, પાટણ, ડભોઈ, દંતેશ્વર, કડી અને દ્વારકામાંથી મળેલાં શિલ્પો તેમજ સ્થાપત્યના અવશેષો અહીં સંગૃહીત છે. વડોદરા જિલ્લાના સિનોર ગામેથી મળેલ સત્તરમી સદીની કાષ્ઠકલાના મંડપનો ઉત્તમ નમૂનો અહીં પ્રદર્શિત છે.*

**(5) યુરોપિયન ખંડ**

*સંગ્રહાલયના ભોંયતળિયે ચાર ખંડો આવેલા છે, જેને યુરોપિયન ખંડ તરીકે ઓળખવામાં આવે છે. જેની અંદર 7મી સદીથી લઈને 20 મી સદી સુધીના ગ્રીક, રોમન તથા યુરોપિયન કલાના વિશિષ્ટ નમૂનાઓ રાખવામાં આવેલા છે એક ખંડમાં લઘુ ચિત્રો પ્રદર્શિત કરેલા છે. સોળમી-સત્તરમી સદીના જાણીતા યુરોપિયન ચિત્રકારોનાં ચિત્રોનો અહીં શ્રેષ્ઠ સંગ્રહ છે. તેમાં ફ્રેન્ચ તેમ જ બ્રિટિશ શૈલીની કૃતિઓ પણ છે.*

**(6) તિબેટો અને નેપાલીઝ ગેલેરી**

*આ ગેલેરીમાં મોટાભાગના મુખ્ય લામાની આકૃતિઓ તથા હિન્દુ દેવગણોને નિરૂપતિ કાંસાની મૂર્તિઓનો જબ્બર સંગ્રહ પ્રદર્શિત કરાયેલ છે. જે લોકો કર્મકાંડમાં વાપરતા એવી નવીન આકારના વિવિધ પાત્રો અને દીવાઓ તથા હસ્તપ્રતો તથા મંદિરોની ધજાઓ પણ સંગ્રહિત કરી પ્રદર્શિત કરવામાં આવી છે. બૌદ્ધ દેવોનું નિરૂપરણ કરતા લઘુ ચિત્રો તથા તાડપત્ર ઉપર લખેલી પ્રજ્ઞા પારમિતાની હસ્તપ્રત બુદ્ધની વિવિધ મુદ્રા બતાવતી નેવારી*

હસ્તપ્રત અહીં રાખવામાં આવેલ છે. નેપાળી અને તિબેટી કલા ગૅલરીમાં ટાંકા-ચિત્રો, દિપંગ મૉનેસ્ટરીનું 6 ફૂટનું કાંસાનું મંડળ, બૌદ્ધ અને અન્ય મૂર્તિઓ પ્રદર્શિત છે.

**(7) આધુનિક ભારતીય ગેલેરી**

આ વિષયને લગતા નમૂનાઓ અન્ય બે ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જેમાં કનુ દેસાઈ, રવિશંકર રાવળ, શ્યામવક્ષ ચાવડા, રાઝી, છગનલાલ જાદવ, વિ.એ. માલી, કે. એચ. આરા, વનલીલા કિનારીવાલા, સ્વેતોસ્લાવ રોરિક, નિકોલસ રોરિક, બિનોદ મુખર્જી, એફ.એન.બોસ, આર.કે.ફડકે, ધનરાજ ભગત, રસિકલાલ પરીખ,ચુઘતાઈ બેન્દ્રે, યજ્ઞેશ્વર શુક્લ, જૈમિનીરાય વગેરે વગેરે કલાકારોની કૃતિઓ છે.

**(8) હાડપિંજર ગેલેરી**

ઈ.સ.1944માં એક વ્હેલ માછલી મહીસાગર નદીમાં તણાઈ આવીને મળેલ હતી, જેની લંબાઈ ૭૨ ફૂટની છે તે બ્લુ વ્હેલ માછલીનું હાડપિંજર આ ગેલેરીમાં રખાયું છે. આ ઉપરાંત અન્ય હાડપિંજરોમાં માનવ, ચિમ્પાન્જી, જિરાફ વગેરેના હાડપિંજરો પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જે નિહાળીને દર્શકો અચંબિત બની જાય છે.

**(9) બાળકોની ગેલેરી**

એક રીતે જોવા જઈએ તો સૌથી વધુ રસ અને કુતુહલ સંગ્રહાલયમાં બાળકોને થાય છે. આથી મોટાભાગના બહુહેતુક સંગ્રહાલયમાં ચિલ્ડ્રન ગેલેરી અવશ્ય હોય છે. આ સંગ્રહાલયની ચિલ્ડ્રન ગેલેરીમાં પશુઓની ઉત્ક્રાંતિ દર્શાવતા નમૂના, ભારતના સ્મારકો, પક્ષીઓના માળાઓ, ચંદ્ર ઉપર ઉતરતો માનવ, ગુજરાતની વિવિધ પચરંગી જાતિઓ તથા હિમાલય પર પર્વતારોહણ વગેરે પ્રદર્શિત કરવામાં આવેલ છે.

**(10) એશિયાઈ દેશોની કલા સંસ્કૃતિ**

આ સંગ્રહાલયની છ ગેલેરીઓ તો એશિયાઈ દેશોની કલા સંસ્કૃતિના નમૂનાઓએ રોકી રાખેલ છે. એક ગેલેરીમાં બર્મા, સિયામ, મલાયા, ઈન્ડોચાઈના અને ઇન્ડોનેશિયાના નમૂનાઓ પ્રદર્શિત છે. જેમાં 17મી સદીમાં તૈયાર થયેલ નેવારી ચિત્ર, ચાંદીનો વાઝ તથા જાતક કથાના દ્રશ્યો, લાકડાની તાસક વગેરે છે. બીજો એક ખંડ જાપાનીઝ ખંડ છે, જેમાં જાપાનના ધર્મ સંસ્કૃતિ અને કલાના લગતા નમૂનાઓ પ્રદર્શિત છે. ત્રીજી ગેલેરીમાં તિબેટી, નેપાલીઝ કલા સંસ્કૃતિને વ્યક્ત કરતા નમૂનાઓ શોભી રહ્યા છે. ચોથી ગેલેરીમાં બેબીલોનની પ્રાચીન સંસ્કૃતિ સભ્યતાને કલાના નમૂના છે. આ સિવાયની ગેલેરીમાં ચાઈનીઝ અને ઈસ્લામ ધર્મ પાળતા દેશોના નમૂનાઓ આકર્ષક રીતે ગોઠવાયા છે.

**(11) વડોદરા ખંડ**

*આ ગેલેરીમાં ગુજરાતી અને મરાઠી કાળના નમૂનાઓ તથા ભારતીય લઘુચિત્રો, કિનખાબ, કાચ ઉપરના ચિત્રો, હથિયારો વગેરે રાખવામા આવેલ છે. આ ખંડ જોતા પ્રવાસીને વડોદરા રાજ્યમાં કલાનો કઈ રીતે વિકાસ થયો હશે એ જાણવા મળે છે.*

**(12) યુરોપિયન ચિત્રખંડ**

15*મી થી* 18*મી સદી સુધીના યુરોપિયન ચિત્રોને બે ખંડમાં ગોઠવવામાં આવેલ છે.* 19 *મી સદીના ચિત્રોને બીજા ખંડમાં પ્રદર્શિત કરાયા છે, જે ખૂબ જ નયનરમ્ય અને મૂલ્યવાન ગણાય છે.*

**(13) ચીની સંસ્કૃતિ ગેલેરી**

*આ ગેલેરીમાં અલભ્ય ચિત્રો, શિલ્પો, દસ્તાવેજો, કાંસાની મૂર્તિઓ, હાથીદાંત, કાષ્ટ, કાપડ, માટી વગેરેના સુંદર નમૂનાઓ પ્રદર્શિત કરાયેલ છે.*

**(14) જાપાનીઝ ગેલેરી**

*આ ગેલેરીમાં જાપાનના શિલ્પો, કાષ્ટકલા તથા લેકર કામ ચિત્રો, ધાતુ કામ, કાપડની બનાવટના નમૂનાઓ હાથીદાંત પરનું નકશીકામ તથા સિરેમિક વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે, જેમાં કમળ ઉપર બેઠેલા સાધુનો વેશ ધારણ કરેલા બૌદ્ધિસત્વ ક્ષિતિગર્ભની પ્રતિમા અને બૌદ્ધ મંદિરમાંથી મળેલું એક સુશોભિત ફાનસ દરેક પ્રવાસીનું અવશ્ય ધ્યાન ખેંચે છે.*

**(15) ઈજિપ્ત, બેબી લોનિયન ગેલેરી**

*આ ગેલેરીમાં ઈજિપ્તના મમી તથા ઈજિપ્તના ઈતિહાસ અને સંસ્કૃતિને લગતા સાંસ્કૃતિક નમૂના તથા બેબીલોનીયન સંસ્કૃતિના નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મમીને ઈજિપ્તના પિરામિડમાંથી લવાયેલા આવા ચાર મમી ભારત લવાયેલ એમાંનું એક મમી આ સંગ્રહાલયમાં છે. અસિરિયાની ઈ.સ. પૂર્વે* 3000 *વર્ષ જૂની માટીની તકતીઓ પણ અહીં પ્રદર્શિત છે.*

**(16) ઈસ્લામિક ગેલેરી**

*આ ગેલેરીમાં ઈસ્લામિક દેશો અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક, ઈજિપ્ત તથા ઉત્તર આફ્રિકા અને સ્પેનમાંથી મળેલા કાપડ પરના કેટલાક નમૂનાઓ કાંસાની મૂર્તિઓ, માટીના નમૂનાઓ, હાથી દાંતની વસ્તુઓ, લેકર કામના નમૂનાઓ અને ચિત્રો પ્રદર્શિત કરેલા છે. આ ઉપરાંત પર્શિયામાંથી મળેલા* 15*મી થી* 17*મી સદી સુધીના શાહનામા, સુસુફ ઝુલેખા*

*વગેરેના લઘુચિત્રો તથા પર્શિયન તથા ઈન્ડો પર્શિયન સચિત્ર હસ્તપ્રતોનો બેનમૂન સંગ્રહ પ્રદર્શિત કરેલ છે.*

**(17) પાશ્ચાત્ય (યુરલેપિયન) ગેલેરી**

*આ ગેલેરી મહારાજા સયાજીરાવ ત્રીજાએ પોતે જ તૈયાર કરી હતી. તેમણે લંડનના ક્લાવિદ મિસ્ટર મેરીઓન એચ. સ્પાઈલમેનને આ કામ સોંપેલ જેણે દુનિયાના સારા સારા કિંમતી ચિત્રો એકઠા કરેલા. જે વિવિધ શૈલીના જેવી કે ઇટાલિયન શૈલી, સ્પેનિશ શૈલી, ફ્લેમિશ શૈલી, બ્રિટીશ શૈલીના ચિત્રો પસંદ કર્યા હતા. આ સિવાય બેલ્જિયમ, ઓસ્ટ્રેલિયન, રશિયન, યુરોપિયન શૈલીના ચિત્રો રખાયા છે, જેમાં પાશ્ચાત્ય રાજવીઓના દુર્લભ અને બેજોડ મૌલિક તૈલચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.*

**(18) અન્ય ગેલેરી**

*આ સંગ્રહાલયમાં કુલ 27 ગેલેરીઓ આવેલી છે જેમાં અન્ય ગેલેરીમાં બુનર ગેલેરી, રોરી ગેલેરી, સેરીક ગેલેરી વગેરે છે. આ ગેલેરીઓની એકાદી બે કોઈ ચીજ વસ્તુઓ જુદી ગેલેરીઓમાં આવી ગઈ એવું કદાચ અહી બનશે પરંતુ વિદ્યાર્થીઓને વધુ સારી રીતે યાદ રહી શકે એટલા માટે આ પ્રમાણે મુદ્દાઓમાં બધું સામેલ કરવામાં આવ્યું છે એ સહુએ ખ્યાલમાં રાખવું. આ સંગ્રહાલયમાં જૂના તિરંગાઓ રાખવામાં આવ્યા છે. જે તિરંગાની રાષ્ટ્રધ્વજ બનવાનો ઈતિહાસ છે. વંદે માતરમ્, રેટિયા, અર્ધચંદ્રમા અને તારકવાળા ખાદીના તિરંગા પ્રદર્શિત કરાયા છે. આ મ્યુઝિયમનો હવાલો ગુજરાત સરકારે સંભાળ્યો ત્યારથી આ તિરંગા છે. એક રાષ્ટ્રધ્વજ સહિત કુલ 12 ધ્વજ છે. જે આઝાદીના લડતકાળ દરમિયાન વિવિધ તબક્કે પ્રસિદ્ધ થયા હોય એ તમામ પ્રકારો અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. વડોદરા સંગ્રહાલય ખાતે સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની 150મી જન્મજયંતિ પ્રસંગે ખાસ "સયાજી ગેલેરી" ખુલ્લી મુક્વામા આવી છે .*

## 14.3.4 શૈક્ષણિક પ્રવૃત્તિઓ

*આ સંગ્રહાલય મૂલ્યવાન પ્રકાશનો કરેલા છે. જેમાં મુખ્યત્વે આ બધા સંગ્રહવિષયક છે. 22 વાર્ષિક બુલેટિન, 19 મોનોગ્રામ અને 7 ગુજરાતી પ્રકાશનો અને શતાબ્દી વર્ષમાં 8 પ્રકાશનો કરવામાં આવ્યા હતા. આ સંગ્રહાલયના સંદર્ભ પુસ્તકાલયમાં 15000 થી વધુ પુસ્તકો છે, જેમા 300 વર્ષ જૂના પુસ્તકોનો સમાવેશ થાય છે. દેશ-વિદેશના સામયિકો સંગ્રહાલયમાં આવે છે. આ સંગ્રહાલય દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ગુજરાતના ભવ્ય વારસાનો આંતરરાષ્ટ્રીય પ્રચાર અને પ્રસાર થાય તે હેતુ સર રાષ્ટ્રીય સંગ્રહાલય, નવી દિલ્હીના સહયોગથી (1) બ્રુસેલ્સ (બેલ્જીયમ) (2) પેરિસ (ફ્રાન્સ) ખાતે*

*આંતરાષ્ટ્રીય પ્રદર્શન માટે વડોદરા સંગ્રહાલયના નમૂનાઓ લોન ઉપર મોકલવામાં આવ્યા. સંગ્રહાલયના 50 હજાર નમૂનાઓનું ડિજીટલ ડોક્યુમેન્ટશનની કામગીરી કરી તેને કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવ્યા છે.*

### 14.3.5 વડોદરાના અન્ય સંગ્રહાલયા

*વડોદરામાં આ સંગ્રહાલય સિવાય બીજા આઠ સંગ્રહાલય આવેલા છે.*

1. *શ્રી અરવિંદ વડોદરામાં 13 વર્ષ રહ્યા હતા, આથી મહર્ષિ અરવિંદ જે મકાનમાં રહેતા તે મકાનને ઈ.સ 1971માં કાયમી સ્મારક જાહેર કરવામાં આવ્યું છે, જેનું સંચાલન શ્રી અરવિંદ સોસાયટી કરે છે. અહીં મહર્ષિ અરવિંદનો હિંચકો, પુસ્તકો તથા વિવિધ તસવીરો પ્રદર્શિત કરવામાં આવેલ છે.*
2. *ઈ.સ.1941માં મહારાજા ફતેસિંહરાવે લક્ષ્મીવિલાસ પેલેસમાં પ્રતાપ શસ્ત્રાગાર ખોલેલ જેમાં 1001 શસ્ત્રોનો સંગ્રહ છે.*
3. *વડોદરામાં ઈ.સ.1927માં પ્રાચ્ય વિદ્યામંદિર સ્થપાયેલ છે, જેને બીજા નામે ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટ તરીકે ઓળખે છે. જેના સંગ્રહાલયમાં 27000 થી વધુ હસ્તપ્રતો સંગ્રહાયેલ છે.*
4. *મહારાજા ફતેસિંહજી સંગ્રહાલય જેનું સંચાલન મહારાજા ફતેસિંહજી સંગ્રહાલય ટ્રસ્ટ કરે છે. આ સંગ્રહાલયની રચના કલામર્મજ્ઞ સંગ્રહાલયવિદ ડૉ.હર્મન ગોએટઝના માર્ગદર્શન હેઠળ થયેલ છે, જેનું ઉદ્‌ઘાટન ઈ.સ.1961માં ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ નવાબ મહેંદી નવાઝજંગના હાથે કરવામાં આવ્યું હતું.*
5. *વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ મેડિકલ કૉલેજની ઈ.સ.1949માં શરૂઆત કરેલ તેની સાથે મેડિકલ કૉલેજ મ્યુઝિયમ શરૂ કર્યું હતું. આ સંગ્રહાલય વિદ્યાર્થીને અભ્યાસ માટે છે બહારના લોકો ખાસ પરવાનગી મેળવીને જ આવી શકે છે.*
6. *મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં વિભાગીય સંગ્રહાલય છે, જેમાં વિવિધ ઠેકાણેથી ઉત્ખનનમાંથી મળેલા પુરાવશેષો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.*
7. *મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંગ્રહાલયવિદ્યા વિભાગનું એક સંગ્રહાલય છે,જેમાં 350 થી વધુ મૂલ્યવાન નમૂનાઓ પ્રદર્શિત છે.*
8. *મહારાજા સયાજીરાવ ત્રીજાએ ઈ.સ.1931માં હેલ્થ મ્યુઝિયમની સ્થાપના પોતાના પ્રજાજનો શરીર અને આરોગ્યની બાબતમાં જાગૃત થાય એ માટે કરી હતી. અમદાવાદ પછી જ્યાં સહુથી વધુ સંગ્રહાલય હોય એવું આ વડોદરા શહેર છે.*

## (બ) તમારી પ્રગતિ ચકાસો

1. આ સંગ્રહાલયના મકાનના સ્થાપતિ કોણ હતા ?

   (A) જે.એફ.ચીશોમ અને આર.એન. મૅટ (B) રોબર્ટ બેલબુથ

   (C) જ્યોર્જ વિલે (D) પ્રોક્ટર સીમ્સ

2. આ સંગ્રહાલય વડોદરાના કયા રાજવીએ અંગત શોખથી ભેગી કરેલ કલાકૃતિઓમાંથી બનેલ છે.

   (A) દામજીરાવ (B) સયાજીરાવ

   (C) જીવાજીરાવ (D) ગોવિંદરાવ

3. આ સંગ્રહાલયમાં રહેલ વિશાળ વ્હેલ માછલી કઈ નદીમાંથી તણાઈને મળી આવી હતી.

   (A) નર્મદા (B) મહિસાગર

   (C) સરસ્વતી (D) ઓગણજ

4. આ સંગ્રહાલયમાં રહેલ મમી ભારતમાં કુલ કેટલા આવ્યા હતા ?

   (A) એક (B) બે

   (C) ત્રણ (D) ચાર

## 14.4 સારાંશ

આ સંગ્રહાલય બહુહેતુક અને વિવિધ વિભાગોથી સજ્જ છે. આ સંગ્રહાલયમાં કાઠિયાવાડના ઐતિહાસિક કાળની વસ્તુઓ પ્રદર્શિત છે, જેમાં અતિ મૂલ્યવાન પુરાતત્વીય ગેલેરીમાં ભૂસ્તરશાસ્ત્ર સંબંધિત અવશેષો અને શિલાલેખો અને સિક્કાઓ તામ્રપત્રો વગેરે છે. જ્યારે ઈ.સ.1949માં ગિરજાશંકર આચાર્યએ ઈંટવા ખાતે ઉત્ખનન કર્યું ત્યાંથી મળી આવેલ વસ્તુઓ જેવી કે માટીની વસ્તુઓ મુદ્રાઓ પ્રદર્શિત છે. બોરિયા સ્તુપના ઉત્ખનનથી મૂલ્યવાન વસ્તુઓ પ્રાપ્ત થઈ હતી, મહાન સમ્રાટ અશોકના લેખને રસ્તો બનાવતા સુરંગ ફોડતા નુકશાન થયેલ તેના ટુકડાઓ પણ અહીં સાચવી રખાયા છે. આજના સંગ્રહાલયમાં સંગ્રહિત તમામ વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી નથી ઘણી વસ્તુઓ લોક એન્ડ કી માં જગ્યાના અભાવે પડી હોય એમ લાગે છે. આ સંગ્રહાલયનો મોટો ભાગ બાબી શાસકોની ચીજવસ્તુઓ અને બોરિયા સ્તુપ અને ઈંટવાના ઉત્ખનનમાંથી મળેલ વસ્તુઓનો મહામૂલો સંગ્રહ છે.

*આ સંગ્રહાલય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. જેની સ્થાપનાનો યશ મહારાજા સયાજીરાવ ત્રીજાને ફાળે જાય છે. એમના આ સંગ્રહને સંગ્રહાલયનું સ્વરૂપ મળ્યું. આ સંગ્રહાલય હિન્દુસ્તાનના લોકોની અસ્મિતા ટકાવવામાં વિકસાવવામાં મૂલ્યવાન પ્રદાન આપી રહ્યું છે. સદી વટાવી ગયેલું સંગ્રહાલય જોવા દેશ અને દુનિયાના માણસો આવતા રહ્યા છે. સંગ્રહાલયનો કુલ વિસ્તાર* 24000 *ચોરસ મીટર છે, જેમાં પ્રદર્શિત નમૂનાઓની સંખ્યા* 11.622 *છે તથા અપ્રદર્શિત નમૂનાની સંખ્યા* 58.301 *છે, કુલ મળીને તે આંકડો* 69923 *નો થાય છે જો કે તેમાં* 50.000 *થી વધુ તો સિક્કાઓ છે. આ સંગ્રહાલય જ્ઞાન અને ઈતિહાસ તથા સંસ્કૃતિના ભંડાર રૂપ છે. આથી તે શૈક્ષણિક સંસ્થા કે યુનિવર્સિટીની ગરજ સારે એવું રહ્યું છે. આ સંગ્રહાલયમાં સંગ્રહાલયની મૂલ્યવાન વસ્તુઓની જાળવણી માટેની કન્ઝર્વેશન અને પ્રિઝર્વેશન પ્રયોગશાળા આવેલી છે. ઈ.સ.*1952*થી આ સંગ્રહાલયમાં સંગ્રહાલયવિદ્યાનો અભ્યાસ કરાવાતો તે પછી ઈ.સ.*1956*થી તે અભ્યાસક્રમ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે. આ સંગ્રહાલયનું મકાન સ્થાપત્યની રીતે બેનમૂન અને અભ્યાસને પાત્ર છે. વાર્ષિક આશરે સાત લાખ મુલાકાતીઓ આ સંગ્રહાલયની મુલાકાત લે છે.*

## 14.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**(અ)** (1) 1901 (2) *બોરિયા* (3) *કીબુકા* (4) *રસુલખાનજી* (5) *ખાસ વિશિષ્ટ કોટ*

**(બ)** (1) *જે.એફ.ચીશોમ અને આર.એન. મૅટ* (2) *સયાજીરાવ* (3) *મહિસાગર* (4) *ચાર*

## 14.6 ચાવીરૂપ શબ્દો

- *ઉત્ખનન- સંશોધન માટે ખોદકામ કરાય તેના માટે આ શબ્દ*
- *સ્તૂપ- બૌદ્ધ સાધુના શરીરના કોઈ અવશેષ પર ઉભું કરેલ શિવલિંગ જેવું સ્થાપત્ય*
- *દાબડો-ડબ્બી*
- *શિરસ્ત્રાણ-માથા ઉપર પહેરવાનું સાધન*

## 14.7 સંદર્ભ ગ્રંથો


1. *મણિયાર સોનલ 'ગુજરાતના સંગ્રહાલયો'ગાંધીનગર, ઈ.સ.*2000
2. *સી. શિવરામ મૂર્તિ 'ભારતના સંગ્રહસ્થાનોની નિર્દેશિકા' નવી દિલ્હી ઈ.સ.*1960
3. *પથિક ખાસ 'સંગ્રહાલય વિશેષાંક' ઓક્ટોબર -નવેમ્બર* 2001
4. *ગુજરાત સરકારની સંગ્રહાલય ખાતાની વેબસાઈટ*

5. *શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવિણચંદ્ર (સંપાદકો) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ-* 9 *અમદાવાદ ઈ.સ.*1987
6. *ખાચર પ્રદ્યુમ્ન, વાળા ધીરુભાઈ 'તસવીરોમાં જૂનાગઢ' રાજકોટ, ઈ.સ.*2011
7. *ઠુંગા ડી.જે. (લેખ) 'દરબાર હોલ મ્યુઝિયમ' પથિક માર્ચ* 1978
8. *સંગ્રહાલયના હાલના ક્યુરેટર ડૉ.શેફાલિકા અવસ્થીની મુલાકાત*

# એકમ : 15 સરકારી, અર્ધ સરકારી અને વેપારી સંસ્થાઓ તરફથી તૈયાર થતા આધુનિક દફતરો(આર્કાઈવ્સ)

## :: રૂપરેખા ::

15.1 ઉદ્દેશો

15.2 આર્કાઈવ્સની વ્યાખ્યા અને અર્થ

15.3 ખાનગી આર્કાઈવ્સનો પરિચય

15.4 આર્કાઈવિસ્ટનાં કાર્યો

15.5 ટાટા સેન્ટ્રલ આર્કાઈવ્ઝ (TCA)

15.6 આર્કાઈવ્સના કાર્યો

15.6.1 દસ્તાવેજોનું સંપાદન અને મૂલ્યાંકન

15.7 જાહેર અને ખાનગી આર્કાઈવ્સ વચ્ચેનો તફાવત

15.8 બિઝનેસ આર્કાઈવ્સ

15.9 ધાર્મિક અને સાંપ્રદાયિક સંસ્થાઓના આર્કાઈવ્સ

15.10 કોમ્યુનલ આર્કાઈવ્ઝ

15.11 અમેરિકન અભ્યાસ સંશોધન કેન્દ્ર

15.12 દફતરનું ઐતિહાસિક મૂલ્ય

15.13 આર્કાઈવ્સની ભૂમિકા

15.14 સમાપન

15.15 તમારી પ્રગતિ ચકાસો

15.16 ચાવીરૂપ શબ્દો

15.17 સ્વાધ્યાય

15.18 સંદર્ભગ્રંથ

## 15.1 ઉદ્દેશો

- *વિદ્યાર્થીઓ ખાનગી દફતરોથી પરિચિત થશે.*
- *વિદ્યાર્થીઓ આ એકમમાં ટાટા જેવા ભારતના સૌથી મોટા ખાનગી દફતરનો પરિચય મેળવશે.*
- *સરકારી અને ખાનગી દફતરોનો તફાવત માલૂમ પડશે.*

## 15.2 આર્કાઈવ્સની વ્યાખ્યા અને અર્થ

*આર્કાઈવ્સની કોઈ એક ચોક્કસ વ્યાખ્યા નથી તેમ છતાં કેટલાક ઉદાહરણો આપણે જોઈએ. આર્કાઈવ્સની 1979ની ફ્રેન્ચ વ્યાખ્યા અનુસાર, "રેકોર્ડ બનતા જ અથવા પ્રાપ્ત થતાં જ આર્કાઈવલ(દફતર) બની જાય છે". જો કે આર્કાઈવ્સ રેકોર્ડ છે પરંતુ તમામ રેકોર્ડ આર્કાઈવ્સ નથી હોતા. રેકોર્ડને આર્કાઈવ્સ કરવા માટે (સાચવવા) માટે પસંદ કરવામાં આવે છે કારણ કે તેમની પાસે કાયમી એક મૂલ્ય હોય છે, જેમ કે તો વ્યવહારોના પુરાવા તરીકે અથવા લોકો, સ્થાનો અને વસ્તુઓ વિશે તેમાં રહેલી માહિતીને કારણે. આર્કાઈવ્સ માટે રેકોર્ડ્સ પસંદ કરવાનો નિર્ણય આર્કાઈવિસ્ટ દ્વારા લેવામાં આવે છે. "આર્કાઈવ્સ" શબ્દ ગ્રીક શબ્દ "આર્ચિયોન" પરથી ઉતરી આવેલ છે, વ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ, "આર્ચિયોન" શબ્દ "કમાન"માં ઉદ્ભવે છે જે મેજિસ્ટ્રિયલ રહેઠાણનો સંદર્ભ આપે છે, પછી જાહેર કચેરી જ્યાં સરકારી રેકોર્ડ રાખવામાં આવે છે. ઐતિહાસિક હસ્તપ્રતો, પ્રાચીન શાસકોના અલગ પત્રો, તાંબાની પ્લેટો, પથ્થરના શિલાલેખો, અન્ય કલાકૃતિઓ વગેરે આર્કાઈવ્સનો હિસ્સો બને છે. આર્કાઈવ્સ એ સંસ્થા અથવા વ્યક્તિના રેકોર્ડ્સનો મોટો અથવા ઓછો જથ્થો છે જે તેમના કાયમી મૂલ્ય માટે સાચવવામાં આવે છે પછી ભલે તે વર્તમાન હોય કે ભૂતકાળના હોય.*

## 15.3 ખાનગી આર્કાઈવ્સનો પરિચય

*નમસ્કાર વિદ્યાર્થી મિત્રો આગળનાં પ્રકરણમાં સરકરી દફતરોનો પરિચય મેળવ્યો છે એટલે આ એકમમાં આપણે અર્ધ સરકારી અને વ્યાપારી સંસ્થાઓ અથવા મોટી મલ્ટીનેશનલ કંપનીઓ તરફથી જે અત્યાધુનિક દફતરો બનાવવામાં આવી રહ્યા છે તેની વિગતે ચર્ચા કરીશું. વિવિધ સંસ્થાઓના દફતરોની વાત કરીએ છીએ ત્યારે આપણે તેને ખાનગી દફતરો કહીશું પણ પહેલા આપણે આ ખાનગી દફતરો સરકાર પાસે પણ ઉપલબ્ધ છે જેમકે ભારત સરકારના વહીવટ નીચે જે રાષ્ટ્રીય અભિલેખાગાર દિલ્હી છે તેની અંદર એક 'પ્રાઈવેટ' પેપર નામનો વિભાગ છે જેમાં ભારતમાં થઈ ગયેલા મહાન વ્યક્તિઓના તમામ અથવા જેટલા ઉપલબ્ધ છે તેટલા દસ્તાવેજો આ વિભાગમાં સાચવવામાં આવેલ છે. આ ખાનગી*

*આર્કાઈવ્સ વિભાગ પાસે ભારતમાં જાહેર જીવનના વિવિધ ક્ષેત્રોમાં અમૂલ્ય યોગદાન આપનાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓના ખાનગી કાગળોનો સમૃદ્ધ સંગ્રહ તેની કસ્ટડીમાં છે. આ કાગળો મુખ્યત્વે વિશ્વભરની વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી દાન અને ભેટો દ્વારા હસ્તગત કરવામાં આવ્યા હોય છે. તેઓ સાર્વજનિક રેકોર્ડ્સમાં સમાવિષ્ટ માહિતીને પૂરક બનાવવા માટે એક મહત્વપૂર્ણ સ્રોત છે. અમારી કસ્ટડીમાં રહેલા કેટલાક સૌથી મહત્વપૂર્ણ ખાનગી કાગળો મહાત્મા ગાંધી, ડૉ.બી.આર.આંબેડકર, રાજેન્દ્ર પ્રસાદ, દાદાભાઈ નવરોજી, પી.ડી. ટંડન, મૌલાના આઝાદ, મિનુ મસાની, સરદાર પટેલ, કે.ડી.માલવિયા, વગેરે. આ તમામ ખાનગી કાગળો જાહેર રેકોર્ડ નિયમો, 1997માં સમાવિષ્ટ જોગવાઈઓ અથવા દાતા દ્વારા તેમના દાન સમયે નિર્ધારિત શરતો અનુસાર સુલભ છે. ભારતના આર્કાઈવ્ઝ. આમ આ પ્રકારના દફતરો ખાનગી હોવા છતાં સરકારી છે અને તેની ઉપર સરકારી અંકુશ અને નિયમો લાગુ પડે છે પણ હવે આપણે અર્ધ સરકારી અથવા વેપારી દફતરો તરફ આગળ વધીશું જેમાં ભારતની વાત કરીએ તો ભારતના ઈતિહાસમાં અને ભારતના આર્થિક વિકાસમાં જેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે તેવી કેટલીક કંપનીઓ દ્વારા પણ પોતાના પ્રાઈવેટ દફતરો વિકસાવવામાં આવ્યા છે જેમકે ટાટા સેન્ટ્રલ આર્કાઈવ્સ પુણે, ગોદરેજ કંપની અને સીપલા કંપની કે જે દવા બનાવે છે.*

## 15.4 આર્કાઈવિસ્ટનાં કાર્યો

*આર્કાઈવિસ્ટઃ એક વ્યક્તિ જે આર્કાઈવ્સના રેકોર્ડ્સનું સંચાલન કરવા માટે જવાબદાર છે તેને આર્કાઈવિસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ મુખ્યત્વે સરકારી સંસ્થાઓ અને ખાનગી કંપનીઓનાં સર્જક અથવા અનુગામી પેઢીઓ માટે તેમની વહીવટી ઉપયોગિતા અને સરળતા માટે કાર્ય કરતા હોય છે. ઘણી જગ્યાએ આર્કાઈવિસ્ટ્સ રેકોર્ડ્સ મેનેજર તરીકે પણ સેવા આપે છે, આર્કાઈવિસ્ટ રેકોર્ડ્સના નિર્માતાઓને આર્કાઈવિંગ બજેટ અને રેકોર્ડ્સના નિર્માણ, જાળવણી, ઉપયોગ અને નિકાલમાં મદદરૂપ થાય છે અને રેકોર્ડની ગુણવત્તામાં વધારો કરે છે. આર્કાઈવિસ્ટ્સ રેકોર્ડ્સને સાચવીને અને સંશોધકોને ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ખાસ કરીને જેઓ વિવિધ સંશોધનલક્ષી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.*

## 15.5 ટાટા સેન્ટ્રલ આર્કાઈવ્ઝ (TCA)

*ટાટા સેન્ટ્રલ આર્કાઈવ્ઝ* (TCA) *એ ટાટા જૂથનું કોર્પોરેટ બિઝનેસ આર્કાઈવ્સ છે. હજારો દસ્તાવેજો, પત્રો, ફોટોગ્રાફ્સ, સ્મૃતિચિહ્નો, પ્રેસ ક્લિપિંગ્સ, ઑડિયો-વિડિયો રેકોર્ડિંગ્સ અને ટાટા જૂથની ઉત્પત્તિ અને વિકાસને લગતી અન્ય સામગ્રી, તેના અગ્રણી વ્યક્તિત્વો*

*અને અનેકવિધ પ્રવૃત્તિઓ, દફતરમાં સંગ્રહિત અને સચવાયેલી છે. શરૂઆતના વર્ષો એટલે કે 1980ના દાયકામાં ભારતમાં બિઝનેસ આર્કાઈવ્સ પ્રમાણમાં નવો ખ્યાલ હતો અને આ સમયે ટાટા જૂથ માટે કોર્પોરેટ આર્કાઈવ સ્થાપવાના વિચારોએ આકાર લીધો તે એક પ્રકારે ક્રાંતિકારી નવો જ વિચાર કહી શકાય. 1978 નાગપુર ખાતે એમ્પ્રેસ મિલ્સની શતાબ્દી ઉજવણીને ચિહ્નિત કરવા માટે એક પુસ્તકનું સંકલન કરતી વખતે રેકોર્ડ્સના અધિકૃત ભંડારની અછતને કારણે વિચાર પ્રેરિત થયો હતો અને તત્કાલીન ગ્રૂપ ચેરમેનને સૌ પ્રથમ એવું લાગ્યું કે ટાટા સેન્ટ્રલ આર્કાઈવને વહેલી તકે સ્થાપિત કરી દેવું જોઈએ એટલે આ આર્કાઈવ્સ પ્રોજેક્ટને 1989માં વેગ મળ્યો, જેણે જમશેદજી ટાટાની 150મી જન્મજયંતિને ચિહ્નિત કરી. ટાટા ક્રોનિકર શ્રી રુસી એમ. લાલા દ્વારા બિઝનેસ આર્કાઈવની સ્થાપના કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી, જેમને પોતાના લેખિત ઈતિહાસ અને શબ્દોનો નાશ થાય તે પહેલા તેનું રક્ષણ અને જાળવણી કરવાનું મહત્વ સમજાયું હતું. આથી 5 સપ્ટેમ્બર, 1990ના રોજ ટાટા સન્સ લિમિટેડના બોર્ડ સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી હતી અને 7 જાન્યુઆરી, 1991ના રોજ, TCA ઔપચારિક રીતે જ TCA 1997માં ટાટા સર્વિસિસ લિમિટેડનો એક વિભાગ બન્યો. TCA એવું આર્કાઈવ્સ છે જે ભારતમાં સ્થપાયેલ પ્રથમ બિઝનેસ આર્કાઈવ છે.*

*આર્કાઈવ્સનાં ઉદ્ઘાટન બાદ, ટાટાની વિવિધ કંપનીઓના રેકોર્ડ્સનું નિરીક્ષણ કરીને તેઓને એકત્ર કરવામાં આવ્યા અને તે તમામ દસ્તાવેજોને આર્કાઈવ્ઝમાં લાવવામાં આવ્યા, જે બોમ્બેના ફોર્ટમાં આવેલી ઓફિસમાં કાર્યરત હતું. જેણે 1999માં ટાટા મેનેજમેન્ટ ટ્રેનિંગ સેન્ટર, પુણેમાં હાલના પરિસરમાં સ્થળાંતરીત કરવામાં આવ્યું હતું. તત્કાલીન ગ્રૂપ ચેરમેન શ્રી રતન એન. ટાટાએ 13 ફેબ્રુઆરી, 2001ના રોજ ઈમારતનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ 3 માર્ચ, 2001થી આર્કાઈવ્સ જાહેર જનતા માટે ખોલવામાં આવ્યું હતું. 2006માં, TCA એ ISO 9001 પ્રાપ્ત કરનાર દેશનું પ્રથમ આર્કાઈવ બન્યું હતું. આર્કાઈવલ રેકોર્ડ્સમાં દસ્તાવેજોનો સંગ્રહ એ એક સતત ચાલતી પ્રક્રિયા છે અને આ દફતર ભંડારમાં સતત નવા રેકોર્ડ ઉમેરવામાં આવી રહ્યા છે. TCAની કસ્ટડીમાંના રેકોર્ડ અત્યાધુનિક આબોહવા નિયંત્રિત ભંડારોમાં સચવાય છે. આ ઉપરાંત મહત્વના રેકોર્ડનું સંરક્ષણ અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવે છે. માહિતી સંગ્રહ, શોધ, પુનઃ પ્રાપ્ત અને પ્રસારિત કરવામાં મદદ કરવા માટે દફતર પાસે નવીનતમ હાર્ડવેર અને આર્કાઈવલ મેનેજમેન્ટ સોફ્ટવેર છે. આંતરરાષ્ટ્રીય આર્કાઈવલ ધોરણોને અનુરૂપ, અહીંયા દફતરનાં તમામ સંગ્રહોની ડિજિટલાઈઝ કરવાની પ્રક્રિયા સતત ચાલુ છે. સાથે TCA આર્કાઈવલના તમામ નિયમોનું સખત રીતે પાલન થાય છે અને ખાતરી કરે છે કે તમામ સત્તાવાર રેકોર્ડ્સ*

ટેમ્પર-પ્રૂફ અને સુરક્ષિત છે કે નહીં. આ દફતર એ ટાટા હાઉસ, ટાટાની તમામ કંપનીઓ, સાથે જ સંશોધકો અને સામાન્ય લોકો માટે માહિતીનો અખૂટ ભંડાર છે અને સંશોધનનું કેન્દ્ર છે. વર્ષોથી દફતર દ્વારા ટાટાની વિશિષ્ટ વ્યક્તિત્વો, કંપનીઓ અને સંસ્થાઓને ધ્યાનમાં રાખી અસંખ્ય પ્રદર્શનો તૈયાર કર્યા છે. આ પ્રદર્શન ગેલેરીઓ ટાટાના કર્મચારીઓ માટે તેમજ સામાન્ય લોકો માટે પણ ખુલ્લી મૂકાય છે.

## 15.6 આર્કાઈવ્સના કાર્યો

### 15.6.1 દસ્તાવેજોનું સંપાદન અને મૂલ્યાંકન

આર્કાઈવ્સ સંસ્થા સંશોધન કરતા વિદ્વાનો, વિશિષ્ટ વ્યક્તિઓ વગેરેના ભૂતકાળના રેકોર્ડ્સ આર્કાઈવ્સમાં એકત્રિત કરે છે. આવા દસ્તાવેજોમાં સરકારના રેકોર્ડ્સ, લોકસાહિત્ય સામગ્રી, લોકોનો ઈતિહાસ, હસ્તપ્રતો વગેરેનો સમાવેશ થાય છે. આ રીતે તેનું સંપાદન મુખ્ય કાર્ય છે. વ્યક્તિગત અને પારિવારિક કાગળો અને અન્ય બિન-સંસ્થાકીય સંગ્રહોની શ્રેણીઓ પણ સંપાદિત કરે છે. એક આર્કાઈવ્સ અથવા સંસ્થા દ્વારા નિર્ણય લેવાય છે કે તેના પોતાના આર્કાઈવલ રેકોર્ડ્સને સાચવવા અને પ્રક્રિયા કરવા સંગ્રહ રાખવો કે નહી કેમ કે તેમાં સમય, પૈસા અને જગ્યાની જરૂરિયાત નોંધપાત્ર છે. વ્યક્તિને બધું અને કંઈપણ રાખવાનું પરવડી શકે તેમ નથી. તેથી જ આવનારી સામગ્રીનું મૂલ્યાંકન એ નિર્ધારિત કરવા માટે કરવું આવશ્યક છે કે પ્રથમ, સંગ્રહ એકંદરે રાખવા યોગ્ય છે કે કેમ ? અને બીજું, તેની અંદર કઈ વસ્તુ કાયમીરૂપે મૂલ્યવાન છે ? સંગ્રહની જાળવણી માટેના નિર્ણયની પસંદગી વર્તમાન ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂલ્યો અને મૂલ્યાંકનનું સંચાલન કરનારાઓના બૌદ્ધિક અને વૈચારિક માળખા પર આધારિત છે.

### 15.6.2 દસ્તાવેજીકરણ

દસ્તાવેજો એકત્ર કરનાર અને આર્કાઈવ્સ વચ્ચેનો આવશ્યક સેતુ દસ્તાવેજીકરણ છે. જે દસ્તાવેજો હસ્તગત કરેલ સામગ્રી છે તે લેખિત સ્વરૂપમાં છે. વ્યવસ્થિત દસ્તાવેજીકરણ માટે નોંધના દરેક ભાગનું ખૂબ મૂલ્ય છે કારણ કે સંદર્ભ સ્વયં સ્પષ્ટ નથી હોતો. દસ્તાવેજીકરણ પ્રક્રિયામાં દસ્તાવેજની ઓળખ, સંગ્રહ સ્થાન, પુનઃપ્રાપ્તિ, પ્રસ્તુતિ અને વપરાશકર્તાઓની માહિતી મેળવવી ખૂબ જ જરૂરી છે. ઉદાહરણ તરીકે, ધ્વનિ આર્કાઈવ્સમાં, આર્કાઈવિસ્ટ પાસે ભવિષ્યના વપરાશકર્તા કોણ હશે ? અને તેઓને શું જાણવાની જરૂર છે ? તે જાણ્યા વિના રેકોર્ડિંગનું દસ્તાવેજીકરણ કરવું અઘરું છે. તેથી, "શા માટે, શું, ક્યાં, ક્યારે, કોના દ્વારા, કોના માટે" વગેરે મૂળભૂત પ્રશ્નોના જવાબો સહિત રેકોર્ડિંગની તમામ વિગતો, આર્કાઈવલ હોલ્ડિંગ તરીકે દસ્તાવેજીકૃત થવી જોઈએ.

### 15.6.3 સાચવણી

દસ્તાવેજોની સાચવણી આર્કાઈવિંગની મુખ્ય પ્રક્રિયાઓમાંની એક છે, તેની સામગ્રીઓ સાથે વ્યવસ્થિત, સારી રીતે દસ્તાવેજીકૃત સંગ્રહ કર્યા પછી જાળવણીની પ્રક્રિયા થાય છે. જાળવણીનો ધ્યેય એ ખાતરી આપવાનો છે કે આર્કાઈવલ કસ્ટડીમાં રેકોર્ડ અનિશ્ચિત સમય માટે ટકી રહે છે, કેટલાક કિસ્સાઓમાં જ્યાં સુધી કાયદેસર રીતે જરૂરી હોય ત્યાં સુધી. જ્યારે રેકોર્ડ સાથે સંકળાયેલા તમામ સ્ટાફ દ્વારા જાળવણીના લક્ષ્યો અને મૂળભૂત સિદ્ધાંતો સમજાય ત્યારે આ સૌથી સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે. આર્કાઈવ્સની જાળવણી તે બધાજ વ્યાવસાયિક કર્મચારીઓની સંયુક્ત જવાબદારી છે, આર્કાઈવલ સામગ્રીઓ વૈવિધ્યસભર હોય છે, સામાન્ય રીતે વિવિધ પ્રકારના કાગળો, શાહી, પ્રાણીઓનાં ચામડા ઉપરના લખાણો અને તેના ઉત્પાદનો, કાપડ, ફોટોગ્રાફ્સ અને ફોટોગ્રાફિક સામગ્રી, ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રી ચુંબકીય સામગ્રી (ટેપ, હાર્ડ ડિસ્ક અને ફ્લોપી ડિસ્ક) વગેરે. કેટલાક ગંભીર જોખમો જેવા કે જંતુઓ, ધૂળ, ગરમી અને ભેજ છે, જેને આબોહવા નિયંત્રણ દ્વારા અટકાવી શકાય છે. જાળવણીના મુખ્ય પાસાંઓ એ આર્કાઈવલ બિલ્ડીંગ, એર-કન્ડીશનીંગ સિસ્ટમ, વેન્ટિલેટીંગનું ભૌતિક સંરક્ષણ છે. આમ સાચવણીની પ્રક્રિયા એ સામગ્રીને યોગ્ય ભૌતિક અને રાસાયણિક સ્થિતિમાં જાળવવાનો પ્રયાસ કરે છે.

## 15.7 જાહેર અને ખાનગી આર્કાઈવ્સ વચ્ચેનો તફાવત

ભારતીય આર્કાઈવ્સને સરળ રીતે બે મુખ્ય કેટેગરીમાં વિભાજિત કરી શકાય છે. એક છે સરકારી આર્કાઈવ્સ અને બીજું ખાનગી આર્કાઈવ્સ છે. સરકારી રેકોર્ડ એક કાયદાના સ્વરૂપમાં છે અને સરકાર દ્વારા બાંધવામાં આવેલ દફતર ભંડારોમાં જમા કરવામાં આવે છે અને તેનું સંચાલન સરકાર દ્વારા કરવામાં આવે છે. ખાનગી આર્કાઈવ્સ સૌથી પ્રતિષ્ઠિત અને અત્યંત પ્રભાવશાળી પરિવારોના ઘરોમાં અથવા યોગ્ય જગ્યાએ બાંધવામાં આવેલા હોય છે. મંદિરો અને મઠોની કસ્ટડી તેમજ મસ્જિદો અને ચર્ચોમાં પણ તે જોવા મળે છે. સૌથી મહત્વપૂર્ણ તફાવત એ છે કે જાહેર આર્કાઈવ્સનો ઉપયોગ સરકરી કાયદા અને અધિકાર મુજબ સૌને છે, જ્યારે ખાનગી આર્કાઈવ્સમાં પ્રવેશ અને ઉપયોગ ફક્ત કસ્ટોડિયનની (દફતરના માલિક અથવા વારસો) ઈચ્છા પર આધાર રાખે છે. જાહેર આર્કાઈવ્સમાં વહીવટનું કેન્દ્રિય અને એકીકૃત માળખું છે, જ્યારે ખાનગી દફતરમાં તે માળખું વિકેન્દ્રીકૃત હોય છે. સાર્વજનિક આર્કાઈવ્સ સંશોધકને પુષ્કળ મદદરૂપ થાય છે જ્યારે ખાનગી આર્કાઈવ્ઝ ખૂબ જ ઓછા સંજોગોમાં મદદ કરી શકે છે. ખાનગી આર્કાઈવ્સને મુખ્ય 06 શ્રેણીઓમાં વિભાજિત કરેલ છે.

1. વેપાર અને ઔદ્યોગિક ગૃહોના આર્કાઈવ્સ જેમ કે ટાટા સેંટ્રલ આર્કાઈવ્સ પુણે, T.V.S. અને પેરી કંપની, રોમિયો પેરી કંપની, લક્ષ્મી જૂથ, શક્તિ જૂથ, પીએસજી જૂથો વગેરે.
2. લંડન મિશનરી સોસાયટી જેવી ધાર્મિક અને સાંપ્રદાયિક સંસ્થાના આર્કાઈવ્સ, ચર્ચ મિશનરી સોસાયટી, નાદર મહાજન સંગમ, બ્રાહ્મણ સંઘ દેવર પ્રવલ વગેરે.
3. રાજકીય પક્ષો અને ટ્રેડ યુનિયનોના આર્કાઈવ્સ, દા.ત. કોંગ્રેસ પાર્ટી દ્વારા સંચાલિત સત્યમૂર્તિ ભવન છે, ડી.એમ.કે.પાર્ટી દ્વારા સંચાલિત અરિવલયમનું દફતર, ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ વગેરે.
4. મદ્રાસ યુનિવર્સિટી, અન્નામલાઈ યુનિવર્સિટી, જેવી શૈક્ષણિક સંસ્થાઓના આર્કાઈવ્સ, મદુરાઈ કામરાજ યુનિવર્સિટી વગેરે.
5. સ્વાતંત્ર્ય સેનાની શ્રી સરદારસિંહ રવાજી રાણા ગામ કંથારીયા તાઃ લીંબડી ગુજરાતનું દફતર (રાજેન્દ્રન્દ્ર સિંહ રાણા) દ્વારા સંચાલિત વ્યક્તિગત દફતર, વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડનું વડોદરા રાજયનું દફતર તેમજ ત્રાવણકોરના મહારાજા જેવા ભૂતપૂર્વ રજવાડાઓ અને કુલીન વર્ગના આર્કાઈવ્સ.
6. પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને પરિવારોના આર્કાઈવ્સ. ઉપરોક્ત છ ઉપરાંત શ્રેણીઓમાં ભારત સંબંધિત  આર્કાઈવલ સામગ્રીનો નોંધપાત્ર જથ્થો જોવા મળે છે.

## 15.8 બિઝનેસ આર્કાઈવ્સ

વ્યવસાયિક આર્કાઈવ્સની કસ્ટડીમાં રહેલા દસ્તાવેજો ભાવિ પેઢી માટે તાત્કાલિક ઉપયોગ અર્થે સચવાયેલા હોય છે તેમજ પોતે પોતાનો ઈતિહાસ લખવા માટે તેમજ બિઝનેસ હાઉસનો ઈતિહાસ લખવા માટે તેનો ઉપયોગ થાય છે. આવા દફતરો શહેરના આર્થિક ઈતિહાસ લેખન માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે. સ્ટીલ, કાપડ અને જહાજ ઉદ્યોગ જેવા વિશિષ્ટ ઉદ્યોગોનાં ઈતિહાસ લેખન માટે આવા દફતરો પ્રથમ કક્ષાના સાધનો સંશોધકને ઉપલબ્ધ કરાવે છે. દેશના ઔદ્યોગિકીકરણના સફળ તબક્કાઓને પણ આ દફતરો સમજાવે છે.

## 15.9 ધાર્મિક અને સાંપ્રદાયિક સંસ્થાઓના આર્કાઈવ્સ

ધર્મ અને ધાર્મિક પ્રથાઓ પરંપરાગત ભારતીય જીવન પર ખૂબ જ પ્રભુત્વ ધરાવે છે એ હકીકત છે કે વાસ્તવિક આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવન ફક્ત આ રેકોર્ડ્સ પરથી જ સમજી શકાય છે. રાજ્યના રેકોર્ડની જેમ તેમાં પણ શાસકોની વંશાવળી અને તેમનું વહીવટી માળખું વગેરે જાણી શકાય છે. આ ઉપરાંત આર્થિક સ્થિતિને લગતી

*સામગ્રી મેળવી શકીએ છીએ, તેમજ લોકો અને વિવિધ વર્ગોનાં વ્યવસાયોની ખબર પણ પડે છે. મઠના રેકોર્ડ હકીકતમાં સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિ પર પ્રકાશ ફેંકે છે, મઠનો રેકોર્ડ પર્શિયન, અંગ્રેજી, તામિલ જેવી ઘણી ભાષાઓમાં છે. આ આર્કાઈવલ સંપત્તિ ઉપરાંત અમુક બિન-આર્કાઈવલ પરંતુ પુરાતત્વીય સંપત્તિ જેવી કે મૂર્તિઓ, ઝવેરાત, સિક્કા, જૂના સમયના વાસણો, વિવિધ પ્રકારના વસ્ત્રો, વજન અને માપ વગેરે પણ કેટલીક જગ્યાએ ઉપલબ્ધ છે, જે ભૂતકાળના ઈતિહાસના પુનઃનિર્માણમાં ઈતિહાસકારો માટે નોંધપાત્ર મૂલ્ય ધરાવે છે. ટૂંકમાં મઠના મોટાભાગના રેકોર્ડ ઈતિહાસ લખવા માટે ઉપયોગી નીવડે છે. કન્યાકુમારી જિલ્લા અને અન્ય વિસ્તારોમાં પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓએ દફતરોનું સારી રીતે આયોજન કર્યું છે અને જિલ્લાવાર અલગ રેકોર્ડ સેન્ટર સ્થાપિત કરેલ છે.*

## 15.10 અમેરિકન અભ્યાસ સંશોધન કેન્દ્ર

*સંશોધન કેન્દ્રની શરૂઆત એપ્રિલ,* 1964*ના રોજ હૈદરાબાદમાં કરવામાં આવી હતી. અમેરિકન પુસ્તકાલયની શરૂઆત સૌપ્રથમ* 4000 *પુસ્તકોથી થઈ હતી. અત્યારે પુસ્તકોની કુલ સંખ્યા* 2 *લાખને પાર કરી ગઈ છે. આ કેન્દ્રો વિદ્વાનોને સંશોધન અનુદાન પ્રદાન કરે છે. તે દર વર્ષે બે સેમિનાર યોજે છે. આ અમેરિકન સ્ટડી રિસર્ચ સેન્ટરનો વહીવટ ડિરેક્ટર દ્વારા થઈ રહ્યો છે. હાલમાં તે ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદમાં સ્થિત છે.*

## 15.11 ગૂજરાત વિદ્યાપીઠ દફતર, અમદાવાદ

*વિભાગના આર્કાઈવલ સેલની શરૂઆત* 1983*માં કરવામાં આવી હતી. તેમાં ગૂજરાત વિદ્યાપીઠના દસ્તાવેજો, સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રોફાઈલનો સમાવેશ થાય છે. ઉપરાંત દફતર વિભાગને દાનમાં આપવામાં આવેલા રેકોર્ડ્સ અને પત્રોને સાચવે છે. ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ શ્રી મોરારજીભાઈ દેસાઈની તમામ ફાઈલો અને રેકોર્ડ સાચવવામાં આવ્યા છે. ગુજરાત પ્રાંતિય સમિતિને લગતા તમામ દસ્તાવેજો સચવાયેલા છે. મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાના ફોનિક્સ આશ્રમની દુર્લભ તસવીરો પણ અહીં ઉપલબ્ધ છે. દફતર વિભાગે* 1982*માં આર્કાઈવલ સ્ટડીઝમાં પોસ્ટ ડિપ્લોમા કોર્સ પણ શરૂ કર્યો છે.* 1984*થી વિભાગે* M.Phil. *નો અભ્યાસક્રમ પણ શરૂ કર્યો છે. ગુજરાત રાજ્ય આર્કાઈવ્સ વિભાગ તેના અધિકારીઓને* 1983 *થી એક વર્ષની તાલીમ માટે ગૂજરાત વિદ્યાપીઠના દફતરમાં મોકલે છે અને અત્યાર સુધીમાં લગભગ* 70 *જેટલા અધિકારીઓને તાલીમ આપવામાં આવેલ છે.*

## 15.12 દફતરનું ઐતિહાસિક મૂલ્ય

*આર્કાઈવ્સનો ઉપયોગ તેના તમામ ઐતિહાસિક લખાણોના ક્ષેત્રમાં અમાપ છે. તેના ઐતિહાસિક લખાણોની ભૂમિકા પ્રબળ સ્થાન ધારણ કરે છે. આર્કાઈવલ સામગ્રીના સમર્થન વિના કોઈપણ ઐતિહાસિક લખાણો લખવાનું અત્યંત મુશ્કેલ છે એ હકીકતને કોઈ નકારી શકે તેમ નથી. આધુનિક સમયગાળાનું રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અથવા આર્થિક પાસું દફતરોથી સમજી સકાય છે. તેવી જ રીતે પ્રાચીન કાળમાં સંશોધન કરી રહેલા સંશોધકોના કિસ્સામાં પુરાતત્વીય સ્ત્રોતો જેવા કે સ્મારક, સિક્કા, શિલાલેખો અને સાહિત્યિક સ્ત્રોતો જેમ કે પુરાણો મહાકાવ્ય લોકગીતો પણ આધુનિક સમયમાં સંશોધન કરી રહેલા સંશોધકો માટે ખૂબ જ અગત્યતા ધરાવે છે. આર્કાઈવલ સ્ત્રોતો માત્ર ઈતિહાસના સંશોધકો માટે જ ઉપયોગી નથી પરંતુ તમામ સંશોધકો માટે પણ ઉપયોગી છે. આર્કાઈવ્સ દ્વારા પૂરા પાડવામાં આવેલા નવા પુરાવાઓના પ્રકાશમાં વ્યક્તિ ભૂતકાળનું પુનર્નિર્માણ કરી શકે છે. ભૂતકાળનું પુનર્નિર્માણ તે ફક્ત આર્કાઈવલમાં સંચિત સ્ત્રોતોના ઉપયોગથી જ શક્ય છે. રેકોર્ડમાંથી એકત્રિત કરવામાં આવેલ અધિકૃત સ્ત્રોત પ્રથમ કક્ષાની સામગ્રી છે. આમ આર્કાઈવ્સ વિદ્વાનોને અનેક રીતે મદદ કરે છે.*

## 15.13 આર્કાઈવ્સની ભૂમિકા

*સમાજની રાષ્ટ્રીય, પ્રાદેશિક, પરંપરાગત સંસ્કૃતિનું રક્ષણ કરવા તેમજ લોકોમાં તેમની સંસ્કૃતિનો આદર અને મૂલ્યોનું સિંચન કરવા માટે અને સમાજમાં થઈ રહેલા ફેરફારો માટે જાગૃતિ ફેલાવવી એ દફતરની અગત્યની ભૂમિકા છે. ઉદાહરણ તરીકે, ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર કેટલાક દુર્લભ અને સૌથી જૂના રેકોર્ડિંગ્સ ધરાવે છે જે વર્તમાન સમયમાં પ્રદર્શની અને સંશોધન કરતા વિદ્વાન વ્યક્તિઓ માટે ફાયદાકારક રહેશે. લોકોને તેમના ભૂતકાળ અને તેના સંબંધિત ઈતિહાસ વિશે સંશોધન કરવા માટે પ્રેરિત કરે છે. ઉપરાંત ભવિષ્યના સવર્ધન માટે મહત્વપૂર્ણ દસ્તાવેજોને સાચવે છે.*

## 15.14 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોનાં જવાબ એક બે વાક્યમાં આપો.**

1. *દફતર એટ્લે શું ? સમજાવો.*

2. *આર્કાઈવિસ્ટના કાર્યો જણાવો.*

3. *ટાટા સેન્ટ્રલ આર્કાઈવ્ઝ* (TCA) *ક્યાં આવેલું છે ?*

4. *ગૂજરાત વિદ્યાપીઠ દફતર ક્યાં આવેલ છે ?*

5. *દફતરના મુખ્ય કાર્યો જણાવો.*

6. *ધાર્મિક અને સાંપ્રદાયિક સંસ્થાઓના આર્કાઈઝ વિશે સમજાવો.*

## 15.16 ચાવીરૂપ શબ્દો

1. **ખાનગી આર્કાઇવ્સ :** *કોઈપણ પ્રકારના સરકારી અનુદાન વગર માત્ર પોતાની પેઢી કે કંપનીના કે વ્યક્તિના ઈતિહાસને સાચવવા માટે બનાવેલ રેકોર્ડ રૂમ.*

2. **ગૂજરાત વિદ્યાપીઠઃ** 1920 *માં મહાત્મા ગાંધીના હસ્તે આશ્રમ રોડ, અમદાવાદમાં સ્થપાયેલ શૈક્ષણિક સંસ્થા.*

3. **દસ્તાવેજીકરણઃ** *ઐતિહાસિક દસ્તાવેજોનો સંગ્રહ કરવો.*

4. **મિશનરી દફતર :** *ખ્રિસ્તી ધર્મના મઠોમાં કાર્યરત દફતરો.*

5. **આર્કાઈવિસ્ટ :** *દફતરોને સુવ્યવસ્થિત રાખનાર અને તેનો મુખ્ય સંચાલક અધિકારી.*

## 15.17 સ્વાધ્યાય

1. *ટાટસેન્ટ્રલ આર્કાઈવ્ઝ વિશે માહિતી આપો.*

2. *જાહેર અને ખાનગી આર્કાઈવ્ઝ વચ્ચેનો તફાવત જણાવો.*

## 15.18 સંદર્ભગ્રંથ સૂચિ


1. https://nationalarchives.nic.in/private-archives *તા:*25/10/2024, 8.57 am .
2. 2 *ડૉ.ધર્મેન્દ્ર સિંહ ગોહિલ, અધ્યાપક,ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.અમદાવાદ, સાથે ટેલિફોનિક વાતચીત તા:* 25/10/2024, 8.00 am *(સરદાર સિંહ રાણાના સંદર્ભમાં)*
3. Dr. C. Amose,Associate Professor of History, Head, Department of Public Administraion, Study of Archives Keeping Muslim Arts, College, Manonmaniam Sundarnar University, Directorae of Distance & Continuing Education, Tirunelveli.

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-775-4